ॐ

नमः श्रीसिद्धेभ्यः

# અનુભવપ્રકાશના કિરણો

(ભાગ-૧)

('અનુભવ પ્રકાશ' ઉપર પૂજ્ય 'ભાઈશ્રી શશીભાઈ'ના સળંગ પ્રવચનો)

## તા. ૬-૮-૧૯૮૫, પ્રવચન નં. ૧

'અનુભવ પ્રકાશ' સ્વાનુભવનો પ્રકાશ કરનારો, સ્વાનુભવના વિષયને સ્પષ્ટ કરનારો, પ્રકાશ કરનારો એટલે આત્માના અનુભવના વિષયને સ્પષ્ટ કરનારો. આ કદમાં ભલે નાનો ગ્રંથ છે પણ બાર અંગનો સાર જે અનુભવ છે અને જે અનુભવ મહાન છે, મહાન એટલા માટે છે કે જેનાથી સંસાર તરી જવાય છે. એટલો વિષય અહીંયાં (લીધો છે). આખા ગ્રંથમાં એક જ વિષય છે.

'દીપચંદજી કાસલીવાલ'ની રચના છે. લગભગ ૨૫૦ વર્ષ પહેલાં થઈ ગયા. રાજસ્થાનમાં થઈ ગયા. આ સિવાય પણ એમણે અનેક રચના કરી છે. 'ચિદ્વિલાસ' જેવા સિદ્ધાંત ગ્રંથ લખ્યા. એમનું સૈદ્ધાંતિક જ્ઞાન કેટલું સૂક્ષ્મ હતું ! એમ 'અનુભવ પ્રકાશ'ને જોતા એમની અનુભવની અધ્યાત્મ પરિણતિ કેટલી વિશેષ અને દૃઢ હતી, સ્પષ્ટ હતી એ વાત સ્પષ્ટ થાય છે. 'આમેર'ના રહીશ હતા. 'જયપુર' પાસે 'આમેર' કરીને ગામ છે એ 'આમેર'ના રહીશ હતા. અનુભવનો વિષય અનેક પડખેથી (સ્પષ્ટ કર્યો છે). એ વિષયને કથનીમાં લાવવો એ અસાધારણ વાત છે.

અરૂપી આત્માની અરૂપી અંતર્મુખી અતીન્દ્રિય પરિણામ સ્થિતિને અનુભવ

કહે છે. જે પરિણામ પોતે અતીન્દ્રિય છે તેને કહેવા જતાં ઇન્દ્રિય મનજ્ઞાન, મનરૂપી મનનું જે ઇન્દ્રિયજ્ઞાન છે એને ઉપયોગમાં લેવું પડે છે. એ વિષય વ્યક્ત થવો ઘણો ઓછો વ્યક્ત થાય એવો એ વિષય છે. છતાં પણ પોતાના સ્વાનુભવથી એ વાતને એમણે અનેક પડખેથી શક્ય એટલી ભાષામાં વ્યક્ત કરી છે.

શરૂઆતમાં મંગલાચરણ છે :

**[1]ગુણ અનંતમય પરમપદ, શ્રીજિનવર ભગવાન;**
**જ્ઞેય લખત[2] હૈં જ્ઞાનમેં, અચલ સદા [3]નિજસ્થાન.**

આત્મા જે પરમપદ છે. મૂળ સ્વરૂપ એ અનંત ગુણમય છે. આમ જોઈએ તો ભગવાનને અરિહંત પરમાત્માને અનંત ગુણ પ્રગટ થયા છે. એ પરમપદ પરમાત્મપદે બિરાજમાન છે તે અનંત ગુણમય છે. અનંત ગુણ જેમના પ્રગટ થયા છે, પ્રસિદ્ધ થયા છે. એવા શ્રી જિનવર ભગવાન છે. એમને જ્ઞાનમાં જ્ઞેય તરીકે લક્ષ્ય કરીને અચળ એવા નિજ સ્થાનને (જ્ઞાનમાં જ્ઞેય કરે છે). સ્વ-પરને સાથે જોડ્યું છે. નિજસ્થાન લીધું. પોતાનું સ્થાન. જિનસ્થાન જોઈએ આમ તો. પાઠાન્તરમાં જિનસ્થાન છે. કેમકે જિન ભગવાનને એમને અહીંયાં મંગલાચરણમાં નમસ્કાર કરવા છે. બેય પ્રયોગ કર્યો છે-નિજસ્થાન અને જિનસ્થાન.

જિનેન્દ્રનું સ્થાન છે ત્રણે કાળે સદાય એટલે ત્રણે કાળે અચલિત છે. અથવા ત્રણે કાળે આ વિશ્વની અંદર, વિશ્વની અંદર કહેતા મનુષ્યલોકમાં, કેમકે એ સિવાય તો જિનેન્દ્ર ક્યાંય હોતા નથી, મનુષ્ય જ જિનેન્દ્ર હોય છે. દેવ, નારકી, તિર્યંચમાં એ કોઈ સ્થિતિ સંભવિત નથી. આ મનુષ્યલોકમાં સદાય જિનેન્દ્ર હોય છે. ક્યારેય જિનેન્દ્ર ન હોય એવું ન બને. કોઈ ક્ષેત્રમાં ન હોય એ સંભવિત છે. જેમ કે અત્યારે ભરતક્ષેત્રમાં નથી પણ આખા મનુષ્યમાં જિનેન્દ્ર ન હોય એવું કદી બને નહિ. સદાય હોય છે. ત્રણેય કાળે.

'ગુરુદેવશ્રી' તો એમ કહેતા કે, ત્રણે કાળે ત્રિકાળવેત્તા એવા સર્વજ્ઞનો સદ્ભાવ હોય જ છે. ક્યારેય ત્રણે કાળમાં સર્વને જાણનાર એવા સર્વજ્ઞનો અભાવ હોય એવો એક કાળ, એક સમય પણ ત્રણ કાળમાં નથી. અત્યારે મહાવિદેહક્ષેત્રમાં બિરાજમાન છે. વીસ વિહરમાન પ્રસિદ્ધપણે છે. જૈનદર્શનમાં, જિનાગમમાં તો એ વાત પ્રસિદ્ધ છે. અજૈનો કદાચ ન માને પણ જૈનને તો નહિ માનવાનો પ્રશ્ન

---

૧. અર્થ :– શ્રી જિનવર ભગવાન અનંતગુણમય પરમપદસ્વરૂપ છે. તેઓ નિજસ્થાનમાં સદા અચલ રહ્યા થકો જ્ઞાનમાં જ્ઞેયને જાણે છે.

૨. પાઠાન્તર – '**लक्ष्य**' ૩. પાઠાન્તર :– '**जिनस्थान**'

રહેતો નથી.

મુમુક્ષુ :– ....

પૂજ્ય ભાઈશ્રી :– મહાવિદેહનો નક્શો છે આખો. નકશા ઉપરથી વધારે સ્પષ્ટ થાય. દોરાવ્યો છે આપણે. જંબુદ્વિપનો એક મોટો નક્શો દોરાવ્યો છે. એના ઉપરથી ભરત, ઐરાવત બધા ક્ષેત્રો ખ્યાલ આવે. આમ તો છે આમાં 'તત્ત્વાર્થસૂત્ર'માં છે. 'ત્રિલોકસાર' વગેરે અનેક ગ્રંથોમાં છે પણ આપણે આમાંથી દોરાવ્યો છે. એનલાર્જ કરીને.

એ (નિજસ્થાન) સદાય છે. અચળ છે. ચલાયમાન ન થાય એવું સ્થાન છે અને જ્ઞેય તરીકે સ્વજ્ઞેય તરીકે જ્ઞાનમાં તે લક્ષ થાય છે. જ્ઞાનમાં સ્વજ્ઞેયને જાણે છે. અનંત ગુણમય પરમપદ, પોતાના અનંત ગુણવાન પરમપદને જ્ઞાનમાં જાણવામાં આવે છે.

મુમુક્ષુ :– નિજસ્થાન અને જિનસ્થાન.

પૂજ્ય ભાઈશ્રી :– શબ્દ આઘો-પાછો છે. એકમાં સ્વ આવે છે અને એકમાં પર આવે છે. અને જિનસ્થાન છે એ નિજસ્થાન છે અને નિજસ્થાન છે એ જિનસ્થાન છે. 'જિન સો હી હૈ આત્મા' આત્મા પોતે જ જિનસ્વરૂપ છે. ચૈતન્ય મહાસત્તાધારી પદાર્થ છે. મહાન ચૈતન્યતત્ત્વ છે. આત્મા એટલે આત્મા એક સામાન્ય શબ્દ છે એમ નથી પણ એ એનું વાચ્ય છે, જેમાં અનંત ગુણોનો ખજાનો છે અને જે પરમપદરૂપે છે. બીજા બધા અપરમપદમાં જાય છે. પરમપદમાં એક સ્વરૂપ સિવાય બીજું કોઈ આવતું નથી.

મુમુક્ષુ :– ભગવાન થાય ત્યારે ને !

પૂજ્ય ભાઈશ્રી :– ભગવાન થાય ત્યારે પ્રગટપણે અને જ્યારે ભાન કરે ત્યારે એને એમ લાગે કે ત્રણે કાળે હું આવો જ છું. પણ ભાન કરે ત્યારે. 'પણ નિજ ભાને તેમ.' આત્મા છે તો જિનસ્વરૂપી પણ એનું ભાન કરે તો. ન ભાન થાય તો એ પોતાને દીન અને પામર તરીકે વેદી રહ્યો છે અને અનુભવી રહ્યો છે. મંગલાચરણમાં જિનવર ભગવાનને, એમના અનંત ગુણને લક્ષમાં લઈને જ્ઞાનના જ્ઞેયમાં લઈને એ મહાપદને નમસ્કાર કર્યા છે. મહિમા કરી છે.

**'પરમદેવાધિદેવ, પરમાત્મા, પરમેશ્વર, પરમ પૂજ્ય, અમલ, અનુપમ, આનંદમય,...'** પછી એક એકના અર્થ કરશું. **'અખંડિત, ભગવાન નિર્વાણનાથને નમસ્કાર કરી શ્રી[૧] અનુભવ પ્રકાશ નામના ગ્રંથને કરું છું.'** ગ્રંથકર્તા ગ્રંથ કરવાની ભાવના (વ્યક્ત

---

૧. પાઠાન્તર :– `**अनुभौ**'

કરે છે). નિર્વાણનાથ-ભગવાન નિર્વાણનાથ. પોતે નિર્વાણનો નાથ છે. નિર્વાણ થાય તે'દીની વાત તે'દી, અહીં તો અત્યારે નિર્વાણનો નાથ આત્મા છે. નિર્વાણનો ધણી તો પોતે જ છે અને નિર્વાણસ્વરૂપ જ છે. એને બંધન અંદરમાં ત્રણ કાળને વિષે નહિ હોવાથી પોતે નિર્વાણના નાથ સ્વરૂપે છે.

**'પરમદેવાધિદેવ,...'** દેવના પણ અધિદેવ. એમ. આ બધા જગતના જે જેટલા દેવ-દેવલા કહેવાય છે એ તમામ દેવોથી પણ પૂજનિક છે અને વંદનિક છે. ઇન્દ્ર પૂજે છે ને ! બધા દેવો જેને નમે છે, જેની સેવા-ચાકરી કરે છે એવા જે ઇન્દ્ર છે એ એમને નમે છે. શતઇન્દ્ર વંદિત. સમવસરણમાં તીર્થંકર ભગવાન શતઇન્દ્ર વંદિત-સોએ ઇન્દ્રોથી વંદિત છે. એટલે આખા જગતથી વંદિત છે. જગતમાં સો ઇન્દ્રો છે એ પુણ્ય પદવીએ સર્વશ્રેષ્ઠ છે. ચારેય ગતિના પુણ્યવંત જીવો છે. એને ઇન્દ્ર કહે છે.

**'પરમદેવાધિદેવ છે, પરમાત્મા' છે.** આત્માનું એ મૂળ પરમ સ્વરૂપ છે. ઉત્કૃષ્ટ સ્વરૂપ છે. **'પરમેશ્વર'** છે. પરમ ઐશ્વર્ય, જેમાં અનંત ગુણનું ઐશ્વર્ય છે. ચરમસીમાથી પરિપૂર્ણ. એવા **'પરમેશ્વર, પરમ પૂજ્ય'** સર્વોત્કૃષ્ટ પૂજ્ય, એથી બીજો કોઈ પૂજ્ય નથી. **'અમલ'** એટલે મલ રહિત અ એટલે નહિ. જેમાં મળ નથી. રાગાદિની મલિનતા જેમાં નથી. **'અનુપમ'** જેની ઉપમા આપી શકીએ નહિ એવું છે. અને જે **'આનંદમય'** છે. જેમાં પરિપૂર્ણ આનંદ ભરેલો છે. અનંત આનંદ જેમાં રહેલો છે એવું આનંદમય. **'અખંડિત'** જેમાં કાંઈ ખંડિત થતું નથી. ક્ષતિવાળું થતું નથી. ઓછું થતું નથી. વિભાગ પડતો નથી. ખંડ પડતો નથી એટલે વિભાગ પડતો નથી. એવા **'ભગવાન નિર્વાણનાથને નમસ્કાર કરીએ.'** ક્યા ભગવાન હશે નિર્વાણનાથ ? ૨૪ તીર્થંકરમાં કોઈનું નિર્વાણનાથ નામ છે ? નથી. નિર્વાણસ્વરૂપ છે. મોક્ષસ્વરૂપ કહો કે નિર્વાણસ્વરૂપ કહો. એવા નિજ સ્વરૂપને નમસ્કાર કરીને **'શ્રી અનુભવ પ્રકાશ નામનો ગ્રંથ કરું છું.'** અનુભવ પ્રકાશ નામનો જે ગ્રંથ છે એનો હું અહીંયાં પ્રારંભ કરું છું.

**'જેના પ્રસાદથી...'** જેની કૃપાથી, જેની મહેરબાનીથી જે પર્યાયમાં પધારવાથી. મહેરબાની કરે ત્યારે પધારે ને ! પરમાત્મા પર્યાયમાં પધારે છે. **'જેના પ્રસાદથી...'** નિજ વૈભવથી વાત કરવી છે ને એટલે એમ કહે છે. **'પદાર્થનું સ્વરૂપ (યથાર્થ પ્રકારે) જાણી નિજ આનંદ ઉત્પન્ન થાય.'** આ નિર્વાણના પરમાત્મા છે. પરમ દેવાધિદેવ અનંત આનંદમય છે. એમની મહેરબાનીથી, એમની કૃપાથી **'પદાર્થનું સ્વરૂપ યથાર્થ પ્રકારે...'** જાણવાનું થાય છે.

જુઓ ! ભૂતાર્થ. '**भूदत्थमस्सिदो**' ભૂતાર્થને આશ્રિત અથવા ભૂતાર્થનયથી જાણેલું નવ તત્ત્વ સમ્યગ્દર્શન છે. આ ભૂતાર્થ તત્ત્વ છે. નિર્વાણનાસ્વરૂપ પોતે

ભૂતાર્થતત્ત્વ છે કે જેના પ્રસાદથી, જેનો આશ્રય લેતા પદાર્થનું યથાર્થ સ્વરૂપ પ્રકારે જાણી શકાય છે. એક શુદ્ધાત્માની મુખ્યતાથી પદાર્થનું સ્વરૂપ યથાર્થ પ્રકારે જાણી શકાય છે. જો જ્ઞાનમાં શુદ્ધ સ્વરૂપનું, શુદ્ધાત્મ તત્ત્વનું મુખ્યપણું ન રહ્યું તો પદાર્થનું સ્વરૂપ પણ અન્યથા જ્ઞાનમાં આવશે. વિકૃતરૂપે જ્ઞાનમાં આવશે, ખોટી રીતે જ્ઞાનમાં આવશે. અસમ્યક્ પ્રકારે જ્ઞાનમાં આવશે. તેથી સમ્યક્ પ્રકારે પદાર્થનું સ્વરૂપ જાણવા, સ્વરૂપની મુખ્યતા થવી એ એક જ ઉપાય છે, બીજો કોઈ ઉપાય નથી.

'ગુરુદેવ'ની કથનપદ્ધતિમાં આ એક વિશેષતા નોંધવા જેવી, ધ્યાનમાં લેવા જેવી હતી. બંધ અધિકાર ચાલતો હોય આસ્રવનો અધિકાર ચાલતો હોય, પુણ્ય-પાપનો અધિકાર ચાલતો હોય અરે..! અજીવ તત્ત્વનો અધિકાર ચાલતો હોય, જોકે 'સમયસાર'માં તો અજીવતત્ત્વની વાત જ એવી રીતે છે કે એક સમયમાં આ આત્મા એક Secondના અસંખ્ય ભાગમાં આ આત્મા પરિપૂર્ણ નિર્મળાનંદ, જ્ઞાનાનંદ, નિત્યાનંદ સ્વરૂપ છે એમ મુખ્યતાથી સ્વરૂપને સ્થાપીને, એની અપેક્ષાથી અન્ય તત્ત્વ શું છે ? એનાથી ભિન્ન જે અજીવતત્ત્વ છે, એનાથી વિરુદ્ધ જે આસ્રવ તત્ત્વ છે, એનાથી વિરુદ્ધ જે તત્ત્વ છે એ બંધતત્ત્વ છે. એમ જ પ્રતિપાદન કરતા.

જે અહીંયાં અનુભવ પ્રકાશકારે મંગલાચરણમાં વાત કહી છે એ 'ગુરુદેવશ્રી'ની મુખ્ય શૈલી હતી. શુદ્ધાત્મ સ્વરૂપને સ્થાપીને જે ચાલતો વિષય છે એનું સ્થાન નક્કી કરતા. શુદ્ધાત્માનું સ્થાન સ્થાપીને પછી જે કાંઈ ચાલતો અધિકાર છે એનું સ્થાન શું છે, એમ Comparative સ્થાન બતાવે. વિરુદ્ધ તત્ત્વ હોય કે અવિરુદ્ધ તત્ત્વ હોય. સંવર, નિર્જરાતત્ત્વ હોય તો આવું જે મહાન આત્મતત્ત્વ છે એને અનુસરીને જે પરિણામ થાય એને અનુભવ કહીએ, એને સંવર કહીએ, એને નિર્જરા કહીએ, એને મોક્ષતત્ત્વ કહીએ. એમ કરીને સ્થાપે. પણ પહેલા સ્થાપે આત્માને. એ વિષય તો આજે પણ ચાલ્યો ગયો નથી, Tapeની અંદર ઊભો છે. ધ્યાનમાં ન આવ્યો હોય તો એ ધ્યાન ખેંચવા જેવી પદ્ધતિ હતી. તમામ પ્રવચનમાં પ્રવચનનો પ્રારંભ લગભગ અહીંથી થાય અને આદિ-મધ્ય-અંતમાં-પ્રવચનના આદિ-મધ્ય-અંતમાં આ વિષય આવ્યા વિના રહે નહિ.

નહિતર અયથાર્થ પ્રકારે તો ઘણા જીવો જાણે છે. આત્મા આમ છે ને ફલાણુ આમ છે ને અજીવ આમ છે ને આ આમ છે ને આ આમ છે, આ આમ છે. અન્યમતમાં પણ દરેકે પોતાના તત્ત્વો તો નક્કી કર્યા છે કે નહિ ? પછી એ તત્ત્વની સ્થાપના કરીને એના ઉપરનું Logic તો દરેક આપે છે, પોતાની બુદ્ધિ પ્રમાણે. પણ પદાર્થનું યથાર્થ પ્રકારે સમ્યક્ પ્રકારે, સમ્યક્ પ્રકારે એટલે જ સ્વઆત્મઅભિમુખ રહીને, સ્વ આત્માને જ્ઞાનમાં મુખ્ય રાખીને. **'જ્ઞેય લખત હૈ જ્ઞાનમેં...'** તે જ જ્ઞાનમાં

મુખ્ય કરીને.

**'પદાર્થનું સ્વરૂપ (યથાર્થ પ્રકારે) જાણી નિજ આનંદ ઉત્પન્ન થાય.'** જેની મુખ્યતાથી, જેના પ્રસાદથી જે પરમાત્મતત્ત્વનું પર્યાયમાં પધારવાથી, પર્યાયમાં ત્યારે મહેરબાન થશે ને ! અમારા ઘરે પધારવાની કૃપા કરો. મહાપુરુષને શું કહે ? કે અમારા આંગણે, અમારા ઘરે, અમારું ઘર પાવન કરો. એમ કહે છે કે નહિ ? તો જ્યાં પર્યાયમાં પરમાત્મતત્ત્વનું અવતરણ થાય છે ત્યાં એ પર્યાય પાવન થાય છે અને પવિત્ર થાય છે. એ સિવાય પવિત્રતા પર્યાયમાં આવતી નથી.

**'જેના પ્રસાદથી પદાર્થનું સ્વરૂપ (યથાર્થ પ્રકારે) જાણી નિજ આનંદ ઉત્પન્ન થાય.'** પછી પર્યાયમાં પરમાત્મા હોય એના આનંદની અવધિ હોઈ શકે નહિ. એમાં આનંદમાં કોઈ મણા હોઈ શકે નહિ. કેમકે એ પોતે જ પરિપૂર્ણ આનંદસ્વરૂપ છે. પરમાત્મા પોતે જ પરિપૂર્ણ પરમાનંદસ્વરૂપ છે. એ પરમાનંદસ્વરૂપનો અભેદ ભાવે સ્વાનુભવ છે એને નિજાનંદ કહેવામાં આવે છે. નિજ આનંદ ઉત્પન્ન થાય તે નિજાનંદ છે.

એવા નિજ તત્ત્વને, સ્વ તત્ત્વને, પરમ તત્ત્વને નમીને. વિકલ્પથી અને ભાષાથી પરિણમન છે એ દ્રવ્યનમસ્કાર છે. વિકલ્પનું પરિણમન, રાગનું પરિણમન, ભાષાનું પરિણમન તેને દ્રવ્યનમસ્કાર કહે છે. અને અંદરમાં પરિણમન નમે, પરમતત્ત્વ પ્રત્યે પર્યાય નમી જાય, પર્યાય ઢળી જાય, ઝુકી જાય એને ભાવનમસ્કાર કહેવામાં આવ્યા છે. આચાર્યોએ પરમાગમોમાં એ ભાષા વાપરી છે. અમારા ભાવ નમસ્કાર છે, એમ કરીને. ભાવ નમસ્કાર આવે છે ને ? 'પ્રવચનસાર'માં આવે છે ભાવનમસ્કાર.

**'પ્રથમ, આ લોક છ દ્રવ્યનો બન્યો છે.'** જાતિએ છ દ્રવ્ય છે. એમાં જીવ, અજીવ, ધર્માસ્તિકાય, અધર્માસ્તિકાય, કાળાણુઓ અને આકાશ. જાતિ છ છે. સંખ્યામાં ધર્માસ્તિકાય, અધર્માસ્તિકાય અને આકાશની એક એકની સંખ્યા છે. ત્રણે એક એક દ્રવ્ય છે. ધર્માસ્તિકાય અને અધર્માસ્તિકાયનું ક્ષેત્ર લોકપ્રમાણ છે. આકાશ ક્ષેત્રથી અમર્યાદિત દશેય દિશામાં સર્વત્ર છે. કાળાણુઓ છે એ લોકાકાશના લોકના એક એક પ્રદેશે જેમ હારમાં હીરા જડ્યા હોય એમ રત્નરાશિની જેમ એક એક પ્રદેશે એક એક કાળાણુ રહેલા છે, જે સદાય સ્થાનાન્તર થતા નથી. એક જ સ્થાનમાં સદાય રહે છે. એક કાળાણુ જ્યાં છે ત્યાં અનાદિઅનંત ત્યાં જ છે. ત્યાંથી ખસીને બીજા પ્રદેશે જતો નથી. ચાર દ્રવ્યની એ સ્થિતિ છે. જીવો અને અજીવો અનંતા છે. જીવો અને જડ પુદ્‌ગલો, પરમાણુઓ, જીવો અને જડ પરમાણુઓ અનંતા છે. એમાં પણ અનંત જીવો કરતા જે પરમાણુઓની સંખ્યા છે તે અનંતાઅનંત છે. એક જીવની સામે સંખ્યાએ અનંત પરમાણુ છે. સંખ્યા કોની વધારે ? હવે નક્કી કરો.

મુમુક્ષુ :– આત્માના ગુણની.

પૂજ્ય ભાઈશ્રી :– ગુણની સૌથી વધારે. દ્રવ્યોમાં પરમાણુની સંખ્યા સૌથી વધારે છે. અને ગુણોમાં આત્માના ગુણોની સંખ્યા વધારે છે. એટલે આત્મા ગુણથી પ્રધાન છે. આત્મા સંખ્યાથી પ્રધાન નથી. જગતમાં પણ સંખ્યા અજ્ઞાનીઓની, મિથ્યાદષ્ટિઓની વધારે છે. છતાં જગતમાં ગુણવાનની પ્રધાનતા છે. સંખ્યાની પ્રધાનતા નથી. જગતમાં પરમાણુની સંખ્યા વધારે છે છતાં એની પ્રધાનતા નથી, આત્માની પ્રધાનતા છે. એમ જીવોમાં પણ એવા જીવોની, જગતના સંસારી જીવોની, પરિભ્રમણ કરતા જીવોની સંખ્યા વિશેષ છે. છતાં એની પ્રધાનતા નથી.

સત્પુરુષની, જ્ઞાનીની, મુનિની અને જિનેન્દ્રની, પરમાત્માની, સિદ્ધ ભગવાનની પ્રધાનતા વિશેષ છે. કેમકે ગુણની પ્રધાનતા છે. ગુણ જ્યાંથી પ્રગટે છે ત્યાંથી પ્રધાનતા છે. સંખ્યાથી પ્રધાનતા નથી. સિદ્ધો કેટલા છે ? 'ગુરુદેવ' પ્રમાણ આપતા હતા કે એક બટેટા આ જમીનકંદ છે. કંદમૂળની કોઈપણ કંદમૂળની, બટેટાનો દાખલો દેવાય છે, કોઈપણ કંદમૂળની રાઈ જેટલી એક કટકીમાં અસંખ્ય તો શરીર છે. અને નિગોદના એક એક શરીરમાં અનંત જીવ છે. એક શરીરમાં અનંત છે. Common body છે. કોઈને જુદું જુદું શરીર નથી મળતું. એક શરીરમાં અનંત નિગોદના જીવ કેટલા અનંત ? કે સિદ્ધાલયમાં અનંત સિદ્ધ બિરાજે છે તેનાથી અનંત. એમ લીધું છે. એટલી કણીમાં. એક એટલી કણીમાં નહિ, એકલી કણીમાં અસંખ્ય શરીરમાં એના એક શરીરમાં. એટલી જગતના જીવોની સંખ્યા મોટી છે. એવડી મોટી સંખ્યા છે. આ જર્મન લોકો પહેલાવહેલા હિટલરની લડાઈ પછી આવ્યા...

મુમુક્ષુ :– ... સ્વતંત્રપણે છે ?

પૂજ્ય ભાઈશ્રી :– બધાય સ્વતંત્ર, હોં ! નહિતર તો નિગોદમાં જાય ક્યાંથી ? ભગવાનનું ન માન્યું ત્યારે તો ગયા. સ્વતંત્રપણે ન માન્યું ને ! ન ગણકારે ભગવાનને તો સ્વતંત્ર છે ને.

જર્મન લોકો પહેલાવહેલા હિટલરની લડાઈ પછી હિન્દુસ્તાનમાં આવ્યા ત્યારે જે આ ધવલશાસ્ત્રો જોયા આપણા, ત્યારે એ જર્મન વૈજ્ઞાનિકોને બહુ મોટું આશ્ચર્ય થયું કે ગણિતનો વિષય ભારતમાં આ શાસ્ત્રમાં છે એવો ક્યાંય અમે જોયો નથી. કેમકે આખો જે વિજ્ઞાનનો વિષય છે એ ગણિત ઉપર આધારિત છે. ગણના તો કોઈપણ વસ્તુની ગણના કર્યા વિના તો કાંઈ ચાલે નહિ વિજ્ઞાનમાં-ભૌતિકવિજ્ઞાનમાં. અને એ પણ જ્યારે એમને એમ ખબર પડી કે આ ગ્રંથના રચનારાઓ જંગલમાં રહીને એની રચના કરી છે. જે જંગલમાં કોઈ જાતની એમની વ્યવસ્થા, સગવડતાની વ્યવસ્થા નહોતી.

અત્યારે તો આ લોકો Laboratary ને Research institute રાખે ત્યાં વૈજ્ઞાનિકોનું મગજ ભેજુ બરાબર કામ કરે એટલે Air condition ગોઠવે. એને ગરમી ન થાય. ત્યારે એનું મગજ સરખું કામ કરે. એની ખાણી-પાણીની, આવવા-જવાની, રહેવા-કરવાની તમામ વ્યવસ્થા સારામાં સારી કરી આપે. આ જંગલમાં રહીને નિર્વસ્ત્ર દશામાં, આહાર-પાણીની જેની કોઈ વ્યવસ્થા નહિ, આગોતરી વ્યવસ્થા નહિ, રહેવાની કોઈ વ્યવસ્થા નહિ, કોઈ એની સેવામાં નહિ, કાંઈ નહિ. (છતાં) જંગલમાં રહીને આ શાસ્ત્રો રચ્યા છે. ત્યારે તો એ લોકો આશ્ચર્યમાં ડૂબી ગયા. વગર Calculator. આ તો કોઈ Intelactual giants જેને કહેવામાં આવે એવા કોઈ માનવોની આ રચના છે. જેની બુદ્ધિનું માપ કાઢવું મુશ્કેલ પડે. એવી જે રચના છે એ પણ આશ્ચર્યકારક છે. એ તો વળી ભૌતિક વિજ્ઞાનની દૃષ્ટિએ એ લોકોએ માપ કાઢ્યું. ગણિત વગેરે જોઈને. અધ્યાત્મનું તો લોકોત્તર વિજ્ઞાન છે. એ તો એથી પણ આશ્ચર્યજનક, એથી પણ મહાઆશ્ચર્યકારી અધ્યાત્મનો વિષય છે.

.... ... જર્મન ભાષામાં સંસ્કૃત શબ્દો ઘણા છે અત્યારે. પાણીને નીર કહીએ છીએ. ત્યાં એવો જ શબ્દ છે. નીર ... પાણી માટે. 'જર્મની' જે લોકો જઈ આવ્યા છે એ લોકો વાત કરે છે સંસ્કૃત ભાષાના ઘણા શબ્દો જર્મન ભાષામાં આવી ગયા છે. અને સંસ્કૃતમાં, સંસ્કૃત ભાષામાં પી.એચ.ડી. થવું હોય તો આજે એની Degree લેવા 'જર્મની' જાવું પડે છે. વિદ્યા ભારતની છે અને જાવું પડે છે 'જર્મની'. અહીંના મનુષ્યો એટલા દ્રવ્ય અને ભાવે દરિદ્ર રહ્યા કે જે ભાષાની પણ રક્ષા કરી શક્યા નહિ. એટલે ત્યાં એ લોકો સુરક્ષા સારી રીતે કરી શકે છે.

આજે પણ ત્યાં હજારો જૈન ગ્રંથો છે. જર્મન દેશોમાં, નાનો પણ એવો દેશ છે કે જેની પ્રજા સંશોધક વૃત્તિવાળી છે. જેને Research minded people કહેવાય. સંશોધક વૃત્તિવાળી છે. આખા જગતમાં બધી પ્રજામાં. અને મોટાભાગની શોધખોળ ત્યાંથી જ થઈ છે અને હજી પણ ત્યાં શોધખોળ ચાલે જ છે. જેમ કોઈ એવું શહેર હોય કે જ્યાં કેળવણી વિષયક સંસ્થાઓ વધારે હોય એમ ત્યાં અભ્યાસની સંસ્થાઓ ઘણી છે. અનેક શહેરોની અંદર મોટી મોટી Universityઓ, પ્રયોગશાળાઓ અને Libraryઓ છે. એક જ શહેરમાં છે એવું નથી, અનેક શહેરોની અંદર છે. એટલે આજે સાહિત્ય જોવું હોય તોપણ અનેક શહેરમાં માણસને જવું પડે. અને એ અનેક શહેરોમાં અને મોટી મોટી Libraryઓમાં આજે પણ હજારો જૈન ગ્રંથો વિદ્યમાન છે.

મુમુક્ષુ :-

પૂજ્ય ભાઈશ્રી :- હા, આવ્યું હતું. ૧૨૦૦ ઉપરાંત ગ્રંથો છે. એમાં શ્વેતાંબર, દિગંબર બેય છે. દિગંબર, શ્વેતાંબર બેય ભેગું. એ લોકો જુદુ નથી પાડતા. જૈન તરીકે લે છે. લગભગ ૧૨૨૫ કે ૧૨૧૫ જેટલા શાસ્ત્રોનું List આવ્યું હતું. એક એક શાસ્ત્રનો પોતે Data પણ આપે છે. જેટલું શક્ય છે એટલું અંદરથી મળી શકે. એ લોકો Catalogue તરીકે એને કહે છે. જાણે. Catalogue તરીકે. એ બે ... છે. આપણે મગાવ્યો છે.

❈ ❈ ❈

ધર્મનું સાધન બતાવે છે. સાધન નામનો આત્મામાં ગુણ છે તે ન હોત તો સ્વરૂપ પરિણમન સમ્યક્ દર્શન-જ્ઞાન-ચારિત્રરૂપી પરિણમન ન થાત. સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્રના સાધન વડે મોક્ષ દશા થાય છે. એવો ત્રિકાળ સાધન નામનો ગુણ છે. ચોથો કાળ મજબૂત સંહનન વગેરેને અજ્ઞાની જીવો કેવળજ્ઞાનનું સાધન કહે છે. પણ તે સાધન નથી. કરણ નામનો ગુણ પરિણમીને સાધન થાય છે. સાધકદશામાં દેવ-ગુરુ-શાસ્ત્ર પ્રત્યેના શુભરાગને ઉપચારથી સાધન કહેવાય છે. પણ જો કરણ નામનો ગુણ આત્મામાં ન હોત તો આત્માના સ્વરૂપનું સાધન ન થાત, તે ગુણ છે તો વીતરાગી દશારૂપે તે પરિણમી રહ્યો છે. નિમિત્તો બાહ્યમાં હોવા છતાં ને શુભરાગ હોવા છતાં આ કરણ ન હોત તો વીતરાગી દશા ન થાત. તે સાધન દ્રવ્યમાં ત્રિકાળ પડ્યું છે. નિમિત્તમાં કે રાગમાં સાધન નથી.

('પરમાગમસાર' બોલ નં. ૬૭૬)

❀

આત્માની જેમ દરેક દ્રવ્યમાં છ કારકો સ્વતંત્ર રહેલા છે. અહીં આત્માની વાત ચાલે છે. જો રાગના આધારે ધર્મ હોય તો રાગ ટળી જતાં ધર્મનો પણ અભાવ થઈ જાય. મનુષ્ય દેહ અથવા મજબૂત સંહનનનો આધાર હોય તો તે ખસી જતાં નિર્મળતા રહેત નહીં. પણ એમ નથી. શાસ્ત્રમાં કથન આવે કે જિનમંદિરો હોય, મુનિઓ વિચરતા હોય તો ધર્મની પ્રભાવના થાય. એ નિમિત્તથી કથન છે. શુભ વિકલ્પ આવે પણ તેના આધારે કે મંદિરોના આધારે ધર્મ પ્રગટતો નથી. પણ અધિકરણ ગુણના આધારે ધર્મ પ્રગટે છે, ટકે છે ને વધે છે, જો રાગ અને પુણ્યને લીધે ધર્મ હોય ને શાસ્ત્રથી ધર્મ હોય તો તે ખસી જતાં અથવા રાગ ટળી જતાં તે ધર્મનો નાશ થઈ જાય પણ એમ બનતું નથી. ('પરમાગમસાર' બોલ નં. ૬૭૭)

## તા. ૭-૮-૧૯૮૫, પાના નં.૨
## પ્રવચન નં. ૨

'અનુભવ પ્રકાશ' પહેલી લીટીથી લઈએ.

**'જો તે પોતાના સ્વરૂપની સંભાળ કરે તો એક ક્ષણમાં સર્વ દુઃખનો નાશ થાય, જેવું કાંઈ શાશ્વત આનંદમય પરમપદ છે તેને પામે.'** શું કહ્યું ? અનાદિથી જીવ ચાર ગતિના પરિભ્રમણમાં જન્મ-મરણ કરે છે અને અનંત દુઃખને પ્રાપ્ત કરે છે, ભોગવે છે. એ સર્વ દુઃખોનો નાશ પ્રથમ ક્ષણમાં પહેલી જ ક્ષણમાં થાય એવો કોઈ ઉપાય હોય એવો કોઈ ઈલાજ હોય તો પોતાના અનંત ગુણમય સ્વરૂપની સંભાળ કરવી તે છે. છે સ્વરૂપ, સ્વરૂપ લાવવું નથી, બનાવવું નથી પણ છે તેને સંભાળવું છે. છે એની પ્રતીતિ આવવી જોઈએ અને છે એને સંભાળવું પણ જોઈએ. અંતરમાં સાવધાન થઈને પોતાના ત્રિકાળ અસ્તિરૂપ સ્વભાવને સંભાળે. સંભાળે એટલે માત્ર પોતે જેવો છે એવા ભાનમાં આવે એનું નામ સંભાળ છે.

જેમ કોઈને યાદ આપવામાં આવે કે તમારા પૂર્વજો, તમારા વડિલો, તમારું કુળ, તમારું કુટુંબ, તમારી ખાનદાની એ સંભાળીને પ્રવર્તો. એમ કહેતાં જેને એની ખુમારી હોય એને તો જેવી પોતાની ખાનદાની અને પોતાના કુળની ઉચ્ચતાનું ભાન થાય છે તે અનુસાર પરિણામ થાય છે અને તેથી વિરુદ્ધ પરિણામ થતા હોય તો બંધ થઈ જાય છે. એ આશ્રય અને આધારભાવે થતું જે પરિણામ છે એમાં ઘણું બળવાનપણું છે. કોઈ બીજી રીતે નુક્સાન હોય તો એને અવગણી જાય છે કે તમારું શરીર ખરાબ થશે, તમને આર્થિક નુક્સાન થશે તો એને અવગણી જાય છે માણસ. પણ જો પોતાની ઉચ્ચતાની ખુમારીમાં આવે, એનો આધાર લે તો એનું બળ એવું આવે છે કે ગમે તેવા દુષ્કાર્યમાં પ્રવર્તતો અટકી જાય છે. આ તો લૌકિકમાં પણ આવું બને છે.

અહીંયાં જેનો આધાર લેવો છે એ તો અનંત ગુણથી સમૃદ્ધ છે અને અનંત ગુણનું સામર્થ્ય અનંત સામર્થ્ય જેમાં રહેલું છે, એવા ત્રિકાળી તત્ત્વનો આધાર લેવાનો વિષય છે. એના આધારે એ રૂપ પરિણામ થાય, જેવું સ્વરૂપ અને સ્વભાવ છે (એવા) સદૃશ પરિણામ થાય, એવા જ પરિણામ થાય ત્યારે એના સર્વ દુઃખનો નાશ થાય. અને **'જેવું કાંઈ શાશ્વત આનંદમય પરમપદ છે તેને પામે.'** જીવનું ત્રિકાળી

પદ છે તેને પામે એટલે તેનો અનુભવ કરે. આનંદમય છે એ આનંદસહિત એનો અનુભવ કરે છે ત્યાં. આનંદમય પદનો આનંદસહિત અનુભવ કરે છે. જ્ઞાનમય પદનો જ્ઞાનસહિત સંવેદનસહિત-જ્ઞાનના સ્વસંવેદન સહિત અનુભવ કરે છે. તેને પામ્યો એમ કહેવામાં આવે છે. પ્રાપ્તની પ્રાપ્તિ છે. હતું એની પ્રાપ્તિ એટલે અનુભવ થયો.

**'એ પદ કાંઈ અન્ય વસ્તુ નથી.'** એ પરમાત્મપદ છે એ કોઈ બીજી ચીજ નથી. તારાથી કોઈ અન્ય વસ્તુ નથી, તારાથી કોઈ અન્ય ચીજ નથી. **'પણ પોતાનું જ સ્વરૂપ છે.'** એ પોતાનું જ સ્વરૂપ છે. બીજી ચીજ નથી કે જેને મેળવવા માટે કોઈ શક્યતા અશક્યતાનો પ્રશ્ન ઉપસ્થિત થાય. પોતાની ચીજ હોવાથી એ સ્વાધીન પદ છે. **'તેની સંભાળ કરતા જ,... તેની સંભાળ કરતાં જ સ્વરૂપ પ્રાપ્તિ થાય છે.'** એક ક્ષણ લીધી છે ને ! અત્યારે સંભાળ કરે અને ભવિષ્યમાં એનું ફળ મળે એવું નથી. ધર્મ છે એ ઉધારીનો વેપાર નથી પણ રોકડાનો વેપાર છે. Hard cash. જ્યારે સંભાળે ત્યારે જ એને એનો અનુભવ થાય, તત્ક્ષણ અનુભવ થાય. જરા પણ એમાં વાર લાગે, એક સમયનો પણ એમાં ભવિષ્યનો વાયદો થાય એવું નથી.

**'તેની સંભાળ કરતા જ સ્વરૂપ પ્રાપ્તિ થાય છે, એનો ઉપાય દર્શાવીએ છીએ.'** એ સંભાળ કેવી રીતે કરવી ? અથવા સ્વરૂપપ્રાપ્તિરૂપ અનુભવ કેમ કરવો ? તેનો ઉપાય મુખ્યપણે અહીંયાં દર્શાવ્યો છે. જે અધ્યાત્મના પરમાગમ છે 'સમયસાર, પ્રવચનસાર' આદિ, કે જેમાં આત્મસ્વરૂપનું નિરૂપણ અને સ્વરૂપપ્રાપ્તિ કઈ રીતે થાય એવો જે ઉપાય-એ બે વાત જેમ મુખ્ય છે, એમ આ નાના ગ્રંથમાં પણ આ બે વાત જ એમણે લીધી છે. વારંવાર સ્વરૂપનું વર્ણન કર્યું છે અને વારંવાર એ સ્વરૂપપ્રાપ્તિના ઉપાયને બને તેટલો સ્પષ્ટપણે કહેવાનો પ્રયાસ કર્યો છે. સર્વથા કહેવું તો અશક્ય છે અથવા વાણીની પણ એ શક્તિ નથી કે આત્મસ્વરૂપને સર્વથા કહી શકે અને એના ઉપાયને પણ સર્વથા કહી શકે. એ વાણીની પણ શક્તિ બહારની વાત છે. તેથી કહી શકાય એટલી પોતાની શક્તિ અનુસાર વાત આવી છે.

**'એનો ઉપાય દર્શઆવીએ છીએ - જે પરિણામ ઊલટી (ગુલાંટ ખાઈ) પરમાં...'** એટલે ઊંધા પડીને **'પરમાં પોતાને માની સ્વરૂપનું વિસ્મરણ કરી રહ્યા છે તે જ પરિણામ સુલટી (સવળા થઈ) સ્વરૂપને પોતારૂપ માની પરનું વિસ્મરણ કરે તો તો મુક્તિકામિનીનો (મુક્તિરમણીનો) કંથ થાય.'** શું કહે છે ? એક જ વાક્ય છે.

**'જે પરિણામ ઊલટી...'** ઊલટી એટલે ઊંધી દિશામાં, ઊલટી દિશામાં પ્રવર્તીને ખોટા રસ્તે પ્રવર્તીને, ખોટા માર્ગે પરિણમીને, પર પદાર્થમાં પોતાને માને છે. જે પરપદાર્થો જ્ઞાનનું જ્ઞેય છે. સચેત, અચેત અને સચેત-અચેત મિશ્ર એવા જે કોઈ

પદાર્થો, આત્મા જ્ઞાતા હોવાને લીધે માત્ર જ્ઞેય છે, તેને એ ક્યાંક ક્યાંક પોતાપણું માને છે. જે એના પૂર્વકર્મ સાથે સંબંધથી ઉદયમાં છે એમાં પોતાપણું માને છે કે આ મારા સંયોગો છે. જ્યાં પોતાપણું નથી માનતો ત્યાં અપેક્ષા પોતાપણાની છે. મારા નથી એટલે બીજાના છે. અપેક્ષા પોતાની છે. એટલે એ સર્વ પદાર્થમાં એણે પોતાપણું કર્યું છે એમ એનો અર્થ થાય છે.

જેણે એક પરપદાર્થમાં એક રજકણમાં પોતાપણું કર્યું, મમત્વ કર્યું તેણે આખા જગતના સર્વ પદાર્થમાં મમત્વ કર્યું. તે આ અપેક્ષાએ છે. નહિતર તો માણસ તર્ક કરે કે અમે તો અમુક સંયોગોમાં, અમારા કુટુંબને અમારું માનીએ છીએ. કાંઈ બીજાના કુટુંબને થોડું અમારું માનીએ છીએ ? અમારા કુટુંબના ભરણ-પોષણ માટે અમારા કુટુંબનું ભરણ-પોષણનું કાર્ય કરીએ છીએ. બીજાના કુટુંબનું તો કરતા નથી. એ મારાની અપેક્ષાએ જ પારકા છે. અહીંયાં મારાપણાનો વિભાગ ઊભો થયો એટલે પેલા પારકા થયા. એટલે એ બધું આવી ગયું. એક જ જાત થઈ ગઈ એમાં. બીજું કાંઈ રહ્યું નહિ.

**'પરમાં પોતાને માનીને...'** હવે પરમાં પોતાને માને છે. એ વિચારવા જેવો વિષય છે. જે જે પદાર્થોમાં પોતાપણું ગણાય છે ત્યાં પોતાપણું મનાય છે કે નહિ ? આ શરીર ફલાણું છે. આ તમારું શરીર, આ મારું શરીર. એમ જે કહેવાયું એ તો તે આત્માના સંયોગ અનુસાર કહેવાયું. જે આત્માનો સંયોગ એનું એ કહેવાયું. પણ એવું માનવું એ બીજી વાત છે. એવું મનાય છે ? આ તપાસવા જેવો વિષય છે.

'અનુભવ પ્રકાશ'ની કોઈ પ્રધાન શૈલી હોય તો આ છે કે વિચાર ઉપરાંત એ તપાસે. વિચાર ઉપરાંત એ અવલોકન કરે કે એમ છે કે નહિ ? એમ થાય છે કે નહિ ? આટલું એ જુએ. અને એ રીતે સમજે, જોઈને તપાસીને સમજે. માત્ર તર્ક વિતર્કથી ન્યાયથી વિચારીને સમજે એમ નહિ પણ જોઈને, અવલોકન કરીને, તપાસ કરીને સમજે કે આમ થાય છે કે નહિ ? આમ બને છે કે નહિ ? અથવા આમ છે કે નહિ ? એ એક અહીંયાં એમની જે શૈલીમાં વિશિષ્ટતા છે તે આ છે.

પરમાં પોતાનું માનતા શું થાય છે ? કે પોતે જ્ઞાયક સ્વરૂપે છે એનું વિસ્મરણ થાય છે. બરાબર ? થાય છે ? હું જ્ઞાયક છું એમ સ્મરણમાં પણ રહેતું નથી. જ્યાં પરમાં પોતાપણું થઈ આવે છે, પરિણામ ઊલટા થાય છે ત્યાં હું જ્ઞાયક છું એ સ્મરણમાં પણ રહેતું નથી. એનું વિસ્મરણ થાય છે. અથવા હું જ્ઞાયક છું એવી અંતર સાવધાની નથી થતી અથવા એવી પોતાની બેસાવધાની રહે છે, થાય છે અને પરમાં પોતાપણું થાય છે-સ્વપણું થાય છે. અંતરમાં પોતાના સ્વરૂપમાં સાવધાન થાય કે હું જ્ઞાયક આવો. એને પરનું પોતાપણું વિસ્મૃત વિસ્મૃત થઈ જાય. એને

પરનું પોતાપણું વિસ્મૃત થઈ જાય.

એક બહુ પ્રસિદ્ધ દૃષ્ટાંત લઈએ, 'શ્રીમદ્જી'નો દૃષ્ટાંત છે. એક જગ્યાએ પોતે એવી વાત લખી છે કે, 'અમે દેહધારી છીએ કે કેમ એ માંડ માંડ સંભારીએ ત્યારે સ્મૃતિમાં આવે છે.' ઠીક ! ખ્યાલમાં આવે છે. હું દેહસ્વરૂપ છું એવી મિથ્યાભાવે એકત્વબુદ્ધિએ જે પકડ છે એ તો તમામ મિથ્યાદૃષ્ટિઓનો સર્વસામાન્ય અનુભવ છે. એટલે સમજી શકે એવું છે કે કેટલી દેહની પકડ છે. ત્યારે ઊલટું આ એમ કહે છે દેહ છે કે નહિ સંયોગમાં એ ભૂલી જવાય છે. હું જ્ઞાયકપિંડ ચૈતન્યપિંડ આત્મા છું એવી જે અંતર પરિણતિ અને એની જે સાવધાની અને એની ઉગ્રતાને ને એની જે વેદનની એકત્વપણાની જે પરિણતિ છે, એ પરિણતિની ઉગ્રતામાં દેહ સંયોગમાં છે કે નહિ એ ભૂલી જવાય છે.

મુમુક્ષુ :- ....

પૂજ્ય ભાઈશ્રી :- હા. ગૃહસ્થદશામાં આવી દશા છે. મુનિની તો શું વાત થાય ! એમ કહેવું છે. બહારના ક્ષેત્રને ભૂલી જાય છે.

એવો બહેનશ્રીનો દૃષ્ટાંત છે. અહીંયાં ભરતમાં છીએ કે મહાવિદેહમાં છીએ એ ભૂલી જવાય છે. કેમકે સળંગ છે ને એટલે. પોતે તો પોતામાં છે. સળંગ પોતે પોતામાં એટલે આ ક્ષેત્રે છે કે ઓલા ક્ષેત્રે છે એ ખ્યાલફેર થઈ જાય છે. અથવા મહાવિદેહનું એટલું સ્મરણ આવે છે કે ભૂલી જવાય છે કે ત્યાંથી અહીંયાં આવી ગયા છીએ, હજી જાણે ત્યાંને ત્યાં છીએ. શું કહેવું છે ?

'શ્રીમદ્જી'એ ક્યારેક ક્યારેક પત્રોના મથાળા એવા બાંધ્યા છે કે જે દશ્ય છે તેને જેણે અદશ્ય કર્યું છે અને અદશ્યને જેણે દશ્ય કર્યું છે, એવા સત્પુરુષોને નમસ્કાર હો ! એમ કરીને મથાળા બાંધ્યા છે. દશ્ય એટલે આ બધું છે. જગતના જીવોને શરીરથી માંડીને આ બધું છે, આ બધું છે, આ બધું છે એવી એક પરપદાર્થની ઉપાધિ વળગેલી છે કે આ બધું છે. અને તે પણ મનને લઈને આ બધું છે. એનું મન લાગેલું છે એટલે આ બધું છે.

આ બધું છે એ દશ્ય છે એમાં આ બધું છે એમ લીધું છે. એ જેણે અદશ્ય કરી નાખ્યું. એટલે જાણે આ કાંઈ છે કે કેમ એની સાથે એને સંબંધ નથી. અને અદશ્ય એવું જે આત્મસ્વરૂપ એ જેણે દશ્ય કર્યું છે. એટલે આ છે, આ મહાન તત્ત્વ, આ મહાન તત્ત્વ પોતે છે. આવું મહાન તત્ત્વ પોતે છે. આવું અનંત ગુણનું નિધાન પોતે છે, અનંત ગુણથી સમૃદ્ધ પોતે છે, અનંત અનંત સામર્થ્યવાન પોતે છે એવું જેને દશ્ય કરતા, દશ્યને અદશ્ય કર્યું છે. જગતને જે ભૂલી ગયા છે કે બહારમાં કયું જગત છે ? આ કયું જગત બહારમાં છે ? બહારમાં દેહ છે કે કેમ

એ જીવ ભૂલી ગયા છે. એ વિસ્મરણની અંદર અને સ્મરણની અંદર આ પ્રકાર છે.

અહીંયાં સ્મરણ અને વિસ્મરણ માત્ર યાદદાસ્ત અને વગર યાદદાસ્તના વિષયના અર્થમાં નથી. અહીંયાં સ્મરણ એટલે જેની સાવધાની પકડાય છે અને જેનો આધાર લેવાય છે એ સ્મરણનો વિષય છે અને એકનો આધાર લેતા બીજાનો આધાર ચૂકી જવાય છે, છૂટી જાય છે એને અહીંયાં વિસ્મરણ કહે છે. એ અર્થમાં અહીંયા સ્મરણ-વિસ્મરણ છે. સાદો અર્થ નથી લેવાનો. અર્થ એવો છે.

**'જે પરિણામ ઊલટી (ગુલાંટ ખાઈ) પરમાં પોતાને માની સ્વરૂપનું વિસ્મરણ કરી રહ્યા છે...'** પરનો આધાર લે છે, પરની આધારબુદ્ધિએ પરિણમે છે ત્યાં સ્વરૂપનું વિસ્મરણ થઈ જાય છે. કેમકે જગતમાં સામાન્ય રીતે સંયોગનો આધાર દરેક જીવોએ એમ લીધો છે કે આ શરીર હશે ત્યાં સુધી હું છું અને પછી મારી હયાતી નથી. એટલે મારો નાશ થઈ જશે. એટલે શરીરની હયાતીને પોતાની હયાતી માનીને એને રાખવા માટે પૂરેપૂરો ટીંગાઈ જાય છે. કાંઈ એમાં બાકી રાખવાનો એનો અભિપ્રાય નથી. ત્યાંથી માંડીને પછી એની મોટી વણજાર ચાલે છે. એ શરીરને ટકવાના જે સાધનો છે, અનુકૂળતાના સાધનો છે એની પરંપરા ચાલ્યા વિના રહેતી નથી. તો એ જે ટકવાના, નભવાના, અનુકૂળતાના સાધનો છે એના ઉપર એની દેહની પકડ લંબાઈને એ બધી પકડ એની શરૂ થઈ જાય છે. એમ થતાં એની આધારબુદ્ધિ આવતા એના આધારે હું છું, એ નહિ હોય તો મારું શું થશે ? આ બધા સંયોગો નહિ હોય તો મારું શું થશે ? એમ થઈ જાય છે.

માણસને (એમ થાય કે) આ પેઢી બંધ થાય તો ? આવક બંધ થાય તો ? થાય ત્યારની વાત ત્યારે પણ છાતીના પાટિયા અત્યારથી બેસી જાય છે. સંયોગો એવા હજી ઊભા થાય, હજી પરિણામ ન આવ્યું હોય ત્યાં Heart fail થઈ જાય. એ એની તીવ્ર આધારબુદ્ધિ છે. એ તીવ્ર આધારબુદ્ધિને લીધે એને પોતાનું વિસ્મરણ છે. હું જ્ઞાયક છું અને જ્ઞાયક સ્વરૂપે શાશ્વત છું એ વાત એને ક્યાંય રહેતી નથી. તદ્દન જાણે એવું કાંઈ છે જ નહિ. છે કે નથી એ પ્રશ્ન જ નથી એને માટે તો ! પછી હું આત્મા છું અને ત્રિકાળ શાશ્વત હયાતી ધરાવનારો પદાર્થ છું, એ છે કે નહિ એ વાત જ એને રહેતી નથી. ખલાસ થઈ જાય.

જ્યાં દૃષ્ટિ પર ઉપર ગઈ ત્યાં સ્વ છે કે નથી એ પ્રશ્ન નથી. અને જ્યાં દૃષ્ટિ સ્વ ઉપર ગઈ ત્યાં પર છે કે નથી એ પ્રશ્ન નથી. આ દૃષ્ટિનું કાર્ય છે. દૃષ્ટિનો આ ગુણ છે કે પોતાના વિષયને સર્વસ્વપણે એવી રીતે પકડે છે, જકડે છે કે બસ ! એ જ છે ને જાણે બીજું કાંઈ છે કે નથી એ પણ પ્રશ્ન નથી. નથી એ પ્રશ્ન નથી. કેમકે નથીમાં તો છે નહિ એમ વાત આવે છે. ત્યાં એ વાત નથી પછી. એવું દૃષ્ટિનું

કાર્ય છે.

મુમુક્ષુ :– વિસ્મરણ થાય ?

પૂજ્ય ભાઈશ્રી :– પછી જ વિસ્મરણ થાય. સ્વરૂપમાં તો પહેલા તો એ કેવી રીતે થાય ? પહેલા તો હજી એકત્વબુદ્ધિ છે. જ્યાં સુધી સ્વરૂપમાં એકત્વ થયું નથી ત્યાં સુધી રાગ અને રાગના વિષયમાં એકત્વબુદ્ધિ છે. મંદપણે હો કે તીવ્રપણે હો પણ છે તો ખરી જ. એટલે પછી વિસ્મરણ છે.

એ રીતે લઈએ તો ભેદજ્ઞાન છે એ સ્વરૂપને સ્મરણમાં લેવાનો, સ્વરૂપનો આધાર લેવાનો અને સ્વરૂપને ભૂલી જાય છે એના બદલે સંભાળવાની એક Practice છે. એ પ્રેક્ટિસને ભેદજ્ઞાન કહેવામાં આવે છે. એ Practice છે. વિચાર નથી પણ એ Practice છે. એટલે ભેદજ્ઞાનની જે Practice છે એમાં સફળ થાય તો પરનું વિસ્મરણ થાય અને સ્વસ્વરૂપનું સ્મરણ એટલે સંભાળ થાય.

મુમુક્ષુ :– જે દશ્ય છે એ અદશ્ય થઈ જાય છે એમ જે કીધું એ નય પૂરતી મર્યાદિત વાત લેવી કે તેથી આગળ લઈ જવું છે ?

પૂજ્ય ભાઈશ્રી :– એટલે શું ? મર્યાદિત એટલે શું ? તેથી આગળ એટલે શું ?

મુમુક્ષુ :– શરીરને ભૂલી જાય છે એમ કહે છે કે રાગ-દ્વેષનો મોહ થાય છે ...

પૂજ્ય ભાઈશ્રી :– એ તો બધાને ભૂલે જ છે ને ! એકમાં બધાને ભૂલે છે. એ બધું જગત છે. ઇન્દ્રિયજ્ઞાન દ્વારા દશ્યમાન છે તે બધું અદશ્ય થાય છે અને અતીન્દ્રિયજ્ઞાનનો વિષય જે અદશ્ય હતો તે દશ્ય થયો એમ લેવું છે. અહીંયાં ઇન્દ્રિયજ્ઞાન અને અતીન્દ્રિયજ્ઞાન (લેવું). ઇન્દ્રિયજ્ઞાન દ્વારા જે દશ્ય છે તેને અદશ્ય કર્યું. અને ઇન્દ્રિયજ્ઞાનથી જે અદશ્ય છે તેને દશ્ય કર્યું. અતીન્દ્રિયજ્ઞાન પ્રગટ કર્યું. એમ લેવું છે. અથવા સ્વપણે સ્વરૂપની સંભાળ કરે છે અને સ્વપણે રાગ-દ્વેષ-મોહ અને એનો જે કોઈ વિષય છે એને સ્વપણે સંભાળતા નથી. એમ છે. સંભાળ છે ને અહીંયાં તો ! અહીંયાં સ્મરણ કરવું એટલે સંભાળ કરવી એમ વાત લેવી છે.

પ્રકરણ ચાલ્યું છે સ્વરૂપની સંભાળ કેમ કરે ? એ વાત લેવી છે. સંભાળવી છે જાગૃત થઈને, સાવધાન થઈને જે ચીજને સંભાળવી છે, સ્વપણે પકડવી છે ત્યાં જે પરપણે છે એ પરપણે રહી જાય છે અને એમાં સ્વપણું આવતું નથી. રાગ પણ સ્વરૂપભૂત તો નથી, રાગ પણ સ્વભાવભૂત તો નથી. પોતાની જાત છે એનાથી વિરુદ્ધ જાતિના છે. એટલે એ અવસ્થાનો રોગ છે એને મટાડવા લાયક છે એ એનું સ્થાન છે. પણ સ્વરૂપભૂત તત્ત્વ તો એ નથી. તત્ત્વની દષ્ટિએ તે અન્ય તત્ત્વ છે

એમાં તો બીજો કાંઈ ફેરફાર નથી. તત્ત્વદૃષ્ટિએ તે સ્વતત્ત્વ નથી અને પરતત્ત્વ છે એવું એનું અનેકાંતપણું છે. એ ચોખ્ખું અનેકાંત છે.

જો એ પ્રકારે સવળો થાય-પરિણામ સવળા થાય અને સ્વરૂપને પોતારૂપ માની પરનું વિસ્મરણ કરે, પરની સંભાળ છૂટે તો **'મુક્તિકામિનીનો કંથ થાય.'** તો એને મોક્ષદશા પ્રગટ થાય. મોક્ષનો એ ધણી થાય એટલે એની મુક્તિ અવશ્ય થાય, થાય ને થાય. એને સમ્યગ્દર્શન થાય એને આરાધના થાય એમ કહેવાને બદલે સીધો એનો મોક્ષ થાય એમ અહીંયાં કહે છે. એનો મોક્ષ થયા વિના રહે નહિ. એવી વાત લીધી છે. એ કિંમત કરી શકે કે જો આનું ફળ આટલું છે. સ્વરૂપને સંભાળવાનું ફળ સાદિઅનંત મુક્તદશા પરમાનંદની દશા છે. સ્વરૂપને નહિ સંભાળવાનું ફળ અનંત કાળ નિગોદની દશા છે. તારે જેની પસંદગી કરવી હોય તે કર. તારે જે વિવેક કરવો હોય તે કર. બહુ સ્પષ્ટ વિષય છે.

બીજું, પરિણામ વિષયક એક સિદ્ધાંત છે કે જીવ જો પોતામાં સાવધાન થાય, પોતાના અંતર સ્વરૂપમાં સાવધાન થાય તો પરિણામ અંતર્મુખ થાય. જો જીવ સંયોગ અને રાગમાં-બાહ્ય તત્ત્વને વિષે સાવધાન થાય તો એના પરિણામ અંતર્મુખ થઈ શકે નહિ. એટલે કે અંતર્મુખ પરિણામ થવાનું પ્રતિબંધક કારણ જો કોઈ હોય તો તે પરપદાર્થમાં સ્વપણે સાવધાન થઈ જવું તે છે. પરની સાવધાની રહી જાય અને અંતર્મુખ થાય એવું કદી કોઈને વિષે ક્યારે પણ બને નહિ. ત્રણ કાળ ત્રણ લોકમાં.

મુમુક્ષુ :- ...નું કારણ છે.

પૂજ્ય ભાઈશ્રી :- બધામાં આવી ગયો... કોણ અંતર્મુખ થઈ શકે ? કે પરની સાવધાની છોડે તે. ભય પામવાની જરૂર નથી કે પરની સાવધાની છૂટતા પરમાં મોટુ નુક્સાન (થશે). પરની બેદરકારી, ઉદાસીનતા કરતાં પરની અંદર ઉથલપાથલ એવું થાશે કે પછી મારા આ સંયોગોની બધી પરિસ્થિતિ બગડી જાય તો શું ? એવો ભય રાખવાની જરા પણ જરૂર નથી.

મુમુક્ષુ :– સાવધાન હોય તોપણ...

પૂજ્ય ભાઈશ્રી :– તોય બગડી જાય છે. ઘણી સાવધાની રાખવાળાનું ઘણું બગડ્યું એવા ઘણા દાખલા છે. નજરે જોયેલા ! એટલે એથી તો કાંઈ સંભાળાતું નથી. પણ કદાચ બગડી જાય તોપણ એ બગડેલી પરિસ્થિતિમાં પણ, બહારની કહેવાતી બગડેલી પરિસ્થિતિમાં પણ તું તારા શાંત અને આનંદમય પરિણમનમાં તારું સાચું આત્મિક જીવન, શાંત જીવન જીવી શકે એવી તારી શક્તિ અને તારું સામર્થ્ય ભરપૂરપણે સ્વરૂપમાં રહેલું છે, આત્મામાં રહેલું છે એનો વિશ્વાસ લાવ તું. નહિતર પાંજરામાં છો પોપટની જેમ.

પોપટ જે ક્ષણે વિશ્વાસ ગુમાવે છે તે ક્ષણે પકડાય છે. 'જ્યોં શુક નભ ચાલ વિસરી નલિની લટકાયો.' નલીની એટલે ભુંગળી. પોતાની ઉડવાની શક્તિ છે એને ભૂલ્યો. 'દોલતરામજી'નું પદ છે આ. એને એમ કે હું પગ છોડી દઈશ તો આ ઊંધો છું પડીશ અને પડીશ એટલે મરીશ. એ જ્યાં સાવધાનીથી ભુંગળીને પકડે છે ત્યાં શિકારી એને જીવતો જીવતો પકડી લ્યે છે. જો એ પગ મૂકી દે તો એનામાં તો આકાશગમનની શક્તિ છે-સામર્થ્ય છે. એને કાંઈ શીખવાનું નથી. પણ એક ક્ષણ ભૂલે છે. ભૂલે છે એટલે પકડાય છે. આટલી વાત છે.

એમ જીવ પોતાના સામર્થ્યને નિરાલંબ નિરપેક્ષ તત્ત્વ પોતે હોવા છતાં, અનંત સામર્થ્યનો ધણી હોવા છતાં, પોતાને નમાલો, દીન અને પાંગળો માનીને, બીજા પદાર્થના આધારે જીવતો, નભતો, ટકતો, રહેતો એવો માનીને ભૂલે છે એટલે એ ચોરાશીના બંદીખાનામાં પાંજરામાં જાય છે. બીજું કોઈ કારણ નથી.

મુમુક્ષુ :– જીવ પોતાની ઇચ્છા અનુસાર...

પૂજ્ય ભાઈશ્રી :– ... એ વાત છે અને કાર્ય કરવું બીજી વાત છે. એ ઇચ્છા કરે એથી કાંઈ વળતું નથી, કાર્ય થઈ જતું નથી. કાર્ય તો કાર્ય કરવાથી થાય છે. ભલે ઇચ્છારૂપ પહેલા વિકલ્પ હો, પણ માત્ર ઇચ્છા છે એ પર્યાપ્ત નથી. કોઈપણ કાર્ય કરવાને વિષે માત્ર ઇચ્છા છે તે પર્યાપ્ત નથી. પણ કાર્યનું અમલીકરણ કરવું, અમલ કરવો તે કાર્ય સંપન્ન થવાનું કારણ છે. આ તો બરાબર છે ?

મુમુક્ષુ :– ક્રોધ નથી કરવા છતાં ક્રોધ થઈ જાય છે.

પૂજ્ય ભાઈશ્રી :– ક્રોધ નથી કરવો એવી ઇચ્છા થઈ છે. પણ ક્રોધ નથી કરવો એવા ભાવનો અમલ કર્યો છે ? એમ અહીંયાં કહેવું છે. જે ક્રોધ વિનાની દશા છે અથવા ક્રોધ વિનાનું જે પોતાનું સ્વરૂપ છે એને સંભાળે અને ક્રોધ થાય એવું બનતું નથી. ક્રોધ ત્યારે થાય છે કે એ બીજાને સંભાળે છે ત્યારે. ક્રોધ થવાનું જે કારણ છે એને સંભાળતા ક્રોધ થયો છે. એ વાત તો નક્કી છે કે નહિ ? કે એમને એમ થયો છે અધ્ધરથી ? એની સંભાળ છોડવાની તો વાત ચાલે છે. પોતે એની સંભાળ લેનારો છે નહિ. એ વાત ભૂલી જાય છે. સંયોગની સંભાળ લેનારો પોતે નથી. છતાં એની સંભાળ લેનારો છે એમ માને છે ત્યારે ક્રોધ કરે છે. કે એમ ને એમ કરે છે ? એટલે એના મૂળ સ્વરૂપની યાદ દેવડાવે છે કે સંભાળ તારી જાતને.

તું તો તારા સ્વરૂપે તો પરિપૂર્ણ દોષરહિત નિર્દોષ પવિત્રસ્વરૂપે છો, સ્વભાવે છો, પરમાત્મપદ સ્વરૂપ છો. સાક્ષાત સિદ્ધપદ ખડું છે. જેમ દેહ વિનાની અશરીરી મૂર્તિ આત્માની ચૈતન્યમૂર્તિ તે સિદ્ધ છે. બસ ! એવું જ. દેહમાં પણ એવી જ દેહ

વિનાની મૂર્તિ જ છે આત્મા. 'સિદ્ધ સમાન સદા પદ મેરો.' એ વાત 'બનારસીદાસે' લખી. એને સંભાળે તો એની દશા પણ એવી જ થાય. મુક્તિકામિનીનો કંથ થાય એટલે જેવો સ્વરૂપે છે એવી જ એની દશા થાય. બીજી દશા એની ન થાય.

મુમુક્ષુ :– ક્રોધનું કારણ રાગ-દ્વેષને

પૂજ્ય ભાઈશ્રી :– પોતાને સંભાળે ત્યાં બધાય ભુક્કા બોલી જાય. એટલું બધું સામર્થ્ય છે. જેમ કોઈ તોપનો ગોળો છૂટે એમાં સામે કાગળની દિવાલ શું કરે ? સામે એક કાગળની દિવાલ કરી. બહુ અમારી ચીકણા કાગળની જોરદાર દિવાલ છે એમ કહે. પણ આ તોપનો ગોળો છે, ભાઈ ! એમાં એ કાગળ-ફાગળ ચીકણો અને વગર ચીકણો કાંઈ કામ આવે એવું નથી. એટલું બધું સામર્થ્ય છે કે જેનું કોઈ માપ નથી, જેની કોઈ હદ નથી. જેને કહેવા માટે વાણી પાસે કોઈ શબ્દ નથી. એ સામર્થ્ય પાસે પૂર્વનું બધું સંચિત કરેલું, આ ને તે ને બધાના ભુક્કા ઉડાવે એવો આત્મા છે. એક ક્ષણમાં ભુક્કા ઉડાવે એવો છે. અનંત જન્મ-મરણ (ઉડાવે), લ્યોને !

'પરમાગમસાર'માં એક 'ગુરુદેવે' ન્યાય લીધો છે. પુણ્યની ઉત્કૃષ્ટ સ્થિતિ કેટલા સાગરની લીધી છે ? ક્રોડાકોડી સાગર કે એવું કાંઈક લીધું છે. બહુ મોટી સ્થિતિ લીધી છે. પણ કોઈ જીવ-સમ્યગ્દૃષ્ટિ કે મિથ્યાદૃષ્ટિ જીવ પુણ્યની એવી લાંબી સ્થિતિને ભોગવી શકતો નથી. બેમાંથી એકેય નથી ભોગવી શકતા. કેમકે ત્રસની સ્થિતિ ૨૦૦૦ સાગરની છે. મિથ્યાદૃષ્ટિએ રહીને પુણ્ય બાંધ્યા હોય તો એ બે હજાર સાગરમાં તો હજી પુણ્યની સ્થિતિ કાંઈ પૂરી થાય એ પહેલા તો નિગોદમાં ચાલ્યો જાય છે. એટલે શું થાય ? કે એ પહેલા એ એવા કોઈ પરિણામ કરશે કે જે લાંબી સ્થિતિનું બાંધેલું છે એ ટૂંકાઈ જશે, સંક્રમણ થઈ જશે. નિગોદમાં ચાલ્યો જશે. એટલે એના પુણ્ય જે શુભભાવ કર્યા છે એ એને કામમાં આવવાના નથી.

સમ્યગ્દૃષ્ટિ છે એ અસંખ્ય સમયમાં મોક્ષમાં જાય છે. એટલે આરાધનાથી પુણ્યને ખેરવે છે. ઉદયાભાવી ક્ષય કરે છે. એ પુણ્યના પરમાણુને મોક્ષના રસ્તે ખતમ કરે છે અને આ બંધના રસ્તે પાપમાં પરિણમીને ખતમ કરે છે. કોઈ પુણ્યની સ્થિતિ ભોગવી શકતા નથી. આ ન્યાયે પણ એને ઊંચામાં ઊંચા શુભભાવનો લોભ રાખવો કોઈ કામે આવે એવું નથી. એમ કરીને એક ન્યાય આપ્યો છે. કરુણાનુયોગથી એ ન્યાય આપ્યો છે.

મુમુક્ષુ :– નિગોદમાંથી પાછો નીકળી ન શકે ?

પૂજ્ય ભાઈશ્રી :– એ પુણ્ય તો રહ્યા જ ન હોય ને ! એ પુણ્ય રહ્યા હોય અને નિગોદમાં ક્યાંથી જાય ? એ તો પાપનું ફળ છે. નિગોદને લાયક પાપ બાંધે

ત્યારે પૂર્વના પુણ્યનું સંક્રમણ થયું હોય થાય ત્યારે જ એ પરિસ્થિતિ ઊભી થાય. એ નફો-નુકસાન જેવો વિષય છે. દેવાળું કાઢે ત્યારે ગમે તેટલું કમાયેલું હોય એ બધું ઉપડી જ ગયું હોય. નિગોદ છે એ એણે દેવાળું કાઢેલું છે. બધી મૂડી ખતમ કરીને માથે દેવું કર્યું. એમ છે એ તો. એટલે એમાં પુણ્ય બચ્યા છે એ પ્રશ્ન જ નથી. એ તો બધા ખલાસ થઈ ગયા.

મુમુક્ષુ :– ...

પૂજ્ય ભાઈશ્રી :– હા. ફેરબદલી થયા જ કરે છે. અપકર્ષણ, ઉત્કર્ષણ અને સંક્રમણ એવા ત્રણ પ્રકારના ફેરફાર થાય છે. એ પરમાણુઓની સ્થિતિ વધે તો એને ઉત્કર્ષણ કહે છે. ઘટે તો એને અપકર્ષણ કહે છે અને પ્રકૃતિ બદલાઈ જાય, એના એ રજકણ હોય, પુણ્યના રજકણ એના એ હોય અને પ્રકૃતિ પાપની થઈ જાય. પુણ્યની પ્રકૃતિ પલટીને ત્યાં ને ત્યાં પાપની પ્રકૃતિ થઈ જાય. એવી રીતે પાપની પુણ્યમાં થઈ જાય. એવી જે જાતિ આખી બદલાઈ છે એને સંક્રમણ કહે છે. એમ ત્રણ પ્રકારે કર્મના પરમાણુમાં એની દશાના ફેરફાર થાય છે.

હવે અહીંયાં પ્રશ્ન કર્યો છે. **'એવા પરિણામમાં કાંઈ ક્લેશ તો નથી...'** દુઃખ નથી. જે સુલટા પરિણામ થાય એમાં તો આનંદ અને સુખની ઉત્પત્તિ, શાંતિની ઉત્પત્તિ થાય છે એમાં તો કાંઈ ક્લેશ નથી. અક્લેશ પરિણામ છે. અક્લેશ સ્વરૂપે જે પરિણામ છે **'તો એવા પરિણામ (ચિદાનંદ આત્મા) કેમ કરતો નથી ?'**

સાકર ગળી છે તો ગળી ખાવામાં વાંધો શું છે ? એ ગળી છે પણ અફીણ ખાય છે એટલે ખાતો નથી. બને ને ? જેને અફીણની લત છે એને સાકર ભાવતી નથી. કોઈ પ્રશ્ન કરે કે પણ આ સાકર મીઠી-ગળી છે શા માટે ખાતો નથી ? એને નહિ ખાવાનું કારણ કે એને અફીણની લત ચડી છે. એમ અક્લેશ પરિણામ છે, પોતાના હિતરૂપ પરિણામ છે, સુખરૂપ પરિણામ છે એને કેમ ચિદાનંદ કરતો નથી ? એ ચિદાનંદને ઊંધા પરિણામની લત પડી છે. એમ. એટલે જેમ ઝેર છે એ પ્રાણને મારે છે. એમ આત્માના દર્શન-જ્ઞાનપ્રાણને મારનાર પણ ઝેરરૂપ પરિણામ છે. એ એને સુહાય છે, એ એને ગમ્યા છે, રુચ્યા છે એટલે એને પોતાના જ અક્લેશ પરિણામ રુચતા નથી.

સમાધાન આપે છે. **'અનાદિકાળથી...'** અહીંયાં પણ નીચે એ અફીણનો જ દાખલો લીધો છે. **'અનાદિકાળથી (આ જીવ) અવિદ્યામાં (મિથ્યાત્વમાં) પડ્યો છે.'** અનાદિથી મિથ્યાત્વમાં પડ્યો છે. અનાદિથી અવિદ્યા એટલે અજ્ઞાન. અજ્ઞાન કહો, મિથ્યાત્વ કહો એકસાથે અવિનાભાવી છે. એમાં આ જીવ અનાદિથી છે. કોઈ નવો એને એમાં મૂક્યો છે એમ નથી. અથવા પહેલા એવી દશા ક્યારેય નહોતી અને

નવી થઈ છે એમ નથી. અનાદિથી પ્રત્યેક સમયની નવી નવી દશા ગણો તોપણ એ અજ્ઞાન અને મિથ્યાત્વમય દશામાં જીવ પડ્યો છે.

**'મોહની ગાંઠ નિબિડ (નિવડ) પડી છે.'** દર્શનમોહની ગાંઠ ઘણી દૃઢ થઈને, નિબિડ થઈને પડી છે. સ્થાનકવાસીમાં ક્યાંક એ દૃષ્ટાંત છે. કાલે (એક મુમુક્ષુ) કહેતા હતા. રેશમની હીરની દોરી હોય, એની ગાંઠ મારે અને ઉપર તેલનું ટીપું મૂકે. પછી એ ગાંઠને છોડવા જાય તો એના આંગળા લપસી જાય. એક તો રેશમ સુવાળું (હોય), એમાં પાછું ચીકણું તેલ. એ ગાંઠ છોડી છૂટે નહિ. એવી આ મિથ્યાત્વ-મોહની, દર્શનમોહની ગાંઠ એવી નિબિડ છે, જીવના એવા ચીકણા પરિણામ છે. પરને ઠીક માનવાના, પરને અઠીક માનવાનાં, ક્યાંક પોતાપણું કરવાના એટલે દેહથી માંડીને જેટલા સંયોગો ઉદયમાન છે ત્યાં પોતાપણું કરવાના અને બીજે જ્યાં પોતાપણું નથી ત્યાં પારકાપણું કરવાના એવા ચીકણા પરિણામ છે... એવા ચીકણા પરિણામ છે કે એ ગાંઠ એને છોડી જાતી નથી.

કેમ છોડી જાતી નથી ? કે આ અફીણના દૃષ્ટાંતે. એણે એટલો રસ લીધો છે. પરમાં સ્વપણે એટલો બધો રસ લીધો છે. સામાન્ય રીતે નિર્ધન હોય અને એમાં ધનવાનપણું થાય તો એટલો પૈસાનો રસ ચડી જાય. કોઈ ઓળખતું ન હોય અને એમાં બધા વાહ વાહ કરવા માંડે તો એટલો માનનો રસ ચડી જાય. કાંઈ આવડતું ન હોય અને એમાં કોઈ પૂર્વ કર્મને કારણે કોઈ ક્ષયોશમ વધે તો એટલો ઇન્દ્રિયજ્ઞાનનો રસ ચડી જાય. જે-તે વિષયમાં પારંગત હોય એમાં.

એ બધા અનાત્માનમાં એટલા બધા સ્પપણે લેવાયેલા જે રસ છે એ પરિણામ એકલા ઝેરના પરિણામ છે. માણસને એમ થાય છે કે પુણ્યનો ઉદય આવે અને આપણને બધું સરખું રહે તો ઠીક. ક્યાંય તકલીફ ને પ્રતિકૂળતા ન પડે તો ઠીક. પણ એ પુણ્યમાં ઠીકપણાનું ઝેર છે એ તને મોહની ગાંઠ છોડવા દેશે નહિ. આમ છે. અથવા જ્યારે એ પુણ્યના સંયોગો ખસી અને જેને બાહ્ય પ્રતિકૂળતા કહે છે એવી સ્થિતિ આવે છે ત્યારે એને અત્યંત અત્યંત દુઃખ થઈ આવે છે. થાય છે ને ? ક્યાંય એને હખ પડતું નથી.

કહે છે કે એ દુઃખ થવાનું કારણ જે સંયોગોનો ફેરફાર થયો એ નથી. પણ એ સંયોગોમાં મમત્વ કરીને જે ઝેર ખાઈ લીધું હતું એ કારણ છે. જ્યારે સંયોગ થયો અને એની મીઠાશ વેદી લીધી એ ઝેર તો તે'દિ ખાધું હતું. પણ તને ખબર પડી નહિ કે આ ઝેર ખાધું છે. એટલે જ્યારે એ સંયોગો ખસ્યા ત્યારે તને એમ લાગે છે કે અરે..રે..! આ તો બધું ઝેર જેવું થઈ ગયું. હવે તો જીવન આખું ઝેર જેવું થઈ ગયું. જીવન ઝેર જેવું થઈ ગયું નહિ એ તો પહેલા તું કરી ચૂક્યો છો.

અત્યારે તો હવે તને એનો ખ્યાલ આવે છે. બાકી ક્યારે ઝેર ખાધું છે એ તને ખબર નથી. પ્રત્યેક સંયોગોમાં આ છે.

પોતાના આનંદમય આત્માને છોડીને બીજે સુખ, આનંદ, શાંતિની એણે કલ્પના કરી છે અને એ કલ્પના કરીને જે રસ લીધો છે એ જ એણે ઝેર ખાધું છે, બીજું કાંઈ નથી. એટલે ત્યાં જો ચેતે, સાવધાન થાય કે આ ઝેર તો ખવાતું નથી ને ? બસ ! તો એનો રસ ત્યાં ઉડી જાય. સીધો એનો રસ ઉડી જાય. મીઠાઈ સારી મૂકે. દેખાવ એવો હોય, એમ લાગે કે શું મીઠાઈ છે ! સુગંધ ને એનો દેખાવ ને બધું. પણ કોઈ એમ કહે કે સંભાળજો, હોં ! એની અંદર ઝેર ભેળવાઈ ગયું છે. પછી ? બધી કલ્પના ફૂ... થતા વાર લાગે છે ? એ મીઠાશની અને એ ઠીકપણાની કલ્પના ઉડી જતા વાર લાગે છે ? જો જો, ભાઈ ! એમાં ઝેર પડી ગયું છે. અથવા જે વાસણમાં એ મીઠાઈ રાખી હતી એ વાસણ ખોલતા એમાંથી એક સર્પ ભાગી ગયો છે. બેઠો હતો એ ભાગી ગયો છે. હવે ? નુક્સાન થાય તો ?

મુમુક્ષુ :– ...

પૂજ્ય ભાઈશ્રી :– નુક્સાન એટલું સહન કરવું ગમે ? કે જીવને મોટું નુક્સાન સહન કરવું નથી. થોડું જતું કરવામાં એને વાંધો નથી. મને કે કમને. પછી કોઈક આગ્રહ કરે કે ના, ના. ભાઈ ! રાખોને. અમે તમને આગ્રહથી કહીએ છીએ, આ રાખો. એના ઉપર એને વહાલપ આવે નહિ. કોઈ રીતે આવે ? ન આવે.

અજ્ઞાની જીવ જ્ઞાનીના આ પરિણમનને સમજી શકતા નથી. જે પરિણમનને જેણે ઝેર જેવું જાણ્યું છે એ પરિણમનને સમજવું જોઈએ. તો એને ખ્યાલ આવે કે કેટલો ફેર છે. પોતામાં અને સામામાં કેટલો ફેર છે એ એને સમજાય એવું છે. એ સમજાતું નથી. એને એમ થાય આપણી જેમ જ એના સંયોગ છે. એને આમ છે, આપણે આમ છે. એને આમ છે. બહુ મોટો ફેર છે. ઉત્તર-દક્ષિણનો એમાં ફેર છે. શું કહ્યું ?

**'અનાદિકાળથી (આ જીવ) અવિદ્યામાં (મિથ્યાત્વમાં) પડ્યો છે. મોહની ગાંઠ નિબિડ (નિવડ) પડી છે. આત્મા અને પરનું એકત્વસંધાન થઈ રહ્યું છે.'** આત્મા અને પર, રાગ અને રાગનો વિષય પરતત્ત્વ છે. તેનું **'એકત્વસંધાન થઈ રહ્યું છે.'** એકમેકપણે અનુભવાઈ રહ્યું છે. એનું દૃષ્ટાંત આપે છે કે **'જેવી રીતે કોઈ પુરુષને અફીણનો અમલ ચઢ્યો છે...'** અફીણનો કેફ ચડ્યો છે. **'તે દુઃખ પામે છે...'** જ્યારે એને ઘેન ચડે છે ત્યારે એ દુઃખની દશા છે. એ કાંઈ સુખની દશા નથી. **'તે દુઃખ પામે છે પણ છૂટી શકતો નથી.'** દુઃખ પામે છે તોપણ એનાથી છૂટી શકતો નથી. અફીણના બંધાણીને એટલું ઝેર વ્યાપી ગયું છે કે પછી એ અફીણથી છૂટી

શકતો નથી.

**'શાથી ? કે (અમલ) ઘણો ચઢ્યો છે,'** ઘણો એને કેફ ચઢ્યો છે. ઘણું ઝેર ચઢ્યું છે. તેથી **'છૂટવાથી સુખ છે (કલેશ) દુઃખ નથી, પણ તલપ લાગતાં તે લે ને લે જ;...'** તોપણ અફીણની ઇચ્છાને એ રોકી શકે નહિ. આ સ્થિતિ થાય છે. જે ઝેર વ્યાપી ગયું... પછી ડૉક્ટર એને સમજાવે કે ભાઈ ! તમારા જે Cell છે એમાં Nikotin વ્યાપી ગયું છે. એટલે હવે તમે જો જેનું વ્યસન છે પછી તમાકુ, અફીણ જે કાંઈ હોય બધા ઓછાવત્તા પ્રમાણવાળા ઝેર છે, નહીં લ્યો તો તમારી તબિયત બગડ્યા વિના રહેશે નહિ. પણ હવે અમથીએ બગડેલી જ છે. કે'દિ સારી હતી ?

તાત્કાલિક બેચેનીને દૂર કરવા અને કૃત્રિમ સુખ-ચેનને લાવવા માટે એ પછી અફીણની ચીજનું ગ્રહણ કરે છે. બાકી તબિયત સારી છે એની ? શું કહે છે ? તબિયત બગડશે તમારી. માટે ખાવ તમે. ઓલા ધંધાદારી છે. આ ખાશે તો મારી કમાણી ચાલુ રહેશે. એ સમજે છે કે ખાશે તો મારી કમાણી ચાલુ રહેશે. આ છોડી દેશે તો આપણો Case બંધ થઈ જશે. એટલે એને બંધ કરવાનો ઉપાય દેખાડવાને બદલે એમ કહે, રાખો ચાલુ, થોડું થોડું રાખો ચાલુ. થોડું થોડું ચાલુ રાખો. બીજો કોઈ હવે તમારા માટે ઉપાય નથી. વાત ખોટી છે.

એક વાર તબિયત બગડે તો બગડે અમથીએ બગડેલી જ છે. પણ કાયમ એનાથી જાન છૂટે. જો મનની મક્કમતા ને મન બળવાન થાય પણ એમાં કાંઈ બીજી તકલીફ થતી નથી. નહિતર તકલીફ તો થયેલી જ છે. નવી થવાનો ક્યાં પ્રશ્ન છે ? એ તો થયેલી જ છે. અને તકલીફ વધારતો જ જાય છે. પણ જીવને સવળું કાર્ય કરવાની પણ પહેલા હિંમત હોવી જોઈએ. એટલે તો પુરુષાર્થને પરાક્રમ કહ્યું છે. શાસ્ત્રમાં પુરુષાર્થને પુરુષાર્થનું પરાક્રમ કહ્યું છે. જે જીવો સત્ પુરુષાર્થે નથી આવતા એને એમ કહે છે કે આ પુરુષાર્થ નથી કરી શકતા. પુરુષાર્થ ન કરી શકે એવા આ અપુરુષાર્થી હિનપુરુષાર્થી જીવ છે. પછી એના માટે શબ્દ પણ એવો જ વાપરે છે. સંસ્કૃતમાં એને કિલવ કહ્યા છે. નપૂસંક કહ્યા છે.

કહે છે કે **'છૂટવાથી સુખ છે અને કલેશ (દુઃખ) નથી પણ તલપ લાગતાં તે લે ને લે જ. તેવી રીતે આ (જીવ) પરમોહથી બંધાઈ રહ્યો છે.'** આ જીવને ક્યાંય પણ પરમાં ઠીકપણું થાય છે, અઠીકપણું થાય છે. એ પોતાના મહાન આત્માને નીચ કરીને, નીચ ગણીને, નીચો પાડીને એ જેમાં ઠીકપણું માને છે તેને અધિકાઈ દઈ રહ્યો છે. એની મોટાઈ એણે સ્વીકારી. પોતાની હીનતા સ્વીકારી અને પરની મહાનતા એણે સ્વીકારી. શેને લઈને ? કે માત્ર દર્શનમોહને લઈને. માત્ર દર્શનમોહ

કારણ છે. બીજું કોઈ કારણ નથી.

બહુ મંથન માગે એવો વિષય છે આ. ક્ષણે ક્ષણે, પ્રસંગે-પ્રસંગે, કાર્યે-કાર્યે ઇષ્ટ-અનિષ્ટપણું જે થાય છે એમાં એ પોતાની મહાનતાને ચૂકે છે, પોતાની મહાનતાને છોડે છે અથવા પોતે પોતાને નીચ કરીને, નીચો ગણીને બીજાને મહાન કરે છે. આ પરિસ્થિતિ છે. કેટલું મંથન જોઈએ એની સામે ? કાર્યે-કાર્યે અને પ્રસંગે-પ્રસંગે આ સ્થિતિ ઊભી છે. એની સામે બળવો કર્યા વિના એ લડાઈ જીતાઈ એવું નથી.

આગળ આવશે. તે મહા અવિવેક છે કે પોતાના ઉચ્ચ પદને નીચ પદ કરીને આનંદ માને છે. એવો અવિવેકમલ્લ છે એને વિવેકમલ્લ પછાડે છે. જ્યારે આત્મા જાગૃત થાય ત્યારે એને વિવેક આવે છે. અને એ વિવેકમલ્લ અવિવેકમલ્લને પછાડે છે. એ વિષય અહીંયાં આગળ આવશે. સંવર અધિકારમાં એ વિષય લીધો છે.

**'તેવી રીતે આ (જીવ) પરમોહથી બંધાઈ રહ્યો છે. છૂટવાથી સુખ છે, છતાં છૂટતો નથી.'** જે પરમોહથી બંધાઈ રહ્યો છે, જેનાથી એને એકત્વ થાય છે ત્યાં દુઃખ થાય છે, અનંત આકુળતા થાય છે. મિથ્યાત્વમોહના પરિણમન કાળે અનંત આકુળતા થાય છે પણ અનંત દુઃખથી એ ટેવાઈ ગયેલો છે. અને અનંત દુઃખથી પણ જાણે દુઃખ નથી એવી સ્થિતિમાં એના સામર્થ્યને લઈને એ જીવી શકે છે. એટલું પણ જીવવાનું સામર્થ્ય છે એમાં. એ દુઃખથી છૂટવાથી સુખ થાય છતાં છૂટતો નથી અને છૂટતો નથી એવી જ રીતે એ પરિણામ વારંવાર કર્યા કરે છે.

મુમુક્ષુ :– શાસ્ત્રમાં એને સુભટ કીધો છે.

પૂજ્ય ભાઈશ્રી :– હા, એ પણ સુભટ છે, એ પણ સુભટ છે. સુભટ છે એટલે બહાદુર છે. કે ભગવાનને ગાંઠતો નથી. ભગવાનની આજ્ઞાને પણ માનતો નથી. બેય રીતે ઉપમા આવે છે. જેણે દર્શનમોહને જીત્યો એણે સંસારને જીત્યો, એમ કહેવાય છે. 'શ્રીમદ્જી' એ એક પત્રનું એવું મથાળું બાંધ્યું છે કે દસ હજાર સુભટને એકલે હાથે જે જીતે એના કરતાં પણ આ મહાન સુભટ છે. એકલો હોય અને સામે દસ હજારનું ટોળું હોય. તોપણ બધાને મારી હઠાવે. એના કરતાં પણ આ વધારે સુભટ છે.

અથવા ભુજાએ કરીને સ્વયંભૂરમણસમુદ્ર એ તર્યો. નાવમાં બેસીને તો સૌ તરે. પણ આ તો હાથ વીંઝીને સમુદ્રનું પાણી કાપ્યું. કેવડું ? કે સ્વયંભૂરમણસમુદ્ર. બહુ મોટો પટ છે. ગોળાકારે છે. અસંખ્ય દ્વિપ-સમુદ્રમાં માં છેલ્લો સમુદ્ર છે. એ અસંખ્ય (છે). (એમાં) એકથી Double.. એકથી Double દ્વિપ સમુદ્ર છે એ બધાનો સરવાળો કરો તેના કરતા પણ ત્રણ યોજન વધુ. એટલો પટ છે એનો. એને ભુજાએ

કરીને તર્યો એમ કહે છે. એવો સુભટ છે. એને સુભટ કહ્યો છે. સમ્યગ્દષ્ટિને પણ સુભટ કહ્યો છે. કેમકે એ બહુ મોટી વાત છે.

અનંત કાળના મિથ્યાત્વના વિપરીત સંસ્કાર તોડીને, છેદીને, ભેદીને જેમ વીજળી પડે તેમ સીધો ઉપયોગ સોંસરવટ અંતર્મુખ થાય અને અંદરમાં તળિયાનો પત્તો કાઢે એવી રીતે જે અનુભવ કરે છે, એને કહે છે ધન્ય છે તને ! શાબાશ ! અનંત કાળમાં તેં નહિ કરેલું એવું કામ કર્યું અને અંદર જઈને આત્માનું તળિયું (પકડ્યું), તળિયેથી આત્મા પકડ્યો. બધી મિથ્યા માન્યતાના ભુક્કા બોલાવીને, છેડીને, ભેદીને ઊંડો ઉતર્યો તને પણ ધન્યવાદ છે !

એટલે એમ કહે છે ને કે 'લહી ભવ્યતા મોટુ માન.' આ ત્રણ જગતના નાથ છે એ એમ કહે કે અરે..! આ તો અમારી નાતમાં ભળ્યો ! હવે આ અમારી નાતનો છે અને અમારી જાતનો થયો, જિન થયો. જિન કહ્યો ને ! કરણલબ્ધિમાં આવ્યો ત્યાં જિન કહ્યો. પછી હવે લોકો તને માન આપે કે ન આપે, એ રાખ, ધૂળમાં કાંઈ નથી. વાતમાં માલ કાંઈ નથી. જ્યાં ત્રણ લોકના નાથના જ્ઞાનમાં આવ્યું એથી મોટું માન કયું જોઈએ ? 'લહી ભવ્યતા મોટું માન.' મોટું માન તો એ છે. પછી ત્રિભુવનમાં ત્રણે લોકમાં બીજા જીવો (તારું) અપમાન કરતા હોય તો એથી તારે શું લેવાદેવા છે ? એથી તારે કાંઈ સંબંધ નથી.

(અહીંયાં) કહે છે કે છૂટતાં છતાંય છૂટતો નથી એવો એને ઘણો નિબિડ મોહ છે. **'અનાદિના સંયોગથી છૂટતાં સુખ થાય છે છતાં જૂઠું જ દુઃખ માને છે.'** એને એમ થાય છે કે આ સંયોગ છૂટી જાય તો હું દુઃખી થઈ જઈશ. (એને કહે છે), કાંઈ દુઃખ નથી એનાથી. તારા આનંદમાં તું લીલાલહેર કર એવું અંદરથી સુખ પ્રગટ થશે. પણ એ ખોટો ભય પામે છે, અજ્ઞાનપણે ભય પામે છે, જૂઠો ભય પામે છે. એવો ભય પામવાની જરૂર નથી. વિશેષ લઈશું...

❋ ❋ ❋

**જડની ક્રિયા જડના કારણે થાય છે પણ ધર્મીને પોતાના કારણે શુભરાગના કાળે શુભરાગ આવે છે પણ તે ધર્મ નથી. શુભરાગના અવલંબને ધર્મ થતો નથી. શુભરાગના કાળે સ્વઅવલોકન માત્ર ધાર્મિક ક્રિયા છે. આત્મા બહારની ચીજોને લાવી કે છોડી શકતો નથી. રાગના કારણે પરની પર્યાય થાય નહીં તેમ જ રાગથી ધર્મ થાય નહીં. ચિદાનંદ પદનું અવલોકન કરે તેટલો ધર્મ છે.**

**('પરમાગમસાર' બોલ નં. ૬૮૫)**

## તા. ૯-૮-૧૯૮૫, પાના નં.– ૨
## પ્રવચન નં. ૩

'અનુભવ પ્રકાશ' સમાધાન ચાલી રહ્યું છે. અફીણનું દૃષ્ટાંત આપ્યું છે. પરિણામ સવળા થાય એમાં દુઃખ મટે છે અને સુખ થાય છે. આકુળતા અને અશાંતિ ઘટે છે. નિરાકૂળતા અને શાંતિ થાય છે. તો પછી જીવ એવા પરિણામ શા માટે કરતો નથી ? એવો પ્રશ્ન ઉઠાવ્યો છે. અફીણના દૃષ્ટાંતે એ કહ્યું કે અફીણનું બંધાણ છૂટે તો સુખ જ છે. અને અફીણ લેવાથી દુઃખ જ છે તોપણ અફીણ ખાવા ટેવાઈ ગયેલો માણસ ફરી ફરીને એ માગે છે. અફીણ ન મળે તો એને ચેન પડતું નથી. એવી તે દશા થાય છે.

એમ અહીંયાં પણ **'તેવી રીતે આ (જીવ) પરમોહથી બંધાઈ રહ્યો છે.'** તલપ લાગતાં જેમ અફીણ લે ને લે જ, માગે ને માગે જ. અથવા કોઈપણ ઉપાયે એ લીધા વગર એને અસુખ થઈ જાય. એમ આ જીવ પણ પરમોહથી બંધાઈ રહ્યો છે. પરમોહથી એટલે પરપદાર્થ પ્રત્યેના મોહથી. મોહભાવ પોતાનો છે. તેનાથી આ જીવ બંધાયેલો છે. પરમોહ એટલે પર પ્રત્યેના મોહથી. પરપદાર્થમાં સુખનો અધ્યાસ છે અને પરપદાર્થમાં સુખનો નિશ્ચય છે. એ નિશ્ચય જ્યાં સુધી બદલતો નથી ત્યાં સુધી એને પરપદાર્થનું આકર્ષણ, પરપદાર્થનું આસક્તપણું છૂટતું નથી.

મુમુક્ષુ :– ... સ્વાધ્યાય માટે આવવું એ...

પૂજ્ય ભાઈશ્રી :– કયા લક્ષે સ્વાધ્યાય કરે છે એના ઉપર આધાર છે. કયા લક્ષે સ્વાધ્યાય કરે છે ? જો એને આત્માના હિતનું લક્ષ હોય તો એને સ્વાધ્યાયની બાહ્યક્રિયા ઉપર લક્ષ નથી. નહિતર એને બાહ્યક્રિયાનો મોહ છે. અને લક્ષ બાહ્યક્રિયા ઉપર છે એમાં આત્માના હિત અહિત સાથે એને કાંઈ લેવાદેવા નથી. એટલે અહિત જ કરે છે છતાં ઠીક માને છે. શાસ્ત્રનું વાંચન કરે અને અહિત કરે ? હા, કરે. આ તો 'ગુરુદેવ' જાહેરમાં નહોતા કહેતા. ખાનગીમાં ચર્ચા કરવાનો પ્રસંગ મળતો હતો ત્યારે બહુ સ્પષ્ટ કહેતા. આમ શાસ્ત્રનું વાંચન કરવા જાય છે, શાસ્ત્રનું વાંચન કરે છે પણ આત્માનું અહિત કરે છે. આમ સ્પષ્ટ કહેતા.

મુમુક્ષુ :- એમ કહેતા ને કે મુમુક્ષુએ ચાર-પાંચ કલાક સ્વાધ્યાય કરવો.

પૂજ્ય ભાઈશ્રી :- સ્વાધ્યાય પણ આત્મલક્ષે કરવો એમ કહ્યું છે. દર્શનમોહ

દઢ થાય એમ કરવું એમ કહ્યું છે કાંઈ ? શ્રીગુરુની ભલામણ હોય, એમની આજ્ઞા હોય, એમની સૂચના હોય તો એમાં મુમુક્ષુજીવનું હિત થાય એવો અભિપ્રાય હોય છે ને ! એ દૃષ્ટિકોણથી, એ હેતુથી વાત કરે છે કે બીજા કોઈ હેતુથી વાત કરે છે ?

મુમુક્ષુ :– અહીંયાં સ્વાધ્યાય માટે આવે છે એ પોતાના કલ્યાણ માટે જ આવે છે.

પૂજ્ય ભાઈશ્રી :– કહો, પછી ? એમ કે સ્વાધ્યાયમાં બધા આવે છે તો પોતાના કલ્યાણ માટે જ આવે છે ને ? પૂછે છે. તપાસી લેવું અંદર. તપાસ કરવી. તપાસ કરવી કે એમાં બીજો કાંઈ લક્ષ રહે છે કે નથી રહેતો ? એ તપાસ કરવી.

મુમુક્ષુ :– એની કાળજી ન રહેવી એ જુદી વાત છે,...

પૂજ્ય ભાઈશ્રી :– કાળજી ન હોય તો એ તો એને ...

મુમુક્ષુ :– માન હોય, લોભ પડ્યોહોય. ... આવે છે પોતાના કલ્યાણ માટે. ઓઘસંજ્ઞાએ આવે કે ગમે તે રીતે આવે. આવે છે પોતાના કલ્યાણ માટે.

પૂજ્ય ભાઈશ્રી :– જુઓ ! જેને આત્મકલ્યાણમાં કાળજી નથી એને ક્યાંક કાળજી છે. ભલે ભોળોભટાક દેખાતો હોય પણ એની ક્યાંક કાળજી છે. જરાક તપાસી લેવાની જરૂર છે.

મુમુક્ષુ :– આવશે, સાંભળશે પછી સુધરશે ને.

પૂજ્ય ભાઈશ્રી :– એની ક્યાં ના છે. એટલા માટે તો ગમે તેવાને પણ આવવા માટે પ્રતિબંધ થોડો છે ? આવવા માટે પ્રતિબંધ નથી કાંઈ. ગમે તેવા જીવ આવી શકે છે. કેમકે કોઈપણ જીવ, કોઈપણ સમયે પર્યાયથી પર્યાયાંતર પર્યાય બદલી શકે છે. એટલે તો અહીંયાં 'અનુભવ પ્રકાશ'માં એક વિષય લેશે કે કાર્ય અને કારણ નિયમ વગર છે. એવી એક વાત મૂકી છે. એમાં શું ન્યાય હોઈ શકે ? કાર્ય-કારણને નિયમ હોય એવી વાત બહુ સાંભળી છે. ક્યાં છે એ ? આ જે તારવ્યા છે ને એમાં વાત છે. વચનામૃત કરીને તારવ્યા છે ને એમાં એક જગ્યાએ છે.

છેલ્લું અગિયારમું છે. **'સમ્યક્ત્વ વિનાનો શુભોપયોગ સંસારસુખ આપે, દેવપદ આપે કે રાજપદ આપે. ત્યાં દેવ-ગુરુ-શાસ્ત્રનું નિમિત્ત હોય તેને લાભ થવો હોય તો થાય,...'** પુણ્યનો યોગ છે એમાં સંસારસુખ છે એટલે સંસારની અનુકૂળતાઓ છે. દેવલોકમાં પણ જાય અથવા કોઈ રાજા થાય, શેઠ થાય પણ એમાં ક્યાંક પુણ્યનો યોગ છે. દેવ-ગુરુ-શાસ્ત્રનો પણ ભલે એક વિશિષ્ટ પ્રકારે પણ પુણ્યનો યોગ છે. ત્યાં તેને લાભ થવો હોય તો થાય, નહિ તો ન થાય. એમ કેમ પણ ? થવો હોય તો થાય અને ન થવો હોય તો ન થાય. આને તમે કારણ તો કહો છો દેવ-ગુરુ-શાસ્ત્રને. (તો કહે છે), **'કાર્ય ને કારણ નિયમ વગર છે એવી રીતી જાણવી'.**

કેવો ન્યાય લીધો છે ! **'કાર્ય ને કારણ નિયમ વગર છે.'** એટલે એને સાચા દેવ-ગુરુ-શાસ્ત્ર મળ્યા, સત્પુરુષ મળ્યા સાચા, ઉપદેશ સાંભળ્યો સાચો છતાં કેમ કલ્યાણ ન થયું ? એનું કારણ પોતે છે. બાહ્ય કારણનો નિયમ નથી. અહીંયાં નિયમ નથી એટલે બાહ્ય કારણનો નિયમ નથી.

મુમુક્ષુ :– બાહ્ય કારણમાં... નરકમાં જાય.

પૂજ્ય ભાઈશ્રી :– હા, જાય. કારણ સેવ્યું. પોતે પોતાના પરિણામમાં એવું કારણ સેવ્યું કે પોતે નરકમાં જાય. નિષેધ કર્યો. ભગવાનનો નિષેધ કર્યો. આ જિનેન્દ્ર ખોટા છે. આ બરાબર નથી. ભલે મારા દાદા હોય. એમના એ દાદા હતા. મરીચિના ભવમાં. એકવાર નથી ગયા. એ કેટલા વરસ છે ? ચોથા આરાના કેટલા વરસ છે ? ક્રોડાક્રોડી સાગરમાં એવા ભટક્યા છે.. એવા ભટક્યા છે. કેટલી વાર નરકમાં ગયા છે. એક વાર નહિ.

મુમુક્ષુ :— ...હિસાબ કર્યો હતો, પચાસ લાખ વાર નરકમાં ગયા.

પૂજ્ય ભાઈશ્રી :– ગયા હશે. એ તો કાંઈ એનો મેળ જ નથી. એટલું બધું ઊંધા ચાલ્યા તે ઊંધા જ ચાલ્યા. ઊંધે રસ્તે ચડ્યા તે ઊંધે જ રસ્તે ચડ્યા. સવળું થવું બહુ મુશ્કેલ છે.

મુમુક્ષુ :– દેવલોકમાં પણ એટલા ગયા અને નરકમાં પણ એટલી વાર ગયા.

પૂજ્ય ભાઈશ્રી :– પણ પરિભ્રમણમાં ઘણું દુઃખ સહન કર્યું એમાં તો બે મત નથી. ઊંધામાંથી સવળું થવું, અનંત કાળ ગયો છે જીવનો. આપણે આપણો જ વિચાર કરીએ તો આપણી હસ્તી ક્યારથી ? અનંત કાળથી આપણે છીએ. ક્યારેય નવી ઉત્પત્તિ તો નથી. અને પરિભ્રમણ જ કર્યું છે. ઊંધા ચાલીને પરિભ્રમણ જ કર્યું છે. દેવ-ગુરુ-શાસ્ત્ર નથી મળ્યા એવું નથી. ઉપદેશ નથી મળ્યો (એવું નથી).

મુમુક્ષુ :– ઉત્સૂત્રર્ણ પ્રરૂપણાને કારણે ?

પૂજ્ય ભાઈશ્રી :– ઉત્સૂત્ર પ્રરૂપણા અને નિષેધ કર્યો છે. નકાર આવ્યો છે. સત્‌નો નકાર આવ્યો છે. સત્‌નો નકાર આવ્યો છે. એમાં સ્વસત્‌નો અને પરસત્‌નો બંનેનો નકાર આવ્યો છે.

મુમુક્ષુ :– સત્‌નો નકાર એટલે શંકા જાય ?

પૂજ્ય ભાઈશ્રી :– ના, નિષેધ કરે. આમ ન હોય, આમ ન હોય એમ. શંકા જાય એમ નહિ, એને નકાર વર્તે છે કે આમ ન હોય. એટલે હું ન હોવ એમાં એ આવે છે. એવી ઊંધી વાત છે. એના ફળમાં અનંત દુઃખ છે, અનંત દુઃખ છે જીવને.

મુમુક્ષુ :– આવું બહુ ચાલે છે.

પૂજ્ય ભાઈશ્રી :– બહુ ચાલે છે તો રખડે પણ બહુ જ છે. કો'ક જ જીવ તરે છે. રખડે છે બહુ. પરિભ્રમણમાં અનંતાઅનંત જીવો છે. મુક્તિએ ગયા અને જશે એના કરતા ત્રણે કાળે અનંતાઅનંત છે. અનંત કાળ પછી એ જ પરિસ્થિતિ છે. બહુ ચાલે છે કે એનો અર્થ જ કે બહુ રખડવાનું બને છે. આપણે નથી પ્રશ્ન આવતો ? કે ઇચ્છા તો થાય છે પણ કામ થતું નથી. એનો અર્થ શું થાય છે ? અમારી ઇચ્છા છે કે અમારે હવે છૂટવું છે. પણ પ્રાપ્ત થતું નથી. તત્ત્વ મળતું નથી, અનુભૂતિ થતી નથી. એ શું બતાવે છે ? કે એક અસાધારણ પ્રકાર છે. એ કોઈ સાધારણ પ્રકાર નથી કે ઇચ્છા કરે ને કામ થઈ જાય. એવો કોઈ સાધારણ પ્રકાર નથી. કોઈ અપૂર્વ કાર્ય છે અને કોઈ અપૂર્વ રીતીથી, અપૂર્વ વિધિથી અપૂર્વ મહિમાથી, અપૂર્વ ભક્તિથી એ અપૂર્વ ધારાએ ઊપડે ત્યારે એની પ્રાપ્તિ છે. ત્યાં સુધી નથી.

મુમુક્ષુ :– મંદ પુરુષાર્થ છે ?

પૂજ્ય ભાઈશ્રી :– મંદ પુરુષાર્થ એટલે ?

મુમુક્ષુ :– ... નથી ઊપડતો એ તો મંદ પુરુષાર્થ થયો ને ?

પૂજ્ય ભાઈશ્રી :– નથી ઊપડતો ત્યાં, હજી સવળો નથી થતો ત્યાં સુધી મંદ પુરુષાર્થ છે કે વિપરીત પુરુષાર્થ છે ? એ જરા શોધવાનો વિષય છે. પુરુષાર્થ મંદ હોય તો થોડો સમય વધારે લાગે. પણ પુરુષાર્થ વિપરીત હોય તો કેટલો સમય લાગે એ કહેવું મુશ્કેલ છે. અને ઊંધી દિશામાં આગળ વધી જાય તો એને પોતાને ખ્યાલ નથી હોતો. આ પરિસ્થિતિ છે.

'પરમાગમસાર'માં એક જગ્યાએ બોલ આવ્યો છે. એવો જ પ્રશ્ન કર્યો છે કે અમારી ઇચ્છા છે અને છતાં અમને પ્રાપ્ત નથી થતું તો પુરુષાર્થની મંદતા ગણવીને ? (સમાધાન આપ્યું છે કે) મંદતા અને તીવ્રતાની અપેક્ષા તો એકબીજાની ક્યારે છે ? કે પુરુષાર્થ સવળો ચાલતો હોય તો તીવ્ર મંદ કહીએ. પણ હજી પુરુષાર્થ જ સવળો ન થયો હોય ત્યાં પુરુષાર્થની દિશા અવળી રહી હોય ત્યાં તીવ્રતા મંદતાની અપેક્ષા લાગુ નથી પડતી. એમ કરીને 'ગુરુદેવે' જવાબ દીધો છે. અને પ્રશ્ન પૂછનારનો ધ્વનિ એવો છે કે અમારી આ નાની ભૂલ છે. પુરુષાર્થ અમારો મંદ છે આ અમારી નાની ભૂલ છે. તો એને ત્યાં એવો જવાબ દીધો છે કે આ તો મોટો પહાડ જેવો દોષ છે એને રાઈ જેવો બતાવવાની વાત છે તમારા અભિપ્રાયમાં. શું કહી દીધું ? જે વિપરીત પુરુષાર્થ છે એનો પહાડ જેવો દોષ છે એને રાઈ જેવો કરી નાખવાની વાત છે અહીંયાં તો.

મુમુક્ષુ :– વિપરીત પુરુષાર્થ બીજી વાત છે અને મંદ પુરુષાર્થ...

પૂજ્ય ભાઈશ્રી :– સાવ જુદી વાત છે. બેય જુદી જુદી વાત છે. એ નક્કી

કરવું પડે કે આમાં પુરુષાર્થ વિપરીત જાય છે કે પુરુષાર્થ મંદ ચાલે છે ? તીવ્ર ચાલતો હોય એ મંદ પડે. એમ સવળો ચાલતો હોય એમાં તીવ્ર મંદતાની ગતિ સાપેક્ષપણે એકબીજામાં ગણાય. પણ હજી પુરુષાર્થ સવળો ન થયો હોય ત્યાં મંદ પુરુષાર્થ છે એ વાત નથી પણ વિપરીત પુરુષાર્થ છે એ વાત છે.

**'પરમોહથી..'** એટલે પર પ્રત્યેના મોહથી **'બંધાઈ રહ્યો છે.'** અથવા ક્યાંક ને ક્યાંક પરમાં પોતા કરતા પરની અધિકાઈ આપે છે. અધિકપણું એને લાગે છે તેથી બંધાઈ રહ્યો છે. **'છૂટવાથી સુખ છે. છતાં છૂટતો નથી.'** એવા ક્લેશિત પરિણામ મટે, છૂટે તો જીવને અંદરમાંથી સ્વભાવમાંથી નિરાકૂળ શાંતિ થાય. છતાં એવો મોહથી પોતે બંધાયેલો છે, મોહભાવથી પોતે એવી રીતે પકડાયેલો છે કે ફરી ફરીને સુખબુદ્ધિએ એ પર પ્રત્યેના પરમોહ સંબંધિત ભાવ કરે છે. એટલે છૂટતો નથી. છૂટવાથી સુખ છે છતાં છૂટતો નથી. દાખલો આપે છે.

**'અનાદિના સંયોગથી છૂટતા સુખ થાય છે છતાં જૂઠું જ દુઃખ માને છે.'** હવે જે સંયોગથી લોકો કહે છે કે સંયોગ વધે તો કહે ભાઈ સુખી થઈ ગયા છે. દેશમાં હતા અને પરદેશ ગયા, હવે સુખી થઈ ગયા. ગામ છોડીને બહાર ગયા, બીજે ગયા હવે સુખી થઈ ગયા છે. સુખી થઈ ગયા છે ? ખરેખર તો દુઃખી થઈ ગયા છે. પણ હવે જ્ઞાનીને અને અજ્ઞાનીની ભાષા ઉલટી-સુલટી છે. માપ ઉલટા-સુલટા છે. લોકો એમ કહે કે ભાઈ ! આ સુખી થઈ ગયા છે. જ્ઞાની જુએ છે કે આ બિચારો હવે દુઃખી થઈ ગયો છે. આમ નજર જુદી છે એમની.

કહે છે કે **'અનાદિના સંયોગથી છૂટતા સુખ થાય છે.'** તો ઓલો અજ્ઞાની એમ માને છે કે આ મારી સધનતામાંથી નિર્ધનતા થઈ જશે અને હું દુઃખી થઈ જઈશ. હું દુઃખી થઈ ગયો. સંયોગ છોડતા હું દુઃખી થઈ ગયો એમ માને છે. ખરેખર કહે છે કે ભાઈ ! એ ઉપાધિ તારે ટળી એમ લેને તું. ઉપાધિથી મુક્ત થવાનો વિચાર કરને. એ દિશામાં વિચારને. એ દિશામાં પ્રયત્ન કરને. નિરુપાધિક ભાવનો પ્રયત્ન કર. તો સંયોગની ઉપાધિ તો પ્રત્યક્ષ દુઃખરૂપ જ છે. એ ગણિત એની પાસે નથી. એટલે કહે છે કે **'અનાદિના સંયોગથી છૂટતાં સુખ થાય છે છતાં જૂઠું જ દુઃખ માને છે.'** દુઃખ નથી ને દુઃખ માને છે માટે જૂઠું કહેવામાં આવે છે.

સંયોગમાં સધનતા મટીને નિર્ધનતા થાય, ચાલો, એ તો ઠીક છે ચલાવી લઈએ. પણ શરીરમાં વેદના થાય એનું શું ? શરીર છૂટે, શરીર છૂટે (ત્યારે) વેદના થાય કે ન થાય ? એનું શું ? કે એમાં પણ એમ જ છે. આત્મા-જ્ઞાન વેદકસ્વભાવી છે એ જ્ઞાનવેદકમાં એ જ્ઞાનને વેદે એવો એનો સ્વભાવ છે. વેદકતાનો જ પિંડ છે આખો. પણ શરીરમાં હુંપણાની બુદ્ધિએ એને દુઃખ વેદાય છે. અને જ્ઞાનમાં-

આત્મામાં હુંપણાની બુદ્ધિએ એને સુખ વેદાય છે. છે તો પોતે વેદનસ્વભાવી જ્ઞાનમૂર્તિ છે આત્મા. એટલે વેદવું એનો સ્વભાવ છે. પણ કોને ? કે પોતાને. પોતાના જ્ઞાન, આનંદ આદિ સ્વભાવને વેદવું એવો અનંત વેદકત્વ એનો સ્વભાવ છે. પણ શરીરમાં હુંપણું કરે છે, પરમાં હુંપણું કરે છે એટલે દુઃખને વેદે છે. સીધો જ તે. પરમાં હુંપણાનો શરીરમાં, રાગમાં હુપણાનો ભાવ એ શાંત સ્વરૂપને જાટકો મારવાની વાત છે. કોઈ જાટકો મારે ને કેવું ખેંચાણ થાય ! એવી ઉપાધિનો ભાવ છે.

કહે છે કે **'અનાદિના સંયોગથી છૂટતાં સુખ થાય છે,...'** જ્યાં જ્યાં કહેવાતી પ્રતિકૂળતા છે, લોકો જેને પ્રતિકૂળતા કહે છે, સાધકજીવ-ધર્મીજીવ ત્યાં પુરુષાર્થની વૃદ્ધિમાં પરિણમે છે. ત્યારે એને પુરુષાર્થ વધે છે. સહેજે જ તે. જેમ રસ્તાની ગડદી જોઈને બાળક તેની માતાના સાડલાનો છેડો મજબૂતાઈથી પકડે છે, સહેજે જ તે. કેમકે છૂટો ન પડી જઉં. એમ સંયોગની પ્રતિકૂળતા, શરીરની પ્રતિકૂળતા આદિ પ્રકાર જોઈને ધર્મી સાધકજીવ, પાત્રતાવાળા જીવો, યોગ્યતાવાળો જીવ અથવા ધર્મી થવાવાળો જીવ-ધર્મ પ્રાપ્ત કરવાવાળો જીવ પુરુષાર્થની વૃદ્ધિમાં પરિણમે છે. આ એક સહજ એની યોગ્યતાનો વિષય છે. એવી જ યોગ્યતા હોય છે કે એ વખતે વિશેષ પુરુષાર્થમાં સહેજે સહેજે આવે છે. ત્યારે એને સુખ વધે કે દુઃખ વધે ?

લોકો એમ કહે કે આને પાપનો ઉદય છે. એ એમ કહે છે કે ના, ના મારે પુરુષાર્થનો ઉદય છે. મારે પાપનો ઉદય નથી પણ મારે પુરુષાર્થનો ઉદય છે. તેથી આવનારી પ્રતિકૂળતાથી જે જગતના જીવો ભયથી કંપિત થાય છે તે પ્રતિકૂળતાને પ્રતિકૂળતા નહીં માનનારો ધર્મીજીવ ઉલટાનો એ જુએ છે કે મારા માટે તો એવો પ્રકાર પણ સુઅવસર છે કે જેમાં હું મારી પુરુષાર્થની પરિણતિને સતેજ કરી દઈશ. છેક મરણ પર્યંતનો ભાવ લીધો છે એમાં. મૃત્યુ ? તો કહે, મૃત્યુ મહોત્સવ છે મારા માટે. મૃત્યુ એ મારા માટે મરણનો પ્રસંગ નથી પણ મારા માટે એ જીવનનો પ્રસંગ છે. જે સંજીવની વિદ્યા હું શીખ્યો છું, અધ્યાત્મવિદ્યા એ સંજીવની વિદ્યા છે, એ સંજીવની વિદ્યાનો ઉપભોગ વિશેષ કરવાનો એ કાળ છે. તો ત્યાં મરણ નથી પણ ત્યાં તો સંજીવન છે ઉલટાનું. પછી બીજી પ્રતિકૂળતાનો તો ત્યાં હિસાબ હોતો નથી.

મુમુક્ષુ :– પ્રતિકૂળતાનો આભાર માને છે.

પૂજ્ય ભાઈશ્રી :– ઉપકાર માને છે, નિમિત્તનો ઉપકાર માને છે. નિમિત્ત તો ઉપકારી થાય છે ને ! ગમે તે નિમિત્ત હો અમારા માટે તો ઉપકારી જ છે. આ નિમિત્ત સારું અને આ નિમિત્ત ખરાબ એ પ્રશ્ન નથી. કેમકે એને તો આત્મા બાજુ જ વળવું છે.

કહે છે કે **'અનાદિના સંયોગથી છૂટતાં સુખ થાય છે છતાં જૂઠું જ દુઃખ માને છે.'** અથવા જ્યાં જ્યાં જીવને દુઃખ થાય છે તે દુઃખ નથી પણ એક જૂઠી માન્યતા છે કે જેને લઈને એને દુઃખનો અનુભવ થાય છે. મૂળમાં એ જૂઠી માન્યતા છે. આકુળતા છે એ આકુળતા છે. એ જૂઠ નથી પણ એની માન્યતા છે એ જૂઠી છે એમાં. આને લઈને મને દુઃખ છે. નિર્ધનતાને લઈને મને દુઃખ છે, પ્રતિકૂળતાઓને લઈને મને દુઃખ છે, રોગને લઈને મને દુઃખ છે. એ બધી માન્યતા જૂઠી છે અને જૂઠપણે જ એ દુઃખનો અનુભવ કરે છે.

મુમુક્ષુ :– સંયોગો બધા પ્રગટ જુદા જ છે.

પૂજ્ય ભાઈશ્રી :– જુદા છે પણ એટલો પક્કડ કરીને બેસી ગયો છે કે સર્વસ્વપણે એણે સંયોગમાં જ સર્વસ્વ માન્યું છે અને તેથી દુઃખી થયા વિના રહે નહિ. થાય, થાય ને થાય જ.

**'તેને મટાડવાને માટે પ્રજ્ઞાછીણીને, આત્મા અને પરના એકત્વસંધાનમાં નાખે'** એવું જૂઠું દુઃખ મટાડવા, એવું દુઃખ મટાડવા શું કરે ? કે ભેદજ્ઞાન કરે. જે પરપદાર્થ અને રાગ સાથે એકત્વ કર્યું છે તેનાથી જુદો પડે. સીધી વાત છે. આમાં કાંઈ આડોઅવળો વિષય નથી. તેં જ્યાં એકપણું માનીને દુઃખ ઊભું કર્યું છે ત્યાંથી છૂટા પડ્યા વિના કેવી રીતે એ દુઃખ મટશે ? બીજી રીતે દુઃખ મટવાનો કોઈ અવસર નથી. **'તેને મટાડવાને માટે પ્રજ્ઞાછીણી...'** પ્રજ્ઞા એટલે જ્ઞાન. જ્ઞાનની છીણીને આત્મા અને પરનું એકત્વ થઈ રહ્યું છે-એકત્વસંધાન-એકથી અનુસંધાન થઈ રહ્યું છે એકમેકપણે, ત્યાં નાખીને-ત્યાં પ્રજ્ઞાને નાખીને જુદું કરે કે આ આત્મા જુદો અને પર જુદું છે. હું જુદો, જ્ઞાનમય હું જુદો અને પર જુદું છે.

**'ચેતના અંશ-અંશને...'** એ કેવી રીતે ? આ પ્રજ્ઞાછીણી કેવી રીતે નાખે એ બીજી લીટીમાં વાત કરી છે. **'ચેતના અંશ-અંશને પોતાનો જાણે...'** ચેતના છે એના કોઈપણ ચૈતન્ય અંશને પોતારૂપ જાણે, પોતાનું સ્વરૂપ જાણે, પોતાનું જાણે, સ્વપણું જાણે **'(કે) જેમાં જડનો પ્રવેશ નથી.'** આ તત્ત્વનો વિષય છે. તાત્ત્વિક રીતે ચેતના અને ચેતનાનો કોઈપણ અંશ-કોઈપણ વિભાગ એ ચેતના અંશથી પર જુદું છે, જડ જુદું છે. એમાં જડનો બિલકુલ પ્રવેશ નથી એમ જાણે.

આ વેદનાનો પ્રસંગ ફરીને લઈએ. વેદના છે એમાં ચેતન જુદું છે અને અશાતા જુદી ચીજ છે. તો ચેતનામાં અશાતાનો પ્રવેશ નથી. શું છે ? જો જ્ઞાનછીણીથી બંનેને જુદા પાડવામાં આવે તો એને બરાબર અનુભવ થાય એવો વિષય છે કે જ્યાં જ્ઞાનવેદના છે... લીધું ને ? વિકલ્પ વિનાની જ્ઞાનવેદના તે ભાવશ્રુતજ્ઞાન છે. કીધું કે નહિ ? 'પરમાગમસાર'માં. જ્ઞાનવેદના લીધી છે. વિકલ્પ વિનાની જ્ઞાન(વેદના).

વિકલ્પ જડ છે એમ કહે છે. અશાતા જડ છે અને જ્ઞાન જે ચેતનાનો અંશ છે એ ચેતનાના કોઈપણ અંશ અંશને, કોઈપણ અંશને એવો પોતાપણે જુદો જાણે કે **'જેમાં જડનો પ્રવેશ નથી'** એમ જાણે. જડનો પ્રવેશ નથી. જડભાવનો પ્રવેશ નથી, જડતત્ત્વનો પ્રવેશ નથી. ચેતનતત્ત્વ અને જડતત્ત્વની જાતિ એવી એકદમ જુદી છે કે એકનો બીજામાં પ્રવેશ નથી. આ એક જુદા પાડવાની કળા એને હાથમાં આવે તો એ ભેદજ્ઞાનની કળાથી મોક્ષ સુધી પહોંચે. એ એક જ એનો ઉપાય છે.

મુમુક્ષુ :– ચેતના અંશ શબ્દ કેમ લીધો છે ?

પૂજ્ય ભાઈશ્રી :– અંશ અંશને પોતાનો જાણે. એમાં શું છે કે જ્ઞાનનો જે પર્યાય છે એ અંશરૂપ છે. આત્મા અખંડ ચૈતન્ય પિંડ છે. એનો જે પર્યાય છે એ ચેતનાપર્યાય અંશ છે. એ ચેતનામાં અચેતનપણું નથી. ભેદજ્ઞાનનો તો પર્યાયમાં થાય છે ને ! ભેદજ્ઞાન થાય છે એ પર્યાયમાં થાય છે તો ત્યાંથી એને જુદા પાડવા પડે છે. જ્ઞાન તે હું, ચેતના તે હું અને રાગાદિ ભાવ, અશાતા આદિ ભાવ, જડ શરીરાદિ પરપદાર્થ એ હું નહિ. એમ એને ચેતન-જડને જુદા જુદા પાડે.

'શ્રીમદ્જી'એ આ વાત લીધી છે ને 'જડ ભાવે જડ પરિણમે ચેતન ચેતન ભાવ, કોઈ કોઈ પલટે નહિ છોડી આપ સ્વભાવ.' ક્યારે પણ ચેતનનો કોઈ અંશ જડરૂપે ન થાય અને જડનો કોઈ અંશ ચેતનરૂપે ન થાય. જે એક્તા કરી છે એ પણ અહીંથી જ કરી છે. ચેતના અંશને જડમાં ભેળવી દીધો છે અને જડને ચેતનામાં ભેળવી દીધા છે. આ શરીરની વેદના મને થઈ. આ સંયોગોની અસર મારા ઉપર થઈ. જે સંયોગો મેં જાણ્યા એમાં મને ઠીક લાગ્યા અને અઠીક લાગ્યા એવી મારા ઉપર અસર થઈ. એ જડને ચેતનમાં ભેળવે છે. ભળી શકતા નથી તોપણ. મિથ્યાભાવે ભેળવીને જૂઠાભાવે મેળવીને દુઃખ ઊભું કરે છે.

જ્ઞાનીઓને નિષ્કારણ કરુણા એટલા માટે છે કે આમાં કાંઈ લેવા-દેવાની વાત નથી. ફક્ત અંદરની જે રમત છે એમાં આ ભૂલ્યો છે. આ જે અંદરના પરિણામમાં જે રમત થઈ છે એમાં ભૂલ્યો છે. એ ભૂલ એની ભાંગે એટલે સીધો સવળે રસ્તે ચડી જાય. અને ભૂલ ન ભાંગે તો એ ભૂલમાં એવો ગોટવાય કે અનંત જન્મ-મરણને, અનંત પરિભ્રમણને કરે. હવે વાત તો આટલી જ છે કે જો ભૂલ ભાંગે, એના પરિણામમાં ભૂલ ઊભી થાય છે એ ભૂલ ભાંગે એટલી વાર છે.

મિથ્યાત્વ તે ભૂલ એમ કહ્યું છે. 'શ્રીમદ્જી'એ જે ત્રણ-ચાર સૂત્રો લખ્યા એમાં મિથ્યાત્વને ભૂલ કહી દીધી છે. આ એક જીવની ભૂલ જ છે, બીજું કાંઈ નથી. સમજે તો સહેલું છે અને નહિતર અનંત ઉપાયે પણ દુઃખમાંથી છૂટે એવું નથી. કોઈપણ અનંત ઉપાય, કરોડ ઉપાય કરે, કોઈ રીતે ન છૂટે.

મુમુક્ષુ :– વાત આટલી સહેલી હોવા છતાં...

પૂજ્ય ભાઈશ્રી :– છતાં ઊંધી પકડ ઘણી છે. એ એને સમજીને પકડને ઢીલી કરી નાખવી જોઈએ. સમજણના કાળમાં સમજણમાં કાર્ય થવાની મર્યાદા કેટલી ? કે જો યથાર્થ સમજણ કરે, આત્માના હિતના લક્ષે યથાર્થ સમજણ કરે તો એની વિપરીત પક્કડ છે એ ઢીલી પડે. છે, 'સમયસાર'ની સ્તુતિમાં છે. 'સુણ્યે તને રસ નિબંધ શિથિલ થાય.' એમ લીધું. જે તત્ત્વને સાંભળતા, જેની યથાર્થ સમજણ કરતા જે 'સમયસાર'ને સાંભળતા એ રસ-આત્મરસ, ચૈતન્યરસ એવો છે કે તારા વિભાવના રસના બંધન છે, વિભાવની પક્કડ છે એ ઢીલા પડી જશે, શિથિલ થઈ જશે. એવો જ એક ક્રમ છે કે (પહેલા પક્કડ ઢીલી પડે છે) પછી છૂટે છે.

ખાસ કરીને રસમાં તો આ પ્રક્રિયા બને છે. અને રસને જ બંધન કહ્યું છે. ભાવમાં જે પર પ્રત્યેનો રસ છે તે જ બંધતત્ત્વ છે. કેમકે ચીકાશ રસમાં છે. જે રસ પડે (છે એ બંધતત્ત્વ છે). 'બંધ અધિકાર'માં 'કુંદકુંદસ્વામી'એ એ વાત કરી છે કે આ ચિકાશ છે, આ રસ પડે છે એ જ બંધન છે-એ બંધતત્ત્વ છે. તને કહીએ છીએ કે બંધતત્ત્વ તો આટલું જ છે. ત્યાંથી એ રસમાંથી ફેરફાર કર. વિરુદ્ધરસ. જે ચૈતન્યરસ છે એ વિરુદ્ધ રસ છે. અનાદિના બંધનના રસથી એ, રાગરસથી એ વિરુદ્ધ રસ છે. વીતરાગી રસ છે.

મુમુક્ષુ :– 'ગુરુદેવશ્રી' કહેતા રસ ન ઘટે તો શાસ્ત્ર નથી વાંચતો, છાપા વાંચે છે.

પૂજ્ય ભાઈશ્રી :– એવું જ છે. રસ ઉપર ઘા પડવો જોઈએ. જીવના વિભાવરસ ઉપર ઘા પડવો જોઈએ. આ ચૈતન્યની વાર્તા ત્યારે એણે સાંભળી છે. નહિતર તો ચૈતન્યની વાત પણ સાંભળી નથી. રસ ઉપર ઘા પડવો જોઈએ. પહેલી વાત આ છે. તો અંદરથી ગળે. એનો વિભાવ છે એ અંદરથી ગળે. નહિતર તો એ શુભક્રિયા શાસ્ત્રવાંચનની હોય કે કોઈપણ શુભક્રિયા હોય એ રાગરસને તીવ્ર કરી જાય છે, રાગરસને દઢ કરી જાય છે. એટલે કે એ રાગરસને ઉલટાનો પુષ્ટ કરે છે. એ તો ઉલટી વાત થઈ ગઈ. ભલે ક્રિયા શુભની હોય, શાસ્ત્રવાંચનની હોય પણ એનો રાગરસ પુષ્ટ થઈ જાય તો એ ખોટે રસ્તે છે. નુક્સાન કરે છે પોતાને. લાભ કરતો નથી પણ નુકસાન કરે છે.

મુમુક્ષુ :– ...

પૂજ્ય ભાઈશ્રી :– ઠીક ! શું કરે છે ? તપાસી લેવું જોઈએ. રસ ક્યો તીવ્ર થાય છે એની અંદર એ એણે તપાસી લેવું જોઈએ. જાગૃતિમાં તપાસવાનું બને. જો પોતાને હિત કરવું છે અને અહિત ન થાય એની જાગૃતિ રાખવી છે તો એ તપાસ્યા વગર રહે નહિ. એ કુદરતી વિષય છે.

એક માણસ વ્યાપાર કરે છે અને એમ નક્કી કરે છે કે આપણો વ્યાપાર કરવાનો Scale આટલો છે. પ્રમાણ-Volume હોય છે એનું. આટલા મોટા પ્રમાણમાં વ્યાપાર કરવો છે અને આટલો મોટો નફો કરવો છે. નાના વેપારમાં તો કોઈ મોટો નફો થાય નહિ. શીંગ-ડાળિયાની લારી લઈને નીકળે એમાં કાંઈ લાખો-કરોડોનો નફો ન થાય. થાય ? પણ મોટો લાખો-કરોડોના Investment વાળો વેપાર હોય તો એની અંદર લાખો-કરોડોનો નફો થાય. તો એનું કમાવાનું જે ધ્યેય છે-Target છે એ ભલે ગમે એટલો મોટો હોય પણ એ એક એક કાર્યમાં સંભાળ રાખે છે. જે વરસને અંતે કે આટલા લાખ કમાવા છે. પણ એક એક કાર્યમાં સંભાળ રાખે છે કે નહિ ? નાના-મોટા તમામ કાર્યની અંદર કાળજી અને સાવધાની કેટલી રાખે ? બધા જ કાર્ય બરાબર ચાલશે તો જ ત્યાં સુધી પહોંચાશે. નહિતર પહોંચાશે નહિ. એ ખ્યાલ છે એને.

એમ ધ્યેય છે પરિપૂર્ણ શુદ્ધ થવાનું-સિદ્ધદશાનું ધ્યેય છે. સિદ્ધદશા પ્રગટ થવી જોઈએ, પૂર્ણ નિષ્કલંક દશા પ્રગટ થવી જોઈએ. એવું ધ્યેય છે એને પણ એના કાર્યે કાર્યે અને પ્રસંગે પ્રસંગે એની જાગૃતિ અને કાળજી હોય છે તો પહોંચે છે. એમને એમ પહોંચી જાય છે એવું બનતું નથી. એ સહેજે જ છે. એમ જ થાય. જો ધ્યેય બરાબર હોય તો ધ્યેયને અનુસરીને જ એની ચાલ હોય. બીજી રીતે બને જ નહિ. બીજી રીતે બને તો સમજવું કે ધ્યેયમાં પણ ભૂલ છે. પછી ચાલમાં ભૂલ હોય એમાં કાંઈ વાત રહેતી નથી. એના ધ્યેયમાં પણ ભૂલ જ છે.

**'ચેતના અંશ-અંશને પોતાનો જાણે (કે) જેમાં જડનો પ્રવેશ નથી.'** એટલે ? 'ગુરુદેવ' આ વિષયને એમ લેતા હતા કે આ જ્ઞાન છે એમાં જ્ઞ...જ્ઞ...જ્ઞ...જ્ઞ...જ્ઞ...જ્ઞ....જ્ઞ... તત્ત્વ છે તે જ્ઞાનતત્ત્વ છે. માત્ર જ્ઞ-પણું. જ્ઞાનપણું, જ્ઞ-પણું છે એ જ્ઞાનતત્ત્વ છે. એવો જે ચેતના અંશ છે એમાં ક્યાંય પરને ભેળવવા જેવું નથી. એ નિર્વિકલ્પ અંશ છે. વસ્તુ પણ નિર્વિકલ્પ છે અને એ જ્ઞ-પણું પણ નિર્વિકલ્પ છે. એમાં એ પરને ન ભેળવે એટલે એને પરભાવથી બંધન થવાનો પ્રશ્ન રહેતો નથી. એ છૂટતો જાય છે.

મુમુક્ષુ :– ચેતના અને પુરુષાર્થમાં ફેર શું ?

પૂજ્ય ભાઈશ્રી :– પુરુષાર્થ છે એ જોર છે. ચૈતન્યની પર્યાયમાં એક બળ-જોર છે એને પુરુષાર્થ કહેવામાં આવે છે કે જે પોતાના પરિણામની શુદ્ધતાને પ્રગટ કરે છે. શુદ્ધતાને રચે છે. ૪૭ શક્તિમાં વીર્યગુણ-વીર્યશક્તિને લીધી છે. (ત્યાં કહ્યું કે) પોતાની શુદ્ધ પરિણતિને-શુદ્ધ પરિણામને રચે તે આત્મવીર્ય છે. શુભ અને અશુભભાવને રચે તે આત્માનું વીર્ય નહિ, તે આત્માનો પુરુષાર્થ નહિ. એ એમ

જુદું પાડવું છે એમાંથી.

મુમુક્ષુ :– આત્મા તરફનો પુરુષાર્થ લઈ જાય.

પૂજ્ય ભાઈશ્રી :– આત્મા તરફનો પુરુષાર્થ છે તેમાં જ આત્માની શુદ્ધિરૂપ આત્માની પરિણતિ શુદ્ધ પરિણતિ ઉત્પન્ન થાય ને. પર પ્રત્યેનો પુરુષાર્થ હોય એમાં તો શુભાશુભ ભાવ થશે, વિભાવ થશે એમાંથી તો. એને એ પુરુષાર્થ હોવા છતાં એને પુરુષાર્થ નથી કહેતા. એને અપુરુષાર્થ કહે છે-ઊંધો પુરુષાર્થ કહે છે.

મુમુક્ષુ :– હાઈફનની જગ્યાએ ...

પૂજ્ય ભાઈશ્રી :– એટલે ચેતનાઅંશ, ચેતનાઅંશને પોતાનો જાણે. એમ ? એમાં અંશ અંશને એમાં હાઈફન લગાડવાનું કારણ એટલું છે કે પ્રત્યેક અંશને એમ લેવું છે. પ્રત્યેકના અર્થમાં છે. ચેતનાનો જે પ્રત્યેક અંશ છે એવા અર્થસૂચક અહીંયાં હાઈફન છે. એટલે પ્રતિપર્યાયે. ચૈતન્યની પ્રતિપર્યાયે, ચૈતન્યના તમામ અંશોમાં કોઈપણ જડનો અંશ એ ભેળવે નહિ. આ અંશ તો બરાબર ચેતનનો પણ બીજા અંશમાં ફેરફાર થઈ જાય છે-જડ-ચેતન ભેગા થઈ જાય છે. એવું કદી બનતું નથી.

કર્મના ઉદયની આત્મા ઉપર અસર થાય છે એ ચેતના અંશને અને જડના અંશને ન્યારા ન્યારા જુદા જુદા રાખતો નથી. છે તો જુદા જુદા પણ એ પોતાની માન્યતામાં જુદા રાખતો નથી. આ તો દિગંબર, શ્વેતાંબરની બંને સંપ્રદાયની અંદર સ્થૂળ જે ઊંધી માન્યતા થઈ છે એ અહીંથી થઈ છે કે કર્મનો ઉદય આત્માને વિભાવ કરાવે છે. તો એ જડ અંશ છે, જડ પરમાણુનો પર્યાયરૂપ જડ અંશ છે ચેતનની પર્યાયના અંશને કાંઈક કરે છે. બસ. છેવટે કાંઈ નહિ તો ઉદય છે એ પ્રભાવિત કરી નાખે છે. શું કરે છે ? ઉદયનો પ્રભાવ પડે છે. સાચી વાત છે ? તદ્દન ખોટી વાત છે.

મુમુક્ષુ :– કર્મનો ઉદય ન હોય તો કાંઈ કેમ ...

પૂજ્ય ભાઈશ્રી :– કર્મનો ઉદય હોય કે ન હોય, ચેતન પોતાના પરિણામને પોતાથી કરે છે. હોય કે ન હોય બંનેથી નિરપેક્ષ છે. આમ વાત છે.

મુમુક્ષુ :– જ્ઞાનનો ક્ષયોપશમ ...

પૂજ્ય ભાઈશ્રી :– જ્ઞાનનો ક્ષયોપશમ...?

મુમુક્ષુ :– ઓછોવત્તો હોય તો એમાં પૂર્વકર્મ બંધન છે ?

પૂજ્ય ભાઈશ્રી :– પૂર્વકર્મ નિમિત્ત છે એમ છે ત્યાં. પૂર્વકર્મ કાંઈ કરતું નથી. જીવનો પોતાનો જ્ઞાનનો ક્ષયોપશમભાવ પોતાને કારણે છે. અને જ્ઞાનાવરણીયનો જે ક્ષયોપશરૂપ પર્યાય છે એ પોતાના કારણે છે. સદૃશતા જોઈને નિમિત્ત-નૈમિત્તિક

સંબંધ ગણવામાં આવે છે. મેળ ખાય છે એટલે. બાકી ખરેખર જુઓ તો કોઈનું કોઈ કાંઈ કરે છે એ વાત ખોટી છે-જૂઠી છે. પણ પોતાના ચેતના અંશને બીજામાં ભેળવીને એ વાત છે. જડના અંશમાં ભેળવીને વાત છે. ત્યાં ભેદજ્ઞાન રહેતું નથી. અથવા એવી માન્યતા એ ભેદજ્ઞાન થવામાં વિરુદ્ધ પ્રકાર છે. વિરુદ્ધતાવાળી વાત છે. એવી માન્યતા રાખીને કોઈ ભેદજ્ઞાનમાં આવી શકે નહિ કે પરિણમી શકે નહિ. ભેદજ્ઞાનથી વિરુદ્ધ જવાની વાત છે.

એ તો ચર્ચા ચાલી ૨૦૧૩માં મધુવનમાં (એક દિગંબર વિદ્વાન) સાથે 'ગુરુદેવ'ને જે ચર્ચા ચાલી (એનો) મુખ્ય મુદ્દો જ આ હતો. માન્યતા ત્યાંથી નક્કી થઈ. કેમકે આખા કરણાનોયોગમાં એ વિષય આવે કે જીવનું વિકારી પરિણમન અથવા અલ્પપણાનું પરિણમન એ કર્મ સાપેક્ષ છે. જેમ કે જ્ઞાનાવરણીયના ક્ષયોપશમ અનુસાર અહીંયાં જ્ઞાન હોય. કર્મ સાપેક્ષપણું દેખાય છે. એ કર્મ સાપેક્ષપણું વ્યવહારે કહેવામાં આવે છે. એ સંબંધ વ્યવહારે જોડેલો છે. 'ગુરુદેવે' ત્યાં ઉત્તર પણ આપ્યો છે કે નિશ્ચયથી આત્માનું વિભાવિક પરિણમન, રાગાદિ પરિણમન નિરપેક્ષ છે. નિશ્ચયથી નિરપેક્ષ છે. આવો જવાબ હતો. એટલે ખરેખર નિરપેક્ષ છે. જીવ સ્વયં એ પરિણામને કરી રહ્યો છે. પુદ્ગલ કર્મના ઉદયની મદદ વગર કરી રહ્યો છે. બસ ! આ વસ્તુ એને પોતાના પરિણમનની પોતાને સમજાવી જોઈએ.

આપણે તો સીધું પૂછીએ કે ભાઈ ! તેં કર્મને ભાળ્યા કે જોયા ક્યારેય ? દેખાય છે તને ? તો તું સ્વયં તારા જ્ઞાનાદિ પરિણામને કરે છે એ તો તને દેખાય છે કે નથી દેખાતું ? અનુભવાય છે કે નથી અનુભવાતું ? તું સ્વયં તારા પરિણામને કરે છો. હવે તું એને શું કરવા વળગે છો ? કે આણે કર્યા. આણે મારા પરિણામ આવા કર્યા. એવું શું કરવા વળગે છો ? નથી તને દેખાતા અને અમથો અમથો એના ઉપર આરોપ કરે છો.

મુમુક્ષુ :– નથી કરડતા, નથી કાંઈ કરતા.

પૂજ્ય ભાઈશ્રી :– કરડતા પણ નથી ને મદદ કરતા પણ નથી ને કાંઈ કરતા નથી. પણ જીવ શાસ્ત્ર વાંચીને પણ ઊંધી માન્યતામાં પકડાય છે કે કર્મનો ઉદય જીવને રાગ કરાવે છે.

મુમુક્ષુ :– પછી બંધન છૂટે જ નહિ..

પૂજ્ય ભાઈશ્રી :– એને તો કોઈ દિવસ કર્મનો ઉદય મટવાનો નથી અને એને અનંત કાળ પર્યંત રાગ પણ મટવાનો નથી.

મુમુક્ષુ :– મિથ્યાદૃષ્ટિ કર્મના ઉદય...

પૂજ્ય ભાઈશ્રી :– મિથ્યાદૃષ્ટિ જીવ કર્મના ઉદયને પોતાના પરિણામનું કારણ

માનીને એ રખડી રહ્યો છે. હવે અહીંયાં જે આવ્યો છે એને પૂછે છે કે (તું) આ રખડપટ્ટી મટાડવા આવ્યો છો કે ચાલુ રાખવા આવ્યો છો ?

મુમુક્ષુ :– મટાડવા આવ્યો.

પૂજ્ય ભાઈશ્રી :– જો મટાડવા આવ્યો છો તો તને મટાડવાની વાત કરીએ છીએ. પછી ઊંધી પકડને ઢીલી તો કર, તો છૂટશે. ના, ના મને કર્મનો ઉદય હેરાન કરે છે, મને કર્મના ઉદયને લઈને આમ થાય છે. પણ ભાઈ ! એ વાત ફેરફારવાળી છે. મોટો ફેર છે એની અંદર. એ પૂરેપુરું અસત્ય છે કે કર્મનો ઉદય જીવના પરિણામને કરાવે છે. એ વાત પૂરેપૂરી અસત્ય છે-જૂઠ છે.

મુમુક્ષુ :– કોઈ જોવે ત્યાં એમ થઈ જાય કે ફલાણો વળગ્યો.

પૂજ્ય ભાઈશ્રી :– મને ફલાણો વળ્યો છે. સાચી વાત છે ? કોઈ કોઈને વળગે ? કર્તા-કર્મ અધિકારમાં વાત જ એમ લીધી છે કે જે જીવ એમ માને છે કે બીજા પદાર્થનું કાર્ય મારામાં થાય છે, બીજો પદાર્થ મને આવી રીતે પરાણે કાર્ય કરાવે છે. એ ભૂતાવિષ્ટ પુરુષ જેવો છે. એનો દાખલો ત્યાં એ જ આપ્યો છે. ભૂતાવિષ્ટ પુરુષનો દાખલો આપ્યો છે. જેમ ભૂત વળગેલો એમ કહે છે કે મને ફલાણું ભૂત વળગ્યું છે. ભૂવા એને બોલાવે, કોણ છો તું ? તો કહે, હું ફલાણો ઢેઢ, ફલાણો વાઘરી. એ અંદર આવ્યો હશે ક્યાંય ? એ તો એવું હોય પણ નહિ. એના ઘરે બેઠો છે શું. એને તો કલ્પના જ થઈ હોય. એવો કોઈ હોય જ નહિ. એવી વ્યક્તિવિશેષ જ ન હોય જગતમાં. પણ એને કલ્પના થઈ ગઈ હોય કે મને ફલાણો વળગ્યો છે.

મૂળ તો શું છે કે એવા વિચારોથી એનું માનસ તો ઘણા વખતથી ઘૂંટાતું હોય. કે આવા ભૂત થાય, પ્રેત થાય, વળગે, વળગે ત્યારે આમ થાય, ફલાણું થાય, ધુણવાનું થાય, આમ બોલવાનું થાય, આમ થાય, તેમ થાય અને ડર...ડર...ડર... એટલું ડરપોક માનસ એ બધા વિચારોથી થઈ ગયું હોય, એમાં કાંઈક એને ભ્રમ થાય કે એ.. ભડકો થયો. રાત્રે નીકળવાનું થાય અને એમાં કાંઈક ભડકો ન થયો હોય તોય એને ભ્રમ થાય કે એ... ભડકો થયો. એ ભડકો થયો, હં... હવે મને વળગ્યું. એ ભડકો થયો અને એ આવ્યું, મને વળગવા જ આવ્યું એમ એને થઈ જાય. વાતમાં કાંઈ માલ ન હોય. શૂન્ય હોય, કાંઈ ન હોય ત્યાં. પણ એની કલ્પનાથી આવું બધું કરે છે.

એમ અહીંયાં 'અનુભવ પ્રકાશ'માં એક જગ્યાએ આવશે કે મિથ્યાદૃષ્ટિએ મિથ્યા કલ્પનાથી આકાશને બાંધ્યું છે. આકાશની ગાંસડી બાંધી છે. આકાશ બંધાય ક્યાંય ? અમર્યાદિત ક્ષેત્રવાળું એણે આકાશને ગાંસડીમાં બાંધ્યું છે. એમ પોતે અમર્યાદિત

સ્વભાવવાળો (છે) એને એક સમયની પર્યાયમાં બાંધ્યો કે હું તો આવડો જ. હું ફલાણો માણસ. હું અત્યારે આટલા જ્ઞાનાવરણીયના ક્ષયોપશમવાળો. હું ક્યાં કેવળજ્ઞાની છું. હું તો ક્ષયોપશમવાળો છું. એણે આકાશને બાંધ્યું છે. એક જગ્યાએ એવી વાત લીધી છે.

મિથ્યા કલ્પના કરી કરીને એણે આકાશને બાંધ્યું છે. આકાશ બંધાય ક્યાંય ? છતાં કલ્પના કરે છે કે મેં આકાશની ગાંસડી બાંધી. હવે માથે ઉપાડીને ફરું છું બરાબર. હવે મને બહુ ભાર લાગે છે. હવે હું ભાર લાગીને બેસી ગયો. સૂઈ ગયો, મરી ગયો. આ બધું કલ્પનામાં ને કલ્પનામાં (ચાલે). સસલાને શિંગડા નથી. તો કહે, બહુ મોટા મોટા છે. થોડાક નાના છે, થોડાક મોટા છે. વાગે એવા છે, નથી વાગે એવા. પણ મૂળમાં નથી. આટલું બધું ક્યાંથી આવ્યું તને ? એ બધી જીવની કલ્પના છે.

આત્મા સ્વરૂપે કરીને એવો ચૈતન્યવજ્ર છે કે એના પ્રદેશમાંથી એક પ્રદેશ, એક કાંકરી ખરે એવું નથી. અને એના ગુણમાંથી એક ગુણ ખાંગો થાય એવું નથી. એવો ચૈતન્યવજ્ર અનાદિઅનંત છે. પણ પોતે પોતાને હીણો માનીને માનીને દુ:ખી થાય છે.

મુમુક્ષુ :– કર્મ દેખાતા નથી પણ કર્મનું ફળ દેખાય છે. એક જ માતાના બે બાળક હોય. એક રૂપાળો હોય, એક કાળો હોય, એક ભણેલો હોય, એક અભણ હોય, એક હોંશિયાર હોય અને એક ઠોઠ હોય તો શું સમજવું ?

પૂજ્ય ભાઈશ્રી :– એ બધા સ્વતંત્ર (છે). રજકણો પણ સ્વતંત્ર છે અને જીવ પણ સ્વતંત્ર છે એમ માનવું. કર્મનું ફળ માનવાથી શું ફાયદો ? એ સ્વતંત્ર રીતે પરિણમે છે. બે ભાઈઓ હોય છતાં સ્વતંત્ર પરિણમે છે. એટલે તો કહ્યું કે કાર્યને કારણને નિયમ નથી. એ તો વાત લીધી. એક હાંડલામાંથી બેય ખાય છે. એક ધોળો થાય છે અને એક કાળો થાય છે. બેય ભાઈ હોય. જોડિયા ભાઈ હોય, એક સાથે જન્મ્યા હોય. એક શામળો હોય અને એક ઉજળો હોય. એક જ હાંડલામાંથી ખાય. એક જ માતાનું દૂધ પીએ લ્યો. મોટા થાય ત્યારે દૂધ પીને મોટા થાય. એક જ માતાનું દૂધ પીએ. એક માતાના ઉદરથી જન્મ્યા છે. એક જ હાંડલાનું ને એક જ ગોળાનું પાણી પીએ છે અને એકના પરમાણુ સફેદ થાય અને એકના પરમાણુ કાળા થાય. શું કારણ છે ? કાંઈ નહિ. સ્વતંત્ર પરિણમે છે. એ બધા પરમાણુ સ્વતંત્ર પરિણમે છે. એને કાંઈ કાર્ય-કારણનો નિયમ લાગુ પડતો નથી. એમ છે.

કાંઈ જડતું નથી ને એટલે ઠપકારી દ્યે કે એને આ કર્મે આમ થયું. એને

આ કર્મે આમ કર્યું. એને આ કર્મે આમ કર્યું. એ ઠપકારી દીધું. એ નિમિત્ત-નૈમિત્તિક સંબંધથી કેટલીક વાતો કરણાનુયોગમાં છે એ નિમિત્ત-નૈમિત્તિક સંબંધ બતાડવા માટે છે. કોઈ અનુયોગ, કરણાનુયોગ કે કોઈ અનુયોગ બે પદાર્થની એકતા સાધવા માટે કહ્યા નથી. આ સીધી વાત છે.

જો આત્માને બંધનથી છૂટવું છે... પર સાથે બંધાયેલો છે ને ? હવે અફીણથી બંધાયો છે અને અફીણને મૂકે નહિ તો કે'દિ છૂટે ? એ તો કહો. જે અફીણની એને તલપ લાગે છે એને એમ કહે છે કે આ અફીણનું બંધાણ છે. હવે અફીણને મૂક્યા વગર એને અફીણથી છૂટવું છે બે વાત કેવી રીતે બનશે ? આ તો સીધેસીધી સમજાય એવી વાત છે કે નહિ ? જો તને એમ લાગે છે કે આ બંધન છે. તો બંધનમાં એકલાને બંધન છે ? કે પરથી બંધન છે ? પરથી બંધન છે. તો એને છોડવા માટે એના છૂટવાના નિયમ ઉપાડને. એને પકડવાની વાત ક્યાં લે છો ? એમ વાત છે. જેનાથી છૂટવું છે એના છૂટવાના ઉપાય અને છૂટવાના પાયા ગોત. જેનાથી છૂટવું છે એની પકડ કરવા જઈશ તો કે'દિ છૂટીશ ? કોઈ રીતે એનાથી છૂટી શકાતું નથી. સીધી વાત છે કે નહિ ?

એ ઊંધી દૃષ્ટિથી શાસ્ત્ર વાંચે છે ત્યારે એ પોતાની વિપરીત દૃષ્ટિથી શાસ્ત્ર વાંચીને, એ શાસ્ત્ર વાંચીને વધારે વિપરીતતાને દઢ કરી જાય છે. આવું બને છે. એટલા માટે જ આ વિષયના જે જ્ઞાતા છે એની હાજરી, એનો સત્‌સમાગમ એને ઉપકારી ગણવામાં આવ્યો છે. ભાઈ ! તારી દૃષ્ટિ તો અનાદિની ઊંધી છે. તો શાસ્ત્ર વાંચી વાંચીને પણ એ ઊંધું દઢ કરી જઈશ તો તને સવળું કોણ કહેશે ? કે આ ભૂલ તેં કરી એવું તને કોણ કહેશે ? એ માર્ગ જેણે જાણ્યો છે, અનુભવ કર્યો છે, પ્રતીત કર્યો છે, આરાધ્યો છે એ એક જ કહી શકશે, બીજાનું એમાં કામ નથી.

મુમુક્ષુ :– ચેતનાની પર્યાય તો ચાલુ જ છે.

પૂજ્ય ભાઈશ્રી :– ચાલુ જ છે, ધારાવાહી ચાલુ છે. પણ એણે જુદું પાડ્યું નથી. ચેતનામાં પરને ભેળવી દીધું છે તો એ ભેળવી દીધું છે એ ભૂલ કરી છે. એ અંશ અંશને પ્રત્યેક અંશથી આખા ચૈતન્યતત્ત્વને જુદું જાણે. આખામાં તો ન ભેળવે પણ એના એક અંશમાં પણ ન ભેળવે એમ અહીંયાં કહેવું છે. એનું નામ પ્રજ્ઞાછીણી મારી એમ કહેવામાં આવે છે. આ પ્રજ્ઞાછીણી છે.

દ્રવ્ય-ગુણે તો આત્મા શુદ્ધ. શાસ્ત્ર વાંચીને શું કહે ? દ્રવ્યે-ગુણે તો આત્મા શુદ્ધ (છે) પણ આ એક પર્યાયમાં અસર થઈ જાય છે. બીજું કાંઈ નહિ પણ આ પર્યાયમાં અસર થાય છે. બીજા પદાર્થ જ્ઞાનમાં (જણાય છે), કર્મ તો બુદ્ધિગોચર

વિષય નથી, પણ આ બીજા પદાર્થો જે જ્ઞાનમાં જણાય છે ત્યારે કાંઈક અસર ઊભી કરે છે. જ્ઞાન ઉપર કાંઈક અસર કરે છે. એવું લાગે છે એ વાત કેટલી સાચી ? એ વાત સોએ સો ટકા ખોટી છે.

આત્મા કે જે માત્ર જ્ઞાનસ્વભાવી છે અને જ્ઞાનમાત્રપણે રહે તો એને સ્પષ્ટપણે સમજાય કે કોઈ પદાર્થની જ્ઞાન ઉપર અસર આવતી નથી. પણ જ્ઞાનમાત્ર એવા આત્માને નહિ સમજતા, નહિ જાણતા એવો ભ્રમ થાય છે કે જ્ઞાન ઉપર બીજાની અસર આવે છે. એટલા માટે 'ગુરુદેવ' એક વિષય બહુ સ્પષ્ટ કરતા કે જ્ઞાનમાં જ્ઞેયાકારે જે જ્ઞાનાકારરૂપ પ્રતિબિંબ થયું એ જ્ઞેયને કારણે નથી થયું. એ જ્ઞેયની જ્ઞાન ઉપર અસર નથી. થોડી (ખરી કે નહિ) ? કે હરગીઝ નહિ. બિલકુલ એક ટકો પણ નહિ. જરાય નહિ. અંશ અંશને ન્યારા જાણે, એમ લેવું છે ને અહીંયાં ?

મુમુક્ષુ :– બધે દેખાય છે, પૈસા આવે તો તબીયત જામી જાય છે અને પૈસા જાય તો દુબળા થઈ જાય.

પૂજ્ય ભાઈશ્રી :– પણ કેટલાય પૈસાવાળા માંદા થઈને મરી ગયા એનું શું ? અને જાજા માંદા જ રહે છે એનું શું ? ઓલો મીઠું ને રોટલો કે મરચું ને રોટલો ખાતો હોય, પસીનો પાડતો હોય. અમે તો દાણાપીઠમાં જોઈએ છીએ. બળબળતો ઉનાળો હોય. બારણા બંધ કરીને પંખા ચલાવે, Air condition ચલાવે, જે કરવું હોય એ કરે. બહાર સડક તપી હોય અને રેકડા ઉપર ઘસઘસાટ ઊંઘતા હોય છે. કાંઈ પાથરવાનું નહિ, ઓઢવાનું નહિ. માખી બણબણતી હોય બધુંય હોય. હાથનું ઓશિકું કરીને બપોરના સૂઈ જાય છે. રોટલો ખાઈને થોડી વાર આરામ કરે છે. એ આરામ ઓલાને સવા મણની ગાદી ઉપર નથી મળતો એનું શું કરવું ?

એ વાત ખોટી છે કે બીજા પદાર્થની જીવના પરિણામ ઉપર કાંઈક અસર થાય છે. એ વાત ખોટી છે, તદ્દન ખોટી છે. તે અંશ અંશને ન્યારા જાણે એમ કહે છે. જ્ઞાન અનુસાર જ્ઞેય. કેસરી રંગ (છે તો) કેસરી અહીંયાં પ્રતિબિંબ પડ્યું. લાલ રંગનું લાલ પ્રતિબિંબ પડ્યું. આ લાલ છે, આ કેસરી જેટલા રંગ છે એટલા રંગ દેખાય. કાળો કાળો દેખાય, પીળો પીળો દેખાય, લાલ લાલ દેખાય તો એને કારણે નહિ અહીંયાં. લાલપણાનું જ્ઞાન (થયું) એવી જે જ્ઞાનની પર્યાય (થઈ) કે આ લાલ છે એ સ્વતંત્ર થઈ છે. આને કારણે નહિ. આ વાત ઉપર 'ગુરુદેવ'નું વજન હતું.

કોઈપણ જ્ઞાનનો પર્યાય થાય છે એ સ્વતંત્ર છે. તે કાળે એના સ્વકાળે એવો જ થવાનો હતો અને થયો છે. એમાં જ્ઞેયનો કાંઈ પણ પ્રભાવ થયો છે, અસર આવી છે કે એણે કાંઈ પણ કર્યું છે એણે અંશ અંશને ન્યારા જાણ્યા નથી. એણે

ભેળવ્યું. આંશિક ભેળવ્યું કે પૂરું ભેળવ્યું, પછી એમાં અંશ નથી રહેતો. એણે તો પૂરેપૂરો આત્માને પર સાથે ભેળવી દીધો. એવા ભેદજ્ઞાનનો અભાવ તે જ બંધનનું કારણ છે.

એ તો 'અમૃતચંદ્રાચાર્યે' શ્લોક (૧૩૧) રચ્યો છે. '**अस्यैवाााावतो बद्धा बद्धा ये किल केचन**' '**अस्यै**' એટલે એ ભેદજ્ઞાનના અભાવથી બંધાણા છે. જેટલા કોઈ જગતમાં બંધાણા છે તે તમામને આ એક જ સિદ્ધાંત લાગુ પડે છે. અને નહિ બંધાઈને સિદ્ધ થયા અને મુક્ત થયા (તો) '**ोदविज्ञानतः सिद्धाः सिद्धा ये किल केचन**' અનંત સિદ્ધો થયો એમાં જેટલા સિદ્ધ થયા તે તમામ સિદ્ધ એક ભેદજ્ઞાનથી સિદ્ધ થયા છે. બંધાણા છે, રખડ્યા છે પરિભ્રમણમાં છે એ બધા ભેદજ્ઞાનના અભાવને લઈને છે. આ એક જ ચાવી છે બીજી કોઈ ચાવી નથી. પહેલેથી છેલ્લે સુધી એક જ ચાવી છે, બીજી ચાવી નથી.

આટલી તો સગવડ છે આ માર્ગની અંદર કે વારંવાર બીજી વાત ગોતવા જાવી પડે નહિ. એક વાત જો એને આવડી ગઈ તો એ તરી ગયા. એને બધું આવડી ગયું. તરવાનો વિષય જ એવો છે પાણી કેટલું ઊંડુ છે એની સાથે કોઈ સંબંધ નથી રહેતો. તરતા આવડતું હોય પાણીમાં એને ખબર હશે કે નીચે દરિયાનું પાણી છે કે નદીનું છે કે કૂવાનું છે, એક માથોડું છે કે પાંચ માઈલ ઊંડું છે એની સાથે કોઈ સંબંધ નથી. તરવું છે એને સપાટી ઉપર તરવું છે. એને નીચેના પાણી સાથે કોઈ સંબંધ રહેતો નથી.

એ રીતે ભેદજ્ઞાનથી આખો સંસાર તરાય છે એટલે પ્રથમથી જ એ વાતનું અહીંયાં ઉદ્‌ઘાટન કર્યું છે. પહેલેથી જ એ વાતને લીધી છે. અહીં સુધી રાખીએ...

❋ ❋ ❋

**પોતે ત્રિકાળી શક્તિમાન છે. ગુણ–ત્રિકાળી શક્તિને પર્યાય–વર્તમાન દશા– આમ દ્રવ્ય–ગુણ–પર્યાયના વિચાર વડે નિજપદ જાણે, નિમિત્ત વડે કે રાગ વડે જાણે એમ કહ્યું નથી. એમ નિજપદ જાણવાની વિધિ બતાવેલ છે. અથવા ઉપયોગમાં જાણરૂપ વસ્તુને જાણે અંતરમાં જાણવા–દેખવાનો વ્યાપાર થાય તે દ્વારા વસ્તુને જાણે, વસ્તુ જાણનાર છે. નિજ સ્વરૂપને જાણવાની આ કળા છે. આનું નામ ધર્મ છે. ચાલતી પર્યાયમાં જાણરૂપ વસ્તુને જાણે, જાણનાર સ્વભાવ નિત્યાનંદ પદાર્થ છે તે પર્યાયનો આધાર અથવા નાથ આત્મા છે. ('પરમાગમસાર' બોલ નં. ૬૭૯)**

## તા. ૧૦-૮-૧૯૮૫, પાના નં. ૨
## પ્રવચન નં. ૪.

બીજા પાનાનો છેલ્લો Paragraph. ભેદજ્ઞાન કેવી રીતે કરે ? ઉપર જે કહ્યું કે **'ચેતના અંશ-અંશને પોતાનો જાણે (કે) જેમાં જડનો પ્રવેશ નથી. કેવી રીતે જાણે ?'**

**'જે આ (જ્ઞાન) પરમાં પોતાને જાણે છે તે આ જ્ઞાન નિજ વાનગી (છે).'** જ્ઞાનની ક્રિયા બતાવે છે. જ્ઞાન જાણવાની ક્રિયા કરે છે અને અત્યારે જે રીતે જાણવાની ક્રિયા કરે છે એ જાણવાની ક્રિયામાં વિપર્યાસ છે તોપણ જાણવું તો છે. જાણવું એવું કાર્ય તો છે. વિપર્યાસ તો એટલો છે કે પરમાં પોતાને જાણે છે. વિપર્યાસ એટલો છે. પરપદાર્થને જાણતા પરપદાર્થમાં ઇષ્ટ-અનિષ્ટપણું કરે છે અથવા આ મારું છે અને આ મારું નથી એમ જે કરે છે, એવું જે જ્ઞાન જાણે છે એ વિપરીત જાણવું છે જ્ઞાનનું. પણ જાણવું તે વિપરીતપણું નથી.

એક પર્યાયમાં બે જુદી જુદી વાત લેવી છે. જ્ઞાનની પર્યાયમાં જ્ઞાનક્રિયા જાણવારૂપ પરિણમે છે અને અત્યારે જે જાણવારૂપ પરિણમે છે એમાં ભૂલ અથવા મિથ્યાપણું, વિપરીતપણું એટલું છે કે પરમાં પોતાપણું કરે છે. અથવા પરમાં ઇષ્ટ-અનિષ્ટપણું કરે છે. હવે એ પરમાં ઇષ્ટ-અનિષ્ટપણું કરે છે એને ગૌણ રાખીને જે જાણવાનું કાર્ય થાય છે એ જાણવાનું કાર્ય થાય છે એ સ્વભાવનો નમુનો છે એમ કહેવું છે. આત્માનું જે મૂળ જ્ઞાયકસ્વરૂપ, એનો આ નમુનો છે.

જે જ્ઞાન પરને જાણતા અથવા જે જ્ઞાનમાં પરપદાર્થ પ્રતિબિંબિત થતા માત્રને માત્ર પ્રતિબિંબને જે જુએ છે, એના બદલે પોતાને જુએ-જ્ઞાનમાં જ્ઞાનને જુએ તો એને જ્ઞાન જણાય. અરીસાના દૃષ્ટાંતે. અરિસામાં પ્રતિબિંબને જુઓ તો કોઈ આકૃતિ દેખાય અને તે જ અરીસામાં અરિસાને જુઓ તો ? તો અરીસો દેખાય. જોવાનો દૃષ્ટિકોણ શું છે એના ઉપર આધારિત છે. પ્રતિબિંબ અરીસામાં ઉઠેલું હોવા છતાં, ઉત્પન્ન થયેલું હોવા છતાં તે જેની આકૃતિ ધારણ કરે છે તે પરપદાર્થની તે પર્યાય નથી પણ અરીસાની પર્યાય છે. એટલે અરીસો જ છે. અરીસાની પર્યાય છે એમ કહો કે અરીસો છે એમ કહો, બેય એક વાત છે. પણ જોવાનો દૃષ્ટિકોણ ઉલટો હોય તો પ્રતિબિંબ માત્રને જુએ છે તે અરીસાને ભૂલે છે અને અરીસાને જુએ છે તે પ્રતિબિંબને ગૌણ કરી જાય છે. ખ્યાલ આવે છે કે આ પ્રતિબિંબ છે તોપણ

એને ગૌણ કરી જાય છે.

અરીસાની જે પરખ છે એમાં એવું જ છે. કાચની જે પરખ છે એમાં કાચ કેવો ચોખ્ખો છે ? અને કેટલું એનું દળ છે ? પ્રતિબિંબ ઝીલવાનું કાચનું દળ કેવું છે ? એ પ્રતિબિંબ ઉપરથી જોવે છે. આંગળી આમ મૂકે, તો જોનારો આંગળીને જોતો નથી. આંગળીના પ્રતિબિંબને જોતો નથી પણ એના ઉપરથી દળને જોઈ લે છે. સામાન્ય માણસને ખ્યાલ ન આવે. એને આંગળી અને આંગળીનું પ્રતિબિંબ દેખાય પણ ફરક કરનારો એ કાચના પ્રકારની, કાચની Quality ને જોઈ લ્યે છે. તો વસ્તુ તો તેની તે જ છે પણ જોવાનો દૃષ્ટિકોણ જુદો છે.

એમ અહીંયાં આત્માને ઓળખવો છે તો ઓળખવાનો પ્રકાર, એના જ્ઞાનમાં ઓળખવા માટેનો જે પ્રકાર છે એ ઉત્પન્ન થવો જોઈએ. આટલી વાત છે. ઓળખવા માટે જે જ્ઞાનની ચિકિત્સા વૃત્તિ છે કે આમાં તત્ત્વ શું ? આત્મતત્ત્વ શું ? જ્ઞાનતત્ત્વ શું ? એ દૃષ્ટિકોણથી જ્ઞાનને જોવું જોઈએ. ભલે જ્ઞાન અત્યારે એમ કામ કરી રહ્યું છે. પરને પોતારૂપ કરી રહ્યું છે. જાણી રહ્યું છે. શરીરને પોતારૂપ જાણી રહ્યું છે. બીજા પદાર્થમાં ઇષ્ટ-અનિષ્ટપણું કરે છે તોપણ ત્યાં એકલું જ્ઞાન જે છે, માત્ર જ્ઞાન છે એને લક્ષમાં લઈ અને સ્વભાવજ્ઞાન કેવું હોય ? જ્ઞાનનો સ્વભાવ કેવો છે ? એને ઓળખવાનો અંતર પ્રયત્ન થવો જોઈએ.

ઓળખવાના પ્રયત્નથી ઓળખાય. જો ઓળખવાનો પ્રયત્ન ન હોય તો ન ઓળખાય. આ તો સીધી વાત છે કે નહિ ? પછી એવું નથી કે જ્ઞાનથી ઓળખે છે એમાં ક્યારેક જ્ઞાન ન હોય તો શું કરવું ? એ પ્રશ્ન નથી. ઓળખવા માટે સદા ઉપયોગધારી જીવ છે જ. ઉપયોગમય જીવદ્રવ્ય છે. જીવની પરિભાષા 'તત્ત્વાર્થસૂત્ર'માં એ કરી છે, '**उपयोगमयो जीवः**' ઉપયોગમય જીવદ્રવ્ય છે. ઉપયોગ લક્ષણથી જ ઓળખાવ્યો છે. જ્ઞાન લક્ષણથી ઓળખાય છે અને ઓળખનાર પણ જ્ઞાન જ છે. એમાં વધારે સગવડતા શું છે ? એક જાતની સુવિધા છે કે જ્ઞાન પોતે ઓળખનાર ભાવ છે અને એ જ્ઞાનના લક્ષણથી જ-પોતાના લક્ષણથી જ પોતે ઓળખનાર પોતાને ઓળખે છે. ઓળખનાર પોતે, ઓળખાનાર પણ પોતે જ છે. એટલે એને બીજા અન્ય સાધનની સાધનાન્તરની આમાં કોઈ અપેક્ષા નથી રહેતી. પોતાને ઓળખવા માટે તિર્યંચ પણ પોતાને ઓળખી લે છે એનું કારણ આ છે. આપણે રાત્રે જ્યારે આ બોલ વાંચ્યો ત્યારે 'પરમાગમસાર'નો ૨૨ નંબરના બોલનો આધાર લીધો હતો.

જ્યાં જ્યાં જાણન પર્યાય છે ત્યાં ત્યાં અનંતી પર્યાય છે. અનંતી પર્યાય એટલે અનંત ગુણની પર્યાય છે. એ એટલા માટે કહેવામાં આવે છે કે કોઈ શાસ્ત્રના

અધ્યયન કરનારને તર્ક થાય છે કે જ્ઞાન તે આત્મા.. જ્ઞાન તે આત્મા એમ જ્ઞાનથી તમે આત્મા ઓળખાવો છો તો જ્ઞાન તો એક ગુણ છે. અને આત્મા તો અનંત ગુણનું સ્વરૂપ તે આત્મા છે. તો એનું શું કરશું ? તો કહે છે, જ્યાં જ્યાં જ્ઞાનની પર્યાય છે ત્યાં ત્યાં અનંતી પર્યાય છે અને જ્યાં જ્યાં જ્ઞાનગુણ છે ત્યાં બીજા અનંતા ગુણ છે. કોઈ દૂર નથી. અને એ બધું આત્મા છે એમ નિશ્ચય કરવો જોઈએ. એમ ત્યાં વાત લીધી છે. ઓળખવા માટે એ વાત લીધી.

અહીંયાં શું કહે છે ? કે **'જે આ (જ્ઞાન)...'** આ જ્ઞાન કહીને વિદ્યમાન લેવું છે. આ કહીને જે આ પ્રવર્તતું જ્ઞાન, ચાલતો જે જ્ઞાનનો પર્યાય કે જેમાં એ **'પરમાં પોતાને જાણે છે...'** શરીરાદિ પરને જાણતા આ હું છું એમ જે જાણે છે. એમ કરીને જ્ઞાનને પકડાવે છે. જાણે તો છે ને તારું જ્ઞાન ? ભલે પરમાં પોતાપણું કરીને પણ જાણવાનું કાર્ય તો કરે છે કે જાણતું પણ નથી ? તું જે રાગની મુખ્યતામાં જ્ઞાનને સદંતર ચૂકી જાય છે, એને ત્યાંથી પકડાવે છે. જ્યાંથી ચૂકી જાય છે ત્યાંથી પકડાવે છે. રાગ અને રાગનો વિષય શરીરાદિ પરદ્રવ્યો તેની મુખ્યતામાં જાણવા માત્ર અથવા જ્ઞાનને એકદમ પૂરેપૂરું ચૂકી જવાય છે ત્યાંથી જ એને પકડાવે છે કે જે પણ આ જાણે તે જ્ઞાન છે, ત્યાં પણ જાણે છે તે જ્ઞાન છે. એવી ક્રિયામાં પણ જાણે છે તે જ્ઞાન છે. એમ કરીને જ્ઞાન ઉપર લઈ જાય છે.

આ જે જાણે છે તે જ્ઞાન છે અને તે જ્ઞાન છે તે નિજ એટલે નિજ સ્વરૂપની, નિજ સ્વભાવની વાનગી એટલે નમુનો છે. એ સ્વભાવનો નમુનો છે. જ્ઞાનની પર્યાયમાં સ્વભાવ અંશ ખુલ્લો છે. આ એક જ અનંત ગુણમાંથી આ એક જ ગુણનું આવું પરિણમન છે. મિથ્યાત્વદશામાં, અજ્ઞાનદશામાં આ એક જ ગુણનું આવું પરિણમન છે કે જેથી કરીને ત્યાંથી સ્વભાવ ઓળખાય છે. અને સ્વભાવને ઓળખવા માટે એથી કરીને આ એક જ સ્થાન છે, આ એક જ નમુનો છે અને બીજી કોઈ રીતે આત્મસ્વભાવને ઓળખવાનું બની શકતું નથી.

એટલે એક તો સમજણમાં એ સ્પષ્ટ કરી લેવા જેવું છે કે આત્માને ઓળખવા માટે જ્ઞાન સિવાય બીજું કોઈ સાધન નથી. બીજા કોઈ ગુણની પર્યાયથી આત્મા નહિ ઓળખાય અને આત્મા નહિ પકડાય. બીજા કોઈ ગુણની પર્યાયથી. આટલી વાત સ્પષ્ટ થઈ જવી જોઈએ. જેથી બીજી કલ્પનાએ ચડીને બીજી રીતે કોઈ કાર્ય કરવાનો વૃથા પરિશ્રમ ન થાય, ખોટો પરિશ્રમ ન થાય. એટલું સ્પષ્ટ કરવું જોઈએ.

બીજા ગુણો હોવા છતાં બીજા ગુણોનું પરિણમન ઉલટું છે. અથવા કેટલાક ગુણોનું પરિણમન સામાન્ય સાધારણ પરિણમન છે કે જે બીજા પદાર્થોમાં છે. જેમ કે અસ્તિત્વ. તો અસ્તિત્વનું શુદ્ધ પરિણમન છે. પણ અસ્તિત્વ જેમ આત્માનું છે

એમ અસ્તિત્વ પુદ્‌ગલનું પણ છે. ઓળખવા માટે તો જુદું પાડવું જોઈએ. આ દ્રવ્ય જુદું કેવી રીતે પડે ? જેમ સો માણસના ટોળામાં ફલાણા માણસને તમારે મળવાનું છે તો એનું જુદું ચિહ્ન બતાવે તો મળે ને. તે બધામાં આ રીતે આ માણસ જુદો પડશે. એને તમે ઓળખી લેજો. જેને મળવાનું છે તે આ માણસ છે. એમ એને જુદા પાડવા માટેનું લક્ષણ શું છે ? અસ્તિત્વાદિ તો કેટલાક ગુણો તો સાધારણ છે કે જે અન્ય પદાર્થોમાં છે તેથી પણ આત્મા ઓળખાતો નથી. બીજા કેટલાક વિશેષ ગુણો છે. સામાન્યગુણો અને વિશેષગુણોમાં કેટલાક વિશેષગુણો છે એની પર્યાય ઉલટી છે. તેથી પણ આત્મા ઓળખાતો નથી.

આ વિષય લીધો છે પંડિત ‘જયચંદ્રજી’એ ‘સમયસારના’ ૨૪૬ કળશના ભાવાર્થમાં આ વિષય ખોલ્યો છે. ૨૪૬ કળશના ભાવાર્થમાં. આ આત્મા છે એને જ્ઞાનમાત્ર કહ્યો. આખા ‘સમયસાર’માં વારંવાર આત્માને જ્ઞાનમાત્ર કહ્યો તેની પાછળ શું કારણ છે ? ‘અમૃતચંદ્રાચાર્ય’ એ કળશમાં કહે છે કે અમે જ્ઞાનમાત્ર કહીને આત્માને વ્યવસ્થિત કહ્યો છે. ‘**इतीदमात्मनस्तत्त्वं ज्ञानमात्रमवस्थितम्**’ વ્યવસ્થિત નામ પદ્ધતિસર આત્મતત્ત્વને ગ્રહણ કરવા માટે, પ્રાપ્ત કરવા માટે જ્ઞાનમાત્ર કહેવું તે એનું વ્યવસ્થિપણું છે, પદ્ધતિસરપણું છે. બાકી અપદ્ધતિ છે. જ્ઞાનમાત્ર કહ્યું છે તે બરાબર છે.

એના ઉપરથી પંડિત ‘જયચંદ્રજી’એ એ વાત ખોલી કે જ્ઞાનમાત્ર કહીને અહીંયાં આત્માને ઓળખાવવો છે. આત્માની ઓળખાણ કરાવવાનું આચાર્યમહારાજને પ્રયોજન છે એટલે વારંવાર જ્ઞાનમાત્ર કહે છે. એનો અર્થ એ થયો કે જે નથી ઓળખતો એવો જે અજ્ઞાની એને ઓળખાવે છે. એટલે આ શાસ્ત્ર મુનિઓ માટે છે એ વાત રહેતી નથી. આત્માની ઓળખાણ કરવાના તબક્કામાં જેને પ્રવેશ કરવો છે એને માટે આ શાસ્ત્ર છે એ વાત પણ સ્પષ્ટ થાય છે.

દિગંબર સંપ્રદાયની છેલ્લા ૧૦૦-૨૦૦ વર્ષમાં જે પદ્ધતિ ચાલી એમાં મોટી ગડબડ થઈ. પાછલા છેલ્લા ૧૦૦-૨૦૦ વરસમાં વધારે ગડબડ થઈ છે. ‘સમયસાર’ આદિ જે મહાન પરમાગમ હતા તેને અધ્ધર મૂકી દીધા. અનાદર કરી નાખ્યો. આ મુનિઓને વાંચવાના શાસ્ત્રો છે. આ આપણે ગૃહસ્થો ન વાંચી શકીએ. આપણું આમાં કામ નહિ. આ મુનિઓનું કામ છે. આ તો મહાન પરમાગમ છે. એમ કરીને આત્માને જે ઓળખવાનું સાધન છે એને હડસેલો મારી દીધો. એટલે સાહિત્યનું પ્રકાશન ન થયું. ‘સમયસારાદિ’ મહાન શાસ્ત્રોનું, જે સંપ્રદાયની દૃષ્ટિએ પણ દરેક સંપ્રદાય પોતપોતાના ધર્મશાસ્ત્રનું જે પ્રકાશન કરે એ પ્રકાશન બંધ થઈ ગયું.

છેલ્લા ૫૦-૭૫ વર્ષમાં એક ‘શ્રીમદ્‌જી’એ પહેલું વહેલું પ્રકાશન કર્યું. ‘શ્રીમદ્

રાજચંદ્રજી'એ. પોતે એક સંસ્થા ખોલી. ટ્રસ્ટ કર્યું. અત્યારે જે 'શ્રીમદ્ રાજચંદ્ર જૈન શાસ્ત્રમાળા' તરીકે અત્યારે પણ એ ટ્રસ્ટ ચાલે છે. 'અગાસ'માં એનું મુખ્ય કાર્યાલય છે. અને 'મુંબઈ'માં પણ ઝવેરી બજારમાં ખારા કૂવાવાળી ગલીમાં આજે પણ Office છે અને ત્યાં મળે છે આ સાહિત્ય. એ દિગંબર શાસ્ત્રોના પ્રકાશનમાં 'સમયસાર', 'પંચાસ્તિકાય', 'પ્રવચનસાર', 'પરમાત્મપ્રકાશ' એ સંસ્થાએ એ વખતે બહાર પાડ્યા છે.

મુમુક્ષુ :– હયાતીમાં જ શરૂ થયું ?

પૂજ્ય ભાઈશ્રી :– હયાતીમાં જ શરૂ થયું હતું. પોતાના હાથમાં 'સમયસાર' આવ્યું ત્યારે એમને બહુ પ્રમોદ થયો. તે'દિ નોટુ નહોતી. કાગળીયા નહોતા અને કોથળામાં, કોથળીમાં રૂપિયા રાખતા. ત્રાસમાં રૂપિયા મગાવ્યા. રૂપિયાનો ત્રાસ ભરીને આપો. જે 'સમયસાર' લાવ્યું એને ખોબો ભરિને રૂપિયા આપ્યા. બહુમાન કર્યું. એટલે કાંઈ કિંમત એટલી નથી પણ બહુમાન કર્યું. અને એમ કહ્યું કે હે કુંદકુંદાદિ આચાર્યો ! આપના વચનો આ પામરને, પોતાને પામર ગણાવ્યા છે આચાર્ય પાસે, સ્વરૂપાનુંસંધાન થવા અર્થે ઉપકારી થયા છે. તેથી આપને નમસ્કાર કરીએ છીએ ! દિગંબર શાસ્ત્રનું અને દિગંબર આચાર્યનું દિગંબરમાં નહિ જન્મ થવા છતાં આટલું બહુમાન કર્યું અને સંપ્રદાયવાળાએ તડકે મૂક્યું.

હમણાં એક પંડિતે લેખ આપ્યો છે કે ભાઈ ! આ 'સોનગઢના' અને બીજા ને ત્રીજા શાસ્ત્રો પધરાવવાની વાત કરો છો પણ શાસ્ત્રો તો આચાર્યોના છે. શાસ્ત્રો કાંઈ 'સોનગઢ'ના નથી. અને તમે સંપ્રદાયવાળા હવે ઊપાડો લ્યો છો પણ છેલ્લા ૧૦૦-૨૦૦ વર્ષનો તમારો ઇતિહાસ તો જુઓ. પોતે દિગંબર પંડિત છે. આપણો ઇતિહાસ તો સંભાળો. આપણે તો આ સાહિત્યની સામું જોયું નથી અને મુનિઓ વાંચે એમ કરીને આપણે તો અધ્ધર મુકી દીધું હતું. આ તો ધન્ય છે એ અજૈન અને શ્વેતાંબરોને 'શ્રીમદ્ રાજચંદ્ર' અને 'કાનજીસ્વામી'નું નામ લીધું છે. 'ગુરુદેવ'નું નામ લીધું છે, કે જેણે આ શાસ્ત્રોનો વિપુલ પ્રમાણમાં પ્રકાશ કર્યો અને ઘરે ઘરે એ વાંચતુ કરી દીધું. અને આટલું બહુમાન કર્યું. દિગંબર શાસ્ત્રનું આટલું બહુમાન દિગંબર આચાર્યોનું આટલું બહુમાન આ લોકોએ કર્યું છે એ શબ્દો અને બહુમાન ક્યાં છે આપણી પાસે ? જેણે આપણો આટલો આદર કર્યો, આપણા આગમનો અને આપણા આચાર્યોનો, એ શાસ્ત્રો તમે ફગાવી દઈને તમે શું કરવા માગો છો ? આપણા વિદ્વાન નથી. 'સોનગઢ' આવનારા નથી. બહારનો વિદ્વાન છે. તટસ્થ માણસે આ વાત કરી છે. આ તો તમે ખોટું કરો છો. આ વસ્તુ તો બરાબર થતી નથી. એમ કરીને એ વાત લીધી છે.

એ 'સમયસાર' છે એ મુનિઓનું નથી પણ ખરેખર જેને અજ્ઞાન અને મિથ્યાત્વ છોડવું છે, ખાસ એ મુદ્દા ઉપર રચાયેલું એ શાસ્ત્ર છે. એ એક જ મુદ્દા ઉપર રચાયેલું શાસ્ત્ર છે અને તે પણ 'કુંદકુંદ' જેવા મહાન સમર્થ આચાર્યનું. એટલે એ શાસ્ત્ર તો જેને અજ્ઞાન અને મિથ્યાત્વ મટાડવું છે એને એથી ઉત્કૃષ્ટ કહેનાર કોઈ જગતમાં આત્યારે નથી. અત્યારે તો નથી. ભગવાન બિરાજતા હોય અને દિવ્યધ્વનિ આવે બીજી વાત છે. બાકી અત્યારે તો આ મુદ્દા ઉપર કોઈ એથી વિશેષ કહી જાય એવું દેખાતું નથી. આ જે બધા 'અનુભવ પ્રકાશ' આદિ જે ગ્રંથો કર્યા છે. ભલે દિગંબર વિદ્વાનો, જ્ઞાનીઓ છે તોપણ એમને મૂળિયા જડ્યા છે બધા પરમાગમમાંથી. 'સમયસાર'માંથી. પછી પોતાની શૈલીમાં, પોતાની ભાષામાં આ વિષયને એમણે વ્યક્ત કર્યો છે. એમ છે ખરેખર તો.

મુમુક્ષુ :– બીજા જ્ઞાનીઓનું આવું કોઈ શાસ્ત્ર નહિ હોય ?

પૂજ્ય ભાઈશ્રી :– 'સમયસાર'ની બરાબરી કરી શકે એવું તો દિગંબર સાહિત્યમાં પણ એવું શાસ્ત્ર નથી. ૪૫ માં તો પ્રશ્ન જ નથી. દિગંબરમાં આ મુદ્દા ઉપર આવી રચના 'કુંદકુંદાચાર્યજી' જેવી રચના (બીજે ક્યાંય નથી). એટલે તો 'ગુરુદેવ' કહેતા, 'ભરતક્ષેત્રમાં આ શાસ્ત્ર અજોડ છે.' એમ કહેતા. અને એવું છે, ખરેખર એવું છે. ચારે બાજુથી વિષયને એટલો બધો વિષય સ્પષ્ટ કર્યો છે. જે વાત હાથમાં લીધી છે એને એટલી છીણી છીણીને સ્પષ્ટ કરી છે.

૪૫ આગમમાં તો મૂળ વાત નથી. જે મૂળ વાત હોવી જોઈએ એ મૂળ વાત નથી. આત્માના સ્વભાવની સ્વરૂપની જે મૂળ વાત હોવી જોઈએ એ વાત નથી. એ સ્વભાવ દ્વારા શું થઈ શકે અને શું ન થઈ શકે ? ભલે પર્યાયમાં આત્મા રાગાદિ વિભાવને કરે છે તોપણ તે રાગાદિ વિભાવ સ્વભાવ દ્વારા કરી શકાતો નથી. એ વાત ક્યાંય નથી.

ભલે ઘડો થવામાં કુંભાર નિમિત્ત દેખાય છે તોપણ ઘડાની પર્યાયમાં કુંભાર ક્યાંય આવતો નથી. આવે છે ક્યાંય ? માટીના ઢેફામાં તો કુંભાર નહોતો. એ માટીને પલાળીને, ગુંદીને પિંડ કર્યો એમાં પણ કુંભાર નહોતો. કે આવી ગયો એમાં કુંભાર ? ચાકડે પણ કુંભાર ચડ્યો નહિ માટી ચડી. અને એમાંથી આકાર કર્યો જે ઘડાનો એ પણ માટીનો જ થયો. કુંભારનો નથી થયો. ક્યાંય કુંભાર નથી. નિમિત્તપણે હોવા છતાં જેમ ઘડાનો કુંભાર અકર્તા છે, તેમ આત્માની પર્યાયમાં રાગ હોવા છતાં સ્વભાવથી આત્મા રાગનો અકર્તા છે. કેમકે રાગમાં આત્માનો સ્વભાવ આવતો નથી. આ મુદ્દો ૪૫માં ક્યાંય નથી. ૪૫ના વાંચનાર કોઈ સાધુ હોય એને પૂછજો કે આ મુદ્દો ક્યાં આવે છે ? અમને બતાવો. આત્માના સ્વભાવની

મૂળ સ્વભાવની આવી વાત ક્યાં આવે છે એ બતાવો.

મુમુક્ષુ :– ... મહત્તા જ નથી.

પૂજ્ય ભાઈશ્રી :– મહત્તા જ નથી. એ આખુ પ્રકરણ જ નથી. અધ્યાત્મનું પ્રકરણ નથી. જીવ સામાન્ય છે એ એકરૂપ રહે છે અનાદિઅનંત નિગોદથી માંડી અને સિદ્ધ અવસ્થા સુધી જીવ સામાન્ય, જીવ સામાન્યપણે જ રહે છે. એ વિષય ક્યાં છે ? રાગાદિ થાય છે એ તો બહાર થાય છે. એમાં આત્મા આવતો નથી.

મુમુક્ષુ :– ઘણા શાસ્ત્રો લઈ ગયા છે...

પૂજ્ય ભાઈશ્રી :– હા, પણ બીજા આગમો ક્યાં છે અત્યારે ? ઉપલબ્ધ આગમોની વાત છે ને ! જે આગમ છે, જે સાહિત્ય આગમ તરીકે વિદ્યમાન છે એમાં જે 'સમયસાર'ની કૃતિ છે એની સરખામણી કરો તો ક્યાંય મળતું નથી, એમ કહેવું છે. એ તો અનંતા થઈ ગયા છે એમાં ક્યાં સવાલ છે.

મુમુક્ષુ :– એના મૂળ 'સમયસાર'માંથી.

પૂજ્ય ભાઈશ્રી :– પણ છતાંય તે એક ન્યાય બીજો છે એની અંદર, એક બીજો ન્યાય છે. આ વિચારવા જેવો વિષય છે કે જે આગમ, જે જ્ઞાની પોતાને ઉપકારી થાય એનો વિશેષ મહિમા થાય. એની આગળ બીજાનો અનાદર નથી. પણ એટલી મુખ્યતા બીજાની ન થાય. આ એક ન્યાયનો વિષય છે. 'ગુરુદેવ'ને તો એ આગમ ઉપકારી થયું. Comparativly પણ એમની વાત તો સત્ય જ છે કે એવું આગમ નથી અત્યારે. પણ નહિતર પણ એમને એ આગમ ઉપકારી થયું. એટલે વિશેષતા એ વાતની કરે તો કાંઈ અતિશયોક્તિ નથી. ન્યાયસર છે, ન્યાયસંપન્ન વાત છે એટલું લેવું જોઈએ.

એ પ્રશ્ન (દિગંબરસમાજન અગ્રણી આવ્યા ત્યારે) ચાલ્યો હતો. 'પૂજ્ય બહેનશ્રી'ને પૂછ્યું કે કેટલી પ્રતિમાઓની અહીંયાં પ્રતિષ્ઠા છે ? તો કહ્યું, ૧૩૫. નંદિશ્વર જિનાલયમાં ૫૨ અને ૮૦. પંચમેરુની ૮૦ અને ૫૨ જિનાલયની બાવન. ૧૩૨ અને ઉપર ત્રણ ૧૩૫ પ્રતિમાની સ્થાપના નંદિશ્વર જિનાલયમાં થશે. બહારની આવે એ તો જુદી. પણ આ તો અહીંની. પ્રસંગ જેનો છે એ આનો છે. બીજા મંદિરોમાં પણ ભગવાન તો બિરાજે છે. માનસ્તંભમાં આઠ ભગવાન છે. સમવસરણમાં એક 'સીમંધર' ભગવાન. નવ (થયા). મૂળ મંદિરની અંદર નીચે-ઉપર પિઠીકા ઉપર ભગવાન છે. 'મહાવીરસ્વામી'ની મોટી પ્રતિમા પરમાગમ મંદિરમાં છે. એ સિવાય બીજી એકસો ને પાત્રીસ ! બધાને એમ થયું કે આ લોકોને કાંઈ ધરવ નથી. પણ ન થાય ધરવ એવો વિષય છે. એ વિષય ભાવનાનો એવો છે. એમનો પ્રશ્ન તો બીજો હતો. ૧૩૫માં ૧૩૪ રાખો તો તમને શું વાંધો છે ? તમને

શું ફરક પડી જાય છે ? આ સમાજની અંદર ગડબડ તો બંધ થઈ જાય. અમે તો સામાજિક વાત કરવા આવ્યા છીએ. એ તો ભક્તિ બધાની હોય તો એનો નિષેધ તો કેમ થાય ? જ્યારે એ ભક્તિનો પ્રસંગ ઊભો થયો હોય તો એ ભક્તિનો નિષેધ કેવી રીતે કરી શકાય ? એમણે એક બીજો Pin point પ્રશ્ન ઉઠાવ્યો કે તો ગમે તે એ બીજું નામ આપો. બીજું કાંઈક કરો. આ બધું કાઢી નાખો, જે વાંધાવાળી વાત છે ઇ. અને તેનો તમને રાગ શું કરવા છે ? ત્યારે એમણે એક બહુ સરસ જવાબ આપ્યો. અમારા ઉપર ઉપકાર થયો છે એટલે રાગ તો હોય જ. જેનો પર્યાયે પર્યાયે ઉપકાર વર્તે છે... ઉપકારમાં પોતે લખ્યું છે, એમના પ્રત્યે રાગ હોય તો એ ન્યાય સંપન્ન વિષય છે. એમાં ના પાડવાનો, નિષેધ કરવાનો કોઈ બીજાને અધિકાર નથી. બહુ મુદ્દાની વાત હતી એ.

મુમુક્ષુ :– ...

પૂજ્ય ભાઈશ્રી :– 'કુંદકુદાચાર્ય'નું ત્રીજું પદ લીધું છે. અને એમની શ્રેષ્ઠતા પણ એમની રચના ઉપરથી દેખાય છે. પણ એમને શ્રેષ્ઠ કહીએ એટલે બીજાનો અનાદર કરીએ છીએ એવું અર્થઘટન ન કરવું જોઈએ. એ અર્થઘટન ન્યાય સંપન્ન નથી એમ કહેવું છે. એ તો નથી જ ને. 'હુએ ન હોંગે મુનિ કુંદકુંદ સે', એમ કરીને એક આચાર્યે લખ્યું છે. 'કુંદકુંદાચાર્ય'ની જ્યારે રચનાઓ અને એમનું સ્વરૂપ જોઈએ છીએ ત્યારે આવા કોઈ મુનિ થયા હશે કે થશે એમ લાગતું નથી. ભૂતકાળ લઈ લીધો. ભવિષ્યકાળ અનંત તો નહીં થાય કાંઈ ? તમે જે પ્રશ્ન ઉઠાવ્યો કે આવું ભૂતકાળમાં આગમ નહિ થયું હોય ? પણ એ ઉપકાર જ્યારે પ્રત્યક્ષ થાય છે અને એ પોતાના આત્મા ઉપર જ્યારે ઉપકાર થાય છે ત્યારે એની વિશિષ્ટતા જે આવે છે એ રાગનો પ્રકાર આખો જુદો જ છે. એ બીજા ન સમજી શકે. જેને ઉપકાર થયો છે એ સમજી શકે, બીજા ન સમજી શકે.

સમુદ્રમાં ડૂબતો હોય. આ હમણાં Plane તૂટી પડ્યું ને. પેસીફિક મહાસાગરમાં ગયા. હવે એમાં કોઈ ડૂબતો હોય એને કોઈ બચાવે તો એ બચાવનાર પ્રત્યેની લાગણી ડૂબનારને જ હોય. બીજો એ વાત નહીં સમજી શકે. અને એ તો એક મરણમાંથી છોડાવનારની વાત છે. જે અનંત જન્મ-મરણથી છોડાવનાર છે એના પ્રત્યેના ઉપકારની કોઈ હદ નથી. કેમકે એમણે જે ઉપકાર કર્યો એની પણ હદ નથી તો એના પ્રત્યેની લાગણી અને ભક્તિની પણ હદ નથી. બેય વાત સામે સામે છે. તોળવા બેસો તો બેય વાત સામે છે. એની અંદર કોઈ ....

મુમુક્ષુ :– ...

પૂજ્ય ભાઈશ્રી :– બરાબર છે. ઉપકાર થયો છે ને ! બચનારને એવો ભાવ

છે કે આમના આ વચનો મને ન મળ્યા હોત, આ વ્યક્તિ ન હોત, આના વચન ન હોત તો કોને ખબર છે કે બીજા કેટલા અનંત કાળ સુધી હું પરિભ્રમણ કરીને જન્મ-મરણ કરતો હોત. એ ચિત્ર એની પાસે ખડું થાય છે, તાદશ થાય છે. અને જેમ કોઈ સમુદ્રમાંથી હાથ પકડીને બહાર લઈ લે એમ જ એને દેખાય છે. કે આણે મારો હાથ પકડ્યો છે. પછી એની અંદર બીજી વાત ચાલે નહિ. એના પ્રત્યેની જે લાગણી છે એમાં કોઈ બાધા કરે તો એને પોતાને સંમત થાય કે મંજુર થાય એવું ન બને. અશક્તિ હોય તો ભલે એ બીજું કાંઈ ન કરે પણ સંમત તો ન જ થાય. એટલી વાત સ્પષ્ટ છે.

એ પંડિતે તો એવું લખ્યું છે કે આપણા સંપ્રદાયે જેટલી દિગંબર સાહિત્યની અને આચાર્યોનું બહુમાન નથી કર્યું એટલું આ જે શ્વેતાંબરમાંથી નવા આવ્યા ‘શ્રીમદ્ રાજચંદ્રજી’ અને ‘કાનજીસ્વામી’ જેવી વ્યક્તિઓ, એણે કર્યું છે આ તો. આ એક વિચાર માગે એવો વિષય છે આપણા માટે.

(સમયસાર) કૃતિ સરસ છે. એ શાસ્ત્રની અંદર આખું શાસ્ત્ર પરું કર્યા પછી આ ૨૪૬મો કળશ છે એ ૪૧૫ ગાથા ઉપરનો કળશ છે-પછીનો. ત્યાર પછી પણ ટીકાકાર આચાર્ય મહારાજને આ વિષય કહેવાનું મન રહ્યું છે. એટલે પરિશિષ્ટમાં એમણે જ્ઞાન લક્ષણથી આત્મા ઓળખાય છે એ વાતને પરિશિષ્ટની અંદર પ્રશ્ન ચર્ચાનો ઉત્તર ગોઠવી, પ્રશ્ન ચર્ચારૂપ પ્રશ્નનો ઉત્તર ગોઠવીને, એ ચર્ચા ગોઠવીને એ વિષયને વધારે સ્પષ્ટ કર્યો છે. અને જ્યાં વધારે સ્પષ્ટ કર્યો છે ત્યાં એમણે જ્ઞાનલક્ષણમાં સ્વસંવેદનથી- જ્ઞાનના સ્વસંવેદનથી, સ્વસંવેદનથી જ્ઞાન પ્રસિદ્ધ છે એવી એક વાત કહી છે.

ચર્ચા પૂરી કરતા પહેલા આ વાત કહી છે કે સ્વસંવેદનથી જ્ઞાનની પ્રસિદ્ધિ છે. એટલે અહીંયાં જાણવું લીધું છે એ જાણવું એટલા માટે લીધું છે કે જાણતો હોવા છતાં, પરપદાર્થને પ્રસિદ્ધપણે જાણતો હોવો છતાં ચૂકી જાય છે તો તું જાણો છો એ વાત તો પહેલા પકડ કે જાણવાનું કાર્ય તારું છે. એ જાણવારૂપ જ્ઞાનક્રિયામાં વેદનનો એક ભાવ ઉપસતો ભાવ છે. અનુભવનો ભાવ ઉપસે છે. અનુભવ કરવો એ જ્ઞાનનો ધર્મ છે. વેદવું એ જ્ઞાનનો ધર્મ છે. એમ વેદન અને અનુભવ ઉપર લઈ જવું છે. અને એ જ્ઞાનનો ધર્મ હોવાથી, જ્ઞાનનો એ વિશિષ્ટ ધર્મ હોવાથી જ્ઞાનથી જ પકડાય છે. બીજી રીતે પકડાતું નથી. એટલે અહીંયાં તો એમ લીધું છે.

મુમુક્ષુ :– ...

પૂજ્ય ભાઈશ્રી :– જુદા નથી. એ તો એનો ધર્મ છે એટલે ક્યાંથી જુદા હોય ? જ્ઞાનનો પોતાનો જ ધર્મ હોય એટલે ક્યાંથી જુદો હોય ? એ તો જુદો હોવાનો

સવાલ જ નથી.

**'આ નિજ (જ્ઞાન) વાનગી ઘણા સંતો ઓળખી ઓળખીને અજરઅમર થયા.'** જેણે જ્ઞાનના અંશ ઉપરથી અખંડ સ્વભાવ, અખંડ જ્ઞાનસ્વભાવને ઓળખી લીધો એ બધા અજરઅમર થઈ ગયા. વાત આટલી છે. પ્રારંભમાં કોઈ મુખ્ય મુદ્દાની વાત હોય તો આટલી છે કે જ્ઞાનલક્ષણ દ્વારા જ્ઞાનસ્વભાવી આત્માને ઓળખવો અથવા જ્ઞાનસ્વભાવી આત્માનો નિશ્ચય કરવો. જે ('સમયસાર') ૧૪૪મી ગાથામાં કહી ગયા કે પ્રથમ તો શ્રુતજ્ઞાન દ્વારા જ્ઞાનસ્વભાવી આત્માનો નિશ્ચય કરવો પછી અનુભવ થશે. એમ કરીને અનુભવની વાત પક્ષાંતિક્રાંતની લીધી છે. પણ પહેલા નિશ્ચયપૂર્વક અનુભવ થાય છે એટલે પહેલી વાત નિશ્ચયને કારણમાં લઈને કાર્યની વાત લે છે. 'અમૃતચંદ્રાચાર્યદેવ'ની પદ્ધતિ કાર્ય-કારણની છે એટલે.

હવે એ જ્ઞાન છે. જ્ઞાન પરમાં પોતારૂપપણે જાણે છે એવી પ્રક્રિયા જ્ઞાન કરી રહ્યું છે ત્યાં જ્ઞાનથી આત્માને અથવા જ્ઞાનને જુદુ પાડવાની ઓળખાણ કરવાની પ્રક્રિયા અથવા વિધિ કેવી છે ? એ વિચારમાત્રનો વિષય નથી પણ થોડોક પ્રયોગનો વિષય છે. વિચાર સાથે ચાલતો હોય છે પણ પ્રયોગ રહિત વિચારમાત્રનો એ વિષય નથી. પણ વિચારસહિત, વિચારદશામાં તો ઊભો છે, વિચારસહિત પ્રયોગનો વિષય છે. એને સ્પષ્ટ કરીએ તો એ રીતે છે કે જ્ઞાન પરમાં પોતાપણું કરે છે. તો એને તપાસવું જરૂરી છે કે પરમાં પોતે જાય છે ? પરમાં પોતે પ્રવેશ કરે છે ? એ એણે તપાસવું જોઈએ. અથવા પોતામાં પરનો અનુભવ કરે છે ત્યારે પણ એણે તપાસવાની જરૂર છે. વિચારવાની નહિ, હોં ! તપાસવાની જરૂર છે કે કોઈ પર મારામાં આવે છે ? અને તે કેવી રીતે ?

એક માણસનું સોનું ખોવાઈ ગયું, ઝુટવાઈ ગયું, ચોરાઈ ગયું, કાંઈ પણ થઈ ગયું. માણસને દુઃખ થાય છે. સોના જેવું સોનું દાગીનો ગયો. એને દુઃખ થાય છે ને ? શું કરવા થાય છે ? બીજાનો જાય તો દુઃખ થાય છે ? પોતાનો ગયો છે એટલે દુઃખ થાય છે. તો એણે તપાસવું કે તારા જ્ઞાનમાંથી શું ગયું ? એ વખતે જરા સાવધાન થઈ જવું કે આ જ્ઞાનસ્વરૂપી હું છું. જાણનાર હું છું. જાણી રહ્યો છું હું. સોનું ગયું એમ જાણ્યું ને ? તો ક્યાંથી ગયું ? આત્મામાંથી ગયું ? બસ ! આ જોવાનું છે.

અથવા કોઈ ચીજ મળે છે ત્યારે હરખ થાય છે. આ સરવૈયામાં નફો વધ્યો. રૂપિયા વધે છે ને ? આ વખતે બમણા-તમણા નફામાં રૂપિયા આવ્યા. સરવૈયું બોલે છે. હરખ થાય. થાય ને ? વેપારીનો આ દાખલો લઈએ. તપાસ, આત્મામાં શું આવ્યું ? તપાસવું, વિચારવું નહિ પણ તપાસવું કે આ જ્ઞાનમાં શું આવ્યું ?

આત્મામાં એટલે જ્ઞાનમાં. જે જાણી રહ્યો છે એવો આત્મા એના જ્ઞાનમાં શું આવ્યું ?

એથી વધારે લઈએ તો આ સ્વાદ લઈએ છીએ કે આ દ્રાશ મીઠી છે. તો એ મીઠી લાગે છે ત્યારે જ્ઞાનમાં શું આવે છે ? તપાસવું. મીઠી લાગે છે ને જ્ઞાનને ? મીઠી લાગે છે કે નહિ ? મીઠાશ એની જણાય છે. જાણવું જુદી વાત છે, લાગવું જુદી વાત છે. પણ એ ઊંધુ પકડે છે કે મને લાગે છે. જ્ઞાન તો કોરુ રહે છે. જ્ઞાનને મીઠાશ ભળી જતા નથી, ચોંટી જતા નથી. જ્ઞાન તો સ્વભાવે લુખ્ખુ છે. સ્પર્શ, રસ, ગંધ, વર્ણ, શબ્દથી સ્વભાવે જ જ્ઞાન લુખ્ખુ છે. આ શબ્દ મને ચોંટ્યો, મને સંભળાવ્યું, મને કીધું. પણ તારા જ્ઞાનને તો જો. જ્ઞાન તો એનાથી ભિન્ન જ રહે છે.

મુમુક્ષુ :– ..

પૂજ્ય ભાઈશ્રી :– પ્રયોગ કરવો કે આમાં જ્ઞાનમાં શું થાય છે ? તપાસવું. હરખ વખતે જ્ઞાનમાં શું ભળી ગયું ? અને ખેદ, શોક થયો ત્યારે જ્ઞાનમાંથી શું ઘટી ગયું ? આ વાત તપાસીને નક્કી કરવી. હવે પ્રયોગ કરશો ત્યારે પહેલો અનુભવ શું થશે ? કે એ હરખ-શોકના રસ ઉપર પહેલો ઘા પડશે.

કાલે એક વાત આપણે ચાલી હતી કે આ એક એવું સત્‌શાસ્ત્ર છે અથવા અનુભવના શાસ્ત્રો જ બધા એવા છે, જેમાં આત્મજ્ઞાનનો વિષય ચાલ્યો છે કે જીવના વિભાવરસ ઉપર ઘા મારે છે પહેલો. પહેલો કોઈ પ્રહાર થાય છે તો વિભાવરસ ઉપર. તો એ કઈ રીતે ? જીવ જો પોતે પ્રયોગમાં ઉતરે, હજી વિચારમાં રહેશે ત્યાં સુધી સ્મૃતિનો વિષય છે એ વિસ્મૃત થઈ જશે. વિચાર કરી કરીને તો ઘણા અટક્યા અને ઘણા ભૂલી ગયા વિચાર કરેલો. એટલે એનું બહુ મહત્ત્વ નથી. જો કે વિચાર ન કરતો હોય એને એમ કહે કે તું કર તો ઠીક છે. પણ એનું એટલું મહત્ત્વ નથી. પણ અહીંયાં જો એ પ્રયોગમાં ઉતરે તો એ વિસ્મૃત નહિ થાય એ વિષય. જાશે નહિ એનો.

જેમ સાઇકલ ચલાવવું ભૂલતો નથી, તરવાનું ભૂલતો નથી. એ બધી વિદ્યા ભૂલતો નથી એનું કારણ શું છે ? એણે એ Practical અભ્યાસ કરી લીધો છે. પણ યાદદાસ્તવાળી પુસ્તકો બધા ભણ્યા હોય તો ભૂલી જવાય છે, નિશાળમાં ભણેલા. કેમકે એમાં Practical નથી.

એમ પ્રયોગમાં આ વાત લીધી હોય તો પહેલો જે ફરક પડે છે એ રસ ઉપર પડે છે. જે હરખનો રસ ઉત્પન્ન થતો હતો એ એકદમ ઠંડો થાશે. જે એકદમ દુઃખ થઈ આવ્યું હશે એ એકદમ હળવું થઈ જશે. રસથી, રસથી હળવું થઈ જશે. આ તો એનો પહેલો પરચો છે. આપણે કહે છે ને કે પરચો દેખાડો, કાંઈક ચમત્કાર

દેખાડો. આ એનો પહેલો ચમત્કાર છે કે ગમે તેવા સુખ-દુઃખના કે હરખ-શોકના પ્રસંગમાં ઉદયમાં આ જીવને આવવું થયું હોય ત્યારે એણે આત્માને ઓળખ્યો નથી તો આત્માને ઓળખવાનો એણે પ્રયોગ વારંવાર, પ્રસંગે-પ્રસંગે, કાર્યે-કાર્યે, ઉદયે-ઉદયે, ક્ષણે-ક્ષણે જો કરવો હોય તો એમાં એને મોટો ફાયદો એ થશે કે એનો વિભાવરસ કપાઈ જશે. જે રસથી એ પરિણામ ઉપડ્યું હશે એ સીધો પારો હેઠો બેસી જશે. આ બહુ મોટી વાત છે. અને જ્યાં રસ ઘટ્યો ત્યાં એનું જ્ઞાન થોડું સમર્થ થઈને, થોડું બળવાન થઈને, થોડુંક ચોખ્ખુ-નિર્મળ થઈને, ભૂમિકાનું, હોં ! તે ભૂમિકાનું. વિશેષ કામ કરવા લાગશે. નહિતર અહીંયાં પ્રશ્ન છે.

એકવાર 'રાજકોટ' વાંચનમાં એક પ્રશ્ન ઉઠાવ્યો હતો. વાંચન કરવા 'રાજકોટ' જવાનું થયું હતું. વાંચન કર્યું હતું. મેં કહ્યું કે આપણે તો અહીંયાં બધા બુદ્ધિશાળી સમાજ વધારે આવે છે. પહેલેથી જ 'ગુરુદેવ' હતા ત્યારથી. એક મારો પ્રશ્ન છે કે બુદ્ધિમાં આ વિષય બેસે છે, ગ્રહણ થાય છે બરાબર બુદ્ધિપૂર્વક. કેમકે વર્ષોથી અભ્યાસ કરીએ છીએ એટલે નથી સમજાતું એમ તો નહી કહી શકાય. હવે આત્માના સ્વરૂપનો વિષય લઈએ. આત્મા સ્વરૂપે દ્રવ્ય-ક્ષેત્ર-કાળ-ભાવથી આવો છે, એવું જે શાસ્ત્ર નિરૂપણ છે એ બુદ્ધિગ્રાહ્ય થાય છે.

કોઈપણ પદાર્થનું જ્ઞાન કરવા માટે આ ચાર મુખ્ય પડખા છે કે દ્રવ્ય-ક્ષેત્ર-કાળ-ભાવથી પદાર્થનું સ્વરૂપ કેવું છે. એ તો બેસે છે આપણને. એ ઉપરાંત ઉત્પાદ-વ્યય-ધ્રુવ કેવા છે ? ગુણ-ગુણીના ભેદ કેવા છે ? દ્રવ્ય-ગુણ-પર્યાયના ભેદ કેવા છે ? આ બધું આપણને બેસે છે. અને એક પદાર્થનું જ્ઞાન કરવા માટે આટલું તો પર્યાપ્ત છે. નયવિભાગથી બેસે છે. નિશ્ચયનય, વ્યવહારનય અને પ્રમાણ. એમ નયવિભાગથી પણ આ વિષય બરાબર બેસે છે. છતાં જેવું સ્વરૂપ આત્માનું કહ્યું છે એવો જ હું છું, એવું લાગતું કેમ નથી ? એવો નિશ્ચય વર્તે, એવી ઓળખાણ થાય તો અનુભવ થાય એમ કહે છે આ શાસ્ત્ર તો. પક્ષાંતિક્રાંત થવામાં શું કહે છે ? કે જો આ જ્ઞાનસ્વભાવી આત્માનો પ્રથમ નિશ્ચય થાય તો મતિજ્ઞાન અને શ્રુતજ્ઞાનની બુદ્ધિઓ મર્યાદામાં આવે એટલે સ્વસન્મુખ થાય અને સ્વસન્મુખ થઈને આગળ વધીને પક્ષાતિક્રાંત થઈને અનુભવ કરે, નિર્વિકલ્પ અનુભૂતિ કરે. તો આ નિશ્ચય છે કે જેમાં એવો લાગે આત્મા, ભાસે એવો આત્મા એવું કેમ થતું નથી ?

બુદ્ધિ તો આપણામાં ઘણી છે. ઓછી બુદ્ધિ છે એમ તો કોઈ સ્વીકારવા તૈયાર નથી કે હું બુદ્ધિનો ઓછો છું. એવું કોઈ સ્વીકારે ? કમઅક્કલપણું કોઈ સ્વીકારે ? એ તો કોઈ ન સ્વીકારે. બુદ્ધિ તો ઘણી છે. આંટી મારી દે. પણ એ બુદ્ધિ આ નિશ્ચયમાં કેમ કામ કરતી નથી ? નિશ્ચય એટલે બુદ્ધિથી નિશ્ચય કર્યો નહિ, એવું

ભાસવા લાગે. એવો પ્રતિભાસ થાય એને અહીંયાં નિશ્ચય કહ્યો છે. તો કો'ક પ્રતિબંધક કારણ વર્તે છે ત્યાં. એવું કાર્ય થવામાં કોઈ એક પ્રતિબંધક કારણ ત્યાં વર્તે છે. એ વાત શોધવી જોઈએ.

એ પ્રતિબંધક કારણ કયું છે ? એ પ્રતિબંધક કારણ એ છે કે રાગરસથી રંજિત થયેલું જ્ઞાન છે એ જ્ઞાન ચોખ્ખું નથી. બુદ્ધિ ભલે ગમે તેટલી હોય. ઉઘાડ ગમે તેટલો હોય. પણ જેનું જ્ઞાન રાગરસથી મલિન થયું છે એનું જ્ઞાનનું દર્પણ ચોખ્ખું નથી કે જેમાં એનો પોતાના સ્વભાવનો ફોટો એમાં આવે. દર્પણમાં ફોટો આવે છે એમ પોતાના જ દર્પણમાં પોતાનું પ્રતિબિંબ નથી આવતું. સ્વભાવનું પ્રતિબિંબ નથી આવતું. કારણ ? કે અરીસો મેલો છે. એના ઉપર એટલી હદે મેલ ચડેલો છે કે પ્રતિબિંબ ઉઠતું નથી. ઇ મેલ છે તે રાગરસ છે. એને બંધતત્ત્વ કહ્યું છે. એ રાગરસને જ 'સમયસાર'માં 'બંધ-અધિકાર'માં બંધતત્ત્વ કહ્યું છે. એ ચીકાશ છે રાગની.

એ રાગરસને તોડવા માટે પહેલી વાત એ છે કે એણે જ્ઞાનથી આત્માને ઓળખવા જ્ઞાન વાનગીથી આત્માને ઓળખવા પોતાની જ્ઞાનપર્યાયમાં વારંવાર જાગૃત રહીને, સાવધાન રહીને તપાસ કરવી જોઈએ. આ એનો પ્રયોગ છે કે આ જે રસ આવે છે સંયોગનો, વિયોગનો જે કોઈ પ્રકારે રસ આવે છે, એમાં જ્ઞાનમાં શું આવ્યું ? ને શું ગયું ? એટલે આગળ એમ કહ્યું છે કે **'કહેવામાત્ર જ ન ગ્રહે...'** એટલે માત્ર કહેવાનો કે વિકલ્પનો ...

મુમુક્ષુ :– ...

પૂજ્ય ભાઈશ્રી :– બરાબર છે પણ છતાં જેને આત્માને શોધવો છે અને જેની એ જિજ્ઞાસાવૃત્તિ છે, આત્માને ઓળખવાની જેની જિજ્ઞાસા છે, આપણે નિભ્રાંત દર્શનમાં એ વિષય આવશે કે જિજ્ઞાસાનું Stage કેવું છે ? કે એવી અપૂર્વ જિજ્ઞાસા ઓળખવા માટે થવી જોઈએ કે એ જિજ્ઞાસાના સદ્ભાવમાં એને પાંચેય ઇન્દ્રિયોના વિષયના રસ ફિક્કા પડી જાય. લૌકિક સંશોધનમાં એટલા ઊંડા ઉતરે છે. વૈજ્ઞાનિકોના જીવનચરિત્રો જેણે જોયા હશે એને ખ્યાલ આવશે કે કેટલાક વૈજ્ઞાનિકો લગભગ દાઢીવાળા છે મોટાભાગના. દાઢી અને વાળવાળા. એનો અર્થ શું થાય ખબર છે તમને ? કે એને એ હજામત કરવાની ફુરસદ નથી. Time થાય કે કેમકે એ તો રોજનો વિષય છે. એક દિવસે ને બે દિવસે એણે (દાઢી કરવી પડે). એટલો વખત નથી એની પાસે. એની વૃત્તિ સંશોધનમાં એટલી લાગેલી છે. કેટલાક વૈજ્ઞાનિકોના જીવન Labotratory માં વયા ગયા છે. એણે બહારની દુનિયા જ જોઈ નથી.

કેટલાક વૈજ્ઞાનિકો માટે એવું કહેવાયું છે કે એની Labotratory માં એનું ટીફીન

ખાણું આવે તો એમને એમ પડ્યું રહે. ઇ એના સંશોધનમાંથી એને કાંઈ ખબર જ ન પડે કે આ ક્યારે મૂકી ગયો અને આ સાંજ પડી છે કે સવાર પડી છે, એને ખબર ન પડે. જો બાહ્ય સંશોધનમાં પણ માણસ ઉતરે તો માણસ ખાવા-પીવાનું ભૂલી જાય. તો આ તો અપૂર્વ આત્મતત્ત્વ છે. એના સંશોધનમાં એવી અપૂર્વ જિજ્ઞાસાથી એ ઉતરે કે એના વિભાવરસ ફિક્કા પડે અને એનું જ્ઞાન ચોખ્ખું થાય. નિર્મળ થાય અને એમાં એને પોતાનો સ્વભાવ ન જણાય, ન ભૂતો ન ભવિષ્યતિ. કોઈ દિવસ બને નહિ.

ખરી વાત ઇ છે કે આ જીવે ઓળખવા માટેની જિજ્ઞાસા જે હદે કરવી જોઈએ એ હદે એણે જિજ્ઞાસા કરી નથી. ઉપર ઉપરથી એણે પ્રશ્નો પૂછ્યા છે અને ઉપર ઉપરથી જાણવાની મહેનત કરી છે. બીજો સંસારનો રસ તો ધરબાયેલો એમને એમ અકબંધ પડ્યો છે. ત્યાંથી તો હાથેય ઉઠાવવો નથી. જેમ કોઈ લોભી માણસ ભાષણ આપે. દાન દેવું જોઈએ. હજારો-લાખોના દાન દેવા જોઈએ. બસ ! દાન..દાન..દાન... દઈને એકદમ દાનવીર થઈ જવું જોઈએ. પણ એ કોથળી ઉપરથી હાથ ઉઠાવે નહિ. એક રૂપિયો પણ ન દે. એ બીજાને માટે. જાણતો હોય એને શું ખ્યાલ આવે ? આ વાત બરાબર નથી. ઇ માળો એક કોથળીમાંથી રૂપિયો પણ કાઢતો નથી. મોઢું ખોલતો નથી. કોથળીનું મોઢું બાંધ્યું છે છોડતો નથી અને દાન દેવાની વાત કરે છે. આ કાંઈ બરાબર નથી. એમ આત્માના રસમાં આવવાના બદલે સંસારનો રસ એટલો ને એટલો, પંચેન્દ્રિય વિષયનો રસ એટલો ને એટલો (રહે) અને ચૈતન્યરસની વાત છે એને મેળ નથી ખાતો. કેમકે વિરુદ્ધ રસ છે.

અહીંયાં તો એટલું લેવું છે કે ખરી જિજ્ઞાસામાં જીવ આવે તો એનો રસ ફિક્કો પડી જાય. અને એ જિજ્ઞાસામાં એને સ્વરૂપની ઓળખાણ ન થાય એવું બને નહિ. એટલે એમ કહ્યું કે જ્ઞાનલક્ષણથી આત્મા ઓળખાય છે એ સિવાય બીજો ઉપાય, બીજી રીત, બીજી વિધિ, પદ્ધતિ નથી. તો જ્ઞાન તો ખ્યાલમાં આવે છે છતાં કેમ ઓળખાતો નથી ? કે જિજ્ઞાસા કરી નથી.

'પૂજ્ય બહેનશ્રી'એ એક વચનામૃતમાં એ વાત લીધી છે કે ઉપર ઉપરની જિજ્ઞાસાથી કામ થતું નથી. ઉપર ઉપરની ભાવનાથી કામ થતું નથી. ઉપરછલ્લી. કેમકે એવું તો એણે અનંત વાર કર્યું છે. ધર્મનાં સંપ્રદાયમાં આવીને અનંત વાર એ કર્યું છે. પણ અપૂર્વ ભાવનાથી અને અપૂર્વ જિજ્ઞાસાથી એણે ક્યારે પણ પોતાના સ્વરૂપ પાછળ જવાની કોઈ પ્રવૃત્તિ કરી નથી. જિજ્ઞાસા સુધ્ધા કરી નથી. એટલી વાત છે.

મુમુક્ષુ :– બુદ્ધિ, ધારણા અંદર ઉતરીને...

પૂજ્ય ભાઈશ્રી :– ઉતરીને એટલે શું પણ ? બુદ્ધિ, ધારણા થાય છે એ તો સ્મૃતિનો વિષય છે.

મુમુક્ષુ :– બુદ્ધિ, .. એટલે તત્ત્વ .. પર્યાયાંતર .. થાય છે.. જે પ્રેક્ટિકલ છે...

પૂજ્ય ભાઈશ્રી :– એ તો સંસ્કાર પડી જાય. જ્યાં પ્રયોગથી જ્ઞાનને સમજે એટલી અપૂર્વ જિજ્ઞાસામાં આવે તો સંસ્કાર પડી જાય. એ જાગી જાય. બીજા ભવમાં છેવટ કોઈ એક ભવમાં પણ એ જાગી જાય. એને કોઈ કહેનારો એમ મળે અનુભવી જીવ, અનુભવી, હોં ! બીજો નહિ. બીજો તો કોથળી છોડતો નથી અને વાત કરે છે. પણ અનુભવી છે એ એમ કહે કે આ જ્ઞાન સ્વયં જ્ઞાનથી થાય છે. જ્ઞાન સ્વતઃ થતું એક પરિણમન છે. સ્વતંત્ર છે. સ્વયં થાય છે અને એ જ્ઞાનના થવામાં કોઈની અપેક્ષા નથી. ત્યાં એ અંદરમાં પકડી લે છે કે હા, બરાબર ચાલે છે. જ્ઞાન તો આપોઆપ જ થાય છે. વિચારથી પકડતો નથી પણ પ્રયોગથી પકડી લ્યે છે.

જે પ્રયોગ ભૂતકાળમાં કર્યો હતો એ પ્રયોગનું અનુસંધાન થઈ જાય છે, બસ ! સંસ્કાર જાગૃત થઈ જાય છે. પછી તો જેને ખબર પડે કે અનંતુ જ્ઞાન અહીંયાં ધરબાયેલું છે, દટાયેલું છે. અનંતુ સુખ અહીંયાં ભર્યું છે, એ છોડે પછી ? દરિદ્રી હોય, એક એક ટૂકડા માટે રોટલાના ટૂકડા માટે ભીખ માગતો હોય અને લાચારી કરતો હોય અને એંઠવાડ વીણતો હોય એને એમ કહે કે તારા ઘરના આંગણામાં અખૂટ દોલત ભરી છે. એ કાઢ્યા વગર રહી શકે ? એ જાય દરિદ્રતા કરવા પછી બીજે ? કે પહેલા આ કામ કરે ? ભૂખ્યો તરસ્યો રહીને પહેલા આ કાઢી લઉં.

એમ આ જીવે સુખ માટે જાવા નાખવામાં બાકી રાખી નથી. દરિયા ડહોળ્યા છે એણે. પહાડ અને સમુદ્રોના પરિશ્રમ કર્યા છે. પહાડ તોડ્યા છે અને દરિયા ડહોળ્યા છે. પણ ક્યાંય એને અનંત કાળમાં સુખ વળ્યું નથી અને સુખ પાછળ એ લાચાર છે. ગમે તેવે ત્રણ ટકાના માણસની પણ ખુશામત કરે છે. આ હોય છે ને Officer. Shedule cast. ઢેઢ ભંગીને Officer બનાવ્યો હોય તો સાહેબ, સાહેબ કરે. આટલું કામ એક કરી દ્યો. સાહેબ એક સહી કરો દો. મારા કાગળ ઉપર એક સહી દો. શું કહે ? એક ખાલી એને આમ એની એક Signature લેવા માટે લાચારી કરે.

સુખ માટે એણે લાચારી કરવામાં બાકી નથી રાખી. એને ખબર પડે કે સુખનો ભંડાર મારામાં ભર્યો છે. એ ખોદ્યા વગર કેમ રહી શકે અંદર ? રહી શકે નહિ. પણ એને પ્રતીત આવવી જોઈએ. સત્પુરુષના વચન ઉપર એને પ્રતીત આવવી જોઈએ. પ્રતીતિપૂર્વકનો વિચાર સાધક છે અને અનુભવ સાધ્ય છે. આમાં એક બોલ આવશે. પ્રતીતિપૂર્વકનો વિચાર સાધક છે અને અનુભવ સાધ્ય છે. એને વિશ્વાસ

આવવો જોઈએ. એટલી વાત છે.

એ રીતે માત્ર વિચારથી નહિ પણ પોતાના ઉદયમાં વારંવાર પ્રયોગ કરીને અત્યંત અત્યંત અપૂર્વ જિજ્ઞાસાથી એણે પોતાનું સ્વરૂપ સંશોધન કરીને સ્વભાવને ઓળખવાની મહેનત કરવી જોઈએ. એ નિશ્ચયનો પ્રથમ પુરુષાર્થ છે. નિશ્ચયની દિશામાં પહેલો પ્રયત્ન કરવો જોઈએ. પછી બીજી દિશા પકડવાની વાત છે. જ્યાંથી સ્વસન્મુખ થઈને અનુભૂતિ સુધી પહોંચાય છે. અહીં સુધી રાખીએ...

❋ ❋ ❋

ગુણોને આવરણ નથી વળી તેનામાં ઊણપ નથી તેવી દરેક ગુણની શક્તિ છે. અસ્તિત્વ, વસ્તુત્વ, કર્તા, કર્મ, કરણ આદિ ગુણોનું સામર્થ્ય એવું છે કે તેને આવરણ ન હોય ને અધૂરા ન હોય–એમ નક્કી કરે તો ગુણની જાતિ નક્કી કરી કહેવાય. આવી તાકાત દરેક ગુણની છે. આવો સમ્યક્ભાવ સાધક છે. ને વસ્તુની જાતિ સિદ્ધ થવી તે સાધ્ય છે. ('પરમાગમસાર' બોલ નં. ૬૯૪)

❀

ચિત્તના સંગ વિનાની જ્ઞાન ને આનંદની પરિણતિની આ વાત છે. દ્રવ્ય મનનો સંગ થઈને દયા–દાનાદિની વૃત્તિ ઊઠે તે બંધનું કારણ છે. આત્માનો સંગ બંધના અભાવનું કારણ છે. હું જ્ઞાનાનંદ છું એવા અંતર્સ્વભાવના સંગથી શુદ્ધોપયોગ થાય છે. દયા–દાનથી કે ભગવાનના સંગથી શુદ્ધોપયોગ થતો નથી. શુદ્ધોપયોગ સાધન છે ને તેનું કાર્ય પરમાત્મપણું છે. ત્રિકાળી દ્રવ્યના સંગે શુદ્ધોપયોગ થાય છે. દેવ-ગુરુ-શાસ્ત્રના સંગથી પણ શુદ્ધોપયોગ થતો નથી.

('પરમાગમસાર' બોલ નં. ૬૯૫)

❀

## તા. ૧૧-૮-૧૯૮૫, પાના નં.૨-૩, પ્રવચન નં. ૫.

આત્માની ઓળખાણ કઈ રીતે કરવી એ વિષય ચાલે છે. જ્ઞાનલક્ષણથી આત્માની ઓળખાણ કરવી. એ સિવાઈ આત્માને ઓળખવા માટે અન્ય કોઈ લક્ષણ કામમાં આવતું નથી. આત્માના લક્ષણ વિષયમાં અનેક શાસ્ત્રપાઠ આવે છે. તોપણ ઉપયોગ લક્ષણ છે એ ઓળખવાના તબક્કે એ એક જ અનાદિના અજ્ઞાની જીવને લક્ષણ તરીકે સાધન થાય છે. કેમકે ચારે ગતિના જીવને સમ્યગ્દર્શનનો અધિકાર છે. ચારે ગતિમાં સમ્યગ્દર્શન થાય છે અને તિર્યંચગતિ એ એક એવી ગતિ છે કે જ્યાં જ્ઞાનનો ઊઘાડ બહુ ઓછો હોય, ઉઘાડપણે જ્ઞાન ઘણું બીડાય ગયું હોય તોપણ પ્રયોજનભૂત સુખ-દુ:ખ જે પ્રયોજનનો વિષય છે તેમાં તે જ્ઞાન કાર્યરત થઈ શકતું હોવાથી અથવા એટલું પ્રયોજન સાધી શકતું હોવાથી ઓછામાં ઓછા ઉઘાડમાં પણ એક લક્ષણથી આખો આત્મા લક્ષગત થાય એવું જો કોઈ લક્ષણ હોય તો એ જ્ઞાનલક્ષણ છે. તેથી આત્માને જ્ઞાનતત્ત્વ પણ કહેવામાં આવે છે. આત્મા તો તત્ત્વ છે પણ એને જ્ઞાનતત્ત્વ પણ કહેવામાં આવે છે. જ્ઞાનમાત્રતત્ત્વ. 'અમૃતચંદ્રાચાર્યે' જ્ઞાનમાત્ર કહીને રાગાદિનો નિષેધ કરી દીધો. જ્ઞાન પણ પર્યાય છે અને રાગ પણ પર્યાય છે પણ રાગને જુદો પાડવા માટે જ્ઞાનમાત્ર એવો ભાવ લીધો.

જેમ કોઈ આંબાનો ગોટલો વાવ્યો હોય અને અંકુર ફૂટે. બે પાંદડા બહાર જે નાની કુંપળરૂપે આવ્યા હોય, અંકુરા ફૂટ્યા હોય તોપણ એ પાંદડાનો આકાર, Design જોઈને જમીનમાં રહેલું બીજ છે તે આંબાનો કેરીનો ગોટલો છે તે નક્કી થાય છે કે નહિ ? અને આ આંબો વધીને ઢગલાબંધ કેરી આપશે એમ પણ નક્કી થાય કે ન થાય ?

એમ એક જ્ઞાનનો સ્વભાવ અંશ ઉપયોગમાં ખુલ્લો છે. તે સ્વભાવનો અંકુર છે ખરેખર તો. કે જેના ઉપરથી અંદરમાં અનંત ગુણ સમૃદ્ધ ધરબાયેલું આખું દ્રવ્ય પડ્યું છે. જેમાં કેવળજ્ઞાનની અનંતી પર્યાયો, પરમાનંદની અનંતી પર્યાયો, અનંત વીર્યની અનંતી પર્યાયોનું સામર્થ્ય છે એવું અંદરમાં બીજ પારિણામિકભાવે રહેલું છે. એ એક ઉપયોગલક્ષણથી લક્ષમાં આવી જાય છે. એમ અહીંયાં કહેવું છે.

મુમુક્ષુ :– ઉપયોગ અને જ્ઞાનની પર્યાય, એ બેમાં કાંઈ ફરક ?

પૂજ્ય ભાઈશ્રી :– ના. ઉપયોગ એ જ્ઞાનની પર્યાય જ છે. ઉપયોગ એવી રીતે કહેવામાં આવે છે કે એ જ્ઞાનની પર્યાય પોતાને બુદ્ધિગોચર રીતે સમજવામાં આવે છે. ઉપયોગરૂપ જે જ્ઞાનની પર્યાય છે એ પોતાને બુદ્ધિગોચરરૂપે સમજાય છે કે મેં આ જાણ્યું... મેં આ જાણ્યું... મેં આ જાણ્યું.. આ રંગ કેસરી છે એમ જાણું છું, આ લાલ રંગ છે એમ જાણું છું. લાલની બાજુમાં આ Blue રંગ છે એમ જાણું છું. એમ એને સ્પષ્ટ પોતાનું જ્ઞાન ઉપયોગ પકડાય બુદ્ધિમાં છે. જ્ઞાનની પર્યાયમાં તો લબ્ધ અંશ પણ છે. છતાં એ નથી પકડાતો. લબ્ધ અંશ છે એ સીધો એને પકડમાં આવતો નથી. પણ ઉપયોગ પકડાય છે. કેમકે એ એક એવો જ્ઞાનનો સ્થૂળ વ્યાપાર છે અને અસંખ્ય સમય એક જ્ઞેયથી બીજા જ્ઞેય એને ફરવામાં લાગે છે. એટલે એને અસંખ્ય સમયનો ઉપયોગ કહેવાય છે. એટલે એને એ બુદ્ધિગોચર થાય છે. મનવાળા પ્રાણીને એ બુદ્ધિગોચર થાય છે અને એ જ્ઞાનતત્ત્વ ઉપરથી જ્યારે પોતાના સ્વરૂપનો નિશ્ચય થાય છે. ઓળખાણનો અર્થ છે નિશ્ચય. હું આવો અનંતગુણાત્મક છું એમ જે નિશ્ચય થાય છે ત્યારે આત્મામાં રહેલા અનંત ગુણો સંપન્ન આત્મતત્ત્વ છે એમ જાણતા-એવો નિશ્ચય થતાં એનો અપૂર્વ મહિમા ઉત્પન્ન થાય છે.

જેમ ઘરમાં કાચનો કટકો માનીને ઠેબે ચડાવતા હોય એવા કોઈ ટૂકડાને કોઈ ઝવેરી એમ કહે કે આ તો કરોડોનો હીરો છે. હીરો ક્યાં છે ? આ તો કટકા જેવું દેખાય છે. તો કહે, કરોડોનો હીરો થાય પહેલ પાડવામાં આવે તો. એવો આ કરોડોનો હીરો છે એમ જ સીધું કહે. તો એની ઓળખાણ કરનારને પોતે ઝવેરી હોય, જોવે બરાબર કે વાત તો તમારી સાચી છે, અમારું ધ્યાન નથી ગયું અત્યાર સુધી. તમારી વાત સાચી છે. તમારું ધ્યાન ગયું પણ અમારું ધ્યાન નહોતું ગયું. છે તો છે એ વસ્તુ. પણ એની કિમંત પછી જ્ઞાનમાં બદલાઈ જાય છે. આકાર હજી બદલાણો નથી. એની પર્યાયમાં કોઈ ફેરફાર ન થયો હોવા છતાં જ્ઞાનમાં એની કિંમત આખી બદલાઈ જાય છે.

એમ સ્વરૂપનો નિશ્ચયનો વિષય એવો છે કે જ્ઞાનતત્ત્વ દ્વારા અનંત ગુણના પિંડનો જ્યારે પોતાને નિશ્ચય થાય છે કે હું આવો ત્યારે એને એની કિંમત બદલાઈ જાય છે. આ માર્ગના પ્રવેશદ્વારમાં કોઈ મહત્ત્વનો તબક્કો હોય, કોઈ મહત્ત્વનું Stage હોય તો આ છે. નિશ્ચય થયા વિના કોઈ કાળે કોઈને સમ્યગ્દર્શન થાય, ધર્મનો પ્રારંભ થાય એવું બને નહિ. પહેલું નિશ્ચય થવાનું બને છે અને સ્વાધ્યાય એનું મુખ્ય નિમિત્ત છે. શાસ્ત્રસ્વાધ્યાય, તત્ત્વજ્ઞાનનો અભ્યાસ એનું મુખ્ય નિમિત્ત છે.

પણ જે તત્ત્વજ્ઞાનના અભ્યાસમાં માત્ર એકલો વિચાર કરે છે એને પણ સમ્યગ્દર્શન થતું નથી.

'પરમાગમસાર'માં 'ગુરુદેવ'ના બોલમાં આવી ગયું. એકલો વિચાર કરે છે એને સમ્યગ્દર્શન થતું નથી, એમ કહે છે. એકલો વિચાર ન કરવો તો સાથે સાથે શું કરવું ? સાથે સાથે સ્વભાવની ઓળખાણવાળી જિજ્ઞાસાવૃત્તિથી-સ્વરૂપની ઓળખાણ કેમ કરવી એવી જિજ્ઞાસાવૃત્તિથી સ્વરૂપનો નિશ્ચય કરવાનો, ઓળખાણ કરવાનો પ્રયાસ કરવો, પ્રયત્ન કરવો, પુરુષાર્થ કરવો. માત્ર એકલો વિચાર ન કરવો. વિચારની સાથે સાથે એણે એ પ્રયત્ન કરવો. અને એ પ્રયત્નના શરૂઆતમાં પણ બુદ્ધિપૂર્વકના ભેદજ્ઞાનની ચાવી છે. ભેદજ્ઞાનની ચાવી ક્યાંય બદલાતી નથી. ભેદજ્ઞાનની ચાવીથી નિશ્ચય થાય છે અને એ જ ભેદજ્ઞાનની ચાવીથી સમ્યગ્દર્શન થાય છે અને એ જ ભેદજ્ઞાનની ચાવીથી બધા તાળા ખુલતા ખુલતા શ્રાવકપદથી માંડી મુનિપદથી માંડીને સર્વજ્ઞપદ સુધી જીવ પહોંચે છે. એ બધી કળ એક જ ચાવીથી ખુલે છે.

કાલે એ દૃષ્ટાંત વિસ્તારથી લીધો કે જ્યાં જ્યાં રાગરસ તીવ્ર થાય ત્યાં ત્યાં એ રાગરસ જ જ્ઞાનદર્પણને મલિન કરતું હોવાથી રાગરસ તોડવા માટે એણે જ્ઞાનને એકદમ તપાસવું, શીઘ્રપણે એણે જ્ઞાનને તપાસવું કે કયા કારણે તને હરખ થયો ? એ કયા કારણે તને ખેદ થયો ? મુખ્ય વિષય તો હરખ-શોકથી વધારે (ખ્યાલ આવશે). હરખ-શોકની તીવ્રતામાં રસ વધે છે-વિભાવરસ વધી જાય છે. રાગનો રસ કહો, દ્વેષનો રસ કહો. મોહ-દર્શનમોહ તો ઊભો જ છે એટલે મોહરસ કહો, (એ) ત્યાં તીવ્ર થાય છે. જ્યારે એ રસ તીવ્ર થાય ત્યારે એને પકડાય એવો તીવ્ર થાય એટલે પકડાય એવો. સામાન્ય જે રાગ-દ્વેષનો રસ છે ત્યાં સુધી હજી શરૂઆતમાં નહિ પકડી શકે. આ પાણી પીધું. આ પાનું ફેરવ્યું. પાનું પૂરું થયું ને પાનું (ફેરવ્યું). વિકલ્પ તો બધો રાગ ઉત્પન્ન થાય છે ને એક પછી એક. પણ સામાન્ય પરિણામમાં એને રસ પકડવો અઘરો પડે છે. પણ કાંઈક નુક્સાન ગયું હોય તો અંદરમાં ખેદખિન્ન થાય અથવા પોતાની કલ્પના પ્રમાણે બહારમાં ન બને ત્યારે એને આકુળતા અને ખેદ થાય. પોતાને માનેલો લાભ થયો હોય ત્યારે એકદમ હરખનો આવેશ થાય. એ આવેશના જે પરિણામ છે. ક્રોધનો આવેશ. એવા આવેશના પરિણામ છે એ બધા દ્વેષના અનેક ભાંગા છે અને રાગના અનેક ભાંગા છે. એ રાગ-દ્વેષના કોઈપણ પર્યાયે આવેષાત્મક ભાવ હોય ત્યારે રસ તીવ્ર થાય છે. અને એ જે રાગરસની તીવ્રતા છે એનાથી રંગાયેલું જ્ઞાન, રંજીત થયેલું જ્ઞાન એ જ્ઞાન એટલું મેલું પ્રવર્તે છે મલિન થઈ જાય છે કે એમાં એને પોતાના સ્વતત્ત્વનો, શુદ્ધ તત્ત્વનો મૂળ તત્ત્વનો

નિશ્ચય થઈ શકતો નથી.

નિશ્ચય કરવાનું પરિણામમાં સામર્થ્ય હોવા છતાં, નિશ્ચય કરવાનું બળ હોવા છતાં જ્ઞાન-સંજ્ઞી પંચેન્દ્રિયનું જ્ઞાન નિશ્ચય કરે એવી ક્ષમતા ધરાવે છે. તોપણ એ બીજા અનેક પદાર્થોનો નિર્ણય કરે છે અને એક આત્માનો નિર્ણય નથી કરી શકતો એની પાછળ એની જે જ્ઞાનની સ્વચ્છતા, ભૂમિકાની જે નિર્મળતા માગે છે એ નિર્મળતાનો અભાવ છે. ઉઘાડ એક વાત છે અને નિર્મળતા બીજી વાત છે. અને એ મલિનતા છે. નિર્મળતા નથી અને મલિનતા છે એમાં રાગરસ જ એ જ્ઞાનદર્પણને એટલું મેલું કરે છે કે જેમાં પોતાના જ સ્વરૂપનું પ્રતિબિંબ એમાં પડતું નથી. સ્વરૂપ નિશ્ચય થઈને જે પ્રતિભાસ આવવો જોઈએ કે હું આવો છું. એવો પ્રતિભાસ એમાં આવતો નથી. એનું કારણ એ (રાગરસ) છે.

મુમુક્ષુ :- પહેલા રાગરસ તોડવો ?

પૂજ્ય ભાઈશ્રી :- રાગરસ એનો સ્વરૂપની જિજ્ઞાસાવશ તૂટવો જોઈએ. આમ તો રાગરસ મંદ થાય છે. નાસ્તિનો પ્રકાર છે એ અનેક રીતે મંદ થાય છે. કોઈને એવું બને છે કે વર્તમાન ઉદયની અંદર સંયોગનો કોઈ બહુ મોટો ફટકો પડે. કોઈ એવું પ્રિયજનનું પ્રિયપાત્રનું ઓચિંતું નાની ઉંમરમાં મૃત્યુ થાય અથવા કોઈ મોટી નુકસાની જાય અથવા કોઈ મોટો દગો-ફટકો કરે. સંસાર ઉપર લોકોને વૈરાગ્ય આવે છે. ત્યારે રાગરસ મંદ થાય છે. અથવા સ્વરૂપજ્ઞાન વિના, સ્વરૂપનો આધાર લીધા વિના એમ જ કોઈ ધર્મની ભાવનાથી પણ ઘણા વૈરાગ્યમાં આવે છે. અને દ્રવ્યલિંગી મુનિ તો શુકલલેશ્યા સુધી જાય છે. કેટલો ? લેશ્યા છે એ રસના પરિણામને બતાવનારા જુદા જુદા છ પ્રકારના Stgae છે. એમાં શુકલલેશ્યા પર્યંત જીવ પરિણમે છે. પણ એ નાસ્તિ, રસની નાસ્તિનો આધાર શું છે એ મુખ્ય વાત છે.

અહીંયાં સ્વરૂપ નિશ્ચય પણ જ્ઞાનતત્ત્વનો જે નિશ્ચય છે એ જ્ઞાનના આધારે થાય તો એ યથાર્થ છે. જ્ઞાનતત્ત્વનો નિશ્ચય સિવાય જ્ઞાનનો આધાર લીધા વિના થાય તો તે યથાર્થ નથી. આ તો ચોખ્ખે ચોખ્ખી વાત સમજી શકાય એવી છે. જેનો નિશ્ચય કરવો છે એમાં તો બીજાનો આધાર લે શું કામ આવે ? આ તો સીધી ચોખ્ખી વાત છે કે નહિ ? તારે જ્ઞાનતત્ત્વ આત્માનો નિશ્ચય કરવો છે-સ્વભાવનો નિશ્ચય કરવો છે તો તારે જ્ઞાનના આધારે જ્ઞાનનો નિર્ણય કરવો પડશે. રાગના આધારે જ્યાં સુધી નિર્ણય કર્યો છે ત્યાં સુધી પણ તને યથાર્થ નિશ્ચય થતો નથી. નહિતર તો શાસ્ત્ર વાંચીને નિર્ણય થયો એમ જીવ વિચારે છે કે દ્રવ્ય-ક્ષેત્ર-કાળ-ભાવથી આત્મા કેવો છે એ અમને બરાબર સંમત થયું છે. ન્યાયથી, આગમથી, તર્કથી, વિતર્કથી બધો નિર્ણય થયો છે. દ્રવ્ય-ગુણ-પર્યાય, ઉત્પાદ-વ્યય-ધ્રુવ, ગુણ-

ગુણી ભેદ આટલા પડખા મુખ્ય છે આના. પણ જ્યાં સુધી રાગના આધારે નિર્ણય થયો છે, રાગ મુખ્ય રહ્યો છે. અનાદિનો જીવને પરિણામમાં રાગ મુખ્ય રહ્યો છે અને જ્ઞાનને એ ચૂક્યો છે. એ જ્ઞાનને ચૂક્યો છે એટલે જ્ઞાનને પકડાવવા એમ કહે છે કે જે પરમાં પોતાને જાણે છે એ પણ જ્ઞાન જ જાણે છે. જાણનાર તો ત્યાં જ્ઞાન જ છે. પણ પરમાં પોતાપણું કરતા એ જ્ઞાનને ચૂકે છે.

એ જ્ઞાનને સંભાળવા જ્ઞાનને મુખ્ય કરીને, જ્ઞાનતત્ત્વ આત્માનો જો નિર્ણય કરવામાં આવે, જ્ઞાનના આધારે નિર્ણય કરવામાં આવે તો અનંત ગુણના ખજાનાનો એને પત્તો લાગે. ઉપભોગ પછી ભલે થાય સમ્યગ્દર્શન થતાં, પણ પહેલા એને પત્તો લાગે. એ પત્તો લાગે ત્યારે એને એની સન્મુખતા થાય, એની મહિમા આવે અને એની હુંફ અથવા ઓથ આવે, એનો આધાર આવે, એનું બળ આવે કે મારી પાસે આ બધું છે. અનંત ગુણનો ખજાનો મારી પાસે છે. એનું બળ આવે. એને આત્મબળ કહો કે એને નિર્ણય-નિશ્ચયબળ કહો કે એને જ્ઞાનબળ કહો, બધું એક છે.

નહિતર શાસ્ત્રના આધારે રાગની મુખ્યતાથી નિર્ણય કર્યો હોય તો એને એક સમસ્યા ઊભી રહે છે કે આત્મા સમજાયો તો ખરો. સમજાયો એમ નહિ જે કહે છે એવો બરાબર સંમત થવાય છે, એની સાથે વાંધો વિરોધ આવતો નથી. પણ હવે એ આત્માનો મહિમા કેવી રીતે કરવો ? કેમકે શાસ્ત્રકાર એમ કહે છે કે સમ્યગ્દર્શન તો આત્માના અપૂર્વ મહિમાનું ફળ છે. જો આત્માનો કોઈ અપૂર્વ ભાવે મહિમા આવે અને એ મહિમા આવતા પણ રાગરસ ન વધે. નહિતર મહિમા આવે એમાં રાગ પણ સાથે સાથે કામ કરે છે. પણ આ વીતરાગતત્ત્વનો વીતરાગી આત્મા, વીતરાગસ્વરૂપી આત્મા, વીતરાગતત્ત્વનો મહિમા, વીતરાગભાવે કર્તવ્ય છે અને રાગભાવે કર્તવ્ય નથી. એ જે મહિમા કરતા પણ રાગ તોડવો. મહિમા કરતા રાગ વધારવો એ વાત અહીંયાં નથી. આત્માનો મહિમા થતા પણ રાગ તૂટે અને વીતરાગતામાં પરિણમી જવાય ત્યારે સમ્યગ્દર્શન થાય. ત્યાં સુધી ન થાય.

એમાં શું છે કે જ્ઞાન જાણે છે છતાં માત્ર જ્ઞ-પણું જ તત્ત્વદૃષ્ટિએ જુદું પાડવું છે. એમ જ્યારે સ્વરૂપનો મહિમા આવે છે ત્યારે જ્ઞાનમાં આવેલું જે સ્વતત્ત્વ છે એ જ્ઞાનને અને સ્વતત્ત્વને સીધો સંબંધ છે. સાથે વર્તતા મહિમારૂપ રાગને પણ જ્યાં જુદો પાડવો છે. રાગ પણ ત્યાં આત્માની મહિમા કરશે. જ્ઞાન તો મહિમા કરશે પણ રાગ પણ મહિમા કરશે. વિકલ્પ આત્માનો (ચાલશે કે) હું આવો... હું આવો... હું આવો... અનંત જ્ઞાનસ્વરૂપી, અનંત આનંદસ્વરૂપી એમ વિકલ્પ થયા કરશે. પણ એ વિકલ્પને ત્યાં ટેકો દેવાનો નથી-આધાર દેવાનો નથી-Support કરવાનો નથી. એની ઉપેક્ષા કરવાની છે અને એ રાગને તોડીને વીતરાગ થવાનું

છે, રાગને છેદીને વીતરાગ થવાનું છે.

મુમુક્ષુ :– એવા ... રાગનું પોષાણ નથી.

પૂજ્ય ભાઈશ્રી :– રાગમાત્રનું પોસાણ નથી. એવા કે તેવા પણ રાગમાત્રનું પોસાણ નથી. તેથી તો 'શ્રીમદ્જી'એ કહ્યું કે 'તેહ શુભાશુભ છેદતા ઉપજે મોક્ષસ્વભાવ.' એમ ન કહ્યું કે અશુભ છેદતા, શુભને પાળતા મોક્ષસ્વભાવ ઉપજે એમ ન કહ્યું. તે શુભાશુભ છેદતા જે અશુભને છેદવાનો જે પ્રકાર છે, છેદવાનો પ્રકાર તો શુભને પણ લાગુ પડે છે. 'તેહ શુભાશુભ છેદતા ઉપજે મોક્ષસ્વભાવ.' જે મુક્ત સ્વભાવ પ્રગટ થશે એ શુભાશુભને છેદતા પ્રગટ થશે. એ તો ઉત્કૃષ્ટ શુભ છે. જે વિકલ્પ અને જે રાગાંશ દ્વારા સ્વરૂપનો મહિમા થાય છે. પૂર્ણ તત્ત્વનો પરિપૂર્ણ તત્ત્વનો, પરમતત્ત્વનો મહિમા થાય છે. પરમાત્માનો મહિમા થાય છે, પરમાત્માની સ્તુતિ થાય છે, ખરેખર સ્તવન કરે છે. ગુણસ્તવન છે એ તો. (પણ) રાગથી નહિ. રાગને તો છોડવો છે, રાગને સાથે રાખવો નથી. ભલે પાછળ પાછળ ચાલ્યો આવે છે પણ એને એટલો પાછળ રાખવો છે કે પછી અતંર એટલું વધી જાય કે એ સાથમાં રહે નહિ. એનો સાથ છૂટી જાય. આપોઆપ જ છૂટી જાય. કહેવામાં તો એમ જ કહેવાયને. છૂટે તો આપોઆપ જ છૂટે છે.

પર્યાય માત્ર આપોઆપ છે. કોઈપણ પદાર્થની કોઈપણ પર્યાય તેના પરિપક્વ કાળે ઉત્પન્ન થાય છે, જન્મ પામે છે. આ છએ દ્રવ્યનો, છએ પદાર્થનો પરિણામ સંબંધિત નિયમ છે. કોઈ પરિણામ એના અપરિપક્વ કાળે ઉત્પન્ન થાય છે એ પદાર્થની વસ્તુવ્યવસ્થામાં નથી. ચાહે વિકારી હોય કે ચાહે અવિકારી હોય.

મુમુક્ષુ :- વ્યવહાર...

પૂજ્ય ભાઈશ્રી :- હા, એ વ્યવહાર થયો. કારણકે એ તો પર છે. પર એટલે વ્યવહાર. આ તો વ્યવહારનો તો વિષય જ છે. પર્યાયનો વિષય જ વ્યવહારનો વિષય છે પણ આ તો અશુદ્ધનિશ્ચયનય, અશુદ્ધનયનો વિષય છે.

રાગાદિ છૂટે છે. અહીંયાં શું કહેવા માગે છે ? કે માત્ર રાગના આધારે અને શાસ્ત્રના આધારે માત્ર થયેલો નિશ્ચય એમાં સમસ્યા ઊભી રહેશે કે આત્માનો મહિમા કેમ કરવો ? નિર્ણય તો થયો, જાણ્યું તો ખરું કે આત્મા આવો છે. પણ મહિમા કેમ કરવો ? એ સમસ્યા ઊભી રહેશે. અને બીજો પ્રશ્ન એ ઊભો રહેશે, બીજી સમસ્યા એ ઊભી રહેશે કે આત્મા સમજાવા છતાં એનો પુરુષાર્થ કેમ ઉપાડવો ? એ સમસ્યા જ્યાં સુધી ઊભી છે ત્યાં સુધી એમ સમજવું રહ્યું કે નિશ્ચય યથાર્થરૂપે થયો નથી. ભલે નિશ્ચય આગમ સાથે મેળ ખાય છે, શાસ્ત્ર સાથે મેળ ખાય છે. શાસ્ત્ર એટલે અનુભવીની વાણી. એની સાથે મેળ ખાય છે પણ એની અંદર કોઈ

એવી મૂળની ખામી રહી છે અથવા અયથાર્થતા રહી છે કે જેથી આત્માનો મહિમા ઉત્પન્ન થતો નથી કે આત્માનો પુરુષાર્થ પણ સહજ ઉત્પન્ન થતો નથી.

સહજ મહિમા અને સહજ પુરુષાર્થનો ઉત્પાદક યથાર્થ નિશ્ચય છે. ખરેખર એમ છે. મહિમાવંત સ્વરૂપનું જ્ઞાન થાય, નિશ્ચયમાં તો જ્ઞાનનો પર્યાય છે ને ? મહિમાવંત સ્વરૂપનું જ્ઞાન થાય અને મહિમા ન આવે તો એણે શું જાણ્યું ? નાના છોકરાના હાથમાં હીરો આપો કે સો રૂપિયાની, હજાર રૂપિયાની નોટ આપો, એ એના જેવી વાત છે. એને એની કિંમત નથી. સો રૂપિયાની નોટ હશે તો ઘડીકમાં એ ચીરા કરશે. કેમકે એને ખબર નથી. એ તો બીજા કાગળની જેમ જ આને જુએ છે. રંગ, રૂપ એના ચક્ષુઇન્દ્રિયમાં મોટાને દેખાય છે એ જ પ્રમાણે નાના બાળકને દેખાય છે. કે બીજો કાંઈ અંદર ફોટો પડે છે ? પણ છતાં કિંમત જુદી જુદી છે. એમ માત્ર રાગથી શાસ્ત્રથી થયેલો નિર્ણય એ અનિર્ણય બરાબર છે. કેમકે મહિમાવંતનો મહિમા ન થયો.

અનંત વીર્યનો ધણી પોતે આત્મા અને પુરુષાર્થ કેમ ઉત્પન્ન થાય એમ પૂછે છે ? તો એણે જાણ્યું શું ? તો એણે અનંત વીર્યને ક્યાંથી જાણ્યું ? પોતે અંતઃતત્ત્વ સ્વરૂપ છે. જે તત્ત્વ નિશ્ચયમાં આવે છે એ પોતે અંતઃતત્ત્વસ્વરૂપ છે અને એમ પૂછે છે કે અંતર્મુખ અમારે કેમ થવું હવે ? આત્માને તો ખબર પડી કે આત્મા આવો છે.. આવો છે.. આવો છે. ઉત્પાદ-વ્યય-ધ્રુવથી, દ્રવ્ય-ગુણ-પર્યાયથી બરાબર સમજાય છે પણ હવે અંતર્મુખ કેમ થવું ? એ જે અંતઃતત્ત્વસ્વરૂપ આત્મા છે એના નિશ્ચયમાં એ વાત રહેતી નથી. એને એની રીત અને વિધિ પણ પકડાય જ છે. અને જ્યારે એને એ રીત અને એ વિધિ પકડાય છે ત્યારે એનો પ્રશ્ન ક્યાં રહ્યો ? કે એનો પ્રશ્ન નથી.

મુમુક્ષુ :– પ્રશ્ન કરનાર પોતે જ અંતઃતત્ત્વસ્વરૂપ છે.

પૂજ્ય ભાઈશ્રી :– હા, પણ એ પોતાને ભૂલીને એવી રીતે પ્રશ્ન કરે છે. આમાં એક દૃષ્ટાંત આવશે-ચાંપાનો. ચાંપો ઊંઘમાં ને ઊંઘમાં ઘરબહાર નીકળી ગયો. ઊંઘમાં ઘણા ચાલે છે ને એવી રીતે. પરોઢિયું હતું. પરોઢિયે નીકળી ગયો. સપનું આવ્યું હશે કાંઈક. એમને એમ સવાર પડી ગઈ ફરતા ફરતા. પછી આવ્યો જરા થોડું અંધારું હતું ઘર પાસે. ચાંપાને બૂમ પાડવા માંડ્યો. ઘરમાં ચાંપો છે ? સાંકળ ખખડાવે. એ ચાંપો છે ઘરમાં ? ચાંપાભાઈ ઊઠો ઊઠો, ચાંપાભાઈ ! પણ એલા કોણ છો ? તું તો પોતે જ છો એ. એવું એક દૃષ્ટાંત આમાં આવે છે. એવું છે.

પોતે હોવા છતાં પોતે પોતાને ભૂલ્યો છે એ વાત પણ અનંત કાળથી એક નક્કર હકીકતરૂપે વર્તી રહી છે. અને તેથી એનું પરિભ્રમણ છે એ પણ એક પરિસ્થિતિ

છે. એને પહેલામાં પહેલું એ પરિસ્થિતિ બદલવાનું પગથિયું છે-સમ્યક્દર્શન અને સમ્યગ્દર્શનનું મૂળ કારણ છે-સ્વરૂપનિશ્ચય. આત્માની ઓળખાણ કરવી તે.

અહીંયાં કહે છે એ નિજજ્ઞાન વાનગીને ઘણા સંતો ઓળખી ઓળખીને અજરઅમર થયા. જેણે એ જ્ઞાનના નમૂના ઉપરથી પોતાના જ્ઞાનમય આત્મતત્ત્વને, જ્ઞાનમય આત્મસ્વરૂપની ઓળખાણ કરી ત્યારે એના જન્મ-મરણ નાશ પામ્યા. અજરઅમર થયા એટલે એના જન્મ-મરણ નાશ પામી ગયા. એ ઓળખવાની વાત કહેવામાત્ર જ ન ગ્રહે. એટલે માત્ર સંમત ન કરે. વિકલ્પથી, વાણીથી માત્ર સંમત ન કરે.

**'પણ ચિત્તને ચેતનામાં લીન કરે...'** એટલે કે ચિત્ત નામ જ્ઞાનનો ઉપયોગ. એ ચેતના એટલે સ્વભાવનો આધાર લે, એમ કહે છે. કેવી રીતે નિર્ણય કરે ? કે જ્ઞાનના આધારે જ્ઞાનનો નિર્ણય કરે. જ્યારે નિર્ણય કરનાર જ્ઞાન પોતાના જ્ઞ-તત્ત્વના આધારથી નિર્ણય કરે ત્યારે એને પોતાનું જ્ઞાનસ્વરૂપ, જ્ઞ-સ્વરૂપ ન જણાય એમ કેમ બને ? કે એને અવશ્ય જણાય છે અને અનંત ગુણની ખાણ એના હાથમાં આવે છે. વિશેષતા એ છે કે લક્ષણ છે માત્રજ્ઞાન. અને એ ભલે પરને જાણે છે તે જ્ઞાન છે અહીંયાંથી ઉપયોગને પકડ્યો છે પણ એ પરનું એમાં લક્ષ છોડે છે. જ્ઞાન શું જાણે છે એ છોડે છે. આ જાણ્યું, તે જાણ્યું એ છોડે છે. ગૌણ કરે છે. એમાં એકલું જ્ઞ-પણું જોતા એમાં એને જે જ્ઞાનવેદન છે એ વેદનમાં પોતારૂપપણું, અહમ્પણું, અસ્તિપણું ગ્રહાય છે. અસ્તિત્વનું ગ્રહણ થાય છે.

બીજી રીતે કહીએ તો એમાં અસ્તિત્વનું ગ્રહણ થાય છે. અને એક વાર જો અસ્તિત્વનું ગ્રહણ થાય તો એ અનંત ગુણની ખાણ એ અસ્તિત્વમાં રહેલી હોવાથી એને આત્મા નજરાય છે. આ 'શ્રીમદ્જી' એ પરીભાષા કરી છે. આત્મા નજરાય છે. નજરાય છે એટલે નજરમાંથી પછી ખસતો નથી. એટલે લક્ષમાંથી જાતો નથી એમ કહેવું છે. લક્ષ બંધાય જાય છે. એ 'લક્ષ થવાને તેહનો કહ્યાં શાસ્ત્ર સુખદાયી' એટલું લક્ષ થાય એટલા માટે આ બધું લાબું લાબું વિવેચન શાસ્ત્રમાં આવે છે.

મુમુક્ષુ :– ..... જ્ઞાન જ જણાઈ રહ્યું છે...

પૂજ્ય ભાઈશ્રી :– જ્ઞાન એટલે આત્મા જ જણાઈ રહ્યો છે. એ તો જ્ઞાન ઉપરથી તો હજી જ્ઞેયનું લક્ષ જાય છે. એટલે એ બંધ કરવા માટે અને વેદનની મુખ્યતા કરવા માટે ૧૭-૧૮ ગાથામાં 'અમૃતચંદ્રાચાર્યદેવે' તો એવી ટીકા કરી કે અનુભૂતિસ્વરૂપ ભગવાનઆત્મા અનુભવમાં આવી રહ્યો છે. જે જ્ઞાનતત્ત્વ છે, જ્ઞ-તત્ત્વ છે એ જ સ્વભાવતત્ત્વ છે અને એ જ ભગવાનતત્ત્વ છે. જે સ્વભાવ છે એ ભગવાન છે અને ભગવાન છે એ સ્વભાવ છે. કેમકે સ્વભાવમાં જન્મ-મરણ નથી.

ભગવાનને જન્મ-મરણ ન હોય. અજન્મા છે. એટલે સ્વભાવ છે ત્યાં. ભગવાનઆત્મા લીધું છે.

ભગવાનઆત્મા આબાળગોપાળને સદાય અનુભવમાં આવી રહ્યો હોવા છતાં એ ઉદયમાં એટલો તન્મય છે કે લક્ષ કરતો નથી. એવો શબ્દ વાપર્યો છે કે જ્ઞાન ઉપરથી જ્ઞાન નામ જ્ઞેય અપેક્ષિત હોવાથી... અનુભૂતિસ્વરૂપ ભગવાનઆત્મા અનુભવમાં આવે છે. એટલે વેદન મુખ્ય લીધું. વેદાવું એક વાત છે. જાણવું એ એનું એક બીજું પડખું છે. એક જ ભાવનું બીજું પડખું છે. જાણવું અને વેદાવું.

એટલે તો એક પ્રશ્ન વિવાદાસ્પદ 'ગુરુદેવ'ની ઉપસ્થિતિમાં ઉત્પન્ન થયો. કે સમ્યગ્દર્શનના કાળમાં પોતાની પર્યાય જણાય કે ન જણાય ? એવો એક પ્રશ્ન ઊભો થયો હતો. ચર્ચા ચાલી મુમુક્ષુઓમાં. 'ગુરુદેવ' સુધી એ પ્રશ્ન ગયો. ચર્ચા એમ ચાલી કે કોઈએ એવો અભિપ્રાય વ્યક્ત કર્યો. સમ્યગ્દર્શનની પર્યાયમાં સમ્યગ્દર્શન થાય ત્યારે પર્યાય જણાય. તો કહે, નહિ. આત્મા જ જણાય, પર્યાય ન જણાય. ત્રિકાળી જણાય ને પર્યાય ન જણાય. ખરું શું આમાં ? 'ગુરુદેવ'ને પ્રશ્ન પૂછ્યો. સમ્યગ્દર્શનના કાળમાં નિર્વિકલ્પ શુદ્ધોપયોગના કાળમાં પર્યાય જણાય કે ન જણાય ? તો 'ગુરુદેવે' એમ કહ્યું કે પર્યાય વેદાય. શું કીધું ? જણાય એમ પુછ્યું અને વેદાય એમ જવાબ દીધો તો એની પાછળ કાંઈક મર્મ છે. કેમકે ત્યાં જે જાણવું ઉપયોગ મૂકીને થાય છે. કે આને ઉપયોગ મૂકીને જાણ્યું કે આ કેસરી રંગનું કાપડ છે. કપડું માત્ર કપડાનો રંગ કેસરી છે. તો એ ઉપયોગ મૂકીને જે જાણ્યું એમ પર્યાય ઉપર ઉપયોગ ત્યાં નથી. છતાં પર્યાયમાં ઉત્પન્ન થયેલ જ્ઞાન, આનંદ આદિ અનંત ગુણનો રસ છે એનો અનુભવ છે. વેદન તો અનંત ગુણના રસરૂપ પર્યાયનું છે. સર્વ ગુણાંશ તે સમ્યકત્વ. સમ્યકત્વની જ્યાં વ્યાખ્યા કરી તો કહ્યું, સર્વ ગુણનો શુદ્ધ અંશ-શુદ્ધ પરિણમેલો અંશ અનુભવગોચર થાય. આમાં લેશે. આમાં આ જ ત્રીજા પાનાની નીચે છે. 'જ્ઞાનદર્પણ'નું છે. 'દિપચંદજી'નું જ પદ છે. ૧૫૩મું.

**ગુણ અનન્તકે રસ સબૈ, અનુભૌ રસકે માંહિ;**
**યાતૈં અનભૌ સારિખો, ઔર દુસરો નાંહિ.**

છે ને ? 'જ્ઞાનદર્પણ' એમની 'દિપચંદજી'ની જ રચના છે. એમાં એમણે અનંત ગુણના રસનો અનુભવ સ્વાનુભવના કાળમાં થાય છે. માટે અનુભવની બરાબર કોઈ નથી એમ કરીને વાત લીધી છે. આ પદ 'સોગાનીજી'એ એક પત્રમાં દોહરાવ્યું છે.

મુમુક્ષુ :– 'જ્ઞાનદર્પણ' તો પ્રગટ થયું ગયું ને ?

પૂજ્ય ભાઈશ્રી :– આપણે ત્યાંથી પ્રગટ નથી થયું. 'જ્ઞાનદર્પણ' એમનો ગ્રંથ છે એ પદ્યમાં છે. બીજા ગ્રંથો એમના ગદ્યમાં છે. 'જ્ઞાનદર્પણ' ગ્રંથની રચના છે એ પદ્યમાં છે. ૧૫૩-૧૫૪ બેય પદ છે એ 'જ્ઞાનદર્પણ'ના જ છે. બહુ ઘણો રસ છે. 'દિપચંદજી'નું તો અધ્યાત્મ ઘણું છે.

મુમુક્ષુ :– ...જણાય છે તો પર્યાય જણાય છે...

પૂજ્ય ભાઈશ્રી :– હા, એમાં વેદાય છે એમ એટલા માટે લીધું કે ઉપયોગ નથી પર્યાય ઉપર. ઉપયોગ આત્મા ઉપર છે. એટલે જણાય છે આત્મા. જે આત્મા જણાય છે, ઉપયોગમાં આવેલો જે આત્મા જણાય છે તે વેદાતો નથી. વેદાય છે પર્યાય. કેમકે વેદન પર્યાયમાં થાય છે. વેદન સામાન્યમાં થતું નથી. સામાન્યનું અવલંબન છે તેથી સામાન્યને જાણે છે એમ કહેવાય છે. ઉપયોગને સામાન્યનું અવલંબન છે એટલે સામાન્ય જણાય છે એમ કહેવાય છે. અને કોઈ વખત તો સામાન્યનું જ્ઞાન થયું, સામાન્ય તો પરમાત્મા છે અને પરમાત્મા પ્રગટ થયો એવું બધું કહેવાય. અથવા પરમાત્મામાં લીન થઈ ગયો પોતે, અભેદ થઈ ગયો પોતે, તન્મય થઈ ગયો, વ્યાપી ગયો આ બધા શબ્દો વપરાય છે. એ બધું કહેવાય છે, ભાવની અભેદતા બતાવવા માટે. ભાવની એકાગ્રતા અને તન્મયતા બતાવવા માટે (કહેવાય છે). પણ સામાન્ય, સામાન્ય રહે છે અને વિશેષ, વિશેષ રહે છે. વિશેષ સામાન્યરૂપ થતું નથી, સામાન્ય વિશેષરૂપ થતું નથી. એકબીજામાં આવતા નથી, એકબીજાને સ્પર્શતા નથી.

મુમુક્ષુ :- સ્વપરપ્રકાશકપણું...

પૂજ્ય ભાઈશ્રી :- એમાં આનંદને પરપ્રકાશકપણું કીધું છે. આનંદને પરપ્રકાશકપણું (કીધું છે). જ્ઞાન, જ્ઞાનને જાણે અને જ્ઞાન આનંદને પણ વેદે, જાણે. કેમકે વિકલ્પમાં આવે ત્યારે એને બરાબર ખ્યાલ આવે છે કે આવો આત્માનંદ મારા અનુભવમાં (આવ્યો). આ પહેલાની નિર્વિકલ્પદશાની ક્ષણો હતી ત્યારે મને આવો આનંદ થયો હતો. અને આવો જે આનંદ છે એ આત્માનો આનંદ છે અને આવો અપરિમિત અખૂટ આનંદ, આવો બેહદ અમર્યાદિત આનંદ એ સિદ્ધપદનો આનંદ છે. આવો પ્રચૂર આનંદ તે મુનિપદનો આનંદ છે. એ બધી એને ખબર પડે છે પછી. સંવર, નિર્જરા અને મોક્ષતત્ત્વનું જ્ઞાન એમાં થઈ જાય છે. ત્યારે એને મુનિપદનું જ્ઞાન થાય છે.

આ લોકો મુનિપદમાં જરા ગડબડ કરે છે ને કે આવા મુનિ ન હોય એની શું ખાતરી ? આવા મુનિ.. ભાઈ ! એમાં આનંદ અને વીતરાગતા કેટલી થઈ છે તેના સ્વાનુભવીને એની ખબર પડે છે. જે આનંદ અને વીતરાગતાની પ્રચુરતામાં ત્રણ કષાયની ચોકડી ખલાસ થઈ છે. એક સંજ્વલનનો અલ્પ કષાય રહ્યો છે

કે જેની અંદર કષાય ઘણો મર્યાદિત થઈ ગયો છે, વિકલ્પ ઘણો મર્યાદિત થઈ ગયો છે એવી સ્થિતિ છે. એને વીતરાગી મુનિ કહેવામાં આવે છે. એનું જ્ઞાન એને છે-અનુભવીને એનું જ્ઞાન છે. ભલે અહીંયાં અનુભવ ચોથા ગુણસ્થાનનો છે પણ પૂર્ણ પદના અવલંબને અનુભવ હોવાથી એને પૂર્ણતાનો અનુભવ છે. પૂર્ણતાનો અનુભવ છે એ રીતે વચ્ચેના Stage નો પણ એમાં અનુભવ આવી જાય. એક સો સુધી આવડે છે ગણિત, આંકડા તો એને ૭૫ કેમ થાય એ પણ આવડે છે અને ૫૧ કેમ થાય એ પણ એને આવડે છે. સીધી વાત છે. એટલે ત્યાં વેદન છે માત્ર અને એના ઉપર લક્ષ નથી, ઉપયોગ નથી એમ બતાવવા માટે પર્યાયનું વેદન હોય છે એમ 'ગુરુદેવે' જવાબ દીધો. ત્યારે પ્રશ્નકારે પ્રશ્ન ફરીને પૂછ્યો. મારી ઉપસ્થિતિમાં વાત થઈ હતી. પણ પર્યાય જણાય કે ન જણાય ? તો કહ્યું, પર્યાય વેદાય. તોય પોતે ઉત્તર ફેરવતા નથી.

પછી એ એક આખો જિજ્ઞાસાનો વિષય થઈ જવો જોઈએ પ્રશ્ન પૂછનારને કે હું આમ પૂછું છું અને ઉત્તર આમ આપે છે તો આની પાછળ મર્મ શું છે અને રહસ્ય શું છે ? પોતે એ ખોલ્યું નહિ, ત્યારે ઉત્તર દેતી વખતે એ ખોલ્યું નહિ કે આ વેદાય અને જણાયમાં અમે શું ફેર પાડવા માગીએ છીએ ? હવે જો એટલી જિજ્ઞાસા પ્રશ્ન પૂછનારને હોય અને પૂછે તો આખો ખજાનો ખૂલે. અને જો એને જિજ્ઞાસા ન હોય તો એ ખોલે તોય નકામું જાય. આ ખબર છે ઉત્તર દેનારને. એટલે પોતે ખોલ્યું નહિ. અને પૂછનારે જિજ્ઞાસા બતાવી નહિ. વાત એમને એમ રહી ગઈ.

મુમુક્ષુ :- હવે આપ કહો.

પૂજ્ય ભાઈશ્રી :- એ તો વાત સ્પષ્ટ થઈ ને કે ત્યાં વેદન છે, ત્યાં ઉપયોગ નથી. ઉપયોગરૂપે પર્યાયનું જાણવું નથી. પર્યાયને ઉપયોગમાં લઈને જાણવું નથી કે મને કેવો આનંદ આવ્યો ? મને કેવો અનુભવ થયો ? નિર્વિકલ્પતા એટલે શું ? સવિકલ્પતા એટલે શું ? એ વિચાર કે ત્યાં લક્ષ નથી. તો તો ત્યાં વિકલ્પ ઉત્પન્ન થઈ જાય. જો પર્યાય ઉપર એનો ઉપયોગ જાય તો તરત જ વિકલ્પની ઉત્પત્તિ થઈ જાય. ખલાસ થઈ જાય એટલે. પર્યાય ઉપર જ્યાં સુધી ઉપયોગ રહે છે ત્યાં સુધી ધ્યાનીને સ્વરૂપધ્યાન કરવામાં નિર્વિકલ્પ ધ્યાન થતું નથી. આમ છે. એ ઘર છોડે ઉપયોગ, પર્યાયનું ઘર છોડે ઉપયોગ ત્યારે એ દ્રવ્ય ઉપર સ્થિર થાય ઉપયોગ. અને દ્રવ્ય ઉપર ઉપયોગ સ્થિર થાય ત્યારે નિર્વિકલ્પ ધ્યાન જામે ત્યાં સુધી નહિ. અહીં તો હજી રાગ મૂકવો નથી. પર્યાયની તો વાત એક બાજુ રહી રાગ મૂકવો નથી. આ રાગ જોઈએ, આ રાગ જોઈએ. ભાઈ ! બહુ દૂર છો. આઘુ છે હજી

તો. તારા વર્તમાન શુદ્ધ પર્યાયનું પણ તારે લક્ષ અને ઉપયોગ ન રહે ત્યારે સ્વરૂપધ્યાન જામશે. નહિતર વિકલ્પની ઉત્પત્તિ અને રાગની ઉત્પત્તિ થયા વિના રહેશે નહિ. આ એનું પરિણામનું વિજ્ઞાન છે. આત્માનું આ વિજ્ઞાન છે. આ કોઈ કૃત્રિમ બનાવેલી ચીજ નથી પણ આ એક વસ્તુવિજ્ઞાન છે કે આમ જ પરીસ્થિતિ છે. અનિવાર્ય. એમાં બીજો ફેરફાર ચાલતો નથી.

(અહીંયાં) એ કહ્યું કે **'ચિત્તને ચેતનામાં લીન કરે,...'** એટલે કે ઉપયોગને સ્વભાવમાં લીન કરે. ઉપયોગમાં ઉપયોગ સ્વભાવનો આધાર લે. સ્વભાવના આધારે એ નિર્ણય કરે અને સ્વભાવના આધારે અનુભવ કરે. **'સ્વરૂપ-અનુભવનો વિલાસ સુખનિવાસ છે તેને કરે.'** જે સ્વરૂપનો અનુભવ થાય, લીનતા થતાં-એકાગ્રતા થતાં જે અનુભવ સ્વરૂપનો થાય એમાં આનંદનો વિલાસ છે અને સુખનો નિવાસ છે. શાંતિ છે. શાંતિથી પોતાના સ્વરૂપઘરમાં એ નિવાસ પામે છે. અને જેમ પોતાના મકાનની અંદર કોઈ હીંડોળે હીંચકે, અમારે તો આનંદ... આનંદ.. આનંદનો વિલાસ છે. એ આનંદનો વિલાસ. આનંદના હીંચકે હીંચકતા છે. આનંદના હીલોળે ચડ્યો એ આત્મા. આનંદની ભરતી આવી પરિણમનમાં એ અનુભવનો વિલાસ છે અને એમાં સુખ-શાંતિનો નિવાસ છે તેને કરે.

**'(સ્વરૂપ-અનુભવનો જે સુખરસ છે તેમાં ચિત્તને રમાવે.)'** એટલે એકાગ્ર કરે. જે સ્વરૂપઅનુભવમાં સુખનો રસ ઝરે છે એમાં લીન થઈને રહે. એમાં એકાગ્ર થઈ જાય. **'તે કેવી રીતે કરે તે કહેવામાં આવે છે.'** કેવી રીતે ? એકાગ્રતા કરવી હોય તો કેવી રીતે થાય ? એ કહેવામાં આવે છે. ફેરવી ફેરવીને એ વાત લીધી છે કેમકે એના જે અનેક પડખા છે અનુભવ થવા સંબંધીના, પરિણામમાં અનેક ગુણો કાર્ય કરે છે અને એક એક ગુણને ઘણા પડખા છે પાછા. છદ્મસ્થની વાણી કહેવા જાય ત્યારે તો એને બધું વારાફરતી જ કહેવું પડે. એ સિવાય બીજી કોઈ વાણીની વ્યવસ્થા છદ્મસ્થ પાસે નથી. એટલે એકને એક વિષયને એ ફરીને ઉખેળે છે. ત્યારે જુદી જુદી વાત કરે છે. તેની તે વિષયની વાત જુદી જુદી કરતા હોય એવું લાગે છે. રીત એમાં બદલાતી નથી. વિષય એમાં બદલાતો નથી, પણ કથન બદલાય છે, શબ્દો બદલાય છે, શૈલી બદલાય છે એવું બધું જોવા મળે છે. એ કેવી રીતે કરે તે કહેવામાં આવે છે.

**'નિરંતર પોતાના સ્વરૂપની ભાવનામાં મગ્ન રહે.'** આ ભાવનાનો વિષય ઉપાડ્યો. પહેલા નિર્ણયનો વિષય ઉપાડ્યો હતો. અહીંયાં ભાવનાનો વિષય ઉપાડ્યો. જેને પોતાના સ્વરૂપ પ્રાપ્તિની ભાવના એવી છે કે જે નિરંતર રહ્યા કરે છે. આંતરો પડતો નથી. તરસ લાગે તો પાણી સિવાય બીજું માગે નહિ. પ્રાણ છૂટે એવી સ્થિતિ

આવે. પાણી પાણી થઈ ગયું હોય. રૂવાંડે રૂવાંડેથી પાણીનો પોકાર છૂટતો હોય. એ બીજું શું માગે ? એમ કહે છે. એવી તરસ લાગી હોય કે કલાકો નહિ દિવસો સુધી પાણી ન મળ્યું હોય અને હવે તો પ્રાણ છૂટે એ પરિસ્થિતિ હોય તો એને રૂવાંડે રૂવાંડે પાણી(નો પોકાર ઉઠતો હોય) એમાં કોઈ ફરસાણ આપે તો ? ખમણ-ઢોકળા ખાવ તમે. મરી જાવું છે ? ખમણ-ઢોકળું મોઢામાં મૂકે તો શું થાય ? ગળા નીચે ન ઉતરે. ઉતરે ? ત્યાં જ સલવાય. પાણી વગર શું કરે ? શરીરમાં પાણી જોઈએ કે નહિ ? પાણી સિવાય બીજું ચાલે નહિ ત્યાં. એવી એક સ્વરૂપની પ્રાપ્તિની ભાવના પણ એવી જ છે. (જે) ચૈતન્યમાંથી ઉત્પન્ન થયેલી ભાવના ચૈતન્ય ચૈતન્યનો પોકાર કરે છે. શરીરમાં પાણી એક અવયવ છે. શરીરમાં પાણી એક એનો અવયવ થઈને રહે છે. એમ આ એનો અવયવ છે. એ જ્યારે એનો પોકાર કરે છે ત્યારે એ ભાવના સફળ થયા વિના રહેતી નથી.

'બહેનશ્રી'નો ૨૦મો બોલ છે ચૈતન્યની ચૈતન્યમાંથી ઉત્પન્ન થયેલી ભાવના. ચૌદ બ્રહ્માંડ ફરી જાય તોપણ આ ભાવના નિષ્ફળ જાય એવું કદી બને નહિ. ક્યાંથી કાઢ્યું પણ આ ? એ અનુભવમાંથી કાઢ્યું. જેને સ્વરૂપ પ્રાપ્તિ થઈ છે એ પોતાના ભૂતકાળને જોઈને કહે છે કે આવી એક ભાવના હોય છે. નિરંતર આ ભાવનામાં જે જીવ આવે છે એની મગ્નતા છૂટતી નથી. ત્યારે એને બીજા બધા પ્રતિબંધક કારણો જે પર્યાયમાં ઊભા થતા હતા એ ઉત્પન્ન થતા બંધ થઈ જાય છે. પછી જેને સ્વરૂપપ્રાપ્તિની, આત્મપ્રાપ્તિની, ચૈતન્યની ભાવના તીવ્રતમ થઈ જાય-એકદમ તીવ્ર થઈ જાય, પરાકાષ્ઠાએ પહોંચે એને પુદ્‌ગલની ભાવના ક્યાં રહે અને પુદ્‌લનો રસ ક્યાં રહ્યો ? જે પુદ્‌લમાં સુખરસ છે એ તો એના જ્ઞાનને મલિન કરે છે. એ તો એને પોતાનું સ્વરૂપ ભાસવા દેતું નથી. અહીંયાં એ મોટું જે પ્રતિબંધ કારણ છે એ ખલાસ થઈ ગયું.

**'નિરંતર પોતાના સ્વરૂપની ભાવનામાં મગ્ન રહે, દર્શનજ્ઞાનચેતનાનો પ્રકાશ (પોતાના) ઉપયોગ દ્વારમાં દઢ ભાવે (ચિંતવે).'** બહુ અંતર પરિણતિની વાત લીધી છે. જ્ઞાનદર્શનરૂપ જે ચેતના છે, ચેતના છે તે જ્ઞાનદર્શનસ્વરૂપ છે. તેનો પ્રકાશ એટલે તેનું વેદન. જ્ઞાન-દર્શનનું વેદન. પ્રકાશ છે એટલે વેદન છે. વેદનથી પ્રસિદ્ધિ છે. વેદનથી પ્રકાશમાનપણું છે. કોનું ? જ્ઞાનનું અથવા દર્શનનું અથવા ચેતનાનું. 'અમૃતચંદ્રાચાર્યે' લક્ષ લક્ષણની ચર્ચામાં એ વાત કરી કે જ્ઞાનની સ્વસંવેદનથી પ્રસિદ્ધિ છે. ક્યાંથી એનો પ્રકાશ ? પ્રસિદ્ધિ એટલે પ્રકાશ ક્યાંથી થયો ? કે વેદનથી થયો. આને જાણ્યું એમ નહિ. વેદનથી પ્રકાશ થયો એમ (કહેવું છે). અને એ પ્રકાશ એ વેદન અને વેદન એ પ્રકાશ. પ્રકાશશકિતનું વર્ણન એ રીતે કર્યું પોતે.

'અમૃતચંદ્રાચાર્યે' બારમી પ્રકાશશક્તિ ૪૭ શક્તિમાં (લીધી). કેવી છે પ્રકાશશક્તિ ? કે સ્વસંવેદનમયી પ્રકાશશક્તિ. આટલી વ્યાખ્યા કરી. પ્રકાશશક્તિની વ્યાખ્યા કરી ત્યારે.

કેવું અધ્યાત્મ છે આ વિષયનું ! પોતે પોતાને વેદે એવું જે સ્વસંવેદન છે એ જ પ્રકાશ છે આત્માને માટે. એ આત્માનો પ્રકાશ છે-એ ચૈતન્યનો પ્રકાશ છે. ક્યાં છે એ પ્રકાશ ? કે ઉપયોગ દ્વારમાં છે. ઉપયોગ શબ્દ લીધો છે ને ? ઉપયોગ દ્વારમાં એ પ્રકાશ છે. ઉપયોગ દ્વારમાં એ વેદન છે એને પકડે. એને પકડે એટલે એ સામાન્ય પકડે નહિ, દઢપણે પકડે અને દઢપણે હું છું એમ એમાં હુંપણું કરે એને અહીંયાં ચિંતવે એમ કહેવામાં આવે છે.

'આવો હું' એમ વેદનને પકડીને જ્યાં સ્વભાવનું ગ્રહણ કરે ત્યારે એણે ઉપયોગ દ્વારમાં દર્શનજ્ઞાનના પ્રકાશને ચિંતવ્યો એમ કહેવામાં આવે છે. અહીંયાં આવે. જ્ઞાન ઉપરથી અહીંયાં પ્રકાશ ઉપર આવે, વેદન ઉપર આવે. વેદન ઉપર આવતા સ્વભાવમાં હુંપણું થાય. સ્વભાવમાં હુંપણું થાય ત્યારે હુંપણે બીજી બધી વાત ન રહે. ત્યારે ચિદ્‌પરિણતિ ઉત્પન્ન થાય કે જે ચિદ્‌પરિણતિ દ્વારા '**ચિદ્‌પરિણતિથી સ્વરૂપરસ થાય છે.**' પરિણતિમાં રસ રહે છે, પરિણતિમાં રસ રહે છે.

સમજવા જેવો વિષય છે. ઘણા એમ કહે કે ભાઈ ! તમે રોજ શાસ્ત્ર વાંચનમાં જાવ છો ખરું ? હા. તમારા શાસ્ત્ર વાંચનમાં શું ચાલે છે ? આત્માની અનેક પ્રકારની વાતો શાસ્ત્રમાં જે હોય એ અનુસાર ચાલે છે. તો કહે, એ બધી વાતો સાંભળો છો ? હા, એ બધી વાત અમે સાંભળીએ છીએ. પછી કોઈ એમ કહે, ભાઈ ! એ ભલેને એ બધી વાત સાંભળતા પણ એની પરિણતિ છે ને એમાં તો એકલી દુકાન, એકલો ધંધો, એકલો બધો ઉદયનો રસ પડ્યો છે. એમ ન કહે ? જ્યારે એને આત્માનો વિષય એના પોતાના વ્યવહારની અંદર કાંઈપણ ફરક ન લાવે અને જેવો પહેલાના રસથી જે પ્રકારે વેપાર-ધંધા-ઉદ્યોગમાં પ્રવૃત્તિમાં પ્રવર્તતો હોય એમને એમ પ્રવર્તે. ત્યારે શું કહે માણસ ? એ તો શાસ્ત્રો સાંભળતા હશે, વાંચતા હશે. પણ આની જે પરિણતિ છે એમાં બીજું કાંઈ ફેરફાર નથી. એનો અર્થ શું છે ? એનો રસ બધો ત્યાં પડ્યો છે. અહીંયાં આત્મા આત્મા કરે પણ પરિણતિનો રસ બીજે પડ્યો છે. તો એને એ આત્મા-ફાત્મા કાંઈ લેવા-દેવા નથી.

અને એવું સમ્યગ્દષ્ટિને ઉલટું છે. એની ચિદ્‌પરિણતિમાં જે સ્વરૂપરસ ઉત્પન્ન થઈ ગયો છે એ બાહ્ય વ્યવહારની અંદર અનેક પ્રવૃત્તિમાં દેખાય પણ એ ક્યાંય નથી. ખાય છે પણ ખાતો નથી, બોલે છે પણ બોલતો નથી અને ચાલે છે પણ ચાલતો નથી. એમ કહેવામાં આવે છે. કેમકે એની પરિણતિ ફરી ગઈ છે.

'બહેનશ્રી' આ વિષયમાં બહુ સરસ વાત કરે છે, ક્યારેક ક્યારેક ચર્ચા નીકળે છે ત્યારે, કે મુમુક્ષુનું જીવન આત્મામય થઈ જવું જોઈએ. એ બોલ પણ આવે છે. એ એને અનુસરીને એવું કહે છે કે આ બધું વાચવું, સાંભળવું થાય છે પણ કાંઈ થતું નથી એમ કોઈ મુમુક્ષુ જ્યારે અસંતોષ ઉત્પન્ન કરે. આપણે વર્ષોથી સાંભળીએ છીએ, વાંચીએ છીએ પણ જે કાંઈ થવું જોઈએ એ થતું નથી. કામ થતું નથી. એ એમ કહે છે કે પહેલા પરિણતિ થઈ જવી જોઈએ. આવું કહે છે. પહેલા પરિણતિ થઈ જવી જોઈએ. પરિણતિ થઈ જવી જોઈએ એટલે શું ? કે એનો રસ બધો ત્યાં જામવો જોઈએ. અને એક જગ્યાએ રસ જામે તો આ એક એવો વિષય છે કે બીજી બધી જગ્યાએથી એનો રસ ફિક્કો પડી જાય. એનો રસ ઉડી જાય એવું બન્યા વિના રહે નહીં. એ તો અનેક જગ્યાએ જુદી જુદી રીતે જુદી જુદી ભાષામાં આ બધી વાતો સત્પુરુષોના વચનોમાં પડેલી જ છે. રહેલી જ છે.

અહીંયાં ચિદ્પરિણતિથી સ્વરૂપરસ ઉત્પન્ન થાય તો કેવી રીતે ઉત્પન્ન થાય ? એ વાત 'દિપચંદજી'એ સ્પષ્ટ કરી છે. કેવી રીતે થાય ? એ પ્રશ્ન છે ને ? આ રીતે થાય. નિરંતર પોતાના સ્વરૂપની ભાવનામાં રહે અને દર્શનજ્ઞાન ઉપયોગમાં પોતાના વેદનને દઢપણે પકડીને સ્વભાવને ચિંતવે કે આ હું. તો એને ચિદ્પરિણતિથી સ્વરૂપરસની ઉત્પત્તિ થાય. તો એને ચિદ્પરિણતિ ઉત્પન્ન થાય-ચૈતન્યની પરિણતિ ઉત્પન્ન થાય કે જેમાં સ્વરૂપરસ જળવાઈ રહે. સ્વરૂપરસ છે એ પરિણતિનો રસ છે અને એ પરિણતિ બહુ દઢ છે.

ઊંધી પરિણતિ તોડવી એ અસાધારણ વાત છે અને સવળી પરિણતિ થયા પછી તો એ તૂટતી નથી, એમ કહેવાય છે. એ સવળી પરિણતિ તૂટતી નથી. સમ્યગ્દષ્ટિને ઉદયના પ્રસંગ અનેક પ્રકારે પડે છે, અનેક પ્રકારે ચિત્ર-વિચિત્ર (પ્રસંગો) ઊભા થાય છે. ચારેય ગતિમાં. ચાર ગતિમાં સમ્યગ્દષ્ટિઓ છે. એ બધાયના ઉદય પૂર્વકર્મ અનુસાર છે. કોણે કેવા અજ્ઞાનભાવે કેવા કેવા કર્મ બાંધ્યા હોય છે એ બધા ઉદયમાં આવે છે. ઉદયમાં આવે તો અજ્ઞાનભાવે બાંધેલા આવે ને ? કારણ કે પહેલા તો અજ્ઞાનદશા હતી. એનો શું મેળ છે ? છતાં એ ચિદ્પરિણતિ છે એ એક એવો અભેદ ગઢ છે, અભેદ કિલ્લો છે કે ઉદયભાવ અને ઉદયના પ્રસંગોનો ત્યાં પ્રવેશ થઈ શકતો નથી. જબરદસ્ત સ્થિતિ છે એની ! ઘણી શક્તિ છે એ બંધાયેલી પરિણતિ છે, જે ભાવનાથી બંધાણી છે. પરિણતિ ભાવનાથી બંધાણી છે. ભાવનાનું બહુ મહત્ત્વ છે. અને જ્ઞાનીઓ હંમેશા એમ કહે છે કે તને ઉઘાડ ઓછો-વત્તો હશે તો ચાલશે. બુદ્ધિ ઓછી-વત્તી હોય એનો બહુ વાંધો નથી પણ ભાવના જોશે. ભાવના હશે તો ભાવના વધારીને તું પરિણતિમાં આવી શકીશ.

પણ ભાવના વિહિન લુખ્ખા પરિણામ હશે તો તારી બુદ્ધિનો વ્યાપાર છે એ સવળે રસ્તે નહિ ચાલે પણ અવળે રસ્તે ચાલવા માંડશે. આ થઈ જશે.

મુમુક્ષુ :– સ્વરૂપરસ એટલે અનુભવ ?

પૂજ્ય ભાઈશ્રી :– અહીંયાં શું છે કે સ્વરૂપરસ એટલે આત્મા સંબંધીનો રસ. હજી તો પરિણતિમાં લેવું છે. સ્વરૂપની ભાવનાની પરિણતિથી ઉપયોગ ઉપરથી આખો આત્મા જ્યાં દઢ ચિંતવવામાં આવે છે, સ્વભાવને ચિંતવવામાં આવે છે ત્યારે અંદર સ્વરૂપરસની ઉત્પત્તિ થાય છે.

મુમુક્ષુ :– સમ્યગ્દર્શન પહેલાની વાત છે ?

પૂજ્ય ભાઈશ્રી :– હા, સમ્યગ્દર્શન પહેલેથી એ શરૂ થાય એમાં સમ્યગ્દર્શન થાય અને પછી પરિણતિ એમને એમ આગળ વધે છે.

મુમુક્ષુ :– પહેલા પરિણતિ થાય ?

પૂજ્ય ભાઈશ્રી :– પરિણતિ તો થવી જોઈએ. પરિણતિ થઈ જવી જોઈએ, એમ કહે છે. એટલે શું ? કે એને આ વિષયની કિંમત આવીને એટલા રસની જમાવટ થઈ જવી જોઈએ. તો એને બીજા કાર્યો કરતા એટલો રસ ઉત્પન્ન ન થાય કે એના જ્ઞાનદર્પણને મેલું કરે. જેટલો થાય એટલો તો નુકસાનકારક જ છે. રાગ જેટલો થાય એટલો નુકસાનકારક છે. એ તો મોક્ષમાર્ગીને પણ એમ જ છે. પણ એની અલ્પતા જોઈને નથી એમ કહેવામાં આવે છે. પણ થાય એટલો નુકસાન નથી, એમ છે નહિ. ગણિતથી તો એનું નુકસાન છે એટલું છે જ. એ ગણિતાનુયોગનો વિષય છે.

મુમુક્ષુ :– અહીંયાં રાગરસ તૂટ્યો ?

પૂજ્ય ભાઈશ્રી :– હા. ચિદ્‌પરિણતિ થાય તો રાગરસ તૂટે અને ચિદ્‌પરિણતિ થાય તો પોતાના સ્વરૂપનો અનુભવ થાય. એમાં દ્રવ્ય-ગુણ-પર્યાયનો અનુભવ થાય એમ કહેવું છે.

દ્રવ્ય-ગુણ-પર્યાયને યથાર્થ અનુભવવા એ જ અનુભવ છે. દ્રવ્ય-ગુણ-પર્યાયને શાસ્ત્રથી જાણવા તે અનુભવ નથી પણ દ્રવ્ય-ગુણ-પર્યાયનો યથાર્થ અનુભવ થવો-યથા અર્થમાં અનુભવ થવો-સાચા અર્થમાં અનુભવ થવો, પ્રયોજનભૂત રીતે અનુભવ થવો અથવા દ્રવ્ય-ગુણ-પર્યાય જે-તે સ્થાનમાં છે તેના જે-તે સ્થાનમાં તેનો અનુભવ થવો, રહેવો તેને અનુભવ કહેવામાં આવે છે. તે સમ્યક્ છે. એ અનુભવ છે એ સમ્યક્ છે. એને અહીંયાં દ્રવ્ય-ગુણ-પર્યાયથી દ્રવ્યાનુયોગથી અનુભવની વાત અહીંયા લીધી છે. વિશેષ લઈશું...

❉ ❉ ❉

## તા. ૧૨-૮-૧૯૮૫, પાના નં. ૩
## પ્રવચન નં. ૬

(ત્રીજા પાને પહેલા Paragraphની) ત્રીજી લીટી ચાલે છે. **'દ્રવ્ય-ગુણ-પર્યાયને યથાર્થ અનુભવવા એ (જ) અનુભવ છે.'** સ્વાનુભવ નિર્વિકલ્પ છે તોપણ નિર્વિકલ્પ અનુભવમાં દ્રવ્ય-ગુણ-પર્યાયનો યથાર્થ અનુભવ છે એમ અહીંયાં કહ્યું. દ્રવ્ય-ગુણ અને પર્યાયના ભેદનો વિકલ્પ નહિ હોવા છતાં દ્રવ્ય-ગુણ-પર્યાયનો નિર્વિકલ્પભાવે યથાર્થ અનુભવ છે. સવિકલ્પ પ્રમાણમાં દ્રવ્ય-પર્યાયનો યુગપદ્ અનુભવ તે પ્રમાણ છે. એવી વ્યાખ્યા છે. દ્રવ્ય-પર્યાયનો યુગપદ્ અનુભવ. યુગપદ્ જ્ઞાન ત્યાં તો લીધું છે. સવિકલ્પ છે ને ? દ્રવ્ય-પર્યાયનું યુગપદ્ જ્ઞાન થાય એ પ્રમાણજ્ઞાન છે એમ કહે છે.

અહીંયાં અનુભવ પ્રમાણ છે તો એ અધ્યાત્મનું પ્રમાણ થયું. અનુભવ પ્રમાણ છે એ અહીંયાં અધ્યાત્મનું પ્રમાણ થયું. જે પરિણામને માત્ર આત્માનું જ અવલંબન છે તેને અધ્યાત્મ કહીએ. દ્રવ્યનું અવલંબન છે અને પર્યાયનું વેદન છે. એથી યુગપદ દ્રવ્ય-પર્યાયનું અનુભવન છે અથવા જ્ઞાન છે (એમ કહેવાય છે). પણ દ્રવ્ય-પર્યાયના વિકલ્પ વિના, વિકલ્પ ઉત્પન્ન થયા વિના. એટલે દ્રવ્યનો દ્રવ્યરૂપે અને પર્યાયનો પર્યાયરૂપે, ગુણનો ગુણરૂપે ત્યાં યથાર્થ અનુભવ છે. અને એવા અનુભવને ખરેખર અનુભવ કહેવાય છે.

અહીંયાં કલ્પના નથી અને વિકલ્પની વિકલ્પના પણ નથી. વિકલ્પ જ નથી એટલે વિકલ્પના નથી કે કોઈ કલ્પના નથી. જેવું એકાકાર અખંડ આત્મદ્રવ્ય છે, નિર્વિકલ્પ સ્વભાવથી જેવું છે એવું જ નિર્વિકલ્પ પરિણમન સ્વાનુભવ પ્રમાણ છે એને અહીંયાં દ્રવ્ય-ગુણ-પર્યાયનો યથાર્થ અનુભવ કહેવામાં આવે છે. યથા અર્થમાં- જેવા સ્વરૂપે છે તેવો જ એનો અનુભવ છે એટલે એને યથાર્થ અનુભવ કહેવામાં આવે છે.

મુમુક્ષુ :– શુદ્ધોપયોગ થયો તો એ યથાર્થ ગણવો.

પૂજ્ય ભાઈશ્રી :– શુદ્ધોપયોગ થયો એમાં શુદ્ધોપયોગનું નિર્વિકલ્પ પરિણમન થયું. ત્યાં દ્રવ્યનું આલંબન (છે), નિર્વિકલ્પ દ્રવ્ય સ્વરૂપનું આલંબન છે અને પર્યાયમાં નિર્વિકલ્પ સ્વસંવેદન પરિણમન છે તેને યથાર્થ અનુભવ કહે છે. દ્રવ્ય-ગુણ-પર્યાયનો

યથાર્થ અનુભવ કહે છે અને તેથી તિર્યંચને પણ દ્રવ્ય-ગુણ-પર્યાયનું યથાર્થ જ્ઞાન છે એમ કહેવામાં આવે છે, અનુભવની અપેક્ષાથી. ભલે તે તિર્યંચને સવિકલ્પ જ્ઞાનમાં દ્રવ્ય-ગુણ-પર્યાયની સ્પષ્ટતા ન હોય, ભલે એવો સ્પષ્ટ વિકલ્પ દ્રવ્ય-ગુણ-પર્યાયનો ઉત્પન્ન થતો ન હોય અને એવી મન સહિતના જ્ઞાનની સ્પષ્ટતા ક્ષયોપશમ જ્ઞાનમાં ન વર્તતી હોય તોપણ તેને દ્રવ્ય-ગુણ-પર્યાયનો યથાર્થ અનુભવ છે. એનું જ્ઞાન પ્રમાણ છે, એનો અનુભવ પણ પ્રમાણ છે. અને તે શુદ્ધ સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્રની ધર્મપર્યાયે પરિણમેલા છે, મોક્ષમાર્ગની પર્યાયે પરિણમેલા છે.

મુમુક્ષુ :– દ્રવ્યનું અવલંબન છે અને પર્યાયનું...

પૂજ્ય ભાઈશ્રી :– વેદન છે.

મુમુક્ષુ :– ગુણ ક્યાં રહ્યા ?

પૂજ્ય ભાઈશ્રી :– દ્રવ્યમાં આવી ગયા ગુણ. ગુણ સમુદાયો દ્રવ્યં. અનંત ગુણનું એકરૂપ છે તે જ દ્રવ્ય છે પણ ગુણભાવે એનો અનુભવ નથી, દ્રવ્યભાવે એનો અનુભવ છે. ગુણ છે એ જુદા જુદા ભેદરૂપ છે. એક એક ગુણ જુદા જુદા ભેદરૂપ છે. અને અનુભવ ભેદરૂપ નથી પણ અનુભવ અભેદરૂપ છે. તેથી ગુણનો અનુભવ જુદો નથી કહેવામાં આવતો. દ્રવ્યમાં ગુણ આવી ગયા. પણ દ્રવ્યમાં ગુણ આવી ગયા એટલે દ્રવ્યના જ્ઞાનમાં ગુણનું જ્ઞાન પણ આવી ગયું. અને એવા અનંત ગુણોના અભેદરૂપ દ્રવ્યનું વેદવું, અવલંબન વેદવું એને જ દ્રવ્ય-ગુણનું યથાર્થ જ્ઞાન કહેવાય.

અનેક ગુણોનું ભેદરૂપ જ્ઞાન થાય તેને ગુણનું યથાર્થ જ્ઞાન કહેતા નથી. કેમકે એ તો એક વિકલ્પ છે. એ વિકલ્પની કોઈ કિંમત નથી. ક્યાં સુધી ? દ્વાદશાંગ જ્ઞાન પણ વિકલ્પ છે. 'રાજમલજી'એ આમ લઈ લીધું. બાર અંગનું સવિકલ્પવાળું લબ્ધિથી ઉત્પન્ન થયેલું ક્ષયોપશમ જ્ઞાન એ પણ વિકલ્પ છે. દ્વાદશાંગ જ્ઞાન વિકલ્પ છે અને અનુભવ નિર્વિકલ્પ છે. એમ સામે મૂક્યું છે, સીધું. ટીકાની બહુ અધ્યાત્મપ્રધાનતા છે. એવું સામે લખ્યું છે. તેથી જેને નિર્વિકલ્પ અનુભવ થયો તેને શાસ્ત્ર ભણવાની અટક નથી. અટક નથી એટલે એને શાસ્ત્ર ભણવા જોઈએ, ભણવા પડે એવું બંધન લાદી શકાય નહિ. કોઈ એમ કહે કે આ જ્ઞાની છે તો પછી એને શાસ્ત્ર વાંચતા કેમ આવડતું નથી ? એ બંધન એને લાગુ પડતું નથી. આવી વાત છે.

મુમુક્ષુ :– જ્ઞાન, અનુભવ, વેદન ત્રણે એક છે ?

પૂજ્ય ભાઈશ્રી :– એક અર્થમાં એનો ઉપયોગ થાય છે પણ પ્રકરણ અનુસાર એના જુદા જુદા પાસા બતાવવામાં આવે છે. જેમ કે નિર્વિકલ્પ અનુભવને આત્માનો અનુભવ કહે. નિર્વિકલ્પ અનુભવને આત્માનું જ્ઞાન પણ કહે. અને નિર્વિકલ્પ અનુભવને આત્માનું વેદન પણ કહે. તો કહેવામાં દોષ નથી. કથનને દોષ નથી.

સમજણ યથાર્થ હોય તો તે સમજણ સાચી છે, નિર્દોષ છે. અને સમજણમાં ભૂલ હોય તો કથન પણ દોષવાળું છે અને સમજણ પણ દોષવાળી થઈ ગઈ એની. કેમકે કથન તો કથન છે. શબ્દને ખબર નથી અર્થની. પણ સમજણ એની પાછળ શું છે એના ઉપર આધાર છે.

એટલે તો જ્ઞાની અને અજ્ઞાની એકસરખું કહે. શાસ્ત્ર વાંચીને એકસરખું કહે તો શું બંને એકસરખા છે ? નહિ. અરે...! કોઈવાર તો જ્ઞાની કરતા અજ્ઞાનીનું સ્પષ્ટીકરણ શાસ્ત્રનું વધારે સારું લાગે કે વાહ ઘણું સરસ ! આવું તો જ્ઞાની પણ સમજાવી શકતા નથી. એવું સરસ અજ્ઞાની સમજાવે છે. તો શું અજ્ઞાનીની સમજણ ત્યાં વધી ગઈ જ્ઞાની કરતાં, એમ છે ? બિલકુલ નથી. જ્ઞાનીના એક શબ્દમાં અનંત આગમ રહ્યા છે. આ 'શ્રીમદ્જી'એ મહિમા કર્યો છે. જ્ઞાનીની વાણીનો મહિમા કર્યો છે. એક વાક્યમાં અરે..! એક વાક્યમાં શું એક શબ્દમાં અનંત આગમ રહેલા છે એમ લીધું છે.

એવા **'અનુભવથી...'** સ્વાનુભવથી **'પંચ પરમગુરુ થયા અને થશે.'** જે પંચ પરમેષ્ઠી થયા, જેનો અનાદિ નમસ્કાર મંત્ર પ્રસિદ્ધ છે, અનાદિથી પ્રસિદ્ધ છે એવા જે પંચ પરમેષ્ઠી, એને અહીંયાં પંચ પરમગુરુ કહ્યા છે. ગુરુના સ્થાને છે ને ? અરિહંત, સિદ્ધ આદિ પરમગુરુ છે. અને આ ગુરુ છે-આચાર્ય ઉપાધ્યાય અને સાધુ નિર્ગ્રંથ ગુરુ છે. એ જે પંચ પરમગુરુ છે એ અનુભવથી થયા છે. શેનેથી થયા છે ? અનુભવ કરતાં કરતાં અનુભૂતિમાં આગળ વધીને પંચ પરમગુરુ થયા છે.

જો કે જૈન ધર્મ જ અનુભૂતિ મૂલક છે. એમાં અનુભૂતિની પાસે બીજા કોઈપણ બાહ્યાચરણની મુખ્યતા નથી કે વધારે કિંમત નથી. કેમકે બાહ્યાચરણ છે એ તો સરાગચારિત્ર છે. સવિકલ્પ દશામાં ઉત્પન્ન થતી ક્રિયાઓ છે. પરિણામની અને મન-વચન-કાયાના યોગની (ક્રિયાઓ છે). આત્માના શુદ્ધઉપયોગના કાળમાં તો જે આત્માની શુદ્ધ દશા છે-પવિત્ર દશા છે એની પાસે એની સરખામણી થઈ શકે નહિ. એની તો સરખામણી શું કરે ? પણ મોક્ષમાર્ગી જીવને પરિણતિ છે, સવિકલ્પ દશાના કાળમાં જે શુદ્ધ પરિણતિ છે એ શુદ્ધ પરિણતિને કારણે, શુદ્ધ પરિણતિને લઈને જેટલી નિર્જરા છે, તે જ મોક્ષમાર્ગીને શુદ્ધોપયોગ થાય ત્યારે જે નિર્જરા થાય એ ઢગલાબંધ કર્મ નિર્જરે છે. ગુણશ્રેણી નિર્જરા છે. એટલો બધો શુદ્ધોપયોગમાં અને પરિણતિમાં નિર્જરાની એટલે શુદ્ધિની વિશેષતા ફેર છે. તેના તે ગુણસ્થાનમાં, હોં ! ઉપર-નીચેના ગુણસ્થાનમાં એ વાતની અપેક્ષા લાગુ પડતી નથી.

જેમ કે ચોથા ગુણસ્થાનવર્તી સમ્યગ્દૃષ્ટિના શુદ્ધોપયોગની નિર્જરા કરતા છઠ્ઠા ગુણસ્થાનવર્તી મુનિની પરિણતિ આહારના કાળમાં ચાલતી હોય કે નિંદ્રાના કાળમાં

ચાલતી હોય તોપણ ગુણશ્રેણી નિર્જરા મુનિની વિશેષ છે. સમ્યગ્દૃષ્ટિના શુદ્ધોપયોગની નહિ. પણ તેના તે ગુણસ્થાનમાં મુનિને કે સમ્યગ્દૃષ્ટિને તેની પરિણતિ કરતા શુદ્ધોપયોગમાં નિર્જરા વિશેષ છે-શુદ્ધિ વિશેષ છે. આનંદનો અનુભવ પણ ઘણો વિશેષ છે. એટલો ફેર છે.

એ ન કહ્યું કે અમુક ક્રિયાથી પંચ પરમગુરુ થયા એવી વાત ન લીધી. અધ્યાત્મ શાસ્ત્ર છે ને ? અનુભવપ્રધાન શાસ્ત્ર છે. એટલે એમ કહ્યું કે '**અનુભવથી પંચ પરમગુરુ થયા...**' ભૂતકાળમાં અનંતા થયા તે અનુભવથી થયા અને ભવિષ્યમાં અનંતા થશે તે પણ અનુભવથી થશે. સર્વત્ર અનુભવનું સામ્રાજ્ય છે. મોક્ષમાર્ગમાં તો અનુભવનું સામ્રાજ્ય છે. ત્યાં બીજી કોઈ પ્રધાનતા નથી. બાકી બધું છે એ બધું ગૌણ છે. બીજી ક્રિયા અને બીજા બાહ્ય ગુણો-વ્યવહારિક ગુણો છે એની કિંમત પણ અનુભવને લઈને છે. અનુભવ ન હોય તો એની કાંઈ કિંમત નથી.

મુમુક્ષુ :– બધાએ અનુભવ જ ગાયો છે.

પૂજ્ય ભાઈશ્રી :– એ તો અનુભવી તો અનુભવને જ ગાય ને. કેમકે એને અનુભવ થયો કે આહા...હા..! આવું શ્રેષ્ઠ અને આવું ઉચ્ચ કક્ષાનું પવિત્ર પરિણમન છે તો અનુભવી તો અનુભવને જ ગાય. એ તો સીધી વાત છે. 'રાજમલજી' જુઓને ! જે 'બનારસીદાસ'ને પ્રેરણા થઈ છે. 'નાટક સમયસાર' લખવાની પ્રેરણા થઈ છે એનું કારણ 'રાજમલજી'ની ટીકા છે. એટલે કેટલાક પદમાં 'રાજમલજી'ના ગદ્યના ભાવો એમણે પદ્યમાં ઉતાર્યા છે. જે ગદ્યમાં લખ્યું છે એ પોતે પદ્યમાં લખ્યું છે. ટીકાના શબ્દો અને ભાવો લીધા છે એમાં.

મુમુક્ષુ :– પૂજા, સ્વાધ્યાય, વાંચન બધી ક્રિયાઓ અનુભવ માટે જ છે ?

પૂજ્ય ભાઈશ્રી :– એ તો અનુભવ કરાવવા માટે છે અને અનુભવ ન થાય તો બીજા એથી નીચેના પરિણામમાં ન જાય એટલે એ ક્રિયામાં સહેજે સહેજે પરિણામ મોક્ષમાર્ગીના આવી જાય છે, રહી જાય છે. એથી નીચે જઈને અટકતા નથી. આ સ્તરમાં અટકે છે એમ કહેવું છે. એટલી મર્યાદિત વાત છે.

મુમુક્ષુ :– આચાર્ય, ઉપાધ્યાય અને સાધુ એના જે ભેદ પાડ્યા છે એમાં વિશેષતા શું છે ?

પૂજ્ય ભાઈશ્રી :– બહારની વિશિષ્ટતા છે, અંદરની નથી. અનુભવની વિશિષ્ટતા નથી એમાં. કે આચાર્ય હોય તો એ ઘણા અનુભવી હોય અને સાધુ ઓછા અનુભવી હોય, એમ નથી. ગુણસ્થાન બધાના છટ્ઠા અને સાતમા (છે). ત્રણેના ગુણસ્થાન છઠ્ઠું-સાતમું છે. પણ આચાર્યને આચાર્ય યોગ્ય ક્ષયોપશમ હોય છે. ઉપાધ્યાયને ઉપાધ્યાય યોગ્ય ક્ષયોપશમ હોય છે. એ બહારના ક્ષયોપશમનો પ્રકાર છે.

બીજું, આચાર્ય છે એ બીજા સાધુઓને શિક્ષા-દીક્ષાના દેનાર છે. એટલે એ પ્રકારે એમની બહારમાં વિશિષ્ટતા છે. ઉપાધ્યાય છે એ બીજા સાધુને અધ્યયન આદિ કરાવે છે. એવી રીતે એ શાસ્ત્રના વિશેષ જ્ઞાતા છે. એમ એવો ફરક છે બહારનો. પણ કોઈવાર એવું બને કે સાધુ છે ... આવ્યા હોય પણ સાધુપદની અંદર ઘણી સાધના સાધતા હોય. એ સાધતા સાધતા એટલા બધા આગળ નીકળી જાય. કેમકે એ તો સ્વતંત્ર વિષય છે એમાં કોઈનું બંધન નથી. કોઈ શિષ્યને ગુરુનું એવું બંધન નથી કે ગુરુથી આગળ ન જવાય. એવો આ માર્ગ છે. છે ? એવું બંધન છે ? તો એની એ દ્રવ્યની સ્વતંત્રતા રહેતી નથી. જોર કરીને ગમે ત્યારે ગમે તે ક્ષણે ગુરુથી આગળ નીકળી જવાની છૂટ છે, આ માર્ગમાં.

મુમુક્ષુ :– ગુરુ ખુશ થાય.

પૂજ્ય ભાઈશ્રી :– હા. ગુરુને પ્રમોદ આવે. કે વાહ ! આ કોઈ આત્મા છે ! અમારા માર્ગમાં આ એક એવો આત્મા પાક્યો જબરદસ્ત (કે) અમારાથી આગળ ગયો. એમને પ્રમોદ થાય છે. ગુણષુ પ્રમોદઃ. ગુણવાનથી પ્રમોદ છે. આ માર્ગમાં તો ગુણવાનથી પ્રમોદ થાય.

મુમુક્ષુ :– આપણે અહીંયાં પ્રત્યક્ષ જોઈએ છીએ. 'ગુરુદેવ'ને 'માતાજી'ની સ્થિરતાનો ઘણો જ પ્રમોદ !

પૂજ્ય ભાઈશ્રી :– હા. ઘણો પ્રમોદ છે, ખૂબ પ્રમોદ આવે છે. 'સોગાનીજી' વિષે બોલ્યા, અમારાથી પહેલા જવાના છે. સિદ્ધાલયમાં સિદ્ધદશાને અમારાથી પહેલાં પામશે. આજથી ચોથે ભવે અમે જે 'દિ તીર્થંકરના ભવમાં દીક્ષા લેશું, તીર્થંકરના ભવમાં દીક્ષા લેશું... નગ્ન દિગંબરી દીક્ષા છે. અરિહંતને કોઈ ગુરુ ન હોય, છદ્મસ્થ ગુરુ એને હોય નહિ. જગદ્‌ગુરુ થવાના છે ને ! જગદ્‌ગુરુની પદવી પામશે. એને કોઈ માથે ગુરુ ન હોય. એ પોતે સ્વયં દીક્ષા લ્યે છે. કોઈ એને દીક્ષા દેનાર ગુરુ ન હોય. દીક્ષાદાતા કોઈ આચાર્ય ન હોય. સ્વયં ગુરુ (છે). સ્વયં દીક્ષા લે છે ત્યારે એ નમો અરિહંતાણં ન બોલે, એ નમો સિદ્ધાણં બોલે છે. કારણ કે એમને માથે ગુરુ નથી. કોઈ દેહધારી ગુરુ નથી.

નમઃ સિદ્ધેભ્યઃ એવો જ્યારે વચન ઉચ્ચાર થશે અનંત સિદ્ધોને લક્ષમાં લઈને, એ બહુવચન છે-સિદ્ધેભ્યઃ એ સંસ્કૃત વ્યાકરણ પ્રમાણે બહુવચન છે. તો અનંતા સિદ્ધોને નમસ્કાર થશે ત્યારે એમાં એમનું સ્થાન સિદ્ધમાં હશે. એ સિદ્ધપર્યાયે બિરાજમાન થઈ ગયા હશે. એટલે એ વખતે અમારા નમસ્કાર એમને પહોંચશે. ઠીક ! ઇ ભલે અત્યારે નમસ્કાર કરે. પણ અમારા નમસ્કાર ભવિષ્યમાં એને પહોંચવાના છે એનું શ્રુતજ્ઞાન અમને અત્યારે વર્તે છે. ઠીક !

મુમુક્ષુ :– 'સોગાનીજી'ની સ્થિરતા ઘણી ! નજરે તરે છે.

પૂજ્ય ભાઈશ્રી :– હા, એવું છે. જેણે પરિચય કર્યો છે એને તો એવું છે. પૂજ્ય બહેનશ્રીનો વિષય પણ એવો જ છે. ઘણી સાધનામાં રહે છે. આરાધનામાં વિશેષપણે રહે છે.

મુમુક્ષુ :– તીર્થંકરનો જીવ દીક્ષા લે, એમને દીક્ષા દેનાર કોઈ ગુરુ ન હોય. સાધારણ મુનિને દીક્ષા દેનાર હોય ?

પૂજ્ય ભાઈશ્રી :– સાધારણ મુનિઓને સામાન્ય રીતે દીક્ષા દેનાર હોય છે. ગૃહસ્થ હોય, નીચેના ગુણસ્થાને હોય એને પોતાને ખ્યાલ આવે કે મારો પુરુષાર્થ ઉગ્ર છે. અને ઉગ્રતા ઘણી વધી જાય એવું અંદરથી જોર થતું દેખાય અને ક્યાંય પરિણામ લાગતા ન હોય ત્યારે એ પોતે કોઈ આચાર્યની સમીપ જાય છે. પોતે જ આચાર્યની સમીપ જાય છે અને દીક્ષાની પ્રાર્થના કરે છે. એ રીતે એને દીક્ષા આપે છે. આચાર્ય પણ એવા ક્ષયોપશમવાળા હોય છે કે આ દીક્ષા લેનાર આવ્યો છે તો દીક્ષાને યોગ્ય છે કે કેમ ? એની કેટલીક ચકાસણી એમના જ્ઞાનમાં થઈ જાય એવી ક્ષમતા આચાર્યોને હોય છે. એની પાત્રતા જોઈને એની વર્તમાન સ્થિતિ જોઈને એને દીક્ષા આપે છે અને દીક્ષા આપ્યા પછી એ ધ્યાનમાં બેસે છે અને સીધા સપ્તમ ગુણસ્થાને આરૂઢ થાય છે. ત્યારે ભાવલિંગી સંત થયા.

મુમુક્ષુ :– ....

પૂજ્ય ભાઈશ્રી :– હા, અપેક્ષાએ ઉતારવું હોય તો ઉતારાય. અપેક્ષાએ ઉતારવું હોય તો ઉતારાય. એ અપેક્ષિત વાત થઈ. એમના જ્ઞાનમાં... 'ગુરુદેવ' અર્થ જ એવો કરતા હતા કે કેવળજ્ઞાન થયા પછી કેવળીને જ્ઞાનમાં આવે છે કે છદ્મસ્થ અવસ્થામાં આ મારા ગુરુ હતા. એમ જ્ઞાન તો આવેને ? ત્રણકાળ, ત્રણવર્તી પદાર્થોનું જ્ઞાન થાય તો પોતાની ભૂતકાળની પર્યાયનું જ્ઞાન થાય કે ન થાય ? એનું નામ એનો વિનય છે. એનું નામ વિનય છે. બીજો વિનય ન હોઈ શકે. ત્યાં રાગ, વિકલ્પ કે વિનયની કોઈ મન-વચન-કાયાની ક્રિયા (હોય) એ પ્રકાર નથી. એટલી મર્યાદા (છે).

**'અનુભવથી પંચ પરમગુરુ થયા અને થશે. તે પ્રસાદ (કૃપા, પ્રભાવ) અનુભવનો છે.'** તે કૃપા, તે મહેરબાની, તે પ્રભાવ અનુભવનો છે. અનુભવથી એ પંચ પરમેષ્ઠી પદને પ્રાપ્ત થયા છે. વગર અનુભવે પંચ પરમેષ્ઠીપદ પ્રાપ્ત થતું નથી. **'અરિહંત, સિદ્ધ (પણ એ) અનુભવ-આચરણને સેવે છે.'** જે અરિહંતદેવ છે, સિદ્ધ પરમાત્મા છે એ પણ પરિપૂર્ણ સ્વાનુભવમાં ડૂબેલા છે. પંડિતજીએ સમવરસરણમાં ભગવાનની સ્તુતિ કરી છે. એ જ કરી છે ને ? 'સ્વરૂપે ડૂબેલા નમન તુજને ઓ જિનવરા.'

આપ તો જિનવર છો. સ્વરૂપમાં ડૂબી ગયેલા છો. કેવળજ્ઞાનમાં સર્વ આખું લોકાલોક ત્રણ કાળ સહિતના પર્યાયો સહિત જણાતું હોવા છતાં ક્યાંય આપનો ઉપયોગ ફરતો નથી. એ બધા જ્ઞાનમાં પોતાના સ્વરૂપને અર્પણ કરે છે. શું કહેવાય છે ? કે જગતના તમામ અનંતા દ્રવ્યો પોતાના સમસ્ત દ્રવ્ય-ગુણ-પર્યાયના ભેદભાવો સહિત પોતાના સ્વરૂપને કેવળજ્ઞાનને અર્પણ કરી દ્યે છે. પણ કેવળજ્ઞાન ત્યાં ઉપયોગને લઈ જતું નથી. પેલા લોકો ત્યાં જાય છે, એમ કહે છે. એટલે જ્ઞાનમાં પ્રતિબિંબિત થઈ જાય છે. ઉપયોગ બદલવો પડતો નથી. ઉપયોગ ફરતો નથી અને જ્ઞાનમાં સર્વ પદાર્થોનું પ્રતિબિંબ પડે છે.

એ તો સ્વની અપેક્ષાએ પર છે અને પરની અપેક્ષાએ સ્વ છે. સ્વ અને પર તો સાપેક્ષ છે ને ? કોઈ એમ કહે કે આત્મા સ્વને જ જાણે છે અને પરને નથી જાણતો. તો પરને પર છે એમ જાણ્યા પછી નથી જાણતો એમ કહ્યું કે પર છે એમ નહિ જાણીને નથી જાણતો ? એમ કહે છે. એ સ્વને જાણે એમ કહ્યું એમાં પરને જાણે છે કે ન જાણે છે એમ કહે એ વાતની અપેક્ષા રહેતી નથી. કેમકે સ્વ તો પરની અપેક્ષાએ છે. આત્મા સ્વને જ જાણે છે એમ કહો એટલે પરની અપેક્ષા આવી ગઈ એની અંદર. કેમકે પર તો સ્વની અપેક્ષાએ છે ને ?

મુમુક્ષુ :– સ્વ, પરને સિદ્ધ કરે છે.

પૂજ્ય ભાઈશ્રી :– પરને સિદ્ધ કરે છે. એટલે પરને જાણવા, નહિ જાણવાનો વિવાદ જ અસ્થાને છે. કારણકે સ્વને જાણે છે એમ કહેવું એનો અર્થ જ પર છે એ વાત એમાં આવી ગઈ છે. નહિતર સ્વ આવ્યું ક્યાંથી ? જો પર ન હોય તો સ્વ કહેવાનો અર્થ રહેતો નથી. તો તો એક પરમ બ્રહ્મ છે એમ કહેવું પડે. સર્વત્ર એક પરમ બ્રહ્મ છે એમ જ કહેવું પડે, જે વેદાંતનો વિષય છે. એ પ્રશ્ન નથી. અહીંયાં તો સ્વપરના જ્ઞાનમાં સ્વાનુભવ લેવામાં આવે છે. એમાં પરનો અભાવ છે એ વાત આપોઆપ આવી જાય છે.

મુમુક્ષુ :– 'ગુરુદેવે' એક જગ્યાએ એમ લીધું છે કે આત્મા સ્વપ્રકાશક જ છે, પર જણાય છે એ તો વ્યવહાર છે.

પૂજ્ય ભાઈશ્રી :– વ્યવહાર છે એટલે શું છે કે પરમા તન્મય થતો નથી. પર જણાય છે છતાં તન્મય થતો નથી. અહીંયાં એ સ્વ-પરનો વિષય છે. જ્ઞાન અધિકારમાં આ વાત છે. મારી પ્રતમાં ૬૬મું પાનું. છેલ્લી લીટી છે. છેલ્લા Paragraph માં જે સમાધાન છે. જે તમારો પ્રશ્ન છે એ પ્રશ્ન ઉઠાવ્યો છે. મળે છે ? બીજી પ્રતમાં કયું પાનું મળે છે ? બધે ૬૬ જ છે.

**'અહીં કોઈ તર્ક કરે...'** જ્ઞેયાધિકાર પહેલાનો અધિકાર **'અહીં કોઈ તર્ક કરે**

**કે જ્ઞાનમાં સર્વ જ્ઞેય ઉપચારથી છે, તો સર્વજ્ઞપદ ઉપચરિત થયું, અને ઉપચાર જૂઠો છે તો શું સર્વજ્ઞપદ જૂઠું થયું ?'** ઠીક ! તર્ક લઈ જનાર સર્વજ્ઞ ઉપર તર્ક લઈ ગયો. સ્વમાં પર જણાય છે એ તો ઉપચારથી છે અને ઉપચાર જૂઠો (છે). તો કેવળજ્ઞાનમાં લોકાલોક સર્વ જણાયું એ તો ઉપચારથી જણાયું. માટે સર્વજ્ઞપણું કહેવું એ ઉપચારથી છે અથવા જૂઠ કથન છે. એમ લેવું અમારે ? એની ના પાડે છે.

**'જેને ઉપચાર માત્રમાં જ લોકાલોક ભાસ્યો તો તેના નિશ્ચયજ્ઞાનનો મહિમા કોણ કહે ?'** અનુભવને મુખ્ય કરે છે. જેના ઉપચાર જ્ઞાનમાં એમ કહી શકાય કે લોકાલોક ભાસે છે તો પછી એના નિશ્ચયજ્ઞાનની તો કોઈ વાત જ થઈ શકે એવું નથી. વચન અગોચર વાત છે. **'આ જ્ઞાન, સ્વસંવેદન જ થયું થકું, સર્વને જાણે છે.'** કેવળજ્ઞાનના કાળમાં પણ કેવળજ્ઞાન એટલે આ જ્ઞાન સ્વસંવેદન જ થયું થકું (અર્થાત્) સ્વસંવેદનપણે સ્વરૂપમાં ડૂબેલું રહેતું **'થકું સર્વને જાણે છે.'**

**'પોતાને જાણતા પરનું જાણવું સ્થપાય છે,'** આપોઆપ જ સ્થપાય જાય છે. પોતાને જાણતા પરનું જાણવું સ્થપાય જાય છે. **'પરને જાણતા સ્વનું જાણવું સ્થપાય જાય છે.'** આ પર છે એમ કહે એનો અર્થ જ કે સ્વ જુદો છે. એમ સ્વનું જ્ઞાન એમાં સ્થપાય જાય છે, સ્વનું જાણવું સ્થપાય જાય છે. **'પરની અપેક્ષાએ સ્વ છે અને સ્વની અપેક્ષાએ પર છે'** એ તો બંને સાપેક્ષ છે. **'વિવિક્ષાથી વસ્તુસિદ્ધિ છે.'** પછી શું અહીંયાં કહેવા ધારે છે ? સ્વપર પ્રકાશક જ્ઞાનમાં કોઈપણ પ્રકારની કથનશૈલી હોય ત્યાં શું કહેવા ધારે છે ? વિવિક્ષાનો અર્થ એ છે. કહેવા ઇચ્છિત હોય એ વિવિક્ષિત કહેવાય છે. કહેવા જે ધાર્યું હોય, કહેવાની જે ઇચ્છા હોય તેને તેની વિવિક્ષા કહેવામાં આવે છે. તો જે કાંઈ જે પ્રકારે, જે ન્યાયથી, જે નયથી વસ્તુની સિદ્ધિ કરવી હોય ત્યાં તે વિવિક્ષા ચાલે છે. **'વિવિક્ષાથી વસ્તુસિદ્ધિ છે (અને) જ્ઞાનથી સ્વરૂપાનુભવ છે.'** આ એને સરવાળો મારી દીધો. જાવ, વાદવિવાદ મૂકાવી દીધો. એ બધી વાતો વિવિક્ષાની છે **'જ્ઞાનથી તો સ્વરૂપાનુભવ છે.'** સ્વરૂપનો અનુભવ એમાં જે જ્ઞાન રહ્યું તે જ્ઞાન અને એ જ જ્ઞાન તે જ્ઞાન અને બાકીનું બધું અજ્ઞાન લઈ જવું (અર્થાત્) એ બાકીનું જ્ઞાન નહીં.

૧૭૨ ગાથામાં ('અલિંગગ્રહણ'ના) વીસ બોલમાંથી ૯મા બોલમાં કહ્યું, કે આ ઉપયોગમાં પરમાં જાય એને ઉપયોગ કહેવો કે ન કહેવો ? નહિ. એ ઉપયોગ નહિ. જે ઉપયોગ આત્માને છોડે, જે ઉપયોગ આત્માને છોડી દ્યે અને પરને વિષય કરે એને ઉપયોગ કહેવો ? ના. એને ઉપયોગ ન કહેવો. એ ઉપયોગ નહિ. એ અમારો ઉપયોગ નહિ. એ અમારું જ્ઞાન નહિ. અમે એમાં નહિ. એમ કરીને એનો નિષેધ કરવામાં આવે છે. એ બહિર્મુખ જ્ઞાનભાવનો નિષેધ છે. પરસત્તાઅવલંબનશીલ

જ્ઞાનને કોઈ જ્ઞાની મોક્ષમાર્ગ ન કહે કે ન જાણે. એ જે 'ટોડરમલજી'એ રહસ્યપૂર્ણ ચીઠ્ઠીમાં લીધું એ અહીંયાં ૧૭૨ ગાથાના બોલમાં લીધું.

... ... સ્વસંવદેનમાં, પૂર્ણ સ્વસંવેદનમાં જ્ઞાન રહી ગયું છે. પૂર્ણ સ્વસંવેદનરૂપ થઈ ગયું છે અને છતા અનંતા જ્ઞેયોનું એમાં. પોતાના અનંત ગુણભેદની પર્યાયો સહિતનું એમાં પ્રતિબિંબ છે. એ જ્ઞાનની વિશિષ્ટતા તો એ છે કે અનંત કાળ પછી અનંત દ્રવ્યોની જે પર્યાયો થવાની છે કે જે અત્યારે થઈ નથી. અને અનંત કાળ પહેલા જે પદાર્થોની પર્યાય થઈ ગઈ કે જેનું અત્યારે આ વર્તમાન અવસ્થામાં ક્યાંય નામનિશાન નથી દેખાતું.

જેમ કે એક રંગ કાળો હોય એ ધોળો થઈ જાય અને ધોળો હોય એ ઉલટીને કાળો થઈ જાય પર્યાયમાં. આખો ઉલટો-સુલટો જ ફેર છે ને ? એક પ્રકાશનો પરમાણુ હોય, આ બહારના પ્રકાશનો, સૂર્યનો બત્તીનો, એ જ પરમાણું અંધકારે પરિણમે અને અંધકારે પરિણમ્યો હોય એ જ પ્રકાશરૂપ ઝળહળાટમાં પરિણમે. છતાં કેવળજ્ઞાનમાં વર્તમાનવત્ ભાસે છે. વર્તમાનવત્ ભાસે છે. કાળનો આંતરો, ક્ષેત્રનો આંતરો બધો તૂટી જાય છે. અસંખ્ય યોજન દૂર પદાર્થ હોય તોપણ સામે હોય એવી રીતે ભાસે છે. એટલે કોઈ ક્ષેત્રનો આંતરો નથી. અહીં તો આ દિવાલ પાછળ શું છે, કોઈ ઊભું હોય તો દેખાય ? નહિ. કેવળજ્ઞાનને એ દિવાલ નથી ક્યાંય. કોઈ દિવાલ નથી.

અસંખ્ય યોજન દૂર (હોય), ચૌદ બ્રહ્માંડમાં અસંખ્ય યોજન છે એનું ક્ષેત્ર છે એ અસંખ્ય યોજન છે. એક જંબુદ્વીપ છે ને ? એમાં જે દ્વીપ સમુદ્ર, દ્વીપ સમુદ્ર એ અસંખ્ય છે. ડબલ ડબલ કરો તો અસંખ્ય છે. ચૌદ બ્રહ્માંડ તો એથી (વિશેષ છે). આ તો હજી એક રાજૂ છે. ઓલા ચૌદ રાજૂ છે. ઉપર-નીચે તો ચૌદ રાજૂ લંબાઈ છે. પહોળાઈ એટલી નથી. વધુમાં વધુ પહોળાઈ સાડા ત્રણ રાજૂની અને ત્રસ નાડી તો એક રાજૂમાં છે. એટલું મોટું ક્ષેત્ર છે (છતાં) સામે પદાર્થ હોય એમ કેવળજ્ઞાનમાં આવે છે. જેમ સામે સામે એકબીજાને જુએ. કોઈ ક્ષેત્રનું અંતર નથી. પ્રત્યક્ષવત્ અને વર્તમાનવત્.

અનંત કાળ પહેલાની અને અનંત કાળ પછીની પર્યાય વર્તમાનવત્ (જાણે છે). એક જીવ નિગોદમાં જાય, એ જ જીવ સિદ્ધમાં જાય. વર્તમાનવત જોવે છે. એના અનંત કાળ પહેલાની નિગોદની પર્યાય વર્તમાનવત્ જુએ. એના અનંત કાળ પછીની સિદ્ધની પર્યાય વર્તમાનવત જુએ. આટલું સામર્થ્ય છે જ્ઞાનનું ! એના ઉપરથી શ્રુતજ્ઞાનનો નૈગમનય ઉતર્યો છે. નૈગમનય પણ કાળના આંતરાને તોડીને વર્તમાનવત્ શ્રુતજ્ઞાનમાં જાણે તેને નૈગમનય કહેવામાં આવે છે. ભાવીના પદાર્થને,

પર્યાયને જાણે તે ભાવી નૈગમનય અને ભૂતની પર્યાયની જાણે તેને ભૂતનૈગમનય કહેવામાં આવે છે.

મુમુક્ષુ :– કાળનો આંતરો નહિ.

પૂજ્ય ભાઈશ્રી :– કાળનો આંતરો ત્યાં શ્રુતજ્ઞાન તોડી નાખે છે, પરોક્ષ હોવા છતાં. અને આ સકલપ્રત્યક્ષ છે એ ક્ષેત્ર અને કાળના આંતરાને તોડી નાખે છે.

મુમુક્ષુ :– પોતાની અનંત પર્યાયને પણ જાણે ?

પૂજ્ય ભાઈશ્રી :– હા. બરાબર. બીજાની જાણે અને પછી પોતાની ન જાણે એવું કાંઈ કારણ ખરું ? સર્વમાં. અસર્વ નહિ. એક પણ સ્વ-પર પદાર્થમાંથી એક પણ દ્રવ્ય, એક પણ ગુણ અને એક પણ પર્યાયનું ઓછાપણું હોય તો તે અસર્વ કહેવાય. તે સર્વ ન કહેવાય. આ તો સર્વજ્ઞ છે. પરમાત્મા છે એ સર્વજ્ઞ છે. સર્વને જાણે છે. પછી એમાં કોઈને નથી જાણતા એ પ્રશ્ન રહેતો નથી. એટલે તો કહ્યું, નહિતર તો સર્વજ્ઞપણું જૂઠું ઠરશે.

મુમુક્ષુ :– સર્વજ્ઞપણું જ સિદ્ધ કરે છે, સ્વ-પરને જાણીને.

પૂજ્ય ભાઈશ્રી :– સ્વપરને જાણે છે એ સર્વજ્ઞપણું સિદ્ધ કરે છે અને એને તર્કથી પણ તોડી શકાય એવું નથી. કોઈએ એમ કહ્યું કે આ જગતમાં સર્વજ્ઞ નથી. આ બધી તમારી જૈનદર્શનમાં સર્વજ્ઞની વાત હંબગ છે. તેં કેવી રીતે નક્કી કર્યું ? સર્વ ક્ષેત્ર તેં જાણીને નક્કી કર્યું અને સર્વ કાળ જાણીને નક્કી કર્યું કે કોઈ સર્વજ્ઞ નથી ? તો કહે, હા. તો તું સર્વજ્ઞ છો. એટલે આમાં તો કોઈ તર્ક ચાલે એવું નથી.

'ગુરુદેવ' બહુ સરસ આના ઉપર એક તર્ક આપતા હતા એ એ છે કે જેમ એક જડ પરમાણુ છે એમાં અનંત જડત્વ છે. આ તો થોડો વિષયાંતર થશે પણ સમજવા જેવો વિષય છે કે એક જડ પરમાણુને એનામાં ચેતનતા અનંત ઉપાયે અને અનંત પુરુષાર્થે અનંત કારણો ભેગા કરીને પણ ન લાવી શકાય. જડ જડ જ રહે. કેમકે એની જે જડતા છે એ અનંતી છે એનામાં. ભલે પરમાણુ આટલો સૂક્ષ્મ છે તોપણ.

એવી જ રીતે આત્મામાં ચૈતન્યપણું જેમાં જ્ઞાન છે એની ચેતનતા જ્ઞાનપણું અનંત છે. એમાં ન જડત્વ થઈ શકે અને એનો વિકાસ થાય તો એ જેટલા કોઈ જ્ઞેયો હોય એને જાણે. જ્ઞાતુ યોગ્યં જ્ઞેયં. બીજો અધિકાર જ એના ઉપર છે. જે જ્ઞેયને જાણે, જાણવા યોગ્ય પદાર્થ હોય તેને જાણે તેનું નામ જ્ઞાન છે. જાણે તે જ્ઞાન છે. જણાય તે જ્ઞેય છે. જાણવા યોગ્ય પદાર્થને જ્ઞેય કહેવામાં આવે છે. જ્ઞાનનો જે વિષય થાય તે જ્ઞેય. જગતમાં કયો પદાર્થ અજ્ઞેય છે ? કે કોઈ પદાર્થ અજ્ઞેય છે એમ વાત રહેતી નથી.

મુમુક્ષુ :– કોઈ ન સમજતું હોય તો એને એમ કહે કે આ જડ છે.

પૂજ્ય ભાઈશ્રી :– હા. એમ કહે એ તો કહેવામાત્ર છે.

મુમુક્ષુ :– એમ 'ગુરુદેવે' ૪૦ વર્ષથી સમજાવ્યું...

પૂજ્ય ભાઈશ્રી :– એના કરતા એક બહુ સરસ વિષય લીધો છે 'નિયમસાર'માં, કે અરેરે...! અમે જડ છીએ કે મોક્ષમાર્ગી જે સાધુ છે-સાધક છે એમાં અને પરમાત્મામાં ફેર માનીએ છીએ. શું કહ્યું ? કહે છે ને ? પંડિત અને વિદ્વાન હોય ને એ એમ કહે કે જો ભાઈ ! સર્વજ્ઞ હોય એની આટલી ભક્તિ થાય. ગુરુ હોય, સાધુ હોય એની આટલી ભક્તિ થાય અને સમ્યક્દૃષ્ટિ હોય એનું આટલું જ માન થાય. ત્રણેયના માનમાં ફેર રાખવો જોઈએ. નહિતર અવિવેક થઈ જશે. કહે છે, પોતે પાછા નિર્ગ્રંથ સાધુ છે. જોવાની ખૂબી એ છે. કહેનાર પોતે કોણ છે ? એ પોતે નિર્ગ્રંથ સાધુ છે.

'પદ્મપ્રભલમધારીદેવ' (કહે છે કે) અરેરે ! પરમાત્મામાં અને સાધુમાં ફેર જાણીએ એ તો જડ છીએ. જડ હોય એ ફેર જાણે, એમ કહે (છે). એવી એક શ્લોકની રચના કરી. પદ રચ્યું છે. પરમાત્મામાં અને સાધુમાં કાંઈ ફેર દેખાતો નથી. એવી સાધુદશાને એમણે જોઈ છે. જંગલમાં રહીને પોતે જે સાધુદશાનો અનુભવ કર્યો છે એ તો કેવળજ્ઞાનની તળેટીમાં બેઠા છે. 'બહેનશ્રી' તો એમ કહે છે ને કેવળજ્ઞાનની તળેટીમાં બેઠા છે. આમ એક ઝપટ મારશે.. અંતર્મુહૂર્તમાં કેવળજ્ઞાન થશે. એટલે નજીક જઈને (બેઠા છે), તળેટી એટલે બહુ નજીક જઈને બેઠા છે. એવું સાધુપદ છે. હાથવેંતમાં કેવળજ્ઞાન જેને છે. લીધું કે લેશે એવું એ સાધુપદ છે.

મુમુક્ષુ :– સાધુ અને સમ્યગ્દૃષ્ટિમાં ફેર તો ખરો ને ?

પૂજ્ય ભાઈશ્રી :– ગુણસ્થાનની ગણતરી ગણીએ તો ફેર છે. અનુભવને જોવો હોય તો જે સ્વાનુભવમાં પરિપૂર્ણ શુદ્ધાત્મા અનુભવગોચર સ્વપણે થાય છે, તે જ આત્મા, તેવડો જ આત્મા, તેવા જ પ્રકારના અનુભવથી ઉપર ઉપરના ગુણસ્થાને અનુભવગોચર થાય છે. તારતમ્યતા અને સ્થિરતામાં ફેર છે. અનુભવના વિષયમાં ફેર નથી. કોઈને વિષય નાનો છે અને કોઈને વિષય મોટો છે એવું કાંઈ નથી. બધાય અનંત ગુણના ધામના ધણી થઈને બેસી ગયા છે. જેટલા સ્વાનુભવી થયા તે અનંત ગુણધામ જે આત્મા છે એના સ્વામી-એના ધણી થઈને બેસી ગયા છે. એની દૃષ્ટિએ કબજો લઈ લીધો છે એ ખજાનાનો-ગુણના ખજાનાનો.

સ્વાનુભવની જાતમાં ફેર નથી. Quality માં ફેર નથી. Quantity માં ફેર છે. એને મુખ્ય કરવો કે ગૌણ કરવો એ પ્રકરણવશ છે. વિવિક્ષાવશ છે. બાકી અનુભવ, જ્ઞાનને અનુભવ છે અને અનુભવમાં જે જ્ઞાન છે એ જ્ઞાન છે. એ તો લીધું, વિવિક્ષાથી ફેર છે. જ્ઞાન તો અનુભવ(રૂપ છે)... (વિશેષ લઈશું...)

## તા. ૧૩-૮-૧૯૮૫, પાના નં. ૩, ૪,
## પ્રવચન નં. ૭

નીચેનો છેલ્લો Paragraph. સ્વાનુભવમાં અનંત ગુણ શુદ્ધ થઈને પરિણમે છે અને તેનો આસ્વાદ એટલે અનુભવ થાય છે. તેમાંના કેટલાક મુખ્ય ગુણો અસાધારણ ગુણો છે એનું અહીંયાં ટૂંકામાં સંક્ષેપમાં વર્ણન છે.

**'જ્ઞાનનો પ્રગટ પ્રકાશ અનંત ગુણોને જાણે.' 'અનંત ગુણને જાણે. જ્ઞાનરૂપી વિશેષ ગુણને પરિણતિ પરિણમે, વેદે, આસ્વાદે.'** જ્ઞાનનો ગુણ સર્વને જાણવાનો છે. અહીંયાં સ્વાનુભવમાં અનંત ગુણને તે જાણે છે. નીચે છદ્મસ્થ અવસ્થામાં અનંત ગુણને ગુણોના ભેદ સહિત નહિ જાણતા અભેદપણે અનંત ગુણોને જાણે છે. અથવા આત્માના પૂર્ણ સ્વરૂપને જાણવામાં અનંત ગુણો છે. આત્માના અનંત ગુણો છે એવા સ્વરૂપને જાણવાનું થાય છે. એમ જાણે.

**'જ્ઞાનરૂપી વિશેષ ગુણને પરિણતિ પરિણમે,...'** અને તે જ્ઞાનશક્તિ પોતાની જ્ઞાનની વિશેષ પરિણતિએ પરિણમે છે. એટલે અપૂર્વ સમ્યગ્જ્ઞાન, આત્મજ્ઞાન પરિણામે જ્ઞાનગુણ પરિણમે છે. પોતાને વેદે છે. પોતાનું સ્વસંવેદન કરે છે અથવા આસ્વાદે છે. વેદે છે એમાં આસ્વાદ લ્યે છે. અનુભવ કરે છે. **'ત્યાં અનુપમ આનંદફળ નીપજે.'** જ્યારે જ્ઞાન સ્વરૂપમાં સ્થિર થાય છે, શુદ્ધોપયોગ દ્વારા સ્વરૂપની લીનતા, એકાગ્રતા પણ જ્ઞાન કરે છે, ત્યારે અનુપમ આનંદફળ નીપજે છે. જે આનંદને જગતના કોઈપણ પદાર્થ દ્રવ્ય અથવા ભાવ સાથે ઉપમા આપી શકાતી નથી. એવો આનંદ ત્યાં ઊપજે છે. એને જ અહીંયાં ફળ કહ્યું છે. આનંદને ફળ કહ્યું છે. કેમકે એથી આગળ પછી વિશેષ કોઈ ભોગવટાનો વિષય નથી. એક સ્વરૂપાનંદ છે એ મુખ્યપણે શુદ્ધ પરિણામમાં ભોગવટાનો વિષય છે. એટલે એને ફળની ઉપમા આપી છે. સમ્યગ્દર્શનને મૂળની ઉપમા આપી છે અને આનંદને ફળની ઉપમા આપી છે.

શું પ્રાપ્ત કર્યું ? અનુભવ કરીને શું મેળવ્યું ? એમ કહે ને કે તમે આ કામ કરો છો પણ તમને શું મળે છે એમાં ? એમ પૂછાય છે. અથવા તમારા કાર્યની ફલશ્રુતી શું ? ફળ શું ? એમ પૂછવામાં આવે છે. તો કહે છે કે અહીંયાં જે સ્વરૂપનું આરાધન છે, જે જ્ઞાન છે એનું ફળ શું ? કે જ્ઞાનનું ફળ આનંદ. જે જ્ઞાન સાથે આનંદ ન ઊપજે, સ્વરૂપનો આનંદ ન ઊપજે એ જ્ઞાન પણ ખરેખર જ્ઞાન નહિ

અથવા આત્માનું જ્ઞાન નહિ-સમ્યક્જ્ઞાન નહિ. સમ્યક્જ્ઞાન આનંદથી સહિત છે. આનંદ સમેત (છે). ક્યારેય આનંદ ન હોય સમ્યગ્જ્ઞાન સહિતપણામાં એવું ન બને. જ્ઞાન અને આનંદ અવિનાભાવીપણે રહે છે.

એટલે જ્ઞાનનો પ્રગટ પ્રકાશ થતાં અથવા સ્વસંવેદન થતાં ત્યાં અનુપમ આનંદફળ નીપજે છે. વચનાતીત, વિકલ્પાતીત, મનાતિત આનંદ ઊપજે છે. જે આનંદ મન દ્વારા પણ સમજી શકાતો નથી અથવા મન દ્વારા પણ જ્યાં પહોંચી શકાતું નથી, મનથી જેને જાણી શકાતો નથી, એવો અચિંત્ય આનંદ ઉત્પન્ન થાય છે. આ આનંદ અતીન્દ્રિય આનંદ હોવાથી, ઇન્દ્રિયજ્ઞાનનો વિષય નથી. ઇન્દ્રિયજ્ઞાનથી એ આનંદને જાણી શકાય એવું આનંદનું સ્વરૂપ નથી.

અહીંયાં જ્ઞાન પણ અતીન્દ્રિય છે અને આનંદ પણ અતીન્દ્રિય છે. એટલે અતીન્દ્રિય આનંદ અતીન્દ્રિય જ્ઞાનમાં જણાય છે. અતીન્દ્રિય આનંદ ઇન્દ્રિયજ્ઞાનમાં જણાતો નથી. આ આનંદ પાસે જગતના, ચક્રવર્તીના અને ઇન્દ્ર-ઇન્દ્રાણીના સર્વ પ્રકારના સુખ અને આનંદને દુઃખના ખાતામાં લેખવામાં આવ્યા છે. એ દુઃખના વિભાગમાં જાય છે. ત્યાં એનું સુખનું નામ છે એ આ આનંદ પાસે સાચું ઠરતું નથી. એ ખોટું નામ છે. એટલે એવું ન સરખાવી શકાય કે ઇન્દ્ર કરતા પણ ઘણો આનંદ છે, અનંત આનંદ છે. કેમકે એ તો દુઃખ છે. દુઃખને સુખની સાથે કેમ મીંઢવાય-મેળવાય ?

જગતના જેટલા સુખ અને આનંદના પ્રસંગો અને જીવના પર્યાયો છે કે અમને અહીંયાં સુખ છે, આનંદ છે, ચેન છે, મજા છે, શાંતિ છે, લીલાલહેર છે એ બધા દુઃખ છે. આ આનંદ પાસે એ બધા દુઃખ છે. અને અહીંયાં ઊપજેલો જે અનુપમ આનંદ, ચોથા ગુણસ્થાને શુદ્ધોપયોગમાં પ્રથમ આનંદ આવે છે. એ આનંદ સિદ્ધ પરમાત્માના પરમાનંદની જાતનો આનંદ છે. જે સિદ્ધદશામાં ભગવાન પરમાનંદપણે બિરાજે છે એ આનંદની અહીંયાં જાત છે. ત્યાં આથી અનંતગુણો આનંદ છે. છે આ જ આનંદ પણ ત્યાં જથ્થો વધારે છે. તારતમ્યતા વધારે છે. આથી અનંતગુણી છે. તેથી તેને પરમ આનંદ કહેવાય છે. ઉત્કૃષ્ટ આનંદ કહેવાય છે. પરમાનંદ કહ્યું એને.

મુમુક્ષુ :– એ આનંદને જ્ઞાન જાણે ?

પૂજ્ય ભાઈશ્રી :– હં..! જ્ઞાન બરાબર જાણે છે. ત્યારે તો 'પદ્મપ્રભમલધારીદેવે' શુદ્ધઉપયોગ અધિકારમાં નિશ્ચયથી સ્વાનુભવની દશામાં જ્ઞાન સ્વપરપ્રકાશક છે એની સિદ્ધિ કરી છે. ત્યાં જ્ઞાન આનંદને જાણતું હોવાથી જ્ઞાન, જ્ઞાનને પણ જાણે છે અને સાથે સાથે આનંદને પણ જાણે છે. એમ કહીને નિશ્ચયથી પણ જ્ઞાન સ્વપરપ્રકાશક છે એ વાતની સિદ્ધિ આ દલીલથી કરી છે. એટલે આનંદને જાણે

જ છે. બરાબર જાણે જ છે.

મુમુક્ષુ :– સમ્યગ્દષ્ટિ ઇન્દ્ર સ્વરૂપની શ્રદ્ધાનો આનંદ તો લેતા હોય.

પૂજ્ય ભાઈશ્રી :– હં ! બરાબર છે. પરિણતિનો પણ લે અને ક્યારેક ઉપયોગનો પણ લે. એ આનંદ જુદો છે અને બહારમાં જે લોકો જુએ છે કે ઇન્દ્ર બહુ સુખી છે. સૌધર્મ ઇન્દ્ર છે એ બત્રીસ લાખ વિમાનના સ્વામી છે. કરોડો અપ્સરાઓ છે. અસંખ્ય દેવો એની સેવા (કરે છે). એક એક વિમાનમાં અસંખ્ય દેવ છે. બત્રીસ લાખ વિમાન છે એમાં એક એક વિમાનમાં અસંખ્ય દેવ છે. એટલી બધી દેવોની વસ્તી જેની સત્તાની આણ નીચે છે એમ કહેવાય. અને દૈવી ઇન્દ્રાસન ઉપર બિરાજે છે. ઇન્દ્રની સભા ભરાય. અને એ જ અંતર વૈરાગ્ય હોવા છતાં, રાગથી વિરક્ત છૂટો પડેલો હોવા છતાં દૈવી ઇન્દ્રોના આભૂષણો સાથે ઇન્દ્રસભામાં જાય. માથે મુગટ પહેર્યો હોય, કાનમાં કુંડળ પહેર્યા હોય. કોઈ અંગ આભૂષણ વિનાનું અડવું ન હોય અને એ પણ એવા દૈવી રત્નો ઝગઝગાટ અને ધમધમાટ લાગતા હોય. અહીં તો એના જોડા જેટલી કોઈની પાસે સંપત્તિ નથી. Multybillionaire કહેવાય પણ એના જોડા-મોજડી જેટલી પણ કોઈની પાસે સંપત્તિ નથી. એવા રત્નો તો એના પગરખામાં હોય છે. છતાં એ અંતર વૈરાગી છે. પુણ્યના ફળમાં ભલે ઇન્દ્રપણે છે તોપણ અંતર વૈરાગી છે-રાગથી વિરક્ત છે.

મુમુક્ષુ :– અહીંયાં એમ થાય કે જીવ આત્માને વેદે છે. પોતાના આત્માનો અનુભવ કરે છે તો ત્યાં સાથે સાથે અનંત ગુણ પણ છે એટલે એ પણ સાથે સાથે વેદાય છે. એને જુદો રહીને...?

પૂજ્ય ભાઈશ્રી :– ના, એના ઉપર લક્ષ નથી. એ તો જ્ઞાનને પોતાના સ્વસંવેદન ઉપર પણ લક્ષ નથી. પણ છતાં એનો અનુભવ છે. એ જ રીતે આનંદ ઉપર પણ લક્ષ નથી છતાં એનો અનુભવ છે.

મુમુક્ષુ :– અનુભવ તો આત્માનો છે, પણ સાથે સાથે આનંદ વેદાય છે. કારણ કે એ એનો ગુણ છે.

પૂજ્ય ભાઈશ્રી :– ઊપજે છે ને ? સાથે સાથે પરિણમન છે આનંદનું. અને પરિણમન છે એનું વેદન પણ છે. અનંત ગુણનું વેદન છે એમાં આનંદ વિશિષ્ટ ગુણ છે. એટલે જણાય આવે એવો ગુણ છે.

મુમુક્ષુ :– મારે તો અંદરમાં નિશ્ચય-વ્યવહાર ... આનંદ વેદે છે એમ કહો એ વ્યવહાર અને આત્માને અનુભવે છે એ નિશ્ચય...

પૂજ્ય ભાઈશ્રી :– નિશ્ચયથી પોતાને, જ્ઞાન પોતાને અનુભવે છે તે નિશ્ચય. સ્વઆશ્રિતો નિશ્ચય, પરાશ્રિતો વ્યવહાર.

મુમુક્ષુ :– એક ગુણને છૂટો પાડીને જે વ્યાખ્યા કરી એ તો વ્યવહાર છે.

પૂજ્ય ભાઈશ્રી :– વ્યવહાર જ છે, વ્યવહાર જ છે. એ તો જ્ઞાન પરને વેદે છે એમ કહેવું એ વ્યવહાર છે. કેમકે સ્વમાં પરની અપેક્ષા આવીને ? પણ એ અપેક્ષા કેમ ઊભી થઈ ? કે જેવો આનંદ હતો એવો જ જ્ઞાનમાં પ્રતિબિંબિતરૂપ થઈને જણાઈ આવ્યો. જેમ ક્રોધ પ્રતિબિંબિત થઈને જ્ઞાનમાં જણાયો તોપણ જ્ઞાન ક્રોધરૂપે ન થયું. જ્ઞાન, જ્ઞાનરૂપે રહ્યું. એમ આનંદ, આનંદરૂપે રહ્યો અને જ્ઞાન, જ્ઞાનરૂપે રહ્યું, એમ કહેવું છે. નિશ્ચયથી જુઓ તો શુદ્ધનિશ્ચયથી જ્ઞાન, જ્ઞાનરૂપે છે અને આનંદ, આનંદરૂપે છે. જ્ઞાનગુણ કે જ્ઞાનનો પર્યાય, આનંદગુણ કે આનંદની પર્યાયે ન થાય. એક ગુણ બીજા ગુણરૂપે તો ન થાય. પણ છતાં જ્ઞાનનો જે સ્વભાવ છે તે અનુસાર તેમાં એનું જણાવું થઈ જાય છે. એના ઉપર લક્ષ ન આપે તોય જણાય છે, એમ અહીંયાં કહેવું છે. લક્ષ આપે તો જ જણાય એવો જ્ઞાનનો પાંગળો સ્વભાવ નથી. વગર લક્ષે પણ જણાય જાય છે. એમ છે.

મુમુક્ષુ :– એનું લક્ષ આનંદ ઉપર નથી. એનું લક્ષ તો ત્રિકાળ સ્વભાવ ઉપર છે. આનંદ તો સાથે સાથે સહજ...

પૂજ્ય ભાઈશ્રી :– ત્રિકાળ સ્વભાવ ઉપર જ લક્ષ છે. છતાં સહજપણે જણાય જાય છે. એટલે અહીંયાં એક જગ્યાએ કહેશે કે સ્વરૂપના આનંદનો વિલાસ તો તારા જ્ઞાનકટાક્ષમાં છે. એવો શબ્દ આમાં 'દિપચંદજી'એ વાપર્યો છે. જ્ઞાનકટાક્ષ એટલે કટાક્ષ એટલે મશ્કરીને જે કટાક્ષ કહે છે એવો અર્થ અહીંયાં નથી. કટ એટલે ખૂણો અને અક્ષ એટલા આંખ. અહીંયાં જોતા અહીંયાં ફલાણા બેઠા છે એમ ખબર પડે આંખના ખૂણેથી. એટલે કે કીકીને ફેરવ્યા વિના પણ જણાઈ જાય એ આંખના ખૂણેથી જાણ્યું કહેવાય. તો કહે છે, સ્વરૂપનો આનંદ કેવી રીતે જણાય છે ? ભોગવાય છે ? એ તો જ્ઞાનકટાક્ષમાં ભોગવાઈ જાય છે. જ્ઞાનને આનંદ ઉપર લઈ જવું નથી પડતું ભોગવવા માટે. જ્ઞાન તો ત્રિકાળી ઉપર સ્થિર થયું છે અને આનંદ ઊપજે છે અને અનુભવાય છે. એમ છે.

મુમુક્ષુ :– એમાં નિશ્ચય વ્યવહાર કેવી રીતે હોય શકે ?

પૂજ્ય ભાઈશ્રી :– કેમ આનંદ પર થયો ને ? આનંદ પર થયો. માટે પરાશ્રિતો વ્યવહાર. પરને આશ્રિત કથન કર્યું. સ્વનું કથન પરને આશ્રિત કર્યું માટે વ્યવહાર. સ્વનું કથન સ્વને આશ્રિત કરો તે નિશ્ચય. એમ. એ ન્યાય ત્યાં લાગુ પડે છે. ત્યાં 'પદ્મપ્રભમલધારીદેવે' ન્યાય પણ એ જ આપ્યો છે કે સ્વઆશ્રિતો નિશ્ચય અને પરાશ્રિતો વ્યવહાર. આનંદને અહીંયાં પર ગણીને જ્ઞાન આનંદને જાણે છે એમ કહેવું તે વ્યવહાર છે. પણ પોતાના ને પોતાના એ સ્વરૂપના સ્વભાવ તત્ત્વો હોવાથી

એને નિશ્ચયથી સ્વપરપ્રકાશક કહેવામાં આવે છે. અને પરપદાર્થોનું પ્રતિબિંબ પડે છે ત્યારે પરને જાણ્યું એમ કહ્યું તે વ્યવહારથી પરપ્રકાશક કહેવામાં આવે છે. એમ. એમ પછી ત્યાં વ્યવહાર નાખ્યો. એમ નિશ્ચય વ્યવહરના ભાંગા જુદી જુદી રીતે કહેવાય છે.

મુમુક્ષુ :– પરને પ્રકાશવું અસદ્ભૂત વ્યવહાર છે.

પૂજ્ય ભાઈશ્રી :– અસદ્ભૂત વ્યવહાર છે અને આ સદ્ભૂત વ્યવહાર છે. પેલો સદ્ભૂત ઉપચરિત વ્યવહાર છે અને આ અસદભૂત અનુપચરિત વ્યવહાર છે. એટલે એ તો નયની પદ્ધતિ એવી સરસ છે કે બધું ચોખ્ખે ચોખ્ખું એના ખાનામાં ખતવી શકાય છે. આ રકમ આ ખાતામાં ખતવણી કરવાની. આ રકમની આ ખાતામાં ખતવણી કરવાની. એકે એક પર્યાય એનો નયવિભાગથી બરાબર એનું સ્થાન ચોક્કસ છે અને એનું માપ ચોક્કસ છે.

**'ત્યાં અનુપમ આનંદફળ નીપજે.'** જેમ જગતના જીવને સુખનું સુખબુદ્ધિથી આકર્ષણ છે એટલે આવું બધું કહેવામાં આવે છે. અંદરનો મર્મ બીજો છે. સમ્યગ્દષ્ટિ જીવ પણ સ્વરૂપનો જે આનંદ ઊપજે છે એના ઉપર લક્ષ દેતો નથી કે એને અવલંબતો નથી. પણ બીજાને દેખાડવા એમ કહેવાય છે કે જો ભાઈ ! તું દુઃખી છો. તને પર્યાયમાં- અવસ્થામાં એકલું દુઃખ જ છે અને તું સુખ પાછળ અન્ય સ્થાનમાં-અસ્થાનમાં મફતનો દુઃખી થઈને હેરાન થા છો. એના કરતા તું આત્મામાં આવ તો તને આનંદફળ નીપજે. અનુપમ આનંદ તને ઊપજશે. એમ એને લાલચ દેવામાં આવે છે. પણ લાલચ દેનાર એમ જાણે છે કે આ કહેવાના જુદા છે, બતાડવાના જુદા છે અને ચાવવાના જુદા છે. એને-બીજા જીવને ભલે આનંદથી આકર્ષિત કર્યો પણ પોતે એ આનંદથી આકર્ષિત થતો નથી. એ તો લક્ષ પણ દેતો નથી. જો ઊપજેલા આનંદનું આકર્ષણ થાય અને એનું અવલંબન થાય તો દશામાં આનંદ ન રહે. દુઃખ થઈ જાય, મિથ્યાત્વ ઊપજે.

અહીંયાં તો આગળ એ કહેશે. આપણે ઈન્દ્રની વાત ચાલતી હતી કે સમ્યગ્દષ્ટિ ઇન્દ્રનું ઇન્દ્રાસન ઉપર લક્ષ જાય છે. વિકલ્પ આવે ને ? કે આજે સભા છે દેવોની અને સભામાં જઈને બેસવાનું છે. એટલે પોતે પોતાના દૈવી મહેલમાંથી સભાખંડમાં આવે અને ઇન્દ્રાસન ઉપર લક્ષ જાય કે અહીંયાં બેસવાનું છે તો એનું એને દુઃખ થાય છે. એ વાત આમાં આવશે. બધા દેવો મારેથી નીચેના બીજા સ્થાને બેઠા છે અને મારું આસન ઇન્દ્રાસન સૌથી શ્રેષ્ઠ અને સૌથી મુખ્ય અને સૌથી આગળ છે. એટલે મારું સ્થાન આખી સભામાં ઊંચામાં ઊંચું છે, એનું સુખ એને નથી. એને દુઃખ છે. એને એનું દુઃખ છે.

મુમુક્ષુ :- સ્થાનનું દુઃખ છે ?

પૂજ્ય ભાઈશ્રી :- નહિ. સ્થાન ઉપર લક્ષ જાય એનું દુઃખ છે. જે સ્થાન ઉપર લક્ષ ગયું એનું એને દુઃખ છે. કેમકે એ એને આકુળતા, વિકલ્પ થયો એ આકુળતા સહિત થયો. એમાં દુઃખ ઊપજ્યું.

મુમુક્ષુ :- એ તો ચોથા ગુણસ્થાને છે. એને તો વિકલ્પ ચારે બાજુના હોય.

પૂજ્ય ભાઈશ્રી :- હોય તોપણ એ બધા વિકલ્પમાં એને દુઃખ (લાગે) છે. જેટલા વિકલ્પ થાય એમાં દુઃખ છે. કોઈ વિકલ્પ સુખનું સ્થાન નથી અને કોઈ વિકલ્પમાં સુખ નથી.

મુમુક્ષુ :- સુખબુદ્ધિ ન હોય એ તો સમજાય છે પણ દુઃખ...

પૂજ્ય ભાઈશ્રી :- હા. સુખબુદ્ધિ હોય તો તો મિથ્યાદૃષ્ટિ થઈ જાય. પણ સુખ લાગે તોય મિથ્યાદૃષ્ટિ થઈ જાય. સુખબુદ્ધિ તો અભિપ્રાયનો વિષય થયો. પણ પરિણમનમાં સુખરૂપે પરિણમે, સુખ થાય છે એમ પરિણમે તો એ દુઃખને દુઃખ જાણતો નથી. પણ ત્યાં દુઃખને સુખ જાણે છે. શરૂઆતમાં છે આ બાજુ. ડાબી હાથ બાજુ એ વિષય છે.

મુમુક્ષુ :- હજાર નેત્ર કરે છે.

પૂજ્ય ભાઈશ્રી :- હા. હજાર નેત્રથી ભગવાનને ભક્તિની-બહુમાનની દૃષ્ટિથી અવલોકે છે-જોવે છે અને ભગવાનની વીતરાગતા, બાળ અવસ્થામાં વીતરાગતાને પીછાણીને (ભક્તિ કરે છે). ભગવાન પણ ચોથા ગુણસ્થાને છે, સમ્યગ્દૃષ્ટિ ઇન્દ્ર પણ ચોથા ગુણસ્થાને છે. બેય ચોથા ગુણસ્થાને છે. ગુણસ્થાન પાછું ઊંચું-નીચું નથી. મિથ્યાદૃષ્ટિ તો સમ્યગ્દૃષ્ટિની ભક્તિ કરે. ખેર, એ તો એ પહેલા ગુણસ્થાને છે અને આ ચોથા ગુણસ્થાને છે. પણ આ બેય ચોથા ગુણસ્થાને (છે). અને એવી ભક્તિ કરે કે પગે ઘુઘરા બાંધીને નાચે. બત્રીસ લાખ વિમાનનો સાહેબો એટલો નમ્ર થઈને ભગવાનની પાસે પગે ઘુઘરા બાંધીને નાચે. નાચનારી જેમ પગે ઘુઘરા બાંધે એમ ઇન્દ્ર પગે ઘુઘરા બાંધીને નાચે. અને એનું એને દુઃખ છે. એનું એને સુખ નથી. કેમકે એ વિકલ્પ છે, એ પણ શુભ વિકલ્પ છે. એમાં એને સુખ નથી પણ એમાં એને દુઃખ છે.

મુમુક્ષુ :- ભગવાનનો જન્મકલ્યાણક મનાવે.

પૂજ્ય ભાઈશ્રી :- આ જન્મકલ્યાણકનો જ વિષય છે. જન્મકલ્યાણક વખતે જ આટલી ભક્તિ કરે છે. અને એક ઇન્દ્ર અસંખ્ય તીર્થંકરોના જન્મકલ્યાણક મનાવે છે. સૌધર્મઇન્દ્રનું એટલું મોટું એનું આયુષ્ય છે. સૌધર્મઇન્દ્રના સ્થાનમાં ઊપજેલો જીવ પોતાનું આયુષ્ય પૂરું થાય એમાં અસંખ્ય, મનુષ્યલોકમાં તો અસંખ્ય તીર્થંકરો

થઈ જાય છે. અસંખ્ય અબજો વર્ષ છે. સાગરોપમનું આયુષ્ય છે. એટલે પલ્યોપમ ને પલ્યોપમની અંદર પણ કેટલા બધા વર્ષ છે.

મુમુક્ષુ :– આ બધા એના ઉદય છે ?

પૂજ્ય ભાઈશ્રી :– ઉદય છે. એને એમ છે કે ક્યારે મનુષ્ય થાઉં, ક્યારે હું સ્વરૂપસ્થિરતારૂપ ચારિત્ર વધારું અને ક્યારે હું મારી પૂર્ણદશાને પ્રાપ્ત કરું ! મારો જે આત્મા પરિપૂર્ણ ગુણ સંપન્ન છે એવી, જેવું સ્વરૂપ છે એવી જ સદશ પૂર્ણદશા ક્યારે પ્રાપ્ત કરું ! એવી અંદરમાં ભાવના અને અભિલાષા એમની રહે છે. તેથી મનુષ્યભવને દેવોને પણ અનુપ્રિય છે એમ કહેવાય છે.

મુમુક્ષુ :– ઇન્દ્ર કરતાં અમારો Chance વધારે છે.

પૂજ્ય ભાઈશ્રી :– સોએ સો ટકા. એકેય ટકો ઓછો નહિ. ઇન્દ્રને પાંચમું ગુણસ્થાન ન આવે અને અહીંયાં અત્યારે આ ક્ષેત્રે છઠ્ઠું-સાતમું આવે. અત્યારે આ ક્ષેત્રે જન્મેલાને અત્યારે સાતથી ઉપરનું નથી. પણ છઠ્ઠું-સાતમું તો આવે. ચોક્કસ વધારે છે અને એવા મનુષ્ય પર્યાયે પ્રાપ્ત જે સાધુ ભગવંતો છે એને ઇન્દ્રો આવીને નમસ્કાર કરે છે. દેવો દેવલોકમાંથી નીચે આવીને નમસ્કાર કરે છે. એને વંદવા આવે છે. ઇન્દ્રો પણ વંદે છે. મુનિપદ ઇન્દ્રોથી વંદિત છે.

મુમુક્ષુ :– ૩૨ પાનું. ઇન્દ્રાદિની સંપદા વિકારરૂપ ભાસે.

પૂજ્ય ભાઈશ્રી :– ૩૨ છે ? ઓહો...! બહુ આઘો છે. વિકારરૂપ ભાસે એવો ભાવ છે, એવો જ શબ્દ છે. બરાબર છે.

એક **'દેશમાત્ર નિજાવલોકન એવું છે...'** હજી તો જઘન્યપણે ચોથે ગુણસ્થાને નિજ અનુભવન એવું છે **'કે ઇન્દ્રાદિની સંપદા વિકારરૂપ ભાસે છે.'** ઇન્દ્રની પોતાની સંપદા ઉપર એને વિકલ્પ જાય છે તો એને રાગ ને વિકાર ને દુઃખ થાય છે. એવું એને ભાસે છે એટલે લાગે છે. ભાસે છે એટલે લાગે છે. **'જેની પ્રાપ્તિથી અનંત સંતો (તેનું) સેવન કરી પોતાના સ્વરૂપનો અનુભવ કરી ભવપાર થયા માટે પોતાના સ્વરૂપને સેવો.'** એમ કરીને અનુભવનો મહિમા કર્યો છે.

(અહીંયાં કહે છે), **'અનુપમ આનંદફળ નીપજે.'** એમ કહેવામાં પણ એ વાત ગર્ભિત છે કે ત્યાં પણ પર્યાયની મુખ્યતા થતી નથી અને એ આનંદનો સંતોષ થતો નથી. જેટલો આનંદ છે એટલી અનુભવમાં તૃપ્તિ છે તોપણ પૂર્ણાનંદ પોતામાં ભર્યો હોવાથી એનાથી સંતોષ થતો નથી. એટલે તો મુનિદશામાં એ વાત લીધી. 'પૂજ્ય બહેનશ્રી'એ વાત લીધી કે મુનિરાજ અંદરમાં પોતાની વીતરાગ પરિણતિમાં આનંદઅમૃતની ધારાનો અનુભવ કરે છે. પણ એ ધીમી ધારા એમને પોસાતી નથી. એમને તો એકસાથે એક સમયમાં પૂર્ણાનંદ લેવો છે. આ ધીમી ધારા છે.

નીચેના ગુણસ્થાનેથી એમ કહેવાય કે મુનિદશા તો આનંદનું પ્રચુર સ્વસંવેદન છે એવી મુનિદશા છે. કેમકે અહીંયાં જઘન્ય આનંદ છે એટલે. પણ એ મુનિદશામાં પોતે આવે ત્યારે એમ કહે છે કે આ તો ધીમી ધારા છે. અંદરમાં અખૂટ આનંદનો ખજાનો પડ્યો છે અને અંદરથી ધાર આવે એ કેમ કામ આવે ? અંદરથી તો ધોધ પડવો જોઈએ. ધારા ન કામ આવે. અહીંયાં એને સંતોષ નથી. એટલે અપૂર્ણતામાં સંતોષ થવું એવું પણ સાધકનું ધ્યેય પૂર્ણ હોવાને લીધે બનતું જ નથી કે અપૂર્ણતામાં પણ એ સંતોષ પામે.

મિથ્યાદૃષ્ટિ જીવ તો શુદ્ધિ થયા વિના માત્ર થોડો ઉઘાડ થાય તોપણ એને ઉઘાડનું અહંમપણું થાય છે કે મારામાં ઘણું છે અને બીજા પાસે એવું નથી. દૃષ્ટિ નીચે છે ને એની. બીજા પાસે નથી. નીચેવાળાને જુએ છે. સમ્યગ્દૃષ્ટિ તો મુનિદશામાં આવે તોપણ કહે છે, '**ण वि होदि अप्पमत्तो ण पमत्तो जाणगो दु जो भावो**' ('સમયસાર' ગાથા-૬). પ્રમત્ અપ્રમત હું નહિ. હું તો પરિપૂર્ણ જ્ઞાયક છું. મારું સ્થાન બીજું. આ મારું સ્થાન નહિ. એમ કરીને પૂર્ણતાને અવલંબે છે, પૂર્ણ સ્વરૂપને અવલંબે છે અને અપૂર્ણ દશામાં ક્યાંય સંતોષ પામતા નથી.

મુમુક્ષુ :– અવલંબન ક્યારેય છૂટે નહિ એ બહુ સરસ વાત છે.

પૂજ્ય ભાઈશ્રી :– એવું જ દ્રવ્ય છે. એવું જ દ્રવ્ય છે કે જેનું અવલંબન અને લક્ષ છૂટી શકવા યોગ્ય નથી તેથી છૂટતું નથી. એમ છે.

મુમુક્ષુ :– છૂટે તો પડે

પૂજ્ય ભાઈશ્રી :– ખલાસ !

એ પ્રમાણે જેમ જ્ઞાનપરિણતિએ પરિણમે છે **'એ પ્રમાણે દર્શનને પરિણતિ પરિણમે, વેદે, આસ્વાદે, (અને) સુખફળ નીપજે.'** એ જ રીતે દર્શન પણ પોતાના પરિણામે પરિણમે છે, એનું પણ વેદન આવે છે, એનો પણ આસ્વાદ થાય છે. એ ચૈતન્યમાં લઈ લીધું. જ્ઞાન અને દર્શન બંને ચૈતન્યના અવયવ છે. એટલે ત્યાં સુખ અને આનંદપણે ઉપજે છે.

**'એ જ રીતે સર્વ ગુણોને (પરિણતિ) પરિણમે, વેદે, આસ્વાદે (જેમ) અનંત, અખંડિત, અનુપમરસ (સહિત) ઊપજે.'** વેદે, આસ્વાદે. આનંદ પણ એ જ પ્રકારે અનંત, અખંડિત, અનુપમરસ સહિત ઊપજે છે. ત્યાં પણ અખંડ આનંદ છે. અખંડ આનંદ એટલા માટે લીધો છે કે ઇન્દ્રિયના વિષયના કલ્પિત અને આનંદ અને કલ્પિત સુખમાં ખંડિત આનંદ છે. ઉપયોગ છે એ ભમે છે, ફરે છે ભિન્ન ભિન્ન વિષયમાં. એટલે એને ખંડ ખંડ ઉપયોગ કહે છે. અને એ આનંદ અથવા સુખમાં પણ ખંડ ખંડપણું છે. ખંડ ખંડપણું છે એ ભલે ન સમજાય પણ એમાં અસંતોષ

છે અને અતૃપ્તિ ભાવ છે એ સમજી શકાય એવો છે. કેમકે એ અખંડિત પરિણમન નથી. જ્યારે અહીંયાં જેટલો આનંદ અને સુખ છે એટલો તૃપ્તિભાવ પણ છે. પૂર્ણતાની સાથે મીંઢવતા એ પૂર્ણ નથી તોપણ જેટલો છે એ એની જાતનો હોવાથી એટલું તૃપ્તિપણું પણ ત્યાં છે.

મુમુક્ષુ :– .... અખંડપણે ?

પૂજ્ય ભાઈશ્રી :– હા, એમ તો હજી અપૂર્ણ છે ને ? કે છઠ્ઠે, સાતમેથી છઠ્ઠે આવે ત્યારે ઉપયોગ બદલી જાય છે. એટલે ઉપયોગમાં જેટલો આનંદ આવે છે એટલો પરિણતિમાં વ્યક્ત આનંદ હોતો નથી.

મુમુક્ષુ :– પરિણતિ અપેક્ષાએ અખંડ છે ?

પૂજ્ય ભાઈશ્રી :– હા, પરિણતિની અપેક્ષાએ અખંડ છે. એ તો Level જ બદલાઈ ગયું. જે પરિણતિમાં શુદ્ધિ છે એટલી શુદ્ધિ તો ચોથા ગુણસ્થાને શુદ્ધોપયોગમાં પણ એટલા માટે ન લીધી. જેટલી શુદ્ધિ છે એટલો આનંદ છે એ કહેવાની જરૂર નથી. પણ જેટલી પરિણતિની શુદ્ધિ છે, છઠ્ઠા ગુણસ્થાને આહારના કાળમાં મુનિરાજને કે નિંદ્રાના કાળમાં મુનિરાજને, એટલી શુદ્ધિ શુદ્ધોપયોગમાં નિર્વિકલ્પ દશામાં ચોથા ગુણસ્થાને નથી. કેમકે એ ગુણસ્થાન ચોથું અને આ ગુણસ્થાન છઠ્ઠું. ભલે સવિકલ્પ દશા છે અને અહીંયાં નિર્વિકલ્પ દશા છે. તોપણ વિકલ્પનું હોવા ન હોવાનું માત્ર અહીંયાં માપ નથી. વિકલ્પનું હોવા નહિ હોવાપણા સાથે અહીંયાં માપ નથી. અહીંયાં વીતરાગતા સાથે માપ છે. કેટલી વીતરાગતા થઈ એનું માપ છે અહીંયાં.

સ્વભાવ છે તો વેદાય છે. જેનો વેદવાનો સ્વભાવ હોય એ વેદે નહિ તો શું કરે ? સહેજે જ વેદાય છે. પ્રશ્ન શું છે આમાં ?

મુમુક્ષુ :– જ્ઞાનમાં તો વેદવાનું થાય છે, દર્શનમાં કેવી રીતે વેદવાનું થાય ?

પૂજ્ય ભાઈશ્રી :– દર્શન ચૈતન્યમાં લીધું એટલે. દર્શન છે ને એ ચૈતન્યનો જ અંશ છે એટલે એમાં પણ વેદકતા છે. એમાં પણ સ્વપરપ્રકાશકતા છે. એમાં પણ છે. દર્શન સ્વને પણ દેખે અને પરને પણ દેખે. એમ. એટલે એ ચૈતન્યને હિસાબે લીધું છે. મૂળ તો ગુણ એક ગુણ લઈએ તો એ ચેતનાગુણનો વિભાગ જ છે. સામાન્ય તે દર્શન અને વિશેષ તે જ્ઞાન. ચેતનામાં વેદવાનો ગુણ છે.

**'તેથી સર્વ ગુણોના રસનો પરિણતિ દ્વારા અનુભવ કરાવવામાં આવ્યો.'** અથવા સર્વ ગુણોના રસનો, સ્વાદનો પરિણતિ દ્વારા અનુભવ થાય છે એને જ સ્વાનુભવ અથવા આત્માનુભવ કહેવામાં આવે છે. આ આત્માનુભવ એક ક્ષણમાં પ્રથમ ક્ષણમાં જ અનંત જન્મ-મરણના ભૂક્કા બોલાવે છે. આ જગતમાં જન્મ-મરણરૂપ પરિભ્રમણના

નાશનું આ એકમાત્ર કારણ છે. જે સ્વરૂપજ્ઞાન થયું, જે સ્વાનુભવ થયો એ એક જ પરિભ્રમણના નાશનું કારણ છે. જન્મ-મરણના નાશનું કારણ છે. પહેલું વહેલું જન્મ-મરણનું બીજ છે એને ત્યાં બાળે છે. એટલે પછી એમાંથી આગળ વધવાનું બનતું નથી.

**'તેથી સર્વ ગુણોના રસનો પરિણતિ દ્વારા અનુભવ કરાવવામાં આવ્યો. એ જ પ્રમાણે દ્રવ્યને પરિણતિ પરિણમે, વેદે, આસ્વાદે (અને) આનંદ પામે. ત્યારે પરિણતિ દ્વારા દ્રવ્યનો અનુભવ થયો.'** અહીંયાં અવલંબન લેવું. **'એ જ પ્રમાણે દ્રવ્યને પરિણતિ પરિણમે...'** એટલે પરિણતિ દ્રવ્યને અવલંબે. પરિણમીને દ્રવ્યને અવલંબે. દ્રવ્યને વેદે, દ્રવ્યને આસ્વાદે એટલે દ્રવ્યત્વ ભાવ છે. દ્રવ્યનો જે દ્રવ્યત્વ ભાવ છે એને અવલંબે દ્રવ્યરૂપે પોતાને અનુભવ કરે, વેદે, આસ્વાદે અને ત્યાં પણ આનંદ ઊપજે. આનંદ તો જ્યાં સ્વાનુભવ છે ત્યાં આનંદ ઊપજે જ છે.

**'ત્યારે પરિણતિ દ્વારા દ્રવ્યનો અનુભવ થયો. અનુભવ પ્રકાશ, ગુણપરિણતિ એકરસ થતાં થાય છે.'** પાઠાંતર પણ લીધું છે કે અનુભવનો રસ ગુણપરિણતિ એકરસ થતા થાય છે. એટલે એમાં ભિન્ન ભિન્ન ભેદ પડતા નથી. વિવિક્ષાભેદે જ્ઞાનગુણની વાત કરી, દર્શનગુણની વાત કરી, એક દ્રવ્યત્વને જુદું પાડીને દ્રવ્યની વાત કરી પણ ખરેખર અનુભવ છે એમાં તો અનંત ગુણની પરિણતિનો એકરસ થઈ જાય છે અને એ રીતે અનુભવનો પ્રકાશ થાય છે અથવા અનુભવનો રસ ઉત્પન્ન થાય છે. એને અનુભવરસ કહેવામાં આવે છે. એ એકરસ થયેલું છે. અનંત ગુણોનું એકરસપણું જેમાં છે.

મુમુક્ષુ :– દ્રવ્યનું પરિણમન, ગુણનું પરિણમન નહિ.

પૂજ્ય ભાઈશ્રી :– અનંત ગુણોનું પરિણમન થઈ ગયું ને ? ગુણપરિણતિ એકરસ થતા અનંત ગુણની પરિણતિ એકરસ થઈને અનુભવમાં આવે છે એને અનુભવનો પ્રકાશ કહેવામાં આવે છે.

**'(એ જ) વસ્તુનું સ્વરૂપ છે.'** એ જ વસ્તુનું સ્વરૂપ છે અથવા એ જ વસ્તુનું સ્વરૂપ બાર અંગના સારરૂપ કહેવામાં આવ્યું છે. બારઅંગનો સાર શું ? કે સ્વાનુભવ છે તે બાર અંગનો સાર છે. જેમાં અનંત ગુણની પરિણતિ એકરસ થઈને અનુભવાય છે એ બાર અંગનો સાર છે. બાર અંગમાં જે કાંઈ કહેવાનું તાત્પર્ય છે, એ તાત્પર્યભૂત વાત હોય તો આ અનુભવની છે. અથવા બીજી સર્વ વાતોનો વિસ્તાર અનુભવની નજીક લઈ જવા માટે કર્યો છે. કોઈ જીવ થોડે દૂર છે, કોઈ એથી વધારે દૂર છે, કોઈ એથી વધારે છે, કોઈ ઘણો દૂર છે, કોઈ અતિ ઘણો દૂર છે. એ સર્વ જીવોને જે ઉપદેશ છે તે તમામ સ્તરના જીવોને અનુભવની નજીક લઈ જવા માટેનો ઉપદેશ

છે, એમ કહેવું છે. કહેનારના લક્ષમાં અથવા ઉપદેશનું કેન્દ્રસ્થાન આ એક છે કે કોઈપણ રીતે જીવને સ્વાનુભવમાં લાવવો છે. ઇ પહેલા એને બીજે ક્યાંય અટકવા દેવો નથી. આમ કહેવાનું તાત્પર્ય છે.

મુમુક્ષુ :– ચાર અનુયોગમાં જુદું જુદું કહ્યું ને ?

પૂજ્ય ભાઈશ્રી :– ચારે અનુયોગમાં ઉપરટપકે જુઓ તો જુદું જુદું કહ્યું છે. મૂળમાં તો બધે અનુભવ કરાવવાની વાત છે. ચારેય અનુયોગમાં. ચારેય અનુયોગ અનુભવ કરાવવા માટે છે. અને અનુભવ થયો હોય તો એનું વૃદ્ધિગતપણું કેમ થાય એના માટે છે. પૂર્ણતા થાય એના માટે છે. એ ચારેય અનુયોગનો એક જ વિષય છે ખરેખર તો. એટલે જ અનુભવ કે જે આત્માના આધારે થાય છે અને જેને અધ્યાત્મનો વિષય તેથી કહેવામાં આવે છે એ ચારેય અનુયોગમાં છે. અધ્યાત્મ તો ચારેય અનુયોગમાં છે. એકેય અનુયોગ એવો નથી કે જેમાં અધ્યાત્મ નથી. પણ ઓછાવત્તા પ્રમાણમાં એ વિષય આવે. દ્રવ્યાનુયોગમાં અધ્યાત્મ મુખ્ય છે અને વિશેષ પ્રમાણમાં છે. તેથી દ્રવ્યાનુયોગ પરમગંભીર છે. 'શ્રીમદ્જી'એ આ શબ્દ વાપર્યા છે. દ્રવ્યાનુયોગ પરમ ગંભીર છે અને શુક્લધ્યાનનું કારણ છે. એમ લીધું. કેવું લીધું ? શુક્લધ્યાનનું કારણ છે એમ લીધું. કેમકે જે શુક્લધ્યાનની દશામાં સ્વદ્રવ્યના ઊંડાણમાં ઉપયોગ ચાલ્યો જાય છે, સ્વદ્રવ્યસ્વભાવના અગાધ ઊંડાણમાં ઉપયોગ ઊંડો ઉતરી જાય છે ત્યારે શુક્લધ્યાન પ્રગટે છે. તો એમ કહ્યું કે શુક્લધ્યાનને આધારભૂત જે વિષય છે એ દ્રવ્યાનુયોગનો વિષય દ્રવ્ય છે. એ શુક્લધ્યાનનું કારણ છે. એટલે એ પરમગંભીર છે એમ કહેવામાં આવે છે.

મુમુક્ષુ :– દ્રવ્ય, ગુણ, પર્યાયને યથાર્થ અનુભવવા એ જ અનુભવ છે. એ જરા વિશેષ સમજાવશો.

પૂજ્ય ભાઈશ્રી :– હા. એ પહેલા આવી ગયું ને ? ત્રીજા પાને વચ્ચેના Paragraph ની ત્રીજી લીટી. **'દ્રવ્ય-ગુણ-પર્યાયને યથાર્થ અનુભવવા એ જ અનુભવ છે.'** તેમાં દ્રવ્યનો દ્રવ્યરૂપે અનુભવ. એમ. અહીંયાં કહ્યું ને ? **'દ્રવ્યને પરિણતિ પરિણમે વેદે, આસ્વાદે.'** દ્રવ્યને દ્રવ્યના સ્થાનમાં રાખીને એટલે કે અવલંબનના સ્થાનમાં રાખીને સ્વાનુભવ પ્રગટ થયો ત્યાં દ્રવ્યનો યથાર્થ અનુભવ થયો. એ દ્રવ્યમાં રહેલા ગુણભેદોનું જ્ઞાન થવા છતાં ગુણભેદનો વિકલ્પ ન રહ્યો અને અનુભવ થયો તે ગુણનો યથાર્થ અનુભવ થયો. ત્યારે પરિણતિમાં આનંદ-અનુપમ આનંદ ઊપજ્યો છતાં એનું અવલંબન ન લીધું અને અનુભવ કર્યો તે પર્યાયને યથાસ્થાનમાં યથાર્થપણે રાખીને અનુભવ કર્યો. આમ દ્રવ્ય-ગુણ-પર્યાયને યથાર્થ અનુભવવા તે સ્વાનુભવ છે. આમ છે. દ્રવ્યને દ્રવ્યના સ્થાનમાં, ગુણને ગુણના સ્થાનમાં, પર્યાયને

પર્યાયના સ્થાનમાં રાખ્યા.

મિથ્યાદૃષ્ટિને પર્યાયનો અનુભવ છે. પર્યાયમાં પણ એ જ્ઞાનને ચૂકી ગયો હોવાથી કષાયનો જ એને અનુભવ છે. રાગાદિ જે થાય છે, જે જે કાળે જેવા જેવા રાગાદિ ભાવ થાય છે-વિભાવભાવ થાય છે તેનો હુંપણે તેનો તેટલો જ ભાવ તેટલો માત્ર ભાવ હું છું એવો જે એનો અનુભવ છે, કષાય જેવડો, જેટલો જ હું એવો જે અનુભવ છે એ એક સમયના કષાયના અંશને આખું દ્રવ્ય માનીને અનુભવે છે. કેમકે એવડો એટલો હું એમ છે અનુભવમાં. હું રાગવાળો, હું દ્વેષવાળો. મનુષ્યની સમય સમયની યોગ્યતા છે. હું મનુષ્ય. સમય સમયની યોગ્યતા છે. કેમકે કોઈપણ સમયે એ યોગ્યતા ખલાસ થાય છે. હું માણસ. કહે છે, એ મિથ્યાદૃષ્ટિપણે પર્યાયને દ્રવ્યપણે અનુભવે છે. એ વ્યવહારાભાસી. નિશ્ચયાભાસી દ્રવ્યને જાણ્યા વિના, ઓળખ્યા વિના, અવલંબ્યા વિના માત્ર કલ્પિત દ્રવ્યનો વિકલ્પ કરે છે એવી પર્યાયને અવલંબે છે તે નિશ્ચયાભાસી. પણ એમાં દ્રવ્ય-ગુણ-પર્યાયનો યથાર્થ અનુભવ ક્યાંય આવતો નથી.

મિથ્યાદૃષ્ટિપણામાં દ્રવ્ય-ગુણ-પર્યાયની કોઈ શાસ્ત્રના આધારે વ્યાખ્યા કરે, શાસ્ત્રના આધારે શાસ્ત્ર ભણતરથી એનું જાણપણું કરે તોપણ ત્યાં દ્રવ્ય-ગુણ-પર્યાયનો અનુભવ છે એમ ન કહી શકાય. દ્રવ્ય-ગુણ-પર્યાયનો યથાર્થ અનુભવ જ્યારે સ્વાનુભવ પ્રગટ થાય છે ત્યારે જ થાય છે અને ત્યારે જ એ જ્ઞાનને પ્રમાણજ્ઞાન એવું નામ મળે છે. એ પહેલા જ્ઞાન પ્રમાણ નથી. ભલે દ્રવ્ય-ગુણ-પર્યાયનું જાણપણું અને ભણતર હોય તોપણ એ જ્ઞાન પ્રમાણ નથી. શાસ્ત્ર સાથે એવું જાણપણું સુસંગત દેખાતું હોય તોપણ જ્ઞાન પ્રમાણ નથી. જ્ઞાન ત્યાં અપ્રમાણ છે અને મિથ્યાજ્ઞાન છે.

મુમુક્ષુ :– જ્ઞાની દ્રવ્ય, ગુણ, પર્યાય ત્રણેનો અનુભવ કરે છે, છતાં અટકતો નથી.

પૂજ્ય ભાઈશ્રી :– પર્યાયમાં અટકતો નથી.

મુમુક્ષુ :– ત્રણમાંથી ક્યાંય અટકતો નથી.

પૂજ્ય ભાઈશ્રી :– કોઈ ભેદમાં અટકતો નથી. દ્રવ્યને અવલંબે છે. દ્રવ્ય સ્વભાવને અવલંબે છે પણ એ દ્રવ્ય સ્વભાવના વિકલ્પમાં અટકતો નથી. દ્રવ્ય સ્વભાવને અવલંબનતા એ સ્વભાવમાં અપેક્ષિત ગુણભેદો છે, ધર્મો છે એનું નિર્વિકલ્પ જ્ઞાન ત્યાં એને ઉત્પન્ન થઈ જાય છે. વિકલ્પવાળું નહિ પણ નિર્વિકલ્પ જ્ઞાન ત્યાં ઉત્પન્ન થઈ જાય છે. પછી એનો વિકલ્પ પણ એને આવે. તોપણ એને પરિણતિમાં જે સ્વાવલંબન છે એટલે એમાં એ વિકલ્પને હુંપણે અનુભવતા નથી. એ ગુણનો યથાર્થ અનુભવ છે. ગુણભેદમાં અટકે છે તે ગુણનો અયથાર્થ અનુભવ છે. અને

ગુણભેદમાં અટકતા નથી છતાં ગુણોનું જ્ઞાન રહે છે તે ગુણનો યથાર્થ અનુભવ છે. બહુ સૂક્ષ્મ વિષય છે.

'ચિદ્‌વિલાસ'માં એની થોડી સ્પષ્ટ વાત છે. એમાં કેટલાક પ્રકરણ છે એમાં એક નિશ્ચયનું પ્રકરણ છે, વ્યવહારનું પ્રકરણ છે, નિશ્ચયનું પ્રકરણ પણ છે, નયોનું પણ પ્રકરણ છે. અનેક પ્રકરણ છે એમાં એક નિશ્ચયનું પ્રકરણ છે. નિશ્ચયના પ્રકરણમાં ૫૩ પાનું છે. એમાં જ્ઞાન કેવી રીતે ગુણોને જાણે છે ? દ્રવ્ય-ગુણ-પર્યાયનો યથાર્થ અનુભવ લીધો ને ? તો એમાં યથાર્થતા શું છે એનો થોડોક નમુનો છે અહીંયાં. વિષય જરા ઊંડો છે પણ થોડોક નમુનો બહુ સારો આવ્યો છે.

**'વળી અનંત ગુણોના એક પૂંજભાવને દેખવો.'** શું કહે છે ? આ પણ 'દિપચંદજી'ની જ રચના છે. એમનું સિદ્ધાંતજ્ઞાન બહુ સૂક્ષ્મ હતું એ 'ચિદવિલાસ' થી ખ્યાલમાં આવે છે. **'વળી અનંત ગુણોના એક પૂંજભાવને દેખવો. પણ ગુણને જુદા ન દેખવા'** આ જ્ઞાન-સમ્યક્‌જ્ઞાન કેવી રીતે દ્રવ્ય-ગુણ-પર્યાયનો યથાર્થ અનુભવ કરે છે ? એને વર્ણવે છે. **'અનંત ગુણોના એક પૂંજભાવને દેખવો પણ ગુણને જુદા ન દેખવા.'** વળી કહે છે કે ગુણને જુદા ન દેખવા. તો પછી જ્ઞાન એક ગુણ છે, આનંદ એક ગુણ છે. એક એક ગુણ છે ને ? તો પછી એનું જ્ઞાન તો કેવી રીતે થાય, જો જુદો ન દેખો તો ? કહે છે, એની રીત છે સમ્યક્‌જ્ઞાનમાં. **'તેમ જ અનંત શક્તિ વડે જે ગુણ છે,...'** એક એક ગુણની શક્તિ કેટલી ? અનંત. **'અનંત શક્તિ વડે જે ગુણ છે તે એક ગુણને જ દેખવો, તે શક્તિને જ ન દેખવી.'** ઠીક ! શું કહ્યું ? વિષય થોડો સૂક્ષ્મ છે. અનંત શક્તિ વડે જે ગુણ છે તે એક ગુણને એટલે એક ગુણના અનંત સામર્થ્યને દેખવો. એક ગુણના અનંત સામર્થ્યને જુઓ. પણ એક શક્તિને સાવ જુદી પાડીને ન જુઓ. એના અનંત સામર્થ્યને જોઈ લ્યો. એમ લેવું છે.

**'તથા જઘન્ય ઉત્કૃષ્ટ એવા ભેદ ન દેખવા. તે શક્તિને એકને જ દેખવી.'** હવે આ પર્યાયનો વિષય ગણવો. પર્યાયમાં ઓછું જ્ઞાન, વધારે જ્ઞાન, જઘન્ય, મધ્યમ, ઉત્કૃષ્ટ એમ ન જુઓ, કહે છે. એના **'જઘન્ય ઉત્કૃષ્ટ એવા ભેદને ન દેખવા.'** એમાં શક્તિને જોવી. જેમ કે જ્ઞાનપર્યાય છે, જ્ઞાનનો ઉપયોગ છે. એમાં જ્ઞાન શું જાણે છે ? એ તો એકબાજુ રાખો. જ્ઞેયાકારે જ્ઞાનને તો એકબાજુ રાખો. પણ જ્ઞાન ઓછું છે કે વધારે પરિણમ્યું છે ? જઘન્યભાવે પરિણમ્યું છે કે મધ્યમભાવે ? મધ્યમ કોટીનું પરિણમન છે કે ઉત્કૃષ્ટ કોટીનું પરિણમન છે ? એમ ન જુઓ. એમાં જે જ્ઞાનશક્તિ છે એને જ માત્ર જુઓ. શક્તિને જોતા એક શક્તિને જુદો ન પાડો પણ એના પરિપૂર્ણ સામર્થ્યને જુઓ. અને અનંત શક્તિના પૂંજને જુઓ. એક શક્તિને જુદું

પાડીને ન જુઓ. આવું જ્ઞાનનું-સમ્યક્‌જ્ઞાનનું સમગ્ર પ્રકારે પરિણમન એક સાથે દ્રવ્ય-ગુણ-પર્યાયમાં થાય છે એને દ્રવ્ય-ગુણ-પર્યાયનો યથાર્થ અનુભવ-એને સમ્યક્ અનુભવ-એને સ્વાનુભવ-એને દ્રવ્ય-ગુણ-પર્યાયને યથાર્થ જાણ્યા એમ કહેવામાં આવે છે.

મુમુક્ષુ :– તારતમ્યતા ઉપર ન જાવું.

પૂજ્ય ભાઈશ્રી :– ન જાવું એમ કહે છે. શક્તિના જઘન્ય ઉત્કૃષ્ટ પરિણમનને ન જોવું. ન જોવું એટલે ? મુખ્ય ન કરવું અહીંયાં. જ્ઞાન ન થાય એમ નથી કહેવું પણ એના ઉપર લક્ષ ન દેવું.

**'આવું જે અભેદ દર્શન' 'આવું જે અભેદ દર્શન - એક જ રૂપનું દર્શન-છે તેને પણ અભેદદર્શન (રૂપ) નિશ્ચય સંજ્ઞા કહીએ.'** છીએ. આને નિશ્ચય પરિણમન કહેવામાં આવ્યું છે. મોક્ષમાર્ગમાં જે નિશ્ચયરૂપ પરિણમન છે તે આવા પ્રકારનું હોય છે. તે નિશ્ચય પરિણમન કહો, શુદ્ધ પરિણમન કહો, સમ્યક્ યથાર્થ પરિણમન કહો, ધર્મ પરિણમન કહો તે આવું છે. એવી રીતે વાત લીધી છે. એક Paragraph (છે).

મુમુક્ષુ :– શક્તિને વ્યવહારમાં નાખી દીધી.

પૂજ્ય ભાઈશ્રી :– એ ભેદ બધો વ્યવહાર થઈ ગયો. જઘન્ય ઉત્કૃષ્ટનો ભેદ વ્યવહાર, એક એક ગુણનો ભેદ વ્યવહાર. એ બધું વ્યવહારમાં નાખી દીધું. આ નિશ્ચય છે.

મુમુક્ષુ :– જ્ઞાન છે ઇ...

પૂજ્ય ભાઈશ્રી :– હા. એ તો પ્રત્યેક ગુણના પરિણમનને અનંત ગુણનું રૂપ છે. પણ જ્ઞાનમાં શુદ્ધતા હોવાથી અનંત ગુણનું શુદ્ધ સ્વરૂપ કેવું છે એની ઓળખાણ થઈ જાય છે. જ્ઞાન ઉપરથી એની ઓળખાણ થઈ જાય છે.

મુમુક્ષુ :– ... અરીસાની સ્વચ્છતા જુઓ. ઘરવખરી જુદી જુદી નહિ જુઓ. અરીસાની સ્વચ્છતા જોતા ઘરવખરી બધી જણાય જાય છે. એક એકને જુદી જુદી નહિ જુઓ.

પૂજ્ય ભાઈશ્રી :– એ તો જેને પોતાની મૂડીની હુંફ છે. આત્મા દ્રવ્ય છે ને ? એ દ્રવ્ય અનંત ગુણની પોતાની મૂડી છે. કોઈ ગણવા બેસે છે રોજ ઉઠીને ? કે તીજોરીમાં આટલા, બેંકમાં આટલા, માલમાં ગોડાઉનમાં આટલા, ઉઘરાણીમાં આટલા, ઉછીના આપ્યા એટલા આટલા, દાગીનામાં આટલા, મકાનમાં આટલા. એવું કાંઈ ગણવા બેસે છે ? એકસાથે હું કરોડપતિ છું, (એમ) અભેદભાવે પડ્યું છે. અને જો એવા વિચારે ચડે તો ઊંઘ આવે નહિ. દુઃખી થઈ જાય. દુઃખી થઈ જાય.

એક શ્રીમંત માણસનો પરિચય થયો. બહુ ભલા માણસ હતા. એકદમ સજ્જન માણસ હતા. દેરાવાસી હતા. એમ તો નવો નવો પરિચય (થયો હતો) કુદરતી પ્રસંગે ત્રણ દિવસ એને ત્યાં 'મુંબઈ'માં રહેવાનું થયું. Silk mill છે 'મુંબઈ'માં. એમ દેખાય કે સજ્જનતા ઘણી. કેમકે પોતાનું નામ ન આવે એવી રીતે આડા હાથે હજારોની સખાવત કરી દે, ગરીબ, ગુરબાને ઘરે અનાજ મોકલી દે, વિદ્યાર્થીઓની ફી ભરી દે, પુસ્તકો મોકલી દે. 'ભાવનગર'ના છે.

એ આવે અહીંયાં તો પાંચ પંદર દિવસ રહી જાય તો દસ-વીસ-પચ્ચીસ હજાર રૂપિયા એવી રીતે ખાનગીમાં વાપરી નાખે. ક્યાંય પોતાનું નામ ન આવવું જોઈએ. બીજા એના સગા-સંબંધીઓ હોય એને કહે કે તમે કામ પતાવી લેજો. ક્યાંય મારું નામ ન આવે. બહુ સજ્જન માણસ હતા. વાત કરતા કરતા બોલી ગયા કે મારે રાત્રે Novel વાંચવી પડે છે. Novel વાંચતા વાંચતા અગિયાર, સાડા અગિયાર, બાર - સાડા બારે લગભગ ઊંઘ આવે. એ પહેલા અમથીય ઊંઘ ન આવે. Novel વાંચતા વાંચતા પણ. પછી ઊંઘ આવે એટલે બાજુમાં મૂકી દઉં ચોપડી. વાર્તાની ચોપડી વાંચે. કેમ એવું બધું ? એટલું બધું શું છે ? તમારે તો અહીંયાં શાંતિ છે. 'મુંબઈ'ની ધમાધમમાં નહોતા. Princess strit માં રહેવું અને રેશમ બજારમાં બહાર કાલબાદેવી ઉપર એની ઓફિસ હતી. એટલે આમ બે કલાકની મુસાફરી કરીને Office આવવું, વળી જાવું અને આમ કંટાળો આવે એવું કાંઈ નહિ. ચાલીને જાય તો પાંચ મિનિટ લાગે એવું હતું. એમાં શું ઉપાધિ છે ? એ.. મજાનું બધું સરખું છે. બધી સરખાઈ દેખાય બહારમાં જુઓ તો. ઊંઘ આવતી નથી. કારણ શું છે ? તો કહે, જો વાચું નહિ ને તો વિચારે ચડી જાઉં. ઠીક !

જે પૂર્વ કર્મના યોગે સંયોગોની જે નજીકપણું છે કે આ મારા સંયોગો, એનું મમત્વ છે એ કેટલી આકુળતા ઊપજાવે છે. એ મમત્વ એટલી આકુળતા ઊપજાવે કે એની નીંદર હરામ કરી દ્યે છે. આ પરિસ્થિતિ ઊપજે છે. એ મમત્વનો રસ કેટલો છે એ શું ખબર પડે ? કષાય કરે કે માણસ ગુસ્સો કરે તો ખબર પડે કે આ ક્રોધી છે. બહુ કષાય છે. પણ મમત્વના રસમાં કેટલો કષાયરસ રેડાય છે એ દેખાતો નથી. બીજાને દેખાતો નથી અને પોતાનું અવલોકન ન હોય તો પોતાને પણ દેખાતો નથી. આ દશા થાય. એ દરિયો છે, એ ડૂબી ગયો એની અંદર. 'ગુરુદેવ' કહેતા કે આ પૈસાવાળા છે, કરોડપતિઓ છે બધા દુઃખના ડુંગરામાં ડૂબેલા છે. એમ કહેતા. ક્યાંય કોઈને સુખ છે એ વાત સાચી નથી. લોકો ભલે માને.

મુમુક્ષુ :– પૈસા આપી દીધા. દાન કરી દીધું પોતાનું નામ ન આવે તોપણ મમત્વ છે ?

પૂજ્ય ભાઈશ્રી :– એને પોતાના જે પ્રાપ્ત સંયોગ છે ને ? આટલા લાખ છે અથવા મારી પાસે આ છે.. આ છે... આ છે.. મારું કુટુંબ સારું, મારુ ફલાણું, મારું મકાન સારું, આ ફલાણું જે એના કહેવાતા સંયોગો ઉપર મમત્વનો રસ છે ને ? એ તો જે દાન દે છે એ તો એની સજ્જનતા બતાવી કે સજ્જન એવો માણસ કે સામાન્ય રીતે દાન દે એને તો નામ જોઈએ. મારું નામ તો લોકોને બરાબર ખબર પડવી જોઈએ કે મેં આટલું દાન દીધું. એવું નહિ સજ્જનતા વશ. ખરેખર એ લૌકિક વ્યવહારમાં અતિ સજ્જન માણસ હતા એમાં કોઈ સવાલ નહિ. એ માણસનું જીવન વ્યવહાર શાંત, સજ્જનતા ભર્યો દેખાતો હોય એ માણસ પણ અંદરથી આટલો બધો દુઃખી હોય કે એને ઊંઘ ન આવે. એ જલદી સમજાય એવો વિષય નથી.

એનું કારણ છે કે જે મમત્વનો રસ છે એ જીવના પરિણામને કેટલા આકુળીત કરે છે એ પોતે ન સમજી શકે એવો વિષય છે પણ એનું સ્થૂળ પરિણામ આવે છે ત્યારે એને થાય છે કે આ કાંઈક એવું કારણ છે કે આપણી હવે આ Controlની બહાર વાત છે. આપણા Control માં આ વાત રહેતી નથી. પછી ઉપયોગને ક્યાંક આધાર લઈ લેવો પડે એટલે ચોપડી વાંચે. એ વાંચતા વાંચતા ઊંઘ આવી જાય. રોજની ૩૬૦ દિવસ આ દશા. રાત પડે અને હેરાનગતિ શરૂ. કારણ કે દિવસે તો જુદી જુદી પ્રવૃત્તિમાં ઉપયોગ જાય પણ રાત્રે કોઈ પ્રવૃત્તિ હોય નહિ. માણસને વિચારો જ આવ્યા કરે. જેનું મમત્વ હોય એના વિચાર આવ્યા વિના રહે નહિ.

મુમુક્ષુ :– જેનું મમત્વ હોય એના વિચાર આવ્યા વિના રહે નહિ.

પૂજ્ય ભાઈશ્રી :– અનુભવથી નક્કી કરી લેવું. જેની ચાહના હોય, જેની જરૂરિયાત હોય, જેનું મમત્વ હોય, જેની રુચિ હોય એના વિચાર કરવા પડે નહિ. એના વિચાર કરવા માટે ક્યાંય Tution લેવું પડે નહિ કે નિશાળમાં જાવું પડે નહિ ભણવા. આવ્યા જ કરે. ઉખળ્યા જ કરે. કેવડી મોટી ખાણ છે ! એને એમ થાય કે આ તો ખૂટતું જ નથી. એવડી મોટી ખાણ છે કે આ ખૂટતું નથી. એ રીતે વિચાર આવ્યા કરે. એ તો બધાના અનુભવનો વિષય છે.

મુમુક્ષુ :– મમત્વ તોડવું કઈ રીતે ?

પૂજ્ય ભાઈશ્રી :– પોતાનું નિજ અસ્તિત્વ છે ત્યાં મમત્વ કરવું. મમત્વ કર્યા વગરનો નહિ રહે જીવ, એ એનો સ્વભાવ છે. પણ જ્યાં પોતાપણું છે, પોતારૂપે પોતે છે એવું જે નિજ અસ્તિત્વ છે એને સ્વપણે ગ્રહણ કરવું. એનું મમત્વ કરતા એને બીજા અસ્થાનમાં જ્યાં પોતે નથી, દ્રવ્ય-ગુણ-પર્યાયથી જ્યાં પોતે નથી, ત્યાં જે ખોટું મમત્વ થતાં દુઃખ ઉપજ્યું છે, એ ખોટું મમત્વ નાશ પામશે અને એનું

ફળ જે દુઃખ છે એ પણ નાશ પામશે. પણ જીવને મમત્વ છોડવું નથી અને સુખી થાવું છે. એક મ્યાનમાં બે તલવાર નહિ સમાય.

આ ઘર મારું પછી એમાં એક ચીજ આડીઅવળી ગોઠવાણી હોય તો ન ફાવે તો આખા ઘરની ઉથલપાથલ શી પોસાય એને ? એક ચીજ જ્યાં રહેતી હોય ત્યાં જ રહેવી જોઈએ. એ બીજી જગ્યાએ ન ફાવે એને. ફાવે ? તો એને આખા ઘરનો ફેરફાર કેમ ફાવે ? પણ ભાઈ ! આખા ઘરમાં તું ક્યાંય નથી. તું ઘરની સામે ઊભો રહીને નક્કી કર કે આ ઘર મારું દેખાય છે એમાં મારી ભ્રમણા શું ? અને આ ભ્રમણા કેમ ટળે ? આ પરિવાર મારો દેખાય છે એની સામે ઊભો રહીને જો કે આમાં મારાપણું થાય છે એમાં ભ્રમણા શું અને એ કેમ ટળે ? આ એણે પ્રયોગ કરવો જોઈએ.

મુમુક્ષુ :- પ્રેમથી બધાએ હા પાડી દીધી.

પૂજ્ય ભાઈશ્રી :- એમાં કાંઈ વળશે ? હા પાડી દેવાથી કાંઈ વળશે ? તેથી કાંઈ દુઃખ નહિ ટળે. એણે એ વાત પોતાના ઊંધા અનુભવને પલટ્યા વિના સવળો અનુભવ કેવી રીતે સ્થાન પામશે ?

શું કહ્યું ? કે **'અનુભવ પ્રકાશ, ગુણ પરિણતિ એકરસ થતાં થાય છે.'** અનંત ગુણોનો એકરસ પરિણતિ થતાં સ્વાનુભવ થાય છે. **'(એ જ) વસ્તુનું સ્વરૂપ છે. (જે સર્વ ગુણરસના પૂંજરૂપ છે)'** જે અનુભવન છે એ અનંત ગુણના રસના પૂંજરૂપ છે. **'તે ચેતનાગુણનું સંક્ષેપમાત્ર (અહીં) વર્ણન કરવામાં આવે છે.'** એમ કરીને ફરીને પાછા વર્ણનને જુદા જુદા ગુણોથી લે છે. જે ગુણની વાત લીધી છે કે કેટલાંક ગુણોની વાત કરીએ છીએ કે જે અનુભવમાં આવે છે. ફરીને પાછા કેટલાંક ગુણોની વાત અહીંયાં કરી છે. વિશેષ લઈશું....

❋ ❋ ❋

**અરે જીવો ! ઠરી જાઓ... ઉપશમરસમાં ડૂબી જાઓ ! એમ જાણે કે ભગવાનની પ્રતિમા ઉપદેશતી હોય ! માટે સ્થાપના પણ પરમપૂજ્ય છે. ત્રણ લોકમાં શાશ્વત વીતરાગ મુદ્રિત જિનપ્રતિમા છે. જેમ લોક અનાદિ અકૃત્રિમ છે. લોકમાં સર્વજ્ઞ પણ અનાદિથી છે, તેમ લોકમાં સર્વજ્ઞની વીતરાગ પ્રતિમા પણ અનાદિથી અકૃત્રિમ શાશ્વત છે. જેણે આવા પ્રતિમાજીની સ્થાપનાને ઉડાડી છે તે ધર્મને સમજ્યા નથી. ધર્મી જીવને પણ ભગવાનના જિનબિંબ પ્રત્યે ભક્તિનો ભાવ આવે છે.**

**(પરમાગમસાર-૭૦૩)**

## તા. ૧૪-૮-૧૯૮૫, પાના નં. ૪, પ્રવચન નં. ૮

આત્મામાં ગુણ અથવા જે શક્તિઓ રહેલી છે એનું નિરૂપણ કરે છે. શક્તિઓ એટલે આત્મપદાર્થની વિશેષતાઓ. શાશ્વત એવું જે આત્મદ્રવ્ય છે એની વિશેષતાઓ શક્તિરૂપે અનાદિઅનંત શાશ્વત છે. અહીંયાં આપસમાં કાર્ય-કારણની શૈલીથી, પદ્ધતિથી એનું નિરૂપણ કર્યું છે. કાર્ય-કારણની પદ્ધતિ લીધી છે. એક ગુણને બીજા ગુણનું નિમિત્તપણે કાર્ય-કારણ છે એમ ગણીને (નિરૂપણ કર્યું છે).

**'સર્વ ગુણોમાં જ્ઞાન (ગુણ) પ્રધાન છે.'** સંખ્યાએ અનંતી શક્તિઓ છે. સર્વ એટલે અનંત. અનંત શક્તિમાં અથવા અનંત ગુણમાં જ્ઞાનગુણ પ્રધાન છે. સામર્થ્ય તો પ્રત્યેક શક્તિને પોતપોતાનું અનંત સામર્થ્ય છે. કોઈનું સામર્થ્ય અપૂર્ણ છે, ઓછું છે કે કાંઈક ખામીવાળું છે એવું નથી. પ્રત્યેક શક્તિનું, અનંતી શક્તિનું પોતપોતાનું અનંત સામર્થ્ય હોવા છતાં તે સર્વ શક્તિમાં જ્ઞાનની પ્રધાનતા છે.

**'શાથી ?'** કારણ આપે છે. **'કે જ્ઞાન વિશેષચેતના છે. જ્ઞાન સર્વનું જ્ઞાતા છે.'** બીજી શક્તિઓમાં કોઈમાં એવું પરિણમન નથી જેવું જ્ઞાનમાં છે. અથવા પ્રત્યેક શક્તિને પોતપોતાની વિશેષતા હોવા છતાં જ્ઞાનની વિશેષતા કોઈ એવી છે કે તે સર્વનું જ્ઞાતા છે. બીજી સર્વ શક્તિઓને જ્ઞાન જાણે છે તેથી જ્ઞાનની વિશેષતા છે અથવા જ્ઞાનની પ્રધાનતા છે. એમ જ્ઞાનને વિશેષ લીધું છે.

મુમુક્ષુ :– એ અપેક્ષાએ...

પૂજ્ય ભાઈશ્રી :– ખામી નહિ એનો પોતપોતાનો ગુણધર્મ છે. જેનો જે પ્રકારનો ગુણધર્મ છે અથવા સ્વભાવ છે કે આનંદશક્તિ-સુખશક્તિ છે તો એને આહ્લાદ નિરાકૂળ આનંદનો આહ્લાદ એવો એનો સ્વભાવ છે. એવું છે તેથી એ કાંઈ જાણતું નથી એટલે એની ખામી છે અથવા એક ગુણમાં બીજા ગુણનો ધર્મ ન હોય, શક્તિ ન હોય એટલે એની ખામી નથી. એ તો દરેકની પોતપોતાની શક્તિ છે. પણ જ્ઞાનની એ વિશેષતા છે કે **'જ્ઞાન સર્વનું જ્ઞાતા છે.'** પોતાને પણ જાણે છે, બીજા અનંત ગુણોને પણ જાણે છે, જગતના સર્વ પદાર્થોને પણ જ્ઞાન જાણે એવું એનામાં સામર્થ્ય રહેલું છે. જ્ઞાન સર્વનું જ્ઞાતા હોવાથી અને વિશેષચેતના હોવાથી અથવા તે ગ્રાહ્ય થઈ શકે એવી ચેતના હોવાથી (પ્રધાન ગુણ છે).

મુમુક્ષુ :– બીજા ગુણોમાં ચેતના નથી ?

પૂજ્ય ભાઈશ્રી :– ચેતના તો બધામાં છે પણ આ વિશેષ ચેતના છે. આત્મા પોતે ચેતનદ્રવ્ય હોવાથી એના સર્વ ગુણો ચેતન છે. આખો આત્મા ચેતનપદાર્થ હોવાથી એના કોઈ ગુણો અચેતન નથી. સર્વ ગુણો સચેતન છે. કેમકે ચેતના આખા દ્રવ્યમાં અખંડ દ્રવ્યમાં વ્યાપેલી છે. તેથી સર્વ ગુણોમાં વ્યાપેલી છે.

મુમુક્ષુ :– બીજા ગુણોમાં ચેતન છે એટલે ....? ચૈત્ય છે એમ કહેવું...

પૂજ્ય ભાઈશ્રી :– એ ચેતન જાતિના છે. જેમકે એક દૃષ્ટાંત લઈએ કે અસ્તિત્વગુણ પરમાણુને પણ છે અને અસ્તિત્વગુણ જીવને પણ છે. બેયમાં અસ્તિત્વગુણ સામાન્ય થયો. સામાન્ય એટલે બેયનો એક નહિ. બંનેનો પોતપોતાનો ભિન્ન ભિન્ન છતાં સરખો. આને પણ હોવાપણું છે અસ્તિત્વગુણથી, આને પણ હોવાપણું છે. પણ જડનું અસ્તિત્વ, પરમાણુનું અસ્તિત્વ જડપણે છે. એના અસ્તિત્વગુણમાં જડતા છે, ચેતનતા નથી. જ્યારે આત્માનું જે અસ્તિત્વ છે એ સચેતન અસ્તિત્વ છે, ચૈતન્યમય અસ્તિત્વ છે. છે તો બંનેનું અસ્તિત્વ પણ ચૈતન્યમય અસ્તિત્વ છે, આનું જડમય અસ્તિત્વ છે. એમ ફેર પડે છે.

**'જ્ઞાન વિશેષચેતના છે. જ્ઞાન સર્વનું જ્ઞાતા છે.'** તેથી જ્ઞાનની પ્રધાનતા છે. સંક્ષેપમાં વાત લીધી છે કે તેથી જ્ઞાનની પ્રધાનતા છે. પણ મોક્ષમાર્ગમાં પ્રવેશ કરવા માટે જ્ઞાનનો પ્રયોગ મુખ્ય છે તેથી પણ જ્ઞાન પ્રધાન છે. અહીંયાં સંક્ષેપમાં એ વિષય લીધો છે. પણ મુમુક્ષુ જીવને વિચારવા માટે લઈએ તો મોક્ષમાર્ગમાં પ્રવેશ કરવા માટે આત્માની ઓળખાણ જ્ઞાનથી થતી હોવાથી જ્ઞાનની પ્રધાનતા છે. એ રીતે જ્ઞાનની પ્રધાનતા છે. અથવા મોક્ષમાર્ગમાં પણ બીજા પદાર્થથી અને વિભાવભાવથી ભિન્ન થવા અર્થે ભેદજ્ઞાનનો પ્રયોગ છે. તેથી પણ જ્ઞાનની પ્રધાનતા છે. અથવા આત્મજ્ઞાન જન્મ-મરણને મટવાનું કારણ હોવાથી પણ જ્ઞાનની પ્રધાનતા છે. એમ જ્ઞાનની પ્રધાનતા એક વિશિષ્ટ એના સ્વભાવને લઈને, જે એની સ્વભાવની વિશિષ્ટતા છે તેને લઈને તેની પ્રધાનતા છે એમ અવશ્ય સ્વીકારવું જોઈએ.

પ્રત્યેક શક્તિને અને પ્રત્યેક ગુણને અનંત સામર્થ્ય હોવાથી અને સામર્થ્યનું પોતપોતાનું સામર્થ્ય કોઈને પણ ઉણું નહિ હોવાથી, અધૂરું નહિ હોવાથી, અલ્પ નહિ હોવાથી, ક્ષતિવાળું નહિ હોવાથી બધા ગુણોમાં કોઈ ગુણને પ્રધાન ન ગણવો એવું કેટલાક શાસ્ત્રના અભ્યાસી વિદ્વાનોને લાગે છે. એમાં કોઈ ગુણ નાનો-મોટો તો છે નહિ. કોઈ ગુણ નાનો છે અને કોઈ ગુણ મોટો છે એવું તો છે નહિ. પછી શા માટે કોઈ ગુણને વિશેષતા આપવી કે પ્રધાનતા આપવી ? આવું કોઈ એક દૃષ્ટિકોણથી વિચારવામાં આવે છે. પણ જ્યાં પ્રયોજનની સિદ્ધિ કરવી છે એટલે

અનુભવ પ્રધાનતાની જ્યાં વિવિક્ષા છે, દૃષ્ટિકોણ છે કહેવાનો, ત્યાં તો જ્ઞાનની અવશ્ય પ્રધાનતા લેવામાં આવે છે.

મુમુક્ષુ :– જ્ઞાન વિશેષ છે એટલે વિશિષ્ટ લેવું ?

પૂજ્ય ભાઈશ્રી :– વિશેષ છે. વિશેષ ચેતના લેવી છે. દર્શન સામાન્ય ચેતના છે તેથી અહીંયાં જ્ઞાનને વિશેષ ચેતના કહી છે.

મુમુક્ષુ :– વિશેષ એટલે વિશિષ્ટ નહિ ?

પૂજ્ય ભાઈશ્રી :– ના. એમ નહિ. વિશેષ ચેતના એટલે સામાન્ય કરતા જે વિશેષ છે. સામાન્યની અપેક્ષાએ જે જ્ઞાન વિશેષ છે તે વિશેષ ચેતના છે. દર્શનનો અહીંયાં ક્યાંક ભાવ લઈ લેશે. બીજા Paragraphમાં છે.

મુમુક્ષુ :– ચેતના ગુણ છે. બીજા...

પૂજ્ય ભાઈશ્રી :– ચેતના છે એ ગુણ છે કે જેના બે અવયવો છે. વિશેષ ચેતના અને સામાન્ય ચેતના. વિશેષચેતનાસ્વરૂપે જ્ઞાન છે અને સામાન્યચેતનાસ્વરૂપે દર્શન છે. બીજા Paragraphમાં પહેલી લીટી છે કે **'જ્ઞાન વિના ચેતનનું વિશેષ જાણવામાં ન આવત.'** શું કારણ લીધું ? કે ચેતનનું જે વિશેષ છે એ જ્ઞાન વિના ન જણાત. પછી દર્શનની વાત સાથે લે છે. **'દર્શન વિના સામાન્ય વિશેષ જ્ઞાન ન રહેત'** દર્શન વિના જ્ઞાનનું સામાન્ય વિશેષપણું ન રહેત. અર્થાત્ **'સર્વજ્ઞતા વિના દર્શનને કોણ જાણત ?'** એમ કરીને જ્ઞાન પણ દર્શનને જાણે છે અને દર્શન સામાન્યપણે જ્ઞાનને દેખે છે. જો જ્ઞાન વિશેષ છે તો દર્શન એનું સામાન્ય છે. એમ દર્શન-જ્ઞાનથી સામાન્ય વિશેષના એક ચેતનમાં ભેદ ઉત્પન્ન થાય છે.

'સમયસાર'માં 'સર્વવિશુદ્ધજ્ઞાન અધિકાર'માં આ વિષય ઉપર થોડું આચાર્ય મહારાજનું વજન છે કે ચેતનાને સામાન્ય વિશેષરૂપ અવશ્ય સંમત કરવી. એમ લીધું છે ત્યાં. એટલે સામાન્યપણે દર્શન છે અને વિશેષપણે જ્ઞાન છે એમ અવશ્ય માનવું. આની પાછળ એક કારણ છે. આમ મોક્ષમાર્ગમાં એનું-બે વચ્ચેના તફાવતનું એટલું પ્રયોજન નથી. કેમકે છદ્મસ્થને દર્શનઉપયોગ તો પકડી શકાતો નથી. એટલે બુદ્ધિગોચર વિષય નથી. પણ અન્યમતમાં વેદાંતમાં એક પ્રખર અભિપ્રાય ચાલે છે કે આત્મા જ્ઞાનસ્વરૂપ છે. પ્રજ્ઞાનં બ્રહ્મ જ્ઞાનસ્વરૂપ આત્મા છે પણ એ દર્શનને સ્વીકારતા નથી. જે ચેતના સામાન્યરૂપ દર્શન છે એનો ત્યાં સ્વીકાર નથી. અને સ્વીકાર નહિ હોવાનું કારણ છે કે એ બુદ્ધિગ્રાહ્ય પણ નથી. એટલે જેટલો બુદ્ધિગ્રાહ્ય વિષય છે એને પકડીને એની સિદ્ધિ અર્થે Logic પણ મૂકવામાં આવ્યું છે ત્યાં. પણ જે વિષય બુદ્ધિગ્રાહ્ય ન થાય એ નિરૂપણમાં ન આવે પછી એનો Logic હોવાનો તો સવાલ નથી.

જૈનદર્શનમાં એ વિશિષ્ટતા છે કે કેટલાક વિષયો કેવળજ્ઞાન અનુસાર નિરૂપિત થયેલા છે અને શ્રુતજ્ઞાન દ્વારા વિચારતા તે ન્યાયપૂર્વક સંમત થઈ શકે એવા છે. એની પાછળ એનું Logic પણ મૂક્યું છે. આમ સીધા બુદ્ધિગ્રાહ્ય ન થાય પણ શ્રુતજ્ઞાનમાં વિચારીને એને સમજી શકાય એવા છે. એવા ઘણા વિષયો છે. અને 'વીરસેનસ્વામીએ' તો 'ધવલ' શાસ્ત્રોની અંદર-'ધવલ' ટીકાની અંદર દર્શન અને જ્ઞાનની સિદ્ધિ અર્થે ઠામ ઠામ એ વિષય એક જુદી જ શૈલીથી લીધો છે. જ્ઞાન પરપ્રકાશક છે અને દર્શન સ્વપ્રકાશક છે. આત્મા સ્વપરપ્રકાશક છે. એમ લીધું છે.

આત્મા સ્વપરપ્રકાશક છે એમાં જ્ઞાન પરપ્રકાશક છે અને દર્શન સ્વપ્રકાશક છે. અને ત્યાં એ દર્શન જ્ઞાનની જુદી જુદી સિદ્ધિ કરવા માટે એવી અપેક્ષા લીધી છે કે દર્શન પરપ્રકાશક નથી અને જ્ઞાન સ્વપ્રકાશક નથી. પણ એ આ દર્શનને સ્વીકારતા નથી એવા એક અભિપ્રાયની સામે એ વિષય ચાલ્યો છે. એટલે દાર્શનિક સિદ્ધાંતનો વિષય ત્યાં દાર્શનિક દૃષ્ટિકોણથી લીધો છે. દાર્શનિક સૈદ્ધાંતિક દૃષ્ટિકોણથી લીધો છે. અધ્યાત્મમાં તો જ્ઞાન પણ સ્વપરપ્રકાશક છે અને દર્શન પણ સ્વપરપ્રકાશક છે. બંનેને સ્વપરપ્રકાશક તરીકે સ્વીકારવામાં આવ્યા છે. એ 'નિયમસાર'નો વિષય છે.

મુમુક્ષુ :– દર્શન પણ જાણવાનું કામ કરે અને જ્ઞાન પણ જાણવાનું કામ કરે ?

પૂજ્ય ભાઈશ્રી :– દર્શન દેખવાનું કામ કરે છે. અને જ્ઞાન જાણવાનું કામ કરે છે. દેખવું અને જાણવું એમાં ફેર શું ? કે જ્ઞાન વિશેષતા સહિત જાણે એટલે એ જ્ઞાનનું પરિણમન વિશેષ ચેતના અથવા જેમાં વિશેષો જણાય છે એવું સાકાર પરિણમન લેવામાં આવે છે. અને દર્શન માત્ર હોવાપણાને-અસ્તિત્વને દેખતું હોવાથી દર્શનને નિરાકારભાવે લેવામાં, સ્વીકારવામાં આવ્યું છે. દર્શનમાત્ર છએ દ્રવ્યના હોવાપણાને સ્વીકારે છે. એમાં જુદું જુદું હોવાપણું એ દર્શનનો વિષય નથી. આ લાકડું છે અને આ લોખંડ છે, એમ નથી. છે એટલું સ્વીકારે છે. સર્વ પુદ્ગલો છે એમ સર્વ પુદ્ગલથી પછી જીવ છે એમ જુદું એમ નહિ. સર્વનું હોવાપણું એ દર્શનનો સામાન્યપણે વિષય છે. ભેદ પાડીને જાણવું એ જ્ઞાનનો વિષય છે.

મુમુક્ષુઃ– દર્શનમાં અસ્તિત્વનો સ્વીકાર...

પૂજ્ય ભાઈશ્રી :– હા. એ સામાન્ય અસ્તિત્વ (સ્વીકારે છે), એ પણ મહાસત્તાને સીધું સ્વીકારે છે. જ્યારે જ્ઞાન હોવાપણાને જાણે છે પણ એની પ્રત્યેકની અવાંતરસત્તા સહિત એને જાણે છે. એમ છે. એટલે દર્શનનો વિષય મહાસત્તા છે અને જ્ઞાનનો વિષય અવાંતરસત્તા છે. અસ્તિત્વને સ્વીકારવાની દૃષ્ટિએ. બાકી તો જ્ઞાનનો વિષય અવાંતરસત્તા હોવાથી બીજી પણ જડ-ચેતનની અનેક વિશેષતાઓને જ્ઞાન જાણે છે. જ્યારે દર્શનનો એ વિષય નથી. કેમકે એનો વિષય મહાસત્તા છે. એમ.

મુમુક્ષુ :– દર્શન-જ્ઞાનને જુદા જુદા છે. એ વધારે સ્પષ્ટ કરીને સમજાવો.

પૂજ્ય ભાઈશ્રી :– એટલે શું છે કે દર્શન છે એ ન્યાયથી સ્વીકારવામાં આવે છે. દર્શનઉપયોગને સીધો પકડી શકતો નથી એટલો એ સૂક્ષ્મ છે. દર્શનઉપયોગને સીધો પકડી શકાતો (નથી). જ્ઞાનઉપયોગ પહેલા દર્શનઉપયોગ એક થઈ જાય છે. એમાં જેને જ્ઞાન વિષય કરે છે એની સત્તાને દર્શનઉપયોગ દેખી લે છે. દર્શનઉપયોગ એને દેખી લે છે. અહીંયાં દર્શન એટલે શ્રદ્ધા નહિ, અહીંયાં દર્શન એટલે શ્રદ્ધા નહિ.

શાસ્ત્રમાં દર્શન શબ્દના બે અર્થ છે. એક દર્શનનો અર્થ છે સામાન્ય ચેતનારૂપ દર્શનઉપયોગ અથવા દર્શનશક્તિનું પરિણમન અને એક દર્શન એટલે શ્રદ્ધાનું પરિણમન. સમ્યક્ અથવા મિથ્યા જે કોઈ શ્રદ્ધા હોય એને સમ્યગ્દર્શન અથવા મિથ્યાદર્શન એમ કહેવામાં આવે છે. ત્યાં દર્શનનો અર્થ છે શ્રદ્ધા. જ્યાં જે પ્રકરણ ચાલતું હોય એ પ્રકરણ અનુસાર એનો અર્થ કરવો.

મુમુક્ષુ :– પહેલા દર્શન થાય કે જ્ઞાન ?

પૂજ્ય ભાઈશ્રી :– પહેલા દર્શન થાય-છદ્મસ્થને. છદ્મસ્થ જીવને પહેલા દર્શનઉપયોગ થાય પછી જ્ઞાનઉપયોગ થાય. અને કેવળજ્ઞાનીને કેવળદર્શનઉપયોગ અને કેવળજ્ઞાનઉપયોગ એકસાથે વર્તે છે. કેમકે ત્યાં ક્રમે પરિણમન થાય એ પ્રકારનું ત્યાં પરિણમનમાં કોઈ બાધક આવરિત પરિસ્થિતિ નથી. પર્યાયમાં આવરિતપણું નથી. અનાવરત પરિણમન છે આખું એકદમ. એટલે ત્યાં બંને કેવળદર્શન અને કેવળજ્ઞાન એકસાથે પ્રગટ થાય છે, પ્રગટ હોય છે.

મુમુક્ષુ :– જ્ઞાન અને દર્શન વચ્ચે કેટલા સમયનું અતંર હોય ?

પૂજ્ય ભાઈશ્રી :– અસંખ્ય સમય આમ તો જાય છે. એક એક ઉપયોગ અસંખ્ય સમયનો છે.

મુમુક્ષુ :– ક્ષયોપશમ પ્રમાણે...

પૂજ્ય ભાઈશ્રી :– નહિ, ક્ષયોપશમમાં દર્શનઉપયોગ તો પકડાતો નથી પણ પહેલા થઈ જાય છે. પણ છદ્મસ્થનો ઉપયોગ અસંખ્ય સમયનો છે. એક જ્ઞેયથી ફરતા જ એને બીજા જ્ઞેયમાં અસંખ્ય સમય લાગી જાય છે. એ પહેલા દર્શનઉપયોગ થઈ જાય છે. પણ એ પકડાતો નથી એટલે એનું બીજું સીધું Logic નથી. સીધું એ બુદ્ધિગ્રાહ્ય થતું નથી.

મુમુક્ષુ :– ત્યાં એમ કહેવા...

પૂજ્ય ભાઈશ્રી :– ત્યાં શ્રદ્ધા. ત્યાં સમ્યક્દર્શન, સમ્યગ્જ્ઞાન અને સમ્યક્ચારિત્ર એ મોક્ષમાર્ગના અવયવભૂત દર્શન-જ્ઞાન-ચારિત્ર જ્યાં લીધા છે ત્યાં સમ્યક્શ્રધ્ધાન

લેવું સમ્યગ્જ્ઞાન લેવું અને સમ્યક્ચારિત્ર લેવું.

મુમુક્ષુ :- એ સાથે જ પરિણમે ?

પૂજ્ય ભાઈશ્રી :- હા, એ સાથે જ પરિણમે છે. પણ અહીંયાં જે દર્શનનો વિષય ચાલે છે એ દર્શનઉપયોગનો વિષય ચાલે છે. એટલે ત્યાં શ્રદ્ધાના અર્થમાં દર્શન નથી. એટલે જ્યાં જે પ્રકરણ ચાલતું હોય એ પ્રકરણ અનુસાર દર્શનનો અર્થ કરવો. શ્રદ્ધા કરવો કે દર્શન ઉપયોગ કરવો ? એમ.

'નિયમસાર'માં ઉપયોગનો વિષય ચાલ્યો છે. શુદ્ધોપયોગ અધિકાર છે તો ત્યાં દર્શનઉપયોગનો વિષય ચાલ્યો છે. અને દિગંબર અને શ્વેતાંબર શાસ્ત્રમાં આ વિષયમાં વિચારભેદ છે, મતભેદ છે. ત્યાં શ્વેતાંબર શાસ્ત્રમાં છદ્મસ્થની જેમ કેવળીને પણ દર્શનઉપયોગ અને જ્ઞાનોપયોગ ક્રમે થાય છે એમ સ્વીકાર્યું છે. જ્યારે દિગંબર આચાર્યોએ દર્શનોપયોગ અને જ્ઞાનોપયોગ અરિહંતની અવસ્થામાં કેવળદર્શન અને કેવળજ્ઞાનનો ઉપયોગ એકસાથે સ્વીકાર્યો છે. કેમકે ત્યાં અનાવરત પરિણમન છે અને અહીંયાં આવરત પરિણમન છે.

મુમુક્ષુ :- છદ્મસ્થ અને કેવળીને ફેર જ ન રહ્યો ને ?

પૂજ્ય ભાઈશ્રી :- કેવળી અને છદ્મસ્થમાં જે ફેર છે એ ફેર અહીંયાં તાત્ત્વિક દૃષ્ટિએ પણ બંને શાસ્ત્રો-સાહિત્યમાં ભિન્ન ભિન્ન અભિપ્રાય છે. એટલે જે વિષય બુદ્ધિ ગ્રાહ્ય નથી ત્યાં એ વિષય સંબંધમાં જ્યાં સર્વજ્ઞની પરંપરા નથી ત્યાં ફેર પડી ગયો છે. સર્વજ્ઞની પરંપરા નથી ત્યાં ફેર પડી ગયો છે. જેમકે કોઈપણ પદાર્થનું નિરૂપણ તે પદાર્થના દ્રવ્ય-ક્ષેત્ર-કાળ-ભાવના સ્વરૂપથી થઈ શકે. તો આત્માનું ક્ષેત્ર કેવડું ? એ સીધો વિષય કેવળજ્ઞાનગોચર છે. કેમકે આત્માના પ્રદેશો જોઈ શકાતા નથી. ઇન્દ્રિયજ્ઞાન દ્વારા તે જોઈ શકાતા નથી. અથવા અતીન્દ્રિય જ્ઞાન સ્વાનુભવનું જ્ઞાન થાય છે ત્યારે પણ પ્રદેશો સીધા જ્ઞાનમાં નથી આવતા પણ જેટલા ક્ષેત્રમાં આત્મા છે તેટલા ક્ષેત્રમાંથી આત્મસ્વરૂપનું જ્ઞાન અને આનંદનું વેદન આવે છે. તેના ઉપરથી તેનું ક્ષેત્ર નિશ્ચિત થાય છે, નીચે ચોથા ગુણસ્થાને સ્વાનુભવમાં પણ.

હવે જે નિર્વિકલ્પ અનુભૂતિ છે, વેદાંતમાં પણ એને અનિર્વિચનિય અનુભૂતિથી વાત કરી છે. વચનાતીત-વચનથી ન કહી શકાય એવી અનિર્વચનિય શબ્દ ત્યાં વાપરે છે. એ પણ અનુભૂતિના વિષયને માને છે. બધા તત્ત્વજ્ઞાનના ક્ષેત્રમાં વેદાંતે તત્ત્વજ્ઞાનનું ક્ષેત્ર ઘણું ખેડ્યું છે. બધા સંપ્રદાયોમાં. જગતમાં અત્યારે જેટલા સંપ્રદાય હયાતી ધરાવે છે એમાં જૈનથી પછી બીજો નંબર કોઈ તત્ત્વજ્ઞાનના ક્ષેત્રમાં લઈએ તો વેદાંતનો છે. એની બરાબર એવા કોઈ થયા નથી બુદ્ધિવાળા અને એવા કોઈ વિશિષ્ટ એ વિષયની એ ક્ષેત્રની અંદર પ્રગતિ કરનાર કોઈ બીજા સંપ્રદાયોમાં એવા

જીવો પણ નથી ઉત્પન્ન થયા. એમાં એ લોકો અનિર્વચનીય અનુભૂતિ (કહે છે પણ) ક્ષેત્ર અપેક્ષાએ ભૂલ કરે છે.

અહીં તો એ વાત લેવી છે. ત્યાં પણ સર્વજ્ઞની પરંપરા નથી. તો એને પૂછો કે તમને અનુભવ ક્યાં થાય છે ? એમ કહેશે કે અહીંયાં ઉપર બ્રહ્મરંધ્રમાં અનુભવ થાય છે. એટલે કોઈ એક જગ્યાએ અનુભવ થાય છે એમ માને છે. આત્માનું ક્ષેત્ર કેટલું ? કે એનું કોઈ વ્યવસ્થિત નિરૂપણ નથી. એક જીવાત્માનું ક્ષેત્ર કેટલું ? તો એનું કોઈ વ્યવસ્થિત નિરૂપણ નથી. એમ કહીએ કે પરમાત્માનું ક્ષેત્ર કેટલું ? તો કહે, આખા વિશ્વમાં એક પરમાત્મા છે. ઘાસ ચાસણી પાસ પણ વિશ્વપતિનો વાસ. એક પરમબ્રહ્મ સર્વત્ર વ્યાપેલું છે. એમ લ્યે છે. એટલે એના ક્ષત્રનો કોઈ આદિ-અંત નથી. એવી રીતે.

મુમુક્ષુ :– ત્યાં 'અર્જુન'ને વિરાટ સ્વરૂપ બતાવ્યું છે. એ આપણામાં સમુદ્‌ઘાત કરે છે ત્યારે એ પ્રમાણે ત્રણ લોકમાં..

પૂજ્ય ભાઈશ્રી :– પણ ત્યાં તો વિરાટ સ્વરૂપમાં તો શું છે કે એટલા મોઢા બતાવ્યા, એટલા હાથ બતાવ્યા, એટલા પગ બતાવ્યા. એવી રીતે ચિત્ર દોરે છે. એટલે Specific માન્યતા છે એ જાતની. કેવળી સમુદ્‌ઘાત છે એમાં શરીર સમુદ્‌ઘાત નથી કરતું. અહીંયાં શરીર બતાવવામાં આવે છે. કેવળી સમુદ્‌ઘાતમાં શરીર નથી. આત્માના પ્રદેશો ચૌદ બ્રહ્માંડમાં ફેલાય જાય છે. અસંખ્ય યોજનમાં. નીચે સાતમી નરકના છેડા સુધી અને ઉપર સિદ્ધશિલા સુધી. અને બાજુમાં જ્યાં પહોળાઈ છે ત્યાં પહોળાઈ અને સાકડું છે ત્યાં સાકડું (થઈ જાય). એક રાજૂ પહોળાઈ વચ્ચે કમરના સ્થાને  છે અને બાકી નીચે પહોળાઈ છે, સર્વથી નીચે ત્યાં સાડા ત્રણ રાજૂ (છે). વચ્ચે પહોળાઈ છે ત્યાં પણ સાડા ત્રણ રાજૂ (છે). એટલામાં બરાબર આખા લોકની અંદર, લોકના એક પ્રદેશે આત્માનો એક પ્રદેશ ગોઠવાય એવી રીતે. ઓછો પણ નહિ અને વધારે પણ નહિ. ખાલી જગ્યા પણ ન રહે અને બહાર પણ લોકની બહાર ન જાય. એટલું મૂળ ક્ષેત્રનું આત્માનું છે. એક આત્માનું મૂળ ક્ષેત્ર એટલું છે. 'લોકપુરુષ સંસ્થાને કહ્યો, તેનો અર્થ તમે કાંઈ લ્હયો ?' 'શ્રીમદ્‌જી'એ ગાયું છે. 'લોકપુરુષ સંસ્થાને કહ્યો.' સંસ્થાન એટલે આકાર. જેવો પુરુષાકારે લોક છે એનો અર્થ કાંઈ સમજાય છે ? કે એનો અર્થ આત્મા એવડો છે એમ કહેવું છે. સમુદ્‌ઘાત કરે ત્યારે. એવું જે ક્ષેત્રનું નિરૂપણ છે એ અરૂપી આત્માના પ્રદેશો છે એના ક્ષેત્રની અંદર જે હીનાધિકપણું જોવામાં આવે છે, એક કીડી કંથવાનું એક જીવનું ક્ષેત્ર એટલું પાછું સંકોચાઈને અંગુળના અસંખ્યાત્‌માં ભાગમાં જાય. વિસ્તાર થઈને લોકપ્રમાણ થાય. અને અત્યારે જે-તે શરીરમાં પરિભ્રમણ કરતા જીવને તે-

તે શરીર પ્રમાણ હોય અને એનું અસંખ્યપ્રદેશી માપ છે. એનું આપસમાં પ્રદેશોનું અવગાહન થઈને એનો સંકોચ વિસ્તાર જોવામાં આવે છે.

એટલું વ્યવસ્થિત નિરૂપણપણું કેવળજ્ઞાન અનુસાર હોવાથી અહીંયાં શ્રુતજ્ઞાનમાં સંમત થઈ શકે છે. પણ મૂળ એની પરંપરા જ બીજી રીતે ચાલી હોય જેને જેમ કલ્પના આવી હોય એમ એને શાસ્ત્રની અંદર સૈદ્ધાંતિક નિરૂપણ કર્યું હોય અને એની પાછળ એને લગતું જે કાંઈ Logic મૂક્યું હોય એમાં એ Logicમાં બાધા આવે છે એ આ સિદ્ધાંત, દાર્શનિક સિદ્ધાંતોથી પણ સિદ્ધ થાય છે. એવી ઘણી વાતો છે. જૈનદર્શનમાં એવી ઘણી વાતો છે.

ગુણનો વિષય પણ ઘણા ગુણોનો વિષય કેવળજ્ઞાનગોચર છે છતાં પણ શ્રુતજ્ઞાનથી એનો સ્વીકાર થાય એવી વાત હોવાથી અહીંયાં કાર્ય-કારણથી એનું નિરૂપણ લીધું છે. જેમકે અગુરુલઘુગુણ આવશે આની અંદર. અગુરુલઘુગુણ છે એ કોઈ સીધો શ્રુતજ્ઞાનીનો વિષય ન થાય પણ Logic થી એને સ્વીકારવામાં આવે છે. એનો અનુભવ ન થાય. ષટ્ગુણહાનિવૃદ્ધિ પકડાય નહિ. એક સમયમાં ષટ્ગુણહાનિવૃદ્ધિ પકડી ન શકાય. પણ Logic થી એનો નિર્ણય થઈ શકે. કોઈ જીવનું જ્ઞાન ઘટી.. ઘટી... ઘટી... નાશ પામી.. પામી... પામીને ગમે એટલો જ્ઞાનનો સંક્ષેપ થઈ જાય તો એ અક્ષરના અનંતમાં ભાગે નિગોદમાં જાય તોપણ એનો નાશ થઈને જડ ન થાય. જીવ જડ ન થાય. અને ગમે તેટલો વિકાસ થઈને કેવળજ્ઞાન ફાટે તોપણ એ અગુરુ અગુરુપણે જ રહે. એની ગુરુતા છે એ અમર્યાદિત થઈને પછી એમાંથી બીજું કાંઈ થઈ જાય એવું બને નહિ. એમ અગુરુ અને અલઘુપણું એક ગુણના પરિણમનથી માંડી, એક દ્રવ્યથી, એક પર્યાયથી માંડીને એની સજાતિથી માંડીને બીજી જાતિએ નહિ થવાપણું. એક ગુણનું બીજા ગુણરૂપે નહિ થવાપણું, એક દ્રવ્યનું બીજા દ્રવ્યરૂપે નહિ થવાપણું, એક પર્યાયનું બીજા પર્યાયપણે નહિ થવાપણું. અચેતન મટીને ચેતન નહિ થવાપણું. ચેતન મટીને અચેતન નહિ થવાપણું, એ રીતે એનું અગુરુલઘુપણું સમજી શકાય છે. એમ અનેક ગુણો અને અનેક મુદ્દાઓ આવા જૈનશાસ્ત્રની અંદર જૈનાગમમાં ઉપસ્થિત છે.

મુમુક્ષુ :– અગુરુલઘુગુણ પાંચમી લીટીમાં છે.

પૂજ્ય ભાઈશ્રી :– છે એમાં. આપણે ક્રમથી (લઈશું).

**'સર્વ ગુણોમાં જ્ઞાન (ગુણ) પ્રધાન છે.'** આ બધાનો વિચાર, જાણવું એનું સાધન જ્ઞાનગુણ હોવાથી, જ્ઞાનશક્તિ હોવાથી જ્ઞાનને પ્રધાન કહેવામાં આવ્યો છે. જ્ઞાનને પ્રધાન ગણવામાં આવ્યો છે. **'જ્ઞાન વિશેષ ચેતના છે. જ્ઞાન સર્વનું જ્ઞાતા છે.'** હવે તે જ્ઞાન સ્વરૂપે કરીને સૂક્ષ્મ છે. **'જ્ઞાન સૂક્ષ્મ છે. સૂક્ષ્મ ન હોત તો (તે) ઇન્દ્રિયગ્રાહ્ય**

**હોત, તેથી સૂક્ષ્મતા વડે જ્ઞાનની સિદ્ધિ છે.'** ઠીક ! વાતને અહીંથી ઉપાડી. આ 'દિપચંદજીની' (પોતાની) સ્વતંત્ર ઉપલબ્ધિ છે. બીજા શાસ્ત્રમાં એ રીતે વાત નથી. જ્ઞાનની સિદ્ધિ સૂક્ષ્મતા વડે છે. જ્ઞાન પોતે સ્વભાવે કરીને સૂક્ષ્મ છે. કેમકે એ અનુભવ કરે છે ને ? જ્ઞાન અનુભવ કરે છે તો એની સૂક્ષ્મતા છે. એટલે એ સૂક્ષ્મતા અનુભવમાં સૂક્ષ્મતા રહેલી છે.

સૂક્ષ્મતાનો વિષય વિચારીએ તો અધ્યાત્મમાં, અધ્યાત્મનો વિષય તો સૂક્ષ્મ જ છે પણ એમાંય જે મુદ્દાનો વિષય છે એમાં સૂક્ષ્મતાથી જ શરૂઆત થાય છે. જેમકે જ્ઞાન અને રાગની વચ્ચે સાંધ રહેલી છે એમ કહેવાય છે. શું કહેવાય છે ? જ્ઞાન અને રાગની વચ્ચે એક સાંધ રહેલી છે. જે રાગને, જ્ઞાનને જુદા પાડે છે. એમાં જ્ઞાન સૂક્ષ્મ છે એ વાત લીધી છે. એટલે એને છીણીની ઉપમા આપી છે. છીણીની જેમ ધાર છે એ સૂક્ષ્મ ધારદાર છે ત્યારે તો એને છીણી કહેવામાં આવે છે. એની સૂક્ષ્મતા માટે એને જે ઉપમા આપી છે એ છીણીની ઉપમા આપી છે. એની સૂક્ષ્મતાદર્શક એ ઉપમા છે.

મુમુક્ષુ :– જ્ઞાન સૂક્ષ્મ થયા ત્યારે જ ઇ..

પૂજ્ય ભાઈશ્રી :– જો જ્ઞાન સૂક્ષ્મ ન થાય તો રાગ અને જ્ઞાન બે જુદા ન પડી શકે. અથવા જો જ્ઞાન અહીંયાં સૂક્ષ્મતા ધારણ ન કરે તો રાગ અને જ્ઞાન વચ્ચેની સાંધ એને જણાય નહિ. આ સીધી વાત છે.

આ એક સમસ્યાનો વિષય છે. આ વિષયનો સ્વાધ્યાય કરનાર, અભ્યાસ કરનાર જીવને આ એક મોટી સમસ્યા થાય એવો વિષય છે. કે રાગ અને જ્ઞાન વચ્ચેની સાંધ જોવાની છે ? આ તો દેખાતી નથી ? બરાબર છે કે નહિ ? એ દેખાતી નથી એ એમ સૂચવે છે કે જ્ઞાન જે સૂક્ષ્મતાએ આવવું જોઈએ એ પોતાનું સૂક્ષ્મ સ્વરૂપ ધારણ કરતું નથી. સ્થૂળપણે પરિણમે છે એટલે એ સ્થૂળ જ્ઞાનમાં ભલે બુદ્ધિ ગમે તેટલી હોય Atombomb બનાવવાની બુદ્ધિ હોય, ગમે તેટલી બુદ્ધિ હોય, શાસ્ત્રના શાસ્ત્ર વાંચી નાખવાની, કંઠસ્થ કરવાની બુદ્ધિ હોય પણ અહીંયાં રાગ અને જ્ઞાન વચ્ચેની સાંધ ન દેખાય તો એની બુદ્ધિ સ્થૂળ છે.

જેમકે એક સમ્યક્દૃષ્ટિ ચકલું છે, દેડકું છે એ પોતાના વિભાવને (અને) સ્વભાવને જુદા પાડે છે, પ્રજ્ઞાછીણી દ્વારા. અને એક અંગ-પૂર્વધારી મિથ્યાદૃષ્ટિ વિદ્વાન હોય, પંડિત હોય તોપણ એનો ઉપયોગ સ્થૂળ છે કે જે પોતાના જ્ઞાન અને રાગને, વિભાવ અને સ્વભાવને અંતરમાં જુદા પાડી શકતો નથી. આમ બે વચ્ચેની સૂક્ષ્મતા અને સ્થૂળતાનો આંક આવી જાતનો છે. સૂક્ષ્મતા અને સ્થૂળતાનું આવું ધોરણ છે- આવું Standard છે. એમાં બુદ્ધિની બહોળાશ કેટલી છે, એ વિષય નથી રહેતો.

મુમુક્ષુ :– બહારથી એમ લાગે બુદ્ધિની બહોળાશ તો સૂક્ષ્મ.

પૂજ્ય ભાઈશ્રી :– બાહ્યદૃષ્ટિમાં એવું લાગે કે જેની બુદ્ધિ ઘણી હોય એને એમ લાગે કે છે કાંઈ આની પાસે જ્ઞાન છે કાંઈ ? એમ લાગે. કેટલું બધું જ્ઞાન છે ! કેટલું બધું જ્ઞાન છે ! એમ લાગે. અહીંયાં એવો આંક નથી. એવો આંક નથી એ દર્શાવવા એમ કહે છે કે જ્ઞાન સૂક્ષ્મ છે. જો સૂક્ષ્મ ન હોત તો ઇન્દ્રિયગ્રાહ્ય હોત. આમ લઈ લીધું.

મુમુક્ષુ :– શક્તિ લીધી જ્ઞાનની ? ગુણ ?

પૂજ્ય ભાઈશ્રી :– જ્ઞાનનું સ્વરૂપ. જ્ઞાનનું સ્વરૂપ લીધું. જ્ઞાન સ્વરૂપે કરીને સૂક્ષ્મ છે એમ કહેવું છે. એનું સ્વરૂપ જ સૂક્ષ્મ છે. શક્તિએ સૂક્ષ્મ છે અને પરિણામે પણ સૂક્ષ્મ જ છે. પછી શક્તિએ સૂક્ષ્મ છે અને પરિણામે સ્થૂળ છે એમ લેવું છે ?

મુમુક્ષુ :– ઇન્દ્રિયગ્રાહ્ય હોત એટલે ?

પૂજ્ય ભાઈશ્રી :– ઇન્દ્રિયથી ગ્રાહ્ય એટલે પકડી શકાય એવું હોત. ઇન્દ્રિયથી જ્ઞાન નથી પકડાતું એમ કહે છે. ઠીક ! ઇન્દ્રિયથી જ્ઞાન નથી પકડાતું એનો અર્થ શું ? કે ઇન્દ્રિય દ્વારા કોઈ જ્ઞાનને પકડી લે. ઇન્દ્રિયગ્રાહ્ય-ઇન્દ્રિયજ્ઞાનથી જ્ઞાનને પકડી લે, એના સ્વરૂપને પકડી લે એવું નથી બનતું. ઇન્દ્રિયગ્રાહ્ય કહો કે મનગ્રાહ્ય કહો. મન તો એથી વિશિષ્ટ છે બીજી પાંચ ઇન્દ્રિયોને તો બીજા બીજા વિષયો છે, રૂપી વિષયો છે. એનો વિષય તો જ્ઞાન છે જ નહિ. જેમકે કાન કર્ણેન્દ્રિયનો વિષય શબ્દ છે. ઘ્રાણેન્દ્રિયનો વિષય સુગંધ-દુર્ગંધ છે. પણ એક મનનો વિષય છે. તો કહે મન દ્વારા ગ્રાહ્ય છે ? નહિ, મન દ્વારા ગ્રાહ્ય નથી.

સ્વાધ્યાયની મર્યાદા છે અહીંયાં. કે સ્વાધ્યાયમાં મન દ્વારા જીવ વિચાર કરે છે. પછી સ્વાધ્યાયમાં પ્રશ્ન પૂછે કે ભાઈ ! આ જ્ઞાનનું સ્વરૂપ અથવા આત્માનું સ્વરૂપ, આત્માનું સ્વરૂપ કહો કે જ્ઞાનનું સ્વરૂપ કહો એ સૂક્ષ્મ છે તો એને હજી તમે સમજાવો દૃષ્ટાંત આપીને. ભાઈ ! દૃષ્ટાંત આપીને સમજાવો એમ કહે. કહે છે, પણ એ સૂક્ષ્મ છે એ કેવી રીતે સમજાય તને ? સૂક્ષ્મ છે એટલે એ તું મનથી સમજવા માગ તો મનથી પકડાય એ એના સ્વરૂપની બહારની વાત છે. એ એના સ્વરૂપભૂત વાત નથી, સ્વરૂપની બહારની વાત છે. એટલે જે રીતે જે કાર્ય ન થાય, જે વિધિથી જે કાર્ય ન થાય એ રીતનો આગ્રહ રાખે તો કાર્ય થઈ જાઈ ખરું કાંઈ ? એ આગ્રહ અને એ પકડ ખોટી છે.

કેવી રીતે પકડવું ? એ વિષય લીધો 'રાજમલજી'એ ૧૨૬ કળશમાં. અંતરંગ સૂક્ષ્મ અનુભવદૃષ્ટિ દ્વારા. આટલા શબ્દો પડ્યા છે. 'સંવર અધિકાર'નો પહેલો કળશ છે. એમાં ભેદજ્ઞાન કેવી રીતે કરવું એ વિષયનું નિરૂપણ ચાલે છે. જેનાથી સંવર

થાય છે અથવા જે સંવરનું સાધન ગણ્યું છે. જે ભેદજ્ઞાનને ધર્મનું અથવા સંવરનું સાધન ગણ્યું છે એ ભેદજ્ઞાનનું સ્વરૂપ એવી રીતે ત્યાં નિરૂપણ કર્યું છે. '**दारुणदारणेन**' એવો શબ્દ લીધો છે. '**दारण**' એટલે વિદારણ. વિદારણ એટલે જુદું કરવું. '**दारुण**' એટલે સરખી રીતે. આમ તો '**दारुण**' શબ્દ તો વપરાય છે કઠોર પરિભાષાનો શબ્દ છે. નિર્દયપણે. જરા પણ દયા રાખ્યા વિના એને '**दारुण**' કહે છે.

રાગને અને જ્ઞાનને કેવી જુદા કરવા ? કે રાગ ઉપર જરાય દયા ખાવી નહિ. એમ કહે છે. કેવી રીતે દયા ખાય છે એ સમજવા જેવું છે. આ તો આત્માનો રાગ છે, આ તો સ્વભાવનો રાગ છે. સ્વભાવનો રાગ છે ને ? આ તો બહુ મંદ રાગ છે. ઘણો અલ્પ કષાય છે. નહિ, નહિ. '**दारुणदारणेन**'.

મુમુક્ષુ :– ભૂમિકા અનુસાર રાગ તો આવે જ ને !

પૂજ્ય ભાઈશ્રી :– એ તો બહુ સ્થૂળ થઈ ગયું. આ તો આત્માનો વિકલ્પ અંદરમાં થતો હોય-અંતરજલ્પ. હું તો સ્વરૂપનું ચિંતવન કરું છું. ઊંડુ ઊંડુ પણ સ્વરૂપના ચિંતવનમાં હું લાગ્યો રહ્યો છું. એમાં જે સૂક્ષ્મ વિકલ્પ થાય છે, બહુ પાતળા વિકલ્પ છે. એવા વિકલ્પ તો આવે ને કરવા જ જોઈએ. આવે જ ને, એવા વિકલ્પ તો હોય જ ને ! એમ ને એમ સીધો ક્યાંથી અનુભવ થતો હતો ? '**दारुणदारणेनॉ** '**रन्तर्दारुणदारणेन**' એવો શબ્દ છે સંસ્કૃતમાં. અંતરમાં તું નિર્દય થઈને એનું નિદારણ કર. જરાય રાગની દયા ખાઈશ નહિ. એનો અર્થ કાઢ્યો છે. બહુ સરસ અનુભવમાંથી અર્થ કાઢ્યો છે કે અંતરંગ સૂક્ષ્મ અનુભવદૃષ્ટિથી એને જુદા કરવા. રાગ અને જ્ઞાનને અંતરંગ, સૂક્ષ્મ અને અનુભવદૃષ્ટિથી આટલી વાત લીધી છે.

સૂક્ષ્મતા છે એ જ્ઞાનનું સ્વરૂપ છે કે જે સૂક્ષ્મતા દ્વારા એ સૂક્ષ્માતિસૂક્ષ્મ સ્વભાવને ગ્રહણ કરે છે. જેમ ઝીણી ચીજને પકડવા માટે સાધન ઝીણું જોઈએ. હીરાનું દૃષ્ટાંત છે ને ? ઝીણા હીરા આ Single cut ના આવે છે એ એકદમ ઝીણા, રાઈ કરતા પણ જીણા આવે. રાયના બે ચાર ટૂકડા કરી નાખીએ એટલા જીણા આવે. એને પકડવા માટે એની સમાણી Sharp pointed આવે છે. એની સમાણી જે આવે છે, આ સોની લોકો સોનાની જીણી જીણી કટકીઓ પકડવા માટે સમાણીનો ઉપયોગ કરે છે પણ આ તો એથી જીણી હવે નીકળી છે. અત્યારે તો હીરાનો Business જરા વધારે બહારથી થઈ ગયો. સોનીની સમાણીનું તો હજી Point જાડું હોય છે. આ તો એકદમ સોઈ જેવું જીણી Point વાળી સમાણી આવે છે. એનાથી હીરા પકડે છે. જીણી ચીજને પકડવા માટે એવું જ સાધન કામમાં આવે, એનો બીજો વિકલ્પ ન હોય પછી.

એમ આત્માનો સ્વભાવ સ્વરૂપ જે સૂક્ષ્માતિસૂક્ષ્મ અતીન્દ્રિય સ્વરૂપ આત્મા છે એને પકડવા માટે જ્ઞાન પણ અતીન્દ્રિયભાવે સૂક્ષ્મ થાય તો પકડાય અને એમાં બીજી કોઈ રીત કામમાં આવે (નહિ). મનથી એને પકડી લ્યે કે મનથી એને દૃષ્ટાંતમાં આમ પકડી પકડીને ચોખ્ખું કરી દે, સ્પષ્ટ કરી દે એ નહિ બને. એવી વાત 'ગુરુદેવ'ના પ્રવચનમાં આવે ત્યારે કોઈ પ્રશ્ન કરે કે સાહેબ ! હજી દૃષ્ટાંતથી એ વાતને સ્પષ્ટ કરો. તો એમ કહે કે પણ આ અનુભવ કરવાનો વિષય છે. એમાં દૃષ્ટાંત શું હોય ? કેવી રીતે કરવું ? કેવી રીતે કરવું શું ? અનુભવ કરવો એવી રીતે કરવો. પછી એમાં કેવી રીતે શું ? ખાવું કેવી રીતે ? ખવાય એ રીતે ખાવું. કોઈ એમ કહે કે ખાવું કેવી રીતે ? કહે કે કોળિયો મોઢામાં મૂકવો. પણ મોઢામાં મૂક્યો એટલે ખાઈ લીધું ? એ ચવાય અને ગળાય અને ગળા નીચે ઉતરે... તો કહે, હવે એ કેમ કરવું ? એ કેમ કરવું ? ચાવવું. પણ ચાવવું એ ચાવવું છે અને ખાવું એ ખાવું છે. જ્યાં અનુભવનો વિષય છે ત્યાં તો સૂક્ષ્મતા આવ્યા વિના રહેતી નથી. દરેક અનુભવમાં સૂક્ષ્મતા છે. બહારમાં પણ (એમ છે).

આ તો અતિન્દ્રિય આત્મસ્વરૂપનો અનુભવ છે, જે જ્ઞાન દ્વારા થાય છે. તે જ્ઞાનને જે જ્ઞાનને અહીંયાં સર્વ ગુણોમાં પ્રધાન ગુણ કહ્યો છે, તે સૂક્ષ્મ છે. સૂક્ષ્મ ન હોત તો તે ઇન્દ્રિયગ્રાહ્ય હોત. એ એનો એક Logic નું કારણ છે. અને **'તેથી સૂક્ષ્મતા વડે જ્ઞાનની સિદ્ધિ છે.'** જ્ઞાનની સિદ્ધિ સૂક્ષ્મતા વડે અહીંયાં છે. અહીંયાં જ્ઞાનને સૂક્ષ્મ કહીને સાબિત કર્યું છે. બીજી રીતે અહીંયાં જ્ઞાનને સાબિત કર્યું નથી. આ જે જાણે તે જ્ઞાન છે એવી વાત અહીંયાં ન લીધી. ઓળખાણની વાત હતી ત્યાં એવી વાત હતી કે જે જ્ઞાન પરમાં પોતાને જાણે છે તે આ જ્ઞાન નિજ વાનગી છે. આ સ્થૂળ કથન છે. અહીં હજી મન દ્વારા ઓળખાણ કરાવવી છે ને. એટલે સ્થૂળ કથન લીધું. પણ જ્ઞાનનું જે સ્વરૂપ છે, હવે અહીંયાં ગુણની વાત ચાલે છે અને એનું જે સ્વરૂપ છે, ગુણથી એનું જે સ્વરૂપ છે, ત્યાં તો કહે છે કે જ્ઞાન સ્વભાવે કરીને સૂક્ષ્મ છે. સ્વભાવને કરીને એનું સ્વરૂપ અતીન્દ્રિય છે અને તેથી તે ઇન્દ્રિયગ્રાહ્ય નથી.

મુમુક્ષુ :– 'ગુરુદેવ'શ્રી કહેતા કે જ્ઞાનની કસરતમાં પાણી ઉતરી જાય એવું છે.

પૂજ્ય ભાઈશ્રી :– બુદ્ધિના અભિમાન ઘણાને હોય ને ? અમારી બુદ્ધિ એટલે જગતમાં (અમારી જેવા) કોઈ બુદ્ધિવાળા છે જ નહિ. ભલભલાને આંટી મારી દઈએ. એને કહે છે કે તું આ જૈનાગમમાં પ્રવેશ કર તો તારા બુદ્ધિના પણ પાણી ઉતરી જાય એવું છે. વિષય એવો સૂક્ષ્મ અને ઊંડાણવાળો છે કે એમાં બુદ્ધિને એટલી સૂક્ષ્મ કર્યા વિના એ વિષયમાં અંદર ઊંડા ઉતરાય એવું નથી. એટલે ત્યાં એને

ખ્યાલ આવે છે કે અહીંયાં સ્થૂળ બુદ્ધિનું કામ નથી. અને અહીંયાં એ સ્થૂળ બુદ્ધિનું અભિમાન ઉતરી જાય એવો આ વિષય છે. એ એને સમજાય જાય એવું છે. એટલે એમ કહેતા કે આ જ્ઞાનની વ્યાયામ શાળા છે અને આ વ્યાયામ શાળામાં તું વ્યાયામ કરવા આવ તો તારો પસીનો એકવાર નીકળી જાય એવું છે કે કેટલો વ્યાયામ છે આ જ્ઞાનનો. એ તો એટલા માટે કહેવામાં આવે છે, મુખ્યપણે એની અંદર હેતુ એ છે કે સામાન્ય રીતે જગતના અભિમાની જીવો એમ માને છે કે અમે બધા બુદ્ધિવાળા છીએ અને જગતના અનેક જટિલ કાર્યો અને જટિલ સમસ્યાઓનો ઉકેલ કરી શકીએ છીએ. બાકી...

મુમુક્ષુ :– દૃષ્ટિ પ્રધાન...

પૂજ્ય ભાઈશ્રી :– શેનો ?

મુમુક્ષુ :– એ લોકોનો, અભિમાની લોકોનો

પૂજ્ય ભાઈશ્રી :– હા, પણ એનો આંક હવે અહીંયાં લેવાય છે. એવું જે માનનારા હોય છે એ બીજી રીતે એમ માને છે કે ધર્મના ક્ષેત્રમાં જે લોકો જાય છે એ તો બધા જેની બુદ્ધિ ન હોય એ બુદ્ધિ વગરના બધા ભગતડા થઈ જાય. ધર્મમાં જાય એ બધા બુદ્ધિ વગરના હોય એ બધા થાય ભગતડા. બાકી અમે તો બધા બુદ્ધિવાળા. દુનિયાના મોટા મોટા પ્રશ્નો છે એ બધા અમે Solve કરી નાખીએ. એનું પાણી ઉતારવા એમ કહેવામાં આવે છે કે તું આવ જ્ઞાનની વ્યાયામશાળામાં. તને પસીનો ઉતરી જાય એવો આ જ્ઞાનનો વિષય છે. સામાન્ય જ્ઞાનનો આ વિષય નથી. એની સામે વાત છે કે એ અભિમાન છે એ ખોટું છે. જ્ઞાન તો.. અતીન્દ્રિયજ્ઞાનને જ્ઞાન કહીએ અને એની સૂક્ષ્મતા કેટલી છે એનો અંદાજ પણ તારી પાસે નથી.

મુમુક્ષુ :– 'અલિંગગ્રહણ'ના બોલમાં આવે છે, ઇન્દ્રિય વડે જણાતો નથી, ઇન્દ્રિય વડે જાણતો નથી.

પૂજ્ય ભાઈશ્રી :– બરાબર છે. એ જ્ઞાનનું સ્વરૂપ છે. આત્મા ઇન્દ્રિય વડે જાણે એવું આત્માનું સ્વરૂપ નથી. ઇન્દ્રિય વડે આત્મા જણાય એવું પણ આત્માનું સ્વરૂપ નથી. એટલે ઇન્દ્રિયજ્ઞાનનો નિષેધ બેય રીતે કર્યો છે. અહીંયાં એ જ લીધું કે જો સૂક્ષ્મ ન હોત તો ઇન્દ્રિયગ્રાહ્ય હોત. પણ આત્મા તો ઇન્દ્રિયગ્રાહ્ય નથી. એમ. આ જ્ઞેય અધિકાર ચાલે છે ને ?

મુમુક્ષુ :– ...એમ કહે છે, પરને જાણે તે જ્ઞાન. આ જૈનદર્શન જ એમ કહે છે કે પરને જાણે તે અજ્ઞાન.

પૂજ્ય ભાઈશ્રી :– પરને જાણે એ જ્ઞાનનું સ્વરૂપ નથી એમ કહે છે. એવું જ્ઞાનનું સ્વરૂપ નથી. માત્ર એટલું તું જે રીતે જાણ્યા કરે છે ઇન્દ્રિયજ્ઞાનથી એવું

જ્ઞાનનું સ્વરૂપ નથી. જ્ઞાનતત્ત્વ એવું નથી. અહીં તો જ્ઞાનતત્ત્વ લેવું છે. જ્ઞાનતત્ત્વ સ્વરૂપે કરીને સૂક્ષ્મ છે. સૂક્ષ્મ છે તે એટલી હદે સૂક્ષ્મ છે કે તે ખરેખર તો ઇન્દ્રિયગ્રાહ્ય નથી. એમ છે. ઇન્દ્રિય વડે જાણે નહિ અને અને ઇન્દ્રિય વડે જણાય પણ નહીં. બેય વાત લીધી. ૧૭૨ના બોલમાં એ વાત છે. ત્યાં તો અનુમાન પણ લઈ લીધું છે. મનથી અનુમાન કરે છે ને ? આત્મા અનુમાન કરનારો અનુમાતા નહિ. આત્મા અનુમાન સ્વરૂપે નહિ અને આત્મા અનુમેય એટલે કોઈના અનુમાનમાં આવે એવો પણ નહિ. એમ કરીને બીજા બોલ પણ લઈ લીધા છે.

મુમુક્ષુ :– રાગ અને જ્ઞાન ભિન્ન છે, એવું પહેલા વિકલ્પમાં આવવું જોઈએ કે નહિ ? રાગ અને જ્ઞાન જુદા છે, એ સ્થૂળ રીતે વિકલ્પોમાં તો આવવું જોઈએને, મન દ્વારા ?

પૂજ્ય ભાઈશ્રી :– હા, એનું Logic વિચારજ્ઞાનમાં આવવું જોઈએ. એકમાં વિભાવ છે એકમાં સ્વભાવ છે. એકમાં દુઃખ છે, એકમાં સુખ છે. અથવા બન્નેની જાતિ જુદી છે. રાગ ટળી જાય છે. સ્વભાવભૂત નહિ હોવાથી, સ્વભાવતત્ત્વ નહિ હોવાથી તે ટળી જાય છે. જ્ઞાન ટળતું નથી, અટળ રહે છે. એમ એના અનેક પડખાથી એ બે જુદા જુદા તત્ત્વો છે એમ એને સમજણમાં લીધા પછી એના સ્વરૂપને, સ્વરૂપથી એને જુદા પાડવા અથવા અંતરંગ અનુભવથી એને જુદા પાડવા માટે એને સૂક્ષ્મ અનુભવ અનુભવદૃષ્ટિ વિના અંતરંગમાં એ જુદા પડતા નથી. એટલે ત્યાં તો જ્ઞાન સૂક્ષ્મતા ધારણ કરે છે. ત્યાં વિચારજ્ઞાનનું કાર્ય નથી, ત્યાં વિચારજ્ઞાનનું કાર્ય નથી. એમ.

મુમુક્ષુ :– સૂક્ષ્મતા જે ધારણ કરે એ અતીન્દ્રિય ?

પૂજ્ય ભાઈશ્રી :– ત્યાં અતીન્દ્રિય કહ્યું એને. ત્યાં સુધી એને સ્થૂળ કહ્યું. જ્યાં સુધી તે ઇન્દ્રિય દ્વારે પ્રવર્તે છે ત્યાં સુધી તે જ્ઞાનને સ્થૂળ કહ્યું છે.

મુમુક્ષુ :– અત્યારે સ્વાધ્યાયની અંદર સાંભળીએ છીએ, એ જ્ઞાન સ્થૂળ ને ?

પૂજ્ય ભાઈશ્રી :– સ્થૂળ છે. એ જ્ઞાન સ્થૂળ છે. સ્થૂળ-સૂક્ષ્મની પણ જુદી જુદી વિવેક્ષા છે. જેમકે સર્વાર્થસિદ્ધિની અંદર ૩૩ સાગરોપમ સુધી સર્વાર્થસિદ્ધિના એકાવતારી દેવો, બધા એકાવતારી છે, જેટલા ત્યાંથી ચ્યવીને આવશે તે બધા એક ભવે મોક્ષે જશે. ત્યાં બધા ક્ષાયિક સમ્યક્દૃષ્ટિ અહમ્ ઇન્દ્રો છે. કોઈની ઉપર કોઈ નહિ. એકથી બીજાનું પુણ્ય વધારે હોય અને એને કોઈ આજ્ઞા કરે એવું નહિ.

મુમુક્ષ :– જ્ઞાન સૂક્ષ્મતા ધારણ કરે છે ત્યારે આખા પદાર્થને વિષય કરે છે ?

પૂજ્ય ભાઈશ્રી :– કરે છે, અતીન્દ્રિય પદાર્થને વિષય કરે છે. આખા પદાર્થને. સ્વભાવ એટલે આખો પદાર્થ આવી ગયો. સ્વભાવમય આખો પદાર્થ, અખંડ પદાર્થ,

અભિન્ન પદાર્થ, અનંત ગુણનું એકરૂપ. એ બધાને ગ્રહણ કરે છે. એ પણ સૂક્ષ્મ જ છે, સ્વરૂપે કરીને એ પણ સૂક્ષ્મ જ છે.

મુમુક્ષુ :– ૩૩ સાગરની વાત (ચાલતી હતી).

પૂજ્ય ભાઈશ્રી :– ત્યાં ચર્ચા બહુ સૂક્ષ્મ ચાલે છે એમ કહેવું છે. અહીંયાં જે ધર્મીઓ વચ્ચે ધર્મચર્ચા ચાલે છે, એ પણ અત્યંત સ્થૂળ છે. એવી સૂક્ષ્મ સ્વભાવોની ચર્ચા ચાલે છે. કેમકે જડ-ચેતન પદાર્થોના જે સૂક્ષ્મ સ્વભાવો છે એની ચર્ચાઓ ચાલે છે. પણ એ સૂક્ષ્મતા પણ બીજી, એની વિવિક્ષા બીજી અને અહીંયાં અનુભવની સૂક્ષ્મતા પણ બીજી.

મુમુક્ષુ :– એ અપેક્ષાએ ત્યાં સ્થૂળ ? આ સૂક્ષ્મ અપેક્ષાએ એ સ્થળ ?

પૂજ્ય ભાઈશ્રી :– અનુભવી તો એ પણ છે. અનુભવી તો એ પણ છે એટલે અનુભવના વિષયમાં એની સ્થૂળતા નથી. અનુભવના વિષયમાં તો બંનેની સૂક્ષ્મતા છે. પણ અહીંયાં મનુષ્ય છે એની અનુભવ સિવાયના બીજા જે સૂક્ષ્મ સ્વભાવો છે, પદાર્થના ગુણધર્મો છે, એમાં સ્થૂળ ઉપયોગ છે. એને બધાને નથી (જાણતા). એટલું ત્યાં જાણવું બને છે.

મુમુક્ષુ :– ૩૩ સાગર ચર્ચા જ કર્યા કરે !

પૂજ્ય ભાઈશ્રી :– હા. એક જ વ્યવસાય, બીજો વ્યવસાય નહિ. ખાવાનું નહિ, પીવાનું નહિ, કુટુંબ-પરિવાર નહિ, બૈરા-છોકરા નહિ, દુકાન-ધંધો-કારખાના કાંઈ નહિ.

મુમુક્ષુ :– નહિ રાત, નહિ દિવસ.

પૂજ્ય ભાઈશ્રી :– રાત નહિ, દિવસ નહિ, કાંઈ નહિ.

મુમુક્ષુ :– સમવસરણમાં જાય ?

પૂજ્ય ભાઈશ્રી :– ના, ત્યાં નહિ. સર્વાસિદ્ધિવાળા ન જાય. એ લોકો તો ત્યાં ને ત્યાં જ રહે.

મુમુક્ષુ :– એમ જાણવા મળે છે કે એ લોકોને શંકા પડે તો ભગવાન પાસે જઈને પૂછે.

પૂજ્ય ભાઈશ્રી :– એ તો નીચેના દેવો. ખાસ કરીને શંકા પડે એ તો સમવસરણમાં સાંભળતા હોય અથવા ન સાંભળતા હોય એ સમવસરણમાં જવાને યોગ્ય હોય તે જાય. જે સમવસરણમાં (હોય) અને જવા યોગ્ય હોય, ન ગયા હોય તે જાય. જ્યાં સમવસરણ વિદ્યમાન હોય ત્યાં જાય, પૂછે. પણ સર્વાર્થસિદ્ધિના દેવો તો તે સર્વાર્થસિદ્ધિનું વિમાન છોડીને ક્યાંય નથી જતા. ૩૩ સાગરોપમ સુધી ત્યાં ને ત્યાં.

અહીંયાં શું કહે છે ? કે **'ઇન્દ્રિયગ્રાહ્ય હોત, તેથી સૂક્ષ્મતા વડે જ્ઞાનની સિદ્ધિ**

**છે.**' હવે સત્તાગુણ લે છે. કે '**સત્તાગુણ વિના સૂક્ષ્મ શાશ્વત ન હોય.**' હવે એ જે સૂક્ષ્મતા છે એ પણ શાશ્વત છે. એ પણ ત્રણે કાળે છે. તો કોને લઈને છે ? કોને કારણે છે ? કે સત્તાગુણને કારણે છે. સત્તારૂપ શક્તિ છે એને કારણે છે. હયાત રહેવાની શક્તિ. પદાર્થમાં ત્રણે કાળે હયાત રહેવાની શક્તિ (રહેલી છે) એને સત્તા નામનો ગુણ કહેવામાં આવે છે. તે '**સત્તાગુણ વિના સૂક્ષ્મતા છે એ શાશ્વત ન હોત.**' એટલે ક્ષણિક હોત. પણ એવું નથી. આત્માની જે સૂક્ષ્મતા અથવા જ્ઞાનની સ્વાનુભવમાં જે સૂક્ષ્મતા પ્રગટ છે એવી સૂક્ષ્મતા સ્વભાવે કરીને શાશ્વત છે, અનાદિઅનંત છે આત્મામાં. તો એ કોના કારણે છે ? એની શાશ્વત સત્તાને લઈને છે. આ કારણ-કાર્યથી એકબીજા ગુણની નિમિત-નૈમિતિક સંબંધે સિદ્ધિ કરી છે.

હવે એ સત્તાને સાબિત કરી છે. '**વીર્યગુણ વિના સત્તાનું નિષ્પત્તિસામર્થ્ય ક્યાંથી હોત ?**' સત્તા દ્રવ્ય-ગુણ-પર્યાયથી અસ્તિત્વ ધરાવે છે, એવી જે નિષ્પત્તિ થાય છે એટલે નિષ્પત્તિ એટલે સ્વરૂપે કરીને નિષ્પન્ન રહેવું. ઉત્પન્ન રહેવું. ઉત્પન્ન એટલે નવું ઉત્પન્ન રહેવું નહિ. પણ સ્વરૂપે કરીને રહેવું. એવી એની નિષ્પત્તિનું કાર્ય શું ? કે છએ દ્રવ્યમાં વીર્યશક્તિ નામનો એક ગુણ છે. છએમાં છે. જડનું જડ વીર્ય, ચેતનનું ચેતન વીર્ય એમ સમજી લેવું. તો કહે છે કે વીર્યગુણ વિના જેનું કાર્ય હયાતીને નિષ્પન્ન કરવાનું છે.

મુમુક્ષુ :- નિષ્પન્ન એટલે ?

પૂજ્ય ભાઈશ્રી :- નિષ્પન્ન એટલે ઉત્પન્ન જેવો ભાવ થાય છે. પણ નવી ઉત્પન્ન નથી કરવી. સત્તાને કોઈ નવી નથી ઉત્પન્ન કરવી. સત્તાની નિષ્પત્તિ છે, સત્તાની નિષ્પત્તિ છે એનું કારણ શું ? એમાં ત્રિકાળ વીર્ય રહેલું છે. એમ લેવું છે. આમ તો અધ્યાત્મની દૃષ્ટિએ જે 'અમૃતચંદ્રાચાર્ય' વીર્યગુણની વ્યાખ્યા કરી છે, એમાં સ્વરૂપની રચના કરે તે વીર્ય, એમ લીધું છે. રચના કરે એમ લીધું તો કાંઈ નવી રચના કરે છે ? સ્વરૂપ તો અનાદિઅનંત છે. પણ અનાદિઅનંત એનું હોવાપણું છે એનું કારણ એનામાં વીર્યશક્તિ રહેલી છે. એમ લીધું.

મુમુક્ષુ :– ...

પૂજ્ય ભાઈશ્રી :– હા, પણ આમાં શું છે પછી શુદ્ધપર્યાયમાં એ વાત લાગુ પાડવામાં આવે છે. અધ્યાત્મદૃષ્ટિએ. જેવો આત્મા સ્વરૂપે શુદ્ધ છે એવી જ એની પર્યાય શુદ્ધ ઉત્પન્ન થાય, એવી જ એની શુદ્ધ પર્યાય રચાય જાય તો એમાં પુરુષાર્થનું કાર્ય છે. એટલે એને ત્યાં વીર્યગુણની નિષ્પત્તિ, વીર્યગુણથી ઉત્પન્ન શુદ્ધ પર્યાય લેવામાં આવી. અને શુભાશુભ પરિણામ કે જે અશુદ્ધ છે તો એ અશુદ્ધ શુભાશુભ પરિણામ છે એ વીર્યગુણનું કાર્ય નહિ. પુરુષાર્થ તો ત્યાં પણ છે. પણ સ્વભાવની

રચના, સ્વરૂપની રચના કરે તે વીર્ય. કેમકે એ એનું શુદ્ધ કાર્ય છે. વિભાવને રચે તે આત્માનું વીર્ય નહિ. જેમકે રાગને કરે તે આત્માનું કાર્ય નહિ. ઉપયોગને, પરપદાર્થને આધિન કરે તે જ્ઞાનનું કાર્ય નહિ. એ જ્ઞાન નહિ. એમ કરીને કાઢી મૂકે છે. એવી રીતે ત્યાં વિભાવનો નિષેધ છે. એ રીતે વિભાવ પરિણમનનો નિષેધ છે.

મુમુક્ષુ :– ગુણ અને શક્તિમાં શું ફેર ?

પૂજ્ય ભાઈશ્રી :– ફેર કાંઈ નહિ. શબ્દ જુદા છે. ગુણ કહો કે શક્તિ કહો. શક્તિ કહો કે ગુણ કહો. પણ ગુણ શબ્દ બીજી બીજી રીતે પણ વપરાય છે. ત્યાં પાછો ગુણનો અર્થ શક્તિ ન થાય. જેમકે તમારી વાતથી અમને બહુ ગુણ થયો. સ્વાધ્યાયથી ગુણ થાય છે. સ્વાધ્યાયનો ગુણ શું ? કે ભિન્ન જ્ઞાનનો અનુભવ કરવો તે સ્વાધ્યાયનો ગુણ છે. 'સમયસાર'નો ૨૭૩-૭૪ ગાથાનો વિષય છે કે સ્વાધ્યાયનો ગુણ શું છે ? ભિન્ન આત્માનું જ્ઞાન કરવું એ સ્વાધ્યાયનો ગુણ છે. તો ગુણનો અર્થ ત્યાં લાભ થાય. તમને કાંઈ ગુણ થયો ? પછી આપણે એને અપભ્રંશ કરીને ગુજરાતીમાં (એમ બોલીએ છીએ કે) તમને કાંઈ ગણ થયો ? એમ પૂછે છે એ અપભ્રંશથી. તમને કાંઈ ગણ થયો ? ગણ એટલે લાભ. ગુણનો અર્થ ત્યાં લાભ થયો.

અથવા ગુણનો ગુણ એટલે પ્રકૃતિ સ્વભાવ. જેમકે જ્ઞાનગુણનો ગુણ શું ? કે જાણવું. એવી રીતે આનંદગુણનો ગુણ શું ? અનાકુળ આહ્‌લાદ. એ ગુણનો ગુણ એટલે ગુણનો પ્રકૃતિ સ્વભાવ. દરેકનો જુદો જુદો સ્વભાવ છે. તે ગુણનો ગુણ કહેવામાં આવે છે. તો ત્યાં ગુણનો અર્થ ગુણનો સ્વભાવ લેવો. એમ ગુણ શબ્દ છે એ પણ જુદા જુદા અર્થમાં વપરાય છે. જ્યાં જે પ્રકરણ ચાલતું હોય એ પ્રમાણે અર્થ કરવો.

મુમુક્ષુ :– આ નિષ્પત્તિસામર્થ્ય કીધું એ નહિ ઉત્પન્ન થયેલું ઉત્પન્ન થાય છે ?

પૂજ્ય ભાઈશ્રી :– નહિ, નહિ. ત્રિકાળ અસ્તિત્વ છે, ધ્રુવ અસ્તિત્વ છે એનું કારણ વીર્યશક્તિ લીધી છે. એ નિમિત્ત-નૈમિત્તિક સંબંધે (કહ્યું). આમ તો દરેકને પોતપોતાનું અનંતુ સામર્થ્ય છે. વિશેષ લઈશું...

❈ ❈ ❈

## તા. ૧૬-૮-૧૯૮૫, પાના નં. - ૪,
## પ્રવચન નં. ૯

'અનુભવ પ્રકાશ' પાનું ૪ પહેલા Paragraphમાં વચ્ચેથી.

**'અગુરુલઘુગુણ વિના વીર્ય હલકું ભારે થતાં, જડતાને ધારણ કરત.'** ત્યાંથી. વીર્યગુણ સુધી કાલે થઈ ગયું છે. કહે છે કે આત્મામાં અમાપ વીર્ય છે. અથવા અમાપ શક્તિ છે, સામર્થ્ય છે. એ પુરુષાર્થ અનંત હોવા છતાં. સ્વભાવે અનંત હોવા છતાં એનું વધુપણું અને ઓછાપણું એ અમુક મર્યાદામાં રહે છે, જેને અગુરુલઘુ કહેવામાં આવે છે. લઘુ એટલે ઘટીને તદ્દન નાશ થાય એવું ન બને અને વધીને પોતાના દ્રવ્ય-ક્ષેત્ર-કાળ-ભાવને છોડીને ક્યાંય બીજાનું કાર્ય કરવા જાય એવું ન બની શકે.

એટલે આત્માના પુરુષાર્થમાં એવી શક્તિ નથી કે એ બીજા પદાર્થનું પણ કામ કરે. જો એ બીજા પદાર્થનું કામ કરે તો એ જડત્વને પણ ધારણ કરે. શું થાય ? અહીંયાં કહે છે, એ જડતાને કરત, એમ લીધું. પોતાની શક્તિ એટલી બધી અનંત હોત એટલી અમર્યાદિત હોત કે પોતાનું તો કાર્ય કરે પણ બીજાનું પણ કાર્ય કરે. એવું જો આત્મામાં કાર્ય કરવાનું કારણરૂપ શક્તિ-પુરુષાર્થ હોત તો આત્મા જડ થઈ જાત. એટલે વીર્યશક્તિ અનંત હોવા છતાં નિગોદમાં જાય તોપણ જડતા ધારણ ન કરે અને પૂરો પુરુષાર્થ પ્રગટ થાય તોપણ જડતા ધારણ ન કરે. પૂર્ણ પુરુષાર્થ પ્રગટ થાય, અરિહંત અવસ્થામાં અનંત ચતુષ્ટયમાં જેને અનંતવીર્ય કહેવામાં આવ્યું છે. અનંતજ્ઞાન, અનંતદર્શન, અનંતસુખ અને અનંતવીર્ય (એ પ્રગટ થાય) તોપણ એ પરમાત્મા કદી એક રજકણના કાર્યને કરતા નથી.

'ગુરુદેવ'શ્રી દૃષ્ટાંત આપતા કે અરિહંત અવસ્થામાં દિવ્યધ્વની નીકળે છે, ઉત્પન્ન થાય છે અને તે જિનેન્દ્રની વાણી તરીકે પ્રસિદ્ધપણે કહી છે કે આ જિનેન્દ્રની વાણી છે. તોપણ ખરેખર એ ભાષાવર્ગણાના, દિવ્યધ્વનિના ભાષાવર્ગણાના કોઈ પરમાણુના પર્યાયને જિનેન્દ્ર ભગવાને ઉત્પન્ન કર્યા નથી કે કાંઈ પણ એમાં ફેરફાર વિક્રિયા કરી નથી. અથવા એ પ્રકારનું આત્મામાં સામર્થ્ય નથી. અનંત સામર્થ્ય હોવા છતાં એ પ્રકારનું સામર્થ્ય નથી કે એ પોતાનું પણ કાર્ય કરે અને બીજા પદાર્થનું પણ કાર્ય કરે. બીજા કોઈ ચેતનપદાર્થનું પણ કાર્ય ન કરે. બીજા કોઈ

જડપદાર્થનું પણ કાર્ય ન કરે. અને (જો કાર્ય કરે) એમ હોય તો એ જડતાને ધારણ કરે. ચેતન મટીને જડ થઈ જાય. આ પરિસ્થિતિ ઊભી થાત.

**'અગુરુલઘુગુણ વિના...'** એમ કહે છે **'વીર્ય હલકુ ભારે થતાં,...'** એટલે હલકું થઈને જડ થઈ જાય કે ભારે વધુ થઈને જડ થઈ જાય, એવું ન થાય એને અગુરુ અને અલઘુ (કહે છે). 'અ' છે એ બંનેને લાગુ પડે છે. ગુરુમાં અગુરુપણું છે અને લઘુમાં અલઘુપણું છે. પોતાના અનંત સામર્થ્યમાં પણ એ જડત્વ ધારણ ન કરે એવા માપમાં રહે છે. એટલા માપમાં તો એ જરૂર રહે છે કે જેથી એમાં જડપણું ઉત્પન્ન થઈ જાય નહિ. ઘટીને કે વધીને કોઈપણ દિશામાં.

મુમુક્ષુ :- અગુરુલઘુનો અર્થ જેવો છે તેવો ?

પૂજ્ય ભાઈશ્રી :- અગુરુલઘુનો અર્થ એમ કે ગુરુપણું પણ નહિ અને લઘુપણું પણ નહિ. શબ્દાર્થ એટલો થાય. નાનાપણું પણ નહિ. લઘુ એટલે નાનું, અલ્પ. એટલું અલ્પપણું નહિ અને એટલું મોટાપણું પણ નહિ. ગુરુ એટલે મોટું. ભારે-હલકું. એનો સીધો અર્થ કર્યો અહીંયાં ભારે-હલકું. વીર્ય હલકું-ભારે થતાં. એટલો અર્થ કર્યો. એ શબ્દનો અર્થ કર્યો.

એટલે શું ? કે કોઈ જીવ નિગોદમાં જાય છે અને એનો પુરુષાર્થ કુંઠિત થઈ જાય છે. તો એટલો બધો એ લઘુત્વ પુરુષાર્થમાં થઈ જાય, લઘુપણું થઈ જાય કે પછી એનો નાશ થઈ જાય ? નહિ. એ જડપણું ધારણ ન કરે. ભલે નિગોદમાં અનંત કાળ રહે અને એની બધી શક્તિઓ પરિણમનમાં કુંઠિત થઈ જાય અને એટલી બધી હલકી થઈ જાય તોપણ એ જડતાને ધારણ ન કરે, એનું ચેતનત્વ તો રહે જ. અને અનંતવીર્ય પ્રગટ થાય અરિહંતદશામાં અને સિદ્ધદશામાં સાદિ અનંત કાળ પર્યંત અનંતવીર્ય પ્રગટ થાય તોપણ એની મર્યાદા રહે કે એક રજકણનું પણ એ કાર્ય ન કરે.

સિદ્ધ પરમાત્માને તો એ પરિસ્થિતિ જ નથી. કેમકે એ તો સિદ્ધાલયમાં જગતને શિખરે બિરાજમાન છે કે ત્યાં કાંઈ પછી કોઈ પુદ્ગલાત્મક સંયોગ નથી. પણ અહીંયાં અરિહંત સદેહે પરમાત્મા છે તો દેહનો સંયોગ છે. ચોત્રીસ અતિશય છે એમાં દિવ્યધ્વનિ વગેરે આવી જાય છે કે જે એમના નિમિત્તે થયેલા કાર્યો ગણવામાં આવે છે કે આ ભગવાનની વાણી છે. ભગવાને આમ કહ્યું, ભગવાન આમ કહે છે. તો એ વાણી ભગવાને કરી કે નહિ ? એમ કહેવાય છે વ્યવહારથી છતાં ખરી પરિસ્થિતિ એમ નથી. ન તો ભગવાનનો હોઠ ચાલે છે, ન તો ભગવાનનો કંઠ ચાલે છે.

છદ્મસ્થ જીવને વાણીની ઉત્પત્તિ થાય ત્યારે એને દેહના પરમાણુ નિમિત્તભૂત

છે. તબિબી વિજ્ઞાનમાં એને સ્વરપેટી કહે છે. અહીંયાં ગળામાં એક સ્વરપેટી છે એમ કહે છે. આ Cancerના Operation કરે છે ને ? ત્યારે ત્યાંથી સ્વરપેટીનું કોઈને Cancer થયું હોય તો એ કાઢી નાખે. પછી એ માણસ બોલી ન શકે. એના ગળામાંથી અવાજ ન નીકળે એમ કહે છે. એ સિવાય હોઠનું ચાલવું, જીભનું ચાલવું, કંઠનું હલનચલન થવું. એ બધા વાણીમાં છદ્મસ્થને નિમિત્તિ હોવા છતાં ન તો છદ્મસ્થનો આત્મા ભાષાવર્ગણાના કોઈ એક પરમાણુનું પરિણમન કરી શકે છે. ન ઉત્પન્ન કરી શકે અવાજ કે ન બંધ કરી શકે. તો ભગવાનમાં તો એવી શક્તિ ખરી કે નહિ ? ભગવાનમાં પણ એવી શક્તિ નથી. વાણીને ઉત્પન્ન કરવાની શક્તિ ભગવાનમાં નથી.

મુમુક્ષુ :– ... ઇચ્છા પડે ત્યારે ચાલે. ઇચ્છા પડે ત્યારે બોલે, ઇચ્છા પડે ત્યારે દુકાને જાય. એવા અનંત પ્રકારના વ્યવહાર ઇચ્છા પ્રમાણે થાય છે. ....

પૂજ્ય ભાઈશ્રી :– કાંઈક હિસાબ ગણવામાં ભૂલ થઈ છે. ભાઈ ! હિસાબ ગણવામાં કાંઈક ભૂલ થઈ છે. આખા દિવસની ઇચ્છાઓનું માપ કાઢજો. તો એમ લાગશે કે બે-ચાર ઇચ્છા પ્રમાણે થાય છે અને બાકીના ઇચ્છા પ્રમાણે કાર્યો નથી થતાં. જો ઇચ્છાઓનું માપ કાઢવામાં આવે તો બહુ અલ્પ ઇચ્છા અનુસાર કાર્ય થાય છે અને બહુભાગ ઇચ્છા અનુસાર કાર્યો થતા નથી. જો એનો હિસાબ-કિતાબ મૂકવામાં આવે તો. વળી જે ઇચ્છા અનુસાર થાય છે તે બધા ઇચ્છા જેવડી જેટલી હોય એ જ પ્રમાણે પૂરા થાય એવું પણ બહુ જ અલ્પ છે.

મુમુક્ષુ :– સંસારીજીવને વધારે ભાગ તો ઇચ્છા પ્રમાણે તો થાય છે.

પૂજ્ય ભાઈશ્રી :– ના, એને પણ વિકલ્પ તો ઘણા દોડે છે. પણ એનેય કો'ક કો'ક કાર્યો ઇચ્છા પ્રમાણે થાય છે. એને જેટલા ઘોડા દોડે છે એના પ્રમાણમાં ઇચ્છા પ્રમાણે કાર્ય નથી થતા. અને એનો પૂરાવો એ છે કે જીવને અનેક પ્રકારની સતત ઇચ્છા રહ્યા કરે છે. એ જ બતાવે છે કે ઇચ્છા અનુસાર એની પાસે કાર્યસંપન્નતા નથી. નહિતર તો એ કાર્યો બધા પૂરા થઈ જાય. જો બહુભાગ મોટાભાગના કાર્યો ઇચ્છા અનુસાર થાય તો કાર્યો પૂરા થઈ જાય. પણ કાર્યો અધુરા અડધા પણ પૂરા કોઈના થતા નથી. પૂરા તો પૂરા થતા નથી પણ અડધા પણ કોઈના પૂરા થતા નથી. આ પરિસ્થિતિ છે.

એક જીવની ઇચ્છા એવી પડી છે અંદરમાં, ભગવાને સર્વજ્ઞે જોયું છે, કે એક જીવની ઇચ્છામાં આખી સૃષ્ટી ચૌદ બ્રહ્માંડની સંપત્તિ અણુરેણુવત છે. પરમાણુ જેટલી છે. એવડો ઇચ્છાનો ભડકો જીવનો બહુ મોટો છે. એટલે એ ઇચ્છા એની ક્યારેય પૂરી પડે એ વસ્તુસ્થિતિ નથી. અને જગતના યુદ્ધો જે થયા, જેટલા કોઈ જગતની

અંદર, ઇતિહાસની અંદર જેટલા યુદ્ધો થયા એનું મૂળ કારણ જ આ છે કે જગતમાં પદાર્થો ઓછા છે અને એની વહેંચણી કરનારા વધારે છે. પેલો કહે, મારે જોઈએ અને પેલો કહે, મારે જોઈએ. આ તકરાર થવાનું કારણ જ આ છે, બીજું કાંઈ નથી. ચીજ એક છે અને લેનારા અનેક છે. આ પરિસ્થિતિમાં જગતના જેટલા સંગ્રામ ઊભા થયા છે એનું મૂળિયું આ છે. એટલે જે સાધકજીવો છે એણે એ વસ્તુ છોડી દીધી. 'જગકો દે દી જગકી નિધિયાં' જગતની નિધિ જગતને સોંપી. અમે તો આ નગ્ન દિગંબર થઈને ચાલી નીકળ્યા. કાંઈ લેવા કે દેવા એક રજકણ સાથે.

મુમુક્ષુ :– ભગવાનની વાણી નીકળે એની અંદર વ્યકિતને સંબોધન થાય ખરું ?

પૂજ્ય ભાઈશ્રી :– કોઈ વ્યક્તિગત વાતચીતનો પ્રસંગ નથી. એનું કારણ છે કે સમવસરણમાં ભગવાન પાંચસો ધનુષ ઊંચે આકાશમાં બિરાજે છે. આમ તો સમવસરણ જમીનથી પાંચસો ધનુષ ઊંચે રચાય છે. એ સમવસરણ રચવા માટે ક્યારેય પાયો ખોદવો પડે એ પરિસ્થિતિ નથી. કુબેર-ઇન્દ્રનો ભંડારી આવીને સમવસરણ રચે છે એ જમીનથી પાંચસો ધનુષ ઊંચે રચે છે. ત્યાં જવાની માર્ગ, સીડી એ પ્રમાણે બધી વ્યવસ્થા હોય છે. દેવો તો ઉપરથી આવે છે. અને જે ભૂચર પ્રાણીઓ છે એ બધા નીચેથી જાય છે. જે ખેચર પ્રાણીઓ છે-પક્ષીઓ છે, આકાશમાં જે ગમન કરનારા પ્રાણીઓ છે એ ઉપરથી આવે છે. અને એ સમવસરણની અંદર વચોવચ જે ગંધકૂટી છે એની જે પીઠિકા છે અને એની ઊંચાઈ છે એના ઉપર અંતરિક્ષમાં એ સ્થાનને એ સિહાંસનને પણ અડ્યા વિના અરિહંત ભગવાનનું સ્થાન અંતરિક્ષમાં અધ્ધર હોય છે. એ પાંચસો ધનુષ ઊંચે હોય છે. આટલે છેટે હોય તો વાતચીતનો પ્રસંગ થાય. વળી બાર યોજનની સભા હોય છે. કેટલી ? બાર યોજન. એટલે અરસપરસ છદ્મસ્થને જે નજીક બેસીને વાતચીત થાય એ પરિસ્થિતિ તો ત્યાં છે જ નહિ.

મુમુક્ષુ :– એક યોજન કેટલા માઈલ ?

પૂજ્ય ભાઈશ્રી :– આમ તો ચાર ગાવનું યોજન કહેવાય છે. ચાર ગાવનું એક યોજન. એટલે આઠ માઈલ જેવું થાય.

મુમુક્ષુ :– શાસ્ત્રમાં કહે છે, બે હજાર ગાવ.

પૂજ્ય ભાઈશ્રી :– એટલે એ તો હવે બહુ આપણે એમાં જાણતા નથી કાંઈ. એમાં કાંઈ આપણું જાણપણું નથી. માપનું. એ વિષયથી હું તો અજાણ્યો છું. એ યોજનમાં કેવી રીતે માપ કાઢે છે. કેમકે આમાં પણ ક્ષેત્રોમાં પણ માપ આવે છે. એક લાખ યોજનનો જંબુદ્વિપ છે અને આમ છે ને આમ છે. પણ હવે એક યોજન

એટલે ખરેખર કેટલું ? અત્યારે લૌકિકમાં ચાર ગાવનું યોજન ગણવામાં આવે છે કે બે ગાવનું ગણવામાં આવે છે ? ચાર માઈલ ગણાય છે. બે ગાવ કે ચાર ગાવ ? ચાર માઈલ એટલે બે ગાવનું યોજન ગણાય છે. ચાલ માઈલ છે. બે ગાવનું એક યોજન ગણાય છે.

મુમુક્ષુ :– બે ગાવનું યોજન હોય તો કલ્પનામાં બેસે છે પણ બે હજારની...

પૂજ્ય ભાઈશ્રી :– અકૃત્રિમમાં આવે છે ? બે હજાર ગાવનું એક યોજન ? એમ ? બે હજાર માઈલનું ? બે માઈલનું ? બે કોષ. બે કોષ કહો કે ગાવ કહો એ તો ભાષાફેર છે. બે કોષનું એક યોજન. તો બે ગાવ થયા, ચાર માઈલ થયા.

મુમુક્ષુ :– પ્રશ્ન એટલા માટે થયો કે બે હજાર કોષનું કલ્પનામાં બુદ્ધિમાં બેસતું નથી. ચાર માઈલ...

પૂજ્ય ભાઈશ્રી :– બરાબર છે. એ માપ કાંઈક ઠીક લાગે છે.

મુમુક્ષુ :– બે હજારનું ગણો તો આખુ ભારત થઈ જાય.

પૂજ્ય ભાઈશ્રી :– ખરી વાત છે. તો બે કોષ હશે. અને એ અપ્રયોજનભૂત વિષય છે. ક્ષેત્રનો વિષય છે એ અપ્રયોજનભૂત છે. આપણે શું વિષય ચાલતો હતો ? કે સમવસરણમાં પ્રત્યક્ષ કોઈ વ્યક્તિગત સંબોધનથી ભગવાનની વાણીનો ઉપદેશ ચાલતો નથી. કોઈ જીવને એવું લાગે ખરું કે ભગવાન મને સંબોધે છે. એવો ભાવ આવે ખરો. જ્યારે પોતે જે ઉપદેશના હાર્દને અથવા ઉપદેશના મર્મને પોતે અંગીકાર કરે છે, બોધ પામે છે ત્યારે એને, અનેક જીવોને એમ એવું લાગે ખરું કે ભગવાન મને આમ કહે છે. એમ લાગે. મને જ કહે છે, મારા માટે આ વાણી છૂટે છે, મને આમ કહે છે. એવું લાગે પણ પ્રત્યક્ષ અરસપરસની વાતચીતથી કદી ત્યાં કોઈ પ્રકારે ઉપદેશ ચાલતો નથી. કેમકે અનઅક્ષરી વાણી છે. જ્યારે મનુષ્યની અને દેવની વાણી અક્ષરવાળી વાણી છે. મનુષ્ય અને દેવને જે ભાષા છે એ અક્ષરાત્મક ભાષા છે. અને ભગવાનની દિવ્યધ્વનિ છે એ અનઅક્ષરાત્મક છે. એમાં અક્ષર જુદા જુદા નથી પડતા એકલો ઓમકાર ધ્વનિ-ઓમકાર નાદ બાર યોજનની સભામાં ગુંજે છે અને એમાં દરેક જીવો તિર્યંચો પણ, તિર્યંચોને અક્ષરાત્મક ભાષા નથી. તિર્યંચો છે. ગાય, વાછરડું બોલે અને ગાય સામે બોલે તો અક્ષરાત્મક ભાષા નથી. છતાં એકબીજા પોતપોતાની ભાષામાં સમજે છે. વાછરડું સમજે છે કે ગાય છે એ વાત્સલ્ય કરે છે. એ અનક્ષરાત્મક ભાષા છે. તોપણ જેમ પોતાના ભાવમાં સમજે છે એમ અનઅક્ષર વાણીમાં પણ દેવો, મનુષ્યો, તિર્યંચો પોતાના ભાવમાં જાણે પોતાની ભાષામાં કહેતા હોય એવું સમજે છે. એવો એક વાણીનો અતિશય છે કે પોતાની ભાષામાં પોતાને ભગવાન કહે છે એવું લાગે. પણ આ રીતે

વાતચીતનો કોઈ, સંબોધનનો પ્રત્યક્ષ સંબોધનનો પ્રસંગ નથી.

એવું કોઈ વખત બને કે કોઈ ગણધર હોય, કોઈ મહાન આચાર્ય હોય અથવા કોઈ ચક્રવર્તી હોય પુણ્યના પદ્વીધારી છે ને ? અથવા ઇન્દ્ર હોય એને કોઈ પ્રશ્ન ઉગ્યો હોય. આવી મોટી વ્યક્તિને કોઈ પ્રશ્ન અંદરમાં ઉગ્યો હોય અને એ પ્રશ્નનો ઉત્તર હોય. બહુ મહત્ત્વનો પ્રશ્ન હોય પાછો. તો ભગવાનની વાણીમાં બધાને એવું લાગે કે ઇન્દ્ર આમ પૂછે છે, ચક્રવર્તી આમ પૂછે છે અને ભગવાન એનો આમ જવાબ દે છે. ગણધરે આમ પૂછ્યું અને ભગવાને આમ જવાબ દીધો. એવું બધું લાગે. પણ એ કોઈ સીધો ભગવાનને પૂછે છે અને ભગવાન સીધા એને સામું જોઈને ઉત્તર દે છે, કે ભાઈ ! જો હું તને આમ હું તને કહેવા માગુ છું. એવી વાત ત્યાં નથી બનતી.

મુમુક્ષુ :- નિર્વિકલ્પદશા નથી રહેતી.

પૂજ્ય ભાઈશ્રી :- એ તો જઘન્ય ચોથા ગુણસ્થાને નિર્વિકલ્પ દશામાં એ વ્યવહાર નથી. તો આ તો પરિપૂર્ણ નિર્વિકલ્પ થયા છે. ત્યાં એ પ્રકારની વાતચીતનો વ્યવહાર હોતો નથી.

મુમુક્ષુ :- ઠરી ગયા છે.

પૂજ્ય ભાઈશ્રી :- પૂરેપૂરા ડૂબી ગયા છે. અંતર્મુખ પૂરા પરિપૂર્ણ નિરઅવશેષ અંતર્મુખ પરિણમન છે એમનું. એટલે જે અવાજ નીકળે છે એ પણ ભગવાનનો દેહ છે એના નિમિત્તે સર્વાંગેથી વાણી છૂટે છે. છદ્મસ્થની વાણી એના મુખમાંથી છૂટે છે એમ કહેવાય. અને સ્તુતિ કરાય ત્યારે પણ એમ કહેવાય કે હે જિનેન્દ્ર ! આપના શ્રીમુખેથી દિવ્યધ્વનિ અમે સાંભળી. પણ ખરેખર મુખમાંથી વાણી નથી નીકળતી. કેમકે ત્યાં મુખ ખુલ્લું થતું નથી. છદ્મસ્થને તો મુખેથી વાણી નીકળી છે એમ કહેવાય છે એનું કારણ કે એ બોલે છે ત્યારે એનું મુખ ખુલે છે, મોઢું ખુલે છે. હોઠ બંધ રહે અને વાણીની વાતચીત થાય છે એવું છદ્મસ્થને નથી બનતું. ત્યારે ભગવાનના હોઠ તો હાલ્યા-ચાલ્યા વિનાના ધ્યાનસ્થ અવસ્થામાં જેટલા બંધ છે એટલા જ (બંધ છે). જરા પણ પરિસ્પંદન નથી કે કોઈને દેખાય. પણ સર્વાંગેથી-આખો દેહ છે, સર્વાંગેથી દિવ્યધ્વનિ છૂટે છે. અને એવા મોટા પ્રમાણમાં એ છૂટે છે કે બારેય યોજનમાં છેલ્લે બેઠેલા સભ્યને જેટલું ચોખ્ખું આગળ બેઠો હોય એને સમજાય પહેલી હરોળમાં, એટલું જ છેલ્લી હરોળમાં બેઠેલાને એટલું જ ચોખ્ખું સમજાય. અવાજ એટલો જ ચોખ્ખો સમજાય. છેલ્લે Loud speaker ત્યાં કોઈ મૂક્યું ન હોય તોપણ. અને છતાં પહેલાવાળાના કાનને ઇજા થાય, કાન ફાડે એવો મોટો અવાજ હોય નહિ અને છેલ્લાવાળાને ધીમું પડે છે એવો અવાજ હોય નહિ.

એક જ સરખું સંભળાય. આ બધા અતિશય છે વાણીના.

મુમુક્ષુ :– તિર્યંચને આ ગણધર છે, આ ઇન્દ્ર છે, એમ કઈ રીતે ખ્યાલ આવે ?

પૂજ્ય ભાઈશ્રી :– તિર્યંચને ભલે ન ખ્યાલ આવે તો શું વાંધો છે ? એનું સ્થાન જ જુદું હોય છે. એની સભા જુદી હોય છે. જ્યાં તિર્યંચો બેસે છે ત્યાં મનુષ્યો બેસતા નથી. જ્યાં મનુષ્યો બેસે છે ત્યાં દેવો બેસતા નથી. દેવોની સભા જુદી. સભાખંડ જુદો. આ વિભાગ જુદો. તિર્યંચોનો જુદો. એટલે તો એકબીજા ન મળે અને ન પણ ખબર પડે તો એનું કાંઈ પ્રયોજન નથી.

પ્રયોજન તો આત્માને બોધ થવાનું પ્રયોજન છે. જે વાણી છે એનો જે મુખ્ય મુદ્દો છે... ૐકાર આપણે જે અહીંયાં ૐ કરીએ છીએ ને ? એ ૐકારને આત્માનો વાચક શબ્દ કહેવામાં આવ્યો છે. છે કોઈ અક્ષર છે એની અંદર ? ૐ કરીએ છીએ એમાં કાંઈ અક્ષર છે ? અ અડધો દેખાય છે. બાકી તો એક બાજુ લંબાવીએ છીએ, બીજી બાજુ લંબાવીએ છીએ. એ અનઅક્ષરાત્મક એક શબ્દ છે કે જેનું વાચ્ય છે એ આત્મા છે. આત્માનું મૂળ સ્વરૂપ છે એ એનું વાચ્ય છે. અન્યમતમાં પણ ૐને તો ઘણાએ સ્વીકાર્યો છે.

મુમુક્ષુ :– પવિત્ર માને છે.

પૂજ્ય ભાઈશ્રી :– હા, પવિત્ર માને છે. ધર્મના ચિહ્ન તરીકે સ્વીકારે છે. ખાસ કરીને હિન્દુ સંપ્રદાયમાં વેદાંતની અંદર ૐનો સ્વીકાર છે.

નાનપણમાં એક સંન્યાસીને જોયેલા. માણસ સવા છ ફૂટ ઊંચો હશે. સવા છ, સાડા છ ફૂટની ઊંચાઈ હશે. સંન્યાસી હતા. અને કપાળ બહુ મોટું હતું. અને રૂપાળા, મોટું કપાળ હતું. અને પછી વાંકડિયા વાળ ઠેઠ અહીંયાં સુધીના હતા. ઓડિયા વાળ હતા. એમ કહેતો હતો કે હું એમબીબીએસ ડૉક્ટર થયેલો છું. પછી હિમાલયમાં ચાલ્યો ગયો હતો સાધના કરવા. એક તો ઊંચાઈ એટલી મોટી અને એમાં રેશમી ભગવા રંગની કફની પહેરે. ગળાથી તે ઠેઠ પગ સુધીની. એક જ One piece. એટલે એકદમ કોઈપણ માણસ જુએ એટલે એકદ Higher personality લાગે. ઊંચાઈ હોય એના પ્રમાણમાં શરીર પણ બહુ મજબૂત બાંધાનું શરીર હતું.

એ એમ કહે કે તમારે ભગવાનની આરતી સાંભળવી છે ? એમ પૂછે. સાંજ પડે એટલે હિન્દુ મંદિરોમાં સાંજે આરતી થાય. એમાં નગારા, ઝાલર, ટોકરા બધુ વાગે. પૂછે કે તમારે ભગવાનની આરતી સાંભળવી છે ? તો કહે સંભળાવો બાપુ ! પછી ૐ.... કરીને એ ૐકાર બોલે. એટલો બધો એ શ્વાસ ઘૂંટી શકે કે એ મિનિટો સુધી વચમાં બંધ ન થાય એનું ગળું. અને એ પાંચ-દસ-પંદર મિનિટ જેટલું એ

ૐ....ૐ....ૐ જે ખેંચે એમાં બધાને એમ લાગે કે અહીંયાં આરતી થાય છે, હવે અંદર ઝાલર વાગે છે, અંદર ઘંટારવ થાય છે, અંદર નગારા વાગે છે. એ બધું સંભળાવે. એ બધા તો કેવા પ્રકાર હોય છે ! આ તો છદ્મસ્થનો વાણીનો પ્રકાર દેખાડ્યો. નહિતર એમ માને કે આ તમારા જૈનમાં ગપ્પા માર્યા હશે. ૐકાર નાદ નીકળે એની અંદર બધાને પોતપોતાની ભાષામાં સંભળાય ? જગતમાં ભાષા કેટલી ? સેંકડો ભાષા છે. કેટલી ભાષા છે ? સેંકડો ભાષા છે. આ આદિવાસીમાં જાવ તો ખબર ન પડે કે એ શું બોલે છે. એને પોતપોતાની ભાષા છે. ભલે ત્યાં ભણતર નથી તોય તે. બધા એની ભાષામાં સમજે એવું એક અવાજમાંથી કેવી રીતે બને ? કે આ એક અવાજમાંથી તારે કેટલા વાંજિત્ર સાંભળવા છે એમ પૂછે.

મુમુક્ષુ :– ...President બોલે છે તે દરેક ભાષામાં તરત ભાષાંતર થઈ જાય.

પૂજ્ય ભાઈશ્રી :– હા. અત્યારે તો Computerise થાય છે. તરત જ થઈ જાય છે. બધું એકસાથે અનેક ભાષાની અંદર થઈ જાય છે, Translation થઈ જાય છે. અને તે બધા રજકણો જ કામ કરે છે એમાં. Computer ની અદંર કોઈ માણસ, માનવી બેસાડ્યો નથી. અત્યારે તો આ આવે છે ને ? તબીબી વિજ્ઞાનમાં Pethological Test થાય છે. એક લોહીનું ટીપું નાખે Computer માં અને ગણતરીની સેકંડોમાં સેંકડો Test એના છપાઈને બહાર નીકળી જાય. ૨૫૦-૨૬૦ Test નીકળે છે. ગણતરીની Secondમાં. આમાં આ આટલું છે. આ લોહીમાં આટલું છે. આ આટલું છે. આ નથી. આ છે. આ નથી આ છે. બધું. જસલોક (હોસ્પિલટમાં) છે.

પરમાણુની પણ અનંત શક્તિ છે. પણ છતાં એમાં અગુરુલઘુગુણ છે. એ પરમાણુની ગમે તેટલી શક્તિ હોય તો કોઈ પરમાણુ ચેતન ન થાય. અચેતન મટીને કોઈ ચેતન ન થાય. એ એની મર્યાદા છે. ગમે તેટલી શક્તિ હોય તોય તે. બહુ અસર કરે, બહુ જીવને અસર કરે અને ચેતન થઈ જાય ? કાંઈ ન થાય. અચેતનનું ચેતન ન થાય અને ચેતનપદાર્થ અચેતન ન થાય. એવું અગુરુલઘુગુણનું સામર્થ્ય છે. એને કારણે એમ બને છે. એ છએ દ્રવ્યમાં સામાન્ય ગુણ છે.

મુમુક્ષુ :— એકબીજાનું જાતિ પરિવર્તન ન થઈ જાય.

પૂજ્ય ભાઈશ્રી :– જાતિ પરિવર્તન ન થાય. પછી તો એવી રીતે ગણાય છે કે અગુરુલઘુગુણને કારણે એક દ્રવ્ય બીજા દ્રવ્યરૂપે ન થાય, એક ગુણ બીજા ગુણરૂપે ન થાય, એક પર્યાય બીજી પર્યાયરૂપે ન થાય.

મુમુક્ષુ :– અગુરુલઘુનો આમ સામાન્ય અર્થ....

પૂજ્ય ભાઈશ્રી :– ... હલકું નહિ અને ભારે નહિ. એ ક્યાંય પોતાની જાતિ

ન બદલે. જેવો છે તેવો રહી જાય. જેવો દ્રવ્યે છે એવો જ રહે.

મુમુક્ષુ :– મેળ બેસતો નથી.

પૂજ્ય ભાઈશ્રી :– શું વાંધો શું આવે છે ? નહિ મેળ બેસવામાં. ન બેસે એવું નથી, બેસે એવું છે.

**'પ્રમેયગુણ વિના અગુરુલઘુગુણનું પ્રમાણ ક્યાંથી હોત ?'** નીચે કે ઉપર. હલકામાં હલકાપણામાં કે ભારેપણામાં એનું જે પ્રમાણ છે પ્રમેયત્વગુણને કારણે છે. જો પ્રમેયત્વગુણ ન હોત તો આવો અગુરુલઘુગુણ છે એવું એનું પરિમાણ ક્યાંથી થાત ? એમ કહે છે. માટે આત્મામાં પ્રમેયત્વ પણ છે-પ્રમેયત્વશક્તિ પણ છે. પ્રમેય એટલે જે પ્રમાણજ્ઞાનમાં વિષય થાય તેને પ્રમેય કહેવામાં આવે છે. જ્ઞાન અને જ્ઞેય જેમ સાપેક્ષ છે એમ પ્રમાણ અને પ્રમેય પણ સાપેક્ષ છે. **'અને અપ્રમાણ થતા (તેને) કોણ માનત ?'** એવો અગુરુલઘુગુણ અપ્રમાણ હોત તો તેને માનત કોણ ? એને કોઈ માનત નહીં.

**'વસ્તુત્વ વિના પ્રમાણ કોનું કહીએ ?'** વળી જે કોઈ વસ્તુ હોય એનું પ્રમાણ હોય. વસ્તુ ન હોય એને પ્રમાણ શું ? જે વસ્તુ જ નથી એને પ્રમાણ શું ? જેમ કોઈ એમ કહે કે ભાઈ ! આને કોઈ મર્યાદા નથી. પરમબ્રહ્મ લે છે ને ? કે પરમબ્રહ્મ છે એને કોઈ મર્યાદા નથી. તો એ વસ્તુ છે કે નહિ ? એને પહેલા પૂછો.

જૈનદર્શનમાં અને બીજા દર્શનમાં કોઈ મોટો ફેરફાર હોય તો આ છે કે વસ્તુને વસ્તુના વિજ્ઞાનથી જોવામાં આવે છે. વસ્તુ તરીકે એની સ્થાપના, વસ્તુ તરીકે એને નિરૂપણ કરીને આગળ ચાલવાનું આ બને છે. આ વસ્તુ છે. એના દ્રવ્ય-ક્ષેત્ર-કાળ-ભાવ છે, એનું ચોક્કસ કોઈ પરિમાણ છે અને એ પરિમાણ કરનારું કોઈ પ્રમાણજ્ઞાન છે. આ બધા મહત્ત્વના મુદ્દા, એ પાયાના સિદ્ધાંતો છે આ બધા. એ પાયાના સિદ્ધાંતો છે.

....આ ન હોત તો આમ થાત... આ ન હોત તો આમ થાત... આ ન હોત તો આમ થાત. ... નું નિરૂપણ Logicથી કર્યું છે. એ પદ્ધતિ છે નિરૂપણ કરનારની- 'દિપચંદજી'ની.

**'પ્રમેયગુણ વિના અગુરુલઘુગુણનું પ્રમાણ ક્યાંથી હોત ? અને અપ્રમાણત થતાં (તેને) કોણ માનત ?'** જો પ્રમાણ ન હોત તો એને માનત કેવી રીતે ? માનવું કેવી રીતે ? પ્રમાણ વગર કેવી રીતે માનવું ? એમને એમ કહી દે કે આવું કાંઈક છે એને માનો. આવું કાંઈક છે. કોઈ એક શક્તિ છે જે જગતનું નિયંત્રણ કરે છે એમ માનો. પણ એ શક્તિનું પરિમાણ શું ? એમ કહે છે. એના પરિમાણ વિના માને કેવી રીતે ? કેવળજ્ઞાનગોચર વિષયને પણ શ્રુતજ્ઞાનમાં ન્યાયથી સિદ્ધ કરે

છે. વિશેષતા એ છે એની.

**'વસ્તુત્વ વિના પ્રમાણ કોનું કહીએ ?'** એટલે કે જ્યાં વસ્તુ હોય, વસ્તુપણું હોય ત્યાં એનું પ્રમાણ કહીએ. જ્યાં વસ્તુપણું ન હોય ત્યાં એનું પ્રમાણ કહેવાનો પણ પ્રસંગ નથી, અવકાશ નથી. માટે આત્મામાં વસ્તુત્વ નામનો પણ ગુણ છે. હવે એ વસ્તુત્વ છે એ **'અસ્તિત્વ વિના વસ્તુ કોના આધારે કહીએ ?'** આત્મામાં અસ્તિત્વ શક્તિ મૂકી. અસ્તિત્વ છે તો વસ્તુત્વ છે. અસ્તિત્વ વિના વસ્તુત્વ કોનું ? માટે વસ્તુત્વ છે એ અસ્તિત્વ સહિત છે. અસ્તિત્વ વિના વસ્તુત્વ હોઈ શકે નહિ. એ રીતે આત્માને અસ્તિત્વ છે. કહે છે કે અસ્તિત્વ છે એ **'પ્રદેશત્વ વિના અસ્તિત્વ કોનું નિરૂપીએ ?'** એને જો ક્ષેત્ર જ ન હોય તો અસ્તિત્વ કોનું ? અદ્ધર અસ્તિત્વ રહે ? શૂન્યનું અસ્તિત્વ છે ? નહિ. પ્રદેશત્વ છે તેનું અસ્તિત્વ છે. પ્રદેશત્વ એટલે ક્ષેત્ર. જેને ક્ષેત્રફળથી માપી શકાય. ક્ષેત્રફળ જેનું કાઢી શકાય એને ક્ષેત્ર કહેવામાં આવે છે. જેનું માપ કાઢી શકાય. પછી એનો અપભ્રંશ થઈને ગુજરાતીમાં એને ખેતર કહેવામાં આવ્યું છે. આ ખેતર શબ્દ છે એ મૂળ શબ્દ ક્ષેત્ર છે. સંસ્કૃતમાં એને ક્ષેત્ર કહે છે.

મુમુક્ષુ :- અસ્તિત્વ છે એ અધ્યાત્મ... અગુરુલઘુત્વ...

પૂજ્ય ભાઈશ્રી :- અગુરુલઘુ એ એક ગુણ છે. જેનું અસ્તિત્વ ગુણરૂપે છે.

મુમુક્ષુ :- ભાવ ?

પૂજ્ય ભાઈશ્રી :- ભાવ એટલે શું ? ગુણનો ગુણભાવ છે, શક્તિનો શક્તિ ભાવ છે. ગુણ ગુણભાવે છે. પછી ગુણની પર્યાય શું ? એમ કહો તો એની પર્યાય છે ષટ્ગુણહાનિવૃદ્ધિ. ષટ્ગુણહાનિવૃદ્ધિ. છ પ્રકારે હાનિ અને છ પ્રકારે વૃદ્ધિ. ગુરુપણામાં અને લઘુપણામાં. અસંખ્યગુણ અને અસંખ્યભાગ એ રીતે અનંતગુણ, અનંતભાગ એમ છ પ્રકાર લીધા છે. પ્રશ્નોત્તરમાળા શીખવે છે એમાં એ બધું આવે છે. મને તો એ બધા ભાંગા નથી યાદ રહેતા પણ એવો છ પ્રકાર છે.

એમ કે, લઘુ થાય તો અનંતભાગ હાનિ થાય તોપણ નાશ ન પામે. જેમકે આત્માને નિગોદમાં જતા અનંતભાગે હાનિ થઈ તોપણ એ જડત્વ ન ધારણ કરે. એમ વૃદ્ધિ કેટલી થઈ આત્માની શક્તિઓની ? કે અનંતી વૃદ્ધિ થઈ સિદ્ધ દશામાં. પણ છતાં એ બીજાનું કાર્ય કરે, જડનું કાર્ય કરે એવું ન બને. એમ એનો ભાવ છે. ષટ્ગુણ-હાનિવૃદ્ધિરૂપ એનો-અગુરુલઘુગુણનો ભાવ છે. એ વિષય કેવળજ્ઞાન ગોચર છે. કેમકે સિદ્ધ ભગવાનની એક પર્યાયમાં ષટ્ગુણહાનિવૃદ્ધિ લીધી છે. એક સમયની એક પર્યાયની ષટ્ગુણહાનિવૃદ્ધિ લીધી છે. એ છદ્મસ્થનો વિષય નથી કે કેવી રીતે થાય ? પણ શાસ્ત્રકથન છે.

**'વસ્તુત્વ વિના પ્રમાણ કોનું કહીએ ? અસ્તિત્વ વિના વસ્તુત્વ કોના આધારે કહીએ ? અને પ્રદેશત્વ વિના અસ્તિત્વ કોનું નિરૂપીએ ?'** જેને ક્ષેત્ર જ ન હોય તો એના અસ્તિત્વનો સવાલ ક્યાં ઊભો થાય છે ? જેનું ક્ષેત્ર હોય એને અસ્તિત્વ હોય. ભલે આત્મા અરૂપી છે તોપણ એનું ચોક્કસ ક્ષેત્ર છે. સંસાર અવસ્થામાં સ્વદેહ પ્રમાણ- જેને જેટલો દેહ છે એટલા પ્રમાણે એનું એ આત્માનું અત્યારે ક્ષેત્ર છે. એવું એનું ક્ષેત્ર અત્યારે છે અને મૂળ ક્ષેત્ર કેવડું ? બધાનું સરખું નથી અને જાતિએ બધા એક સરખા આત્મા છે. અત્યારે ક્ષેત્ર નાનું-મોટું દેખાય છે. કીડીને કીડીના દેહ જેવડું, હાથીને હાથીના દેહ જેવડું, મનુષ્યને મનુષ્યના દેહ જેવડું. મૂળ ક્ષેત્ર કેટલું ? તો કહ્યું, 'લોકપુરુષ સંસ્થાને કહ્યો'. જેટલો લોક છે આખો ચૌદરાજૂ લોક, એટલો આત્મા ક્ષેત્રથી છે. જો એનું ક્ષેત્ર બરાબર એક પ્રદેશમાં બીજા પ્રદેશનું અવગાહન ન રહે, પ્રત્યેક પ્રદેશ પોતાના સ્વસ્થાનમાં રહે તો કેવળી સમુદ્‌ઘાત થાય છે અને લોકપ્રમાણ આત્માનું ક્ષેત્ર થાય છે. લોકપ્રમાણ જે આત્માનું ક્ષેત્ર થાય છે એટલું આત્માનું-એક આત્માનું ક્ષેત્ર છે. સંકોચાઈને સંસાર અવસ્થામાં ઓછાવત્તાપણું જોવામાં આવે છે. પણ ક્ષેત્ર નથી એ વાત નથી. પ્રદેશત્વ ગુણ છે અને પ્રદેશત્વને કારણે એનું અસ્તિત્વ જોવામાં આવે છે. અસ્તિત્વ ક્યાંથી પકડીએ ? કે પ્રદેશથી પકડીએ. એના ક્ષેત્રથી પકડીએ.

મુમુક્ષુ :– લોકપ્રમાણ એની મર્યાદા આવી જાય ?

પૂજ્ય ભાઈશ્રી :– હા. ત્યાં એની મર્યાદા આવી જાય. કેવળી ભગવાન સમુદ્‌ઘાત કરે ત્યારે એની મર્યાદા એટલી છે. જેટલું આખા લોકનું ક્ષેત્ર છે એ લોકના એક પ્રદેશે તે આત્માનો એક એક પ્રદેશ ગોઠવાઈને રહે એ પ્રકારે સમુદ્‌ઘાત થાય છે. અને છતાં કોઈને ક્યાંય અડતા નથી. અનંતા કેવળીઓએ અનંતા સમુદ્‌ઘાત કર્યા અત્યાર સુધીમાં અને આપણે ત્યારે આ લોકમાં નહોતા એવું નહોતું. હતા કે નહિ એ લોકમાં ત્યારે આપણે ? ખબર પડી છે કોઈને ? કેમકે સ્પર્શ નામનો ગુણ આત્માને નથી. સ્પર્શ નામનો ગુણ નથી આત્માને.

આ શરીર પ્રમાણે અત્યારે આત્મા છે તો એની અંદર કેટલા જીવ છે ? કેટલા જીવ છે શરીરમાં ? અનંત જીવો છે. એક લોહીનું ટીપું લ્યો તો એની અંદર એટલા જીવો છે. એક શ્લેષ્મનો એક કણ લ્યો. કફ નીકળે છે એની અંદર એટલા જીવો છે. એટલા હોજરીમાં બધા જીવો ઉત્પન્ન થાય છે કે નહિ ? એટલા જીવો (છે). આ કૃમિ થઈ જાય છે. મોટા થાય છે તો ખબર પડે છે. જીવતા ક્યાંથી નીકળ્યા ? અંદર ઉત્પન્ન થયા હતા. તો એ જીવોને ખબર નથી પડતી. પડે છે ખબર ? કેમકે સ્પર્શ નામનો કોઈ ગુણ નથી. આ તો સ્પર્શેન્દ્રિય તો ઉપર છે. પછી નીચે

જાવ એટલે સ્પર્શેન્દ્રિય નથી. ખબર ન પડે.

મુમુક્ષુ :- ... જીવ છે પણ પાછા એક એક જીવમાં પાછા અસંખ્ય છે ?

પૂજ્ય ભાઈશ્રી :- હા. નિગોદમાં તો એવું જ છે. આ શરીરમાં જે નિગોદિયા જીવ છે, આ શરીરમાં જે નિગોદિયા જીવ છે એમાં પણ એક કણી જેટલા ભાગમાં અસંખ્ય શરીર અને એક શરીરમાં અનંત જીવ છે.

મુમુક્ષુ :- બધા આત્મા ?

પૂજ્ય ભાઈશ્રી :- બધા આત્મા. ભગવાનઆત્મા. આત્મા નહિ, ભગવાનઆત્મા. આમ છે. પણ પોતાના અપરાધે કરીને એ સ્થિતિમાં મૂકાઈ ગયેલા છે. નિજ અપરાધથી એ સ્થિતિમાં મૂકાયેલા છે. આ પરિસ્થિતિ છે.

(અહીંયાં) શું કહે છે ? કે **'પ્રદેશત્વ વિના અસ્તિત્વ કોનું નિરૂપીએ ? અને પ્રભુત્વ વિના પ્રદેશપ્રભુતા ક્યાંથી રહેત ?'** આ પ્રભુત્વશક્તિ છે આત્મામાં. સ્વતંત્રતાથી શોભાયમાન. 'અમૃતચંદ્રાચાર્યદેવે' પ્રભુત્વશક્તિની વ્યાખ્યા કરી છે કે સ્વતંત્રતાથી શોભાયમાન અખંડિત જેનો પ્રતાપ છે તેને પ્રભુત્વશક્તિ કહીએ. આવી વ્યાખ્યા છે. ૪૭ શક્તિમાં એ વ્યાખ્યા છે. એવું આત્મામાં અખંડપણું છે. જેનાથી એ શોભે છે, જેનાથી એનો પોતાનો પોતામાં પ્રતાપ છે એવું જે નિજ પ્રભુત્વ છે એ પોતાના પ્રદેશ પ્રભુતામાં છે. પોતાના ક્ષેત્રને છોડીને ક્યાંય એ પ્રભુતા નથી.

અથવા આત્માને લાંબુચોડુ ક્ષેત્ર હોવા છતાં... અહીંયાં પ્રદેશપ્રભુતા લીધી ને ? પ્રદેશત્વ ગુણથી પ્રભુતાની વાત લીધી પણ એ પ્રભુત્વ આખા દ્રવ્યમાં વ્યાપેલું છે એટલે પ્રત્યેક ગુણમાં પોતાનું પ્રભુત્વ છે. પૂરું પ્રભુત્વ છે. પ્રત્યેક ગુણમાં પોતાનું પૂરું પ્રભુત્વ છે. જેમકે જ્ઞાનમાં જ્ઞાનનું પૂરું પ્રભુત્વ છે. પ્રભુત્વ કહો એટલે એનો પ્રતાપ. જ્ઞાનની શક્તિ. પ્રતાપ પૂરેપૂરો છે પોતામાં. પ્રદેશત્વ ગુણની પ્રભુતાને લઈને પ્રદેશ ખંડિત થતા નથી. ક્યારેય આત્માના કોઈ પણ ક્ષેત્રને થોડુંક પણ જુદું પાડવાનું બનતું નથી.

નારકીની અંદર નારકીનું શરીર હોય તો એક શરીરને રાઈ રાઈ જેટલા ટૂકડા કરી નાખે એવો મારે, કાપે. નારકીની અંદર એ જીવને કાપે એટલે એના શરીરના રાઈ રાઈ જેટલા ટૂકડા કરી નાખે. એ પાછા એ બધા જેમ પારો ભેગો થાય એમ ભેગું થઈને એક પાછું શરીર થઈ જાય, સંધાઈ જાય. તોપણ ત્યાં આત્માનો એક ટૂકડો ન થાય. શરીરના અસંખ્ય ટૂકડા કરે તો આત્માનો એકેય ટૂકડો ન થાય. તેની પ્રદેશપ્રભુતા છે એનામાં. એના પ્રદેશને કોઈપણ ક્યાંય ટૂકડો કરીને જુદો વિભાગ કરી શકે એવું નથી રહેતું. અખંડિત રહે છે, અખંડિત પ્રતાપ છે એનો. એમાં ખંડિતપણું કોઈ કરી શકે એવું બનતું નથી. એ દ્રવ્યે ખંડિતપણું થતું નથી.

આમ એના સામર્થ્યથી જોઈએ તો ભાવે પણ ખંડિતપણું આત્મામાં થઈ શકે એવું નથી. એનો જે મૂળ પરમપારિણામિક ભાવ છે તેને અખંડ પરમપારિણામિકભાવ કહેવામાં આવે છે. અહીંયાં પણ અખંડ શબ્દનો પ્રયોગ થાય છે. અખંડ પરમપારિણામિક ભાવ. એ એનું ભાવે અખંડિતપણું છે. અને એવું અખંડિતપણું રહેવાનું કારણ જીવમાં પ્રભુત્વ નામની શક્તિ રહેલી છે.

આ પ્રભુત્વશક્તિ છએ દ્રવ્યમાં છે. એટલે દરેક આત્મા પ્રભુ છે અને દરેક પરમાણુ પણ પ્રભુ છે. એટલે એને જડેશ્વર કહેવામાં આવે છે. આ જડેશ્વર મહાદેવ કહે છે કે નહિ ? એ તો મહાદેવને જડ બનાવ્યા પણ આ મહાદેવ જડ બનતો નથી. આ તો જડમાં જડની અનંતી પ્રભુતા છે. અને જડમાં જડનું અનંત ગુણનું ઐશ્વર્ય છે જે અખંડિત પ્રતાપથી રહે છે. માટે એક પરમાણુ પણ જડેશ્વર છે. એક એક પરમાણુ જડેશ્વર છે.

મુમુક્ષુ :– 'કળશ ટીકા'માં જે લીધું છે કે પ્રદેશથી ન ખંડયામિ...

પૂજ્ય ભાઈશ્રી :– કેટલામો કળશ છે ?

મુમુક્ષુ :– ...

પૂજ્ય ભાઈશ્રી :– ૨૫૨ છે ? ૨૫૨ છે ? દ્રવ્ય-ક્ષેત્ર-કાળ-ભાવનો વિષય ૨૫૨ કળશમાં છે. આમ તો શું છે કે જે પાછળના કળશ છે એમાં ક્ષેત્રનો એક કળશ આવે છે. એ છે ૨૫૪મો. ભિન્ન ક્ષેત્ર. **'ભાવાર્થ આમ છે કે કોઈ મિથ્યાદૃષ્ટિ જીવ એવો છે કે જે વસ્તુને પર્યાયરૂપ માને છે, દ્રવ્યરૂપ નથી માનતો;...'** એમાં ક્ષેત્રની વાત લીધી છે. '**ान्निक्षेत्रनिषण्णबोध्यनियतव्यापारनिष्ठः**' **'પોતાના ચૈતન્યપ્રદેશથી અન્ય  છે જે સમસ્ત દ્રવ્યોનો પ્રદેશપુંજ તેની આકૃતિરૂપ પરિણમ્યો છે એવો છે જે જ્ઞેય-જ્ઞાયકનો અવશ્ય સંબંધ, તેમાં નિષ્ઠ છે અર્થાત્ એતાવન્માત્રને (-એટલા માત્રને) જાણે છે જ્ઞાનનું ક્ષેત્ર, એવો છે એકાન્તવાદી મિથ્યાદૃષ્ટિ જીવ.'** પણ જે દ્રવ્ય-ક્ષેત્ર-કાળ-ભાવની વાત લીધી છે ૨૫૨માં લીધી છે. સ્વદ્રવ્ય-ક્ષેત્ર-કાળ-ભાવથી અસ્તિ છે અને પરદ્રવ્ય-ક્ષેત્ર-કાળ-ભાવથી નાસ્તિ છે. એમ કરીને જે વસ્તુનું **'સ્વક્ષેત્ર એટલે આધારમાત્ર વસ્તુનો પ્રદેશ.'** અને વસ્તુનું **'પરક્ષેત્ર એટલે જે વસ્તુનો આધારભૂત પ્રદેશ નિર્વિકલ્પ વસ્તુમાત્રરૂપે કહ્યો હતો તે જ પ્રદેશ સવિકલ્પ ભેદ-કલ્પનાથી...'** એટલે અસંખ્ય પ્રદેશની જે કલ્પના કરી તેને **'પરપ્રદેશ બુદ્ધિગોચરરૂપે કહેવામાં આવે છે.'** એવી એક ક્ષેત્રની 'કળશ ટીકા'માં અહીંયાં વ્યાખ્યા છે. કે સ્વક્ષેત્ર કોને કહેવું અને પરક્ષેત્ર કોને કહેવું ?

અહીંયાં એ અધ્યાત્મનો વિષય છે કે પોતાના જ ક્ષેત્રને અભેદભાવે નિર્વિકલ્પભાવે વિષય કરે એટલે વેદે, આખા અખંડ ક્ષેત્રથી પોતાનું વેદન નિર્વિકલ્પ

પરિણામે વેદન કરે, અનુભવ કરે તો એણે સ્વક્ષેત્રનો અનુભવ કર્યો. એ જ પ્રદેશની અસંખ્ય પ્રદેશની કલ્પના કરે (કે) બુદ્ધિગોચરરૂપે આત્મા કેવડો ? કે અસંખ્ય પ્રદેશી, લોકપ્રદેશ જેટલો. તો તેને પરક્ષેત્ર અહીંયાં કહીએ છીએ. એ સ્વક્ષેત્ર ન રહ્યું. કેમકે રાગ થઈ ગયો, વિકલ્પ થઈ ગયો. એટલી વ્યાખ્યા છે. ક્ષેત્રની પૂછવી છે ઇ આ વાત છે કે પેલી વાત છે ? ક્યાંથી પ્રશ્ના છે એ સમજાયા વગર (કેમ સમાધાન થાય) ?

૪૭ શક્તિમાં આ પ્રભુત્વની વ્યાખ્યા આવી છે કે અખંડ પ્રતાપથી શોભાયમાન. એ પોતાના અખંડિતપણાને સદાય એમને એમ રાખે છે એ પ્રભુત્વશક્તિનું કારણ છે. પ્રભુત્વશક્તિને લઈને છે. એ પ્રભુત્વ વિના **'પ્રદેશપ્રભુતા ક્યાંથી રહેત ?'** પ્રદેશ ઉપર પ્રભુત્વ ક્યાંથી રહેત ? ખંડ ખંડ થઈ જાત. કોઈ એવા અસ્ત્ર-શસ્ત્રની શોધ થાત જગતની અંદર કે આત્માના ટૂકડે ટૂકડા કરી નાખે. આ Atombomb ફૂટે તોપણ આત્માના ટૂકડા ન થાય એમ કહે છે. કેટલો ? કે એક રાઈ જેટલો ટૂકડો પણ જુદો પડે નહિ. એટલી પ્રદેશપ્રભુતા આત્મામાં રહેલી છે એમ કહેવું છે.

મુમુક્ષુ :– પ્રદેશપ્રભુતાથી પ્રદેશનું ટકી રહેવું (થાય છે) ?

પૂજ્ય ભાઈશ્રી :– પ્રદેશનું અખંડિતપણે રહેવું. અખંડિતપણે રહેવું. પ્રદેશ તો અસંખ્ય છે પણ અખંડિતપણે રહે છે. અખંડિતપણે શોભાયમાન છે. એવો જેનો પ્રતાપ છે તેને પ્રભુત્વશક્તિ કહીએ. વ્યાખ્યા કરી છે. ૪૭ શક્તિ છે ને ? એમાં એ વ્યાખ્યા છે. વીર્યશક્તિ પછી જ લીધી. સાતમી (શક્તિ). **'જેનો પ્રતાપ અખંડિત છે અર્થાત્ કોઈથી ખંડિત કરી શકાતો નથી એવા સ્વાંતત્ર્યથી (-સ્વાધીનતાથી) શોભાયમાનપણું જેનું લક્ષણ છે એવી પ્રભુત્વશક્તિ.'** છે. સ્વતંત્રતાથી શોભે છે.

'**अखण्डितप्रतापस्वातन्त्र्यशालित्वलक्षणा**' '**अखण्डितप्रतापस्वातन्त्र्यशालित्वलक्षणा प्राुत्वशक्तिः 7।**' આવું સંસ્કૃત છે. સ્વતંત્ર શાલિનપણું છે એનામાં. આપણે નથી કહેતા ? શાલિન છે એટલે બહુ સ્વભાવથી સજ્જનતાથી શાલિન છે. એમ નથી કહેતા ? હિન્દી ભાષામાં થોડું વધારે સમજાય. એ સ્વતંત્રાથી શાલિનપણું છે એનું-આત્માનું. શાલિનપણું એટલે શોભવું. શોભાયમાન થવું એને શાલિનપણું કહે છે. અખંડિતપણે જે પોતાની સ્વતંત્રતાથી શોભી રહ્યો છે આત્મા અને એનું દ્રવ્યે કે ભાવે ખંડિતપણું, કુરૂપણું થતું નથી.

મુમુક્ષુ :– શાલિન એટલે...

પૂજ્ય ભાઈશ્રી :– શાલિન એટલે શોભી રહ્યો છે. કોઈ એમ કહે કે સજ્જનતાથી શાલિન છે. એટલે સજ્જનતાથી શોભે છે એમ કહેવાય છે. ચાલુ ભાષામાં એવો હિન્દીમાં પ્રયોગ છે. મૂળ સંસ્કૃત શબ્દ છે. '**स्वातन्त्र्यशालित्वलक्षणा प्राुत्वशक्तिः**'.

મુમુક્ષુ :– પ્રદેશના તો ટૂકડા થઈ શકતા નથી.

પૂજ્ય ભાઈશ્રી :– એનું કારણ શું ? પ્રદેશના ટૂકડા નથી થતાં એનું કારણ શું ? એવી અખંડિત પ્રભુતા, પ્રદેશત્વ પ્રભુતા. પ્રદેશના ટૂકડા ન થાય એવી પ્રદેશપ્રભુતા છે. શેને લઈને છે ? કે પ્રભુત્વશક્તિને કારણ છે. કેવડી પ્રભુત્વ શક્તિ ? અનંતી. જગતની કોઈ શક્તિ એવી નથી કે જેનું ખંડિતપણું કરી શકે ક્યારેય તે. ન એ ગુણને છૂટો પાડી શકે, ન એક પ્રદેશને છૂટો પાડી શકે.

મુમુક્ષુ :– સત્તા ઉપર એનું પ્રભુત્વ ખરું ?

પૂજ્ય ભાઈશ્રી :– હા, પ્રભુત્વ એટલે સત્તા. ત્યાં સત્તા કહે છે. પ્રભુત્વ એટલે સત્તા. એ તો લોકભાષામાં બહુ પ્રસિદ્ધ છે કે ભાઈ ! અહીંયાં આની સત્તા ચાલે છે, અહીંયાં આની સત્તા ચાલે છે. એટલે ત્યાં એનું પ્રભુત્વ છે, અહીંયાં આનું પ્રભુત્વ છે. એમ કહેવાય ને ? પણ એ તો કોઈમાં કોઈનું પ્રભુત્વ ચાલતું નથી. એ તો બધી પુણ્યના યોગની વાત છે. અર્જુને અઢાર અક્ષીણી સૈન્યની મહારભારતના યુદ્ધમાં જીત મેળવી. પછી દ્વારકાથી પાછા આવતા હતા તો કાબાએ લૂંટ્યો. આવે છે કે નહીં ? 'યહી ધનુષ, યહી બાણ, કાબે અર્જુન લૂંટિયો. યહિ ધનુષ યહિ બાણ...' જંગલના સામાન્ય લૂંટારા (એને લૂંટી ગયા). એ જ ગાંડીવ ને એ જ ધનુષ ને એ જ બાણ હતું એની પાસે. એવો પુરુષ હતો.

મુમુક્ષુ :– પુણ્ય પરવારી ગયા.

પૂજ્ય ભાઈશ્રી :– પુણ્ય પરવાર્યા. તમે એ જુઓ ! ત્રણ ખંડના ધણી 'શ્રીકૃષ્ણ', ત્રણ ખંડના ધણી ! જેની દ્વારકા રચવા માટે ઉપરથી દેવો આવ્યા હતા. દ્વારકા રચવા માટે જ્યારે યુવાન વયના થયા, એ પહેલા તો ગોકુળમાં અહીંયાં વૃંદાવનમાં ઉછરતા હતા મામાને ત્યાં કંસને હિસાબે.

યુવાન વયના થયા એટલે... સોળ હજાર એકસોને આઠ મહેલમાં જગ્યા કેટલી જોઈએ ? આ સૌરાષ્ટ્ર ઓછું પડે એમાં. આ તો સૌરાષ્ટના ખૂણે દ્વારકા મૂકી છે. અને બધા સોનાના મહેલ હોય. એમાં ચુના, પત્થર અને રેતીની જરૂર નહિ. કડિયાને બોલાવવાનું કાંઈ કામ નહિ. મનુષ્યની સેવા દેવ કરે. છે મનુષ્ય પોતે. એ અર્ધચક્રીના પુણ્ય ખૂટે છે ત્યારે પાણી...પાણી...પાણીનો જંગલમાં પોકાર કરે છે. દ્વારકા બળી ગઈ છે. ખાક થઈ ગઈ બધું. યાદવાસ્થળી થઈ ગઈ. નીકળી ગયા. મા-બાપને ન બચાવી શક્યા. બે ભાઈ બળદેવ અને પોતે નીકળી પડ્યા છે. ભાઈ ! પાણી લાવી દે, મારા પ્રાણ જાય છે. ભાઈ ! તું પાણી લાવી દે ક્યાંકથી. એ છૂટા પડ્યા. સાથે હોય તો એનો દેહાંત જે પ્રકારે થવાનો છે એ દેહાંતનો પ્રસંગ ન થાત. સાથે હોત તો ન થાત. જરાકુમારનું બાણ પછી એને વાગે છે. હવે ક્યાં જેની

રાણીઓના મહેલ રચવા માટે ઉપરથી દેવ ઉતરે અને ક્યાં એક પાણી માટે (પોકાર કરે) ! સામાન્ય માણસ મુસાફરીએ નીકળે તો પાણીનો કુંજો લઈને નીકળે છે. ભાતું હોય કે ન હોય પણ પાણી તો રાખે જ. કેમકે આહાર વગર બે-ચાર 'દિ, આઠ 'દિ કાઢી નાખે. પાણી વગર ન નીકળે. અને આહારની કિંમત છે, પાણીની કોઈ કિંમત નથી. એ ત્રણ ખંડના ધણી હતા સાથે પાણીનો કુંજો ન હતો. ઠીક ! આ બધા પુણ્ય-પાપના ખેલ છે બધા જગતમાં. આવા ખેલ છે. ઘડીકમાં કાંઈક હોય અને ઘડીકમાં કાંઈક હોય. એનો એ જ પુરુષ એનો એ. એની એ વ્યક્તિ છે. હજી દેહાંતર થયું નથી. હજી બીજો દેહ નથી થયો ત્યાં આ ભવમાં આ પરિસ્થિતિ. આ તો પુરાણના ઇતિહાસના મોજૂદ દાખલા છે. છે કે નહિ ?

મુમુક્ષુ :– બીજી ગતિમાં જાવું છે એટલે...

પૂજ્ય ભાઈશ્રી :– છેલ્લે છેલ્લે શરૂ થઈ જાય. ... શરૂ થઈ જાય છે.

મુમુક્ષુ :– ...

પૂજ્ય ભાઈશ્રી :– કેટલોક ઉદય શરૂ થઈ જાય.

**'વિભુત્વ વિના પ્રભુતા સર્વમાં કેવી રીતે વ્યાપત ?'** અને એ પ્રભુત્વ અનંત ગુણોમાં સર્વ પ્રદેશોમાં વ્યાપ્યું છે એ વિભુત્વ વિના કેવી રીતે વ્યાપત ? વિભુત્વગુણનું કાર્ય વ્યાપવું તે છે. અનંતા ગુણો પૂરા દ્રવ્યમાં વ્યાપ્યા છે એનું કારણ આત્મામાં વિભુત્વ નામની શક્તિ છે. એ **'વિભુત્વ વિના પ્રભુતા સર્વમાં કેવી રીતે વ્યાપત ?'** સર્વમાં એટલે ? પોતાના દ્રવ્યમાં, હોં ! સર્વમાં એટલે પાછું આખા જગતમાં વ્યાપી જાય છે એ વિભુત્વની અહીંયાં વાત નથી. અને **'જીવત્વ વિના વિભુત્વ અજીવ હોત'** એ જીવનું જે વિભુત્વ છે એ ચેતન વિભુત્વ છે. કેમકે એમાં જીવત્વ શક્તિ રહેલી છે. (વિશેષ લઈશું...)

❋ ❋ ❋

**જ્યારે આત્માનો અનુભવ છે ત્યારે બાહ્ય વેદનાનો અનુભવ હોતો નથી. આત્મા આનંદકંદ શુદ્ધ છે. એની રમણતા થતાં ગમે તેવા પરિગ્રહના ગજ હોય પણ એનું વેદન હોતું નથી. જેણે ચારિત્રને કષ્ટરૂપ માન્યું છે. એ ચારિત્રના સ્વરૂપને સમજતો નથી. તે અજ્ઞાની છે, તે ચારિત્રને ગાળ દે છે, અવર્ણવાદ કરે છે, દેવ-ગુરુ-શાસ્ત્રનો અવર્ણવાદ કરે છે, તે દર્શન મોહનીય બાંધે છે. (પરમાગમસા–૭૦૯)**

## તા. ૧૭-૮-૧૯૮૫, પાના નં. ૪,
## પ્રવચન નં. ૧૦

**'જ્ઞાન વિના ચેતનનું વિશેષ જાણવામાં ન આવત.'** જ્ઞાનથી શરૂ કરે છે પાછું. પહેલાં કહી ગયા. **'સર્વ ગુણોમાં જ્ઞાન (ગુણ) પ્રધાન છે'** ચેતન તે આત્મા. ચૈતન્ય એનો જે ખાસ ગુણ (છે) એમાં પણ જ્ઞાનની વિશિષ્ટતા છે. દર્શન સામાન્ય છે અને જ્ઞાન વિશેષ છે. એટલે ચૈતન્યનું વિશેષપણું જે જણાઈ આવે છે એનું કારણ પણ જ્ઞાન છે. હું ચૈતન્ય સ્વભાવી છું એમ અંદરમાં સ્વાનુભવની અનુભવ ચેતના કામ કરે છે એમાં પણ જ્ઞાનનું વિશેષપણું છે. અથવા જ્ઞાનથી તે ચેતનનું વિશેષપણું જાણવામાં આવે છે. અધ્યાત્મમાં પણ એ રીતે ચેતનનું વિશેષપણું, આત્માનું વિશેષપણું જાણવામાં જ્ઞાન મુખ્ય છે-જ્ઞાન પ્રધાન છે.

**'દર્શન વિના સામાન્ય વિશેષ જ્ઞાન ન રહેત'** અને જે દર્શન છે એ સામાન્ય સ્વરૂપે હોવાથી અહીંયાં જે જ્ઞાનની વિશેષતા કહી તો સામાન્ય શું છે ? જ્ઞાનથી ચૈતન્યની જે વિશેષતા કહી તો ત્યાં સામાન્ય શું છે ? કે દર્શનથી સામાન્યપણું છે. ચેતનાનું દર્શનથી સામાન્યપણું છે અને ચેતનાનું-ચેતનનું જ્ઞાનથી વિશેષપણું છે. એમ જ્ઞાન અને દર્શન એ બંને સામાન્ય વિશેષરૂપ અવયવ, ચેતનના અવયવ છે. તેથી દર્શન વિના સામાન્ય વિશેષપણું ન રહેત અથવા જ્ઞાનનું વિશેષપણું ન રહેત. પોતે સામાન્ય છે.

મુમુક્ષુ :– સામાન્ય સહિત વિશેષ ?

પૂજ્ય ભાઈશ્રી :– સામાન્ય અને વિશેષ બંને તો અપેક્ષિત છે. નાના અને મોટાની જેમ. નાનું કહેતા મોટું કોણ ? મોટું કહેતા નાનું કોણ ? એમ જેમ આપોઆપ એની અપેક્ષા ઉત્પન્ન થાય છે અથવા બંને એકબીજાને સાપેક્ષપણે જ છે. એમ દર્શન-જ્ઞાનમાં પણ જ્ઞાનને વિશેષ કહીએ. ચેતનાની વિશેષતા કહીએ તો સામાન્ય શું ? સામાન્ય તે દર્શન છે. એમ દર્શન વિના સામાન્યપણું ન રહેત.

મુમુક્ષુ :– સામાન્યને કહેતા દર્શન સામાન્ય થાય ?

પૂજ્ય ભાઈશ્રી :– જ્ઞાન સામાન્ય તો એક એવી અપેક્ષાએ અપાય છે કે જ્યાં જ્ઞ... જ્ઞ.... જ્ઞ... જ્ઞપણું જ્ઞાનગુણથી લેવું હોય ત્યારે જ્ઞાનનો જે અન્વય પકડવો

હોય તો ત્યાં જ્ઞાન સામાન્યથી લેવામાં આવે છે. દર્શન છે એ ચેતનાનો ભેદ છે. અને દર્શન સામાન્યને વિષય કરે છે. અથવા સામાન્ય મહાસત્તા એ દર્શનનો વિષય છે. અને પ્રત્યેક પદાર્થની અવાંતર સત્તા એ જ્ઞાનનો વિષય છે. એટલે જ્ઞાન વિશેષ રહે છે. જ્ઞાનની વિશેષતા ગણવામાં આવે છે. ત્યાં એ વિશેષને અવલંબે છે. વિશેષને જાણે છે. તો એવું કહ્યું, ત્યાં સામાન્યને વિષય કરનાર કોણ ? એ સામાન્યને વિષય કરનાર દર્શન છે તેથી જ્ઞાનની વિશેષતા છે. એમ સાપેક્ષ લીધું. એમ લીધું ને ? કે જ્ઞાન વિશેષ ન રહેત.

**'દર્શન વિના સામાન્ય વિશેષ જ્ઞાન ન રહેત'** એમાં એમ કહેવું છે કે જે જ્ઞાનની અંદર વિશેષતા ઊપજે છે, જ્ઞાન વિશેષને જાણે છે તો સામાન્યને કોણ વિષય કરે છે ? સામાન્યને દર્શન વિષય કરે છે. જો જ્ઞાન વિશેષને વિષય કરે છે તો પછી ચેતનામાં સામાન્યને કોણ વિષય કરે છે ? સામાન્યને દર્શન વિષય કરે છે. એમ અપેક્ષા જ્ઞાનની સાથે મેળવી છે. અહીંયાં પ્રત્યેક ગુણ સ્વતંત્ર હોવા છતાં કારણ-કાર્યના Logic થી અહીંયાં નિરૂપણ છે. આમ ન હોત તો આ ગુણમાં આમ ન હોત. આમ ન હોત તો આ ગુણને આમ ન હોત. એક ગુણને બીજા ગુણનું નિમિત્તપણું લઈને એકબીજાનું કારણ- કાર્યપણું એ રીતે નિરૂપણ કર્યું છે.

મુમુક્ષુ :– ઉપરવાળા Paragraph માં શ્રદ્ધાગુણને તો નથી લીધો ને ?

પૂજ્ય ભાઈશ્રી :– શ્રદ્ધાગુણને આમાં નથી લીધો. શ્રદ્ધાનો વિષય આમ તો પરિપૂર્ણ દ્રવ્ય છે. પણ શ્રદ્ધા ગુણની કોઈ એવી વ્યાખ્યા આમાં નથી લીધી. આટલા બધા ગુણોમાં વાત લીધી છે પણ શ્રદ્ધાગુણની વ્યાખ્યા નથી લીધી. એમાંય નથી આવતી. ૪૭ શક્તિમાં પણ નથી આવતી. શ્રદ્ધાગુણની વ્યાખ્યા જુદી નથી આવતી. જીવત્વથી આવે જ્ઞાન, દર્શન, ચિતિ, સુખશક્તિ, વીર્યશક્તિ, અસ્તિત્વ, વસ્તુત્વ, પ્રભુત્વ એ બધા.... એ (-શ્રદ્ધા) નથી આવતી. જ્ઞાન પછી દર્શન પછી સર્વજ્ઞતા, સર્વદર્શિત્વ અહીંયાં એમ સીધું લીધું છે. પછી ચારિત્ર લીધું છે. શ્રદ્ધાની કોઈ આમાં વ્યાખ્યા નથી.

એટલે તો એટલું કહેવું છે કે નિશ્ચયથી પ્રત્યેક ગુણ સ્વતંત્ર અને નિઃસહાય હોવા છતાં કોઈ ગુણ કોઈના કારણે છે કે કોઈના કારણે કામ કરે છે, એમ ખરેખર નિશ્ચયથી નહિ હોવા છતાં અહીંયાં સિદ્ધિ કરવા માટે એક ગુણની સિદ્ધિ કરવા માટે બીજા ગુણનું એમાં નિમિત્તભૂતપણું કેવી રીતે છે ? એમ લઈને એ ગુણની સિદ્ધિ કરી છે કે આવો ગુણ પણ છે. આવો ગુણ છે એનું કારણ એક બીજો આવો ગુણ છે ત્યાંથી નક્કી થાય છે. એવી રીતે સિદ્ધિ કરી છે.

મુમુક્ષુ :– સીધી ગુણની સિદ્ધિ નથી કરી પણ એકબીજામાં આરોપીને કરી છે.

પૂજ્ય ભાઈશ્રી :– 'દિપચંદજી'એ એ શૈલી લીધી છે. 'સમયસાર'ના પરિશિષ્ટમાં 'અમૃતચંદ્રાચાર્ય'એ એ શૈલી નથી લીધી. એમણે તો સીધી જ ગુણની વ્યાખ્યા કરી છે, ગુણની જ પરિભાષા કરી છે. એક પ્રકાશશક્તિ લીધી. સ્વસંવેદનમયી, વિષદ્ સ્વસંવેદનમયી પ્રકાશક્તિ. એવી રીતે સીધું જ નિરૂપણ કર્યું છે. એમાં કોઈ ગુણથી કોઈ ગુણની સિદ્ધિ એમણે એ શૈલી નથી લીધી. આમણે જરા વધારે સ્પષ્ટ સમજાય એટલે Logic થી વાત વધારે લીધી છે.

મુમુક્ષુ :– શ્રદ્ધાને શક્તિમાં પણ નથી લીધી, શું કારણ ?

પૂજ્ય ભાઈશ્રી :– શું ખબર પડે ? એ તો લખનારને જ ખબર પડે. લખનારે એ વાત નથી લખી. આપણને શું સમજાય ?

મુમુક્ષુ :– જ્ઞાન વિના ચેતનનું વિશેષ જાણવામાં ન આવત. એ ચેતન એટલે આત્માને ?

પૂજ્ય ભાઈશ્રી :– ચેતન એટલે આત્મા. ચેતન એટલે આત્મા.

મુમુક્ષુ :– દર્શન એટલું જાણવું ?

પૂજ્ય ભાઈશ્રી :– દર્શન એટલે દેખવું, દર્શન એટલે દેખવું. દર્શનઉપયોગ એમ છે. પછી લીધું.

**'સર્વજ્ઞતા વિના દર્શનને કોણ જાણત ?'** કારણ કે દર્શન તો સૂક્ષ્મ છે. દર્શનઉપયોગ એટલો બધો સૂક્ષ્મ છે કે સીધો તો છદ્મસ્થને બુદ્ધિ ગ્રાહ્ય થતો નથી. તો **'સર્વજ્ઞતા વિના દર્શનને કોણ જાણત ?'** સર્વજ્ઞતામાં સર્વને જાણવાનું છે. પોતાને પણ અને બીજાને પણ. તેથી જે ઇન્દ્રિય ગ્રાહ્ય નથી, અતીન્દ્રિય જ્ઞાનથી ગ્રાહ્ય છે એવા કેવળજ્ઞાનથી-સર્વજ્ઞતાથી દર્શનને જાણવામાં આવે છે કે દર્શન છે. દર્શનઉપયોગને વેદાંતમાં અથવા કોઈ દર્શનમાં દર્શનનું સ્થાન નથી. દર્શનઉપયોગનું સ્થાન નથી. કેમકે એ બુદ્ધિગ્રાહ્ય વિષય નથી. અને સર્વજ્ઞતા વિના એનું નિરૂપણ ન આવે.

મુમુક્ષુ :– દર્શનનો બીજો અર્થ માન્યતા છે કે આ જૈનદર્શન અને આ બીજા દર્શન.

પૂજ્ય ભાઈશ્રી :– ત્યાં દર્શન એટલે ત્યાં જે સંપ્રદાય છે આખો જે આમ્નાય છે એના અર્થમાં દર્શન છે. એટલે એના માનનારાઓ એમ લેવાય. એના માનનારાઓ. જિનેન્દ્રના માનનારાઓ તે જૈન કહેવાયા. એમ. જિનેન્દ્રનને માનનારાઓ તે જૈન કહેવાયા. વિષ્ણુને માનનારા તે વૈષ્ણવ કહેવાય. એવી રીતે. ત્યાં દર્શન એટલે જુદા જુદા મત છે, જે મત અનુસાર ચાલ્યા. જિનેન્દ્રના મતાનુયાયીઓ તે જૈનો. એમ.

મુમુક્ષુ :– ...

પૂજ્ય ભાઈશ્રી :– હા. એક શબ્દના એટલા બધા અર્થ થાય છે. શબ્દો થોડા છે અને પદાર્થો અને પદાર્થોના ગુણધર્મો, ભાવો અનંત છે. શબ્દો સંખ્યાત છે, ભાવો અનંત છે. એટલે એક જ શબ્દ દ્વારા અનેક ભાવોને કહેવાનું કારણ ઉત્પન્ન થાય છે. લાવે ક્યાંથી શબ્દો ? જેટલા ભાવો છે એટલા શબ્દો નથી. સંસ્કૃતમાં હાથને કર કહો, હાથને પાણી કહો, હાથને હસ્ત કહો, કેટલાય એવી રીતે જુદા જુદા શબ્દો મળે છે. એમ કોઈવાર એક જ પદાર્થને કહેવા માટે પાછા અનેક શબ્દો પણ છે. અને એક શબ્દના અનેક અર્થ છે. શબ્દ એક જ છે અને એના અર્થ જુદા જુદા અનેક છે. પાણી શબ્દનો અર્થ પાણી પણ કરવો અને પાણી શબ્દનો અર્થ હાથ પણ કરવો. આ પાણીગ્રહણ નથી કરતા ? પાણી એટલે હાથ. એ સંસ્કૃત શબ્દ છે.

**'સર્વજ્ઞતા વિના દર્શનને કોણ જાણત ? અને સર્વદર્શિત્વ વિના જ્ઞાનને કોણ દેખત ?'** જ્ઞાનને દેખનાર દર્શન છે. દર્શનને જાણનાર જ્ઞાન છે. દેખવું અહીંયાં લીધું છે એટલે દર્શનઉપયોગ લેવો. **'સર્વદર્શિત્વ વિના જ્ઞાનને કોણ દેખત ?'** આ સર્વજ્ઞતા અને સર્વદર્શિત્વ. દર્શન અને જ્ઞાન એની બહુ જ વિસ્તારવાળી સૂક્ષ્મ ચર્ચા 'ધવલ' ગ્રંથોમાં છે. 'વીરસેનસ્વામી'એ આ વિષય ઉપર બહુ ચર્ચા કરી છે. એ કાળમાં કોઈ વેદાંતની પ્રખર ચર્ચા ચાલી હશે કે જૈનદર્શનમાં દર્શનઉપયોગ છે એ વાત કેટલી સાચી ? દર્શનઉપયોગની વાત બીજે ક્યાંય મળતી નથી. તો એ દર્શનઉપયોગની સિદ્ધિ માટે એમણે કેટલાય વિસ્તારથી ચર્ચા કરી છે. ઘણી સૂક્ષ્મ ચર્ચા કરી છે.

મુમુક્ષુ :– અહીંયાં સર્વદર્શિત્વ વિના જ્ઞાનને કોણ દેખત ?...

પૂજ્ય ભાઈશ્રી :– કોણ દેખત ? જ્ઞાનનું જે અસ્તિત્વ છે, જ્ઞાનની હયાતી, જ્ઞાનની સત્તા એ કોનો વિષય ? એ દર્શનનો વિષય છે. એમ છે. જ્ઞાનની સત્તા, સર્વજ્ઞતાની સત્તા જગતમાં છે એ કોણ દેખે છે ? એ દર્શન દેખે છે. એમ.

મુમુક્ષુ :– જ્ઞાનને કોણ જાણે ? જ્ઞાનને જ્ઞાન જાણે....

પૂજ્ય ભાઈશ્રી :– જ્ઞાનને જ્ઞાન તો જાણે પણ જ્ઞાનને દર્શન દેખે છે અને દર્શનને જ્ઞાન જાણે છે. એકમાં દેખવાનો ગુણ છે, એકમાં જાણવાનો ગુણ છે. જાણવાનો ગુણ છે એ સર્વને જાણતા દર્શનને પણ જાણે છે. ભલે ગમે તેટલો સૂક્ષ્મ છે તોપણ. અને જેનો દેખવાનો ગુણ છે તે જ્ઞાનાદિને પણ દેખે છે. જ્ઞાન બીજાને તો દેખે છે પણ જ્ઞાનને પણ એ દેખે છે. કેમકે સર્વદર્શિત્વ છે એનામાં. એટલે કોઈ ન દેખાય એવું ન બને. કોઈ ન દેખાય એવું ન બને. જ્ઞાન પણ એમાં આવી જાય છે.

મુમુક્ષુ :– ...

પૂજ્ય ભાઈશ્રી :– બંને સ્વપરપ્રકાશક છે. જ્ઞાન પણ સ્વપરપ્રકાશક છે, દર્શન પણ સ્વપરપ્રકાશક છે.

મુમુક્ષુ :– જ્ઞાન, જ્ઞાનને જાણે એમ કહે એ તો હજી બેસે છે...

પૂજ્ય ભાઈશ્રી :– હા, જ્ઞાન જ્ઞાનને પણ જાણે છે અને જ્ઞાન અન્યને પણ જાણે છે. દર્શન, દર્શનને પણ દેખે છે અને દર્શન અન્યને પણ દેખે છે. એમ બંને સ્વપરપ્રકાશક છે.

મુમુક્ષુ :– એટલે દેખત શબ્દ વાપર્યો, જાણે શબ્દ ન વાપર્યો.

પૂજ્ય ભાઈશ્રી :– એનું દેખવાનું કાર્ય છે, જાણવાનું કાર્ય નથી. ફેર છે, બેયના ગુણમાં ફેર છે ને ? બેયના કાર્યમાં ફેર છે. ગુણમાં એટલે કાર્યમાં ફેર છે. એમ છે. અને એ બંને સ્વપરપ્રકાશક છે એની ચર્ચા 'નિયમસાર'માં 'કુંદકુંદાચાર્યદેવે' લીધી છે-શુદ્ધોપયોગ અધિકારમાં. છેલ્લો અધિકાર. ટીકાકાર 'પદ્મપ્રભમલધારીદેવે' પણ એ વિષયને ત્યાં છણીને સ્પષ્ટ કર્યો છે. 'નિયમસાર'નો છેલ્લો અધિકાર.

મુમુક્ષુ :– દર્શન જ્ઞાનને દેખે છે એટલે એ સામાન્યપણે અવલોકન ?

પૂજ્ય ભાઈશ્રી :– હા. વિશેષપણે નહિ. સામાન્ય અવલોકન છે. કેમકે એનું કાર્ય જ સામાન્ય અવલોકનનું છે. એટલે જુદું પાડીને દેખે છે એમ નથી. જ્ઞાનને જુદું પાડીને દેખે છે એમ નથી. અને જુદું નથી પાડતું માટે નથી દેખતું એમ પણ નથી. એમ લેવું છે. એવી રીતે.

મુમુક્ષુ :– દર્શિશક્તિ અને સર્વદર્શિશક્તિમાં...

પૂજ્ય ભાઈશ્રી :– શક્તિ અપેક્ષાએ જ્ઞાનશક્તિ અને સર્વજ્ઞશક્તિ બે લીધી છે, ૪૭ શક્તિમાંથી. જ્ઞાનશક્તિ અને સર્વજ્ઞશક્તિ, દર્શિશક્તિ અને સર્વદર્શિત્વશક્તિ એમ જુદી જુદી શક્તિઓ લીધી છે. એટલે એ રીતે ગુણનો અથવા શક્તિનો વિષય ઘણો સૂક્ષ્મ છે કે બેને જુદા કેવી રીતે પાડવા ? દર્શિ અને સર્વદર્શિત્વ. દેખવું એ પણ એનામાં શક્તિ છે, સર્વને દેખવું એ પણ એનામાં શક્તિ છે. સામાન્ય અને વિશેષ. દેખવા ન દેખવામાં. જાણવું એનામાં જ્ઞાનશક્તિ પણ છે અને સર્વને જાણવું એ પણ એનામાં શક્તિ છે.

એકવાર 'ગુરુદેવ'ને પ્રશ્ન કર્યો હતો. આ જ પ્રશ્ન કર્યો હતો કે આવી બે શક્તિ છે જુદી જુદી ? તો કહ્યું, હા. એવી બે જુદી જુદી શક્તિ છે. જ્ઞાનશક્તિ અને સર્વજ્ઞશક્તિ એમ બે શક્તિ છે ? તો કહ્યું, હા, એ બે શક્તિ છે. સ્પષ્ટ સીધો સવાલ કર્યો હતો. એવી અનેક શક્તિઓ છે કે એક શક્તિથી બીજી શક્તિને સમજવામાં જુદી પાડવી એ કઠણ પડે, સૂક્ષ્મ પડે. એવી ઘણી શક્તિઓ છે.

જેમ કે લઈએ કે જ્ઞાનશક્તિ.. બીજો એવો જ દષ્ટાંત છે આ. કે જ્ઞાનશક્તિ

અને સ્વચ્છત્વશક્તિ. ૪૭ શક્તિમાં એક સ્વચ્છત્વશક્તિ છે. તો જ્ઞાનમાં જે વિષદ્પણું છે-સ્પષ્ટપણું જે પ્રતિબિંબનું ઉલસવું છે, એ જ્ઞાનમાં સ્વચ્છત્વ છે એને લઈને છે. એ જ્ઞાનનું સ્વચ્છત્વ છે. તો એ જ્ઞાનનું જે સ્વચ્છત્વ છે એ સ્વચ્છત્વશક્તિનું રૂપ છે જ્ઞાનને. ૪૭ શક્તિ છે ને ? એમાં સ્વચ્છત્વશક્તિ છે. એવી અનેક શક્તિઓ છે કે જેને એક શક્તિથી બીજી શક્તિ જુદી સમજવામાં મહેનત પડે એવું છે. છે જુદી જુદી.

અહીંયા જે લીધું છે, જ્ઞાનશક્તિ લીધી છે તો સાકાર ઉપયોગમય જ્ઞાનશક્તિ. જે શક્તિના ગુણ અથવા કાર્યમાં અથવા પરિણમનમાં સાકાર ભાવ ઊપજે છે. એટલે જે કોઈ પદાર્થ છે એનું સ્વરૂપ અવનિશ્ચિત થાય છે, સુનિશ્ચિત થાય છે એ જ્ઞાન શક્તિનું કાર્ય (છે). એની સામે સર્વજ્ઞશક્તિમાં એમ લીધું કે સર્વ ભાવોને-વિશ્વના સર્વ ભાવોને સમસ્ત વિશ્વના વિશેષ ભાવોને, સર્વ ભાવોમાં પણ વિશેષભાવોને જાણવારૂપે પરિણમતા એવા આત્મજ્ઞાનમયી સર્વજ્ઞશક્તિ. સર્વજ્ઞશક્તિમાં એક વિશેષતા એ કરી છે. (પહેલા જ્ઞાનશક્તિમાં એમ કહ્યું), સાકાર ઉપયોગમયી જ્ઞાનશક્તિ. સમસ્ત વિશ્વના વિશેષાકારોને જાણવારૂપ આત્મજ્ઞાનમયી સર્વજ્ઞશક્તિ. એવો અર્થ કર્યો છે, એવી પરિભાષા કરી છે.

મુમુક્ષુ :– જ્ઞાનશક્તિ ... અને સર્વજ્ઞશક્તિ એટલે ગુણને ધારણ કરનાર...

પૂજ્ય ભાઈશ્રી :– સર્વજ્ઞશક્તિમાં સમસ્ત વિશ્વના વિશેષોનું તો જાણવું થાય છે પણ આત્મજ્ઞાનમયપણે રહીને જાણવું થાય છે. એ વાત નાખી છે. એ વિશેષતા લીધી છે. એવી જ રીતે નિરાકાર ઉપયોગમયી દર્શનશક્તિ, દર્શિશક્તિ એમ લીધું. દર્શિશક્તિમાં એવી વ્યાખ્યા કરી કે નિરાકાર, અનાકાર નિરાકાર અથવા અનાકાર ઉપયોગમય દર્શિશક્તિ. એટલે કે જેમાં જ્ઞેયરૂપ આકાર અથવા વિશેષ નથી એવા દર્શનઉપયોગમયી સત્તામાત્ર પદાર્થમાં ઉપયુક્ત થવામયી દશિશક્તિ અથવા દર્શનક્રિયારૂપ શક્તિ. આ દર્શિશક્તિનું વર્ણન છે. એમાં સર્વદર્શિત્વને એ રીતે લીધું છે કે સમસ્ત વિશ્વના સામાન્યભાવને દેખવારૂપે અર્થાત્ સર્વ પદાર્થોના સમૂહરૂપ લોકાલોકને સત્તામાત્ર ગ્રહવારૂપે પરિણમતા એવા આત્મદર્શનમયી સર્વદર્શિત્વશક્તિ. ત્યાં આત્મદર્શનમયી સર્વદર્શિત્વશક્તિ (એમ કહ્યું છે). બંનેની વ્યાખ્યામાં આત્મજ્ઞાનમયપણું અને આત્મદર્શનમયપણું એ સર્વને જાણતા, દેખતા હોવા છતાં આથી વાત વિશેષપણે લીધી છે. એમ બે શક્તિને જુદી પાડી છે.

મુમુક્ષુ :– આત્મજ્ઞાનમયી શબ્દ વાપર્યો ઇ જરા સ્પષ્ટ વધારે થયું.

પૂજ્ય ભાઈશ્રી :– એટલે એમાં શું છે કે સર્વ પદાર્થોને જાણવામાં ઉપયોગ કોઈ પદાર્થ સર્વપદાર્થ સાથે તન્મય નથી રહેતો પણ જ્ઞાન આત્માને જાણવામાં

તન્મય રહે છે. જ્ઞાન આત્માને જાણવામાં સંપૂર્ણ તન્મય છે અને સર્વ જ્ઞેયોના વિશેષાકારો જેમાં જણાય આવે છે. એકસાથે બે કાર્ય છે.

મુમુક્ષુ :– સમ્યગ્દર્શન પછીની વાત છે ?

પૂજ્ય ભાઈશ્રી :– કેવળજ્ઞાનની વાત છે. કેવળજ્ઞાનની વાત છે, સર્વજ્ઞપણાની વાત છે આ તો.

મુમુક્ષુ :– મુનિ પોતાના આત્મજ્ઞાનમય થઈને પરને જાણે છે ને ?

પૂજ્ય ભાઈશ્રી :– છદ્મસ્થનો ઉપયોગ ઉપયોગમાં કોઈ વખત એકસાથે બે પદાર્થને વિષય ન કરે. ઉપયોગાત્મકપણે. એટલે જ્યારે મુનિનો ઉપયોગ નિર્વિકલ્પ સપ્તમ ગુણસ્થાનમાં આત્માને વિષય કરે છે ત્યારે એ કોઈ પરપદાર્થને જાણતા નથી. ત્યાં સુધી કે એમના શરીરને કોઈ છેદે, ભેદે, જંગલનું કોઈ પ્રાણી ફાડી ખાય તોપણ એમનો ઉપયોગ નથી ત્યાં. એટલે તેની ખબર પડતી નથી. અથવા પંચેન્દ્રિયના કોઈપણ વિષયો પાંચ ઇન્દ્રિય સાબુત હોવા છતાં એના વિષયો ત્યાં જ્ઞાનને વિષયગત થતા નથી. તે વિષયોની ઉપસ્થિતિ, ઇન્દ્રિયોની ઉપસ્થિતિ... જેમકે શરીરને કોઈ છેદે છે તો સ્પર્શેન્દ્રિય છે, સ્પર્શેન્દ્રિયનો વિષય પણ છે છતાં ત્યાં તે વિષયને જ્ઞાન વિષયગત કરતું નથી. એમ છે. એ ફેર છે ત્યાં નીચે ને ઉપર. એવી રીતે.

મુમુક્ષુ :– સર્વજ્ઞતાનો આધાર બતાવ્યો છે. સર્વના આધારે સર્વજ્ઞતા છે.

પૂજ્ય ભાઈશ્રી :– આત્મજ્ઞાનમયપણે સર્વનું જાણવું થાય છે. આત્મદર્શનમયપણે સર્વને દેખવું થાય છે. આત્મા ન જણાય અને સર્વને જાણે, આત્મા ન દેખાય અને સર્વને દેખે એવો પ્રકાર અહીંયાં નથી. ભલે સર્વને જાણવું, દેખવું થાય છે તોપણ. એમ લેવું છે.

આપણે તો આ સ્વચ્છત્વની વાત લેવી હતી. '**અમૂર્તિક આત્મપ્રદેશોમાં...**' આ ભૂમિ લીધી. દર્પણની જેમ સપાટી છે, તેમ આત્માના પ્રદેશો છે તે આત્માની ભૂમિ છે-ક્ષેત્ર છે આત્માનું. એ અમૂર્તિક આત્મપ્રદેશો છે. તે '**અમૂર્તિક આત્મપ્રદેશોમાં પ્રકાશમાન લોકાલોકના આકારથી મેચક...**' એવા અસંખ્ય પ્રદેશોના ક્ષેત્રમાં આત્માના અમૂર્તિક ક્ષેત્રમાં સર્વ જગતના લોક અને અલોકના બધા પદાર્થોના અનેકાકાર એવો ઉપયોગ જેનું લક્ષણ છે એવી સ્વચ્છત્વશક્તિ. એ શક્તિ આખી જુદી પાડી. લોકાલોકના આકારોનું અનેક આકારપણું જે આત્મપ્રદેશોની અંદર પ્રકાશમાન થાય છે, એ તો જ્ઞાનનો પર્યાય છે, આમ લઈએ તો, સ્થૂળપણે લઈએ તો. પણ એવા અનેક આકારોનું મેચકપણું. મેચક એટલે અનેક આકારોનું. એવો ઉપયોગ જેનું લક્ષણ છે.

મુમુક્ષુ :– મેચક એટલે ઉપસવું ?

પૂજ્ય ભાઈશ્રી :– નહિ. મેચક એટલે અનેકપણું, અનેક આકારપણું. અમેચકપણું એટલે એકરૂપપણું, અભેદપણું. અહીંયાં ભિન્ન...ભિન્ન...ભિન્ન...ભિન્ન...ભિન્ન...ભિન્ન... જ્ઞેયો જણાય છે એ મેચકપણું કહેવામાં આવે છે. મેચક અને અમેચકમાં એક અને અનેકની વિવિક્ષા છે. એક અને અનેક. એક છે તેને અમેચક કહે છે અને અનેકને મેચક કહે છે.

**'એવો ઉપયોગ જેનું લક્ષણ છે...'** ઉપયોગથી સ્વચ્છત્વને પકડ્યું છે. એવી સ્વચ્છત્વ નામની શક્તિ છે. પછી કૌંસમાં ચોખવટ કરી છે **'(જેમ દર્પણની સ્વચ્છત્વ શક્તિથી તેના પર્યાયમાં ઘટ્ટપટાદિ પ્રકાશે છે...')** અનેક પ્રતિબિંબ પડે **'(તેમ આત્માની સ્વચ્છત્વ શક્તિથી તેના ઉપયોગમાં લોકાલોકના આકારો પ્રકાશે છે.)'** હવે પ્રકાશે છે... પ્રકાશે છે... પ્રકાશે છે... તો પ્રકાશશક્તિ પાછી જુદી છે. ઠીક ! જ્ઞાનશક્તિ જુદી, સ્વચ્છત્વ શક્તિ જુદી, પ્રકાશશક્તિ જુદી.

મુમુક્ષુ :– ...બધું સરખું લાગે.

પૂજ્ય ભાઈશ્રી :– ઉપર ઉપરથી જાડુ જુઓ તો બધું એક લાગે. બધી શક્તિઓ જુદી જુદી છે. દ્રવ્યાનુયોગનો વિષય ઘણો સૂક્ષ્મ છે.

મુમુક્ષુ :– બીજી ચિતિશક્તિ...

પૂજ્ય ભાઈશ્રી :– બીજી ચિતિશક્તિ. અજડત્વરૂપ ચિતિશક્તિ. એમાં ખાલી જડનું નાસ્તિપણું લીધું છે. અથવા જડનું નાસ્તિપણાથી વ્યાખ્યા છે. પણ અસ્તિથી લઈએ તો ચેતનત્વ જેનું સ્વરૂપ છે એવી ચિતિશક્તિ.

મુમુક્ષુ :– માત્ર જ્ઞાનગુણ જ આવે ને ?

પૂજ્ય ભાઈશ્રી :– હા. જ્ઞાનગુણમાં જાણવું સાકાર ઉપયોગમયી લીધી. અહીંયાં ચેતનત્વ-ચેતનમાં ચેતવું. ચેતવું એટલે અનુભવવું. અનુભવવાની જેનામાં શક્તિ છે તે ચિતિશક્તિ. એમ લેવું છે. ચેતનાનો અર્થ ચેતવું થાય છે. અને ચેતવું એટલે અનુભવવું એવું થાય છે. એ શક્તિ જુદી પાડી. એવી શક્તિઓ છે. 'ગુરુદેવ' એક એક શક્તિ ઉપર આ એક લીટી અડધી લીટીની વ્યાખ્યા હોય (તો) કલાક સુધી એનું સ્પષ્ટીકરણ આપતા. કોઈ વખત તો એક શક્તિ ઉપર બાકી રહી જાય તો બીજે દિવસે પણ અડધી કલાક વ્યાખ્યાન ચાલે. ટૂકડો હોય અડધી લીટીનો પણ એ શક્તિનું સ્વરૂપ શું છે ? (એના સ્પષ્ટીકરણમાં) એક એક કલાક નીકળી જતો. વ્યાખ્યાનો તો છપાઈ ગયા છે. જરા ચિંતનથી-ઊંડા ચિંતનથી, મંથનથી અંદરમાં ભાવની મેળવણી કરીને સમજવા જેવો વિષય છે. છે ભેદનો વિષય એટલે એટલો પ્રયોજનભૂત નથી પણ જેની જેટલી શક્તિ હોય એના પ્રમાણમાં માથું મારવું જોઈએ.

પોતાની સમજવાની જેટલી શક્તિ હોય. છે ભેદનો વિષય એટલે એટલો પ્રયોજનભૂત વિષય નથી.

અહીંયાં ચારિત્ર પછી જે વાત લીધી છે એમાં **'પરિણામાત્મકત્વ એટલે પરિણામ સ્વરૂપપણા વિના ચિદ્ એટલે ચેતન ચિદ્વિલાસ ક્યાંથી કરત ?'** એટલી વ્યાખ્યા લીધી છે. અહીંયાં જરા એવું ભળતું જ નામ છે પણ બીજી રીતે વાત લીધી છે. **'પર અને પોતે જેમના નિમિત્ત છે એવા જ્ઞેયાકારો તથા જ્ઞાનાકારોને ગ્રહણ કરવાના અને ગ્રહણ કરાવવાના સ્વભાવરૂપ પરિણમ્યપરિણામકત્વશક્તિ.'** આટલું લાંબુ લીધું છે. પર જેમને કારણ છે એવા જ્ઞેયાકારોને ગ્રહણ કરવાનું. એ તો જ્ઞાનનું કાર્ય છે એમ લાગે. પર જેમના કારણ છે એવા જ્ઞેયાકારોને કોણ ગ્રહણ કરે ? કે જ્ઞાન ગ્રહણ કરે. તો એ તો જ્ઞાનમાં ગયું. અહીંયાં તો એ હજી અડધી વાત છે. એવું ગ્રહણ કરવું અને સાથે પોતે પણ જેમનું કારણ છે એવા જ્ઞાનાકારોને ગ્રહણ કરાવવાના. પોતે બીજાના જ્ઞાનમાં ગ્રહણ થાય એવા સ્વભાવરૂપ. એ બંને મળીને એક શક્તિ જેનો સ્વભાવ છે તેને પરિણમ્યપરિણામકત્વ શક્તિ કહેવામાં આવે છે. સમજવું અઘરું પડે.

મુમુક્ષુ :– આ પ્રભુની કેટલી મહિમા !

પૂજ્ય ભાઈશ્રી :– પાર નહિ એટલી. 'ગુરુદેવ' શક્તિઓ પર પ્રવચન કરતા ત્યારે કોઈવાર એમ કહેતા કે આ એક શક્તિમાં આપ કેટલી વાત કરો છો ? કલાક સુધી વાત ચાલી. તો એમ કહે, આ કલાકે પૂરું પડે એવું નથી. એક શક્તિનું સામર્થ્ય એટલું અનંતું છે અને એ શક્તિવાન આત્મા આવી અનંત અનંત શક્તિઓથી એટલો બધો સમૃદ્ધ પદાર્થ છે કે એ શક્તિની સમૃદ્ધિને કોઈ કહેવા જાય તો એને અનંત કાળે પૂરું પડે એવું નથી.

મુમુક્ષુ :– ચક્રવર્તીના છ ખંડને કોણ ગણી શકે ?

પૂજ્ય ભાઈશ્રી :– એના કરતાંય તે એનું ગણિત જો લઈએ, એ તો હજી છ ખંડમાં સિમિત છે. અનંતને અનંતે ગુણીએ. અનંતને અનંતે ગુણીએ અને જે આવે એને પણ અનંતે ગુણીએ. એથી પણ અનંતગુણી આત્મામાં સંખ્યાએ શક્તિઓ છે. એટલી અનંત શક્તિઓ છે. અનંતને અનંતથી ગુણતા જે અનંત આવે એનાથી પણ અનંત અનંતગુણ આત્માની શક્તિઓ છે. એટલી બધી સંખ્યાએ શક્તિ છે. અને તે આટલા જ ક્ષેત્રમાં. જેટલા ક્ષેત્રમાં શરીર છે એટલા ક્ષેત્રમાં એ બધા ગુણરત્નનો રાશિ પોતે આત્મા એક અખંડ છે. કે જેમાં અનંત ગુણનો વૈભવ ભરેલો છે. એટલે એ શક્તિના પુસ્તકનું 'આત્મવૈભવ' આપ્યું છે. એ શક્તિઓનો વૈભવ છે આત્મામાં. એનું ક્યાંય એક એક શક્તિનું પૂરું પડે એવું નથી. એવી શક્તિઓનું

માપ નથી એટલી એ અનંત શક્તિઓ છે. આ તો પુસ્તકમાં તો આંગળીને વેઢે ગણાય એટલી ૪૭ શક્તિ આવી છે.

મુમુક્ષુ :– અનંત શક્તિઓની...

પૂજ્ય ભાઈશ્રી :– હા. આકાશના પ્રદેશોથી પણ અનંતગુણા. એટલે કહ્યું ને કે અનંતને અનંતે ગુણો અને જે અનંત આવે. અનંતને અનંતથી ગુણતા એનો વર્ગ Squere કરે ને ? અનંતને અનંતે ગુણો તો અનંતા આવે. તો શક્તિઓ (કેટલી) ? કે એથી અનંત અનંત છે. એટલી બધી એક આત્માની શક્તિઓ છે. હવે એને કહેવા બેસે તો ક્યાંથી કહેવાય ? કેમકે વચનગોચર નથી.

મુમુક્ષુ :– અલોકાકાશના પ્રદેશો... એનાથી અનંત.

પૂજ્ય ભાઈશ્રી :– એનાથી અનંત. અલોકાકાશના પ્રદેશથી અનંત. એ તો જીવો અનંતા છે એનાથી પુદ્‌ગલ રજકણો અનંતા અનંત છે. એટલે એક જીવની સામે અનંત રજકણો છે. એવા અનંતા અનંત છે. એનાથી ત્રણ કાળના પર્યાયો, સમયના પર્યાયો એનાથી પણ અનંતા છે. એ રજકણોથી ત્રણે કાળના સમય પર્યાયો અનંતા છે. એનાથી આકાશના પ્રદેશો અનંતા છે. એ સમય પર્યાયોથી આકાશના ક્ષેત્રના પ્રદેશો અનંતા છે અને એ પ્રદેશોથી એક જીવના ગુણ અનંતા છે. એવી રીતે લીધું છે. એ 'ધવલ'માં લીધું છે.

મુમુક્ષુ :– આવા તો પંચમકાળના જ્ઞાની થઈ ગયા.

પૂજ્ય ભાઈશ્રી :– સર્વજ્ઞ અનુસારીણી વાણીથી. પંચમકાળના જ્ઞાનીઓએ જે વાણી આપી એ સર્વજ્ઞ અનુસારીણી વાણી છે. એમ કહ્યું.

મુમુક્ષુ :– મુનિરાજને સિંહ ફાડી ખાય તો એમને ખ્યાલ આવતો નથી કે એમનો ઉપયોગ ત્યાં જતો નથી ?

પૂજ્ય ભાઈશ્રી :– ઉપયોગ નથી જતો એટલે ખ્યાલ આવતો નથી. ઉપયોગ જાય તો ખ્યાલ આવે. કોઈ મુનિ ધ્યાનમાં હોય અને સિંહ કે વાઘ ફાડી ખાતો હોય તો એને વધારે વખત સુધી એના હુમલાની ક્રિયા રહે તો ધ્યાનમાંથી સાતમા ગુણસ્થાનથી છઠ્ઠા ગુણસ્થાને મુનિ આવે અને વિકલ્પમાં આવે ત્યારે એનો ઉપયોગ જાય દેહ ઉપર તો ખ્યાલ આવે કે આ સિંહ દેહને ફાડી ખાય છે. તો પાછા એ સ્વરૂપમાં લીન થઈ જાય. ત્યાં પાછી એમને ખબર ન પડે કે આ શું થાય છે. શરીરનું શું થાય છે એ ખબર ન પડે. એ ણમો લોએ સવ્વ સાહૂણં છે.

ગણધર જેને નમસ્કાર કરે છે એ આવું પદ છે. એક ક્ષણમાં એ જે ઉપસર્ગ કર્યો જંગલી પ્રાણીએ. ઉપસર્ગ અને પરિષહમાં એ તફાવત છે કે દેવ-મનુષ્ય અને તિર્યંચકૃત જે કાંઈ પ્રતિકૂળતા છે એને ઉપસર્ગ કહે છે અને કુદરતી પ્રતિકૂળતા

ઊભી થાય એને પરિષહ કહે છે. જેમકે ક્ષુધા પરિષહ, તૃષા પરિષહ, ઠંડી, ગરમી અનેક પ્રકારની જે પ્રતિકૂળતાઓ કુદરતથી ઊભી થાય એને પરિષહ કહે છે. આવો જે ઉપસર્ગ કરનાર છે એને દૂર કરવાનો વિકલ્પ નથી થતો એમને. ખ્યાલ આવે તો એને ઉપસર્ગને હું દૂર કરું એવો વિકલ્પ નથી થતો કે આ ઉપસર્ગને હું મટાડું. એ જાણ્યું ન જાણ્યું, જાણ્યું ન જાણ્યું કરીને પાછા સ્વરૂપમાં લીન થઈ જાય છે. એવી રીતે આત્મસ્થિરતામાં આવેલા સાધુ છે.

મુમુક્ષુ :– મુનિ પોતે... ઉપયોગ ખસતો નથી.

પૂજ્ય ભાઈશ્રી :– ઉપયોગ સૂક્ષ્મ થયો છે પણ એનું લક્ષ નથી. ઉપયોગમાં એવું છે કે કેટલાક ઉપયોગ લક્ષ સહિત છે અને કેટલાક ઉપયોગ લક્ષ વિનાના છે. તો એને પોતાને ખ્યાલ નથી જતો અથવા કેટલાક ઉપયોગનો કાળ એટલો બધો સૂક્ષ્મ છે એ સૂક્ષ્મ કાળમાં ઉપયોગ એનો ફરી ગયો એનો એને ખ્યાલ આવતો નથી. જેમકે અત્યારે જોવું અને સાંભળવું બે ઇન્દ્રિયોનું કાર્ય થાય છે. ચક્ષુઇન્દ્રિયથી જોવું થાય છે, જેને દર્શનઉપયોગ કહે છે ત્યાં. પણ એ ચક્ષુદર્શન ઉપયોગ-દેખવું છે એટલે. આ દર્શનઉપયોગ નથી. છે જ્ઞાનનો ઉપયોગ એને. પણ અનું નામ ત્યાં દર્શનઉપયોગ પાડ્યું છે. કેમકે આંખેથી દેખે છે ને ? તો એને ચક્ષુદર્શન ઉપયોગ કહે છે. ચક્ષુદર્શન ઉપયોગ અને શ્રવણેન્દ્રિયનો, કર્ણેન્દ્રિયનો ઉપયોગ એ બે ઉપયોગથી આપણે અત્યારે પ્રવૃત્તિ ચાલે છે ઉપયોગની. તે બેય એકસાથે થતી હોય એવું લાગે છે. એમ લાગે છે કે હું જોઉ પણ છું અને હું સાંભળું પણ છું. એમ નથી થતું. વારાફરતી થાય છે. પણ એટલા Speed થી-ઝડપથી ઉપયોગ ફરે છે કે એને એમ લાગે છે સ્થૂળપણે કે બે કામ હું એકસાથે કરું છું. આ જમણવારમાં કરે છે કે નહિ ? મીઠાઈનો સ્વાદ પણ લે અને અગરબત્તી ધૂપસળી સળગાવે છે. સાકનું બટકું મૂકીને. ઘ્રાણેન્દ્રિયથી સુંઘે પછી ઓલું વાજુ વગાડતા હોય-Mike, કર્ણેન્દ્રિયથી સાંભળે. એકસાથે કેટલું બધું ! એને એકસાથે બધું જોઈએ છે.

મુમુક્ષુ :– પંચેન્દ્રિયના વિષય...

પૂજ્ય ભાઈશ્રી :– એકસાથે. પંખો ઉપરથી ચાલતો હોય તો ઠંડક લાગે. સ્પર્શેન્દ્રિય. ચાર ચાર ઇન્દ્રિયનો ઉપયોગ એકસાથે અને આંખથી જોવે. પંચેન્દ્રિયનો ઉપયોગ એકસાથે કરી શકે ? ન કરી શકે. પણ એટલી ઝડપથી ઉપયોગ પાંચ ઇન્દ્રિયના વિષયમાં ત્યાં જીવ ફેરવે છે અને પાછી જમવાની વાનગી એકસાથે ૧૦-૨૦-૨૫ હોય. પાંચ પાંચ અથાણા ને પાંચ પાંચ ચટણી (મૂકી હોય) તો એમાં પાછો ઉપયોગ ભમાવે. એટલો ઝડપથી ઉપયોગ ફેરવે છે અને એટલો ઝડપથી ઉપયોગ ફરવામાં એટલો આકુળીત અને દુઃખી થાય છે કે એ કેટલો દુઃખી થાય

છે એનું એને ભાન રહેતું નથી. આમ છે. દુઃખી થાય છે એનું ભાન નથી.

મુમુક્ષુ :- રસ-પુરી ખાતા હોય એ દુઃખી છે ?

પૂજ્ય ભાઈશ્રી :- દુઃખી થાય છે. એમાં દુઃખી થાય છે. રસ-પુરી ખાય છે એમાંય દુઃખી થાય છે. આમ છે.

અહીંયાં કહે છે કે **'ચારિત્ર ચેતના વિના દર્શન-જ્ઞાનની સ્થિરતા ક્યાં રહેત ?'** આ પણ ચારિત્ર અને જ્ઞાનને જુદું પાડે છે. જે જ્ઞાનનો ઉપયોગ સ્વરૂપને અવલંબીને સ્થિર રહ્યો તે ચારિત્ર. ઉપયોગ સ્થિર રહ્યો તે ચારિત્ર. સ્થિરતારૂપ ચારિત્ર. તે જ ઉપયોગ પાછો પરમાં ગયો તે અસ્થિરતારૂપ ચારિત્ર, જેને અચારિત્ર કહે છે. તો એ ઉપયોગનું જે પરિણમન છે એની અંદર ચારિત્ર સાથે લીધું.

આપણે 'પરમાગમસાર'માં એક બોલ સારો આવી ગયો છે. એક પુરુષાર્થની વાત લીધી છે અને ચર્ચા ચાલી છે એમાં કાંઈક પ્રશ્ન ઉઠાવ્યો છે. પુરુષાર્થમાં એવો જવાબ દીધો છે કે જ્ઞાની એક ગુણને જુદો પાડીને કાર્ય કરતા નથી. એક ગુણને સર્વથા જુદો પાડીને કાર્ય કરતા નથી. એમ કરીને એક બહુ સરસ જવાબ દીધો છે. એટલે એનો અર્થ શું છે ? કે એક ગુણને સાવ જુદો પાડીને ભેદ-કલ્પના કરીને એને એક દ્રવ્ય તરીકે જો તો એને ગુણનું જે ગુણત્વ છે, ગુણનું ગુણત્વરૂપ જે એનું સ્વરૂપ છે, એ સ્વરૂપ એના જ્ઞાનમાં જેમ છે તેમ આવતું નથી. એમ લેવું છે. કેમકે સર્વથા એક ગુણ જુદો પડતો નથી કે પાડી શકાતો નથી.

જેમકે ચારિત્ર લઈએ તો સ્વરૂપ સ્થિરતારૂપ ચારિત્ર અને સ્વરૂપ અસ્થિરતારૂપ અચારિત્ર. તો રાગાદિ ભાવમાં આવ્યો ત્યારે એને અસ્થિરતા કીધી. મુનિ પણ છઠ્ઠે ગુણસ્થાને આવ્યા એટલે પ્રમાદ કહ્યો ને ? અચારિત્રભાવ કહ્યો. પછી ભલે તેને વ્યવહારે પંચ મહાવ્રત અને સમિતિ, ગુપ્તિના પાલનથી ચારિત્ર કહીએ. નિશ્ચયથી તો તેને અચારિત્ર કહેવામાં આવે છે. તો ઉપયોગ બહાર આવ્યો એને અચારિત્ર કહ્યું અને ઉપયોગ અંદર રહ્યો તેને ચારિત્ર કહ્યું. તે ઉપયોગનું પરિણમન કે ચારિત્રનું પરિણમન ? ઉપયોગ તો જ્ઞાનનું પરિણમન છે. પણ બે ગુણને જુદા એવી રીતે પાડવા મુશ્કેલ પડે એવું છે. છતાં સ્થિરતા અસ્થિરતારૂપ ભાવ છે. ભાવ છે તો એનો ગુણ પણ છે. એમ જ્ઞાનમાં જાણવું છે એમાં સ્વચ્છત્વનો ભાવ છે તો સ્વચ્છત્વશક્તિ છે. એવી રીતે લેવું પડે છે. શક્તિને જુદી કેવી રીતે પાડીને સમજવી.

એમ **'ચારિત્ર ચેતના વિના...'** ચારિત્રને ચેતનામાં જોડી, જુઓ ! ચારિત્રચેતના. જ્ઞાનચેતના, દર્શનચેતના, અને ચારિત્રચેતના. આ ચેતના જુદી પાડીને ? ચિતિશક્તિ. **'ચારિત્ર ચેતના વિના દર્શન-જ્ઞાનની સ્થિરતા ક્યાંથી રહેત ?'** એટલે જો આત્મામાં જે સ્વરૂપસ્થિરતાનો ગુણ છે. જ્ઞાન-દર્શન બંને ઉપયોગ સ્વરૂપમાં સ્થિત થાય છે

તો કહે છે, ચારિત્ર નામનો ગુણ છે એ એનું કાર્ય છે. ચારિત્ર નામની શક્તિ છે એને લઈને એમ થાય છે. જો એ ન હાત તો ક્યાંથી એમ થાત ? એમ કરીને એની સિદ્ધિ કરી. કારણ આપીને-Logic આપીને. **'ચારિત્ર ચેતના વિના દર્શન-જ્ઞાનની સ્થિરતા ક્યાંથી રહેત ?'** અને **'પરિણામાત્મકત્વ'** એટલે પરિણામસ્વરૂપપણા વિના ચિદ્ એટલે ચેતન. **'ચિદ્વિલાસને ક્યાંથી કરત ?'** ઠીક !

મુમુક્ષુ :– રહે તો ક્યાં રહેત ?

પૂજ્ય ભાઈશ્રી :– સ્થિરતા ક્યાં રહેત ? ક્યાંથી થાત અથવા ક્યાં રહેત ? આ સ્વરૂપમાં નહિ ને ક્યાં સ્થિરતા રહેત ? ક્યાંક તો ઉપયોગ સ્થિર થાય છે. તો સ્વરૂપમાં સ્થિરતા (રહે) એને ચારિત્ર કહીએ છીએ. ક્યાં રહેત ? આત્મામાં રહે છે એ એનું ચારિત્રનું પરિણમન છે. એ ચારિત્રશક્તિનું કાર્ય છે. એમ લેવું છે.

મુમુક્ષુ :– અહીંયાં ધ્રુવપણું...

પૂજ્ય ભાઈશ્રી :– નહિ. ઉપયોગની વાત છે ને એટલે અહીંયાં ઉપયોગ તો જ્ઞાનના વેપારને ઉપયોગ કહે છે. એ સ્વરૂપમાં સ્થિર થાય છે. સ્વરૂપસ્થ ઉપયોગ થાય છે, જેને સ્થિર યોગ કહેવામાં આવે છે. સ્થિર ઉપયોગ કહો કે સ્થિર યોગ કહો. યોગ એટલે જોડાણ. જ્ઞાનનું સ્થિરપણે એટલે ચંચળતા રહિતપણે નિષચંચળપણે જે સ્વરૂપમાં ટકવું થયું, એ ટકવું થયું-સ્થિર રહેવું થયું તે ચારિત્રનું કાર્ય છે, એમ કહેવું છે. જાણવું બીજી વાત, સ્થિર રહેવું બીજી વાત. એમ કહે છે. જ્ઞાનનું જાણવું એક વાત અને જ્ઞાનનું સ્થિર રહેવું તે બીજી વાત. એમ કહેવું છે. બેને એકમાં નથી લેવું.

ભાવાગમની કોઈ વિશિષ્ટતા હોય તો આ છે કે વિષયમાં એક એક ભાવને જુદા સમજવા. સમજીને ઓળખવા પડે છે. એ ઓળખાણ કરતી વખતે... જેમકે કોઈ આત્મા, કોઈ જીવ સ્વરૂપનો વિચાર કરે. એ સ્વરૂપનો વિચાર કરે છે એમાં સ્વરૂપનો મહિમા એને આવે છે. સ્વરૂપનો આત્મામાં. કે અહો..હો..! મારા સ્વરૂપમાં અનંત પરમાનંદ ભરેલો છે. અને બેહદ જ્ઞાનનો સાગર અંદરમાં ઉછળે છે. પૂર છે, જ્ઞાનનું અને આનંદનું ન ખાળી શકાય એવું આત્માનું પ્રકાશનું, વેદનનું પૂર છે આત્મા.

મુમુક્ષુ :– 'ગુરુદેવ' કહેતા, જ્ઞાનના નૂરનું પૂર છે.

પૂજ્ય ભાઈશ્રી :– નૂર એટલે તેજ. તેજનું પૂર છે. હવે એની અંદર જ્ઞાન પણ કામ કરે અને વિકલ્પ હોય ત્યારે રાગ પણ કામ કરે. બંનેને સમગ્રપણે ભાષામાં એમ કહેવાય કે અત્યારે પરિણામમાં શું કાર્ય ચાલે છે ? આત્માનો મહિમા કરવાનું કાર્ય ચાલે છે. શું ચાલે છે ? આત્માનો મહિમા થાય છે. તો કહે છે, આત્માનો

મહિમા થાય છે એ કઈ રીતે કર્તવ્ય છે ? આત્માનો મહિમા કર્તવ્ય છે પણ કઈ રીતે કર્તવ્ય છે ? કે રાગ ટાળીને કર્તવ્ય છે. ઠીક ! મહિમા કરે છે એમાં રાગ તો આવે છે. તો કહે છે, રાગ રાખીને આત્માનો મહિમા કર્તવ્ય નથી.

જે જીવ સ્વરૂપને ઓળખે છે, જેને સ્વરૂપની ઓળખાણ થઈ એને સ્વરૂપમાં રહેલી અનંત શક્તિઓની સમૃદ્ધિ જોઈને સ્વરૂપનો મહિમા આવ્યો અને એ સ્વરૂપનો મહિમા આવતા, મહિમા તો જ્ઞાનથી સમૃદ્ધિ દેખાણી ત્યારે મહિમા આવ્યો. જ્ઞાનથી સમૃદ્ધિનો ભાસ થયો અને મહિમા આવ્યો. હજી અનુભવ નથી થયો. ભાસ થયો અને મહિમા આવ્યો. પ્રતિભાસ થયો અને મહિમા આવ્યો. તો એ વીતરાગી દ્રવ્યનો મહિમા વીતરાગી પરિણામથી થવા યોગ્ય છે. ત્યાં રાગનો વિકલ્પ હજી કામ કરે છે, જ્યાં સુધી સ્વરૂપસન્મુખ જીવ અનુભવમાં આવતો નથી ત્યાં સુધી.

પણ એ સ્વરૂપ સન્મુખતાની પ્રક્રિયા શું ? કે એ મહિમાની પ્રક્રિયામાં રાગને ટાળવો અને વીતરાગભાવે સ્વરૂપના મહિમામાં ડૂબી જવું, લીન થઈ જવું એનું નામ સમ્યગ્દર્શન અને ધર્મ કહેવામાં આવે છે. હવે મહિમા શબ્દથી તો રાગ સીધો દેખાય. સ્વરૂપનો મહિમા તો બહુ મહિમા, બહુ મહિમા તો બહુ રાગ. બહુ મહિમા એટલે બહુ રાગ. નહિ. એમ નહિ. એટલે આ ભાવાગમનો જે વિષય છે એની અંદર આ બધી સૂક્ષ્મતાઓ છે કે જ્ઞાનનો પર્યાય અને રાગનો પર્યાય, ચારિત્રનો પર્યાય બેય મહિમામાં જોડાણા છે પણ રાગની અંદર કષાય છે અને જેનો મહિમા થાય છે તે અકષાય સ્વભાવી દ્રવ્ય છે. તો એનો (-રાગનો) અભાવ કરીને આગળ વધે છે.

મુમુક્ષુ :-

પૂજ્ય ભાઈશ્રી :- રસ પણ એમાં રાગનો રસ નથી ઉઠતો. મહિમામાં આત્મરસ વધે છે પણ રાગનો રસ નથી વધતો. આ વિશેષતા છે. વીતરાગ સ્વરૂપના અવલંબને વીતરાગરસ વધે છે. આત્મરસ કહો કે વીતરાગરસ વધે છે ત્યારે રાગ રસ ઉલટાનો તૂટી જાય છે, અભાવ થઈ જાય છે. આ બધો વિષય જ ઝીણો છે. ઝીણો વિષય છે એને તો એ રીતે સમજ્યા વિના બીજો ઉપાય કોઈ નથી.

મુમુક્ષુ :– 'ગુરુદેવ' કહેતા, રાગનો એક કણ પણ ઘાતક છે.

પૂજ્ય ભાઈશ્રી :– એ કણ પણ દૃષ્ટિમાં તો સમાય નહિ. જ્ઞાન એનો આદર કરે નહિ, મહિમા કરે નહિ. આંખમાં કણ સમાય તો ભલે સમાય એમ કહે છે. પણ અહીંયાં વીતરાગ દૃષ્ટિમાં, સમ્યક્દૃષ્ટિ કહો કે વીતરાગદૃષ્ટિ કહો, એ વીતરાગદૃષ્ટિમાં રાગનો કણ ક્યાંય સમાતો નથી. ત્યારે વીતરાગદૃષ્ટિ ઊપજે છે.

મુમુક્ષુ :– ભઠ્ઠી જેવું દુઃખ લાગે ને ?

પૂજ્ય ભાઈશ્રી :– લાગે ભઠ્ઠી જેવું ત્યારે કામ થાય. નહિતર ત્યાંની મીઠાશ

છૂટે એવું નથી. અનાદિથી જીવને ચિરકાળથી પરિચિત કષાયની તીવ્રતા અને કષાયની મંદતા છે. પણ કષાયની તીવ્રતામાં દુઃખ તીવ્ર થતું હોવાથી એને કષાયની મંદતા ઠીક પડે છે. આ એનો ચિરપરિચિત વિષય છે. અનાદિથી જેની સાથે એણે ગાંઠ મારી છે, ગાંઠ બાંધી છે એ છોડવાની છે. એને ગ્રંથીભેદ કહેવામાં આવ્યો છે. એ ગ્રંથીભેદ છે પહેલોવહેલો. શું કહે છે ? ઝીણો વિષય છે એટલે ધીમે ધીમે ચાલે એવું છે.

**'પરિણામાત્મકત્વ એટલે (પરિણામસ્વરૂપપણા) વિના...'** એના વિના **'(ચેતન...)'** એટલે આત્મા **'ચિદ્વિલાસને...'** એટલે આત્માના પોતાના વિલાસને **'ક્યાંથી કરત ?'** પરિણામશક્તિ છે આત્મામાં. પરિણામસ્વરૂપપણું એ પરિણામશક્તિ છે આત્મામાં. 'ગુરુદેવ'ના પ્રવચનોમાં ૪૭ શક્તિના પ્રવચનોમાં પહેલીવહેલી શક્તિ પરિણામશક્તિ વાંચી હતી. પ્રવેશ પહેલા, 'સોનગઢ'ના પ્રવેશ પહેલા. (એક મુમુક્ષુએ) ચાર-પાંચ 'આત્મધર્મ' આપ્યા હતા. ચાર-પાંચ 'આત્મધર્મ' દુકાને પડ્યા હતા. મને કહે, લઈ જાવ, તમે આ વાંચો. 'ગુરુદેવ' એ વખતે (સંવત) ૨૦૧૩ની સાલમાં સમ્મેદશિખરની યાત્રામાં હતા. વૈશાખ-જેઠ મહિના જેવો હતો. એક આત્મધર્મમાં પરિણામશક્તિ જોઈ. પરિણામશક્તિ વાંચીને એમ થયું, છે કોઈ આત્માની વાત. જુદી જાતની છે અહીંયાં. આવી શક્તિ છે એમ નથી કહેતા.

શક્તિઓના વર્ણનમાં 'સમયસાર'ની આચાર્ય મહારાજની જે ઢળક અને શૈલી છે એ તો બહુ સૂક્ષ્મ સમજણનો વિષય છે પણ 'ગુરુદેવ'ની એ શૈલી બહુ વ્યક્ત થઈ છે, ૪૭ શક્તિઓના પ્રવચનમાં. જે મૂળ શૈલી છે 'અમૃતચંદ્રાચાર્ય'ની 'કુંદકુંદાચાર્ય'ની. આત્મામાં જે શક્તિ છે એ શક્તિ છે એટલું છે નથી રાખતા. શક્તિ છે એમ જે જોવે છે, એને એ શક્તિનું શુદ્ધ પરિણમન થઈ આવે છે. આમ શક્તિ છે. જે એ શક્તિઓને જોવે છે, જ્યાં એ શક્તિઓને જોવે છે ત્યાં શક્તિ શુદ્ધ થઈને પરિણમતી ઉછળે છે પરિણામમાં. જ્ઞાનમાત્ર ભાવમાં અનંતી શક્તિઓ આ રીતે ઉછળે છે. આત્માને જ્ઞાનમાત્ર ભાવે જોતા અનંતી શક્તિઓ શુદ્ધ થઈને પરિણામમાં ઉછળે છે. અને એવું શુદ્ધ થઈને પરિણામમાં ઉછળવું એવો એ શક્તિઓનો પરિણામ સ્વભાવ છે. આ એક એમની શૈલી છે. બધા પ્રવચનોમાં આ એક શૈલી બહુ ગજબ આવી છે ! એ શૈલી જ્યાં જોઈ-વાંચી ત્યાં એમ થયું, આ વાત બીજી રીતે કરે છે. આ શૈલીથી જે વાત કરે છે એ બીજી રીતે કરે છે. આત્મજ્ઞાન વિના આ શૈલી આવી રીતે ન આવે. એવો વિચાર આવ્યો હતો, પહેલુંવહેલું વાંચ્યું ત્યારે. પછી વિચાર કર્યો જાવું આપણે 'સોનગઢ'માં. એ પરિણામશક્તિનો વિષય છે. વિશેષ લઈશું...

## તા. ૧૯-૮-૧૯૮૫, પાના નં. ૪, પ્રવચન નં. ૧૧

'અનુભવ પ્રકાશ' ચોથું પાનું. આત્માની નિજ શક્તિ ત્રિકાળ શક્તિ ... **'પરિણામાત્મકત્વ (પરિણામસ્વરૂપપણા) વિના ચિદ્ (ચેતન) ચિદ્વિલાસને ક્યાંથી કરત ?'** પરિણામસ્વરૂપપણું છે. આત્મામાં પરિણામશક્તિ છે. પરિણમનશીલપણું એ આત્માનો સ્વભાવ છે. આત્મા પોતાના પરિણામે પરિણમે છે. કારણ કે આત્મામાં પરિણામસ્વરૂપપણું છે. પરિણામસ્વરૂપપણું એ શક્તિ છે કે જેથી કરીને પરિણામને જીવ કરે છે અથવા પરિણામનું પરિણમન છે. એવી શક્તિ હોવાથી (પરિણમે છે).

છએ દ્રવ્યોમાં સામાન્ય સ્વભાવ છે, સામાન્ય શક્તિ છે. એ પદાર્થને પરિણમતો કોઈ રોકી પણ ન શકે. સામાન્ય રીતે મિથ્યાબુદ્ધિમાં એવો ભ્રમ થાય છે કે આ કાર્ય મેં કર્યું, આ મેં કર્યું, આ મેં કર્યું. સ્થૂળ જડ-ચેતનના કાર્યો મેં કર્યા, એમ બીજા પદાર્થના કાર્યો અથવા પોતાના પરિણામના કાર્યનો, કાર્યના અહંકારપણે કર્તા થાય છે. તો એને પ્રશ્ન કરીએ કે એ પરિણામ થવાની શક્તિ નહોતી પદાર્થમાં ? અને તેં એ પરિણામને કર્યા ? કે એ પરિણામ થવાની શક્તિ હતી અને એ પરિણામ થયા ?

આત્મામાં પરિણામ થવાની શક્તિ હતી તેથી પરિણામ થયા. અને એ પરિણામ શક્તિને કારણે થતાં પરિણામને નહિ થતા કરે એટલે થતા પરિણામને બંધ કરી દે એવું પણ કોઈ પદાર્થને વિષે કોઈ કરી શકતું નથી. પોતાના પરિણામને પણ બંધ કરી શકે નહિ, બીજાના પરિણામને પણ પરિણમતા પદાર્થના પરિણામને બંધ કરી શકે નહિ. એવી અમર્યાદિત સામર્થ્યવાળી પરિણામશક્તિ આત્મામાં રહેલી છે.

એ પરિણામશક્તિનો વિશેષમાં વિચાર કરતા કે શુદ્ધ પરિણામે પરિણમે એવી આત્મામાં શક્તિ છે કે અશુદ્ધ પરિણામે પરિણમે એવી આત્મામાં શક્તિ છે ? શુદ્ધ પરિણામ થાય, જેવો દ્રવ્ય સ્વભાવ છે, વસ્તુનું મૂળ સ્વરૂપ જેવું શુદ્ધ છે એવું જ શુદ્ધ પરિણમન થાય એવી પરિણામશક્તિ છે. અશુદ્ધ પરિણમન થાય એવી પરિણામશક્તિ (નથી). પરિણામશક્તિ એવી નથી કે અશુદ્ધ પરિણમન થાય. અને જો પરિણામશક્તિ એવી હોય કે અશુદ્ધ પરિણમન થાય તો કદી અશુદ્ધતા પરિણામની (મટી) શકે નહિ. કેમકે એ તો વસ્તુનો સ્વભાવ છે. શક્તિ છે એ તો વસ્તુનો સ્વભાવ છે. સ્થૂળ પરિણામે પરિણમતો એવો હું, એવી શક્તિ આત્મામાં હોય તો કોઈ આત્મા

એ સિદ્ધાલયમાં ગયા છે તે ન ગયા હોત. થાય છે એ ન હોત. અને જાત પણ નહિ, જશે પણ નહિ. તેથી એમ સિદ્ધ થાય છે કે આત્મા જેવો છે એવા શુદ્ધ પરિણામે પરિણમવાની આત્મામાં શક્તિ રહેલી છે. તેને પરિણામશક્તિ કહેવામાં આવે છે.

શક્તિના વર્ણનનો એક મુખ્ય દૃષ્ટિકોણ એ પણ છે કે જેવી જેવી અનેક શક્તિઓ કહેવામાં આવી છે તેવો શક્તિવાન આખો અખંડ પદાર્થ લક્ષમાં લેતાં જે-તે શક્તિઓનું શુદ્ધ પરિણમન થવા લાગે એવો અહીંયાં શક્તિનું વર્ણન કરવા પાછળ દૃષ્ટિકોણ રહેલો છે. શા માટે આ શક્તિઓનું વર્ણન કરવામાં આવ્યું છે ? કે એક તો એ આત્માનો ગુણવૈભવ છે, ગુણસંપત્તિ છે. એટલે આત્મામાં કેવો વૈભવ, કેવી સંપત્તિ છે એ જાણતાં એનો મહિમા આવે. મહિમા આવે તો જ સહજપણે તેમાં એકાગ્ર થવાય અને નહિતર સહજપણે એમાં એકાગ્ર થઈ શકાય નહિ. તેથી એ મહિમા આવવાનું કારણ છે. પણ એ મહિમા માત્ર ગુણોના-શક્તિઓના ભેદોને જોઈને માત્ર ભેદોને અવલંબતા નહીં પણ તે તમામ શક્તિનો શક્તિવાન એવો જે અભેદ આત્મા છે, એના અવલંબનમાં આવે એવો દૃષ્ટિકોણ શક્તિઓના વર્ણન પાછળ છે.

કાલે એ છેલ્લી વાત ચાલી હતી કે 'ગુરુદેવ'ના પ્રવચનમાં એ ધ્વનિ હતો, મુખ્ય ધ્વનિ હતો, આ શક્તિઓના પ્રવચન હતા ત્યારે. કે આવા શક્તિવાનને જોતાં પરિણામમાં શક્તિનું નિર્મળ પરિણમન થવા લાગે છે. અનેક શક્તિઓથી સંપન્ન એવો જે આત્મા એ શક્તિવાનને જ્યારે પોતે જોવે છે કે હું આવો આવો છું... ત્યારે તે શક્તિઓનું નિર્મળ શુદ્ધ પરિણમન અવસ્થામાં થવા લાગે છે. આમ સ્વરૂપમાં રહેલી શક્તિઓના જ્ઞાનને અને શુદ્ધ પરિણમનને સીધો સંબંધ છે. અથવા એનું જ્ઞાન આ વિધિએ કરતાં પ્રયોજનની સિદ્ધિ થાય છે, પરિણમનમાં શુદ્ધતા થાય છે અને અશુદ્ધતા મટે છે. એ પ્રવચનની મુખ્ય શૈલી (રહી છે).

શાસ્ત્રમાં તો એક એક શક્તિની વ્યાખ્યા છે પણ એ શક્તિની વ્યાખ્યા માત્ર શબ્દાર્થ કરવાને બદલે આ શક્તિવાળો આત્મા આમ જોતા પરિણમનમાં શુદ્ધતા થાય, તેવું પણ એની અંદર એક કારણ રહેલું છે બતાવવા પાછળ. એટલે કે સ્વરૂપને બતાવતા સ્વરૂપ પરિણમનની વિધિને સાથે સાથે લઈ લ્યે છે. એ કહેનારની વિશિષ્ટતા છે.

(અહીંયાં કહે છે), **'ચિદ્વિલાસને ક્યાંથી કરત ?'** પરિણામમાં જે ચૈતન્યનો વિલાસ છે એ તો પરિણામરૂપી કાર્ય છે. વિલાસ એટલે ભોગવવું. ચૈતન્યના અનંત ગુણોનો ચૈતન્યને ભોગવટો થાય છે એ પરિણામમાં થાય છે. ધ્રુવમાં ભોગવટો નથી. ધ્રુવમાં

અનંત શક્તિ હોવા છતાં પરિણામશક્તિને કારણે પરિણામ થતા હોવાથી તે પરિણામની અંદર ભોગવટો રહેલો છે. કહે છે કે જો આત્મામાં આવી પરિણામશક્તિ ન હોત તો આત્મા પોતાના ગુણોને ક્યાંથી ભોગવત ? કેવી રીતે ભોગવત ? માટે પરિણામશક્તિ છે એ ચૈતન્યના અનંત ગુણના વિલાસને ભોગવવાનું શક્તિરૂપ કારણ છે. કે જેને લઈને આત્મા પોતાના પરમાનંદ આદિ અનંત ગુણના વિલાસમાં ચૈતન્યવિલાસમાં મોજ કરે છે, પરમાનંદને ભોગવે છે.

મુમુક્ષુ :- શક્તિ તો બધામાં રહેલી છે તો આ પાછો કેમ ભોગવતો નથી ?

પૂજ્ય ભાઈશ્રી :- શક્તિ રહેલી છે એવી જેને ખબર હોય એ ભોગવે છે. જેને પોતાની શક્તિનું ભાન છે એને એની શક્તિના અનંત પરિણમનનો ભોગવટો છે. જેને પોતાની શક્તિનું ભાન નથી એ પોતાને અશક્ત, દીન, પામર જાણે છે, સમજે છે અને તેથી તે દીનપણાને અને પામરપણાને ભોગવે છે. દીનપણાના ભાવને ભોગવે છે. જો શક્તિને સંભાળે તો ત્રણ લોકનો નાથ પોતે છે. એમ એને અંદરમાંથી પોતાના સ્વરૂપની હૂંફ આવ્યા વિના રહે નહિ. અનંત ગુણની મૂડીની હૂંફ છે એ.

અહીંયાં સો-પચાસ વર્ષ ચાલે એટલી મૂડી ભેગી થાય તોપણ માણસના બધા હાવ-ભાવ અને વાતચીત કરવાની પદ્ધતિ ફરી જાય છે. કેમકે એને શું વાંધો છે ? એને ક્યાં કોઈને ઘરે કાંઈ માગવા જવું છે ? કોઈ પૂછે કે ભાઈ ! કેમ આમ....? ભાઈ ! એને તો કોઈની દરકાર નથી. કોઈની દીનતા કરવાની નથી. એને કોઈને ત્યાં જવાનું નથી. એને ત્યાં લોકો જાય છે. તો એને શું છે ? હૂંફ છે. મારી પાસે ... સંપન્ન. બહુ સારી રીતે સંપન્ન હોય એને સો-પચાસ વરસ ચાલે એટલી મૂડી અને ગમે તે ક્ષણે કાં તો પોતે ફૂ થઈ જાય ને કાં તો મૂડી ફૂ થઈ જાય. એવા ઘણા દાખલા જોયા છે. વેપાર કરતા કરતા કરતા એવો ... આવ્યો હોય, એવા પૈસા કમાણો હોય કે બસ ! જાણે હું જ ગામમાં છું, બીજું કોઈ છે નહિ. હું પહોળો ને શેરી સાંકડી. એવી અમારે કહેવત છે. શેરી એટલે ગલી. કેવડો મોટો હું કે ગલી મને નાની પડે છે. એવું અભિમાન થાય અને એક જ વર્ષે, ફાવ્યો હોય એટલે વેપાર વધારે, મોટા Scaleમાં જાય. એક જ વર્ષે માથે દેવું થાય. મૂડી તો જાય પણ માથે દેવું થાય. શકિત ઉપરવટ તો વેપાર કર્યો હોય. એટલે એટલી નુક્સાની જાય. મૂડી જેટલી નુક્સાની નહિ, મૂડીથી વધારે નુક્સાની. અને પાછો એનો એ એમ કહે કે હું તો ભીખારી થઈ ગયો. અભિમાન કરેલું છે એટલે એને દીનતા આવ્યા વિના રહે નહિ. અરે...! મારા સામું કોઈ જોતું નથી. પહેલા બધા મને સલામ કરતા હતા. હવે મને કોઈ બોલાવતું નથી. દુઃખી.. દુઃખી.. દુઃખી...

મુમુક્ષુ :- પહેલા એને સલામ ભરતા હતા, એવો ભ્રમ હતો.

પૂજ્ય ભાઈશ્રી :– એ વાત સાચી છે.

અહીંયાં Point એટલો લેવો છે કે તારી જે ગુણની સંપત્તિ છે-ગુણની લક્ષ્મી છે એ મુડી અખૂટ છે, અક્ષય છે, અનંત છે, અમેય છે. જો એનું તને ભાન થાય તો તને ક્યાંય દીનતા આવે નહિ. ક્યાંય દીનતા આવે નહિ અને છતાં ક્યાંય અભિમાન થાય નહિ. આ એનો ગુણ છે. ગુણનો કોઈ વિશેષ ગુણ હોય તો આ છે કે ક્યાંય દીનતા આવે નહિ અને ક્યાંય અભિમાન થાય નહિ.

એવું દ્રવ્ય પર્યાયનું સમ્યક્જ્ઞાન વર્તે કે દ્રવ્યે ત્રણ લોકનો નાથ છું ને પર્યાયે જેટલો વિકાસ છે એટલો જાણે અને સાધક અવસ્થાના વિકાસને પૂર્ણ વિકાસના અનંતમાં ભાગે જાણે. તેથી અવસ્થામાં અહંપણું થાય નહિ. ગુણવિકાસ થયો હોય તોપણ અહંપણું થાય નહિ. એવું સમ્યક્જ્ઞાન બરાબર પરિણામને સમતોલ રાખે છે. સમ્યક્જ્ઞાન પરિણામને સમતોલ રાખે છે. સમતુલા ગુમાવીને પરિણમન આવતું નથી. જ્ઞાન સમ્યક્ થયા પછી આ એક પરિણામની વિશિષ્ટતા છે. કે સમતુલા ગુમાવ્યા વિના એ દશા પ્રવર્તે છે, પરિણામ પ્રવર્તે છે. સમતોલ દશામાં જ્ઞાન પરિણમે છે. આ એક વિશિષ્ટતા છે.

મુમુક્ષુ :– સ્વરૂપને સંભાળવા પૂરતું જ છે.

પૂજ્ય ભાઈશ્રી :– હા, છે તો એટલું જ ટૂંકુ. સમજવામાં જેટલી માથોફોડ છે એટલી માથાફોડ આરાધનમાં નથી. એટલે તો કહ્યું, 'નયચક્ર'ની એક ગાથા 'ટોડરમલજી'એ પોતાની રહસ્યપૂર્ણ ચિઠ્ઠીમાં ઉદ્ધરણ કરી છે. જે કાંઈ નિર્ણય કરવો છે ત્યારે નિર્ણયના કાળમાં આ બધો ઉહાપોહ છે. આમ છે કે નહિ ? અનેક જાતના તર્ક, વિતર્ક, ન્યાય એ બધો ઉહાપોહ નિર્ણય કરવાના કાળમાં છે. '**णो आराहणसमये**' આરાધનાના સમયે નહિ. કેમ આરાધના સમયે નથી ? કે આરાધનાના કાળમાં આરાધનાના પરિણામને સીધો અભેદભાવ સર્વ ગુણસંપન્ન પરમાત્મા સાથે-પ્રત્યક્ષ પરમાત્મા સાથે છે. એટલે '**णो आराहणसमये पच्चक्खो अणुहवो जह्मा**' કેમ ? કે **'जह्मा'** એટલે ... કેમકે પ્રત્યક્ષ આત્મા છે. આરાધનામાં તો આત્મા પ્રત્યક્ષ છે. **'पच्चक्खो अणुहवो'** પ્રત્યક્ષ આત્મા છે. જ્યાં આત્મા પ્રત્યક્ષ છે પછી આ શું ને તે શું ? એ કાંઈ ત્યાં વિકલ્પ નથી, ઉહાપોહ નથી. ભય ચિંતન નથી. વિકલ્પનું ઉત્થાન નથી પછી ક્યાં પ્રશ્ન છે ? એટલે જેટલું કાંઈ છે એ બધું પહેલા નિર્ણય કરવાના કાળમાં છે. એવો દૃષ્ટાંત હાર ખરીદવાનો લીધો છે. હીરાનો હાર ખરીદવા જાય ત્યારે હારમાં રહેલા એક એક હીરાને તપાસે છે. એના ઘાટને બરાબર જોવે. બધી બાજુથી એની પરીક્ષા કરીને કિંમત કરે. એ જેટલી ચિકાસ અને માથાકૂટ ખરીદતી વખતે કરે એટલી માથાકૂટ પહેરતી વખતે કોઈ કરતું નથી. ત્યારે તો

માત્ર પહેરવાનો આનંદ છે. એ સિવાય એ બાજુનો કોઈ વિકલ્પ એને નથી. એવું છે.

મુમુક્ષુ :– પૈસા આવ્યા પછી દેખાય છે અને એની પછી હૂંફ ચડે છે. પણ અહીંયાં આત્મા દેખાતો નથી તો... ?

પૂજ્ય ભાઈશ્રી :– દેખાતો નથી તો હૂંફ ચડતી નથી. હૂંફ ત્યારે ચડે છે કે એને પોતાના અનંત અસ્તિત્વને, અનંત અસ્તિત્વમાં રહેલા અનંત ગુણો દેખાય છે, ભાસે છે ત્યારે એને હૂંફ ચડે છે. ત્યાં સુધી એની હૂંફ ચડતી નથી. એટલે શું ? કે શાસ્ત્રમાંથી શીખે કે આત્મામાં જ્ઞાનગુણ છે, આનંદગુણ છે, આવો ગુણ છે, આવો ગુણ છે, અનેક ગુણ છે. પણ પોતામાં એને ન ભાસે તો એ હૂંફ એને ચડતી નથી. એ તકલીફ થાય છે. ક્યાં સુધી ? જ્યાં સુધી ભાસતો નથી ત્યાં સુધી.

પણ જો જ્ઞાનલક્ષણથી અનંત ગુણ સંપન્ન આત્મા નિશ્ચિત થાય, પ્રતિભાસે, અવભાસે તો એને એની હૂંફ આવ્યા વિના રહે નહિ. પરિણામની અંદર એનું બળ ઉત્પન્ન થાય છે. એને નિશ્ચયનું બળ કહો, સ્વરૂપના નિશ્ચયનું બળ કહો કે એને જ્ઞાનબળ કહો. જ્ઞાનથી નિશ્ચય કર્યો છે ને ? જ્ઞાનલક્ષણથી જ્ઞાને નિશ્ચય કર્યો છે એટલે એને જ્ઞાનબળ પણ કહેવામાં આવે છે. એ ઉત્પન્ન થયા વિના રહે નહિ. એ નિશ્ચયનું લક્ષણ છે. નિશ્ચય થયો છે એનું એ લક્ષણ છે અને શાસ્ત્રમાંથી ગુણોનું સ્વરૂપ સમજવા છતાં પોતાનો નિશ્ચય 'હું આવો છું' એમ પોતાનો એવો નિશ્ચય ન થયો હોય તો આ સમસ્યા, આ પ્રશ્ન ઊભો રહે કે આવા ગુણ કહ્યા પણ અંદર દેખાતા નથી અને અહીંયાં હૂંફ આવતી નથી. એ પ્રશ્ન ઊભો રહે.

મુમુક્ષુ :- નિશ્ચય થયો નથી. મોઢું ફેરવીને ઊભો છે.

પૂજ્ય ભાઈશ્રી :– શાસ્ત્રમાંથી તો અમે સમ્મત કર્યા, બરાબર છે. આત્મામાં આવા આવા ગુણો હોવા સંભવિત છે. બરાબર છે, લાગે છે, એમાં મને કાંઈ વિરોધ આવતો નથી. પરિણામ શક્તિ પરિણામ શક્તિથી આત્મામાં શુદ્ધત્વ પરિણમન થાય એવી શક્તિ છે કે અશુદ્ધતા થાય એવી પરિણામની શક્તિ છે ? શુદ્ધ પરિણમન થાય એવી શક્તિ છે. જો અશુદ્ધ પરિણમન થાય એવી શક્તિ હોય તો કોઈની અશુદ્ધતા ક્યારેય તૂટે નહિ. ન્યાયથી વાત બેસી જાય એવું છે. પણ એ સમજણ થઈ ત્યાંથી વાત પડતી મૂકવી ન જોઈએ. એવું સમજાઈ જાય ત્યાંથી વાત છોડી દેવી ન જોઈએ.

જો સમજણમાં વાત બેસે તો ત્યાંથી એ વાતને પડતી મૂકવાને બદલે ઉપાડી લેવી જોઈએ. કેવી રીતે ? જો આવી શક્તિ છે તો મારામાં એ શક્તિ છે એ મને ભાસે કેવી રીતે ? કે જો હું મારા સામે જોઉં તો મને ભાસે, નહિતર મને ભાસે નહિ. જ્ઞાન સ્વસન્મુખ થયા વિના સ્વમાં રહેલા ગુણોનું કેવી રીતે જ્ઞાન થાય ?

જ્ઞાન પરસન્મુખ રહે અને સ્વના ગુણનું જ્ઞાન થાય ? સ્વસન્મુખનું જ્ઞાન થાય ? કે સ્વસ્વરૂપ સન્મુખ થાય તો સ્વસ્વરૂપનું જ્ઞાન થાય ? સીધી વાત છે કે સ્વરૂપ સન્મુખ થાય તો સ્વરૂપનું જ્ઞાન થાય. એટલે જ્ઞાન સ્વસન્મુખ કેમ થાય ? એટલે કે જ્ઞાન પોતાની સન્મુખ કેમ થાય ? એટલું જ વિચારવું રહ્યું. એ મુદ્દા ઉપર આ 'અનુભવ પ્રકાશ' શાસ્ત્રની અંદર ફેરવી ફેરવીને વાત લીધી છે. ફેરવી ફેરવીને વાત લીધી છે.

મુમુક્ષુ :– સ્વસન્મુખ કેમ થવાય ?

પૂજ્ય ભાઈશ્રી :– સ્વસન્મુખ કેમ થવાય ? એ દૃષ્ટિએ બહુ મહત્ત્વનો વિષય આની અંદર સંઘર્યો છે.

**'અકારણ કાર્યત્વ વિના પર કાર્ય થતાં, નિજકાર્યનો અભાવ થાત.'** આત્મામાં એક અકારણકાર્યત્વ નામની શક્તિ છે, જેને લઈને બીજા કાર્યનું કારણપણું કે કાર્યપણું આ આત્માને વિષે નથી. **'અકારણ કાર્યત્વ વિના પરકાર્ય થતાં...'** બીજા પદાર્થોમાં કાર્ય થતાં મારામાં કાર્ય થાય એવું નથી. મારું કાર્ય-નિજ કાર્ય પોતાને લઈને છે અને પોતાનું નિજ કાર્ય બીજા પરના કાર્યને લીધે નથી. કેમકે આત્મામાં અકારણકાર્યત્વ નામની શક્તિ છે. એટલે આત્માને બીજાનું કારણ લાગુ ન પડે કે જેથી એના કારણે પોતામાં કાર્ય થાય અથવા આત્મા પોતે કારણ થાય અને બીજામાં કાર્ય કરે એવું અકારણપણું પણ આત્મામાં છે. બીજાના કારણનું પોતે કાર્ય નહિ અને બીજાના કાર્યનું પોતે કારણ પણ નહિ. એને અકારણકાર્યત્વ-અકારણ અને અકાર્ય. બેયમાં 'અ' લાગુ પડે છે. આગળનો 'અ' બંનેને લાગુ પડે. અગુરુલઘુમાં અગુરુ અને અલઘુ. એમ અકારણ અને અકાર્યપણું આત્મામાં છે. એવી શક્તિ રહેલી છે.

મુમુક્ષુ :– પોતે કારણ અને પોતે કાર્ય એવું તો છે ને ?

પૂજ્ય ભાઈશ્રી :– પોતે જ કારણ-કાર્ય છે. પોતે કારણ-કાર્ય છે એ આગળ આવશે હવે. છ કારકોમાં એ આવશે. છ કારકોની શક્તિઓ આવશે. કર્તા, કર્મ, કરણ, સંપ્રદાન, અપાદાન અને અધિકરણ ષટ્કારકોની શક્તિ આવશે.

અહીંયાં પરની સાથે લીધું છે. પર વિના. **'અકાર્યકારણત્વ વિના પર કાર્ય થતાં નિજકાર્યનો અભાવ થાત.'** એટલે તો પોતાનું કાર્ય એમાં આવી ગયું. પોતે તો પોતાના કારણે પોતાનું કાર્ય કરે જ છે. હવે જો એ અકારણકાર્યત્વ શક્તિ એનામાં ન હોત તો બીજાનું કાર્ય થતા પોતાના કાર્યનો અભાવ થાત. એટલે કે કર્મનો ઉદય મને મારામાં ગડબડ કરાવી દે. કેમકે એ કર્મનો ઉદય થયો. મારા કાર્યનો એ અભાવ કરે છે. એમ જે અકારણકાર્યત્વ શક્તિ સંપન્ન આત્માને નથી સ્વીકારતો,

નથી જાણતો, નથી માનતો એને એમ ભાસે છે કે પરનો ઉદય મારામાં કાંઈ પણ મારા કાર્યને ફેરવી દ્યે છે. મારું કાર્ય બગાડી નાખે છે. પર કાર્યનો ઉદય થતાં નિજ કાર્યનો અભાવ થઈ જાય છે. કેમ ? અકાર્યકારણપણાની શક્તિનો એને કાંઈ સ્વીકાર છે નહિ.

જો અકારણકાર્ય કોઈ શક્તિનો સ્વીકાર કરે તો જગતના અનંતા પદાર્થો, અનંતા કર્મો, અનંતા સંયોગો સર્વથી પોતાનું ભિન્નપણું એને અનુભવગોચર થઈ જાય. અને ક્યાંય એને કારણકાર્યની કલ્પના મિથ્યાકલ્પના રહે નહિ. બીજાના કારણે કાંઈ પણ મારામાં થાય અથવા મારા કારણે કાંઈ પણ બીજામાં થાય. ન તો શરીરને કારણે કર્મને અથવા નોકર્મ શરીર છે કે સંયોગોને કારણે આત્માને કાંઈ પરિણામ કરવા પડે, ન તો આત્માને કારણે તે સંયોગ શરીર, કર્મ આદિમાં કંઈ પરિણામ થાય. બેમાંથી એક પણ વાત સંભવિત નથી. અશક્ય છે. સંભવિત તો નથી પણ અશક્ય છે.

મુમુક્ષુ :– અશાતાનો ઉદય આવે ત્યારે માંદગી થતી જોવામાં આવે છે.

પૂજ્ય ભાઈશ્રી :– હા. શરીરની માંદગી થાય છે. માંદુ કોણ પડે છે ? શરીર માંદુ પડે છે કે આત્મા માંદો પડે છે ?

મુમુક્ષુ :– આત્મા તો માંદો છે જ.

પૂજ્ય ભાઈશ્રી :– આત્માને તો જે રોગ લાગ્યો છે એ દર્શનમોહનો-મોહના રોગથી એ માંદો છે. પણ તે પણ એની મર્યાદા અવસ્થા પર્યંત છે. મૂળ સ્વરૂપમાં રોગ નથી. એનું ભાન કરાવે છે. ભાન જે કરવું છે એ ... છે. આપણે કોઈ મુમુક્ષુની તબિયત અસ્વસ્થ હોય તો એ પૂછવામાં આવે છે કે આ શરીર માંદુ થયું કે આત્મા માંદો થયો ? કેમ લાગે છે ? શરીર માંદુ લાગે છે કે આત્મા માંદો લાગે છે ? બેમાંથી કેમ લાગે છે ? બહુ મન નબળું પડી ગયું હોય અને શરીર સાથે ઘણી એકત્વબુદ્ધિ હોય તો માણસ એમ જવાબ દ્યે કે, માંદગી ઘણી લાગે છે. ઘણી મને નબળાઈ લાગે છે. મને ઘણી માંદગી લાગે છે. મને આમ છે એમ એને લાગ્યા કરે. એ શરીર સાથેના એકત્વ પરિણામ છે. મૂળમાં શરીરની નબળાઈ તે આત્માની નબળાઈ નથી, શરીરના રોગની અવસ્થા-માંદગી તે આત્માની હરગીજ માંદગી નથી. એક ટકો પણ બિલકુલ નથી.

અંદરમાં શુદ્ધ-ચૈતન્યઘન ભિન્ને ભિન્ન છે. સંભાળે એટલી વાર છે. પણ દોરડીમાં સર્પ જાણીને જેમ ભયથી, ભ્રમણાથી પ્રાણી ભયાન્વિત થાય છે. ત્યાં સર્પ બિલકુલ નથી. દોરડી જ છે. છતાં ભય તો એટલો જ લાગે જેટલો ભ્રમણા થાય અને સાચો સર્પ જોવે એટલો જ ભય લાગે. એવું છે આ. મિથ્યાદૃષ્ટિપણામાં, મિથ્યાભ્રમ

કલ્પનાનું આવું છે. તમામ જગતના મિથ્યાદૃષ્ટિ જીવો દુઃખી છે એનું આ કારણ છે, બીજું કોઈ કારણ નથી. પોતાના અનંત સુખસ્વભાવને ભૂલ્યો છે અને અનેકવિધ પ્રકારે દુઃખી થયો હોવાની, દુઃખી રહ્યો હોવાની કલ્પના એણે કરી છે, બીજું કાંઈ નથી.

અવ્યાબાધ એવા પોતાના નિજ સ્વરૂપની કોઈ કાંકરી ખેરવી શકે તેમ નથી. એવો ગઢ છે આત્મા. ચૈતન્યગઢ અભેદગઢ છે. અભેદ-ભેદી શકાય નહિ. એ ગઢની કોઈ કાંકરી ખેરવી શકે એમ નથી. પહેલા તો ગઢ એવા બનાવતા પણ તોય તોપમારો કરે તો ગાબડા પાડી દે. તોપનો ગોળો છે એ દિવાલ તોડી નાખે. અહીંયાં તો ચૈતન્યગઢની કોઈ કાંકરી પણ ખેરવી શકે એવું નથી. એવો અભેદ કિલ્લો છે. પણ ભૂલ્યો છે એટલે આમ થઈ ગયું ને તેમ થઈ ગયું. એમાં કેટલી અનંતી આકુળતારૂપ દુઃખને ભોગવે છે. હિસાબ નથી એટલા દુઃખને એ ભોગવે છે. પાર વિનાની ઉપાધિ લઈને બેસી જાય છે. અમથો અમથો અધિયારી ઉપાધિ છે. એને કાંઈ લેવા કે દેવા. છતાં જેમ કોઈ વગર લેવેદેવે ઝઘડો કોઈકનો હોય. રસ્તે ચાલતા ઓળખાણ ન હોય તોપણ કોઈકના ઝઘડામાં માથું મારીને પોતે ઝઘડો કરી લે. એમ આ જીવ ઉપાધિ એવી કરે છે. જગતના કોઈ પરમાણું કે જગતના કોઈ બીજા આત્મા સાથે એને કાંઈ સંબંધ નથી. સર્વથા સંબંધ નથી. છતાં એ એની ઉપાધી વહોરે છે અને દુઃખી થાય છે, ક્લેશિત પરિણામને કરે છે.

મુમુક્ષુ :– શાતવેદનીય અને અશાતાવેદનીય એવા ભેદ પાડ્યા છે તો શા માટે પાડ્યા છે ?

પૂજ્ય ભાઈશ્રી :– બે પ્રકારના વેદન... વેદનમાં પ્રકારાંતરપણું નથી, એવું કોણે કહ્યું ? જેમ કે સુગંધ અને દુર્ગંધ. ... સમસ્વભાવી સ્વભાવ હોવાથી અશાતા સારી નથી અને શાતા સારી છે, એમ જ્ઞાની કહેતા નથી. અને જે ચીજ પોતાની નથી એમાં સારા-નરસાપણું શું ? જે ચીજ પોતાની નથી એમાં સારા-નરસાપણું શું ? હિમાલય ઉપર બરફ થાય છે. Seasonમાં બરફ થઈ જાય છે ને ? બરફ સારો કે ખરાબ ? તારે ક્યાં લેવા દેવા ? અમે હજારો માઈલ છેટે છે. સારો ને ખરાબનું તારે શું ? સફેદ હોય તો સારો અને પારદર્શક હોય સારો અને ફલાણો હોય તો નહિ સારો. એને શું કાંઈ લેવાદેવા ખરી કાંઈ ?

મુમુક્ષુ :– એ બરાબર પણ આ શરીરની શાતા-અશાતા તો બાજુમાં છે ને ?

પૂજ્ય ભાઈશ્રી :– બાજુમાં નથી. અનંતગણુ દૂર છે. જે સંયોગ છે એ અનંતગણા દૂર છે. ભગવાન એમ કહે છે કે જડ અને ચેતન વચ્ચે મેરુ જેવડી ભિન્નપણાની દિવાલ ઊભી છે. લાખ યોજનનો મેરુ છે ને ? મેરુ જેવડી ભિન્નપણાની દિવાલ

છે. પણ તું એવો બળિયો છો, ઊંઘાઈમાં પણ, કે એ મેરુ જેટલી દિવાલને પણ ભેદીને એકતા કરી લ્યે છે. એનું દુઃખ છે.

મુમુક્ષુ :– જ્ઞાનીઓ અશાતામાં ઉપચાર કરે ?

પૂજ્ય ભાઈશ્રી :– હા, નીચે કરે. મુનિદશામાં ન કરે. અસ્થિરતા હોય તો એટલો રાગ છે. એટલો દોષ છે. પણ એટલું જ જોયું કે બીજું કાંઈ જોયું જ્ઞાનીમાં ?

મુમુક્ષુ :– ટેવ પડી ગઈ છે ને બહારનું જોવાની.

પૂજ્ય ભાઈશ્રી :– જ્ઞાનીને દવા લેતા જોયા. પણ દવા લેતા જોયા કે એમના પરિણમનમાં કાંઈક છે એવું જોયું ? ... શું જોયું ? શું શું જોયું ? જ્ઞાનીને જોયા એમાં તમે શું શું જોયું ?

મુમુક્ષુ :– જોવાનું ન જોયું. જોવાનું હતું એ ન જોયું. ન જોવાનું જોયું.

પૂજ્ય ભાઈશ્રી :– એક માણસ તમને બારે મહિના ઢગલાબંધ કમાવી દેતા હોય કે આ મારા કારખાનાનું ઉત્પાદન છે અને Sole agency તમારી. Monopolise ધંધો કરી દઈએ. આ પણ તમારે કરવાનું છે. .... શું કહે પછી ? એના ... આવે ઇ જમે કરજો અને એના ... પૈસા તો બધા Advance માં આવી જાય. પછી કાંઈ ઉપાધિ ન હોય. હવે એ માણસ ક્યારેક એમ કહે સો-પચાસ રૂપિયા આપજો ને. હું બજારમાં નીકળ્યો છું પણ કપડા બદલાવ્યા એમાં પૈસા ઘરે રહી ગયા. એના ઉપર ગુસ્સો કરી બેસે ? એ... આવાને આવા ચાલ્યા આવે છે, અમથા અમથા હેરાન કરવા. એમ કહે ? અરે..! ભાઈસાહેબ ૧૦૦-૫૦ શું જેટલા માગો એટલા લઈ જાવને. તમને કોણ ના પાડે ? એમાં શું થઈ ગયું ? ભૂલી ગયા તો શું થઈ ગયું ? આ તમારી જ દુકાન છે. આ તમારું જ છે. આ બધું તમારું જ છે. અમારું ક્યાં હતું ? અમારી પાસે શું હતું ? આ તો બધું તમારું જ છે. શું કહે ? અમારી પાસે તો કાંઈ હતું નહિ આ બધું તમારું જ છે, એમ કહે. કે ગુસ્સો કરે ? એને તોળતા આવડે છે. ક્યાં થોડું છે ને ક્યાં જાજુ છે એ તોળતા આવડે છે.

કો'ક ભીખારી એમ કહે કે ૫૦-૧૦૦ રૂપિયા આપો તો આપી દે ? પૈસો પૈસો માગવા નીકળ્યો હોય એ એમ કહે કે ભાઈ ! ૫૦ રૂપિયા આપોને ભાઈ જરા. આપે ? જા... જા.. જા.... તારા જેવા તો... એમ કરીને કાઢી મૂકે હડ હડ કરીને કે આપી દે ? એને તોળતા આવડે છે. આણે કેટલું આપ્યું ? અને હવે આ કેટલું માગે છે ? એમ જ્ઞાનીએ પરમાત્મા આપ્યો. જેણે આપ્યો આત્મા છે કે નહિ ? વરતું ચરણાધીન. એ હવે જરાક તને કાંઈક અણગમતું કહે, તારા અભિપ્રાયને, તારા વિચારને ઠીક ન પડે એવું થોડુંક તને કહે અથવા તો તારા

વિચારથી એ દવા લેવી બરાબર નથી અને દવા લીધા તેં જોયા, એ તો વિચારની જ અથડામણ છે કે બીજું કાંઈ છે ? તારું ચિત્ત ઠેકાણે નથી રહેતું. એનો અર્થ શું છે ? કે એને એ તોળતા આવડતું નથી. કેટલું આપ્યું એની સામે કેટલું દેવાનું છે. એની એને સમજણ નથી. એવો પ્રકાર છે. જેને વ્યવહારિક રીતે તો ચોખ્ખી મૂર્ખાઈ કહેવામાં આવે. લાખો-કરોડો આપ્યા હોય એ ૧૦૦-૫૦ ઉછીના માગે અને ગુસ્સે થાય તો એને મૂરખ કહેવો કે શું કહેવો ? એના જેવું છે.

મુમુક્ષુ :– ....

પૂજ્ય ભાઈશ્રી :– એણે પોતાના પરિપૂર્ણ સિદ્ધપદને શ્રદ્ધા-જ્ઞાનમાં ઝીલ્યું છે. પર્યાયમાં દવાને નથી ઉપાડી પણ પર્યાયમાં-શ્રદ્ધા-જ્ઞાનની પર્યાયમાં આખો પરમાત્મા ધાર્યો છે-ધારણ કર્યો છે એ બહુ મોટી વાત છે. અને એનું સમગ્ર પરિણમન ત્યાં એના પરમાત્મા પ્રત્યે-પરમાત્મા ઉપર વળગેલું છે અને બહુ અલ્પ પરિણમન બહાર જાય છે કે જેમાં એ અશાતાનો દવા લેવાનો ઇલાજ કરે છે. ત્યારે પણ એ જાણી લે છે કે આ દવા ભિન્ન છે. આ રાગાદિ થાય એ પણ મારાથી ભિન્ન છે. અને તેથી એ કાંઈ ઉપાદેય નથી. પણ પોતાની અશક્તિ છે એટલો દોષ છે એ દોષને દોષ જાણે છે. દોષને દુઃખ જાણે છે. એને ગુણ જાણતા નથી અને એનો બચાવ સુદ્ધા પણ કરતા નથી. દોષને ગુણ કહીને બચાવ કરતા નથી. પણ અલ્પને ઘણું જોવે અને ઘણાને કાંઈ ન જુએ, ઘણું હોય એ કાંઈ ન જુએ તો એણે શું જોયું ? કે એણે અન્યાય કર્યો છે, મોટો અન્યાય કર્યો છે. એ કહે છે કે હું દવા લેવાની ક્રિયા અને દવા લેવાના રાગાદિ વિકલ્પને ભિન્નપણે અનુભવું છું તો તું મને શા માટે અન્યાય કરે છો કે હું એનાથી અભિન્ન છું ? એવો અન્યાય તું મને શા માટે કરે છો ? એ એને અન્યાય છે. જે પોતે ભિન્ન પડ્યો છે એને તું એનાથી અભિન્ન જુએ છો તો એ અન્યાય છે. જોવામાં અન્યાય છે.

મુમુક્ષુ :– જ્ઞાનીને ઇચ્છાની ઇચ્છા નથી.

પૂજ્ય ભાઈશ્રી :– ઇચ્છાની ઇચ્છા નથી પણ એક ઉદારતાનો દૃષ્ટાંત લઈએ. એક માણસ લાખો રૂપિયા ઉદાર થઈને આપી દે છે. ક્યારેક એવો વિકલ્પ આવ્યો કે કોઈએ, ભિખારીએ બે પૈસા માંગ્યા અને ન આપ્યા. એવો જ કોઈ વિકલ્પ (આવ્યો). કારણ-ફારણ કાંઈ નહિ. એણે માંગ્યુ અને એણે કીધું જા નથી. હવે કોઈ એને એમ કહે કે આ કંજૂસ કેટલો છે. આ માણસ બે પૈસા નથી આપી શકતો ભીખારીને ? ન્યાય કરે છે કે અન્યાય કરે છે ? ઘણો મોટો અન્યાય કરે છે. લાખો એ આપે છે. ઘણી ઉદારતા છે. ક્યારેક આ વિકલ્પ આવી ગયો એને તો એથી કાંઈ એ કંજૂસ થઈ ગયો છે એમ નથી.

મુમુક્ષુ :– એને કંજૂસ જોવો એ અન્યાય છે.

પૂજ્ય ભાઈશ્રી :– એને કંજૂસ જોવો એ અન્યાય છે ખરેખર તો. એમ એના ગુણને જોવા કે એના દોષને જોવા ? અને ગુણના પ્રમાણમાં ગુણને જોવા અને દોષના પ્રમાણમાં દોષને જોવા. એવું જો અવલોકનની અંદર જેમ છે એમ અવલોકન ન થાય તો એ અન્યાય થશે. એના પ્રત્યેનો અન્યાય થશે એ ખરેખર તો પોતાને પોતાના પ્રત્યેનો અન્યાય છે. એને શું લેવા દેવા છે ? એને કાંઈ કોઈનું Certificate જોઈતું નથી. કોઈ Certificate આપે તો એ ગુણવાન છે અને નહિતર અવગુણી થઈ જાય છે ? ચાંદીને કોઈ એમ કહે કે ચાંદીનો રૂપિયો ન હોય. રૂપિયો ન હોય અને ઘસાઈ ગયો હોય તો એમ કહે કે આ ખોટો છે. તો કાંઈ ચાંદીની કિંમત ન આવે ? અને કલાઈનો ચકચકતો સિક્કો પાડીને બરાબર ચોખ્ખો રૂપિયો દેખાય એવો સિક્કો પાડ્યો હોય તો એ કાંઈ ચાંદીની કિંમતમાં એને રૂપિયાની કિંમત આવી જાય ખોટાની ?

એમ ખોટાને Certificate મળે એટલે એ કાંઈ મોટો થતો નથી. અને મોટાને Certificate ન મળે એટલે એ કાંઈ ખોટો થતો નથી. જે છે એ છે. કોઈના કહેવાથી નથી થતો. પણ જેને કહેવરાવવાની મહિમા છે એને મુંઝવણ થાય એવો વિષય છે. કેમકે એ કોઈ તો આધિન નથી પોતાને. કહેનાર કોઈ પોતાને આધિન નથી એટલે એને મુંઝવણ થાય છે કે મને કહે તો સારું, મને કહે તો સારું, મને આમ ગણે તો સારું. પણ એનું પરિણમન સ્વતંત્ર છે એ તો જો તું. તારી મુંઝવણ છે એ અણસમજણને લઈને છે, બીજું કાંઈ નથી.

શું કહે છે ? **'અકારણકાર્યત્વ વિના પર કાર્ય થતા નિજ કાર્યનો અભાવ થાત.'** એટલે આત્મામાં અકારણકાર્યત્વ નામની શક્તિ છે કે જેને લઈને પોતાનું નિજ કાર્ય થવામાં પરકાર્યનો આધાર લેવાની એને કોઈ જરૂર નથી. પરપદાર્થના પરિણામના આધારે તો પોતાનું નિજ કાર્ય ન થાય પણ કોઈ રાગના આધારે પણ પોતાનું વીતરાગતારૂપી નિજ કાર્ય ન થાય. એવું અકારણકાર્યત્વપણું સ્વરૂપે કરીને, સ્વભાવે કરીને આત્માને વિશે રહેલું છે.

**'અસંકુચિતત્વ વિના અવિનાશી ચેતનનો વિલાસ સંકોચમાં આવત'.** આત્મામાં સંકોચ ન થાય, અસંકોચપણું એવી એની શક્તિ છે. અસંકુચિત્વ નામની શક્તિ છે કે જેને લઈને એ પોતાના અનંત પરમાનંનાદિ ગુણોને ભોગવે છે એમાં ક્યાંય સંક્ષેપ, સંકોચ થતો નથી. પોતાના અનંત ગુણોને અનંત શક્તિઓને અમર્યાદિતપણે ભોગવવી એમાં જરાય સંકોચ ન થવાનું કારણ આત્મામાં અસંકુચિત્વ નામની શક્તિ રહેલી છે.

મુમુક્ષુ :– પૂરેપૂરું ? ઓછાવત્તા નહિ ?

પૂજ્ય ભાઈશ્રી :– પૂરેપૂરો. ઓછાવત્તુ નહિ. જેટલું એનું ગુણસ્વભાવપણું છે એટલું પૂરેપૂરું. જેમ કે જ્ઞાન. તો જ્ઞાનમાં સર્વને જાણવાનું, પૂરેપૂરો વિકાસ થવાનું જે સામર્થ્ય છે એટલો પૂરો વિકાસ કેવળજ્ઞાનમાં થઈ જાય છે. જરાય એમાં સંકોચ નથી રહેતો કે જ્ઞાન ક્યાંય પણ ઊણું રહે, જરાક પણ ઊણું રહે. એનું એક પડખું પરપ્રકાશત્વ લઈએ. કેટલા જ્ઞેયોને જાણે ? કે જગતના સમસ્ત જ્ઞેયોને ત્રણે કાળના પર્યાયો અને એના અનંતા ધર્મો સહિત જાણે. તો કહે, એટલું જ (જાણે) ? નહિ. એથી અનંતાઅનંત ગુણ હોય તોપણ બધાને જાણે. એટલું (જ જાણે) ? એથી અનંતાઅનંત જાણે. એમાં કોઈ સંકોચ નથી. જરાપણ સંકોચ થાય એવું આત્મામાં સંકુચિત્વ નામનું પરિણમન થાય એવી કોઈ શક્તિ કે એવો કોઈ ગુણ નથી. દુનિયામાં જે સંપત્તિ મળે છે એ તો કોઈ પૂરી ભોગવી શકતો નથી. પૂરી તો શું પણ અધૂરી પણ કોઈ ભોગવી શકતો નથી ને એમને એમ ચાલ્યો જાય છે.

મુમુક્ષુ :– અસ્તિથી જે...

પૂજ્ય ભાઈશ્રી :– સંકોચપણું નહિ એવું. કેટલીક વાત એવી રીતે કહેવી પડે છે ત્યારે જ એ પદાર્થનો ભાવ-સ્વરૂપ બરાબર સમજાય છે. જેમકે પોતે નાસ્તિત્વ સ્વભાવે છે. નાસ્તિત્વ એનો ધર્મ છે. કોનાથી ? કે જગતના તમામ પદાર્થોથી પોતે નાસ્તિત્વ ધર્મે રહેલો છે. એમાં બીજા પદાર્થોથી નાસ્તિપણું છે એમ એને ત્યાંથી જ લેવું પડે, બીજો કોઈ રસ્તો નહિ.

મુમુક્ષુ :– આ તો પોતાના અસ્તિત્વનો જ ...

પૂજ્ય ભાઈશ્રી :– એમાં એ આવશે. આગળ જે છે ને ભાવ અભાવના જે બોલ છે એમાં એ વિષય આવે છે. અસત્.. અસત્. સાધારણ વિના પદાર્થ અસત્ હોય. કોઈ અસત્ હોત, સત્ હોત, કોઈ અસત્ હોત. અતત્ત્વ. અતત્ત્વ વિના પરના તત્ત્વ નિજમાં આવત. અતત્ત્વ શબ્દ લીધો છે ત્યાં. છેલ્લી લીટી. **'અતત્ત્વ વિના પરનું તત્ત્વ (નિજમાં) આવત.'** આત્મા તત્ત્વસ્વરૂપે પણ છે અને આત્મા અતત્ત્વસ્વરૂપે પણ છે. તત્ અતત્ લીધા છે ને ? તત્ અતત્ વાત લીધી છે ને ? 'સમયસાર'માં છેલ્લે. આત્મા તત્ત્વસ્વરૂપે છે એ સાંભળ્યું છે. એ પરિચય છે કે આત્મા એક અસ્તિરૂપ અસ્તિતત્ત્વ છે. પણ એ એકાંત અસ્તિતત્ત્વ હોય તો બીજામાં પણ પોતાનું અસ્તિત્વ ઘૂસી જાય છે. તો કહે છે, નહિ, આત્મા અતત્ છે. અતત્સ્વરૂપે છે. બીજાના અતત્ત્વસ્વરૂપે છે, સ્વમાં તત્ત્વસ્વરૂપે છે. અસ્તિમાં પણ સ્વદ્રવ્ય-ક્ષેત્ર-કાળ-ભાવપણે અસ્તિસ્વરૂપે છે. પરદ્રવ્ય-ક્ષેત્ર-કાળ-ભાવપણે તો નાસ્તિસ્વરૂપે છે. ન અસ્તિ. અસ્તિમાં ન અસ્તિ એમ છે. એનું નામ નાસ્તિ છે. ન અસ્તિની સંધિ તે નાસ્તિ.

એમ છે.

મુમુક્ષુ :– એ વાત તો બરાબર છે. ... આ તો પોતાના સ્વભાવમાં સંકુચિત્વ...

પૂજ્ય ભાઈશ્રી :– સંકુચિત્વ નથી એમ કહેવું છે.

મુમુક્ષુ :– પણ એ .. ?

પૂજ્ય ભાઈશ્રી :– એટલે તો એમ વાત લીધી કે અસંકુચિત્વ ન હોત એનામાં અને એટલે કે સંકુચિત્વ હોત. બે નાસ્તિ અસ્તિને કરે છે. બે નાસ્તિનો પ્રયોગ ભાષામાં કરો એટલે અસ્તિ ઊભી થાય છે. હું અવગુણી નથી. એનો અર્થ શું થાય ? કે હું ગુણવાન છું. એમ. બે નાસ્તિ અસ્તિને કરે છે.

મુમુક્ષુ :– ... મૂળ પ્રયોજન તો...

પૂજ્ય ભાઈશ્રી :– નહિ. પ્રયોજન આ જ છે કે એને એ રીતે બરાબર વધારે સ્પષ્ટ કહી શકાય છે એ પ્રયોજન છે. જે પદ્ધતિથી કહ્યું છે તે પદ્ધતિથી વધારે સ્પષ્ટ કહી શકાય છે. એમ. જેમકે કોઈ વખત ના પાડવી હોય ત્યારે ના પાડવાને બદલે, વધારે સ્પષ્ટ ના પાડવાને બદલે પ્રશ્ન કરવામાં આવે. કોઈ માણસ એમ કહે કે મારે તમારી પાસે આટલું લેણું નીકળે છે. વ્યવહાર ચાલ્યો હોય વેપાર-ધંધાનો અને લેણું પોતાનું હોય. તો દેણદાર એમ કહે કે મારું લેણું નીકળે છે. ત્યારે માણસ શું જવાબ દે ? એમ તમારું લેણું નીકળે છે ? એમ કહે. એનો અર્થ શું ? કે તમારું કાંઈ લેણું નીકળતું નથી. એ પદ્ધતિ છે. કથન જુદી જુદી રીતે કહેવાની પદ્ધતિ છે. કાંઈ ન હોય અને માણસ કોઈ ખોટે ખોટું કહે. હોં ! એવું છે ? એમ કહે. એમ ! એમ કહો છો તમે ? એમ કહે. એનો અર્થ કે એવું તો કાંઈ છે જ નહિ. એવી રીતે કહે.

મુમુક્ષુ :– ભાષા જુદી છે, ભાવ જુદો છે.

પૂજ્ય ભાઈશ્રી :– પણ એ જે કહેવાની પદ્ધતિ છે જુદી જુદી રીતે એને વ્યાકરણમાં અંગ્રેજી Grammerમાં એને Figure of speech કહે છે. ઘણી રીતે ભાષાપ્રયોગ કરવામાં આવે છે. અને અનેક રીતે ભાષાપ્રયોગ કરવામાં કહેનારનો ભાવ છે એ ત્યાં વધારે સ્પષ્ટ થાય છે.

અહીંયાં નાસ્તિથી કથન છે એમાં પણ એ સ્પષ્ટતા વધારે આવે છે. **'અસંકુચિત્વ વિના...'** બે નાસ્તિ કરી છે. વિના એટલે નહિ. **'અવિનાશિ ચેતનાનો વિલાસ...'** ચેતના કેવી છે ? ત્રિકાળ વિલાસરૂપ છે. એ અવિનાશી છે. ત્રિકાળ છે એટલે અવિનાશી છે, શાશ્વત છે એવી જે ચેતના એનો જે અનંત વિલાસ છે એ સંકોચમાં આવી જાત. એનામાં કાંઈક ખામી રહી જાત, સંક્ષેપ રહિ જાત. પણ એવું કાંઈ બનતું નથી. સિદ્ધ દશામાં સર્વ સિદ્ધ પરમાત્માઓ પોતાના અવિનાશી ચેતનાના

અનંત વિલાસમાં પડેલા છે, રહેલા છે. જેથી એમને એ પોતાના ચૈતન્યવિલાસને, અનંત ચૈતન્યવિલાસને છોડીને ક્યાંય પણ ઉપયોગને ફેરવવો એ વાત રહેતી નથી.

એ વિચારવા જેવો વિષય છે કે જેના કેવળજ્ઞાનમાં જગતના સચરાચર પદાર્થો ત્રણે કાળના પર્યાયો સહિત પ્રતિબિંબિત થાય તોપણ એ કેવળજ્ઞાન સ્વજ્ઞેયથી વિચલિત ન થાય. અહીંયાં તો એક વાજુ વાગે ત્યાં ઉપયોગ ચાલ્યો જાય. ત્રણે કાળના સર્વ પ્રકારના જ્ઞેયો, ઇષ્ટ-અનિષ્ટ જેટલા ગણો એટલા. જે ઇષ્ટ-અનિષ્ટની પરાકાષ્ટાઓ જે બધી ગણાય છે એ તમામ કેવળજ્ઞાન ગોચર થતા હોવા છતાં સ્વરૂપમાં એવું તે શું છે ? આ પ્રશ્ન (થવો જોઈએ). પોતાના નિજ સ્વરૂપમાં એવું તે શું છે કે જેને છોડીને એ ઉપયોગ ક્યાંય બહાર જતો નથી કે જઈ શકતો નથી કે જવા ચાહતો નથી. એવું શું છે ?

એવું કાંઈક છે. જરૂર એવું કાંઈક છે કે જેથી કરીને સ્વરૂપની અંદરમાં ડૂબેલો જ રહી જાય છે. જગતની તમામ આશ્ચર્યકારી પરિસ્થિતિઓથી મહા આશ્ચર્યકારક સ્વરૂપ છે. અદ્‌ભુતથી અદ્‌ભુત એવું આત્મસ્વરૂપ છે કે જેને લઈને કેવળજ્ઞાનીનો ઉપયોગ અંશ માત્ર પણ, અંશે પણ ફરતો નથી. અનંતમાં ભાગે વિચલિત થતો નથી અને એક સમયમાત્ર પણ વિચલિત થતો નથી. નહિતર કાળનો કાંઈ તૂટો નથી  એમને. આગળ ક્યારેય કાળ ક્યારે ખલાસ થવાનો છે ? એક સમય જરાક જાણી લે બધાને. નહિ. એક સમય પણ નહિ અને એક અંશે પણ નહિ. એવો જે ઉપયોગ સ્વરૂપસ્થ રહે છે એનું કારણ આત્મા પોતે એવો છે. એ એનું કારણ છે. દ્રવ્ય જ કોઈ એવું છે, આત્મદ્રવ્ય જ કોઈ એવું છે અનંત મહિમાવંત કે એ મહિમાને છોડીને ક્યાંય ઉપયોગ બહાર જાય નહિ. આ પરિસ્થિતિ છેલ્લે આવે છે. આ પરિસ્થિતિ છેલ્લે ઊભી થાય છે. છેલ્લે આ પરિસ્થિતિ ઊભી થાય. પાઘડીનો વળ છેડે એમ કહે છે કે નહિ ? આ સાધતા... સાધતા.. સાધતા... સાધતા છેલ્લે શું ? પરાકાષ્ટા શું છે સાધનાની ?

એ સાધાનાની અને આરાધનાની પરાકાષ્ટા એ છે કે 'સ્વરૂપે ડૂબેલા નમન તુજને ઓ જિનવરા.' હે જિનેન્દ્રો ! તમે સ્વરૂપમાં ડૂબી ગયા છો એ જોઈને એમ લાગે છે કે સ્વરૂપ કોઈ અદ્‌ભુતથી અદ્‌ભુત છે. એમાં ડૂબેલા તમે બહાર સમવસરણને જોવા પણ ઉપયોગને ફેરવતા નથી. અહીંયાં તો કોણ ક્યાં બેઠું છે એ જોવે. બાર યોજનની સભામાં ઇન્દ્રો-ઇન્દ્રાણીઓ (જિનેન્દ્રને વંદે છે). શત ઇન્દ્ર વંદિત-સો ઇન્દ્રોથી વંદિત છે અરિહંત જિનેન્દ્ર. સામું જોતા નથી. એની સામે પણ જોતા નથી. 'નથી એ જ્ઞેયોમાં તુજ પરિણતિ સન્મુખ જરા.' તારી પરિણતિ જરાય એની સન્મુખ થાતી નથી. જ્ઞાનની એવી પરિણતિ અંદર કેવળજ્ઞાનની થઈ ગઈ

છે. એ સ્વરૂપની અસાધારણતાને, સ્વરૂપની અદ્‌ભુતતાને પ્રસિદ્ધ કરે છે. સ્પષ્ટપણે પ્રસિદ્ધ કરે છે.

એ મહાનતા કેવી કેવી કયા કયા ગુણોને લઈને છે એનું આ પ્રકરણ છે. એની આ કથા છે. આત્મકથા છે. અંદર કેવા કેવા અદ્‌ભુત ગુણો કામ કરે છે. સંકોચ નહિ આત્માને. પોતાના નિજ શક્તિના પરિણમનમાં કોઈ સંકોચ નહિ. એટલે આત્માને ઉદ્દાતસ્વરૂપ સ્વભાવે કહેવામાં આવે છે. ધીર અને ઉદાર છે આત્મા. આત્મા ઉદાર છે એમ કહેવાય છે-સ્વરૂપે કરીને. આ ઉદારતાનો ગુણ છે ને ? માણસ પૈસા આપી દે એને ઉદાર કહે છે ને. આ સ્વરૂપથી ઉદાર છે કે એનામાં સંકોચ કરવાનો કોઈ અવગુણ નથી. જરાપણ સંકોચ કરવાનો એનામાં અવગુણ નથી. બહુ ઉદાર હોય તો માણસ એને રાજા કહી દે છે. ભાઈ ! કેવો છે ? કે આ તો રાજા છે. રાજા સામાન્ય રીતે ઉદાર હોય છે. આ તો રાજાનો પણ રાજેશ્વરી છે પોતે. રાજાનો પણ રાજેશ્વરી છે કે એનામાં સંકોચ કરવાનો જરા પણ અવગુણ નથી. પરિપૂર્ણ નિઃસંકોચ થવાનો અસંકુચિત્વશક્તિ એનામાં રહેલી છે. એ વિકાસત્વશક્તિને અસંકુચિત્વ કહીને એનો વિકાસ બતાવી દીધો છે.

**'ત્યાગઉપાદનશૂન્યત્વ વિના ગ્રહણત્યાગ લાગ્યો રહેત.'** આત્મામાં ત્યાગ કરવાનું શૂન્યપણું છે અને ગ્રહણ કરવાનું પણ શૂન્યપણું છે. જેટલા લોકો એમ માને છે કે અમે ઘણું ગ્રહણ કર્યું છે એ પણ ભૂલ્યા છે અને જેટલા લોકો એમ માને છે કે અમારી પાસે લાખો-કરોડો હતા અને અમે એનો ત્યાગ કર્યો છે, એ પણ ભૂલ્યા છે. કોને ? કે આત્માને ભૂલ્યા છે. કેવા આત્માને ભૂલ્યા છે ? કે ત્યાગઉપાદાનશૂન્યત્વ જેનામાં છે એવા આત્માને ભૂલ્યા છે. આવો આત્મા છે.

જગતમાં ઓલી વાત પ્રસિદ્ધ છે. ત્યાગ કરે તો એ વાત બહુ પ્રસિદ્ધ છે. વાહ ! બધું છોડ્યું. ઘણું છોડ્યું. અહીંયાં કહે છે કે તારા સ્વરૂપને તેં ઓળખ્યું નથી, જાણ્યું નથી અને અનુભવ કર્યો નથી. સ્વરૂપે તો તું ત્યાગઉપાદનશૂન્ય છો અને તેથી કરીને ગ્રહણ ત્યાગ લાગ્યો રહે એવું બનતું નથી. એક છેડો સિદ્ધદશામાં એવો આવે છે. આત્મામાં ત્યાગઉપાદાનશૂન્યત્વ છે એની પૂરી સાબિતી એ છે કે સિદ્ધદશામાં ક્યાંય ગ્રહણ ત્યાગ રહેતો નથી. કોઈ ચીજનું ગ્રહણ નહિ અને કોઈ ચીજનો ત્યાગ નહિ. એ પરિસ્થિતિ પ્રસિદ્ધ થઈ જાય છે.

જેમ માણસ કહે છે ને કે દેહ અને આત્મા ભિન્ન છે એવું ક્યાં લાગે છે ? આ અમે દેહના હજાર કામ કરીએ છીએ. પછી મૃત્યુ વખતે જુએ ત્યારે કહે, આત્મા તો નથી, હોં ! આમાં આત્મા તો નથી. શરીર તો નિર્જીવ છે. આમાં કોઈ બે મત પડે છે કાંઈ ? બે મત પડે તો અંતિમક્રિયા ન થાય. થાય ? એમાં બે મત

નથી. અહીંયાં બે મત પડે છે. જુઓ ! અત્યારે હું જીવતો છું. શરીર અને આત્મા જુદા ક્યાં છે ? ક્યાં શરીર અને આત્મા જુદા છે ? ભાઈ ! શરીર અને આત્મા જુદા છે. જ્યારે દૂધમાં પાણી નાખ્યું ત્યારે પાણી પાણી જ છે અને દૂધ દૂધ જ છે. દૂધ પાણી થાય નહિ અને પાણી દૂધ થાય નહિ. પણ તારી દૃષ્ટિ સ્થૂળ છે એટલે તને એમ લાગે છે કે આ દૂધ વધી ગયું. પાણી નાખતા દૂધ વધી ગયું. ખોટી વાત છે. દૂધ વધે નહિ એવી રીતે.

એમ શરીર મોટું થતાં હું વધી ગયો, સંયોગ વધતા હું વધી ગયો એ તને ભ્રમણા થઈ છે. એ બધા ભિન્ન તત્ત્વો છે. પણ એની સાબિતિ શું ભિન્ન તત્ત્વોની ? કે જો આ. આ અંતિમક્રિયા થાય છે શરીરની એ એની સાબિતી છે. આત્મામાં ગ્રહણત્યાગ નથી એની સાબિતી શું ? કે આ સિદ્ધદશા એની સાબિતી છે. કેટલી સાબિતી જોઈએ તારે ? અનંતા સિદ્ધો છે. એક દાખલો નથી. (કોઈ એમ દલીલ કરે કે) કોઈ અપવાદ હશે એવો કોઈને માટે. નહિ, અનંતા સિદ્ધો છે. આત્મામાં ગ્રહણત્યાગ પરપદાર્થનો થઈ શકતો નથી છતાં કર્યો કે થયો હોવાનું માને છે એને અજ્ઞાન અને ભ્રમણા કહેવામાં આવે છે.

મુમુક્ષુ :– અત્યારે જ આ મડદું છે ?

પૂજ્ય ભાઈશ્રી :– અત્યારે પણ એ શરીર તો મડદું જ છે. પાણી તો પાણી જ છે અને દૂધ તો દૂધ છે. સંયોગમાં હોય ત્યારે પણ. સુવર્ણપત્થરમાં સોનું તે સોનું છે અને માટી તે માટી જ છે. કોઈ સોનું માટી કે માટી સોનું થાય છે એવું તો બનતું નથી. ભલે નામ સુવર્ણપત્થર હોય. પણ સોનું ને પથ્થર સંયોગે છે એમ કહેવું છે. એમ અત્યારે શરીરના રજકણો જડ છે. અત્યારે આત્મા તો ચેતનસ્વરૂપે જ છે. શરીર જડસ્વરૂપે છે અને આત્મા ચેતનસ્વરૂપે છે. અત્યારે કાંઈ શરીર ચેતનસ્વરૂપે થઈ ગયું છે ? જો શરીર ચેતનસ્વરૂપે થાય તો એની અચેતનતા ક્યારેય થાય નહિ.

એટલે ત્યાગઉપાદાનશૂન્યપણું છે એ તો જે બાહ્ય ચારિત્રની અંદર જે પરપદાર્થમાં અહંમપણું છે એ છોડાવી નાખે એવો આત્માનો ગુણ છે. આ મેં છોડ્યું, આ મેં છોડ્યું, આ મેં છોડ્યું. જેને અસત્ અભિમાન કહ્યું છે. એ ત્યાગઉપાદાનશૂન્યત્વ જાણે એને અસત્ અભિમાન થાય નહિ. એ મુખ્ય વાત છે.

મુમુક્ષુ :– સિદ્ધ ભગવાનને સંપૂર્ણપણે... જાય. સમ્યગ્દૃષ્ટિને આ ગુણ આંશિકપણે પ્રગટી જાય છે ?

પૂજ્ય ભાઈશ્રી :– પ્રગટી જાય છે. આંશિકપણે બધી શક્તિઓ અંશે પ્રગટે છે. સર્વ ગુણાંશ તે સમ્યક્ત્વ. વિશેષ લઈશું...

## તા. ૨૦-૮-૧૯૮૫, પાના નં. ૪, પ્રવચન નં. ૧૨

'અનુભવ પ્રકાશ' પાનું ૪. ત્યાગોપાદાનશૂન્યત્વશક્તિ. નીચેથી પાંચમી લીટી. આત્મામાં ત્યાગોપાદાનશૂન્યત્વશક્તિ નામની એક શક્તિ છે. ત્યાગઉપાદાનશૂન્યત્વનો અર્થ છે કે આત્મા કોઈ પરપદાર્થનો ત્યાગ કરે કે ઉપાદાન એટલે કોઈ પદાર્થને ગ્રહણ કરે એવો એનામાં સ્વભાવ નથી. એનું શૂન્યપણું છે, એનું અભાવપણું છે. એટલે કોઈ પરપદાર્થનો ગ્રહણ-ત્યાગ આત્માને વિષે નથી.

અહીંયાં Logic એટલું આપ્યું છે કે જો આત્મામાં આવો ગુણ ન હોત, ગ્રહણત્યાગના અભાવસ્વભાવરૂપ ગુણ ન હોત તો આત્માને ગ્રહણ-ત્યાગ થયા જ કરત. પરપદાર્થનું ગ્રહણત્યાગ થયા કરત. આત્મા કેટલાક પદાર્થને ગ્રહણ કરત, કેટલાક પદાર્થને છોડત એવી ક્રિયા એની ગુણની ક્રિયા ચાલુ રહેત. પણ એવો ખરેખર આત્મામાં ગુણ નથી, કોઈ ગુણ નથી. એટલે અનાદિથી અનંત કાળ પર્યંતમાં કોઈ આત્માએ કોઈ પદાર્થનું ગ્રહણ કર્યું નથી. અને ત્યાગ તો ગ્રહણપૂર્વક થાય છે. તેથી કોઈ પદાર્થનો ત્યાગ કરવાનો પ્રશ્ન ઉપસ્થિત થતો નથી. ત્યાગ તો ગ્રહણની અપેક્ષા રાખે છે કે જે ગ્રહણ કર્યું હોય તે છોડાય. પણ કોઈ પદાર્થ આત્માએ ગ્રહણ જ કર્યો નથી પછી કોઈ પદાર્થનો એ ત્યાગ કરે એ વાત સંભવતી નથી. એટલે હોતી નથી.

આવો આત્માનો પરપદાર્થની સાથે ગ્રહણત્યાગનો પ્રકાર છે. આવો પ્રકાર છે કે એનાથી શૂન્ય છે પોતે. તેથી જે આત્માઓ, જે જીવો પરપદાર્થનું ગ્રહણ કર્યું હોવાનું માને છે કે મેં પરપદાર્થ ગ્રહણ કર્યા. દૃષ્ટાંત તરીકે મેં આહાર ગ્રહણ કર્યો. એ પણ એની ભ્રમણા છે અને મેં હવે આહારનો ત્યાગ કર્યો, ઉપવાસ કર્યો એટલે મેં આહારનો ત્યાગ કર્યો. અથવા દાન દીધું એટલે પૈસાનો ત્યાગ કર્યો. દીક્ષા લીધી માટે કુટુંબ-પરિવારનો ત્યાગ કર્યો. એ બધી ભ્રમણા છે. (એમ) ધર્મના નામે જે વાતો ચાલે છે એમાં અને ધર્મમાં બહુ મોટો ફેર છે.

મુમુક્ષુ :- ત્યાગીનો બહુ મહિમા હોય છે.

પૂજ્ય ભાઈશ્રી :- જગત આખું ત્યાગી પાછળ ભરમાય છે. બાહ્ય ત્યાગ જુએ છે અને એને ભ્રમણા થાય છે, મોહ થાય છે કે આમાં કાંઈક મોટાઈ છે. પણ

આત્માનું સ્વરૂપ જ ગ્રહણત્યાગના અભાવસ્વરૂપ છે. એની ખબર નથી એટલે પોતે ગ્રહણ કરે છે એમ માને છે તેથી ત્યાગ કરનારને મોટા માને છે.

ત્યાગ કરનારને કોણ મોટા માને છે ? એમાંય ઠેકાણું નથી પાછું. પાછું એવું નથી કે ત્યાગ કરનારને જ મોટા માને. પાછા એના સંપ્રદાયના સાધુ એટલો ત્યાગ ન કરતા હોય તોપણ એ મોટા અને બીજા સંપ્રદાયના સાધુ એથી વધારે ત્યાગ કરતા હોય તો એને સ્વીકારે નહિ. સામાન્ય રીતે એમ કહે કે અમે તો ત્યાગપ્રધાન માન્યતાવાળા છીએ. અને અમે ત્યાગમાં માનીએ. તો એને કહીએ કે જે સર્વસંગપરિત્યાગ કરીને નગ્ન દિગંબર થાય એને તું માન કે ન માન ? ત્યાં એને અમારા ન હોય તો તકલીફ ઊભી થાય. એટલે એ પણ કલ્પના જ છે. પોતાની કલ્પના અનુસાર માને છે.

મુમુક્ષુ :- કલ્પના પણ નથી હોતી, કાંઈ નથી હોતું. કલ્પના કરીને વિચાર કરે ને ન માને...

પૂજ્ય ભાઈશ્રી :- કલ્પના એટલે આ અમારા. અમારાની કલ્પના. આ અમારા બરાબર. બીજા બરાબર નહિ. અમારામાં હોય એ બધું બરાબર. બીજાનું હોય એ બરાબર નહિ. પછી એમાં કાંઈ ન્યાય જોવો નહિ, એમાં કાંઈ એને વીતરાગતા જોવી નહિ, એમાં કોઈ નિર્દોષતા જોવી નહિ, સદોષતા જોવી નહિ. કાંઈ વિચારે નહિ. અમારું તે અમારું અને બાકી બધું અમારું નહિ એ બરાબર નહિ. આવી એક સમજણ વગરની પદ્ધતિથી જીવોને ધર્મ કરવો છે.

અહીંયાં તો વળી સાવ બીજી જ વાત છે કે એક રજકણને ગ્રહણ કરવા આત્મા સમર્થ નથી. અને જ્યારે એ કાંઈ પણ ગ્રહણ કરતો નથી ત્યારે એને કાંઈ પણ છોડવાનો પ્રશ્ન જ ઉપસ્થિત થતો નથી. એટલે એ ત્યાગ કરે છે એ વાત રહેતી નથી. પરપદાર્થનો ત્યાગ એ નામમાત્ર છે અથવા કહેવામાત્ર છે. અને આત્માએ પરપદાર્થનો ત્યાગ કર્યો એવું નામ તેને અપાતું હોવા છતાં એ નામને એ લાયક નથી આત્મા. ખરેખર તો એમ છે. 'સમયસાર'ની આ ૩૪ ગાથા છે. એને એવું નામ અપાતું હોવા છતાં ખરેખર તો નિશ્ચયથી તો એ નામનું પણ એને કાંઈ કારણ રહેતું નથી. મૂળ તો શબ્દ પચ્ચખાણ ઉપરથી આવ્યો છે. પચ્ચખાણ એટલે ત્યાગ કરવો. આપણામાં તો પચ્ચખાણ આવે છે ને ? આત્મા પોતાના સ્વરૂપે જ્ઞાન પોતે જ પચ્ચખાણ સ્વરૂપે છે. જ્ઞાન જ પ્રત્યાખ્યાન છે. એમ કરીને વાત લીધી છે. 'સૌ ભાવને પર જાણીને પચ્ચખાણ ભાવોનું કરે' એવું જે જ્ઞાન છે એ જ્ઞાન જ પ્રત્યાખ્યાન છે. એટલે કે જે પર છે એને ગ્રહણત્યાગ કરી શકાતું નથી એનું નામ ખરેખર પચ્ચખાણ છે. એનું નામ જ પચ્ચખાણ છે. એવું જાણવું એવા જ્ઞાનનું નામ પચ્ચખાણ

છે. એ વિષયને ન સમજ્યા એને ગ્રહણ તો અનાદિથી કરવાની માન્યતા પડી છે એટલે એની સાથે ત્યાગની માન્યતા ઊભી કરી. અને ગ્રહણ ત્યાગના વિધિ નિષેધ, ગ્રહણ ત્યાગના વિધિ નિષેધમાં જીવો ધર્મ માનવા લાગ્યા.

કહેવાતા જૈન સંપ્રદાયની પણ આવી અંધકારમય સ્થિતિ (છે). ત્રણે ફિરકામાં આ ગ્રહણત્યાગનો પ્રકાર ચાલે છે. જે સંપ્રદાયમાં આ વિષય પડયો છે કે પચ્ચખાણ કોને કહેવું ? અથવા ગ્રહણત્યાગ આત્માને વિષે થઈ શકતા નથી. એવી વાત કહેનાર જ્યાં છે ત્યાં આનું અંધારું છે તો બીજાની તો આશા શું રાખવી ? બીજા સંપ્રદાયોની શું આશા રાખવી કે ત્યાં કાંઈ માલ હોય. ત્યાં બધા ત્યાગ પાછળ પાગલ થાય છે. ગાંડા થાય છે. વાહ ! આ તો ત્યાગી છે. આપણે ત્યાગી નથી અને આ ત્યાગી છે. એમ કરીને બહુમાન કરે છે અને ધર્મભાવે એને વંદન, પૂજન, નમસ્કાર, બહુમાન આદિ કરવામાં આવે છે.

મુમુક્ષુ :– મૂળ દિગંબરમાં કેમ આવું થયું હશે ? આમાં લખ્યું છે તો...

પૂજ્ય ભાઈશ્રી :– એમાં લખ્યું છે પણ વાંચે ત્યારે ને ? કોઈને વાંચવાની વાણિયાને ફૂરસત નથી. આ લોકો જેણે આપણી સામે ઝઘડો ઉપાડ્યો એ લોકોના જીવન જુઓ તો ધંધો-વેપાર સિવાઈ કાંઈ ન હોય. ખ્યાલ છે બધા શેઠિયાઓ. વેપારી લાગ પડે પોતાની માન્યતા હોય ત્યાં લાખ-પચાસ હજારનું દાન દઈ દે. બાકી એ સિવાય ખર્ચ કરવા સિવાય એ લોકોને ધંધો અને કમાવું સિવાય જીવનમાં બીજું કાંઈ ધ્યેય નહિ અને બીજી કોઈ (પ્રવૃત્તિ નહિ). પછી ધ્યેય પાછળની જ બધી પ્રક્રિયા ચાલતી હોય એટલે બીજી કોઈ ક્રિયા નહિ. પાછા એ સ્વીકાર કરે કે અમે તમારા જેટલું ન સમજીએ. પાછા એમ કહે કે નહિ, તમે આ કરો એ બરાબર નહિ. બે વાતનો કાંઈ મેળ ખરો ? તમારા જેટલું અમે સમજીએ નહિ અને તમે કરો એ બરાબર નથી. ઠીક ! આવું બધું ચાલે છે.

મુમુક્ષુ :– મિથ્યાદષ્ટિના ત્યાગની અનુમોદના ન કરીએ પણ સત્પુરુષ આદિએ જે માન આદિનો ત્યાગ કર્યો, બીજા અનેક દોષોનો, એની અનુમોદનાનો ભાવ તો મુમુક્ષુજીવને આવે જ ને ?

પૂજ્ય ભાઈશ્રી :– એમાં ત્યાગ શું છે ? કે ખરેખર ત્યાગ છે એ ત્યાં... એમના ત્યાગને સમજવો જોઈએ કે ત્યાગ એટલે શું ? કે એવા દોષરહિત નિર્દોષ પરમાત્મસ્વરૂપને પોતારૂપે શ્રદ્ધાનમાં શ્રધ્યું છે, જ્ઞાનમાં સ્વીકાર કર્યો છે, અંગીકાર કર્યો છે, આદર કર્યો છે એ એમના ત્યાગનું સ્વરૂપ છે. દોષના ત્યાગનું સ્વરૂપ નિર્દોષતાનું ગ્રહણ છે. એટલે દોષનો અભાવ થયો છે. એમની દશામાં દોષ હતો એનો જે અભાવ કર્યો તો જે નિર્દોષ સ્વરૂપ છે એના શ્રદ્ધા-જ્ઞાનપૂર્વક કર્યો. એ

જોવાનો વિષય છે. એમ જોવું જોઈએ. પણ દોષનો ત્યાગ એ બીજી વાત છે અને પરપદાર્થનો ત્યાગ એ બીજી વાત છે. લોકો જે મોહ પામે છે એ તો બાહ્ય ત્યાગમાં મોહ પામે છે. એમ ત્યાગી સમજે છે.

નિર્દોષતાને કોણ જોવે છે ? જો મુનિ હોય તો ભલે ખોટા મુનિ હોય. દ્રવ્યલિંગી પણ ન હોય તો એને સંપ્રદાયના મુનિ તરીકે માને છે. અને સમ્યક્દૃષ્ટિ ગૃહસ્થ હોય અને એણે પ્રથમ અનંતાનુબંધી જેવા મહાન કષાયની અને મિથ્યાત્વ જેવા મહાન પાપનો, મહાન દોષનો અભાવ કર્યો હોય તો એને ન માને. પેલાને માને અને આને ન માને. એને અનંતાનુબંધી અને મિથ્યાત્વ બેય રહ્યું છે. પહેલા ગુણસ્થાને છે એને માને અને આ ચોથે ગુણસ્થાને છે એને ન માને. સદોષપણું છે એને માને અને નિર્દોષતા થઈ છે એને ન માને. એટલે એ કાંઈ માનવાનું એને ઠેકાણું તો છે નહિ. દોષ-નિર્દોષતાને પરખવાની, ઓળખવાની દૃષ્ટિ હોય તો આખી જુદી વાત થઈ જાય છે, તદ્દન બીજી વાત થઈ જાય છે.

અહીંયાં તો એટલો ન્યાય આપ્યો છે કે જો આવું ન હોત. એવું ન માનવામાં આવે કે આત્મા ગ્રહણત્યાગથી શૂન્ય છે, એવું ન માનવામાં આવે તો આત્માને ગ્રહણત્યાગ સદાયને માટે રહેત. તો કદી કોઈ આત્મા સિદ્ધ અવસ્થામાં હોત નહિ. કેમકે શરીર ગ્રહણ એણે માન્યું છે ને ? આત્માએ શરીર ગ્રહણ કર્યું, કર્મનું ગ્રહણ કર્યું, નોકર્મનું ગ્રહણ કર્યું, આહારનું ગ્રહણ કર્યું. અશરીરીને નિષ્કર્મ દશા છે ત્યાં. એ સાબિત કરે છે કે આત્મા સ્વભાવથી કેવો છે ? ગ્રહણ કરે એવો નથી અને ત્યાગ કરે એવો નથી. સંયોગ થયા તે આપોઆપ અને સંયોગ છૂટ્યા તે પણ આપોઆપ. એમાં આત્માને સ્વભાવથી કાંઈ લેવાદેવા નથી. અવસ્થામાં ભલે નિમિત્ત-નૈમિતિક સંબંધ છે તોપણ સ્વભાવથી કાંઈ લેવા દેવા નથી. સ્વભાવ તો ગ્રહણત્યાગથી શૂન્ય છે.

મુમુક્ષુ :– ...

પૂજ્ય ભાઈશ્રી :– એકાર્થ છે.

મુમુક્ષુ :- કંઈ ખાસ રહસ્ય છે ?

પૂજ્ય ભાઈશ્રી :– ના. ઉપાદાન અહીંયાં ગ્રહણના અર્થમાં છે. અહીંયાં ઉપાદાન છે એ ગ્રહણના અર્થમાં છે. ઉપાદાન એટલે નિજ શક્તિ થાય છે. ઉપાદાનનો અર્થ થાય છે નિજશક્તિ. પણ અહીંયાં તો ગ્રહણત્યાગના શૂન્યરૂપ શક્તિ છે. ગ્રહણત્યાગના અભાવરૂપ, ગ્રહણત્યાગના શૂન્યરૂપ એક શક્તિ છે. ગ્રહણનો પણ અભાવ અને ત્યાગનો પણ અભાવ. એવી એક શક્તિ છે.

**'અકર્તૃત્વ વિના કર્મનો કર્તા હોત.'** લ્યો, આ સંપ્રદાયના કર્મના ઝઘડાનો ફેંસલો

છે. આત્મા કર્મને બાંધે છે ને આત્મા કર્મને છોડે છે. આત્મા કર્મનો કર્તા છે એ મૂકી દીધું. કર્મના પરમાણુ સ્વયં પોતે કાર્યશીલ હોવાને લીધે પોતે જે કાંઈ કાર્ય કરે છે તે કરે છે પોતાને લીધે. એમાં આત્માનું દ્રવ્યથી, ક્ષેત્રથી, કાળથી, ભાવથી કાંઈ પણ કરવાપણું નથી. સદંતર અભાવ છે એનો.

જો આત્મામાં એવું કર્મનું કર્તાપણાના અભાવરૂપ કર્તૃત્વ ન હોત, એમ Logic આપે છે, તો આત્મા સદાય કર્મને કર્યા જ કરત. ક્યારેય આત્મા કર્મને ન કરે એવી પરિસ્થિતિ ન ઊભી થાત કે ન ઊભી થઈ હોત. પણ સાબિતી છે અનંતા આત્માઓ થઈ ગયા કે આત્મા કર્મને કરતો નથી. જે કર્મને એ ચક્ષુઇન્દ્રિય દ્વારા જોઈ શકતો નથી, જાણી શકતો નથી, એની પાસે જે વર્તમાન ઉપલબ્ધ મતિ-શ્રુતજ્ઞાન જ્ઞાન છે એના દ્વારા તો કર્મને જાણવું અશક્ય છે. પછી જેને એ જાણતો નથી એમાં એ કરે શું ? જે વસ્તુની તમને ખબર નથી, જાણપણું નથી એમાં તમે શું કરો ? એ કંઈ કરવાનો પ્રશ્ન ઊભો થતો નથી. છતાં શાસ્ત્ર વાંચીને એક ઊંધી માન્યતા નક્કી કરે છે કે હું કર્મને બાંધું છું. મેં કર્મને બાંધ્યા. હું કર્મને બાંધુ છું. હું કર્મનો કર્તા છું, કર્મ મારું કાર્ય છે. અને જે કર્મનો કર્તા માને એ કર્મને પણ કર્તા માન્યા વિના રહે નહિ. મને દોષ થયો એ કર્મનો ઉદય છે. હું શું કરું ? મારે તો કાંઈ દોષ કરવો નથી પણ કર્મનો ઉદય મને દોષ કરાવે છે. એ આવ્યા વિના રહે નહિ.

મુમુક્ષુ :– જે કર્મ બંધાય છે એમાં એને જાણવું થયા પછી જ કર્મ બાંધી શકે ? વગર જાણ્યે પણ બાંધતો હોય તો શું વાંધો આવે ?

પૂજ્ય ભાઈશ્રી :– કેવી રીતે બાંધે ? કહે છે કે હું કર્મનો બાંધનાર. તો કર્મને કર્મની તો કાંઈ ખબર નથી પડતી અને તો એને મનભાવતા બાંધે. જો એ કર્મ બાંધનાર હોય તો એને ભાવે, એને સારા લાગે એવા જ બાંધે ને ? નબળા શું કરવા કોઈ બાંધે ? જે કર્મના પરમાણુ એને દુઃખદાયી થાય, હેરાન કરે એવા કર્મને એ શું કરવા બાંધે ? સારા સારા વીણી વીણીને જ લે ને. તમને કોઈ એમ કહે કે બજાર આ ખુલ્લી છે. તમારે જે જોઈએ તે લઈ જાવ. અમારું રાજ છે અત્યારે. તો પછી ઝવેરાતની દુકાનમાં જાય ને. પછી કાંદા-બટેટાના Godown માં કોણ જાય ? ભાજી-મૂળા લેવા કોણ જાય ? એ તો ઝવેરાતની દુકાનમાં જ જાય. એ તો સીધી વાત છે.

મુમુક્ષુ :– એ તો પસંદગીનો પ્રશ્ન થઈ જાય. જાણતો હોય અને જાણીને કાર્યો કરતો હોય. આ તો કર્મ તો પોતે જાણતો નથી અને છતાં બંધાયા કરે છે.

પૂજ્ય ભાઈશ્રી :– બંધાયા કરે છે એ જ કહે છે કે આપોઆપ બંધાય છે.

તને તો ખબર પણ નથી. આપોઆપ બંધાય છે. આ માણસ કહે છે, મેં આહાર લીધો. મેં આહાર પચાવ્યો. તો અપચો થયો તે દિ' શું કરવા ન પચાવ્યો ? નહોતો પચાવવો તે દિવસે ? મેં આહાર ખાધો. હવે હું આહાર પચાવું છું. પચાવવામાં એને કાંઈ અંદરમાં સમજણ પડે છે કે આમ પચાવાય, આમ પચાવાય ? ડૉક્ટરે એમ કહે કે તમારા લીવરમાંથી પાચકરસ જરતો નથી માટે તમને પચતું નથી.

મુમુક્ષુ :– સમજ્યા વગર ... તો ન પચે.

પૂજ્ય ભાઈશ્રી :– લીવર Choke-up થઈ ગયું છે. અને લીવર વગર પચશે નહિ. તો પચાવી દેને તો પછી. હું પચાવતો હોય તો પચાવી દે. તારું લીવર કહેવાય છે તો રાખ સરખું. સખણું રાખ એને. આહારના પરમાણુની સપ્ત ધાતુની અંદર વહેંચણી થાય છે. એમાં એને કાંઈ ખબર પડે છે ને કાંઈ સમજણ પડે છે કે આમ કરવું ને આમ કરવું ? આને લોહીમાં લઈ જવું, આને હાડકામાં લઈ જવું. કાંઈ ખબર પડે છે ? પરમાણું સતત ક્રિયાશીલ રહે છે. પરમાણું સતત જ ક્રિયાશીલ રહે છે. એ પોતે ક્યા પરમાણુની ક્રિયા કરવા જાય છે ? કેટલી ઇચ્છાઓ કરે છે એ બધી ક્રિયા કરવામાં ? અસંખ્ય પરમાણુઓ કામે લાગે છે અને આપોઆપ બધા પર્યાયથી પર્યાયાંતર થતા જ રહે છે.

મુમુક્ષુ :– પણ શુભાશુભ ભાવ કરે છે તો કર્મ બંધાય છે ને ?

પૂજ્ય ભાઈશ્રી :– શુભ અશુભ ભાવ કરે છે એના નિમિત્તે કર્મ બંધાય છે. પણ શુભઅશુભ ભાવ કરવાનો પણ આત્માનો સ્વભાવ નથી. તો કર્મ બાંધવાનો તો આત્માનો સ્વભાવ કેમ હોઈ શકે ? આમ લેવું જોઈએ. જો આત્માનો સ્વભાવ શુભાશુભ ભાવ કરવાનો પણ એનો સ્વભાવ નથી તો પછી કર્મ કરવાનો આત્માનો સ્વભાવ કેમ હોઈ શકે ? અહીંયાં પ્રકરણ સ્વભાવનું ચાલે છે. જે પ્રકરણ ચાલે છે એ સ્વભાવનું ચાલે છે. આત્મામાં સ્વભાવ કેવો ?

જો એ સ્વભાવને યથાર્થ પ્રકારે ઓળખે તો એને સર્વ પ્રકારના દુઃખનો પણ આપોઆપ અભાવ થાય અને સ્વભાવિક સુખ એને ઉત્પન્ન થઈને અનંત સુખ ઉત્પન્ન થાય. એટલે એના પ્રયોજનની સિદ્ધિ થાય. દરેક જીવને પ્રયોજન તો સુખ-શાંતિનું છે. ચાહે તે માન્યતા કરીને કે ચાહે તે માન્યતાથી પ્રવૃત્તિ કરી શકતો હોવાનું માનીને. કરી તો નથી શકતો પણ કરી શકતો હોવાનું માનીને, એને પ્રયોજન તો સુખ-શાંતિમાં રહેવાનું જ છે કે બીજું કાઈ છે ?

કારખાનું હું ચલાવું છું. મારા જેવું કોઈ ન ચલાવી શકે. એ માને છે. એમ માનીને પણ એને તો સુખ-શાંતિ સિવાય બીજું શું પ્રયોજન છે ? ભલે દુઃખ મળતું હોય પણ પ્રયોજન તો એનું એ જ છે. તો એને કહે છે કે તારું સ્વભાવ-સ્વરૂપ

જેવું છે એવું જો તું સમજ તો તારા પ્રયોજનની સિદ્ધિ છે. અને સર્વ અનિષ્ટનો ઉત્પાદ જ નહિ થાય. એને નાશ થયો એમ કહેવામાં આવે છે. કોઈપણ પ્રકારનું અનિષ્ટ ઉત્પન્ન નહિ થાય. દુઃખ થાય એવું, તને દુઃખ થાય એવું તારાથી નહિ થાય. બસ !

મુમુક્ષુ :– જીવનો સ્વભાવ અકર્તા છે. એ તો સિદ્ધ ભગવાની વાત થઈ. અમારો જીવ ચારે ગતિમાં અનાદિ કાળથી રખડે છે એનું કારણ શું ?

પૂજ્ય ભાઈશ્રી :– એનું કારણ અકર્તા સ્વભાવનું અજ્ઞાન. હું અકર્તા છું એ નાસ્તિથી થઈ. કરતો નથી એમ નાસ્તિ થઈ. અને માત્ર જ્ઞાતા છું એનું અજ્ઞાન. એનું અજ્ઞાન છે. એ અજ્ઞાનને લઈને ચાર ગતિમાં ભ્રમણ કરે છે. જૈન સંપ્રદાયની અંદર સ્થૂળપણે એવું સમજાવવામાં આવે છે કે જીવને કર્મ નરકમાં લઈ ગયા. જેમ અન્યમતિમાં એમ કહે કે જમડા આવીને જીવને લઈ ગયા. શું કહે ? આ કર્મને જમડા બનાવે છે કે આ કર્મ એને લઈ ગયા. કર્મ એને નરકમાં લઈ ગયા. ત્યાં ઓલા પાડા ઉપર રાક્ષસને બેસાડે છે કે આવ્યો જમ. એ હવે દોરીએથી બાંધીને લઈ જશે. કલ્પનાચિત્ર છે. અહીંયાં એને કર્મ બાંધીને લઈ જાય છે. પણ જીવ સ્વયં જ ગતિ કરે છે. ગતિક્રિયા કરવી એવી ક્રિયાવતી નામની જીવમાં શક્તિ છે અને એ શક્તિનું ઉત્કૃષ્ટ કાર્ય એવું છે કે એક સમયમાં ચૌદ બ્રહ્માંડનું અતંર કાપે. લોકના એક છેડેથી નીચેથી ઉપર જાય. પરમાણુ હોય કે જીવ હોય. એ બંનેમાં આવી ગતિક્રિયા કરવાની શક્તિ છે.

જો એનામાં એવી શક્તિ ન હોય તો એ ક્રિયા કોઈ ગતિ કરાવવાની કરાવી પણ ન શકે. શક્તિનો એક સિદ્ધાંત એવો છે કે જો જીવમાં શક્તિ હોય તો એ શક્તિ સ્વતઃ કાર્ય કરે છે, પોતાની શક્તિને કારણે. અને જો જીવમાં શક્તિ ન હોય તો જે શક્તિ ન હોય એવું કાર્ય કોઈપણ ઉપાયે કરાવી શકાય નહિ. એથી પણ સાબિત થાય છે કે બીજાની જે લપ વળગી છે એ ખોટી છે. બીજાથી થાય અને બીજાથી ન થાય, એ વાત બધી ખોટી છે. એની શક્તિ હોય એ પ્રમાણે જ કાર્ય થાય.

એવો એક પુત્રની બાબતમાં જ્ઞાનીઓનો ઉપદેશ છે કે તારે કોના માટે ભેગુ કરવું છે ? સુપુત્ર માટે કે કુપુત્ર માટે ? એમ કરીને એક ઉપદેશ આપ્યો છે. જો સુપુત્ર તારે છે તો તારે ચિંતા કરવાની જરૂર નથી. અને જો કુપુત્ર છે તો એના માટે ભેગું કરીને તારે શું કામ છે ? એટલે બેય વાત સુપુત્ર હોય કે કુપુત્ર હોય તારે પરિગ્રહ કરવાની જરૂર નથી. બેયમાંથી એમ જ ફલિત થાય છે.

મુમુક્ષુ :– સુપુત્ર છે કે કુપુત્ર છે એનું ભાન નથી એટલે પોતે પોતા ઉપર

નિર્ભર રહી શકે એટલા માટે ભેગું કરે છે.

પૂજ્ય ભાઈશ્રી :– અવિશ્વાસ છે પહેલેથી એમ કેહવું છે ? સુપુત્ર ઉપર તો અવિશ્વાસ રાખવાનું કારણ નથી.

મુમુક્ષુ :– સુપુત્ર છેલ્લી ઘડીએ કુપુત્ર થઈ જાય. ત્યાં તો એને માટે મૂકી જવાની વાત છે. સુપુત્ર માટે મૂકી જવું કે કુપુત્ર માટે મૂકી જવું.

પૂજ્ય ભાઈશ્રી :– હા, એના માટે વાત છે. પોતાને માટેની જુદી વાત છે. આ તો એમ મૂકી જવા માટે જે પોતાની જરૂરિયાત કરતા ઉપરાંત પછી પ્રવૃત્તિમાં લાગ્યો રહે છે, જેને પોતાની આવશ્યક્તા ઉપરાંત પછી જે આવે છે એમાંય પોતે રસ લે છે, એ પ્રવૃત્તિમાં લાગ્યો રહે છે અને આત્માનું હિત વિચારવા માટે નવરો થાતો નથી એને એમ કહે છે કે તું કોના માટે કરે છો ? એ તો જવાબ દે ? એમ. અપેક્ષા તો એ છે.

મુમુક્ષુ :– ક્રિયાવર્તી શક્તિ...

પૂજ્ય ભાઈશ્રી :– હા. ક્ષેત્રનું ક્ષેત્રાંતર થવું એ ક્રિયાવતી શક્તિ(ને કારણે થાય છે). ગમનક્રિયા છે, ગતિક્રિયા છે એ ક્રિયાવતી શક્તિનું પરિણમન છે.

મુમુક્ષુ :– છ દ્રવ્યમાં ...

પૂજ્ય ભાઈશ્રી :– ના, એ શક્તિ નથી. કાળાણુમાં નથી, આકાશમાં નથી. એક જીવ અને પુદ્ગલમાં જ છે.

મુમુક્ષુ:– ગમન કરવામાં નિમિત્ત થાય છે..

પૂજ્ય ભાઈશ્રી :– નિમિત્ત છે એ તો. એ તો ધર્માસ્તિકાય નિમિત્ત છે ગમન કરવામાં. અને સ્થિર રહે ત્યાં અધર્માસ્તિકાય નિમિત્ત છે. અને ક્રિયાવતી શક્તિના બે પ્રકારના પરિણમન-ગતિ અને સ્થિતિ બેય. બેય એના જ પરિણમન છે. એટલે સિદ્ધ ભગવાન સ્થિર છે એ પણ ત્યાં પરિણમન છે અને જ્યાં ગતિ થાય એક સમયમાં સીધા મધ્યલોકમાંથી સાત રાજૂનું અંતર કાપી અને સિદ્ધાલયમાં એક જ સમયમાં જાય છે એ પણ ક્રિયાવતી શક્તિનું કારણ છે. ત્યાં તો નિષ્કર્મ દશા થઈ ગઈ છે. જો કર્મ સિવાય જીવ ગતિ ન કરે અને કર્મ જ એને ખેંચીને બધે લઈ જાય તો સિદ્ધમાં કોઈ ન જાય. આપોઆપ જો ઊર્ધ્વગમનની ક્રિયા ન હોય તો ત્યાં તો નિષ્કર્મ દશા થઈ ગઈ છે. નીચે જ તે.

જે સમયે ચૌદમું ગુણસ્થાન પૂરું થયું અને ચારે અઘાતિનો પણ અભાવ થયો, ઘાતિ તો તેરમે અભાવ થયા હતા અને એમાં તો આયુષ્ય પર્યંત કોઈ લાખો-કરોડો વર્ષ પણ અરિહંત અવસ્થામાં રહે, જેમકે સીમંધરભગવાન. એક લાખ પૂર્વ રહેશે. ૮૩ લાખ પૂર્વ છદ્મસ્થ અવસ્થામાં અને એક લાખ પૂર્વ (અરિહંત અવસ્થામાં

રહેશે). ૮૪ લાખ પૂર્વનું આયુષ્ય છે. એક લાખ પૂર્વ અરિહંત અવસ્થામાં રહેશે. જે સમયે ચાર અઘાતિ પૂરા થયા એ જ સમયે ઉપર વયા જશે. એ જ સમયે, બીજો સમય નહિ પછી. ત્યાંનો સમય એ, વચ્ચેના સાત રાજૂનો સમય એ અને સિદ્ધાલયનો સમય પણ એ જ છે. એક જ સમયમાં આ ત્રણ અવસ્થા છે ક્ષેત્રની. એટલી ઝડપ છે.

મુમુક્ષુ :– કોઈ જીવ આકાશના એક પ્રદેશથી બીજા પ્રદેશમાં ગતિ કરે એક સમયમાં અને કોઈ ચૌદ રાજૂલોક ચાલ્યો જાય તોય એક સમયમાં એ...

પૂજ્ય ભાઈશ્રી :– એક પ્રદેશેથી બીજા પ્રદેશે જાય ત્યાં 'મંદ ગતિએ' એવો શબ્દનો પ્રયોગ છે. એક પરમાણું મંદ ગતિએ આકાશના એક પ્રદેશથી બીજા પ્રદેશ સુધી ગમન કરે તેને એક સમય કહેવામાં આવે છે. શીઘ્રપણે જો એ ગમન કરે તો ચૌદ બ્રહ્માંડને કાપે.

મુમુક્ષુ :– શીઘ્ર અને મંદ ગતિ કરે છે એમાં નિમિત્તકારણ કોણ ?

પૂજ્ય ભાઈશ્રી :– નિમિત્તકારણ કાંઈ નહિ. ઉપાદાન કારણ કોણ એટલું જોવાનું. નિમિત્તકારણ કાંઈ નહિ. નિમિત્ત તો આરોપ કરવાનો વિષય છે. જ્યારે જે હોય જે અનુકૂળ હોય એને (નિમિત્ત કહેવાય). બાકી એના ઉપાદાનથી કામ કરે છે. જે સંયોગ હોય એના ઉપર નિમિત્તનો આરોપ આવે.

મુમુક્ષુ :– ઉપાદાનશક્તિ તો બેયમાં સરખી છે. એક કરે છે અને એક નથી કરતો.

પૂજ્ય ભાઈશ્રી :– સરખી છે. એટલે જે કાર્ય જે રીતે કરે છે એમાં પોતાના ક્ષણિક ઉપાદાન અનુસાર કામ કરે છે. ત્રિકાળી ઉપદાન તો આટલું છે. એક સમયમાં ચૌદ બ્રહ્માંડમાં ગતિ કરવાનું. વર્તમાનમાં ક્ષણિક ઉપાદાન અનુસાર કામ કરે છે. જેમકે યથાખ્યાત ચારિત્ર એ ચારિત્રગુણનો સ્વભાવ છે. નીચે સ્વરૂપાચરણચારિત્ર છે એ એનું ક્ષણિક ઉપાદાન છે. એ મંદ ચારિત્ર છે, પેલું સંપૂર્ણ ચારિત્ર છે. ગુણ છે એ અધૂરો ન હોય. અવસ્થામાં અધૂરાપણું, આવરણપણું, વિભાવપણું આ બધા ધર્મ અવસ્થાના છે અને પૂર્ણપણું આ બધાય અવસ્થાના ધર્મ છે. ધર્મ એટલે જે ભાવને ધારણ કરે તે ધર્મ.

મુમુક્ષુ :– 'શ્રીમદ્જી'એ એમ કીધું કે આત્મા કર્મનો કર્તા છે, ભોક્તા છે એ કઈ અપેક્ષાથી ?

પૂજ્ય ભાઈશ્રી :– વ્યવહારથી. જે ભાવે જેના નિમિત્તે કર્મ બંધાય છે તેને કર્મનો કર્તા કહ્યો. જે ભાવે એ કર્મ ભોગવવાનું નિમિત્ત થાય છે એને ભોક્તા કહ્યો. ત્યાં શું છે કે ત્યાં આત્માના મૂળ સ્વભાવનું પ્રકરણ નથી ચાલતું. ત્યાં આત્માના

મૂળ સ્વભાવનું પ્રકરણ નથી ચાલતું. ત્યાં પ્રકરણ શું ચાલે છે ? કે જો ભાઈ ! તને કર્મ બંધાય છે, તને કર્મ છૂટે છે. એ વ્યવહારભાષાથી કહેવામાં આવે છે. એને તું સમજ કે એની પાછળ કારણો શું છે ? તો એને કારણ એ પકડાવવું છે કે તારા દોષે તને બંધન છે અને તારી નિર્દોષતાએ તને છૂટકારો છે. એવું સમજાવવા માટે સીધું ન સમજે તો નિમિત્તથી બતાવે છે કે તને કર્મ બંધાય છે, તને કર્મથી મોક્ષ થાય છે. પણ એમાં સમજાવવું છે એનો દોષ અને એની નિર્દોષતા. તો જ્યાં જે કહેવાનો આશય છે એ સમજવો જોઈએ. કહેવામાં કાંઈક વાત ચાલતી હોય અને અંદર બીજી વાત ઘૂસાડે એ તો ખોટી વચ્ચે ટાંગ નાખીને આંટી મારવાની વાત છે. જ્યાં જે અપેક્ષા ચાલતી હોય ત્યાં બીજી ટાંગ નાખવી નહિ. અપેક્ષાનું જ્ઞાન કરી લેવું કે આવા કથનમાં અપેક્ષાઓ શું હોય છે ? આવા કથનમાં અપેક્ષાઓ શું હોય છે ? આવા કથનમાં અપેક્ષાઓ શું હોય છે ? પછી જે તે અપેક્ષા સમજ્યા પછી ક્યાં કઈ અપેક્ષા ચાલે છે એનો ઉપયોગ સમજવામાં કરવો.

મુમુક્ષુ :– આ વાત બહુ મહત્ત્વની છે. નહિતર પ્રશ્ન-ઉત્તર ચાલ્યા જ કરે...

પૂજ્ય ભાઈશ્રી :– એ અપેક્ષા લાગુ થતી નથી. એ નિયમ એને પહેલેથી જ સ્વીકારવો જોઈએ. પહેલેથી જ સ્વીકારવો જોઈએ. વ્યવહાર નિશ્ચયની અપેક્ષા જ એવી છે-પરસ્પર વિરુદ્ધ. કે આ જીવે અનંત જન્મ-મરણ કર્યાં છે એમ વ્યવહાર કહે છે. શું કહે છે ? (અનંત જન્મ-મરણ કર્યાં છે). નિશ્ચય એમ કહે છે કે તું કદી જન્મ્યો નથી. તું સ્વરૂપે કરીને અજન્મા છો તેથી મરવાનો તારા માટે સવાલ ઊભો થતો નથી. તું તો શાશ્વત પદાર્થ છો. જન્મ-મરણ આત્માને વિષે કદી થઈ શકતા નથી. તદ્દન વિરુદ્ધ વાત છે. છે કે નહિ ? સામેસામી વિરુદ્ધ વાત છે. પણ બેય વાત એને જે અપેક્ષાએ કહેવી છે એ અપેક્ષાએ એ યથાસ્થાનમાં બરાબર છે.

જ્યાં જન્મ-મરણ કહેવામાં આવે છે ત્યાં નવા નવા શરીરોનું ગ્રહણ-સંયોગ લેવો છે અને તે તે ગ્રહણ થયેલા-સંયોગ થયેલા શરીરોનો વિયોગ થયો તેને અહીંયાં મરણ કહેવું છે. ત્યાં ક્યાંય આત્માનું જન્મ-મરણ કહેવું છે એમ તો છે જ નહિ. જ્યારે જન્મ-મરણ કહ્યું છે ત્યારે નિશ્ચયને તોડીને ક્યારેય કહ્યું નથી. નિશ્ચયની વાત એવી છે કે કોઈ પણ વ્યવહારની વાત નિશ્ચય વિરુદ્ધ કરેલી હોવા છતાં, કેમકે વિષય જ બંનેનો વિરુદ્ધ છે, કદી નિશ્ચયને તોડીને વ્યવહાર વાત કરતો નથી. આ એનો સિદ્ધાંત છે. અબાધિત સિદ્ધાંત છે. પણ આ જન્મ-મરણ કહ્યા એનું શું ? કે આની આટલી અપેક્ષા. મર્યાદા શું ? કે સંયોગમાં શરીર આવ્યા અને એ આવેલા સંયોગોનો વિયોગ થયો. એને જન્મ-મરણ કહેવામાં આવ્યા. ખરેખર આત્માને જન્મ-મરણ નથી એ વાત તો એમને એમ અખંડ અબાધિત ઊભી રહે છે. એને બાધા

પહોંચતી નથી. વ્યવહાર-નિશ્ચયમાં સર્વત્ર આ ન્યાય લાગુ કરવો. પછી ક્યાંય તકલીફ પડે તો કહેજો.

મુમુક્ષુ :– પ્રવચન સાંભળવાની આચારસંહિતા આ છે.

પૂજ્ય ભાઈશ્રી :– તો બીજી દખલ ઊભી ન થાય અથવા તર્ક-કુતર્ક ન થાય. નહિતર તો આ એવું છે કે આત્મામાં એટલા બધા ગુણધર્મો છે અને કેટલાક ધર્મો એવા પરસ્પર વિરુદ્ધ છે કે જેને એક પદાર્થમાં સાથે રહેવામાં વિરોધ નથી, પણ એના જ્ઞાનમાં, બુદ્ધિ, મગજમાં સાથે રહેવા જોઈએ. એ ધર્મોને સાથે રહેવામાં પદાર્થ વિરોધ કરતો નથી, વિરુદ્ધ ધર્મો હોવા છતાં.

જેમકે એક અને અનેક, શુદ્ધ અને અશુદ્ધ. નિત્ય અને અનિત્ય પરસ્પર વિરુદ્ધ ધર્મો છે. જે નિત્ય છે તે જ અનિત્ય છે અને અનિત્ય છે તે જ નિત્ય છે. આમાં આવશે. એને સાથે રહેવામાં વિરુદ્ધ નથી. પદાર્થ ધ્રુવ પણ રહે અને પદાર્થ પલટ્યા પણ કરે. બેય પદાર્થને જ સંજ્ઞા લાગુ પડે-ધ્રુવપણાની અને પલટવાની. તો પદાર્થને એમાં વિરોધ નથી પણ બુદ્ધિને વિરોધ ન આવે તો એને કહે છે કે શાબાશ છે તને ! બુદ્ધિમાં વિરોધ આવ્યો તો ક્યાંય તર્કથી એનો પાર આવે એવું નથી કે એના વાદવિવાદથી પણ પાર આવે એવો નથી. એ તો મારું હિત કેમ થાય, એક દૃષ્ટિકોણ મુખ્ય કરીને પદાર્થનું સ્વરૂપ સમજવાનો પ્રયત્ન કરે તો એને કાંઈ તકલીફ થાય નહિ.

(અહીંયાં કહે છે), **'અકર્તૃત્વ વિના કર્મનો કર્તા હોત.'** આત્મામાં કર્મનો અકર્તાપણાનો જે સ્વભાવ છે એવું ન હોત તો આત્મા કદી કર્મ કર્યા વિનાનો રહી શકત નહિ. પણ એ કર્મ કર્યા વિનાનો રહે છે. અનંતા આત્માઓ રહે છે એ એના સ્વભાવ પ્રસિદ્ધ થતા રહે છે અને પહેલા એ જ સ્વભાવના અજ્ઞાનમાં એને કર્મ બાંધતો હોવાનો ભ્રમ થતો હતો અને એનાથી એ દુઃખી થતો હતો. એ તો જે છે એ જ સ્વભાવે છે. સ્વભાવે બીજી રીતે થયો નથી.

મુમુક્ષુ :– આ ભાવકર્મનું બદલવું.

પૂજ્ય ભાઈશ્રી :– અહીંયાં તો દ્રવ્યકર્મની મુખ્ય વાત છે અને ભાવકર્મ લઈ લેવા જોઈએ. કેમકે ભોક્તૃત્વમાં ભાવ લીધો છે. ઓલામાં કર્મ શબ્દ લીધો છે એટલે સામાન્ય રીતે એક પદમાં દ્રવ્યકર્મ ઉતાર્યું અને બીજા પદમાં ભાવકર્મ ઉતાર્યું. પણ બેયમાં દ્રવ્ય, ભાવ લાગુ પડે. બેય બોલમાં ભાવકર્મનો અને દ્રવ્ય(કર્મનો ભાવ લાગુ પડે). ભાવકર્મનો પણ સ્વભાવથી આત્મા કરતા નથી.

જો આત્માને આત્માના સ્વભાવની દૃષ્ટિથી જોવામાં આવે તો આત્મા વિભાવનો, અજ્ઞાનનો, મિથ્યાત્વનો, રાગનો, મોહનો કોઈપણ ભાવકર્મનો આત્મા સ્વભાવથી

કર્તા નથી અને સ્વભાવથી કરી શકતો પણ નથી. જે જ્ઞાનીને અકર્તા કહેવામાં આવ્યો છે એ આ સ્વભાવદૃષ્ટિએ કહેવામાં આવ્યો છે કે એ પોતાના સ્વરૂપનો એવો અનુભવ કરે છે કે મારો સ્વભાવ એવો છે કે જેના દ્વારા, જે સ્વભાવ દ્વારા હું રાગને કરી શકું નહિ. એવો હું છું, એવો હું છું. આમ એ પોતાના સ્વરૂપને અનુભવે છે, જોવે છે. એટલે જ્ઞાની રાગનો અકર્તા છે. એની અવસ્થામાં રાગાંશ જોઈને પણ એમ કહે કે એ રાગનો અકર્તા છે. કેમકે પોતે પોતાને એવો રાગનો કર્તા અનુભવતો નથી અને રાગનો કર્તા કેમ અનુભવતો નથી ? કે એવું એનું સ્વરૂપ છે માટે એમ અનુભવતો નથી. રાગના અકર્તાપણાનું એનું સ્વરૂપ છે માટે અનુભવતો નથી. જેવું સ્વરૂપ છે એવો અનુભવ કરે છે કે જેવું સ્વરૂપ છે એથી અન્યથા અનુભવ કરે છે ? (જેવું સ્વરૂપ છે) એવો જ અનુભવ કરે છે.

એ દૃષ્ટિકોણ ઉપર, એ મુખ્ય પડખું રાખીને ભગવાન 'કુંદકુંદાચાર્ય'એ 'સમયસાર'ની રચના કરી છે. 'સમયસાર'ની જે રચના કરી છે એનું મુખ્ય પડખું આ છે કે જ્ઞાની સ્વભાવથી રાગાદિનો અકર્તા છે. આ વાત એમને સમજાવવી છે અને એ કેવી રીતે ? ક્યા પ્રકારે ? એનું સ્વરૂપ શું ? એ સ્પષ્ટ કરવા માટે સેંકડો ગાથાઓ લખી. કર્તા-કર્મ અધિકાર અને સર્વવિશુદ્ધજ્ઞાન અધિકાર તો બે મુખ્ય અધિકાર છે. પણ તમામ અધિકારમાં દૃષ્ટિકોણનો આ સળંગદોર છે કે સ્વભાવથી આત્મા રાગાદિનો કર્તા નથી. આ સળંગ દોર છે. એ દૃષ્ટિએ 'સમયસાર' વાંચો તો તમને ઠામ ઠામ એક એક અધિકારમાં આ વાત દેખાયા વગર નહિ રહે. પછી જીવ અધિકારમાં એ વાત લે છે અને અજીવ અધિકારમાં એ જ વાત લે છે. અજીવના નામે એ વાત કરે છે અને પછી જીવના નામે એ વાત કરે છે. જીવના નામે એ જ વાત કરે છે અને અજીવના નામે એ જ વાત કરે છે. પુણ્ય-પાપના અધિકારમાં પણ એ જ વાત કરે છે કે પુણ્ય-પાપનો આત્મા કર્તા નથી.

મુમુક્ષુ :– સરવાળે જ્ઞાયકભાવ જ ઊભો રહે છે.

પૂજ્ય ભાઈશ્રી :– જ્ઞાયકભાવ જ અકર્તાભાવ જ બતાવવો છે. અને અકર્તાભાવ બતાવતા એની દૃષ્ટિવાન અને એનો જ્ઞાનવાન કેવો છે એ પણ સાથે સાથે બતાવે છે. 'જયસેનાચાર્ય'એ એટલે કહ્યું કે એવી દૃષ્ટિ જેને છે અને એવો દૃષ્ટિવાન જે છે એ એમ જોવે છે કે સંવર, નિર્જરા અને મોક્ષને પણ જાણે જ છે. જ્ઞાયક હોવાથી કર્મબંધને તો કરતો નથી પણ કર્મના મોક્ષને અને સંવર, નિર્જરાને પણ કરતો નથી. એ સર્વવિશુદ્ધજ્ઞાનમાં ટોચની વાત લીધી છે.

મુમુક્ષુ :– જ્ઞાનીએ જબરજસ્ત કામ કર્યું છે !

પૂજ્ય ભાઈશ્રી :– અરે..! ગજબનું ! જીવનો સંસાર ખલાસ કરે એવી વાતો

છે એ બધી. એટલે તો 'ગુરુદેવે' કહ્યું, આ..હા..! આ તે કોઈ શાસ્ત્ર છે ! હાથમાં આવ્યું ત્યાં એમ (કહ્યું), હાથમાં આવ્યું એટલે જોયું ત્યાં એમ કહ્યું કે આ તો અશરીરી થવાનું (શાસ્ત્ર) છે ! આ સમ્યગ્દર્શન થવાનું છે એવું ન આવ્યું, લ્યો, ઠીક ! ગંભીર વાત છે. આ શાસ્ત્ર સમ્યગ્દર્શન થવા માટે આવ્યું છે એવું ન આવ્યું. જુઓ ! કેવું આવ્યું ! પરિણામમાં સીધું આવ્યું છે ને આ તો ? કુદરતી ! આ તો અશરીરી થવાનું શાસ્ત્ર છે. આત્મા જે સિદ્ધપદ સ્વરૂપ છે, બસ ! બિલકુલ એવો થઈ જાય આ શાસ્ત્ર વાંચે તો. સીધું જ જે પરિપૂર્ણ છે ત્યાં સીધી નજર ગઈ. પહેલી જ નજર ત્યાં ગઈ કે આ પૂર્ણ થવાની વાત છે. સમ્યગ્દર્શન થવાની વાત તો પછી એમાં પેટામાં આવી જ જાય છે. જ્યાં પૂર્ણ થવું છે ત્યાં સમ્યગ્દર્શન ન થવાનો પ્રશ્ન નથી રહેતો પણ સીધું ઇ આવે છે. આ નથી આવતું-સમ્યગ્દર્શનની વાત. એ કાંઈક સૂચવે છે, અંદરમાં એ વાતના ગર્ભમાં કાંઈક પડ્યું છે એમ બતાવે છે. કે સીધું જ જીવનું જે સ્વરૂપ છે એ જ વાત આવે છે. એ સ્વરૂપ છે એનું. અધૂરી દશા, અલ્પજ્ઞત્વ, અપૂર્ણ શુદ્ધતા એ જીવનું સ્વરૂપ નથી. એ સ્વરૂપ નથી એવું જીવનું. સ્વરૂપ તો આવું છે જીવનું- મોક્ષદશામાં પ્રગટ થાય છે એવું સ્વરૂપ છે. સીધું ઇ આવ્યું.

**'અભોક્તૃત્વ વિના પરભાવને ભોગવત...'** આત્મા રાગ-દ્વેષ-મોહ અથવા તો સુખ-દુઃખના જે પરિણામ, વિકારી પરિણામ, સ્વભાવસુખ નહિ, કલ્પિત સુખના કે દુઃખના જે પરિણામ આકુળતાના પરિણામ અથવા તો હરખ-શોકના પરિણામ એને સ્વભાવે કરીને આત્મા ભોગવી શકતો નથી. ભલે એ ભોગવતો હોવાનું પોતાને માને છે તે મિથ્યા માન્યતાથી માને છે, સ્વભાવને સમજ્યા વિના માને છે, સ્વભાવને અનુભવ્યા વિના માને છે, સ્વભાવને શ્રદ્ધ્યા વિના એ માને છે. પણ સ્વભાવે કરીને તો એ ભોગવી શકતો નથી. આ જ્ઞાનીને રહેવાનું સ્થાન છે. એનો સ્વભાવ એ જ્ઞાનીને રહેવાનું સ્થાન છે. એ અહીંયાં આવીને રહ્યા છે. ક્યાં જ્ઞાની ઊભા છે ? ક્યાં જ્ઞાની રહ્યા છે ? કે અહીંયા રહ્યા છે. હું કોઈ પરભાવને કરતો નથી, પરભાવને ભોગવતો નથી. બધું મારા જ્ઞાનમાં, હું જ્ઞાયક હોવાને લીધે માત્ર જણાય છે. બાકી કરવા-ફરવાનું કે ભોગવવાનું મારા જ્ઞાતા સ્વભાવમાં અશક્ય અને અસંભવિત છે. એ કેમ થઈ શકે ? જે વસ્તુ જ્યાં શક્ય જ નથી તે કેમ થઈ શકે ?

જેમ આત્મા જડની પર્યાયને કરી શકે નહિ. કેમકે પોતે સચેતન પદાર્થ છે. એ અચેતન અને જડ પદાર્થની કોઈપણ ક્રિયા કરવા અશક્ત છે. એમ જ એ રાગાદિને ભોગવવાને અને હરખ-શોકને ભોગવવાના ભાવને કરવા સ્વભાવથી તો એટલો જ એ અશક્ય છે. ત્યાં ઊભા છે જ્ઞાની. સીધા જ એની પક્કડમાં, સ્વભાવની

પક્કડમાં બેઠા છે. હું તોપણ આવો છું. એ એની જ્ઞાનધારા છે. એ જ્ઞાનધારામાં એ બિરાજે છે. આ એનો એક મહિમાનો વિષય છે. આવી જ્ઞાનીની સ્થિતિનો મહિમા આવે તો જ્ઞાયકનો મહિમા કેટલો ?!

કાલે 'પૂજ્ય બહેનશ્રીએ' આ વિષયમાં બહુ સારી વાત કરી હતી કે હું જાણનાર છું. હું જાણનાર છું. હું તો માત્ર જાણનાર છું. એમ હું લુખ્ખો જાણનાર નથી. એવો શબ્દ વાપર્યો. એમ હું લુખ્ખો જાણનાર નથી. જ્ઞાયક એટલે અનંત મહિમાવંત છે ! એનો મહિમા આવવો જોઈએ. જ્ઞાયક કહેતા એનો મહિમા આવવો જોઈએ. ભલે એના ગુણભેદ ન ઊપજે. એનામાં તો અનંત અનંત ગુણ છે. અનંત જ્ઞાન, અનંત આનંદ, અનંત સુખ આદિ ગુણ છે. પણ એ ગુણભેદ પાડવાની કાંઈ જરૂર નથી. અને અત્યારે તું ક્યાં તારામાં ભેદ પાડે છે ? કે આ શરીર તે હું. એક બહુ સરસ દૃષ્ટાંત તો એ લીધો કે આ શરીર તે હું છું. એના પણ તું ક્યાં ભેદ પાડે છો ? ભેદ પાડે તો તો તને દુર્ગંધછા ઊભી થાય એવું છે.

આ શરીર તે હું એમ તને થઈ ગયું છે એના ભેદ પાડ તો ? તો એ ચામડીની છોળ ઉતરે ત્યાં તને ચીતરી ચડે એવું છે. પાણી નીકળવા માંડે સીધું. લોહી ન નીકળે તો પાણી તો નીકળવા માંડે. એની દુર્ગંધ આવવા માંડે. તું શરીરના પણ ભેદ પાડતો નથી. જ્યાં હુંપણું કરે છો ત્યાં તો કાંઈ ભેદ પાડીને જોતો નથી. અને ભેદ પાડીને જોતો તું તને કાંઈ પસંદ પડે એવી ચીજ નથી. પણ છતાં તે અહંપણું કર્યું છે તો ભેદ પાડ્યા વિના કેવી પક્કડ કરી છે કે હું આ. હું આ. હું આવો.

એમ ભેદ પાડ્યા વિના અસ્તિત્વને ગ્રહણ કરવું. ચર્ચા તો એ ચાલતી હતી. અસ્તિત્વને ગ્રહણ કરવાની. ભેદ પાડ્યા વિના અસ્તિત્વનું ગ્રહણ કરવું. મુદ્દો તો એ હતો. અસ્તિત્વના ગ્રહણમાં ભેદ નથી. પછી ભલે સાથે સાથે પરિણમતું જ્ઞાન ભેદોને જાણે. એ તો જ્ઞાન, જ્ઞાનનું કામ કરે અને દૃષ્ટિ, દૃષ્ટિનું કામ કરે. બંને ગુણ પોતપોતાનું કામ કરે એનો કાંઈ વિરોધ, વાંધો નથી. પણ તું અસ્તિત્વને ગ્રહણ કર. એક વાર તો જ્ઞાયકભાવમાં અસ્તિત્વને ગ્રહણ કર. આ મુખ્ય મુદ્દો (છે).

શું કહે છે ? કે **'અભોક્તૃત્વ વિના પરભાવને ભોગવત...'** પણ આત્મા પોતાના જ્ઞાનતત્ત્વને સંભાળે અને અનુભવ કરે અને માત્ર જ્ઞાનપણે પોતાને અનુભવ કરે. પ્રત્યક્ષ પરિણમન છે, પ્રગટ પરિણમન છે. તો એને અનુભવ થાય એવું છે કે આમાં રાગદિનો અભાવ હોવાથી જ્ઞાનતત્ત્વમાં-રાગાદિનો અભાવ હોવાથી એનો અનુભવ ક્યાંથી થાય ? જે જેમાં નથી એનો અનુભવ કેમ થાય ? જ્ઞાનમાં રાગ નથી તો કેમ એનો અનુભવ થાય ? રાગનું પ્રતિબિંબ છે. રાગ થોડો છે ?

અરીસામાં લાડવાનું પ્રતિબિંબ છે એ કાંઈ ખાવાના કામમાં આવે ? ત્યાં બાચકો

ભરે તો ? કાંઈ ન હાથમાં આવે. પ્રતિબિંબ છે, આકાર માત્ર છે. ત્યાં લાડવા નથી. એમ જ્ઞાનમાં રાગનું પ્રતિબિંબ છે. રાગ જ્ઞાનમાં નથી. અને તું જ્ઞાનસ્વરૂપે છો. તું રાગસ્વરૂપે નથી.

એમ અભોક્તૃત્વપણે પરભાવને પોતે ભોગવતો નથી એવા પોતાના ગુણસ્વભાવને (અનુભવે). આ બધા ગુણ છે આત્મામાં. આ બીજાની દયા પાળવી એ આત્માનો ગુણ નથી. કોઈ બીજા ક્રોધ કરે તો એને ક્ષમા આપવી એ આત્માનો ગુણ નથી. એ ગુણ નથી આત્માનો. લોકોમાં એ ગુણ કહેવાય કે આને ઉદારતાનો ગુણ છે, આમાં ક્ષમાનો ગુણ છે. પણ એ ગુણ નથી આત્મામાં. આ અકર્તૃત્વ અને અભોક્તૃત્વ એ આત્માનો ગુણ છે એમ કહેવું છે. કે એવા શુભાશુભ પરિણામને, અશુભ તો નહિ પણ શુભપરિણામને પણ આત્મા સ્વભાવથી કરે નહિ એવો ગુણ છે અને સ્વભાવથી ભોગવે નહિ એવો એનો ગુણ છે. આ ગુણ છે એનામાં. આ અલૌકિક ગુણ છે. ઓલા બધા લૌકિકગુણની વાત લૌકિકમાં રહી. એવા ગુણ છે આત્મામાં.

મુમુક્ષુ :– અકર્તૃત્વ અને અભોક્તૃત્વ. સંતોષ... કાલનું એ ચાલે છે. 'ગુરુદેવશ્રી'ના...

પૂજ્ય ભાઈશ્રી :– અકર્તા ઉપર તો આખું 'સમયસાર' છે. પછી અભોક્તા તો આપોઆપ જ ફલિત થાય છે. જેનું કર્તાપણું ન હોય એને ભોગવવાપણાનો પ્રશ્ન રહેતો નથી. કરે એ ભોગવે. ન કરે એને ભોગવવાનો તો સવાલ જ રહેતો નથી. એટલે જો જીવ રાગાદિને કરતો નથી તો જીવ રાગાદિને ભોગવે એ વાત પણ રહેતી નથી. અને જે કર્તા થઈને રાગાદિને કરે છે અથવા સ્વભાવે અકર્તા હોવા છતાં રાગાદિનો કર્તા થયો હોવાનું માને છે-શ્રદ્ધે છે, સ્વીકારે છે તેને જ મિથ્યાત્વી અને અજ્ઞાની કહેવામાં આવ્યો છે. મૂળ વ્યાખ્યા તો મિથ્યાત્વની અને અજ્ઞાનની આના ઉપર જ છે. 'સમયસાર'નો જે મુદ્દો છે એ આ મુદ્દો છે.

સંપ્રદાયવાળા-દિગંબર સંપ્રદાયવાળા કહે, મુનિઓ સિવાય આને ન વાંચવું. પણ આ વાત જ અજ્ઞાનની અને જ્ઞાનની છે. મિથ્યાત્વ અને સમ્યક્‌ની છે. જે 'કુંદકુંદાચાર્યે' શાસ્ત્ર ઉપર જે Ajenda ઉપર મુદ્દો રાખ્યો છે, શાસ્ત્રના Ajenda ઉપર જે મુદ્દો રાખ્યો છે એ તો મિથ્યાત્વ અને સમ્યકત્વનો અને મિથ્યાજ્ઞાન અને સમ્યક્‌જ્ઞાનનો મુદ્દો છે. એમાં મુનિની ક્યાં વાત છે ? મુનિના ઉપદેશનું શાસ્ત્ર છે એ વાત જ નથી. પણ એ વિષય જો સ્પષ્ટ કરવા જાય તો કહેવાતા ત્યાગીઓ અને મુનિઓને ઊંચા ગુણસ્થાન ધરાવનારનો ધંધો બંધ થઈ જાય એવું છે. આ બધું તો ખોટું ઠરે. તો આહાર-પાણીની તકલીફ ઊભી થાય એવું છે. મુનિ નથી ને મુનિ માનીએ છીએ. ત્યાગી નથી ને ત્યાગી માનીએ છીએ. એટલે આ જે તકલીફ

ઊભી થાય છે એટલે કહે કે અફવાઓ ચલાવો કે આ મુનિઓ સિવાય વંચાય નહિ. આ આપણું કામ નહિ. આ ગૃહસ્થોનું અને શ્રાવકોનું કામ નહિ.

'ગુરુદેવ'નો તો કોઈ ઉદય જ બળવો કરે એવો હતો. આખા સમાજની સામે સિંહ ગર્જના કરી ! સરખું પડશે કે નહિ પડે ? સમાજ સમતોલ રહેશે કે નહિ રહે ? ખળભળાટ થશે કે નહિ થાય ? સત્યનો પોકાર કર્યો. આમ સત્ય છે. બીજી એમાં કાંઈ બાંધછોડ ચાલે એવું નથી. સિદ્ધાંતમાં ક્યાંય બાંધછોડ કોઈ ન કરે. સિદ્ધાંતમાં બાંધછોડ કરે એવું કદી ક્યારેય કોઈને માટે માર્ગ ઉપર ચાલનારાને માટે તો બની શકે એવું નથી. બને જ નહિ. કોઈપણ ભોગે ન બને.

મુમુક્ષુ :- 'ગુરુદેવશ્રી' નથી હવે, થોડી બાંધછોડ કરીએ...

પૂજ્ય ભાઈશ્રી :- એ તો ભગવાન ચાલ્યા ગયા પછી શ્વેતાંબર-દિગંબરમાં બાંધછોડમાં જ આ સંપ્રદાય પડ્યા છે ઊભા. પહેલા કહે બાંધછોડ કરો હવે કાળ બદલાણો છે. દિગંબર કહે, નહિ. બાંધછોડ નહિ ચાલે. માર્ગ છે એ રીતે જ (રહેશે). તો કહે, આ અમારો માર્ગ જુદો. બાંધછોડનો વિષય નથી. વસ્તુના સ્વરૂપનો આ માર્ગ છે. સ્વરૂપ બદલાય તો બીજું થાય. સ્વરૂપ ન બદલાય તો બીજું કેવી રીતે થઈ શકે ? એવો વિષય છે.

ખુદ દિગંબર થઈને ઘણા અમારી સાથે ચર્ચા કરે છે કે દેશકાળ અનુસાર થોડો ફેરફાર કરવો. (એક દિગંબર વિદ્વાને) તો એવી દલીલ કરી હતી કે આપણે વેપારી છીએ આખરમાં અને વેપારી તો બાંધછોડમાં અને સમાધાનમાં માને. મેં એમને એક બહુ સરસ દલીલ આપી કે તો પછી આ દેશકાળ અનુસાર દિગંબરત્વ કેટલું અનુકૂળ છે ? એક દેશકાળ એવો હતો કે દિગંબર મુનિઓ જંગલમાં રહેતા. આજે એકેય રહેતા નથી. કેમકે એને દેશકાળ અનુકૂળ નથી જંગલમાં રહેવાનો. વસ્તીમાં રહેવું અને દિગંબરત્વપણે રહેવું એ વાત કાંઈ લોકવિરુદ્ધ નથી લાગતી તમને ? શ્વેતાંબર તો સ્પષ્ટ કહે છે કે આ લોકો બિલકુલ ખોટું કરે છે. વસ્તીમાં રહેવું છે અને દિગંબરપણે રહેવું છે ? આ લોકો સમજતા નથી. દિગંબર સાધુઓ તો કાંઈ સમજતા નથી. એમ કરીને સીધો આરોપ કરે છે. દેશકાળને તમે સમજો છો હવે આમાં કાંઈક બાંધછોડ કરોને, આમાં પણ થોડી કરોને ! ભાઈ ! એવું છે જે મૂળ Code હોય છે એને એમ કીધું. Code એટલે સિદ્ધાંત. એમાં તો ફેરફાર ન થાય પછી. આ અમારી વાત છે. આ તમે જે કહો છો એ અમારી વાત છે. કે મૂળમાં અમે ફેરફાર કરવા માગતા નથી. તમારા દિગંબરો ફેરફાર કરે તોપણ અમે સ્વીકારતા નથી.

અમારા સ્વામીજીએ કોઈ દિગંબર મુનિને વંદન, નમસ્કાર કર્યા નહોતા એટલા

માટે નહોતા કરતા અને અમે આજે પણ કરતા નથી. અમારા મુમુક્ષુઓ નથી કરતા. કેમકે બાંધછોડ ન થાય આમાં. અને અમે તો એમ માનીએ છીએ કે દિગંબરના લેબાસમાં તમે આવતીકાલના શ્વેતાંબર છો. શું કહ્યું ? બાંધછોડ કરનારા તમે દિગંબરના લેબાસમાં ઊભા છો પણ આવતીકાલના તમે જ શ્વેતાંબર છો. ભડકે બધા.

મુમુક્ષુ :– ...

પૂજ્ય ભાઈશ્રી :– તમે એક સિદ્ધાંત છોડો, એક જગ્યાએથી એક પગથિયું છોડ્યું એટલે હેઠે જ જાવાના. અહીંયાં બીજું થવાનું જ નથી કાંઈ. દિગંબર મુનિ ભાવલિંગી સંત હોય અને એ જરાક સિદ્ધાંતમાં ભૂલે એટલે સિદ્ધા મિથ્યાત્વમાં આવે, ચોથા ગુણસ્થાનમાં ન આવે. છઠ્ઠે-સાતમે ગુણસ્થાને હોય અને ભૂલ્યા સિદ્ધાંતમાં એટલે સીધા પહેલા ગુણસ્થાનમાં આવી જાય એ તો. બહારમાં એમ ને એમ દિગંબરપણું અને અઠ્યાવીસ મૂળગુણ એમને એમ રહી જાય. ખોખું. આવે પહેલા ગુણસ્થાને સીધા જ તે. એ સિદ્ધાંત એવો છે કે એ નિંદ્રા લે, નિંદ્રા લે ત્યાં એને મુનિપણું છૂટી જાય. આવે પહેલા ગુણસ્થાને. નિંદ્રા ન લે મુનિ, અંતર્મુહૂર્તમાં. એનો જે છઠ્ઠા ગુણસ્થાનનો છે એ પ્રમાદ ચુકી જાય (તો) આવી જાય સીધા પહેલા ગુણસ્થાને. એટલી તો એની અંદર રમણતા છે. સ્વરૂપરમણતા એટલી બધી છે.

મુમુક્ષુ :– પોણો Secondની નિદ્રા.

પૂજ્ય ભાઈશ્રી :– તરત જ આવે પાછા. તરત જ નિર્વિકલ્પ થઈ જાય. એટલી જાગૃત દશા છે. કોઈ અમથા કેવળજ્ઞાન નથી લેતા, ભાઈ ! એક ઝપાટો કરે ત્યાં અંતર્મુહૂર્તમાં કેવળજ્ઞાન ફાટે અંદરથી. એની Practice કેટલી હોય છે કે એ નિંદ્રા પોણી Secondની છે એની. એવી દશા છે. એને જરાક ફેરફાર માને એટલે એ સીધા ગૃહીતમાં આવી જાય.

જેવી યથાતથ્ય મુનિદશા છે એવી જ સ્વીકારવી પડે. એમાં બીજી રીતે માને એટલે ગૃહીતમાં આવે. પહેલા ગુણસ્થાનમાં પણ તે તીવ્ર મિથ્યાત્વ છે. ગૃહીત અને અગૃહીતમાં ગૃહીત તીવ્ર મિથ્યાત્વ છે. એટલે આ તો બધા ગ્રહિત, તીવ્ર ગૃહીત મિથ્યાત્વમાં છે. કહીએ તો સહન ન કરી શકે. એવી બધી ગડબડ મોટી છે.

અહીંયાં તો કર્તા અકર્તાનો વિષય છે. સ્વભાવે કરીને આત્માને પરિણામમાં રાગાદિ થતા હોય અને હરખ-શોક થતા હોય તોપણ સ્વભાવે કરીને આત્મા કેવો દેખાય છે દૃષ્ટિમાં ? કેવો શ્રદ્ધાય છે શ્રદ્ધાનમાં ? અને કેવો અનુભવાય છે એના સ્વસંવેદન જ્ઞાનમાં ? પ્રત્યક્ષ અનુભવમાં આવો આત્મા છે કે એને રાગ-દ્વેષ કરવા કે ભોગવવા એ પોતાના સ્વરૂપને વિષે બિલકુલ નથી-સ્વભાવને વિષે બિલકુલ નથી.

આમ રાગાદિથી ભિન્ન પડાય છે.

નહિતર અવસ્થામાં રાગ થાય અને ભિન્ન પડે કેવી રીતે ? એ તો કહો. એની અવસ્થા રાગરૂપ પરિણમે અને પરિણમે એથી એને કર્તા પણ એક ન્યાયે કહેવો પડે કે રાગ એણે કર્યો. બીજા જીવનો તો નથી અવસ્થામાં. બીજા જીવની અવસ્થાનો નથી. અને છતાં અંદરથી ભિન્ન પડી ગયો એનો અર્થ શું થાય છે ? એનો અર્થ શું છે ? એનો મર્મ શું છે ? આવા સ્વભાવનું ગ્રહણ અને અનુભવન છે. ત્યારે એ ભિન્ન પડે છે. નહિતર રાગાદિથી ભિન્ન પડવું એ વાત કાંઈ અનાદિની એણે કરી નથી, એટલી સહેલી નથી. અનાદિથી એ વાત નથી કરી એણે. અહીં સુધી રાખીએ...

❉ ❉ ❉

**ધર્માત્મા બાળક હો, વૃદ્ધ હો, દેડકો હો પણ હું જ્ઞાનાનંદ છું, રાગ હું નથી. એમ ભાન હોવાથી જ્યારે અનુભવ કરે છે ત્યારે અંશે સિદ્ધ સમાન આત્માનો અનુભવ કરે છે. સિદ્ધના જેટલો પૂર્ણ અનુભવ નથી પણ સિદ્ધની જાતનો અનુભવે છે. પોતાના સ્વભાવમાં સ્થિર થાય છે ત્યારે આત્મતત્ત્વને અનુભવે છે. એકદેશ આનંદકંદનો અનુભવ થયો એટલે સ્વરૂપ અનુભવની સર્વ જાતિપિછાણી છે. સિદ્ધ, અર્હંત વગેરેનો આવો અનુભવ હોય છે તેમ જાણી લ્યે છે, અનુભવ પૂજ્ય છે. પોતે શુદ્ધ આનંદકંદ છે એવી શ્રદ્ધા સહિત અનુભવ પૂજ્ય છે. તે જ પરમ છે. તે જ ધર્મ છે. એ જ જગતનો સાર છે. આત્માનો અનુભવ ભવનો ઉદ્ધાર કરે છે. અનુભવ ભવનો પાર કરે છે, મહિમાને ધારણ કરે છે, દોષનો નાશ કરે છે. આત્માની શક્તિમાં જ્ઞાન ને આનંદ ભર્યા છે. શક્તિની વ્યક્તિરૂપી અનુભવથી ચિદાનંદનો સુધાર થાય છે. તે જ સુધાર છે.**

**(પરમાગમસાર–૭૧૨)**

## તા. ૨૧-૮-૧૯૮૫, પાના નં. ૪,
## પ્રવચન નં. ૧૩

ચોથા પાને. અકર્તૃત્વ અને અભોક્તૃત્વ શક્તિનું વર્ણન છે. નીચેથી ચોથી લીટી. આ આત્મામાં અકર્તૃત્વ નામની શક્તિ છે તેથી આત્મા કર્મ કરી શકતો નથી. જો આત્મામાં અકર્તૃત્વ નામની શક્તિ હોત નહિ તો ત્રણે કાળે આત્મા કર્મને કરત. પરંતુ આત્મા સદાય કર્મને કરતો જોવામાં આવતો નથી. એવા અનંતા આત્માઓ સર્વ કાળે વિદ્યમાન છે કે જે જરાપણ કર્મ કરતા નથી. દ્રવ્યકર્મનું કરવું એટલે દ્રવ્યકર્મને બાંધવા, છોડવા. દ્રવ્યકર્મને બાંધવા, દ્રવ્યકર્મને છોડવા એવો કોઈ ગુણ-એવી કોઈ શક્તિ આત્મામાં નથી. દ્રવ્યકર્મમાં પછી પેટામાં નોકર્મ લઈ લેવું.

નોકર્મો શરીર આદિ સંયોગોમાં આત્મા કાંઈ પણ કરી શકે એવી કોઈ આત્મામાં શક્તિ નથી. અને ભાવકર્મને પણ આત્મા કરે એવી પણ આત્માની શક્તિ નથી. શક્તિ નથી-સ્વભાવ નથી. તેથી તે ભાવકર્મ થાય છે તે આત્માની અવસ્થા હોવા છતાં તેને વિભાવ કહેવામાં આવે છે. વિભાવ કહેવાનું કારણ એ છે. એને આત્માની અવસ્થાનો રોગ ગણવામાં આવે છે. રાગાદિ રોગ છે. રાગાદિ ભાવ છે તે રોગ છે. એ મૂળ આત્મતત્ત્વનું આત્માનું કોઈ મૂળમાં સત્ત્વ નથી. એવું કોઈ આત્મામાં સત્ત્વ નથી, તત્ત્વ નથી કે જે સદાય રહે અને એ જેમ જ્ઞાન વધીને કેવળજ્ઞાન થાય, જ્ઞાન આત્માનું સત્ત્વ હોવાથી વિકાસ પામીને કેવળજ્ઞાન થાય. જો રાગ આત્માનું સત્ત્વ હોય તો વિકાસ પામીને શું થાય ? કે મલિનતાની મર્યાદા ન રહે. અમર્યાદ મલિનતા થઈ જાય. મલિનતા છે એ વિકાસ પામે તો મલિનતામાં વિકાસ પામે. કર્મનો કર્તા થવું....

મુમુક્ષુ :– અમર્યાદિત મલિનતા...

પૂજ્ય ભાઈશ્રી :– ના. જો અમર્યાદ મલિનતા હોય, અનંતી મલિનતા છે પણ છતાં એની મર્યાદા છે. જો એવી મર્યાદા ન હોત તો આત્મા જડ થઈ જાત. જડની સાથેના તીવ્ર પરિણામ તે રાગાદિ ભાવ છે. જે કાંઈ જડપદાર્થો છે એ જડપદાર્થોમાં તીવ્ર રસવાળા પરિણામ થાય છે. એનાથી બંધન છે. તો ત્યાં ઘણું બંધન છે. ઘણું આવરણ છે છતાં આત્મા જડ નથી થતો. એ એની મર્યાદા આવી ગઈ ત્યાં. એટલે એમાંથી પણ નીકળે છે પાછો. નિગોદની દશામાંથી પણ નીકળે છે. પાછો વળે

છે ત્યાંથી. એ મલિનતા ઘટાડતો ઘટાડતો પાછો સર્વથા મલિનતાનો અભાવ કરીને શુદ્ધ સિદ્ધદશાને પામે છે. એવી જે શુદ્ધ સિદ્ધદશા છે એવું મૂળમાં સ્વરૂપ છે. અહીંયાં સમજાવવું છે એટલું. કે જેવું સિદ્ધપદ છે, અશરીરી નિષ્કર્મદશારૂપ એવું જ આત્માનું મૂળ સ્વરૂપ છે. જો એવું મૂળ સ્વરૂપ ન હોત તો એવું સ્વરૂપ પ્રસિદ્ધ પ્રગટ ક્યાંથી થાત ? બહારથી કોઈ સિદ્ધપદ આપે છે ? કોઈ બીજા સિદ્ધ બીજા આત્માને સિદ્ધ બનાવે છે ? સિદ્ધ અવસ્થા ક્યાંય બહારથી આવે છે ? કોઈ રાગમાંથી સિદ્ધ અવસ્થા આવે છે ? કોઈ સંયોગમાંથી સિદ્ધ અવસ્થા આવે છે ? તપાસ કરતા ક્યાંયથી સિદ્ધ અવસ્થા નથી આવતી. આત્માને અંદર સ્વભાવમાંથી સિદ્ધ અવસ્થા પ્રગટ થાય છે. તેથી આત્માના જાણનારા આત્માના જ્ઞાતા છે એવા સત્પુરુષોએ કહ્યું કે આત્માને અમે સ્વભાવે સિદ્ધપદસ્વરૂપે જોયો છે. સ્વભાવે અમે એને સિદ્ધપદસ્વરૂપે અનુભવ કરીએ છીએ અને એમ કરતા કરતા-અનુભવ કરતા કરતા પ્રગટ સિદ્ધપદનો પ્રકાશ થશે. પ્રગટ જ પ્રકાશ થશે, પ્રસિદ્ધ થશે.

**'અભોક્તૃત્વ વિના પરભાવને ભોગવત.'** આત્મા પરભાવને ભોગવે છે, એની અવસ્થા હોવાથી રાગાદિ હરખ-શોકને ભોગવે છે, સંસારના સુખ-દુઃખને ભોગવે છે એમ કહેવાય છે પણ એ એનો સ્વભાવ નથી. એ વિભાવ છે. પરદ્રવ્ય પાંચ ઇન્દ્રિયોના વિષયો તો જડ હોવાથી કોઈ ચેતન પદાર્થનું એ ભોગ્ય નથી. ભોગવવા લાયક કોઈપણ નથી. એટલે આત્મા એને ભોગવી શકતો નથી. માને ખરો. મેં લાડવો ખાધો એમ માને ખરો પણ આત્મા લાડવો ખાય તો શું થાય ? એ લાડવાના રજકણ આત્માના પ્રદેશમાં પ્રવેશે ? સ્પર્શે ? શું કરે ? એવું કાંઈ બની શકતું નથી.

ચૈતન્યનો નિબિડ પિંડ આત્મા ચૈતન્યઘન સ્વરૂપી આત્મા એમાં કોઈ એક રજકણનો પ્રવેશવાનો કે સ્પર્શવાનો કોઈ પ્રકાર સંભવિત નથી, શક્ય નથી. આ વસ્તુ સ્વરૂપ છે અને વસ્તુસ્થિતિ છે. એને નહિ સ્વીકારતા મિથ્યાત્વ, અજ્ઞાન અને રાગાદિ ભાવોની ઉત્પત્તિ થાય છે. સાથે સાથે અજ્ઞાન જનિત દુઃખની ઉત્પત્તિ પણ થાય છે. એ દુઃખને આત્મા ભોગવે છે એવો વ્યવહાર કરાય છે, એની અવસ્થા હોવાથી. તોપણ અહીંયાં એમ કહેવું છે કે એ એનો સ્વભાવ નથી. એવું રાગાદિને અથવા દુઃખને ભોગવવું એ જીવ સ્વભાવ નથી. જીવનો સ્વભાવ તો પરિપૂર્ણ સુખ અને આનંદરૂપે પરિણમવાનો એનો સ્વભાવ છે. તેથી સ્વભાવે કરીને રાગાદિ કરી શકાય નહિ કે સ્વભાવે કરીને રાગાદિ ભોગવી શકાય નહિ.

એવા સ્વભાવ ઉપર જેની દૃષ્ટિ ચોંટી છે તેને સ્વભાવદૃષ્ટિવંત સમ્યગ્દૃષ્ટિ કહેવામાં આવે છે. એવી જેની દૃષ્ટિ અભેદપણે ચોંટી છે તેને પણ રાગાદિ પરિપૂર્ણ સિદ્ધદશા સુધી ન પહોંચે ત્યાં સુધી અવસ્થામાં ઉત્પન્ન થતા જોવામાં આવે છે.

ત્યાં એની હાલત શું છે ? એમ વિચારવામાં આવે તો એની હાલત એવી છે કે એ સ્વભાવમાં અભિન્નપણું અનુભવે છે અને રાગાદિ સાથે ભિન્નપણું અનુભવે છે. આ એની દશા છે.

એટલે એમ કહ્યું કે 'સકળ જગત છે એંઠવત અથવા સ્વપ્ન સમાન, તે કહીએ જ્ઞાનીદશા બાકી વાચા જ્ઞાન.' એટલે જેને એ કિંમત ચાલી ગઈ. જેમ સ્વપ્નાના કોઈ પણ પદાર્થની શું કિંમત છે ? સ્વપ્નામાં કોઈપણ પદાર્થ હોય તો એની શું કિંમત છે ? વાસ્તવિક નથી. એમ આ જગતના તમામ પદાર્થો આત્મા માટે સ્વપ્નવત્ એટલે એને કાંઈ કામમાં આવે એવા નથી. કરી, ભોગવી શકાય એવા નથી. એવો જેને સ્વભાવને પકડીને અનુભવ રહે છે એને એ સ્વપ્ન જેવા નકામા દેખાય છે. અથવા પૂર્વે અનંત વાર ભોગવી ચૂકેલા પદાર્થો એંઠવત્ દેખાય છે. એટલે એના ઉપર એને આકર્ષણ નથી, સુખબુદ્ધિએ આકર્ષણ નથી. આમાં સુખ છે એવું એને પ્રત્યક્ષ દેખાતું નથી. સુખથી ખાલી છે, સુખથી શૂન્ય છે એવું પ્રત્યક્ષ એને દેખાય છે. એટલે એનાથી એ અંદરમાં જુદા પડે છે. વિરુદ્ધ પડે છે. જુદા પડે છે એટલે અંદરમાં એનાથી વિરુદ્ધ પડે છે. એવી જે દશા એ સ્વભાવને ઓળખતા અને સ્વભાવને અનુભવતા ઉત્પન્ન થયેલી દશા છે. એને સાધકદશા અથવા મોક્ષમાર્ગની દશા કહેવામાં આવે છે.

મુમુક્ષુ :– સુખ-દુઃખના વિકલ્પ તે ચારિત્રગુણની વિકારી પર્યાયમાં જાય ?

પૂજ્ય ભાઈશ્રી :– વિકારી પર્યાયમાં જાય.

મુમુક્ષુ :– જ્ઞાનગુણ ખાલી જાણે ?

પૂજ્ય ભાઈશ્રી :– જ્ઞાનગુણમાં એ જણાઈ આવે છે ત્યારે એ પરના પડખે જાય છે. 'પરમાગમસાર'માં બોલ આવી ગયો ને ? કે એ પરના પડખે જાય છે. સ્વભાવની દૃષ્ટિ થતાં પછી જે અલ્પ રાગાદિ રહ્યા તે પરના પડખે જાય છે. એ પછી સ્વપણે અનુભવાતા નથી અને સ્વપણે એમાં અભિન્નતા, અભેદતા, તન્મયતા, એકાગ્રતા જે સ્વપણે અનુભવીને એકાગ્રતા થાય એવી એકાગ્રતા ત્યાં થતી જ નથી.

મુમુક્ષુ :– સ્વભાવનું લક્ષ કરે છે જ્ઞાનગુણની પર્યાય અને વિકાર ઉત્પન્ન થાય છે એ ચારિત્રગુણની પર્યાય છે.

પૂજ્ય ભાઈશ્રી :– એ અવિનાભાવી છે. જ્યારે કોઈ છદ્મસ્થ જીવ જ્ઞાની કે અજ્ઞાની, કોઈ છદ્મસ્થ જીવનો ઉપયોગ પરપદાર્થ ઉપર જાય ત્યારે અવિનાભાવીપણે રાગાદિની ઉત્પત્તિ થાય. નિમિત્ત-નૈમિત્તિક સંબંધે એમ કહેવાય કે એણે પરનું લક્ષ કર્યું તેથી એને રાગ થયો. પ્રશસ્ત કે અપ્રશસ્ત.

મુમુક્ષુ :– ભૂલ એક ગુણ કરે અને ભોગવે બીજો ગુણ.

પૂજ્ય ભાઈશ્રી :– આત્મા તો એક છે ને ? આત્મા કાંઈ બે છે ? અને ભૂલ એક ગુણ કરે છે એમ નહિ. ચારિત્રગુણમાં પણ દોષ તો ચારિત્રગુણનો પોતાનો છે. જ્ઞાનને કારણે દોષ છે એમ કહેવું તે વ્યવહાર છે. એમ કહેવું તે નિમિત્ત-નૈમિત્તકપણે બતાવાતો વ્યવહાર છે. વસ્તુતાએ તો રાગ ચારિત્રગુણમાં સ્વયં ચારિત્રગુણના દોષથી થાય છે.

મુમુક્ષુ :– જરા સ્પષ્ટ કરવા જેવું છે. આ Important છે.

પૂજ્ય ભાઈશ્રી :– હા. ચારિત્રગુણના કારણે રાગ થાય છે. જ્ઞાનના કારણે રાગ થાય છે એ વાત ખોટી છે.

મુમુક્ષુ :– જ્ઞાન કરે છે પરલક્ષ...

પૂજ્ય ભાઈશ્રી :– તો એ જ્ઞાનનો દોષ છે. રાગ કરે છે એ ચારિત્રનો દોષ છે. બેયનો સ્વયંનો પોતપોતાનો દોષ છે. આણે કર્યો માટે આણે કર્યો એમ નથી. (આને કારણે આમ થયું) એમ કહેવું વ્યવહાર છે. પણ ખરેખર જુઓ, વાસ્તવિકપણે જુઓ, નિશ્ચયથી જુઓ તો બંનેનો દોષ પોતપોતાને કારણે છે. કોઈના કારણે કોઈનો દોષ નથી. પણ આત્મા એક અખંડ પદાર્થ હોવાથી કેટલાક ગુણોનું સ્વભાવિક અને વિભાવિક અવિનાભાવી પરિણમન છે.

એક એક ગુણ જુદા સ્વતંત્ર દ્રવ્યો નથી. ગુણ સ્વતંત્ર હોવા છતાં જેમ દ્રવ્ય સ્વતંત્ર છે એમ સ્વતંત્ર નથી. તેથી એક ગુણ સમ્યક્ થતાં, શુદ્ધ શ્રદ્ધાન થતાં સર્વ ગુણાંશ તે સમ્યક્ત્વ કહ્યું. તો અવિનાભાવીપણે બધા ગુણો શુદ્ધ થાય છે. શ્રદ્ધાગુણ તો નિમિત્તમાત્ર છે તેમાં. એ કહીએ તો, એનો સંબંધ જોડીએ તો. નહિતર સર્વ ગુણો પોતપોતાના કારણે શુદ્ધ થાય છે. અશુદ્ધ થાય છે તોપણ પોતાના કારણે અશુદ્ધ થાય છે.

એ તો એમ કહેવાય કે સ્વરૂપમાં એકાગ્રતા થાય છે. ચારિત્રથી સ્વરૂપલીનતા પ્રગટ થાય છે ત્યારે એ સ્વરૂપ સ્થિરતાના કારણે જ્ઞાન પણ નિર્મળ થઈ જાય છે. જ્ઞાનશક્તિ પણ વધે છે. એમ પણ વ્યવહાર કરાય. પણ બંને સ્વતંત્ર છે. બારમા ગુણસ્થાને ચારિત્ર સર્વ શુદ્ધ હોય, યથાખ્યાત ચારિત્ર હોય તો જ્ઞાન હજી કેવળજ્ઞાનરૂપે નથી, મતિ-શ્રુતજ્ઞાનરૂપે છે અથવા વધુમાં વધુ અવધિ, મનઃપર્યય ચાર જ્ઞાન રૂપે છે. પણ એ ચારેય જ્ઞાન કેવળજ્ઞાનના અનંતમાં ભાગે છે. ચારે જ્ઞાનનો વિકાસ તે કેવળજ્ઞાનના અનંતમા ભાગે છે. તો જો ચારિત્રને કારણે જ્ઞાન થતું હોય તો ત્યાં તો યથાખ્યાત ચારિત્ર થતાં કેવળજ્ઞાન પણ સાથે સાથે થવું જોઈતું હતું. પણ કોઈ જીવને કોઈ કાળે ન થાય. બારમા ગુણસ્થાને કેવળજ્ઞાન ન થાય. ત્યાંથી

આગળ વધતા તેરમા ગુણસ્થાને કેવળજ્ઞાન પ્રગટ થાય. એટલે પ્રત્યેક ગુણનું કાર્ય કરવાનું પોતાનું જે ધોરણ છે એ અનુસાર પોતાનો ગુણ છે-સ્વભાવ છે એ અનુસાર કામ કરે છે. જ્ઞાન ક્રમશઃ વિકાસ થઈને પૂર્ણતાને પામે. ચારિત્ર ક્રમશઃ વિકાસ પામીને યથાખ્યાત શુદ્ધ પરમશુદ્ધ ચારિત્ર થાય. સુખ આનંદાદિ ક્રમશઃ વધીને પરિપૂર્ણ પરમાનંદની દશા થાય પણ શ્રદ્ધાનમાં એવું ન થાય. શ્રદ્ધાન પહેલા જ પૂરું થઈ જાય. જ્યારે પ્રગટે ત્યારે એ પૂર્ણ શ્રદ્ધાન છે. શ્રદ્ધાન ક્યારેય અધૂરું ન ઉત્પન્ન થાય.

મુમુક્ષુ :- 'બનારસીદાસે' જ્ઞાનધારા અને ચારિત્રધારા....

પૂજ્ય ભાઈશ્રી :- ત્યાં ચારિત્રધારામાં રાગ લેવો છે. જ્ઞાનધારા અને રાગધારા બે ન્યારી ન્યારી છે. એટલે કે જ્ઞાનધારા, રાગધારાનો નિષેધ કરે છે. બે પરસ્પર વિરુદ્ધ છે. રાગથી વિરુદ્ધ જ્ઞાન કામ કરે છે. એટલે કે રાગ જ્ઞાનમાં જણાવા છતાં જ્ઞાન જરા પણ રાગનો આદર ન કરે. આદર ન કરે એને કે આ ઠીક થયો, આ રાગ સારો થયો, આ ભલે થયો. એમ આદર ન કરે. અને આ થયો તો આથી મને લાભ થયો એવું જ્ઞાન કદી જાણે નહિ. એટલે બે ન્યારી ન્યારી જુદી જુદી વર્તે છે. અથવા રાગધારા પરાશ્રિત ભાવે વર્તે છે. જ્ઞાનધારા સ્વઆશ્રિત ભાવે વર્તે છે. એકનું-રાગધારાનું મુખ પરસન્મુખ છે અને જ્ઞાનનું મુખ સ્વસન્મુખ છે. એટલે ન્યારી ન્યારી છે. બેયના રસ્તા જુદા છે. એને મિશ્ર ધર્મ અધિકાર કહેશે અહીંયાં. એ અધિકાર આમાં લીધો છે.

મુમુક્ષુ :- 'રામચંદ્રજી' 'લક્ષ્મણ'ને લઈને છ મહિના ફરે છે એ વખતે જ્ઞાનગુણ શુદ્ધ છે અને ચારિત્રગુણ થોડો નિર્બળ છે એવું માનવું.

પૂજ્ય ભાઈશ્રી :- હા. એમાં ચારિત્રગુણની નબળાઈથી એટલો રાગ ખેંચાય છે, લંબાય છે ત્યારે પણ શ્રદ્ધાન શુદ્ધ છે, જ્ઞાન પણ સમ્યક્ છે. ચારિત્રમાં સ્વરૂપાચરણ આંશિક જઘન્ય ભાવે છે. કોઈને દેખાય નહિ એવું છે. સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્રરૂપ ધર્મ તો પ્રગટ થયેલો છે. ત્યાં ધર્મીપણે વર્તે છે, ધર્મી છે છતાં પણ એટલો ભાતૃપ્રેમનો રાગ છે એટલી મલીનતા છે. એટલો દોષ છે. પણ એ દોષ છૂટી જાય છે, નીકળી જાય છે, મટી જાય છે. એવો જ પ્રકાર હોય છે. બળદેવ અને વાસુદેવને એવો જ પ્રકાર હોય છે. એવો જ 'શ્રીકૃષ્ણ' અને 'બલરામ'ને છે. એ પણ શ્રીકૃષ્ણને લઈને છ મહિના ફરે છે. 'જરાસંઘ'નું બાણ માર્યા પછી બળદેવ પણ જંગલમાં ફરે છે. મરે નહિ, મારો ભાઈ મરે નહિ.

મુમુક્ષુ :- છ મહિનાથી વધારે ન હોય.

પૂજ્ય ભાઈશ્રી :- છ મહિને એ છૂટી જાય છે. પછી એ ચારિત્રના પરિણામ

પણ એટલા તીવ્ર રહેતા નથી. એવો પ્રકાર વિચિત્ર પ્રકાર એક ઉત્પન્ન થાય છે. એ ચારિત્રગુણની વિચિત્રતાઓ એવી એવી છે કે એની મૂળદશાને ત્યાં પ્રગટપણે બીજાને જણાય એવી સ્થિતિ રહેતી નથી. મૂળદશા તો એમની જે શુદ્ધ-શ્રદ્ધાન જ્ઞાન થયું તે છે. એ એમની મૂળદશા છે. અને આ તો પેટામાં ઉત્તરદશા છે. ચારિત્રના મેલની, મલીનતાની-દોષની. પણ એનો દેખાવ બહાર એટલો મોટો થાય છે કે અંદર જે શ્રદ્ધાન- જ્ઞાન છે એ પ્રતીતિમાં આવવું મુશ્કેલ પડે. એનો વિશ્વાસ ઉત્પન્ન થવો મુશ્કેલ થાય. આ તો તીવ્ર રાગ છે. લોકો જોઈ શકે, સમજી શકે. પણ સામાન્ય રાગ છે, જ્ઞાનીને પણ અનેક પ્રકારના વિધ વિધ પૂર્વકર્મના ઉદય છે. અજ્ઞાનભાવે બાંધેલા કર્મના અનેક પ્રકારે ઉદય છે. ત્યાં પણ એનો વિશ્વાસ રહેવો એ મુશ્કેલ છે.

એટલે 'શ્રીમદ્જી'એ બહુ એમના નજીકના સુપાત્ર જીવોને પણ કોઈ જગ્યાએ દૂર રાખ્યા છે. એવો જ પત્ર આવે છે. 'સોભાગભાઈ' અને 'ડુંગરભાઈ' એમના નજીકના સુપાત્ર જીવો હતા. લાંબા વખતથી સત્સમાગમનો વિયોગ રહ્યો તો એમણે ભાવનાથી માગણી કરી છે કે આપનું હમણા વ્યવસાય અર્થે મુંબઈ રહેવાનું વિશેષ કાળથી રહ્યા કરે છે અને તેથી અમને સત્સમાગમનો લાભથી વંચિત રહેવું થાય છે. પણ હવે અમને તીવ્ર ઇચ્છા છે કે આ તો બહુ સમય ગયો. આપની આજ્ઞા હોય, પૂછીને આવવાનો વિચાર કરે છે, તો અમે ત્યાં આવીએ. તમે અહીંયાં આવો એમ નહિ. અમે ત્યાં આવીએ. ના પાડે છે. અમારી વિચારધારા પરિપૂર્ણ વીતરાગતાની છે. એવી વિચારધારા હોવા છતાં રાગસહિતની પ્રવૃત્તિ જોતાં તમને રખે અંદેશાનો હેતુ થશે. એમ જાણીને તમને અહીંયાં આવવાની આજ્ઞા નથી. એમ લખ્યું ચોખ્ખું. અમુક સમય પછી અમારું નિવૃત્તિ અર્થે અહીંથી નીકળીને કોઈપણ નિવૃત્તિ ક્ષેત્રે જવાનું થશે ત્યારે તમને જણાવશું.

એ વર્ષમાં એક-બે મહિના નિવૃત્તિના કાઢી લેતા હતા. 'ગુજરાત'માં ગમે ત્યાં રહેતા હતા. એમાં 'વડવા', 'ખંભાત' એ જગ્યાએ એ બાજુ 'ખેડા' જિલ્લામાં, 'આણંદ' જિલ્લામાં વધારે આવવું જવાનું થતું અને ત્યાં એ બાજુના મુમુક્ષો પણ ઘણા પરિચયમાં આવેલા. કોઈવાર 'ઈડર' ઉત્તર ગુજરાતમાં પણ જતા. ત્યાં તો એમના કાંઈ મામા કે એવા સગાને હિસાબે એ બાજું જતા. અને ભૂતકાળનું એમનું એક ક્ષેત્ર પૂર્વ ભવનું પરિચીત ક્ષેત્ર હતું. એટલે ત્યાં જવાનું એમને આકર્ષણ રહેતું.

મુમુક્ષુ :– ચારિત્રમાં પણ બે ધારા ચાલે છે ?

પૂજ્ય ભાઈશ્રી :– હા, ચારિત્રમાં પણ બે ધારા ચાલે છે. એક ગુણના બે ભાગ થાય છે. જ્ઞાનમાં પણ એમ થાય છે. જ્ઞાન પણ જ્યારે પરલક્ષ કરે છે, સમ્યક્જ્ઞાન પણ જ્યારે પરલક્ષ કરે છે ત્યારે લબ્ધજ્ઞાનની પરિણતિ આત્મા સાથે

લપેટ થઈને રહે છે. આત્માને છોડીને સર્વથા જ્ઞાનનું પરલક્ષ થાય એવું સાધકની ભૂમિકામાં ચોથા ગુણસ્થાનથી બંધ થઈ જાય છે. મિથ્યાત્વની દશામાં જ્ઞાન જાણે પૂરેપૂરું પર સાથે જોડાય છે એમ અનુભવ રહે છે અને જોડાય પણ છે. એ તો લબ્ધ અને ઉપયોગ બંનેમાં જોડાય છે એટલે જોડાય છે. પણ સાધક જીવની પરિણતિ સ્વરૂપની સાથે અભેદપણે રહે છે. તેથી ઉપયોગ લક્ષ પરમાં જવા છતાં પણ એમને આત્માનું જ્ઞાન છૂટતું નથી. આત્મજ્ઞાન રહિત દશા થતી નથી. પરસન્મુખ થઈને પરલક્ષે જ્યારે પર પદાર્થને જાણે છે ત્યારે પણ સાધકજીવ આત્મજ્ઞાની જ રહે છે- સમ્યક્દૃષ્ટિ જ રહે છે.

સમ્યગ્દર્શનને અને ઉપયોગને સદાય સમપરિણામપણું નથી. ઉપયોગ અને સમ્યગ્દર્શનને વિષમ પરિણામપણું પણ છે. એમ કહેવું છે. ક્યારેક જ્યારે નિર્વિકલ્પ દશાનો ઉપયોગ શુદ્ધ થાય છે ત્યારે તેને સમપરિણામપણું છે. પણ એ તો ક્યારેક જ હોય છે. બાકી સમ્યગ્દષ્ટિને ઉપયોગ વિષમ પરિણામે પરિણમે છે. છતાં સમ્યગ્દર્શનને એમાં ચ્યુત થવાનું કે વિરોધ થવાનું કે ક્ષતિ પહોંચવાનું કારણ બનતું નથી.

'ગુરુદેવે' તો આવા વિષયોમાં બહુ ચોખવટ કરી છે. બહુ છણતા એ તો. આ વિષય તો 'પંચાધ્યાયી'માં બહુ છણ્યો છે, ઉપયોગનો અને સમ્યગ્દર્શનનો વિષય 'પંચાધ્યાયી' બીજા ભાગમાં પ્રશ્ન ચર્ચા કરી કરીને બહુ છણાવટ કરી છે. 'ગુરુદેવે' તો એક વાત ત્યાં સુધી (લીધી છે), 'પરમાગમસાર'માં એક બોલ આવી ગયો છે. એક સમ્યગ્દષ્ટિ પ્રવૃત્તિમાં હોય. વ્યવસાયાદિ, ગૃહસ્થાઆદિની પ્રવૃત્તિ હોય એકને અને એક સમ્યગ્દષ્ટિ નિવૃત્ત હોય. ગૃહસ્થ ન હોય, બાહ્ય ત્યાગ હોય, બ્રહ્મચારી હોય, કોઈ વેપાર-ધંધામાં પડેલા ન હોય અને એ સ્વાધ્યાય, પૂજા, ભક્તિ આદિ પ્રશસ્ત પ્રવૃત્તિમાં રહેતા હોય. એક સમ્યક્દષ્ટિને અપ્રશસ્ત પરિણામની પણ પ્રવૃત્તિ છે અને અપ્રશસ્ત કાર્યોનો પણ ઉદય છે. તો એને એવી શંકા ન જાય કે આનાથી હું પાછળ રહી ગયો છું ને આ સમ્યગ્દર્શનમાં આગળ વધી ગયો છે. એવી એને શંકા જતી નથી. સમજાવવું થોડું મુશ્કેલ પડે એવો વિષય છે.

કહેવાનો મતલબ એ છે કે એ જે ચતુર્થ ગુણસ્થાનની બંનેની સાધક દશા છે તે શુભાશુભ પરિણામથી નિરપેક્ષ થઈને વર્તે છે. ન તો અશુભ પરિણામ એને ઘાતી શકે છે કે ન તો શુભ પરિણામ એને મદદ કરી શકે છે. એમ છે. એ સાધક દશાને ન તો અશુભ પરિણામ ઘાતી શકે છે કે ન તો પ્રશસ્ત પરિણામ એને મદદ કરી શકે છે. એવી નિરપેક્ષ નિજ શક્તિથી નિજ ઉપાદાનમાંથી ઉત્પન્ન થયેલી એ નિજ સ્વરૂપાશ્રિત દશા છે. એ જરા સમજાવવું, સમજવું કઠણ પડે એવું છે.

એ કેવી રીતે કામ કરે છે ? આ દશા અંદરમાં કેવી રીતે કામ કરે છે ? એ જ્યારે સમજાય જાય પછી એને જ્ઞાનીની દશા ઉપર અવિશ્વાસ થતો નથી. નહિતર અવિશ્વાસ થાય. અને અવિશ્વાસ જ્યારે થાય ત્યારે પછી એના વચન ઉપર પણ વિશ્વાસ રહે નહિ. તેથી એ જે કહેવા માગે છે, કહેવા ધારે છે એનો નિમિત્ત-નૈમિત્તિક સંબંધ ત્યાં ખલાસ થઈ જાય છે. ખલાસ થઈ જાય. આમ કેમ કહ્યું ? કે આમ કેમ વર્ત્યા ? એ વાત મૂળદશાને ઓળખ્યા વગરની છે. એમાં પછી નિમિત્ત-નૈમિતિક સંબંધ રહેતો નથી.

અહીંયાં આવા સ્વભાવદૃષ્ટિવંત પોતાના સ્વભાવને જાણે છે. ક્ષયોપશમજ્ઞાનમાં જેટલી નિર્મળતા હોય એટલા ગુણભેદોને જાણે છે. બધા જ બધું જાણે એવું નથી. કેમકે આ ક્ષયોપશમનો વિષય છે. બધા ગુણો બધા જ્ઞાનીને જણાય અથવા બધા જ્ઞાનીને સરખા ગુણોનું જ્ઞાન થાય, સરખા ભેદ-પ્રભેદનું જ્ઞાન થાય એવો કોઈ નિયમ નથી. કર્તૃત્વ અને ભોક્તૃત્વનો વિષય એકદમ ચાલતા પરિણામ સાથે સીધો સંબંધ બુદ્ધિગોચર સંબંધ રાખતો હોવાથી સમજી શકાય એવો છે. આ જીવ ક્ષણે ક્ષણે કર્તા થઈને પરિણમે છે અને ભોક્તા થઈને પરિણમે છે. એવું સ્વરૂપ નહિ હોવા છતાં, એમ અહીંયાં કહેવું છે. તારું સ્વરૂપ એવું નથી. ભલે તને એવો અનુભવ થતો હોય તોપણ તારું સ્વરૂપ એવું નહિ હોવાને લીધે એ અનુભવને ભગવાને મિથ્યા અનુભવ કહ્યો છે. જો ખરેખર એમ થઈ શકતું હોય તો એને મિથ્યા કહી શકાય નહિ.

મુમુક્ષુ :– સંસારની આ બધી દશા ઉપર ચોકડી મૂકી દીધી.

પૂજ્ય ભાઈશ્રી :– આખા સંસારનો મૂળમાંથી નાશ કેમ થાય ? એ આ વાત ઉપર આધારિત છે. સંસાર ઉપર ચોકડી, સંસારને સમ્યક્દૃષ્ટિ બાળે છે અને સિદ્ધાલયમાં પહોંચે છે. જ્યારે મિથ્યાદૃષ્ટિને સંસારને લીલી વાડી રાખવી છે. પાંગરેલી ! સંસારના ફળ છે એ ફળ ફળાદિથી લીલી વાડી રહે. મારી સંસારની લીલી વાડી રહે એમ એ ચાહે છે, ઇચ્છે છે. સમ્યક્દૃષ્ટિ એમ ઇચ્છે છે કે આ બળી જાય.

**'અસાધરણ વિના ચેતન-અચેતનનો ભેદ ન પડત.'** આત્મા એક અસાધારણ પદાર્થ છે. જગતના બીજા પાંચ પ્રકારના જડ પદાર્થોથી આત્માનું સ્વરૂપે કરીને અસાધારણપણું છે અને તેથી ચેતન અચેતનના ભેદ પડે છે. અસાધારણ નામની શક્તિ છે. તેથી એ શક્તિ દ્વારા આત્મા ચેતનપણે જુદો જણાય છે અને અચેતન પદાર્થથી એનું જુદાપણું સ્પષ્ટ થાય છે. ચેતન-અચેતનની જુદાઈ એ અસાધારણતાને લઈને છે, અમૂર્તત્ત્વને લઈને નહિ. કેમકે બીજા પાંચ પદાર્થો અમૂર્તિત પણ છે.

આકાશ, કાળ, ધર્માસ્તિ, અધર્માસ્તિ બીજા ચાર પદાર્થો અને પોતે પાંચમો. એ પાંચ અમૂર્તિક હોવાથી ત્યાં પાંચમાં એ અમૂર્તપણું સાધારણ છે. જ્યારે ચેતનતા એનામાં એકમાં જ છે. બાકીના પાંચ અચેતન છે. મૂર્તિક અને અમૂર્તિક બંને અચેતન છે. એનાથી એક અસાધારણપણાથી ચેતન અચેતનથી જુદો પડી જાય છે.

ચિતિશક્તિ જુદી અને અસાધારણ શક્તિ જુદી. કેટલાય ગુણોને કહેવા માટે ચૈતન્ય અને જ્ઞાનનો આધાર લેવો પડે છે. Logic આપવા માટે. છે બધા સ્વતંત્ર ગુણો પણ છતાં જ્ઞાન વડે સમજવામાં આવે છે, જ્ઞાન દ્વારા સમજાવવામાં આવે છે. આધાર જ્ઞાનનો લેવો પડે છે. જેમકે સ્વચ્છત્વ, પ્રકાશત્વ એ બધાને જ્ઞાનનો આધાર લેવાનો છે. અહીંયાં અજડત્વ પછી આ સાધારણ, અસાધારણપણું બધામાં જ્ઞાનનો ચેતનનો આધાર લેવામાં આવે છે. પણ છે બધા જુદા જુદા ગુણો.

**'અસાધારણ વિના ચેતન-અચેતનનો ભેદ ન પડત.'** આત્મા ચેતન છે અને બીજા અચેતન છે એવું જુદુ પાડવાનું બને છે એ આત્માની અસાધારણ શક્તિને લઈને છે, અસાધારણ ગુણને લઈને છે.

મુમુક્ષુ :– અસાધારણની સામે સાધારણ આવે છે.

પૂજ્ય ભાઈશ્રી :– છે ને આવે છે. હવે એ આવે છે. તરત જ એ આવે છે. એમણે એ બધા જોડકા સાથે જ લીધા છે. હવે બધા લગભગ જોડકા આવે છે.

**'સાધારણ વિના કોઈ પદાર્થ સત્ હોત, કોઈ અસત્ હોત.'** કહે છે કે અસ્તિત્વથી જોઈએ-સત્પણાથી જોઈએ તો આત્મામાં સાધારણપણું પણ છે. બધામાં છએ દ્રવ્યમાં સાધારણપણું છે, અસ્તિત્વથી જુઓ તો. તેથી બધા સત્ છે. જો એવું ન હોત તો કો'ક સત્ હોત, તો કો'ક અસત્ હોત. પણ એવું છે નહિ. છએ દ્રવ્યો સત્ છે. છએ દ્રવ્યો સ્વભાવે કરીને સત્ પદાર્થો છે-હોવારૂપ પદાર્થો છે. નહિ હોવારૂપ પદાર્થ એકેય નથી.

મુમુક્ષુ :– સાધારણ અસાધારણ...

પૂજ્ય ભાઈશ્રી :– અસાધારણ એટલે Uncommon. Common નહિ, Uncommon. Common એટલે સાધારણ-સામાન્યપણું. અને અસામાન્યપણું લેવું. અસાધારણ એટલે અસામાન્યપણું. ચેતન અને અચેતનને સામાન્યપણું નથી. અસામાન્યપણું છે. આત્મા પોતાના ચેતનસ્વભાવને લઈને અસામાન્ય જુદો પડે છે. એ એની અસાધારણતા છે. ચેતનતા પણ છે અને અસાધારણતા પણ છે. બેય છે.

મુમુક્ષુ :– જડમાં પણ અસાધારણતા આવી ને ?

પૂજ્ય ભાઈશ્રી :– જડમાં તો બીજા પાંચ પદાર્થ છે પાછા. બીજા ચાર પદાર્થ

જડ છે. પણ પુદ્‌ગલ છે એમાં રૂપ, રસ, ગંધ, સ્પર્શથી અસાધારણપણું છે. ઇ એક પુદ્‌ગલમાં જ છે. એ ન તો ચેતનમાં છે, ન તો ધર્માસ્તિ, અધર્માસ્તિક ને કાળમાં છે કે આકાશમાં છે. તો એની અસાધારણતા સ્પર્શ, રસ, ગંધ, રૂપીપણાથી છે. પણ જડત્વપણાથી નહિ. કેમકે જડત્વપણું તો બીજા પદાર્થોને છે પાછું. બીજા ચાર પદાર્થને જડપણું છે.

**'સાધારણ વિના કોઈ પદાર્થ સત્ હોત, કોઈ અસત્ હોત.'** તેથી સત્‌પણાને લીધે આત્મામાં પણ સાધારણપણું પણ છે. એટલે આત્મા સાધારણ સ્વરૂપે પણ છે, આત્મા અસાધારણ સ્વરૂપે પણ છે. એમ સાધારણ-અસાધારણ બેય સ્વરૂપે આત્મા છે. એમ છે. આત્મા નિત્ય પણ છે અને આત્મા અનિત્ય પણ છે. તેથી આત્મા નિત્યઅનિત્યાત્મક છે. એમ લેવાય છે.

આત્મામાં એકપણું પણ છે. બધા બોલ આની અંદર આવશે. અને આત્મામાં અનેકપણું છે. તેથી આત્મા એક એનેકાત્મક છે. બધા બોલ આવે છે. આત્મામાં ભેદપણું પણ છે અને આત્મામાં અભેદપણું પણ છે. તેથી આત્મા ભેદાભેદ સ્વરૂપે છે. આ બધા બોલ છે. અને આવા પરસ્પર વિરુદ્ધ અનેક ધર્મો હોવાથી તે આત્મ પદાર્થનું સમ્યક્ પરિપક્વ સાંગોપાંગ જ્ઞાન જ્યાં સુધી થતું નથી ત્યાં સુધી કોઈને કોઈ કારણે વિભ્રમ ઉત્પન્ન થાય છે. ભ્રમણા થાય છે કે આમ કેમ ?

વેદાંતના અભિપ્રાયોમાં અને જૈનદર્શનના અભિપ્રાયોમાં કોઈ મોટો તફાવત હોય તો અહીંયાં છે. તમે સ્યાદ્વાદ કહીને એમ કહો છે કે આત્મા નિત્ય પણ છે અને આત્મા અનિત્ય પણ છે. આત્મા એક પણ છે અને આત્મા અનેક પણ છે. પણ જે એક હોય તે અનેક બની શકે નહિ અને અનેક હોય તે એક બની શકે નહિ. એ વાત જ ક્યાં સંભવિત છે ? તમારી વાત તમે સમજો, બાકી બીજા કોઈ સમજે એવું નથી.

એક મકાન હોય. એ મકાનનો ઘાટ એવો હોય કે એને તમે પૂર્વ દિશામાંથી જુઓ તો તમને એમ લાગે કે આને ક્યાંય કાટખૂણો પાડ્યો નથી. બધે ગોળાઈ આપી છે. જ્યાં Room કાઢ્યા છે, જ્યાં ખૂણા પડ્યા છે ત્યાં ગોળાઈ આપી છે. માટે આ મકાનનો ઘાટ ગોળાઈવાળો છે. એ જ મકાનને પશ્ચિમ દિશામાં ઊભા રહીને જુઓ તો એકેય ગોળાઈ એને ન આપી હોય. જ્યાં જ્યાં એને કાટખૂણા પડતા હોય ત્યાં એણે કાટખૂણા જ રાખ્યા હોય. ખૂણા પડતા હોય ત્યાં. ત્યાંથી તમે કહો કે આ મકાન છે તેને ક્યાંય ગોળાઈ નથી. ઠીક ! એ મકાન ગોળ પણ છે અને ગોળ પણ નથી. આખું મકાન તો ગોળ પણ છે અને ગોળ પણ નથી. એમાં શું વાંધો આવે એવું છે ? આત્મા અનેક ગુણોને લઈને અનેકપણાને ધારણ

કરે છે. અનેકપણું એનામાં છે. અનેક ગુણો આત્મામાં હોવાથી તેનામાં અનેકપણું છે.

મુમુક્ષુ :- કાકો પણ ઇ જ છે અને મામો પણ ઇ જ છે, બાપ પણ ઇ જ છે.

પૂજ્ય ભાઈશ્રી :- હા, છે કે નહિ ? તેનો તે માણસ પિતા પણ છે અને તેનો તે માણસ પુત્ર પણ છે. પુત્ર અને પિતા એકસાથે છે કે વારાફરતી છે ? એકસાથે છે. અપેક્ષા બેસે તો જે અપેક્ષાએ પિતા છે તે અપેક્ષાએ પુત્ર નથી. જે અપેક્ષાએ પુત્ર છે તે અપેક્ષાએ પિતા નથી. બસ ! એટલી જ વાત છે આમાં. ગુણભેદની અપેક્ષાએ અનેકપણું છે. ગુણભેદની અપેક્ષાએ એકપણું નથી. તો તો આત્મામાં એક જ ગુણ હોત. એમાં તો નિયમથી ચોક્કસપણે નિશ્ચયથી એમાં અનેકપણું છે. પણ દ્રવ્ય સ્વરૂપે-વસ્તુ સ્વરૂપે જુઓ તો એનામાં એકપણું છે. અનેક વસ્તુપણું એમાં છે જ નહિ.

અનેક ગુણોનું જ્ઞાન કરતા અનેક વસ્તુપણાની કલ્પના થાય તો ગુણનું જ્ઞાન ખોટું પડે છે. જેમ હમણા પ્રશ્ન થયો કે તો પછી જ્ઞાનના દોષને લઈને ચારિત્રનો દોષ થયો તે નહિ ? એમ નથી અનેક વસ્તુપણું નથી. વસ્તુપણે એક છે આત્મા. તેથી તેના ગુણોની કેટલીક પર્યાયો કેટલાક કાળમાં અવિનાભાવીપણે થાય, થાય ને થાય જ. ન થાય એવું બને નહિ.

મુમુક્ષુ :- 'ધર્મદાસજી ક્ષુલ્લકે' કહ્યું, એક પણ નથી, અનેક પણ નથી. આદિ, મધ્ય, અંતમાં પણ...

પૂજ્ય ભાઈશ્રી :- કહો, હવે શું કહેશો ? એક છે એમ સ્થાપે. એક નયથી એમ સ્થાપે કે એક છે અને બીજા નયથી એમ સ્થાપે કે અનેક છે. નિશ્ચયથી સ્થાપે કે એક છે અને વ્યવહારથી સ્થાપે કે અનેક છે. અને બંને નયથી અતિક્રાંત થાય ત્યારે એક પણ નથી અને અનેક પણ નથી. એમ છે. એ વિષય વળી એથી આગળનો છે. હજી તો એક અનેકમાં ઝઘડા થતા હોય ત્યાં એક અનેક પણ નથી એમ એને કહે તો એમ થાય કે આ વળી શું ત્રીજો બમ્બગોળો છોડ્યો પાછો !

હજી તો એકમાં વાંધો પાડે કા અનેકમાં વાંધો પાડે છે. તોય કહે કે એક અનેક તો છે એમ સ્થાપ્યા પછી એમ કહીએ છીએ કે હવે એને ઉથાપીએ છીએ બોલ! એક-અનેકપણું પણ નથી. ન તો એકપણું છે આત્માને, ન તો અનેકપણું છે આત્માને. આત્મા જેવો છે તેવો છે. એમ કહેવું છે. એમાં બધું આવી જાય છે. એ નિર્વિકલ્પ દશાની વાત કરી. નિર્વિકલ્પ દશામાં એટલું બધું ટૂંકું છે, એટલું બધું ટૂંકું છે કે એક સૂક્ષ્મ ભેદ વિકલ્પ ઉઠે એટલું પણ લાંબુ ત્યાં નથી. એટલું ટૂંકુ છે. એ લાંબુ છે ત્યાં.

હું જ્ઞાનસ્વરૂપ, હું જ્ઞાનસ્વરૂપ, હું આત્મસ્વરૂપ. એટલો વિકલ્પ એ ત્યાં લાંબુ

છે. એટલું લાંબુ પણ ત્યાં નથી. આરાધનમાં નથી. '**णो आराहणसमये**' '**तच्चाणेसणकाले**' અન્વેષણ કાળે એ બધી માથાકૂટ ને લપ છે. આવો છે ને તેવો છે, આવો છે ને તેવો છે, એ અન્વેષણ કાળમાં જાય છે (એટલે કે) નિશ્ચયના કાળમાં.

મુમુક્ષુ :- આ બધું અન્વેષણ કાળમાં જાય છે અત્યારનું ?

પૂજ્ય ભાઈશ્રી :- સ્વાધ્યાય બધો અન્વેષણ કાળનો વિષય છે, Logic બધો અન્વેષણ કાળનો વિષય છે. આરાધનમાં એ કાંઈ જરૂર નથી. એ રાખીને એમાં ને એમાં રોકાઈ જાય તો એને આરાધના ન થાય. એવું છે. એટલે આ તો હજી બધા સ્થૂળ વિકલ્પ છે. શાસ્ત્ર વાંચવાના વિકલ્પ ને રાગ તો બધા સ્થૂળ રાગ અને સ્થૂળ વિકલ્પ છે, પણ ધ્યાનના વિકલ્પનો પણ ત્યાં (ભેદ નથી). ધ્યાન, ધ્યાતા, ધ્યેયનો ભેદ હોઈ શકે નહિ. હું ધ્યાન કરનારો, આવું નિર્વિકલ્પ ધ્યાનનું સ્વરૂપ, આ મારું ધ્યેય, મારું સ્વરૂપ મારું ધ્યેય-એ વાત ત્યાં ન ચાલે. જેમાં ધ્યાતા, ધ્યાનનો ભેદ નથી એને સ્વરૂપાચરણ ચારિત્ર કહ્યું છે. 'છ ઢાળા'માં લીધું જ છે ને ?

મુમુક્ષુ :- ચિન્માત્ર એકાકાર.

પૂજ્ય ભાઈશ્રી :- ચિન્માત્ર એકાકાર. પણ ચિન્માત્ર એટલો ભેદ (ખરો કે નહિ) ? એ પણ નહિ. કહેવા જાવ ત્યાં વિકલ્પ ઉઠે. કહેવા જાવ ત્યાં વિકલ્પ ઉઠે. એટલે તો  કર્તા-કર્મ અધિકારમાં નિર્વિકલ્પ દશા પછીના છવ્વીસ કળશ લીધા. હું એક પણ નથી અને હું અનેક પણ નથી. '**खलु चिच्चिदेव**'. હું તો ચૈતન્ય જ છું. ખરેખર ચૈતન્ય છું. એમ કરીને લીધા છે ને ? છઠ્ઠી ઢાળ છે.

મુમુક્ષુ :- હું ધ્યાન ધ્યાતા ધ્યેયના જેટલા ભેદો છે એ...

પૂજ્ય ભાઈશ્રી :- જ્ઞાન જ્ઞેય અને ધ્યાન ધ્યેય બધું ઉડાડ્યું છે. છે કે નહિ ? તમારે દિગંબરમાં તો બધાને 'છ ઢાળા' મોઢે હોય છે.

મુમુક્ષુ :- મોઢે આવડે, પહેલા નંબરે પાસ થયા છીએ.

પૂજ્ય ભાઈશ્રી :- પરીક્ષામાં પાસ. 'છ ઢાળા' તો આ દિગંબર પાઠશાળામાં એ Common course છે, બહુ સામાન્ય course છે.

મુમુક્ષુ :- આમ તો નાનું 'સમયસાર' જ છે.

પૂજ્ય ભાઈશ્રી :- કેમકે એમાં અધ્યાત્મ છે, ચાર ગતિનો વિષય છે, ચાર ગતિના સુખ-દુઃખનો વિષય છે. એ રીતે અધ્યાત્મ સારી રીતે (ભર્યું છે). ટૂંકામાં પણ સારી રીતે અધ્યાત્મ ઉતાર્યું છે. 'દૌલતરામજી'એ 'બુધજનજી' ઉપરથી લીધું છે. 'દૌલતરામે' પોતે 'છ ઢાળા' લખી છે એ 'બુધજનજી'ના ગ્રંથ ઉપરથી લખી છે. આમાં લાગતી નથી. 'છ ઢાળા' છે. 'દોલતરામજી'ની છે. સ્વરૂપાચરણના ૩-૪ પદ છે. એમાં અભેદતાની વાત લીધી છે. એમાં પહેલા પદની ભેદજ્ઞાનથી શરૂઆત કરી છે.

**जिन परम पैनी सुबुधि ैनी, डारि अन्तर ोदिया;**
**वरणादि अरु रागादितैं निज ाावको न्यारा किया।**
**निजमांहि निजके हेतु निजकर, आपको आपै गह्यो;**
**गुण गुणी ज्ञाता ज्ञान ज्ञेय मँझार कु ोद न रह्यो।।8।।**

ગુણ-ગુણીનો ભેદ નહિ અને જ્ઞાન-જ્ઞાતાનો પણ ભેદ નહિ. આઠમું પદ છે, છઠ્ઠી ઢાળનું. આમાં મારી પ્રતમાં ૧૩૮મું પાનું છે. પણ છઠ્ઠી ઢાળ અને આઠમું પદ. છેલ્લી છઠ્ઠી ઢાળ અને આઠમું પદ છે. આ તો બહુ પ્રસિદ્ધ પદ છે. ભેદજ્ઞાનનું પદ છે ને એટલે આ પદ તો બહુ પ્રસિદ્ધ છે.

'ગુરુદેવ'ના પ્રવચનમાં ક્યારેક ક્યારેક એ ઉદ્ધરણ કરતા હતા એ. **'जिन परम पैनी सुबुधि ैनी,'** **'परम पैनी'** (એટલે) તીક્ષ્ણ. એકદમ પૈનિ એટલે તીક્ષ્ણ છે. જેની સુબુદ્ધિરૂપી પ્રજ્ઞાછીણી એકદમ તીક્ષ્ણ છે કે જે અંતરમાં રાગ અને જ્ઞાનને ભેદીને જુદા પાડે છે. **'वरणादि अरु रागादितैं'** વર્ણ એટલે પુદ્‌ગલ સ્પર્શ, રસ, ગંધ. **'रागादितैं'** એટલે વિભાવ. **'निज ाावको'** એટલે નિજ સ્વરૂપને જુદું પાડ્યું જેણે. નિજ પોતામાં જ પોતાના કારણથી પોતા દ્વારા પોતે પોતાને ગ્રહણ કર્યો. આ કરણના ભેદ થયા. એનેથી પણ ઉલ્લંઘન કરીને. **'गुण गुणी ज्ञाता ज्ञान ज्ञेय मँझार कु ोद न रह्यो'**. કોઈપણ ભેદ એમાં ઊપજતો નથી.

**'जहँ ध्यान ध्याता ध्येयको न विकल्प, वच ोद न जहाँ'**
**'चिद्भाव कर्म, चिदेश करता, चेतना किरिया तहाँ।'**
**तीनों अिान्न अखिन्न शुद्ध उपयोगकी निश्चल दशा'**
**प्रगटी जहाँ दृग-ज्ञान-व्रत ये, तीनधा एकै लसा।।9।।**

ત્યાં ધ્યાન, ધ્યાતા, ધ્યેય અને વિકલ્પનો વચનભેદ પણ જ્યાં નથી.

મુમુક્ષુ :– ચિદ્‌ભાવ એ ...

પૂજ્ય ભાઈશ્રી :– **'चिद्भाव कर्म, चिदेश करता,'** ચૈતન્યભાવનો કર્તા પણ ચિદેશ છે. ચિદેશ શબ્દ વાપર્યો છે. પોતાની ક્રિયા તહાં. **'चेतना किरिया तहाँ'**. ત્યાં ચેતનભાવ, ચેતનકર્તા અને ચેતનાક્રિયા (છે) પણ એ ભેદ પણ નહિ. એમ. એટલે **'तीनधा एकै लसा'** ત્રણ પ્રકાર હોવા છતાં અભેદરૂપથી એક જ પણે શોભાયમાન છે. લસક એટલે શોભવું.

**'परमाण नय निक्षेपकौ न उद्योत अनुावमें दिखै;...'** અનુભવમાં તો પ્રમાણ, નય, નિક્ષેપના વિકલ્પનો પણ ઉદ્યોત એટલે ઉત્પન્ન થવું દેખાતું નથી. **'परमाण नय निक्षेपकौ न उद्योत अनुावमें दिखै;...'** આ પહેલા સાધન કહેવાય. આત્માને ઓળખવા માટે પ્રમાણ, નય નિક્ષેપને સાધનમાં નાખ્યા. અહીંયાં કહે છે કે હવે

એની જરૂર નથી.

**दृग-ज्ञान-सुख-बलमय सदा, नहिं आन ाव जु सो विखै।**
**मैं साध्य-साधक मैं अबाधक, कर्म अरु तसु फलनितैं;**
**चित् पिंड चंड अखंड सुगुणकरंड च्युत पुनि कलनितैं।।10।।**

એમ કરીને એ પણ અભેદ દશાનું જ વર્ણન કર્યું છે.

**'यों चिन्त्य निजमें थिर ाये,...'** આમ જોઈને, આમ ચિંતવીને જે સ્થિર થયો. **'यों चिन्त्य निजमें थिर ाये, तिन अकथ जो आनंद लह्यो,...'** પછી ત્યાં જે અકથ્ય આનંદ ઉત્પન્ન થઈ ગયો. **'सो इन्द्र नाग नरेन्द्र वा अहमिन्द्रकैं नाहीं कह्यो।'**

**तब ही शुकल ध्यानाग्नि करि, चउघाति विधि कानन दह्यो;**
**सब लख्यो केवलज्ञानकरि, ाविलोकको शिवमग कह्यो।।11।।**

એ પછી કેવળજ્ઞાન થઈ ગયું એ વાત લઈ લીધી છે. સ્વરૂપાચરણ ચારિત્રમાંથી આગળ વધીને અરિહંત દશામાં પહોંચ્યા પછી સિદ્ધ દશા અને મોક્ષ અવસ્થાનું વર્ણન પાછળથી લીધું છે. છેલ્લું પદ એવું લીધું છે.

**'यह राग-आग दहे सदा, तातैं समामृत सेइये;...'** આ છેલ્લી વાત કરી નાખી છે. આ રાગ છે તે અગ્નિની જેમ બાળે છે. દહન કરે છે આત્માને.

મુમુક્ષુ :– એ તો અશુભ રાગને ?

પૂજ્ય ભાઈશ્રી :– અશુભ અને શુભ બેય. રાગમાત્ર એમ લીધું છે. રાગમાત્ર. વીતરાગ સ્વરૂપથી વિરુદ્ધ છે. **'यह राग-आग दहे सदा, तातैं समामृत सेइये;...'** સમામૃત સમરૂપી અમૃત. રાગરહિત દશા. રાગ છે એ વિષમ દશા છે. રાગ રહિત વીતરાગ દશા તે સમદશા ચારિત્રદશા કહો. **'तातैं समामृत सेइये;...'**

**चिर ाजे विषय-कषाय अब तो, त्याग निजपद वेदये।**
**कहा रच्यो पर पदमें, न तेरो पद यहै, क्यों दुःख सहै;**
**अब 'दौल' ! होउ सुखी स्वपद-रचि, दाव मत चूकौ यहै।।15।।**

હવે તું શાણો છો, તને વધારે શું કહીએ ? એમ કરીને વખાણ કરીને કહે છે. સમજદાર છો, શાણો છો, ડાહ્યો છો. હવે આ તક આવી છે, આ દાવ આવ્યો છે, હવે ચૂકીશ નહિ. છેલ્લી ભલામણ એ કરી.

મુમુક્ષુ :– પંડિતો પણ કેવા !

પૂજ્ય ભાઈશ્રી :– દિગંબરમાં તો તમારે બહુ પાક્યા છે. ગૃહસ્થો પણ ઘણા થયા છે. આ બાજુ ઓછા છે. છેલ્લે છેલ્લે આ બાજુ પ્રજાને લાભ મળ્યો. 'શ્રીમદ્ રાજચંદ્રજી' થયા અને 'ગુરુદેવ' થયા. બાકી સો વર્ષ પછીનો જુઓ તો લગભગ રાજસ્થાનની અંદર આ બધા જ્ઞાનીઓ થયા છે. એમાં 'ટોડરમલજી' છે, આ

'દોલતરામજી' છે, 'બુધજનજી', 'દિપચંદજી' છે. 'ભાગચંદજી' છે, 'જયચંદ્રજી' છે. ઘણા થયા. એ લગભગ સો વર્ષ મૂક્યા પછી દોઢસોથી છેલ્લા બીજા દોઢસો વર્ષમાં અહીંથી દોઢસો છોડીને, છેલ્લા દોઢસોથી ત્રણસો વરસ પાછળ જાવ તો એ એક-બે સૈકાની અંદર ઘણા જ્ઞાનીઓ 'રાજસ્થાન'ના Areaમાં થયા છે. 'જયપુર'ની આજુબાજુના.

મુમુક્ષુ :– ભટ્ટારક પદ્ધતિ આવી ગઈ.

પૂજ્ય ભાઈશ્રી :– ત્યાં ગડબડ વધી ગઈ. પરંપરા ન બગડી ત્યારે તમારી ? ભટ્ટારક પદ્ધતિ આવી ત્યારે પરંપરા ન બગડી ? અત્યારે તો બધા જય નારાયણ કરવા જાય છે. ભટ્ટારકના હાથમાં મોરપીછી (અને) કમંડળ રાખે છે. કમંડળ રાખે. પીછી રાખે. કપડા પહેર્યા હોય અને First class ambassador હોય, ફડાક દઈને બેસી જાય. ત્યાં કાંઈ વાંધો નથી આવતો.

મુમુક્ષુ :– તદ્દન વિપરીતા.

પૂજ્ય ભાઈશ્રી :– ઘણી ગડબડ છે. 'બાહુબલી' બે વર્ષ પહેલા ગયા હતા. એ તો બિચારા હળવા છે. 'ચારુકીર્તિ' છે, નાના ઉંમરના હળવા છે. વંદન-નમસ્કાર ને એવું કાંઈ નહિ. એને ખબર કે આ 'સોનગઢ'વાળા તો સમજીને જ બધા ચાલે છે. ચર્ચા કરતા હતા. જમતા એના રસોડે જમતા હતા. એમ તો બહુ નાનું ગામ છે ને એટલે ફાવે એવું નથી. એક દિગંબરની છે લોજ જેવું પણ ફાવે નહિ. રસોઈની પદ્ધતિ એવી રહી ને. પછી એમણે કહ્યું, અમારા રસોડે બનાવી દેશે તમને, હું કહી દઉં છું. સાંજના જમીને બેસતા કો'ક કો'કવાર. એને બેસવાનું બહુ મન રહેતું. સાંજે જમવા જઈએ પછી એમની સાથે વાતચીત કરવા, ચર્ચા કરવા બેસતા હતા.

મુમુક્ષુ :– ...

પૂજ્ય ભાઈશ્રી :– 'ચારુકીર્તિ' છે ને ? 'શ્રવણબેલગોલા'. 'બાહુબલી'. 'શ્રવણબેલગોલા'. 'પંચાધ્યાયી'ની એકવાર ચર્ચા કાઢી હતી. શાસ્ત્રની ચર્ચા કાઢતા.

મુમુક્ષુ :– બધા ભટ્ટારક 'ચારુકીર્તિ'...

પૂજ્ય ભાઈશ્રી :– બધા જ 'ચારુકીર્તિ', એની ગાદી જ ચારુકીર્તિની કહેવાય છે. પહેલા ભટ્ટારક ચારુકીર્તિ થયા. બધાયને ચારુકીર્તિ તરીકે જ બેસાડે. બધાયને ચારુકીર્તિ તરીકે. પછી પેલા છે ત્યાં પણ છે એને પણ ચારુકીર્તિ કહે છે. મુળબિદ્રીમાં છે. બે ગાદી છે ત્યાં. એને ચારુકીર્તિ જ કહે છે. નામ ચારુકીર્તિ આપવાનું. એટલે એણે મુળબિદ્રીવાળાએ કીધું, તમારા 'કાનજીસ્વામી'ની ગાદી કાઢોને. હું Highclass ભણેલો, ગણેલો Graduate થયેલો બ્રહ્મચારી આપુ. શાંત માણસ વૈરાગી. 'કાનજીસ્વામી' કરીને બેસાડો. આશ્રમ Highclass બનાવી દઉં. તમારે ત્યાં

'સોનગઢ'માં બે વર્ષ રહું. અમારે ન ચાલે, ભાઈ ! તમારે ત્યાં ચાલે, અમારે ત્યાં ગાદી-ફાદીનો કોઈ ધંધો ચલાવવાનો (નથી), પેઢી ચલાવવાની નથી. કોઈ 'કાનજીસ્વામી'ના નામે પેઢી ચલાવવાની છે કાંઈ અહીંયાં ? કે વેપાર ચલાવવાનો છે ? ધંધો ચલાવવાનો છે ? આવક-જાવક કરવાની છે ? એ તો રસ્તે ચાલતા ચાલતા માર્ગ બતાવતા ગયા છે કે આ રસ્તે હું જાઉં છું. આ રસ્તો મને દેખાણો છે. તમારે ચાલવું હોય ખુશીથી ચાલ્યા આવો. Wellcome. ન આવો તો સ્વતંત્ર છો. તમે ભગવાનઆત્મા છો. ફરો, હમણા જ્યાં સુધી આ સંસારમાં ફરવું હોય ત્યાં સુધી.

મુમુક્ષુ :– અનુભવ ન થાય ત્યાં સુધી ભટ્ટારકની...

પૂજ્ય ભાઈશ્રી :– એક તો શું છે એકદમ પક્કડવાળા હોય છે. મિથ્યાત્વ હોય, મિથ્યાત્વ છોડવાની ભાવના હોય (તો) જુદો વિષય થઈ જાય. ઓલા તો પક્કડ કરીને બેસે. અમારે તો ભટ્ટારકનું આમ જ હોય, બધું આમ જ હોય. એની પરંપરા..

મુમુક્ષુ :– ઊંધી માન્યતામાં જ ફરક પડે છે.

પૂજ્ય ભાઈશ્રી :– માન્યતાની પક્કડ કરવી અને માન્યતાને છોડવા માટે મહેનત કરવી, બે જુદી જુદી વાત છે. Line ફરી જાય ને ? 'ગુરુદેવ' પાસે આવતા એ બધા ભલે કાંઈ સમ્યગ્દૃષ્ટિ થોડા છે ? પણ એ એમ કહેતા કે આમ મિથ્યાદર્શન છૂટે એ સાંભળવાની જેની ઇચ્છા છે, મન છે, ભાવના છે, ગમે છે, રુચે છે. એમાં કોઈ તીવ્ર કષાયવાળા હોય, મંદ કષાયવાળા હોય. એક સમૂહ-સમાજ હોય ત્યાં અનેક સ્તરના જીવો સંભવી શકે છે. બધા જ કોઈ એકસરખા હોય એવી આશા રાખવી અસ્થાને છે કે બધા એક જ સ્તરના હોય. બધા સ્તરના હોય છે. પણ આ વસ્તુ મિથ્યાત્વ છોડવા માટે એને અહીંયાં આવવું છે એ વાત સારી છે. એ એક પડખું સારું છે. જો મિથ્યાત્વ છોડવા માટે આવતો હોય તો. એ અનુમોદવાની વાત છે. વિશેષ લઈશું...

❋ ❋ ❋

**ઈષ્ટ-અનિષ્ટપણું જ્ઞાનમાં નથી તેમ જ જ્ઞેયમાં પણ નથી. આ કસ્તૂરી છે માટે ઈષ્ટ છે. આ વિષ્ટા છે માટે અનિષ્ટ એમ ઈષ્ટ-અનિષ્ટપણું કરવું તે જ્ઞાનનો સ્વભાવ નથી. તેમ જ જ્ઞેયોનો પણ એવો સ્વભાવ નથી.**

**(પરમાગમસાર–૭૦૫)**

## તા. ૨૪-૮-૧૯૮૫, પાના નં. ૫, પ્રવચન નં. ૧૬

પાનું ૫. આત્માની શક્તિનું વિવરણ છે. ભાવશક્તિની વાત ચાલી. જે ભાવભાવશક્તિ. **'ભાવભાવ વિના ભૂતકાળનો ભાવ ભવિષ્યકાળમાં ન રહેત.'** ભાવનો ભાવ રહે છે. જે ભાવ છે તેનો સદ્ભાવ થાય છે. એના વિના ભૂતકાળનો ભાવ ભવિષ્યમાં ન રહેત. જો આવી શક્તિ આત્મામાં ન હોત તો જે ભાવ ભૂતકાળનો છે તે જ ભાવ ભવિષ્યકાળમાં રહે છે તેવું ન બનત. ઢુંઢારીમાં એવા શબ્દ છે કે ભાવભાવ વિના અતીતકા ભાવ અનાગતમેં ન રહેતા. અતીત એટલે ભૂતકાળ. અતીત એટલે વ્યતીત. જે કાળ ચાલ્યો ગયો છે, તેમાં જે ભાવ હતો તે ભાવ ભવિષ્યમાં પણ રહે છે એ બતાવે છે કે જીવમાં ભાવભાવ નામની શક્તિ છે.

ભાવ અને ભાવ, બે ભાવ લીધા ને ? તો ભાવ ભાવ પણે રહે છે એમ કહેવું છે. તેનો તે ભાવ જે ભાવ ભૂતકાળમાં છે તે જ ભવિષ્યમાં છે. ભાવભાવ વિના ભૂતકાળનો ભાવ, તર્કથી વાત લીધી છે, ભવિષ્યમાં ન રહેત. એટલે રહે છે. ભૂતકાળનો ભાવ ભવિષ્યકાળમાં પણ રહે છે. જેમકે આત્માનો જ્ઞાયકભાવ. તો જે જ્ઞાયકભાવ ભૂતકાળમાં હતો તે જ જ્ઞાયકભાવ ભવિષ્યકાળમાં રહેશે.

મુમુક્ષુ :- એટલે ધ્રુવ.

પૂજ્ય ભાઈશ્રી :- હા, અહીંયાં ધ્રુવ ભાવ છે. ધ્રુવ ભાવ છે. ભાવનો ભાવ રહે છે. ભાવ ભાવપણે રહે છે. ભાવનો સદ્ભાવ રહેવો તે ભાવભાવ શક્તિ છે. સર્વથા ભાવનો અભાવ થાય એવું બનતું નથી, એમ કહેવું છે. આત્મા ભાવભાવ શક્તિવંત છે. આત્મા પોતે ભાવભાવ શક્તિવંત છે. તે શક્તિવાનપણાને લીધે જે ભાવે જે સ્વભાવભાવે આત્મા ભૂતકાળમાં છે તે જ સ્વભાવભાવે આત્મા ભવિષ્યમાં પણ રહેશે. જો એવી શક્તિ ન હોય તો જે ભાવ ભૂતકાળમાં છે તે જ ભાવ ભવિષ્યકાળમાં ન રહી શકે. ક્યારેય પણ. એમ. ભવિષ્યકાળ એટલે એક સમય પછીનો કાળ પણ ભવિષ્યકાળ કહેવાય. અનંત... અનંત... અનંત.... અનંત કાળ પછીનો કાળ પણ ભવિષ્યકાળ કહેવાય. એક સમય પહેલાનો કાળ પણ ભૂતકાળ કહેવાય અને એવા અનંત... અનંત... અનંત... અનંત... અનંત કાળ પહેલાનો પણ કાળ ભૂતકાળ છે. તો એવી રીતે ભૂતકાળમાં ગમે ત્યાં આઘે દૂર જાવ અને ભવિષ્યનો

ગમે તેટલો દૂર ભવિષ્યનો કાળ પકડો પણ આત્મા ભાવભાવ શક્તિવાન હોવાથી જે એક ભાવ ભૂતકાળમાં છે, ભૂતકાળમાં હતો તે જ ભાવ ભવિષ્યકાળમાં રહેશે. એમાં કોઈ બીજો ફેરફાર થશે નહીં. એવું સ્વભાવભાવનું સદાય સદ્‌ભાવપણે રહેવું, નિત્ય સદ્‌ભાવપણે રહેવું એ આત્માની ભાવભાવ શક્તિને લીધે છે.

એવી ભાવભાવ શક્તિ દ્રવ્યમાં બરાબર વ્યાપેલી છે. સર્વ ગુણોમાં એનું રૂપ છે. એટલે બધા ગુણો એ રીતે ધ્રુવ (છે). એમ બધા જે દસ બોલ ઉતાર્યા છે એમ હોવા માટે કોઈ એને કાર્ય-કારણ નથી. અને એમાં કોઈ ગ્રહણ-ત્યાગનો વિષય પણ નથી કે કાંઈ પણ ગ્રહણ કરે તો ભાવભાવપણે રહે અને ન ગ્રહણ કરે તો ન રહે. જેમ આમ લોકો કહે છે કે આહાર લ્યે તો શરીર ટકે. આહાર-પાણી છોડે તો શરીર ન ટકે, એમ કહે છે ને ? આત્માને ગ્રહણ-ત્યાગનો સવાલ નથી.

અનંત ભૂતકાળમાં જે આત્મા હતો એ અનંત ભવિષ્યકાળમાં રહેશે તેને માટે એને કાંઈ પણ ત્યાગ કરવો કે કાંઈપણ ગ્રહણ કરવું એ સ્વરૂપને વિષે નથી. એવું સર્વ શક્તિઓનું સ્વરૂપ છે. એટલે ભાવભાવ શક્તિથી આત્મા સદાય ભાવપણે રહે છે. ભૂતકાળનો ભાવ પણ, કોઈપણ ભૂતકાળનો ભાવ પણ ભવિષ્યકાળમાં રહે છે. એવું જ મૂળ સ્વરૂપ છે.

હવે **'ભાવાભાવ વિના...'** બધા વિરુદ્ધ આવે છે, જુઓ ! ભાવભાવથી ભાવઅભાવ વિરુદ્ધ છે. પછી ભાવથી અભાવ વિરુદ્ધ છે. ભાવભાવથી અભાવઅભાવ વિરુદ્ધ છે. બધી વિરુદ્ધ શક્તિ હવે આવશે. **'ભાવાભાવ વિના...'** પહેલા એમ છે. ભાવાભાવ એમ લીધું છે ને ? **'ભાવાભાવ વિના પરિણમન સમયમાત્ર (સમય સમયનું) ન સંભવત.'** એક સમયનો ભાવ-પરિણમનરૂપ ભાવ બીજા સમયે અભાવ પામે છે એનું કારણ આત્મામાં ભાવઅભાવ નામની શક્તિ રહેલી છે. આત્મામાં ભાવઅભાવ નામની શક્તિને લીધે એક સમયનું પરિણમન બીજા સમયમાં અભાવરૂપ હોય છે. પરિણમનરૂપે એનો કાંઈ સદ્‌ભાવ રહેતો નથી.

બૌદ્ધમતમાં પરિણામની પ્રધાનતાથી અભિપ્રાય રહેલો છે અને પરિણામમાત્રને જ આત્મા માને છે. ત્યાં કોઈ એમને તર્ક આપે છે કે પરિણામ માત્ર આત્મા હોય તો પરિણામ તો ફરી જાય છે, પરિણામ તો નાશ પામે છે તો આત્માનો નાશ માનવો પડશે. તો એ કહે (છે), પરિણામ નાશ પામે છે પણ બીજા પરિણામમાં અથવા બીજા આત્મામાં એના સંસ્કાર મૂકતો જાય છે.

અહીંયાં કહે છે કે ભાવનો અભાવ થાય છે. એ પરિણમન સમયમાત્રનું જે પરિણમન એ બીજા સમયે નથી. પર્યાયનો સર્વનાશ છે ત્યાં. પર્યાયનો પર્યાયપણે સર્વનાશ છે. એક સમયની પર્યાય બીજા સમયની પર્યાય સાથે કાંઈ પણ ખરેખર

સંબંધ ધરાવતી નથી. કોઈ વખત સંબંધનું કારણ બતાવવામાં આવે તોપણ ત્યાં વ્યવહાર કર્યો છે. ખરેખર તો પ્રત્યેક પર્યાય તે તે કાળે સ્વતંત્રપણે ઊપજે છે. પોતાનું કાર્ય-કારણપણું બિલકુલ સ્વતંત્ર છે એવો નિશ્ચય છે.

'સોગાનીજી'એ એક પત્રમાં એ વાત લીધી છે કે પર્યાય હી પર્યાય કા કર્તા હૈ, યહ પર્યાય કે કર્તા-કર્મપને કી ચરમસીમા છે. કર્તા-કર્મનો જે અધિકાર છે એના ઉપર એ છેલ્લો સરવાળો માર્યો છે. પર્યાય હી પર્યાય કી કર્તા હૈ, વહ કર્તા-કર્મકી ચરમસીમા હૈ. પર્યાય કર્તા, પોતે જ કારણ, પોતે જ કાર્ય. એમાં બીજાનું કારણ-કાર્ય તો નહિ પણ દ્રવ્ય-ગુણનું કારણ-કાર્ય કહેવું તે પણ ઉપચાર, તે પણ વ્યવહાર (છે), એમ લઈ લીધું છે. જો દ્રવ્ય-ગુણ કારણપણે હોય તો જેવા દ્રવ્ય-ગુણ હોય તેવી જ અવસ્થા સદાય રહેવી જોઈએ કે સદાય હોવી જોઈએ. તેથી પર્યાયની સ્વતંત્રતા લઈ લીધી.

એ પર્યાય, અહીંયાં કહે છે, એક સમયમાત્રનો જેનો સદ્ભાવ છે એને અહીંયાં ભાવ કીધો અને બીજા સમયે તેનો નાશ છે એને અહીંયાં અભાવ કહ્યો. એવું જે થાય છે ભાવાભાવપણું થાય છે, ભાવનો અભાવપણું થાય છે એ એક શક્તિનું કાર્ય છે. એ એક જુદી સ્વતંત્ર શક્તિ આત્મામાં રહેલી છે કે જેથી સમયમાત્રનું પરિણમન પછી બીજા સમયે હોતું નથી. સમય સમયનું એ પરિણમન ન સંભવત. બીજા સમયે પણ કોઈક પર્યાય એવી જાગત કે જે એક સમયે છે તે બીજા સમયે પણ રહેત. પણ એવું બનતું નથી.

જેને આત્માનું જ્ઞાન છે, પરિજ્ઞાન છે એ જાણે છે કે પર્યાયની રુચિ કરીને શું કરવાનું ? તને પર્યાયનો કોઈપણ સમયનો ભાવ પસંદ પડ્યો તોપણ એને વળગી રહી શકીશ નહિ. (કેમકે) એ બીજા સમયે અભાવરૂપ હશે.

મુમુક્ષુ :– ભગવાનની પૂજા પા કલાક કરે એ દરમ્યાન શુભભાવ તો ચાલુ રહે છે.

પૂજ્ય ભાઈશ્રી :– હા, પણ એ સમય સમયનો નવો છે. સમયે સમયે નવો નવો ભાવ છે. શુભભાવ પણ.

મુમુક્ષુ :– પૂજાનો ભાવ ચાલુ છે.

પૂજ્ય ભાઈશ્રી :– પૂજાનો વિષય ભલે એકનો એક ચાલુ રહે પણ એક સમયે જે પૂજાનો ભાવ છે તે બીજા સમયે નથી. તેનો તે નથી. બીજો જ છે. સદંતર બીજો છે. આ તો હજી એમાં તારતમ્યભેદ છે. પણ કેવળજ્ઞાન સિદ્ધદશા સાદિઅનંત એકસરખી રહે છે. સાદિઅનંત એકસરખી રહે છે તોપણ એક સમયનું કેવળજ્ઞાન, તેનું તે કેવળજ્ઞાન બીજા સમયે નથી.

મુમુક્ષુ — .... વધઘટ ?

પૂજ્ય ભાઈશ્રી :– વધઘટ નથી. એવું ને એવું, એવડું ને એવડું પૂર્ણ વિચ્છેદરૂપ. પણ એક સમયનું કેવળજ્ઞાન સમયમાત્રમાં વ્યતીત થાય છે, વ્યય થાય છે, બીજા સમયે બીજું કેવળજ્ઞાન ઊપજે છે. એમાં ભલે હીનાધિકપણું નથી. ઓછા-વત્તાપણું નથી પણ કેવળજ્ઞાન તેનું તે નથી, બીજું છે.

મુમુક્ષુ :– નદીના પાણીનો પ્રવાહ...

પૂજ્ય ભાઈશ્રી :– એકસરખો દેખાય જ છે ને પાણીનો પ્રવાહ ? આ નળમાંથી પાણી નીકળે છે. જેવડો કોક હોય અડધા Inch diametere નો હોય સામાન્ય રીતે. એટલો જ પ્રવાહ દેખાય. પણ એક સમયનું જે પાણીનું બીંદુ છે, ત્યાં બીજા સમયે એ પાણીનું બિંદુ નથી. નીકળતો જે પાણીનો પ્રવાહ, એમાં તેવું ને તેવું પાણી દેખાય છે એકસરખું. છતાં જે સમયે જુઓ છો અને પછીના સમયે જુઓ છો, આપણે સમય ન પકડો અને Second પકડો, તો જે Second પાણી જોયું, બીજી Second તેનું તે પાણી છે ? નથી. એ પાણી બીજું જ છે. એમ સર્વ પર્યાયો (છે).

'ગુરુદેવે' તો આ બધું સ્પષ્ટ કર્યું. એ પહેલા દિગંબરના કેટલાક વિદ્વાનોને આવી વાતની ખબર નહોતી. કોણ કેવળજ્ઞાનનો વિચાર કરે ? આ તો દ્રવ્ય-ગુણ-પર્યાયનો વિચાર છે. કેવળજ્ઞાન તો બસ ! થઈ ગયું તે થઈ ગયું કેવળજ્ઞાન. ભગવાનને કેવળજ્ઞાન થઈ ગયું. બસ ! પછી તો કેવળજ્ઞાનપણે જ ભગવાન રહે છે. ભગવાનને ક્યારેય થોડું અજ્ઞાન થાય છે ? કેટલાકને તો એ કેવળજ્ઞાન ગુણ છે એવું લાગતું હતું. કેમકે ગુણ એવોને એવો રહે. પણ એ પર્યાય છે. એ બધી ચર્ચાઓ ચાલી. 'ગુરુદેવ'ને નવાઈ લાગી કે અરે..! આમના શાસ્ત્રોમાં આ વિષય સ્પષ્ટ પડ્યો છે ને આમને કાંઈ આવી ખબર નથી ? કેવળજ્ઞાન ગુણ છે કે પર્યાય એની ખબર ન મળે ? આ તે શું કહેવાય ?

સમય સમયની પર્યાય છે. પછી અલ્પજ્ઞ પર્યાય હોય કે સર્વજ્ઞ પર્યાય હોય, શુદ્ધ પર્યાય હોય કે અશુદ્ધ વિકારી પર્યાય હોય પણ બધી પર્યાય સમય સમયની છે. અનાદિથી અનંત કાળ પર્યંત જીવને મિથ્યાત્વનું પરણિમન છે. મિથ્યાશ્રદ્ધા. એ પણ સમય સમયનું છે. આ સમયે જે મિથ્યાશ્રદ્ધાનું પરિણમન છે તેનું તે બીજા સમયે નથી. નવું પરિણામ મિથ્યાશ્રદ્ધાનું થાય છે. ત્રીજા સમયે વળી ત્રીજું નવું પરિણામ મિથ્યાશ્રદ્ધાનું થાય છે. ભલે અનંત કાળ ચાલે.

મુમુક્ષુ :– પ્રત્યેક સમયે નવી ભૂલ કરે છે ?

પૂજ્ય ભાઈશ્રી :– પ્રત્યેક સમયે નવી નવી ભૂલ કરે છે. તેથી શાસ્ત્રમાં એમ

કહ્યું કે તારી ભૂલ એક સમયની છે. ભાઈ ! તારી ભૂલ એક સમયની છે અને તેથી તે ભૂલ ભાંગતા પણ એક જ સમય છે, બીજો સમય નથી. કેમકે ગમે ત્યારે એ ભૂલ ન રહી. જે સમયે ભૂલ ન રહી એ આગલા સમયે ભૂલ હતી અને પછીના સમયે નથી. એક જ સમયમાં નિર્ભૂલ અવસ્થા થઈ જાય છે. એટલે ભલે અનંત કાળનું મિથ્યાત્વ હોય તોપણ ભય પામવાની જરૂર નથી. એક સમયમાં મિથ્યાત્વની ભૂલનો નાશ થાય છે અને જેણે કર્યો તેણે એક સમયમાં કર્યો અને એક જ સમયમાં એ થઈ શકે એવી વાત હોવાથી એનાથી જરાય ગભરાવાની જરૂર નથી. એ ભાવઅભાવ શક્તિને પ્રસિદ્ધ કરે છે. એ પ્રકાર ભાવઅભાવ શક્તિને પ્રસિદ્ધ કરે છે.

મુમુક્ષુ :– ....

પૂજ્ય ભાઈશ્રી :– કેવળજ્ઞાનમાં ષટ્ગુણહાનિવૃદ્ધિ છે. સ્થૂળપણે સ્થૂળ કથનથી એમ કહેવાય કે કેવળજ્ઞાન એકસરખું છે. એમાં વધ-ઘટ થતી નથી. કેમકે અધૂરું નહોતું કે જેથી વધી જાય. અને પૂર્ણ એવું પોતાની પૂર્ણ શક્તિથી પ્રકાશિત થયું છે કે ઘટી જાય એવું બને નહિ. એ સ્થૂળ કથન છે. સૂક્ષ્મ કથનથી એવો વિષય છે કે એક સમયની કેવળજ્ઞાનની પર્યાયમાં અગુરુલઘુગુણને કારણે ષટ્ગુણહાનિવૃદ્ધિ છે. સંખ્યાતભાગ વૃદ્ધિ, અસંખ્યાતભાગ વૃદ્ધિ અને અનંતભાગ વૃદ્ધિ. સંખ્યાતગુણ વૃદ્ધિ, અસંખ્યાતગુણ વૃદ્ધિ અને અનંતગુણ વૃદ્ધિ. એ જ રીતે છ બોલ હાનિના. સંખ્યાતભાગ હાનિ, અસંખ્યાતભાગ હાનિ અને અનંતભાગ હાનિ. સંખ્યાતગુણ હાનિ, અસંખ્યાતગુણ હાનિ અને અનંતગુણ હાનિ. એ ષટ્ગુણહાનિવૃદ્ધિ પણ એક કેવળજ્ઞાનગોચર વિષય છે. છદ્મસ્થને એ ષટ્ગુણહાનિવૃદ્ધિ બુદ્ધિગોચરપણે સમજવામાં આવતી નથી. પણ એટલો ફેરફાર છે એ ક્યાંથી સિદ્ધ થાય છે ? કે કેવળજ્ઞાનમાં અનંત જ્ઞેયો પ્રતિબિંબિત થાય છે, અનંતે અનંત પલટો મારે છે. એ પલટો મારે છે તો અહીં જ્ઞાન પલટો મારે છે. તો જે જ્ઞાનનું જ્ઞેય પહેલા હતું તે પછી ન રહ્યું. તે જ્ઞેયાકારે જ્ઞાન ન રહ્યું. જે જ્ઞેયાકારે જ્ઞાન અત્યારે છે તે જ્ઞેયાકારે જ્ઞાન પછી નથી. આ પરિસ્થિતિ છે.

મુમુક્ષુ :– પાંચેય પર્યાય એક સમયની, કેવળજ્ઞાન એક સમયનું...

પૂજ્ય ભાઈશ્રી :– તમામ પર્યાયો. સર્વ ગુણોની સર્વ પદાર્થોની પર્યાય એક સમયની છે. કોઈ પર્યાય બે સમયની નથી. મનુષ્યપણું એમ કહેવાય. મનુષ્યપર્યાય કેવડી ? કે જેનું જેટલું મનુષ્યઆયુ હોય એટલી. એમ કહેવાય છે ને ? ૫૦ વરસ, ૧૦૦ વરસ. જે અત્યારે છે. એ મનુષ્યપર્યાય છે એ તો મનુષ્યત્વની યોગ્યતા સમય સમયની છે. ત્યાં પણ યોગ્યતા સમય સમયની છે. જે મનુષ્યપણે રહેવાની, મનુષ્યની, માનવપણાની અંદર ભાવયોગ્યતા છે. આ શરીર નહિ. 'ગુરુદેવે' બધું ચોખ્ખુ બહુ

કર્યું છે. ભાવ મનુષ્યપણું. દ્રવ્યમનુષ્ય અને ભાવમનુષ્ય. બે જુદા પાડ્યા. એ પણ સમય સમયની યોગ્યતા છે, એક એક સમયની છે. એકસાથે બે સમય કોઈ યોગ્યતા નથી રહેતી. અથવા કોઈ પર્યાય નથી રહેતી. પર્યાય નામે કોઈ પર્યાય બીજા સમયે નથી.

પછી આ કારણશુદ્ધ પર્યાયની વાત જુદી છે. એ તો એને પર્યાય નામ આપ્યું છે. એ કાંઈ ખરેખર ઉત્પાદવ્યયરૂપ પર્યાય નથી. પણ જે અહીંયાં ઉત્પાદવ્યયરૂપ પર્યાયનો વિષય ચાલે છે ત્યાં પ્રત્યેક પર્યાય એક જ સમયની છે, બીજા સમયે કોઈ પર્યાય નથી. તેમ બીજા સમયે બીજી આવતી પર્યાયને આ પર્યાય કાંઈ દેતી જાય છે એ પણ વસ્તુના સ્વરૂપમાં નથી.

ક્રોધ આવ્યો. એક માણસને ક્રોધ થયો અને એ ક્રોધ પાંચ-પચીસ Second કે પાંચ-પચ્ચીસ મિનિટ લંબાયો. તો પહેલા સમયના ક્રોધના સંસ્કાર બીજા સમયની પર્યાયમાં પછી ત્રીજા સમયની પર્યાયમાં એમ થઈને વધતો વધતો ગયો. આ પૂજા કરી પચ્ચીસ મિનિટ માટે. એ શુભભાવ તેનો તે તેવો ને તેવો ચાલુ રહ્યો ? નહિ, બધું સમયે સમયે નવું છે. અને તેથી સમયે સમયે બીજી પર્યાય થાય છે એની સાબિતી એ છે, એની ખાતરી એ છે કે કોઈપણ સમયે એ ભાવ બંધ થઈને બીજો ભાવ થાય છે. Disconnect થઈ જાય છે. એમ લાગે છે કે આ પૂજાનો ભાવ ચાલુ રહ્યો તો એક સમયે ગમે તે સમયે પૂરો થયો એ શું બતાવે છે ? કોઈ એક સમયે પૂરો થઈ ગયો એ શું બતાવે છે ? કે એનું સમય સમયવર્તીપણું જ હતું. એટલે એ પૂરો થઈ ગયો. એમ છે.

મુમુક્ષુ :– અભાવભાવ શક્તિ ?

પૂજ્ય ભાઈશ્રી :– એ ભાવઅભાવશક્તિ. ભાવનો અભાવ થાય છે. જો ભાવનો અભાવ થાય એવી શક્તિ ન હોત તો. એ વિના એમ લેવું છે. પરિણમન સમયમાત્ર એટલે સમય સમયનું ન સંભવત. પણ પરિણમન સમય સમયનું જ છે એ ભાવઅભાવ શક્તિના અસ્તિત્વને પ્રસિદ્ધ કરે છે-જાહેર કરે છે.

મુમુક્ષુ :– ભાવનો અભાવ, બે શક્તિ છે ?

પૂજ્ય ભાઈશ્રી :– નહિ, એક જ શક્તિ (છે). ભાવનો અભાવ થાય છે એવી એક શક્તિ. એમ લેવું છે.

મુમુક્ષુ :– ભાવ પોતે તો એક શક્તિ છે.

પૂજ્ય ભાઈશ્રી :– ભાવ પોતે એક શક્તિ એ જુદી. એ પહેલી આવી. ભાવનો અભાવ થાય એ બીજી. હવે અભાવનો ભાવ થાય છે એ ત્રીજી. એમ કહે છે. બધી એકસરખા નામવાળી છે. પણ બધાયના ગુણ, બધાયની કાર્યશક્તિ ભિન્ન

ભિન્ન છે-જુદી જુદી છે.

જૈનદર્શન સિવાય આ વિષય નથી. શ્વેતાંબરમાં આ વિષય નથી. આત્માનો મૂળ વિષય છે આ. આત્મામાં રહેલા ગુણનો આ મૂળ વિષય છે. કેટલીક જ્ઞાનશક્તિ અને આનંદશક્તિ એવી બધી મોટી મોટી વાત આવે, પ્રસિદ્ધ હોય એ. પણ આવી જે વાતો છે, જે અનુભવના ઊંડાણમાં જઈને દ્રવ્ય-ગુણ-પર્યાયને યથાર્થ અનુભવીને અનુભવ કર્યો છે, એ વાત આવવી મુશ્કેલ છે. એટલે અનુભવ થઈને કેટલીક વાતો જે આવે એ વાત ત્યાં ન મળે. આ ફેર પડે. બાકી મોટી મોટી વાત તો વેદાંતમાં પણ રહી ગઈ છે એ તો. પ્રજ્ઞાનં બ્રહ્મ. એમ કહે. આત્મા જ્ઞાનસ્વરૂપ છે. બ્રહ્મ. બ્રહ્મ નામ આત્મા. કેવો છે ? પ્રજ્ઞાનં બ્રહ્મ. આત્મા પોતે પ્રજ્ઞાન્-જ્ઞાનસ્વરૂપ જ છે. આમા શું ખોટું છે ?

મુમુક્ષુ :– શબ્દ આવે, ભાવ ન આવે. વેદાંતમાં શક્તિ નથી ?

પૂજ્ય ભાઈશ્રી :– નહિ. ત્યાં તો કોઈ વસ્તુવિજ્ઞાનથી નિરૂપણ જ નથી. વસ્તુવિજ્ઞાનથી ત્યાં કોઈ નિરૂપણ નથી. દ્રવ્ય-ક્ષેત્ર-કાળ-ભાવ (એ પ્રકારે નિરૂપણ નથી). એટલે તો પ્રશ્ન કર્યો છે. 'મનસુખરામ સૂર્યરામ ત્રિપાઠી'ને જે 'શ્રીમદ્જી'એ પ્રશ્ન કર્યો છે એ એટલે પ્રશ્ન કર્યો છે. કોઈપણ પદાર્થનું પરિજ્ઞાન તેના દ્રવ્ય-ક્ષેત્ર-કાળ-ભાવથી થાય છે. તો આત્મા એક પદાર્થ હોવાથી તેનું પરિજ્ઞાન તેના દ્રવ્ય-ક્ષેત્ર-કાળ-ભાવથી કઈ રીતે છે તે આપ સમયોચિતપણે જણાવશો. આપણી ચર્ચા ચાલશે તો આ એક મારો પ્રશ્ન છે. એ બહુ વેધક પ્રશ્ન છે એમનો. કેમકે એ વિષય ત્યાં નથી. ખબર છે એમને કે આ વિષય ત્યાં આ રીતે નથી. આત્માનું ક્ષેત્ર કેટલું ? તો જો પરમબ્રહ્મ લઈએ તો એ લોકો કહે કે સર્વત્ર. ક્યાંય બ્રહ્મ નથી એવું નથી. બધે જ છે. આખા વિશ્વમાં એક જ પદાર્થ છે ને બીજો પદાર્થ નથી. એમ લેવું પડે છે. ત્યાં અભિપ્રાયો બધા વહેંચાયેલા છે. કોઈ એક અભિપ્રાયથી આખું વેદાંત નથી. એમાં પૂર્વમિંમાસાવાળા જુદું કહે છે, ઉત્તર મિંમાસાવાળા જુદું કહે છે, સાંખ્ય જુદું કહે છે, યોગ જુદું કહે છે, ઇશ્વરવાદી જુદું કહે છે. એવા બધાય જુદા જુદા અભિપ્રાય છે.

મુમુક્ષુ :– બધાયને ભેગા કરો તો જૈનદર્શન આખું થતું નથી.

પૂજ્ય ભાઈશ્રી :– કેવી રીતે થાય ? કેમકે બધાયને ભેગા કરીને અખંડ એક તત્ત્વ માનવું રહ્યું. આ તો બધા જુદું જુદું માને છે. એમ છે. અને એમાં તો એક કેવું થાય છે કે જે પૂછડું પકડીને એમ કહે કે હાથી દોરડા જેવો છે, એ કેમ તૈયાર થાય કે હાથી થાંભલા જેવો છે ? એ માનવા કેમ તૈયાર થાય ? પણ હું મારા અનુભવથી (કહું છું). આંધળો એમ જ કહે, હું મારા અનુભવથી કહું છું. તમે એમ

નહિ માનતા કે હું કાંઈ કલ્પના કરીને કહું છું. હું મારા અનુભવથી કહું છું મારા હાથમાં હાથી છે ને કહું છું કે હાથી દોરડા જેવો છે. ત્યારે બીજો કહે છે. હાલ, હાલ,.. મારા હાથમાં હાથી છે ને હું પણ કહું છું કે હાથી થાંભલા જેવો છે. કોઈ રીતે અભિપ્રાય છૂટી શકે એવું નથી.

એવું અહીંયાં નિમિત્તકર્તામાં પણ એમ જ છે. વિદ્વાનોની ભાષામાં એને એમ કહેવાય છે કે તમે દૃષ્ટિઇષ્ટને માનતા નથી. દૃષ્ટિઇષ્ટ વિદ્વાનની ભાષા છે. એટલે શું ? કે આ ચોખ્ખુ અગ્નિ પાણીને ઊનું કરે છે અને અગ્નિ વિના પાણી ઊનું થતું નથી. કોઠીમાં જારનો કે ઘઉંનો દાણો લાખ વર્ષ પડ્યો રહે તો ઊગતો નથી, એને વાવ્યા પછી જ ઊગે છે. તમે કહો છે કે નિમિત્ત કાંઈ કરતું નથી. નજરે દેખાય, જે નજરે દેખત સત્ય છે એને પણ તમે સ્વીકારતા નથી, એમ કહે છે.

ત્યારે 'શ્રીમદ્જી'એ એક બહુ ગૂઢ વાત કરી કે જુઓ ! ભાઈ ! આ જગતની રચના અસત્યનો આગ્રહ કરાવે એવી છે. ઠીક ! અસત્યનો આગ્રહ કરાવે એવી છે. એ રચનાને તું વળગી રહીશ તો તેને મોહ થશે. એ રચનાને તું વળગી રહીશ તો તને મૂંઝવણ થશે. એ રચનાને વળગી રહીશ તો તને ક્યાંય સમાધાન નહિ થાય. અને એને વળગી રહીશ તો તને આકુળતા થશે, થશે ને થશે. તારું દુઃખ કોઈ 'દિ નહિ મટે. હવે તને ઠીક લાગે એમ કર. આ અમે તને ચોખ્ખું કહી દઈએ છીએ. દૃષ્ટિ-ઇષ્ટને આવી રીતે પકડે છે એ લોકો. એવું ચાલે એવું નથી.

તાત્વિક વિષય છે એ તો તત્ત્વદૃષ્ટિએ જ એનું નિરાકરણ આવે. સ્થૂળદૃષ્ટિએ એનું નિરાકરણ ન આવે. જે તત્ત્વ સૂક્ષ્મ છે તે તત્ત્વનું સૂક્ષ્મ તત્ત્વદૃષ્ટિએ જ નિરાકરણ થાય, સમાધાન થાય. બીજી રીતે થઈ શકે નહિ. બીજું એમાં કાંઈ ચાલે નહિ.

મુમુક્ષુ :– ભાવ એટલે ઉપજેલો સ્વભાવ ?

પૂજ્ય ભાઈશ્રી :– હા. દરેક જગ્યાએ જુદો જુદો અર્થ લેવો. જ્યાં ભાવનો જે અર્થ કહેવા ધારે છે તે લેવો. ભાવનો અર્થ... છ બોલ આવશે એમાં છએમાં જુદો જુદો (આવશે). જુદો જુદો એટલે જ્યાં જે લાગુ પડતો હોય એ લેવો.

મુમુક્ષુ :– ... અભાવ જે સ્વભાવ ... અભાવ ?

પૂજ્ય ભાઈશ્રી :– નહિ, નહિ, નહિ. અહીંયાં એમ નહિ. અહીંયાં પરિણમનનો એક સમયનો ભાવ એને અહીંયાં ભાવ કહેવાય છે. એટલે તો કહ્યું કે ઉપર કીધું છે એ સ્વભાવ લીધો છે અને અહીંયાં પર્યાય લીધી છે. પહેલામાં દ્રવ્ય લીધું અને આમાં બીજામાં પર્યાય લીધી છે. એટલે એક વાત નથી. એટલે અહીંયાં શબ્દ એક છે પણ જો નાડુ પકડી રાખે તો એકેય વાત સમજાય એવું નથી. આ શબ્દનો આ અર્થ કર્યો અને હજી પહેલી લીટીમાં (અને) બીજી લીટીમાં તમે એ જ શબ્દનો

અર્થ તમે ફેરવો છો ? કહે હા. ફરે છે એમાં. એમાં અર્થ ફરે છે.

હવે **'અભાવભાવ વિના અનાગત એટલે (ભાવી, ભવિષ્યનું) પરિણમન ન આવત.'** વર્તમાનમાં જેનો અભાવ છે અને ભાવિમાં જેનો સદ્ભાવ થવાનો છે એવું જે પરિણામ. જેનો અત્યારે અભાવ છે એનું ભવિષ્યમાં પરિણામ સદ્ભાવ કેમ થાય છે ? કે અભાવભાવ નામની આત્મામાં શક્તિ રહેલી છે. આ વાત છે. આ બીજે ક્યાંય નથી. દિગંબર સાહિત્ય સિવાય આ બીજે ક્યાંય નથી. જે પહેલા નહોતો ભાવ એનો સદ્ભાવ થયો. ક્યાંથી આવ્યું આ ? અદ્ધરથી (આવ્યું) ?

કે અહીંયાં ચક્રવર્તી હોય એના રાજમહેલમાં સેકડોં હજારો દરવાજા એક Roomને હોય. એવડા એવડા મોટા Room હોય. એનો જે સભાખંડ હોય તો અહીંયાં મોતીબાગને પાંચ-પચ્ચીસ દરવાજા છે, ત્યાં સેકડોં-હજારો દરવાજા હોય એવડો મોટો Hall હોય. છએ ખંડના રાજાઓ આવતા હોય. અને અહીંયાં હજી આયુષ્ય પૂરું થયા પહેલાની Minute એને ચક્રવર્તીને યોગ્ય પુણ્યનો ઉદય હોય. છે કોઈ હાજર ? એમ કહે તો એ હજારે હજાર દરવાજામાંથી એના દરવાન જી હજુર.. જી હજુર જી હજુર કરવા માંડે. સોળ હજાર દેવ તો એની સેવા કરે છે. એ જ્યાં મિથ્યાદૃષ્ટિ હોય ત્યાં એક સમયમાં નારકીમાં ઊપજે. એની રાડ સાંભળે તો અહીંયાં માણસો મરી જાય. એટલી વેદનામાં એ રાડ નાખે જન્મે ત્યારે. એટલી વેદનામાં રાડ નાખે. તરફડાટ નાખતો જન્મે. માછલી તરફડે એ તો કાંઈ નથી. એવો તરફડિયા નાખતો રાડ, બૂમ, ચીસોચીસ નાખતો જન્મે. એક Second માં આટલો ફેર છે.

ત્યારે તો 'ગુરુદેવ' કહેતા ને ? કે ભાઈ ! તું આમ મોટા મોટા શેઠિયા થઈને ફરો છો એક Secondમાં ઢેઢગરોળીની કૂંખે ચાલ્યો જશો. કેમકે જૈન છો. મદ્ય, માંસ નથી સેવતા પણ આ બધા વેપાર-ધંધા ને કારખાનાના પરિણામ છે (એ) તિર્યંચમાં લઈ જશે તમને. એક સમયમાં ઢેઢગરોળીની કૂંખે જઈશ તું. આહા..હા..! કેટલો ફેર છે ! ક્યાં અહીંયાં એની સ્થિતિ અને ક્યાં ત્યાં સ્થિતિ એની ! એનો એ જીવ છે.

મુમુક્ષુ :– લોકો રાજકીય સન્માન આપે.

પૂજ્ય ભાઈશ્રી :– હવે રાજકીય સન્માન આપે શું ? વિશ્વના Level ઉપર સન્માન આપે. રાજ્યના રાષ્ટ્રના Level ઉપર આપે, રાજ્યસરકારના Level ઉપર કે રાષ્ટ્રના Level ઉપર આપે નહિ, વિશ્વના Level ઉપર આપે. World champion. ઠીક ! એ કોઈ સિફારશ ત્યાં નહિ કામ આવે, એમ કહેતા હતા. એ કોઈ સિફારશ ત્યાં કામ આવશે નહિ. કેમકે આ તો કુદરત છે. આ કોઈનું કર્યું કરાવ્યું નથી,

કુદરતી વ્યવસ્થા છે. એકદમ એક Secondમાં જે પર્યાય પલટો મારે છે જાણે કાંઈ હતું જ નહિ.

એક એવો ઘરનો મુખ્ય માણસ હોય અને પછી ઘરમાં કાનખજુરો થઈને નીકળે જોઈ ? કાનમાં ન મૂકે ? આ તો કાનખજુરો છે, વળી આપણો છે. ઘરમાં નીકળ્યો છે. કાળો સરખાયનો ભમ્મર જેવો હોય. અને ફર...ફર...ફરરાટ જતો હોય તો શું કરે ? પર્યાય બદલી, ખલાસ ! ફેરફાર થઈ ગયો. બધો ફેરફાર થઈ ગયો. જાણે આગલું કાંઈ હતું જ નહિ. એને ભાવનો અભાવ કહે છે. પહેલી શક્તિ-ભાવઅભાવ. એ પૂરી થઈ ગઈ.

અહીંયાં કહે છે કે અભાવભાવ. નથી એનો સદ્ભાવ થાય છે. ક્યાં હતું એનામાં ? જે પર્યાય નવી પ્રગટી એ ક્યાં પહેલી પર્યાયમાં (હતું) ? એ માયલું કાંઈ નહોતું એમ કહે છે. આખી નવી જ થઈ. જાણે કે બદલાઈ ગઈ વસ્તુ એમ લાગે. વસ્તુ તેની તે છે, પર્યાય બદલાણી છે. પણ એ અભાવનોભાવ થાય છે એ અભાવભાવ શક્તિને લઈને થાય છે. એવું પણ આત્મામાં થાય છે. પદાર્થમાં થાય છે. આ તો છએ દ્રવ્યને લાગુ પડે છે. સામાન્ય શક્તિ (છે). સાધારણમાં જાય છે.

**'અભાવભાવ વિના અનાગત એટલે (ભાવિ, ભિવિષ્યનું) પરિણમન ન આવત'** જે ભવિષ્યનું પરિણમન સદ્ભાવરૂપે આવે છે એ અભાવ હોવા છતાં આવે છે, એનો સદ્ભાવ નહોતો છતાં આવે છે તે અભાવભાવશક્તિને કારણે આવે છે.

'સોગાનીજી'ને આમ શાસ્ત્રોનો એવો અભ્યાસ અને અહીંયાં 'ગુરુદેવ'નો બહુ પરિચય નહોતો. પણ એ કોઈ કોઈ એમણે સિદ્ધાંતો જે પત્રોમાં લખ્યા છે, પત્રવ્યવહાર તો એક સામાન્ય વ્યકિતગત વ્યવહાર છે, એમાં પણ જે સિદ્ધાંતિક વિષય કોઈ કોઈ આવ્યો છે... ગજબ નીચોડ માર્યો છે ! એક સમયની પર્યાય જ પોતે કર્તા-કર્મસ્વરૂપે છે આ જ કર્તા-કર્મની ચરમસીમા છે. ૩૦-૩૦ વરસથી 'ગુરુદેવ'ના પરિચિત વિદ્વાનો કેટલીક વાત નહોતા સમજી શકતા એવી વાત એમના શબ્દોમાં આવી હતી. કે જેમને 'ગુરુદેવ'નો પરિચય નહોતો એટલો. એમને તો જે થોડા દિવસોનો શરૂઆતમાં પરિચય થયો ત્યારપછી સાત વર્ષે ફરીને થોડા દિવસે થયો. પછી સાત વર્ષે ફરીને. ચૌદ વર્ષે તો એ ત્રીજી વખત પરિચયમાં આવ્યા. એ ચૌદ વર્ષના ગાળામાં જે પત્રો ચાલ્યા આમાં આટલું તત્ત્વ ભર્યું હતું. ક્યાંથી આવે છે આ બધું ? જો ગુરુમાંથી જ્ઞાન આવતું હોત તો આ ત્રીસ વર્ષવાળાને વધારે હોત. કે નહિ ? આત્મામાંથી જ્ઞાન આવે છે. ભાવનો જે સદ્ભાવ થાય છે, નહોતો એવો ભાવ (એનો) જે સદ્ભાવ થાય છે કે નહિ ? અંદરથી જ્ઞાન આવે છે. ક્યાંય બહારથી

જ્ઞાન આવતું નથી.

મુમુક્ષુ :– તેજીને ટકોરો બસ છે.

પૂજ્ય ભાઈશ્રી :– તેજી જ હતી. એવી તેજીવાળું... અને પરિણમન ઘણું તેજ.

મુમુક્ષુ :– તેજીને ટકોરો અધૂરું વાક્ય લાગે છે.

પૂજ્ય ભાઈશ્રી :– પૂરું કરો. એમ કહે છે, ગધેડાને ડફણા મારવા પડે. તેજીને તો ટકોરો બસ છે. ઘોડાની (એવી) જાત થાય છે, એનો સવાર સહેજ અંગુઠો મારે ઉપર બેઠો બેઠો એટલે પવનની જેમ જાય. એણે સંકેત આપી દીધો કે પૂર જોશે અહીંથી ભાગવું છે, ઉપડવું છે. એ અંગુઠો અડાડે ત્યાં હવામાં ઉડે એવી રીતે એ ઘોડો જાય. Train પાછળ રહી જાય. અને ગધેડાને ડફણા એટલે ધોકા માર્યા કરે પણ એક ડગલું આગળ ખસે નહિ. શું અધૂરું છે ?

મુમુક્ષુ :– 'સોગાનીજી'નો દાખલો લીધો.

પૂજ્ય ભાઈશ્રી :– એવું છે. ચાનક ચડે તો સારી વાત છે. હિતની વાત છે ને એ તો !

'વચનામૃત વીતરાગના પરમશાંત રસમૂળ.' કેટલાક જીવોને આ વચનો કઠોર લાગે છે. વીતરાગના વચનો કઠોર લાગે છે. 'શ્રીમદ્જી' કહે છે કે આ તો પરમશાંત રસના મૂળિયા જ આ છે. પણ જે જીવો પુરુષાર્થ કરવા માટે કાયર છે, આત્માનો પુરુષાર્થ કરવા માટે કાયર છે એને એ સરખા પડતા નથી. એને સુહાતા નથી, એને અસુહાય છે. એટલે એને પ્રતિકૂળ પડે છે. આવું કહે છે ? આત્મા કાંઈ કરી ન શકે ? આત્મા શરીરનું ન કરી શકે ? તો શું અમે પૂજા ન કરી શકીએ ? અમે દાન ન કરી શકીએ ? અમે સંયમ નથી પાળતા શું ? અમે એ સંયમ ન પાળી શકીએ ? ઠીક ! શરીરથી સંયમ પાળે છે કે નહિ ? વ્રત, પ્રતિજ્ઞા, આ ઉપવાસ આ બધું કાંઈ ન કરી શકીએ અમે ? અમારે વાત સાંભળવી નથી. અને ભગવાન વાણી ન કરી શકે ? ભગવાન વાણી ન (કરી શકે) તો બતાવો બીજો કોઈ દિવ્યધ્વનિ કરી શકતો હોય તો. ભગવાન વાણી કરી શકે, ન કરી શકે પણ ભગવાનની વાણીથી કાંઈ લાભ ન થાય આત્માને ? ભગવાનનો ઉપદેશ કાંઈ લાભ ન કરે ? જાવ તમારી વાત સાંભળવી નથી.

જગતની રચના એવી છે કે અસત્યનો આગ્રહ કરાવે. પણ પરમાણુએ પરમાણુ સ્વતંત્ર અને આત્માએ આત્મા સ્વતંત્ર. આવું જ તત્ત્વનું સ્વરૂપ છે. માને તોપણ ભલે, ન માને તોપણ ભલે, આજ માને, અનંત કાળે માને. માને છૂટકો છે. જ્યારે એને એકલા જ મોક્ષમાં જાવાનું છે ત્યારે એણે એ પોતાનું એકલાપણું ભાવે, ભાવે ભાવવામાં આવે. ભાવથી ભાવવામાં આવે ત્યારે કામ આવે એવું છે. અરુચે ત્યાં

સુધી એને કામ આવે એવું નથી, રુચે તે 'દિ કામ કામ આવે એવું છે.

અભાવભાવ એમ કહે છે કે અભાવભાવશક્તિને લઈને જે અભાવરૂપ અત્યારે ભાવ છે એટલે કે જે ભાવનો સદ્ભાવ નથી તેનું અનાગત કાળમાં ભવિષ્યમાં પરિણમન આવે છે. પરિણમનરૂપ ભાવપણું થાય છે. અભાવ છે તે સદ્ભાવરૂપે હોય છે. એ અભાવભાવશક્તિને કારણે છે. હવે એકલો અભાવ.

**'અભાવ વિના કર્મનો સદ્ભાવ (પોતામાં) જાણવામાં આવ્યા કરત.'** આત્મા અભાવસ્વરૂપે છે. કર્મથી અભાવસ્વરૂપ (છે). ક્યારે ? ત્રણે કાળે. સંસારીજીવને સંયોગ કહીને એમ કહ્યું કે તે બંધાયેલો છે. (કર્મથી) બંધાયેલો છે. અનંત કાળથી અનંત કર્મોને (બાંધે છે). અનંત કર્મ પરમાણુઓ આત્માના પ્રદેશો સાથે એકક્ષેત્રાવગાહ ચોંટેલા છે, વળગેલા છે. જ્યાં જાય ત્યાં સાથે ને સાથે. શરીર અહીંયાં મૂકે નોકર્મ, બીજી ગતિમાં જાય તો કર્મ જે છે એ સાથે લેતો જાય. કાર્મણ શરીર સહિત જાય છે.

એવો જે કર્મનો સંબંધ છે એને અહીંયાં કહે છે કે તે કર્મ આત્મામાં અભાવસ્વભાવે છે. અભાવસ્વરૂપે છે. આત્માના સ્વરૂપભૂત થતા નથી. જોકે કોઈ કર્મની સ્થિતિ અનાદિઅનંત નથી. દરેક પ્રકૃતિની જઘન્ય, મધ્યમ અને ઉત્કૃષ્ટ સ્થિતિ છે. આત્માના પ્રદેશો સાથે સંયોગપણે રહેવાની જે સ્થિતિ છે એમાં સૌથી વધારે સ્થિતિ મિથ્યાત્વ મોહનીયની છે, દર્શનમોહનીયની છે. ૭૦ ક્રોડાક્રોડી સાગર. આથી વધારે કોઈ નથી. બાકી બધાયની પ્રકૃતિ (આનાથી ઓછી સ્થિતિની છે). કારણ કે આ ચીકણી પ્રકૃતિ (છે), આ સૌથી વધારે ચીકણી પ્રકૃતિ આ છે. જેનો અનુભાગ એટલે રસ એટલે ચીકાશ વધારે એનો સ્થિતિ, બંધ પણ વધારે. આ એનો-કર્મનો નિયમ છે. સૌથી વધારે સ્થિતિ એની છે. છતાંય તે અનાદિઅનંત એવા આત્મામાં તેનો તે કર્મરજકણ સદાય સાથે રહે એવું બનતું નથી. એ પણ શરૂ થાય છે અને એ પણ પાછો ચાલ્યો જાય છે. જો સ્વરૂપભૂત હોત તો આવવા-જવાનો પ્રશ્ન ઊભો થાત નહિ. મહેમાન હોય તે આવે-જાય. ઘરના માણસને આવવા-જવાનો પ્રશ્ન છે ? થોડા 'દિ આવ્યા છે અને વયા જશે હવે ? આ તો અહીંયાં જ રહેવાના છે. એના સ્વરૂપના ગુણો છે એ સ્વરૂપભૂત છે. એ સદાય રહે છે. કર્મ સદાય સંયોગમાં રહેતા નથી. એ ચાલ્યા જાય છે.

મુમુક્ષુ :– ભાવઅભાવશક્તિ પરિણમનમાં લીધી અને આ...

પૂજ્ય ભાઈશ્રી :– જીવમાં લીધી. હા, બધાયમાં જુદી જુદી વાત લીધી. જે શક્તિ બતાવવા માટે જેના દ્વારા બતાવાય છે તેના દ્વારા તેને બતાવવી પડે છે. શક્તિ તો આત્માના સ્વરૂપભૂત છે. એ શક્તિ કર્મના નામે બતાવી માટે કર્મની નથી. છે આત્માની શક્તિ પણ એને બતાવવા માટે વચ્ચે કર્મને લાવવા પડે છે.

એમ બતાવવા માટે ગમે તે પરિણામને વચ્ચે લાવવા પડે, કર્મને વચ્ચે લાવવા પડે, વિભાવને લાવવા પડે. કંઈ પણ કરવું પડે. એ તો વાતને સમજાવવાનો સવાલ છે. એનું સ્વરૂપ-શક્તિનું સ્વરૂપ સમજાવવાનો પ્રશ્ન છે. પણ શક્તિ તો એની શક્તિ છે. એ જીવની શક્તિ છે-અનાદિઅનંત. જીવનું એ સ્વરૂપ છે એમ સમજવું.

એટલે તો એ કહે છે ને કે એ બધા અનેક ભેદોથી વાત આવશે. આત્માના સ્વરૂપભૂત ગુણો, સ્વભાવો, શક્તિઓને કહેવા જતાં પણ અનેક ભેદોથી વાત આવશે પણ તું ભેદને વળગીશ નહિ. ભેદને વળગવા જતા વિકલ્પ વધશે. વિકલ્પમાં રોકાવું થાશે. માટે ચૈતન્યની ઋદ્ધિમાં પણ રોકાવા જેવું નથી. ૨૦મો બોલ આવ્યો ને ? ચૈતન્યની ઋદ્ધિ ! બહારની પુદ્‌ગલની ઋદ્ધિ તો મૂકો એક બાજુ એમ કહે છે, પણ ચૈતન્યની ઋદ્ધિમાં રોકાવું નથી. એવો અંદરમાં નિસ્પૃહ થાય તે અભેદ અનુભવ કરીને અસ્તિત્વને ગ્રહે છે. એ અસ્તિત્વને ગ્રહીને અભેદ અનુભવ કરે છે. આમ લેવું છે. આ બિલકુલ કેમ અનુભવ થાય છે એની ચોખવટ છે. કેમ અનુભવ થાય છે ? કે આમ થાય છે. બહારની વાત તો એક બાજુ રહી પણ ચૈતન્યની ઋદ્ધિને પણ અહીંયાં નિસ્પૃહપણે છોડી દ્યે છે. નિસ્પૃહ થઈને એના વિકલ્પમાં પણ એ રોકાતો નથી. એવી વાત લીધી.

**'અભાવ વિના કર્મનો સદ્‌ભાવ (પોતામાં) જાણવામાં આવ્યા કરત.'** પણ પોતાના સ્વરૂપજ્ઞાનમાં-આત્મજ્ઞાનમાં પોતાના આત્મા સિવાય બીજું કાંઈ જાણવામાં આવતું નથી. અસ્તિપણે સદ્‌ભાવપણે માત્ર એકલો પોતાનો નિરાવરણ આત્મા છે, શુદ્ધ આત્મા છે. એ જ જણાય છે જાણવામાં, અનુભવમાં. ત્યારે તે કાળે કર્મનો સંબંધ હોય છે ચોથા ગુણસ્થાને. અજ્ઞાનભાવે બાંધેલા કર્મો હજી ત્યાં છે. ઉદયમાં જે સંચિત કર્મો નથી આવ્યા એ બધા અજ્ઞાનભાવે બાંધેલા હજી પડયા છે અને કેટલાક તો એમાંથી ઉદયમાં આવીને, ઉદયાવળીમાં આવીને ઉદયગત પણ છે. છતાં આત્માના અનુભવમાં તે છે એમ જાણવામાં આવતા નથી, આત્મામાં છે એમ જણાતા નથી. છે તો ક્યાં છે ? એનામાં છે. એનો ઉદય ? તો કહે એ પણ એનામાં છે.

હજી તો દિગંબર-શ્વેતાંબર સંપ્રદાયવાળાને આ વાત બેસતી નથી. (એ તો એમ જ માને છે કે) કર્મના ઉદયથી જીવને રાગ થાય છે. ન થાય એ બેસતું નથી. કર્મનો ઉદય જીવને રાગ કરાવતો નથી એટલી વાત નથી બેસતી. જે શાસ્ત્ર વાંચીને વિદ્વાન થયા છે એ, હોં ! સંપ્રદાયમાં. એને નથી બેસતી. નથી શાસ્ત્ર વાંચ્યાં એની તો ચર્ચા પણ શું કરવી ? સંપ્રદાયમાં રહીને પણ શાસ્ત્રનો જેને કાંઈ અભ્યાસ નથી એની તો કાંઈ વાત કરવી નકામી છે. પણ વાંચીને અયથાર્થ સમજે છે, અયથાર્થ સમજે છે નહિ, એનું અર્થઘટન અયથાર્થ કરે છે. કેટલાક તો એવા હોય છે કે

અર્થઘટન સવળું કરે પણ સમજે અયથાર્થ. એવો પણ પ્રકાર હોય છે. ભાઈ ! અમે થોડું એવું ઝીણું કાંતીએ છીએ. જે અર્થ ઊંધો કરે કે ખોટો કરે એ તો ગયો. એને તો સવળો થવાનો પ્રશ્ન નથી. પણ જે અર્થ બરાબર કરે, જ્યાં જે કહેવા માગે તે અર્થ કરે, કે 'સમયસાર'ની અગિયારમી ગાથા. '**भूदत्थमस्सिदो खलु सम्मादिट्ठी हवदि जीवो**' ભૂતાર્થને આશ્રિત સમ્યગ્દર્શન થાય એમ કહે છતાં અર્થ સીધો સવળો દેખાય છતાં એની સમજણને અયથાર્થ કહીએ. એવી સમજણ પણ થાય. અને યથાર્થ કહીએ એવી પણ સમજણ થાય. અને અયથાર્થ કહીએ એવી પણ સમજણ થાય. બે પ્રકારે થાય.

મુમુક્ષુ :– સીધા અર્થ પ્રમાણે બે પ્રકારે સમજણ થાય.

પૂજ્ય ભાઈશ્રી :– બે પ્રકારે સમજણ થાય. બે પ્રકારે સમજણ થાય તો એનું શું ફળ આવે ? એક સમજણનું ફળ અહિત થાય એવું આવે અને એક સમજણનું ફળ હિત થાય એવું આવે. અર્થ આવડે છે એના પ્રમાણે ફળ નથી. પણ યથાર્થતા અનુસાર ફળ છે, અયથાર્થતા અનુસાર ફળ છે. અર્થ અનુસાર નથી. આમ છે. પણ આમાં બીજું શું ખોટું થાય ? અયથાર્થ શું થાય આમાં ? કે આવો સિદ્ધાંત જો હું સમજી શકું છું કે સમજાવી શકું છું. આમ અર્થ થાય છે. ચોખ્ખો અહીંયાં આચાર્યદેવનો આશય આવો છે. શબ્દનો અર્થ આવો છે. આશય પણ આવો છે. નય લગાડીએ તો અહીંયાં નિશ્ચયનયનું કથન છે. નયાર્થ પણ આવડે, ભાવાર્થ આવે, બધા અર્થ આવે. અર્થ બધા આવે. એક અયથાર્થપણું થાય એ ગડબડ છે. એને એમ થાય કે મને આવડે છે. અધ્યાત્મનો મહાન સિદ્ધાંત પણ મને આવડે છે. અધ્યાત્મનો મહાન સિદ્ધાંત મને આવડી ગયો. એનો અર્થ આવડી ગયો મને. એવું જ્યાં એને અંદરમાં સ્વરૂપાશ્રિત '**भूदत्थमस्सिदो**' આશ્રિતપણું કરવાને બદલે આશ્રિતપણું ન કરે. આશ્રિતપણું કરે તો નહિ પણ એનો પ્રયાસ થવો જોઈએ એ પ્રયાસ પણ ન કરે. અને પોતાનો દેખાવ સુધારવાનું મન થાય, દેખાવ દેખાડવાનું મન થાય તો અર્થ સાચો છે પણ ભાવ ખોટો છે. એને યથાર્થપણું નથી ત્યાં. એવું વાતે વાતે છે. શાસ્ત્રની વાતે વાતે આ વાત છે. સમજાય છે ? સમજાય છે તો એમાં યથાર્થતા આવે છે કે અયથાર્થતા આવે છે ? એક એક વાતે આનો ફેંસલો થાય એવું છે. કોઈપણ વાત હોય. નાની, મોટી, સિદ્ધાંતની ગમે તે વાત હોય. એને જો યથાર્થ સમજાય છે તો હિત કરી જાય છે. સમજાતા પણ જો યથાર્થપણું નથી આવતું તો અહિત કરી જાય છે. એ અવગુણનું ઉત્પાદક થાય છે, આ ગુણનું ઉત્પાદક થાય છે. આવો મોટો ફેર પડે છે. હવે બાહ્ય દૃષ્ટિ જીવો શું જુએ ? બરાબર વાત કરે છે, ભાઈ ! 'ગુરુદેવ' એમ જ વાત કરતા હતા. એણે પણ એવી જ વાત

કરી છે. ભાઈ ! એમ નથી. 'ગુરુદેવ'ની વાત જુદી છે અને આ વાત હજી જુદી છે. એમ કાંઈ જાડું જાડું આમાં ચાલે એવું નથી.

મુમુક્ષુ :– સમ્યગ્દષ્ટિને જ યથાર્થતા હોય ને ? એ પહેલાના જે કોઈ સમજાવતા હોય તો....?

પૂજ્ય ભાઈશ્રી :– સમ્યગ્દષ્ટિને યથાર્થતા હોય અને પાત્રજીવને યથાર્થતા હોય. ઠીક ! કાઢવું. બરાબર કાઢવું, પૂછવું. સમ્યગ્દષ્ટિને તો યથાર્થતા હોય જ. નિર્વિવાદ વિષય છે. બીજી કોને યથાર્થતા આવે ? કે જેના ફળમાં સમ્યગ્દષ્ટિ થવાય એવી લાઈને ચડે એને યથાર્થતા આવે. અયથાર્થતા ઊભી રહે અને સમ્યગ્દર્શનમાં આવી જાય એવું પણ બને નહિ.

એટલે એની સમજણમાં જો યથાર્થતા આવે તો 'સોગાનીજી'એ જેમ એક પત્રમાં કહ્યું છે કે વર્તમાનની સમજણમાં ભવિષ્યનો પુરુષાર્થ ગર્ભિત છે. એમ હોવાથી પૂજ્ય 'ગુરુદેવ' સમજણ ઉપર વધારે વજન આપે છે. આપતા હતા અત્યારે કહીએ. પણ આપે છે, ત્યાં એમ વાત છે. પૂજ્ય 'ગુરુદેવ' સમજણ ઉપર વધારે વજન આપે છે એનું કારણ એ છે કે સમજણમાં ભવિષ્યનો પુરુષાર્થ ગર્ભિત છે. જો યથાર્થ સમજણ આવે તો પુરુષાર્થ ઉપડે. પ્રશ્ન ત્યાં પુરુષાર્થનો ચાલ્યો છે. એ પત્રમાં પુરુષાર્થનો પ્રશ્ન ચાલ્યો છે કે પુરુષાર્થ કઈ રીતે થાય છે ? કઈ રીતે વધે છે ? એનું કારણ જ્ઞાન છે. પુરુષાર્થનું કારણ યથાર્થ જ્ઞાન છે એ પુરુષાર્થનું કારણ છે. યથાર્થ જ્ઞાન છે એ રુચિનું કારણ છે, યથાર્થ જ્ઞાન છે એ શ્રદ્ધાનું કારણ છે. તેથી જ્ઞાનપૂર્વક શ્રદ્ધાન થાય છે. એમ ('સમયસાર') ૧૭-૧૮ ગાથામાં સ્થાપ્યું છે.

શું કહ્યું અહીંયાં ? કે **'અભાવ વિના કર્મનો સદ્‌ભાવ (પોતામાં) જાણવામાં આવ્યા કરત.'** જો કર્મનો સદ્‌ભાવ આત્મામાં હોત તો એ અનુભવ કાળે પણ આત્મામાં કર્મનો સદ્‌ભાવ જાણવામાં આવત. અને જ્યાં સુધી આત્મજ્ઞાન રહેત ત્યાં સુધી કર્મનો સદ્‌ભાવ પણ જાણવામાં આવ્યા જ કરત. પણ જેવું આત્મજ્ઞાન થાય છે, શુદ્ધોપયોગ થાય છે ત્યારે જણાય છે કે મારો આત્મા ત્રિકાળ શુદ્ધ, છે વર્તમાન અનુભવ, પણ ત્રિકાળ શુદ્ધ નિરાવરણ, નિરૂપાધિમય, પરમપવિત્ર, શુદ્ધ સિદ્ધ સમાન છે. એવું એને પહેલા જ સમયે જાણવામાં આવી જાય છે. કર્મનો સદ્‌ભાવ ત્યાં જણાતો નથી એ એમ સૂચવે છે કે આત્મામાં કર્મના અભાવરૂપ શક્તિ રહેલી છે. એ સ્વરૂપે આત્મા છે. જેમ જ્ઞાનશક્તિથી આત્મા જ્ઞાનસ્વરૂપે છે એમ અભાવશક્તિથી આત્મા કર્મના અથવા સર્વ પરદ્રવ્યના અભાવ સ્વરૂપે છે. એ એનું સ્વરૂપ જ છે. અભાવશક્તિ પૂરી થઈ... (અહીં સુધી રાખીએ.)

❈ ❈ ❈

## તા. ૨૫-૮-૧૯૮૫, પાના નં. ૫,
## પ્રવચન નં. ૧૭

પાનું પાંચમું. અનંત શક્તિ ધારક આત્મપદાર્થમાં વચનગોચર શક્તિઓ છે એમાંની કેટલીક શક્તિઓનું અહીંયાં વર્ણન છે. એ શક્તિઓમાં એક અભાવઅભાવ નામની શક્તિ છે. અભાવઅભાવ શક્તિને લીધે આત્મામાં જે કર્મનો ભૂતકાળમાં અભાવ હતો તે કર્મનો ભવિષ્યકાળમાં પણ અભાવ હોય એમ રહે છે. અભાવશક્તિમાં આવી ગયું કે **'અભાવ વિના કર્મનો સદ્ભાવ જાણવામાં આવ્યા કરત.'** અર્થાત્ અભાવને લઈને કર્મનો અભાવ આત્મામાં છે એ અભાવશક્તિ ન હોત તો ન થાત.

હવે અહીંયાં અભાવઅભાવ કહીને એમ કહે છે કે, કોઈ કાળે પણ આત્મામાં કર્મનો સદ્ભાવ નથી. ભૂતકાળે પણ નથી, અનંત ભૂતકાળમાં કોઈ ભૂતકાળે પણ નથી. અને અનંત ભવિષ્યકાળમાં કોઈ ભવિષ્યકાળે પણ નથી. જો એવી અભાવ-અભાવ શક્તિ ન હોત તો ? એમ લીધું છે. એની સિદ્ધિ કરવા માટે તર્ક છે કે અતીત એટલે ભૂતકાળમાં જે કર્મ અભાવરૂપ હતું, જે કર્મ એટલે કર્મમાત્ર લઈ લેવું. અમુક કર્મ અભાવરૂપ હતું અને ભવિષ્યમાં પણ તે જ કર્મનો અભાવ રહેવાનો છે એમ નહિ. જે કર્મ એટલે કર્મ જાતિના તમામ પરમાણુ. કર્મમાત્ર અભાવરૂપ હતું.

અતીત કાળમાં, ભૂતકાળમાં કર્મના અભાવસ્વરૂપ આત્મા હતો તે આત્મા ભવિષ્યકાળમાં પણ, સર્વ ભવિષ્યકાળમાં પણ કર્મના અભાવરૂપ જ રહેશે. એનું કારણ આત્મામાં અભાવઅભાવ નામની શક્તિ છે. તેથી કરીને આત્મા સદાય કર્મના અભાવસ્વરૂપે રહે છે. કોઈ કાળે પણ એ કર્મના સદ્ભાવમાં નહિ આવે. આત્મા અને કર્મ ક્યારે પણ એક નહિ થાય. એનું કારણ અભાવઅભાવ કહેતા સર્વથા અભાવ લેવો. ત્યાં સામાન્ય અભાવ લીધો. અહીંયાં સર્વથા અભાવ લીધો. એમ બે શક્તિ જુદી પાડી.

જેમ જ્ઞાનશક્તિ અને સર્વજ્ઞશક્તિ જુદી પાડીને ? જ્ઞાનશક્તિ દ્વારા ચેતનનું વિશેષ જાણવામાં આવે છે અને સર્વજ્ઞતા દ્વારા તો દર્શનને પણ જાણવામાં આવે છે. સામાન્ય વર્ણન લીધું છે. 'સમયસાર'માં તો આત્મજ્ઞાન પરિણામયી સર્વજ્ઞશક્તિ

(એમ વ્યાખ્યા કરી છે). આત્મજ્ઞાનમયી સર્વજ્ઞશક્તિ, આત્મદર્શનમયી સર્વદર્શિત્વ શક્તિ એવી વ્યાખ્યા કરી છે. અહીંયાં એવી વ્યાખ્યા નથી. 'સમયસાર'ની વ્યાખ્યા જરા વધારે સુંદર છે. એમ અભાવશક્તિમાં કર્મનો અભાવ સામાન્ય લીધો. અને અભાવઅભાવ શક્તિમાં સર્વ કાળે કર્મનો અભાવ લીધો. ભૂતકાળમાં પણ કર્મનો અભાવ હતો અને ભવિષ્યકાળમાં પણ કર્મનો આત્માને વિષે અભાવ રહેશે.

કરણાનુયોગ પોતાની દૃષ્ટિથી સમજ્યા હોય, ભણ્યા હોય એને એવું લાગે કે આત્મા કર્મના અભાવવાળો સંસારમાં ક્યાં છે ? એ તો મોક્ષદશામાં છે. સંસારમાં તો કર્મનો ઉદય, કર્મની સ્થિતિ, કર્મનો ક્ષયોપશમ, સ્થિતિ કહેતા સત્તા. એમ. એવા અનેક ભેદથી તો આખો કરણાનુયોગ બહુ વિસ્તારથી ભર્યો છે. ઘણો વિસ્તાર છે એનો. હવે જો આત્મામાં જ કર્મનો અભાવ હોત તો આટલી બધી લાંબી લાંબી વાત કરણાનુયોગમાં કેમ કરી ? એ તો સર્વજ્ઞ ભગવાનની વાણી છે. આવું સમજવાફેર થાય. સમજણફેરનો એ વિષય છે.

કર્મના પરમાણુ અને જીવના વિકારીભાવને અથવા ક્ષય થાય ત્યારે અવિકારી ભાવને કેવો નિમિત્ત-નૈમિતિક સંબંધ છે. કર્મક્ષય છે ને ? મોક્ષદશાને ક્ષાયિકદશા કહી છે. કેવળજ્ઞાનને ક્ષાયિકજ્ઞાન કહ્યું છે. યથાખ્યાત ચારિત્રને ક્ષાયિકચારિત્ર કહ્યું છે. તો ત્યાં પણ કર્મના ક્ષયનું નિમિત્ત છે. કર્મના અભાવનું પણ ત્યાં નિમિત્ત લીધું. સદ્‌ભાવનું જેમ ઉદયમાં નિમિત્ત લે છે. એમ ખરે છે ત્યારે ક્ષયનું પણ નિમિત્ત લેવામાં આવે છે. એવો જે સદૃશભાવનો મેળ થાય છે તેને લાગુ કરવાની વાત છે. પણ તે પણ, તેની મર્યાદા પણ ઉત્પાદ-વ્યય અવસ્થા પર્યંત છે. તેની મર્યાદા પરમપારિણામિકભાવ એવા ત્રિકાળી સ્વભાવ કે જેમાં આ બધી શક્તિઓ પારિણામિકભાવે રહી છે એને તો એ લાગુ પડતું નથી. એ ઉદય ઉપશમ, ક્ષય, ક્ષયોપશમ કોઈ ત્રિકાળી પારિણામિકભાવને લાગુ પડતું નથી. પારિણામિકભાવ તો કર્મના સર્વ પ્રકારના પરિણામો સાથે કોઈપણ જાતનો નિમિત્ત-નૈમિત્તિક સંબંધ પણ ધરાવતો નથી. એનાથી પણ એ નિરપેક્ષ છે. એ અવસ્થા સુધીની મર્યાદિત વાત છે. અમર્યાદિત નથી, મર્યાદિત વાત છે.

મુમુક્ષુ :– ભૂતકાળ અને ભવિષ્યકાળ લીધો તો વર્તમાનકાળનું પાછું....?

પૂજ્ય ભાઈશ્રી :– એ આવી ગયું એની અંદર. અનંત ભૂત.. વર્તમાન તો એક જ સમય છે, વર્તમાન તો એક જ સમય છે. હવે અનંત ભૂતકાળ છે એ બધો વર્તમાન, વર્તમાન વર્તમાન પૂરો થઈને ભૂતકાળ થયો છે. અનંત ભૂતકાળ થયો છે એ. જો ભૂતકાળમાં નહોતું તો કોઈ વર્તમાનમાં નહોતું ભૂતકાળના. એક એક સમય વર્તમાન વર્તીને ભૂતકાળ થયો ને ? તો ભૂતકાળના કોઈ સમયમાં

કર્મનો સદ્‌ભાવ નહોતો. એટલે કોઈ વર્તમાનમાં નહોતો. ભૂતકાળના કોઈ વર્તમાનમાં નહોતો. ભવિષ્યકાળ વર્તમાનરૂપે આવશે. એના કોઈ સમયમાં નથી. કહેવાની જરૂર નથી કે વર્તમાન એક સમયમાં છે. એવી રીતે લઈ લીધું છે. શૈલી છે, આ બધી કથનની શૈલી છે. એ ભૂત-ભવિષ્યમાં વર્તમાનને લીધું.

એક શૈલી એવી છે કે જે વર્તમાન સમયમાં આત્મા પોતાના સ્વરૂપનો અનુભવ કરે છે ત્યારે સ્વરૂપાનુભવમાં એ એમ પોતાના આત્માને જાણે છે, અનુભવે છે કે મારા આત્મામાં એકાકાર અનંત ચૈતન્યસ્વભાવ સિવાય બીજું કાંઈ નથી. એમ જ્યારે એ વર્તમાનમાં અનુભવ કરે છે ત્યારે એ અનુભવ એના ત્રિકાળવર્તી અસ્તિત્વને પણ જાણી લ્યે છે. અનુભવ વર્તમાન સમયનો હોવા છતાં ત્યારે એને એમ પણ વગર વિકલ્પે કાળભેદનું જ્ઞાન થાય છે કે કાળની અંદર ભૂતકાળનો જે ભેદ છે એમાં અનંત ભૂતકાળમાં મારા આત્મામાં કાંઈ નહોતું. મારો વર્તમાન અનુભવ એમ કહે છે કે જો અત્યારે મારા આત્મામાં કોઈ પણ બીજા પદાર્થનું કાંઈ પણ સદ્‌ભાવપણું, અસ્તિત્વપણું નથી તો અનંત ભૂતકાળમાં પણ મારા આત્મામાં ક્યારેય કોઈનું ભેળસેળપણું કે સદ્‌ભાવપણું કે અસ્તિત્વપણું નહોતું. એ વગર વિકલ્પે જ્ઞાન થાય છે.

ચર્ચા ચાલી હતી ને ? શક્તિઓનું જ્ઞાન પણ વગર વિકલ્પે થાય છે. એમ આવું કાળનું જ્ઞાન, આવું ઘણું જ્ઞાન વગર વિકલ્પે થાય છે. અનંત ભવિષ્યકાળનું જ્ઞાન પણ વગર વિકલ્પે થાય છે કે જો મારો આત્મા મને વર્તમાનમાં અત્યારે જ કર્મના અભાવ સ્વભાવે એવા સ્વરૂપે અનુભવગોચર થાય છે તો અનંત કાળ પણ મારા આત્મામાં એ જ પ્રકાર છે, બીજો પ્રકાર નથી. તેથી કરીને ત્રણે કાળનું અસ્તિત્વ ત્રિકાળી અસ્તિત્વ જે મારું છે એ શુદ્ધ અસ્તિત્વ છે અને મારું સ્વરૂપ ત્રણે કાળે મૂળ સ્વરૂપે શુદ્ધ છે એવું જ્ઞાન થાય છે.

એટલે ‘આનંદઘનજી’એ ગાયું કે ‘પ્રભુ તુમ જાણગ રીતિ...’ આપની જાણવાની રીતિ કોઈ જુદી છે. જગતના જીવો ચોરી કરનારને ચોર સમજે છે. પાપ કરનારને પાપી સમજે છે અને પુણ્ય કરનારને પુણ્ય આત્મા સમજે છે. આથી વધારે જગતના જીવોની નજર નથી આગળ જતી. જ્યારે આપ તો સર્વજ્ઞ વીતરાગ પરમાત્મા હોવાથી આપની જાણવાની રીતિ કોઈક જુદી છે. અને તે પણ જે શુદ્ધાત્મા મોક્ષમાં ગયા એને નથી જાણતા. ‘સૌ જગ દેખતા હો લાલ...’. આખા જગતના જે જીવો છે એ બધાયને તમે આવા જુઓ છે. આખા જગતમાં તો પ્રભુ ! નિગોદના જીવો આવે છે. ન આવે આખા જગતમાં ? એકેન્દ્રિય, બેઇન્દ્રિય, ત્રણઇન્દ્રિય, ચોઇન્દ્રિય, પંચેન્દ્રિય નિગોદના બધા, બાદર, સ્થૂળ બધા સૂક્ષ્મ, બાદર બધા ભેદ આવી જાય કે નહિ ? જગતના તમામ જીવોને આપ તો ‘શુદ્ધ સત્તાએ પેખતા...’ આપ તો

એનું જે અસ્તિત્વ છે, ત્રિકાળ અસ્તિસ્વ છે એમાં આપે એને શુદ્ધ જોયા છે.

એવા કેવળજ્ઞાનમાં જે જુએ છે એ જીવનો અનુભવ પ્રથમ ચોથા ગુણસ્થાને આત્મજ્ઞાન થાય એવા જ્ઞાનને આત્મજ્ઞાન કહ્યું છે. ભગવાને જે સ્વરૂપે આત્માને જોયો, સર્વ આત્માને જોયા એ સ્વરૂપે પોતે પોતાને જોવે ત્યારે એને આત્માનું જ્ઞાન થયું એમ કહેવામાં આવે છે. ત્યારે એણે એમ જોયું કે ત્રણે કાળે મારામાં ભવનો પણ અભાવ છે, ભવનો પણ અભાવ છે. ભવનો તો અભાવ છે પણ ભવના કારણરૂપ ભાવ જે પર્યાયમાં મિથ્યાત્વ આદિ છે એનો પણ મારામાં અભાવ છે. એવું જેને સ્વરૂપજ્ઞાન થાય એને પર્યાયમાં પણ ભવભ્રમણ ક્યાંથી રહે ? પ્રશ્ન નથી રહેતો. એને પ્રતીતિ કરવા માટે બીજી કોઈ યુક્તિ આપવાની જરૂર નથી. યુક્તિ એટલે દૃષ્ટાંત.

જે પોતાના સ્વરૂપને સ્વરૂપજ્ઞાન દ્વારા એવું જાણે, એવું અનુભવે કે મારામાં ભવનો અભાવ છે અને ભવના કારણરૂપ ભાવનો પણ ત્રણે કાળે અભાવ છે. એવું મારું શુદ્ધ સ્વરૂપ છે. એને વર્તમાન અવસ્થામાં ભવ રહે અને ભવભ્રમણ રહે એ પરિસ્થિતિ રહેતી નથી. કેમકે એ પરિસ્થિતિ તો ત્યારે હતી કે આવા ભવના અભાવસ્વરૂપે નિજ સ્વરૂપનો સ્વીકાર નહોતો ત્યારે. ભવવાળો છું અને મનુષ્ય છું એ વગેરે જે કાંઈ પર્યાયાર્થિકનયના વિષયભૂત ભાવો છે એને જ આખું સ્વરૂપ માની લીધું, એને જ આખો આત્મા માની લીધો એ જ એને ભવનું કારણ હતું.

ભગવાન 'અમૃતચંદ્રાચાર્યે' 'પુરુષાર્થસિદ્ધિ ઉપાય'માં એ ચૌદમી ગાથા લખી છે કે જે વિભાવ છે-રાગ છે એનાથી આત્મા રહિત છે. '**असमाहितोऽपि**' એવો શબ્દ વાપર્યો છે. '**असमाहितोऽपि**' એનાથી સમાહિત નથી. તેમ છતાં '**बालिशानां**' બાળક શબ્દ વાપર્યો છે. બાળકબુદ્ધિ જીવો એને એથી સહિત માને છે. એ વિભાવાદિથી સહિત માને છે. '**स खलु ावबीजम्**' તે જ ખરેખર ભવનું બીજ છે. એવી માન્યતા તે ભવનું બીજ છે. પણ એ માન્યતા પણ, જૂઠી માન્યતા-મિથ્યા માન્યતા પણ પર્યાયમાં મર્યાદિત છે. એનું સ્થાન તો દ્રવ્ય સ્વભાવમાં પણ નથી. એની મર્યાદા પર્યાય સુધી છે. એ બહુ સરસ શ્લોક છે, હોં ! 'પુરુષાર્થ સિદ્ધિ ઉપાય' છે ને ?

મુમુક્ષુ :– પહેલા આપણે 'સમયસાર'માં છાપતા હતા. નવી પ્રતમાં નથી.

પૂજ્ય ભાઈશ્રી :– અહીંયાં હશે. નથી ? છેલ્લે પાને નહિતર છાપતા હતા.

'**एवमयं कर्मकृतैार्वैरसमाहितऽपि युक्त इव।**' આ આત્મા આવી રીતે કર્મના કરેલા એટલે રાગાદિ અથવા શરીરાદિ ભાવોથી સંયુક્ત ન હોવા છતાં પણ '**युक्त इव**' સંયુક્ત છે. સંયુક્ત ન હોવા છતાં પણ એ સંયુક્ત છે. '**बालिशानां प्रतिााति**' એમ બાળકોને પ્રતિભાસે છે. અજ્ઞાની જીવોને એવો પ્રતિભાસ આવે છે. '**प्रतिाासः**

**स खलु ाावबीजम्**' આવો પ્રતિભાસ છે તે ભવનું બીજ છે. આમ લીધું છે.

એક ભૂતાવિષ્ટનો દાખલો લીધો છે ત્યાં. **'જેમ કોઈ મનુષ્યને ભૂત વળગ્યું હોય તો તે મનુષ્ય તે ભૂતના નિમિતે નાના પ્રકારની વિપરીત ચેષ્ટા કરે છે. તેથી તે ચેષ્ટાઓનો કર્તા તો મનુષ્ય જ છે પરંતુ તે ચેષ્ટા મનુષ્યનો નિજભાવ નથી...'** મનુષ્યપણું નથી. મનુષ્યને અનુચિત ચેષ્ટા કરે છે. કેમ સમજીને ? અધ્યાસિત થઈને કે મને કાંઈક વળગ્યું છે. મને ભૂત વળગ્યું છે. ત્યારે મનુષ્ય તરીકે મટી નથી ગયો. અથવા એને નવો મનુષ્ય બનાવવાનો નથી. છે તો મનુષ્ય જ પણ એક ભ્રમ પેદા થઈ ગયો છે કે મને કાંઈક ભૂત વળગ્યું છે. તો એ મનુષ્યને અનુચિત ચેષ્ટા કરવા લાગે છે. **'માટે એ ચેષ્ટાઓને ભૂતકૃત કહીએ.'** છીએ.

**'તેમ આ જીવ કર્મના નિમિત્તે નાના પ્રકારના વિપરીત ભાવોરૂપે પરિણમે છે,...'** કર્મનો ઉદય થાય છે. જ્ઞાનમાં એનો ફોટો પડે છે. જ્ઞાનદર્પણમાં એનું પ્રતિબિંબ પડે છે. જેમ બહારમાં બીજા પદાર્થોનું પ્રતિબિંબ પડતા પણ એને સારું નરસું લાગે છે કે આ મને સારું છે, આ મને ઠીક લાગે છે, આ મને ઠીક લાગતું નથી. પદાર્થ ઠીક અઠીક નથી અને પદાર્થ કહેતો નથી, પ્રેરતો નથી, પ્રેરણા કરતો નથી કે તું ઠીક અઠીકપણે ભાવ કર. છતાં પણ આ જીવ સ્વયં પોતાના સમ સ્વભાવને ભૂલીને માત્ર જ્ઞાન, માત્ર જ્ઞાતા રહેવાના સમ સ્વભાવને ભૂલીને વિષમભાવ સ્વયં કરે છે. પોતાના સ્વભાવને ભૂલીને સ્વયં વિષમભાવ કરે છે અને ઇષ્ટ-અનિષ્ટપણું કરે છે ત્યારે **'તે ભાવોનો કર્તા તો જીવ જ છે...'** એવા વિષમ પરિણામોનો કર્તા તો જીવ જ છે. **'પરંતુ આ જીવનો નિજભાવ નથી તેથી તે ભાવોને કર્મકૃત કહીએ છીએ.'** (આપણા એક વિદ્વાન) ગયા પર્યુષણમાં અહીંયાં વાંચન કરવા આવ્યા હતા ને ? એમનો આ અનુવાદ છે. 'પુરુષાર્થસિદ્ધિ ઉપાય'નો. અને ભાવાર્થ ને એ બધો વિસ્તાર એમણે જુદા જુદા ગ્રંથોમાંથી વાતને લઈને કર્યો છે.

**'તેથી તે ભાવોને કર્મકૃત કહીએ છીએ. અથવા કર્મે કરેલા જે નાના પ્રકારના પર્યાય, વર્ણ, ગંધ, રસ, સ્પર્શ, કર્મ, દેવ, નારક, મનુષ્ય, તિર્યંચશરીર, સંહનન, સંસ્થાનાદિ ભેદ અથવા પુત્ર, મિત્ર, મકાન, ધન, ધાન્યાદિ ભેદ – એ બધાથી શુદ્ધાત્મા પ્રત્યક્ષ ભિન્ન જ છે.'** ભિન્ન જ છે. છતાં એ ભિન્નપણું ભૂલ્યો છે ત્યારે એને હું આવો છું ને તેવો છું એવી એક અધ્યાસિત અધ્યવસિત ભાવોની પરિણતિ ચાલે છે. અને એ બધી અવસ્થામાં અનેક પ્રકારના દુઃખ ઉત્પન્ન થવાની ગડબડ ઊભી કરે છે. **'તેમ આ જીવ મોહના નિમિત્તથી...'** એટલે મોહકર્મનો ઉદય થતાં. એને ભ્રમ થાય છે. **'પોતાને વર્ણાદિક સ્વરૂપ માની દેવાદિ પર્યાયોમાં આવ્યો માને છે.'** હું મનુષ્ય પર્યાયમાં આવ્યો. હું ફલાણો, ફલાણો. આ એને દુઃખનું કારણ છે.

**'જો ન માને તો અમૂર્તિક શુદ્ધાત્મા પોતે બની રહેલ જ છે.'** એને કાંઈ નવો બનાવવો નથી. એ તો અનાદિનો છે.

મુમુક્ષુ :- અભાવઅભાવશક્તિને માને તો આ રહે નહિ.

પૂજ્ય ભાઈશ્રી :- ત્રણે કાળે અભાવ છે એમ લઈ લેવું છે. વાત ભલે ભૂત અને ભવિષ્યની લીધી છે પણ અભાવ કહેતા સર્વથા અભાવ, સર્વથા શબ્દ કોઈ પ્રતમાં છે અને કોઈ પ્રતમાં નથી એટલે ત્યાં ચોખવટ કરી છે. કહેવાનો આશય તો એમ છે કે સર્વથા અભાવરૂપ છે. કર્મથી આત્મા સર્વથા અભાવરૂપ છે. ભૂત, ભવિષ્ય અને વર્તમાન ત્રણે કાળે સ્વરૂપે કરીને આત્મા કર્મના અભાવસ્વરૂપે છે. એ ભાવ અને અભાવના બોલ પૂરા થાય છે.

હવે કોઈપણ કાર્ય થવામાં ષટ્કારક હોય છે. કાર્યના કરનારાને કારક કહેવામાં આવે છે. એને ષટ્કારક કહે છે. સર્વ પર્યાયને જીવ, પુદ્ગલ આદિ સર્વ પર્યાયને બધા પદાર્થના કાર્યને પોતાના ષટ્કારકો છે. આત્મામાં અથવા બધા દ્રવ્યોમાં આ સામાન્ય સ્થિતિ છે. ષટ્કારકની છ પ્રકારની શક્તિ છે. છએ કારકોની છ પ્રકારની શક્તિ રહેલી છે. એમાં અહીંયાં કર્તા શક્તિની વાત કરે છે.

**'કર્તા વિના નિજકર્મનો કર્તા ન હોત.'** નિજકર્મ એટલે અહીંયાં પુદ્ગલ કર્મ નહિ. જ્ઞાનાવરણીય, દર્શનાવરણીય કર્મ બાંધ્યું એ વાત નથી અહીંયાં. નિજ કર્મ એટલે કર્તાનું ઇષ્ટ તે કર્મ. આવી કર્મની શાસ્ત્રમાં વ્યાખ્યા છે. કર્તા જેને કરે, સ્વતંત્રપણે જેને કરે. કર્તા જેને સ્વતંત્રપણે કરે તેને તેનું કર્મ કહેવામાં આવે છે. સ્વતંત્રપણે એટલે કોઈની સહાય વિના કરે, કોઈની મદદ વિના કરે તેનું તેને કર્મ કહેવામાં આવે છે. જો આત્મામાં કર્તા નામનો ગુણ ન હોત, કર્તા નામની શક્તિ ન હોત તો એ પોતાના નિજકર્મનો કર્તા ન હોત. નિજકર્મને તે કરે એવો કર્તા પોતે ન હોત. પણ પોતાના પરિણામરૂપ સ્વકાર્યનો પોતે કર્તા છે અને સ્વતંત્રપણે કર્તા છે, કોઈની મદદ વિના કર્તા છે. એ એની અનંત કર્તાશક્તિને સૂચવે છે.

આત્મામાં સમય સમયની પર્યાય છે. પ્રત્યેક પદાર્થને (એમ છે). આપણે આત્માને લઈએ, સમજવો છે આત્માને એટલે. એ જે સમય સમયની પર્યાય છે એ કાર્ય છે. એ સમય સમયની પર્યાયને કોણ કરે છે ? આત્માની પ્રત્યેક સમયની પર્યાયનો ઉત્પાદ કોણ કરે છે ? ઉત્પન્ન કરે છે ને ? પર્યાય તો ઉત્પન્ન થાય છે. એને કોણ કરે છે ? કોઈ બહારનું તત્ત્વ, કોઈ બહારનો પદાર્થ, આત્મા સિવાય કોઈ બીજો અવસ્થાને ઉત્પન્ન કરે છે એવો અનુભવ થાય છે ?

'શ્રીમદ્જી'એ કહ્યું ને ? ક્યારે કદી કોઈને એવો અનુભવ ન થાય કે ચેતનને જડ કરે અને જડને ચેતન કરે. એવો કોઈ 'દિ ક્યારે અનુભવ થતો નથી. જે

અનુભવ એવો થાય છે એ મિથ્યા અનુભવ છે એમ કહેવું છે. એવો અનુભવ થઈ શકે નહિ. સતતપણે, નિરંતરપણે, અવિરતપણે એ અવસ્થાઓ આપોઆપ થયા જ કરે છે. પદાર્થની અવસ્થાઓ થયા જ કરે છે. કોઈ પદાર્થ એવો નથી કે જેની અવસ્થા બદલતી ન હોય.

એક કાપડનો નક્કોર તાકો, નવો નક્કોર તાકો બરાબર કબાટમાં લાવીને રાખીને (રાખો). Air tight કબાટ રાખો. કેવો ? Air tight. Air condition. એમાં રાખો પચીસ, પચાસ, સો વરસ અને બહાર કાઢો. એવો ને એવો નહિ દેખાય. એના વર્ણમાં ફેર પડશે ઓછામાં ઓછો, કોઈને કોઈ પ્રકારે એમાં ફેર દેખાશે. એનો અર્થ એ છે પરમાણુઓ સ્વયં છે તે સમયે સમયે સમયે સમયે પરિણમ્યા જ કરે છે. એનો કર્તા (અર્થાત્) એના કાર્યનો કર્તા-પરમાણુના પરિણમનરૂપ કાર્યનો કર્તા તે પરમાણુ સ્વતંત્ર છે, કોઈની પણ મદદ વિના. એને કોઈની મદદની જરૂર નથી.

એવો પ્રત્યેક પદાર્થમાં, પ્રત્યેક જીવમાં, પ્રત્યેક પરમાણુમાં કર્તા નામનો ગુણ છે. કર્તા નામની અનંત શક્તિ છે કે જે અનાદિઅનંત પોતાના કાર્યને કોઈની મદદ વિના કર્યા જ કરે છે. પોતાના પરિણામરૂપ કાર્ય કરવા માટે એને કોઈની મદદની જરૂર પડતી નથી. અને એ સ્વાનુભવથી નક્કી થાય છે કે સ્વયં પર્યાય થયા કરે છે કે નથી થયા કરતી ?

જ્ઞાન લઈએ. જ્ઞાનને તો સમજી શકાય છે. બીજી પર્યાયો ન પકડાય. આ જ્ઞાન છે એ સમયે સમયે ઉત્પાદરૂપ થયા કરે છે કે નહિ ? તો એને કોણ કરે છે ? પોતે કર્તા થઈને કરે છે. કર્તાગુણ દરેક ગુણમાં વ્યાપેલો છે એટલે જ્ઞાન પણ પોતે કર્તા થઈને પોતાના ઉપયોગને કરે છે. એની એટલી અનંત અમર્યાદિત શક્તિ છે, અસિમશક્તિ છે કે જ્ઞાનને થતું બંધ કરી દ્યો જોઈ. જ્ઞાનને થતું બંધ નથી કરાતું. ક્યારેક જીવ એવું ઇચ્છે છે કે એને અણગમો હોય એનું જ્ઞાન એને નથી કરવું. એવા અનુચિત પ્રસંગો બનતા હોય તો એવું જ્ઞાન એને નથી કરવું. જેમકે મૃત્યુ છે એ નાશનો પ્રસંગ ગણવામાં આવે છે. નાશ નથી આત્માનો. પણ એ વાત વિચારવા કોઈ તૈયાર નથી. એવી વાત નહિ કરવી જોઈએ. શું કહે છે ? એવી વાતો પણ ન કરવી જોઈએ. એને અશુભ પ્રસંગ કહે છે ને ? તો કહે, એવી અશુભ પ્રસંગની વાતોપણ નહિ કરવી જોઈએ. પ્રસંગ તો એકબાજુ રહ્યો એની વાતથી પણ જીવ દૂર રહેવા ચાહે છે, વિચારથી પણ દૂર રહેવા ચાહે છે. પણ તેથી કાંઈ એને એ પ્રસંગ ન બને એવું થોડું છે ? એના જ્ઞાનથી એ વખતે દૂર રહેવા માગે છે.

સ્વજનનું મૃત્યુ થયું તો એને એ સંભારવું પણ પોસાતુ નથી. યાદ આવે એ ન પોસાય. એ યાદમાંથી જાય નહિ. કોઈ એમ કહે કે તમે ઘડીવાર ભૂલી જાવ.

બારમું, તેરમું કરીને લાડવા ખવરાવે છે કે નહિ ? મીઠાઈ ખવડાવે છે. નહિતર કોઈના મૃત્યુ પાછળ મીઠાઈ ખાવી એ દેખીતી રીતે બેહુદી નથી ? એક તો ઘરમાં શોકનો પ્રસંગ હોય અને બારમો કે તેરમો દિવસ થાય અને મીઠાઈ ખાવી, એ વાત તો વિરુદ્ધ નથી પરસ્પર ? પ્રસંગને ઉચિત છે કે અનુચિત છે ? એ તો Commonsenseનો વિષય છે કે બિલકુલ વિરુદ્ધ વાત છે. પણ પેલાને ભૂલવાડવો છે. જેને ચોંટ લાગી છે એના ઉપયોગને બીજું રમકડું આપવું છે. જેમ બાળકને રમકડા બદલી નાખે એમ આ એક Human psychology ને ફેરવવા માટે ભલે દેખત રીતે ઊંધુ હોય, દેખત રીતે બેહુદુ હોય તોપણ એ બધા પ્રયોગ જાહેર રીતે સ્વીકારીને કરવામાં આવ્યા છે. કેમકે કોઈપણ ભોગે ખોટું કરીને પણ એને દુઃખ જોઈતું નથી. આ તો સાવ ખોટું જ છે. પણ ખોટું કરીને એને દુઃખ જોઈતું નથી. આટલો બધો દુઃખથી દૂર રહેવા જીવ ચાહે છે, જીવ ઇચ્છે છે તોપણ એક વિચિત્રતા છે કે જીવ સુખનો સાચો ઉપાય પકડતો નથી. સાચા ઉપાયથી એ દૂર ભાગે છે, સાચો ઉપાય એને રુચતો નથી અને સાચા ઉપાયને એ અંગીકાર કરતો નથી. આ એક મોટી Tragedy છે. બહુ મોટી Tragedy છે આ.

મુમુક્ષુ :– આમાં તો પરિણામનો કર્તા જીવ જ છે એમ કહ્યું. પરિણતિ સ્વતંત્ર તો પણ...

પૂજ્ય ભાઈશ્રી :– અહીંયાં તો એક આખા પદાર્થની વાત ચાલે છે. એક સમયના પરિણામની કર્તા-કર્મની ચરમસીમાની જે વાત લીધી એ વિષય અહીંયાં નથી. ત્યાં તો પર્યાયની સ્વતંત્રતાનો વિષય ચાલે છે. એક પદાર્થ, એના જે પરિણામરૂપી કાર્યો છે એને કોઈ બીજો કરે છે ? એ પ્રશ્ન છે. કોઈ બીજો પદાર્થ કોઈ બીજા પદાર્થના કાર્યને કોઈપણ અંશે કરે ખરો ? પૂરું કાર્ય ન કરે. પણ અમુક અંશે કરે કે ન કરે ?

મુમુક્ષુ :– પરની અપેક્ષાએ વાત છે ?

પૂજ્ય ભાઈશ્રી :– હા. (અમુક અંશે પણ કાર્ય કરે એ વાત) બિલકુલ નથી. એવું ક્યારે પણ બની શકે નહિ. એનું કારણ ? કે એનું કારણ આત્મામાં કર્તા નામની બેહદ સામર્થ્ય ધરાવનાર શક્તિ રહેલી છે. જેથી એનું કાર્ય એ સ્વયં કોઈની પણ મદદ વિના કરે છે. બહુ મોટો પૂરાવો એ છે કે તીર્થંકરદ્રવ્ય જે ભવમાં તીર્થંકર પદવીને પામે છે, તીર્થંકર થાય છે તે તીર્થંકરને ગુરુ હોતા નથી. નહિતર શાસ્ત્રોની અંદર ગુરુનું એક પ્રકરણ એવું છે કે 'પાવે નહિ ગુરુગમ વિના...' ગુરુગમ વિના નહિ મળે તને આ જ્ઞાન. એમ કહેવાય છે. પણ બહુ મોટો આ પૂરાવો છે કે તીર્થંકરને ગુરુ હોતા નથી. કેમકે એ પોતે ગુરુતત્ત્વ છે. પોતે જ જગદ્‌ગુરુ થવાના છે. અને

એવું એનું મહાન પદ સર્વોત્કૃષ્ટ છે કે એની માથે કોઈ બીજો ગુરુ હોય (એમ નથી). દીક્ષા લે. ગૃહસ્થપણું છોડે, દીક્ષા લે. અથવા ગૃહસ્થપણું ન હોય. લગ્ન-શાદી ન કર્યા હોય તોપણ એ દીક્ષા લ્યે. પહેલા તો ઘરમાં રહ્યા છે ને ? તો એ દીક્ષા લે ત્યારે એને કોઈ ગુરુ ન હોય. ગુરુ કોઈને ધારીને એ ગુરુ પાસે દીક્ષા લેવા ન જાય. એ સ્વયં દીક્ષા લે છે, પોતે પોતાની મેળે. અને એમાં પણ નમસ્કાર બીજા અરિહંતને નથી કરતા. સિદ્ધને નમસ્કાર કરે છે. કેમકે અરિહંત પણ એક ગુરુ છે. આ તો શું બતાવવું છે દાખલામાં ? જીવ પોતાના પરિણામને સ્વતંત્ર કરે છે. આ એક બહુ મોટો એનો દૃષ્ટાંત છે, પ્રગટ દૃષ્ટાંત છે. જેને ગુરુ આદિ નિમિત્ત છે, શાસ્ત્ર નિમિત્ત છે, ભગવાન નિમિત્ત છે એ જીવ પણ પોતાના પર્યાયને સ્વતંત્ર જ કરે છે.

મુમુક્ષુ :- એ વખતે ?

પૂજ્ય ભાઈશ્રી :- એ વખતે પણ. પણ સંયોગની સાનુકૂળતા જોઈને એને નિમિત્ત કહેવામાં આવે છે.

ભગવાનની વાણી સમવસરણમાં ખરે છે. એના નિમિત્તે અનેક જીવોને આત્મલાભ થાય છે અને અનેક જીવોને આત્મલાભ નથી થતો. 'કેવળી આગળ રહી ગયો કોરો.' જો કોઈ કાર્ય કરે, સમર્થ નિમિત્ત છે આ તો, નિમિત્તની અંદર સમર્થ નિમિત્ત કહેવામાં આવે છે, તો કોઈ બાકી ન રહેવો જોઈએ. સમવસરણમાં આવ્યો એટલે ખલાસ. ન આવ્યો હોય એની જુદી વાત પણ આવ્યો એનો શું ? આવ્યો એમ નહિ આવીને ભક્તિ કરી. ભક્તિ કરી, પૂજા કરી, સ્તુતિ કરી, વંદના કરી, મણીરત્નના દીવાથી આરતી કરી, કલ્પવૃક્ષના ફૂલથી પૂજા કરી, બધું કર્યું. પણ છતાં એને આત્મલાભ ન થયો. એવા દાખલા કેટલા ? અનંતા. અનંતા તો તીર્થંકર થયા છે. એક સમવસરણમાં તો કરોડો-અબજો જીવો છે. અનંતા દાખલા છે. એ સૂચવે છે કે જો તીર્થંકર પણ બીજા દ્રવ્યનું ભલું કરતા હોત તો આ જગતમાં બીજા તીર્થંકરની આવશ્યક્તા ન રહેત. આ જગતમાં બીજા તીર્થંકર કોઈ ન થાત. પહેલા તીર્થંકરે વાત પૂરી થઈ ગઈ હોત. કેમકે 'સર્વ જીવ કરું શાસન રસી.' એમનો વિકલ્પ તો તીર્થંકર પદવીનું પુણ્ય બાંધ્યું ત્યારે આ રાગ હતો. રાગ તો એવો જ આવ્યો હતો કે જગતના બધા જીવોને હું આ ધર્મ પમાડું. પણ રાગ પ્રમાણે વસ્તુનું સ્વરૂપ નથી. ચાહે તીર્થંકર દ્રવ્યનો રાગ હોય તોપણ.

રાગ પ્રમાણે વસ્તુનું સ્વરૂપ નથી. રાગ પોતે વિકૃત છે, વિકારભાવ છે અને એ વિકૃતભાવ અનુસાર પદાર્થની સ્થિતિ નથી, પદાર્થનું કોઈ સ્વરૂપ નથી. એવું સ્પષ્ટ છે. કોઈપણ રાગ હોય. પછી એ રાગ ભગવાનની સામે જોઈને એમ કહે

કે આપ અમારા તારણહાર છો તો કહે (એ) વસ્તુનું સ્વરૂપ નથી. તારણહાર તરીકે એ રાગ સ્તુતિ કરે તોપણ એ પ્રમાણે વસ્તુનું સ્વરૂપ નથી.

એ રાગથી અંદરમાં અભેદદ્રવ્યમાં ભેદ ઉત્પન્ન થાય કે આત્મા જ્ઞાનવાળો છે, આત્મા જ્ઞાનસ્વરૂપ છે, જ્ઞાનમય છે એમ જ્ઞાનનો અને આત્માનો ગુણ-ગુણીનો ભેદ પાડે તો એમ વસ્તુનું સ્વરૂપ નથી. વિકલ્પ ઊઠે એમ વસ્તુનું સ્વરૂપ નથી. આમ છે, લ્યો. વસ્તુનું જેવું સ્વરૂપ છે એ અનુસાર સમ્યગ્જ્ઞાન છે અને સમ્યગ્જ્ઞાનના વિષયભૂત સમ્યગ્જ્ઞાન અનુસાર વસ્તુનું સ્વરૂપ છે. પણ રાગ અનુસાર વસ્તુનું સ્વરૂપ નથી. આમ છે. વસ્તુના સ્વરૂપને અને જીવના પરિણામને મેળ પણ આમ છે અને મેળ નથી એ પણ આમ જ છે.

અહીંયાં લીધું છે એ કર્તાગુણથી વાત લીધી છે. કર્તા નામની આત્મામાં જે શક્તિ છે તેનેથી પોતાના નિજપરિણામને-નિજકર્મને-પોતાના કર્મને કરે છે. કર્તાને કર્મ સાથે સંબંધ છે. કર્મ એટલે કાર્ય સાથે સંબંધ છે. એટલે પરિણામ શબ્દ પણ નથી લીધો.

મુમુક્ષુ :– જડમાં પણ એમ જ છે ?

પૂજ્ય ભાઈશ્રી :– હા, બધા છએ દ્રવ્યમાં સામાન્ય છે.

મુમુક્ષુ :– સામે આપણી હાજરી હોવાથી એમ લાગે છે કે આ હું કરું છું.

પૂજ્ય ભાઈશ્રી :– આ મે કર્યું.. મેં કર્યું.... મેં કર્યું. હવે એ તો 'નરસિંહ મહેતા'એ ગાયું. 'હું કરું હું કરું એ જ અજ્ઞાનતા, શકટનો ભાર જેમ શ્વાન તાણે.' ગાડા હેઠે કૂતરું. નીચે નીચે ચાલ્યું જાય. ક્યારેક ક્યારેક એનું માથું પણ ભટકાય, ઊંચી નીચી જમીન આવે ત્યારે. હં બરાબર મારા માથે ભાર છે આખા ગાડાનો. અને આ ગાડુ હું હલવું છું. એમ કુટુંબનો મુખ્ય માણસ હોય એની પરિસ્થિતિ તો ગાડા હેઠે કૂતરા જેવી જ હોય છે. એને એમ જ થતું હોય કે આખા કુટુંબનું અત્યાર સુધીનું આ ગાડુ મેં હલવ્યું. વાતમાં કાંઈ માલ નથી.

મુમુક્ષુ :– ...વેઠ કરી માટે પૈસા લ્યે નહિ...

પૂજ્ય ભાઈશ્રી :– એને વેઠિયો કહો તો ખરા. એક તો ઉપાધિ કરે દુનિયાભરની અને એમાં તમે એમ કહો કે તું વેઠિયો છો. એને કેટલું દુઃખ પહોંચે ! રૂવાંડે રૂવાંડે લાગે, અરે...રે..! આ મારી બધી મહેનત એની કોઈ કદર ને કોઈ કિંમત નહિ ? ભાઈ ! તેં મૂરખ થઈને મૂર્ખાઈ કરી છે, બીજું કાંઈ કર્યું નથી. આમ છે.

મુમુક્ષુ :– શુદ્ધ પરિણામમાં શુદ્ધ પરિણામ થાય છે એનો કર્તા જીવ છે ?

પૂજ્ય ભાઈશ્રી :– પછી તો વિકારી પરિણામનો કર્તા પણ જીવ જ છે. પણ એ ન્યાય અહીંયાં નથી. અહીંયાં તો જે પોતાને કર્તાશક્તિવાળો શક્તિવાન જે

શુદ્ધ સ્વરૂપ છે એવો જ્યારે આત્માને જુએ છે ત્યારે એના શુદ્ધ કાર્યનો ઉત્પાદ થાય છે અને એનો કર્તા જીવ છે. ત્યારે સાધકદશામાં રાગાંશ રહી ગયો એનો કર્તા હું નથી એમ જુએ છે. કારણ કે એણે પોતાનું અસ્તિત્વ પકડ્યું શુદ્ધ દ્રવ્યમાં. એટલે એ અશુદ્ધભાવમાં પોતાનું અસ્તિત્વ પકડતો નથી. છતાંય જ્ઞાનમાં એમ જાણે છે કે આ ચારિત્રનો દોષ જીવના પરિણામનો અંશ હોવાથી એનો કર્તા એક ન્યાયે દોષિત હું છું. દોષની અપેક્ષાએ દોષિત હોવા છતાં મારું અસ્તિત્વ શુદ્ધ અસ્તિત્વ એ નથી તેથી એનો હું કર્તા નથી. એમ કર્તા નયથી પણ જાણે છે અને શ્રદ્ધાનથી પણ જાણે છે. બે જુદી જુદી વાત છે.

મુમુક્ષુ :– એક નયથી છે અને નથી, બેય છે.

પૂજ્ય ભાઈશ્રી :– છે ને નથી બેય છે. એક નયથી છે, એક નયથી નથી. અને શુદ્ધ શ્રદ્ધાનથી પણ નથી. એમ છે. આવી વાત છે. જરા અટપટી વાત છે એટલે સમજવામાં થોડી તકલીફ પડે.

એવી જ રીતે આત્મામાં એક કર્મશક્તિ છે. કર્મ એટલે અહીંયાં કાર્મણવર્ગણાનો પરમાણુ નહિ. કર્મ એટલે કર્મશક્તિ. એક શક્તિનું નામ કર્મશક્તિ છે. એ કર્મશક્તિ ન હોત એમ (કહે છે), **'કર્મશક્તિ વિના સ્વભાવકર્મનો અભાવ હોત.'** સ્વભાવકર્મ લીધો, હોં ! અહીંયાં. રાગાદિ કર્મ ન લીધું જોયું ? કર્મશક્તિની જ્યારે વાત આવી ત્યારે રાગાદિ કર્મ ન લીધું, પુદ્‌ગલકર્મ ન લીધું. પણ જે સ્વભાવકર્મ સ્વભાવરૂપી કાર્ય છે એનું કારણ કર્મશક્તિ અંદરમાં પડેલી છે.

કર્તાશક્તિ અને કર્મશક્તિમાં ફેર શું ? વ્યાકરણ આવડતું હોય એને થોડોક આ વિષય સહેલો પડે એવું છે. આમ તો ન્યાય વ્યાકરણ ભણાવે છે એટલા માટે. આ વિદ્વાન, શાસ્ત્રી, પંડિત થાય છે ને ? એને ન્યાય વ્યાકરણ ભણાવવામાં આવે છે. (કેમકે) એને કેટલીક વાતો સમજવામાં દૃષ્ટિકોણ ખુલ્લો થઈ જાય. એમ આ કર્તા, કર્મ, કરણ, સંપ્રદાન, અપાદાન અને અધિકરણ એ વ્યાકરણની છ વિભક્તિ છે. છ વિભક્તિ છે એની, છ વિભાગ છે એના. કોઈપણ શબ્દરચના, વાક્યરચના છે એની અંદર એ લાગુ પાડવામાં આવે છે કે હું ફલાણું કામ કરું છું, હું વેપાર કરું છું. તો હું કર્તા. કરું છું તે ક્રિયા. વેપાર તે મારું કર્મ. પછી Subject ને Object ને એમ લેવામાં આવે છે. કર્તાને Subject કહે છે, કર્મને Object કહે છે. હેતુ. જેનાથી જે હેતુથી કાર્ય કરું છું. એ એમ સમજવામાં સહેલુ પડે છે.

અહીંયાં કર્તા જેને કહેવો છે તે પદાર્થની કર્તા શક્તિની અપેક્ષાએ પદાર્થને કર્તા કહેવો છે. કર્મશક્તિની અપેક્ષાએ પદાર્થને કર્મ કહેવું છે. કરણશક્તિની અપેક્ષાએ પદાર્થ કરણસ્વરૂપે છે. સાધનસ્વરૂપે પોતે જ છે. એવી રીતે લેવું છે. જેમ જ્ઞાનને

લઈને જ્ઞાનસ્વરૂપી કીધો એમ કર્તાસ્વરૂપી, કર્મસ્વરૂપી, કરણસ્વરૂપી, સંપ્રદાનસ્વરૂપી, અપાદાનસ્વરૂપી અને અધિકરણ-આધારસ્વરૂપી પોતે જ છે. બધા એના ગુણ છે. જેમ જ્ઞાનગુણ છે એવા જ આ બધા ગુણ છે. એકે એક ગુણ એવા છે.

મુમુક્ષુ :- બધા શુદ્ધ ?

પૂજ્ય ભાઈશ્રી :- ગુણને તો અશુદ્ધતાનો પ્રશ્ન જ નથી. પર્યાયમાં શુદ્ધિ અશુદ્ધિ થાય. ગુણમાં શું અશુદ્ધિ ? અલ્પ બહુત્વ પણ પર્યાયમાં હોય, ગુણમાં ક્યાંથી હોય ? દીવાસળીની જે ટોપકામાં અગ્નિ છે એમાં થોડી અગ્નિ છે કે જાજી અગ્નિ છે ? અલ્પ બહુત્વનો પ્રસંગ નથી ત્યાં. ત્યાં એ અગ્નિ Blue colour ની છે કે પીળા Colourની છે ? એ એની અંદર પ્રશ્ન નથી. એ બધું અવસ્થાને લાગુ પડે. અગ્નિની જાળ પીળી છે કે Blue છે એમ જોવાય છે. જાળ નાની છે કે મોટી છે એમ જોવાય છે. કેમકે એ વ્યક્તિરૂપ અગ્નિ છે અને આ શક્તિરૂપ અગ્નિ છે. શક્તિની અંદર એ કોઈ અપેક્ષા લાગુ પડતી નથી.

એમ જ્ઞાનશક્તિ છે એમાં જ્ઞાન ઓછા વધારાનો અલ્પ બહુત્વનો પ્રશ્ન નથી કે અજ્ઞાનનો પ્રશ્ન નથી કે અશુદ્ધિનો પ્રશ્ન નથી, વિપરીતતાનો પ્રશ્ન નથી, મલિનતાનો કોઈ પ્રશ્ન નથી. એ બધું અવસ્થામાં થાય છે. શક્તિમાં કાંઈ થઈ શકતું નથી.

અહીંયાં વાત ચાલે છે શક્તિની. આત્મા કર્તાશક્તિવાળો છે અને આત્મા કર્મશક્તિવાળો છે એમ કહેતા આત્માનું કર્મ કરવાનું અંદરમાં શક્તિભૂત તત્ત્વ આત્મા પોતે જ છે. આત્માને કાર્ય કરવા માટે, કર્મ કરવા માટે શક્તિ જોઈએ તો પોતે જ શક્તિએ તો કર્મસ્વરૂપે છે. તેથી તેનું સ્વભાવભૂત કર્મ થાય છે. સ્વભાવભૂત કર્મ તેનું થઈ શકે છે. કેમકે એ એનો સ્વભાવ છે. પછી એને કાંઈ એ સમસ્યા નથી. જે અશક્ય હોય, અસંભવિત હોય એમાં તકલીફ થાય. પણ જે એનો જ સ્વભાવ હોય એમાં શું તકલીફ થાય ? એમાં તકલીફ થવાનો પ્રશ્ન રહેતો નથી.

મુમુક્ષુઃ– સંસ્કારમાં તો બે (ભાગ) પડે છે. એકમાં પોતે શુદ્ધની અપેક્ષાએ કર્તા નથી અને એકમાં શુદ્ધની અપેક્ષાએ કર્તા છે. એટલે વિકારમાં બે વિભાગ પડે છે.

પૂજ્ય ભાઈશ્રી :– વિકારમાં તો સમજણ કરવા માટે નય વિવિક્ષા લગાડવામાં આવે છે. અહીંયાં આ છે એ નિશ્ચયનયનો વિષય છે.

મુમુક્ષુ :– ... પરિણામનો કર્તા છે અને નથી બેય..

પૂજ્ય ભાઈશ્રી :– બેય છે. એક ન્યાયે છે અને એક ન્યાયે નથી. બેય લાગુ પડે છે. બરાબર છે, એમ જ છે. બેય ઘડ બેસવી જોઈએ એની બરાબર.

અહીંયાં તો એ અશુદ્ધ પરિણમનનો વિષય જ નથી. જ્યાં શક્તિનો અધિકાર

ચાલે છે ત્યાં અશુદ્ધ પરિણમનનો વિષય નથી. અહીંયાં કર્મ એટલે ભાવકર્મ, દ્રવ્યકર્મ, નોકર્મ એ કાંઈ વાત નથી. એ પ્રકરણ આખું નથી અહીંયાં. અહીંયાં તો આત્મામાં કર્મશક્તિ છે એ કર્મશક્તિ હોવાથી આત્માના સ્વભાવકર્મને કરવામાં કોઈ બીજી અપેક્ષાની આત્માને જરૂર રહેતી નથી. જો કે છએ દ્રવ્યને એમ છે. પોતાનું સ્વભાવકાર્ય કરવા માટે કોઈ દ્રવ્યને બીજાની જરૂર પડતી નથી.

પરમાણુ આપોઆપ શુદ્ધ થાય છે. સ્કંધમાંથી છૂટો પડીને પરમાણુ આપોઆપ શુદ્ધ થાય છે. જગતમાં સ્થૂળ દૃષ્ટિએ લોકો એમ સમજે છે કે જડને ક્યાં કાંઈ ખબર પડે છે તે પોતાનું કામ કરે ? એ તો જીવ પ્રેરણા આપી આપીને જડના બધા કાર્યો કરે છે. મોટા મોટા પુલ બાંધે છે ને. મોટા મોટા પર્વતની અંદર બુગદા ખોદીને Train પાસ કરે છે અને સમુદ્રના પેટાળમાં સબમરીન લઈને માઈલો સુધી જાય છે. આકાશની અંદર પણ આ બધા ઉપગ્રહો વહેતા કરી શકે છે. જડને ક્યાં કાંઈ ખબર પડે છે ?

ભલે જડને ખબર ન પડે તોપણ જડના કાર્યો કરવામાં જડ સમર્થ છે, ચેતન સમર્થ નથી. આ Camera માં ફોટો પાડે છે કે નહિ ? સામે જેવી મુખાકૃતિ છે, અત્યારે તો વળી Colour pose આવે છે. જેવો રંગ, જેવી આકૃતિ, જેવી Design જેવું બધું (સામે હોય એવા) બધા પરમાણુ અહીંયાં એક કાગળ ઉપર ગોઠવાઈ જાય છે. પેલો ત્યાં આવે છે ? જેનો Photo પડે છે એ ત્યાં આવે છે ? એને એમ કહે છે કે તમે આટલા દૂર રહો. તમારે તો હલવાનું પણ નથી, ઠીક ! એમ કહે. નહિતર તો એમ કહે કે હલીને કાંઈ કરી દીધું. પણ તમે તો સ્થિર રહી જાવ તોય તમારો ફોટો આવશે. વચ્ચે કાંઈ છે Wire ? દોરડું-બોરડું કાંઈ બાંધ્યું છે ? કે કાંઈ Pass કરવામાં આવે છે અહીંથી અહીં કાંઈ લઈ જવું ? કોઈ Channel છે એની અંદર ? કોઈ નથી. પરમાણુ સ્વતંત્ર કામ કરે છે.

એક એક પરમાણુમાં અનંત શક્તિ છે એ આજના વિજ્ઞાનિકોને સમજાવવાની જરૂર નથી હવે. સામાન્ય માણસ સ્થૂળ બુદ્ધિથી સમજે કે નહિ સમજે પણ વિજ્ઞાનની અંદર જેનો વિષય છે એને સમજાવવાની જરૂર નથી કે એક પરમાણુ, એક રજકરણ અનંત શક્તિ ધારણ કરીને રહ્યો છે. એ વાત એને સજાવવી પડે એવું નથી રહ્યું. એટલા કાર્યો સ્વયં આપોઆપ થતા જોવામાં આવે છે. એટલે તો કુદરતી એ Scienceના સંશોધનનું નામ Research પાડવામાં આવ્યું છે. Search નહિ પણ Research-ફરીને ગોત્યું. હતું તે ગોત્યું. Re-search એમ કહે છે. Search એમ નથી કહેતા પણ Research કહે છે એને. એટલે હતું એને જ્ઞાનમાં લીધું. જ્ઞાનમાં લીધું ત્યારે એમાં એણે કાંઈ બનાવટ કરી નથી, નવું નથી ઉમેર્યું. પણ જે હતું

એને એણે જ્ઞાનમાં લીધું. સમજણમાં લીધું. જે અહીંયાં પડ્યું છે એને સમજ્યો ત્યારે એને Research કહેવામાં આવે છે. જે સામા પદાર્થમાં પડ્યું છે એને સમજ્યો ત્યારે એને Research કહેવામાં આવે છે. એ પણ અનંત શક્તિ એના કર્મને-એના કાર્યને અનંત શક્તિને કરે છે.

પરમાણુ સ્કંધમાંથી છૂટો પડે, કાર્મણવર્ગણામાંથી, ભાષાવર્ગણામાંથી આ પૃથ્વીપિંડમાંથી કોઈપણ જગ્યાએથી પરમાણુ છૂટો પડીને એક શુદ્ધ પરમાણુ સ્વયં થાય છે. છૂટો રહે ત્યારે. જે નરી આંખે દેખાતો નથી, કેવળજ્ઞાનગોચર છે. કોણ કરે છે એને શુદ્ધ ? કોઈ કરતું નથી. એને શુદ્ધ કરવાની કોઈ પ્રક્રિયા જગતમાં છે નહિ. આપોઆપ શુદ્ધ થાય છે. કેમકે સ્વભાવ કર્મ એ એનું કર્મશક્તિનું કાર્ય છે. સ્વભાવકર્મે થવું એ એનું કર્મશક્તિનું કાર્ય છે. તબીબી વિજ્ઞાનમાં કૃત્રિમ રીતે સાજા કરવામાં આવે છે. એનું કારણ એની અંદર રહેલી જે તંદુરસ્ત શક્તિ શરીરમાં છે એ કાર્ય કરે છે.

મુમુક્ષુ :– ક્રિયાવર્તીશકિત જીવમાં અને અજીવમાં બેયમાં છે.

પૂજ્ય ભાઈશ્રી :– હા, એ અહીંયાં નથી હજી આવી.

મુમુક્ષુ :– પુદ્ગલ હલે છે એ એના કારણે.

પૂજ્ય ભાઈશ્રી :– હા. ગતિ એના કારણે કરે છે. ગતિ ન કરે તો એના કારણે છે, ગતિ કરે તોપણ એના કારણે છે. ગતિથી બતાવાય છે. પણ સ્થિતિ છે એ ક્રિયાવતી શક્તિનું પરિણામ છે અને ગતિ પણ ક્રિયાવતી શક્તિનું પરિણામ છે. તે બીજી શક્તિ છે.

અહીંયાં તો કર્મશક્તિને લઈને સ્વભાવકર્મ થાય છે અને એ સ્વભાવકર્મ થવામાં કોઈ બીજાનું, કર્મશક્તિનું પણ અહીંયાં કાર્ય થાય છે એમ નથી. બીજા કોઈની મદદ, કોઈની અસર, કોઈનો પ્રભાવ, કોઈનો હસ્તક્ષેપ છે એની અંદર એ વાત બની શકતી નથી.

મુમુક્ષુ :– કર્મશક્તિ તો પડી છે.

પૂજ્ય ભાઈશ્રી :– કર્મશક્તિ પડી છે પણ સ્વીકાર કર્યો નથી. આમ છે. એ પ્રશ્ન આવે છે કર્મશક્તિ છે તો કેમ સ્વભાવકર્મને નથી કરતો ? પડી છે પણ તેં સ્વીકારી છે ક્યાં ? એ (પ્રશ્ન) કારણપરમાત્મા ઉપર થયો હતો. 'નિયમસાર' (ઉપર) 'ગુરુદેવ'ના વ્યાખ્યાનો ચાલે એમાં કારણપરમાત્માનો વિષય અનેક જગ્યાએ (આવે). કારણપર્યાયનો વિષય તો ૧૫મી એક જ ગાથામાં છે પણ કારણપરમાત્માની વાત ટીકાકાર મુનિરાજે અનેક ગાથામાં લીધી છે. કોઈએ પ્રશ્ન કર્યો કે આ પરમાત્મા પોતે પરમાત્મ દશાના કારણસ્વરૂપે છે. પોતે જ પરમાત્મા છે અને કારણપરમાત્મા

તરીકે એને કહ્યો છે. જે પ્રગટ થયો પરમાત્મા તેને કાર્યપરમાત્મા કહ્યો. તો કાર્યનું કારણ પોતે છે એમ કહ્યું અહીંયાં. તો પછી કારણપરમાત્મા પોતે હોવા છતાં કેમ હજી અમે તો ૨૫-૨૫ વર્ષથી મહેનત કરીએ છીએ સમ્યગ્દર્શન પણ થતું નથી હજી. પરમાત્માપણું થવું તો બહુ આઘુ રહ્યું. હજી તો સમ્યગ્દર્શન થતું નથી.

મુમુક્ષુ :– કાર્ય કેમ આવતું નથી ?

પૂજ્ય ભાઈશ્રી :– કેમ કાર્ય આવતું નથી ? તું તારી ઊંધાઈ પણ સ્વતંત્ર કરે છો. તને દેવ-ગુરુ-શાસ્ત્ર કહે છે કે તું આવો છો. તો કહે છે, ના. હું માણસ છું. ના, હું ફલાણો છું, હું ફલાણો છું એ વાત એની રાખીને કરે છે, એ મૂકીને કરતો નથી. એ દેવ-ગુરુ-શાસ્ત્ર લાચાર છે. એ કાંઈ તારી ઊંધી માન્યતાને છોડાવી શકે એમ નથી. સિવાય કે તું સ્વતંત્રપણે છોડ. બાકી તને છોડાવી દે એવું તો કાંઈ છે નહિ.

'પૂજ્ય બહેનશ્રી'એ બહુ સારું લીધું છે કે મુમુક્ષુ, શિષ્યો ભલે ગુરુ પાસે ઉપદેશ સાંભળે છે, ગુરુનો મહિમા કરે છે કે આવું આપે સંભળાવ્યું. તોપણ અંદરમાં એમ સમજે છે કે પુરુષાર્થ તો મારે જ કરવાનો છે. ગુરુ ઉપદેશદાતા સમજાવતા હોવા છતાં એમ સમજે છે કે પુરુષાર્થ તો મારે જ કરવાનો છે. મારો પુરુષાર્થ કાંઈ એ કરી દેશે. એવું એ કદી સમજતો નથી. આમ સમજે છે.

પોતાનું કાર્ય પોતે સ્વતંત્રપણે કરે અને બીજા ન કરે આ વસ્તુસ્થિતિ છે. વસ્તુની સ્થિતિ આ છે. માને તોપણ વસ્તુની સ્થિતિમાં ફેર ન પડી શકે અને ન માને તોપણ વસ્તુની સ્થિતિમાં ફેર પડે નહિ. ઘણા માને તેથી વસ્તુ બદલી જાય. કાચને બધા જ માણસો હીરો કહી દે એટલે કાચના પરમાણુ હીરારૂપ થઈ જાય, કાચ હીરો થાય એવું તો બને નહિ. એમ અજ્ઞાની હોય અને બધા એને જ્ઞાની માને અથવા તો મિથ્યાદૃષ્ટિ હોય અને બધા ભગવાન માને તો એથી કાંઈ ભગવાન થઈ જાય ? કે જ્ઞાની થઈ જાય ? એવું કાઈ બને નહિ. નામ પાડવાથી કાંઈ ગુણ ઉત્પન્ન થઈ જતા નથી. એ કર્મશક્તિ (થઈ).

હવે કરણ. કરણ એટલે સાધન. કરણ છે એ શાસ્ત્રભાષાનો શબ્દ છે. ચાલુ ભાષામાં એને સાધન કહેવામાં આવે છે. અને સાધનના વિષયમાં પણ જગતમાં બહુ મોટી ભ્રમણા ચાલી છે. અનાદિની જીવની પરાધીન દૃષ્ટિ હોવાથી પોતાના કાર્ય માટે તે બીજા અનેક સાધનને શોધે છે. એટલે 'શ્રીમદ્જી'એ ચોવીસમાં વર્ષે આ પદની રચના કરી. સાધનની. 'યમ-નિયમ-સંયમ આપ કિયો, પુનિ ત્યાગ વિરાગ અથાગ લહ્યો, વહ સાધન બાર અનંત કિયો.' અનંતવાર એ બધા સાધન કર્યા પણ ખરેખર એ સાધન હતા જ નહિ. સાધન એકવાર કરે તોય કાર્ય થાય.

સાધન તો એનું નામ કહેવાય કે જેનાથી કાર્યની સિદ્ધિ થાય તેનું નામ સાધન. પણ કાર્યની સિદ્ધિ ન થાય એને સાધન શું કહીએ ? સાધન તો એનું નામ કે (જેનાથી કાર્યસિદ્ધિ થાય). એટલે એનું નામ સાધન પાડ્યું છે. કાર્યસિદ્ધિ થતી હોવાથી નામ સાધન પાડ્યું છે. જેનાથી કાર્યસિદ્ધિ ન થાય તેને સાધન કહેવું શું ? એ 'વહ સાધન બાર અનંત કિયો.' હે જીવ ! તેં અનંત વાર આ બધા સાધન કર્યા. જેને વ્યવહારે સાધન કહેવાય છે ઇ, હોં ! ખરેખર એ સાધન નહિ હોવાથી તને સિદ્ધિ થઈ નથી. એ તો કહેવામાત્ર સાધન છે. સાધન તો તારો સ્વભાવ છે. કરણ નામનો તારો સ્વભાવ છે. તેથી તારે કાર્યસિદ્ધિ માટે કોઈ સાધનાંતરની અપેક્ષા નથી. બીજું સાધન તારે મેળવવું પડે, બીજું સાધન મળે તો કાર્યની સિદ્ધિ થાય આ વસ્તુના સ્વરૂપમાં નથી. પણ ગુરુ તો મળે છે. ઇ મળે છે, આપોઆપ સંયોગ થાય છે. જીવ મેળવી શકે છે ગુરુને ?

અમારો પ્રવેશ થયો ત્યારે એક બહુ વૃદ્ધ હતા. સાથે સ્વાધ્યાય કરતા. ભૂતકાળની વાત કરી કે નાની ઉંમરમાં એમ થયું કે હવે આપણે નોકરી કરતા કરતાં ૨૦ હજારની મૂડી થઈ ગઈ. નોકરી કરતા વિચારેલું કે ૨૦ હજારની મૂડી થાય એટલે ધંધો છોડી નિવૃત્તિ લઈને ધર્મધ્યાન કરવું. નોકરી કરવા નીકળેલો ઉગતી ઉંમરમાં, એમાં વેપારે ચડી ગયા અને એમાં મૂડી થઈ ગઈ ૨૦ હજારની. પરદેશ ગયા હતા. 'ધનબાદ' 'ઝરિયા' બાજુ. સાચે મૂકી દીધો ધંધો. નિવૃત્તિ લઈ લીધી. નિવૃત્તિ લઈને કહે પહેલું કામ મેં એ કર્યું કે ગુરુની શોધમાં નીકળી પડ્યો. તે 'દિ વીસ હજાર એટલે બહુ મોટી મૂડી કહેવાતી. આજથી ૭૦-૮૦ વર્ષ પહેલા. બહુ ફર્યો, બહુ ફર્યો. હિન્દુસ્તાનમાં મને ક્યાંય ગુરુ ન મળ્યા. મને વાત કરી. સાચું કહું ? કીધું, યોગ્યતા હોય અને ગુરુ ન મળે એવું બને નહિ. યોગ્યતા હોય અને ગુરુ ન મળે એવું બને નહિ. ગુરુનું અસ્તિત્વ છે જગતમાં. ગુરુ એટલે જ્ઞાની લેવા હતા અહીંયાં. જ્ઞાનીનું અસ્તિત્વ જગતમાં છે. જ્ઞાની વિનાની હજી પૃથ્વી સાવ વાંઝણી થઈ નથી. છે હજી. પણ પોતાની નજર જોઈએ, એની અંદર પોતાની યોગ્યતા જોઈએ છે. યોગ્યતા હોય તો ખબર પડે. એમ ગોતવા નીકળે પત્તો લાગે એવું નથી.

મુમુક્ષુ :– આખું ભારત ફર્યા તોય યોગ્યતા ન આવી ?

પૂજ્ય ભાઈશ્રી :– ફર્યા માટે કાંઈ યોગ્યતા થઈ જાય ? યોગ્યતા જુદી વસ્તુ છે. ગુરુ માટે ફરવા નીકળે માટે એની યોગ્યતા થઈ ગઈ એવું કોણે કીધું ? એની યોગ્યતા થાય એટલે ફરવાની જરૂર નથી. એને ફરવાની જરૂર રહેતી નથી. એ યોગ્યતા સ્વયં કામ કરવા લાગે છે. એમાં જે જ્ઞાની હોય એ એને જણાઈ આવે

છે, ઓળખાઈ આવે છે કે આ જ્ઞાની છે. કુદરતી ભેટો થાય છે. અને ન થાય તો એને અટકવું પડતું નથી. એવું છે.

એટલે સાધન વિના, કોઈ બાહ્ય સાધન વિના પોતાનું કામ-સિદ્ધિ થતી અટકે એ પણ વસ્તુના સ્વરૂપમાં નથી, એમ લેવું છે. કેટલો પોતે સંપન્ન છે ! સાધનસંપન્ન છે. અથવા સર્વગુણ સંપન્ન છે, સર્વશક્તિ સંપન્ન છે કે જેથી પોતાની સિદ્ધિ માટે એને કોઈની જરૂર કે કોઈની મદદની કે ક્યાંય અપેક્ષા એને રાખવાની રહેતી નથી. એ પોતે જ પરમેશ્વર છે. એને દીનતા અને લાચારી કરવાની ક્યાંય જરૂર નથી. એમ કહેવા માગે છે. (વિશેષ લઈશું...)

❉ ❉ ❉

**આત્મા શુદ્ધ ચિદાનંદમૂર્તિ છે. તેની રુચિ કરીને અને રાગની વ્યવહારની રુચિ છોડીને જે ક્ષણે આત્માના આનંદનો અનુભવ થાય તે નિશ્ચય રત્નત્રય છે. વચ્ચે શુભરાગ આવતાં ભગવાનની પ્રતિમાનું બહુમાન-ભક્તિ આવે છે કેમ કે સ્વસંવેદનરૂપ વીતરાગમુદ્રા દેખી પોતે પોતાના સ્વસંવેદનભાવરૂપ પોતાનું સ્વરૂપ વિચારે છે. મારો આત્મા રાગથી કે પરથી અનુભવમાં આવે તેવો નથી. પણ જ્ઞાનથી જ સ્વસંવેદનમાં આવે તેવો છે. એવા ભાન સહિત ભગવાનની વીતરાગમુદ્રા દેખીને પોતે તેનો વિચાર કરે છે. અહો ! આ સ્વસંવેદન વડે રાગ ટાળીને ભગવાન ચિદ્દબિંબ-જિનબિંબ અક્રિય વીતરાગ થયા. મારું સ્વરૂપ પણ તેવું જ ચિદ્દબિંબ-જિનબિંબ છે.**

**(પરમાગમસાર–૭૦૧).**

## તા. ૨૬-૮-૧૯૮૫, પાના નં. ૫,
## પ્રવચન નં. ૧૮

અનંત શક્તિ સંપન્ન આત્માની કેવી કેવી શક્તિઓ શુદ્ધ પરિણમન કાળે કામ કરે છે એનું અહીંયાં વર્ણન છે. કારકરૂપ શક્તિઓ છે. કાર્ય થવામાં કારકરૂપ શક્તિઓ છે એમાં કર્તાશક્તિ અને કર્મશક્તિનું વર્ણન થયું.

હવે કરણશક્તિ. કરણ એટલે સાધન. આત્મા શુદ્ધ પરિણામે પરિણમે એટલે પોતાના જ સ્વરૂપના શ્રદ્ધા, જ્ઞાન, આચરણ વગેરે શુદ્ધ પર્યાયે પરિણમે. જેને ધર્મ કહેવામાં આવે છે અથવા જેને કાર્યસિદ્ધિ કહેવામાં આવે છે. એવા નિજ કાર્યની સિદ્ધિમાં કારણ કોણ છે ? એનો અહીંયાં ખુલાસો આવી જાય છે કે આત્મામાં રહેલી જે સાધનશક્તિ છે તે કારણ છે.

'સમયસાર'માં તો એની વ્યાખ્યા એવી લીધી છે કે ઉત્કૃષ્ટ સાધનપણામયી કરણશક્તિ. સાધકતમ. સાધન, વધારે સારું સાધન અને સૌથી ઉત્તમ સાધન. એમ જો સાધનના ઉત્તરોતર ભેદ લઈએ તો આત્મામાં જે સાધનશક્તિ છે-કરણશક્તિ છે તે જ ઉત્તમ સાધન છે. તેથી આત્માએ પોતાનું કાર્ય કરવા માટે બાહ્ય સાધન મેળવવાની આકુળતામાં રહેવા જેવું નથી. આમ સમાધાન થાય છે. આકુળતા નહિ થવા માટે આ સમાધાન થાય છે.

પરાધીન બુદ્ધિથી મિથ્યાબુદ્ધિથી અનાદિથી જીવને એવો ભ્રમ છે કે અમુક અમુક સાધન મળે તો મારું કાર્ય થાય અને અમુક સાધન ન મળે તો હું કાર્ય કેવી રીતે કરી શકું ? બીજા સાધન વિનાનો હું પાંગળો છું, એવો જીવ અનુભવ કરે છે, પોતાના સ્વરૂપના અજ્ઞાનને કારણે. સ્વરૂપમાં રહેલું જે ઉત્કૃષ્ટ સાધન પોતે જ શક્તિસ્વરૂપે છે. એનું સ્વરૂપજ્ઞાન થતાં તેને બાહ્ય સાધન શોધવાની આકુળતા રહેતી નથી.

તર્ક થઈ શકે એવું છે કે તો પછી મુનિઓ મોક્ષનું સાધન કરવા, મોક્ષમાર્ગમાં તો છે, મોક્ષનું સાધન કરવા સર્વસંગપરિત્યાગ કરીને જંગલમાં શા માટે જાય છે ? એવો એમનો જે ભાવ છે એને લઈને મોક્ષ થાય તો તો જેટલા બધા જાય તેને થઈ જવો જોઈએ. દ્રવ્યલિંગીને પણ થવો જોઈએ. અને એ મુનિરાજ ભાવલિંગી સંત જંગલમાં ગયા હોય, એને ઉપાડીને કોઈ બીજી વસ્તીમાં ફેંકે તો એનો મોક્ષ

અટકી જવો જોઈએ.

સવસ્ત્રપણા અને નિર્વસ્ત્રપણામાં એવો કોઈએ તર્ક કર્યો હતો કે મુનિ નિર્વસ્ત્ર હોય છે તો કોઈ પરાણે એમના ઉપર વસ્ત્ર નાખી દે તો ? એમના ધ્યાનમાં તે વસ્ત્રના શરીરસ્પર્શથી દોષ ઉત્પન્ન થતો નથી. થાય ? કેમ શરીર ઉપર વસ્ત્ર આવ્યું તો ? ઉપસર્ગ છે. એ વસ્ત્રની ઇચ્છા કરે તો દોષ થાય. જેને ઇચ્છા નથી છતાં આવી પડે તો એને એ પરિષહ છે, એને ઉપસર્ગ છે ખરેખર તો. જેને નાખ્યું એટલે કોઈ એક તરફથી થયેલો ઉપસર્ગ છે. એ ઉપસર્ગ પ્રત્યે એમને રુચિ હોય તો એને ઉપસર્ગ કેમ કહેવાય ? એ તો એમનો મનભાવતો વિષય કહેવાય.

સામાન્ય સંસારી જીવને તો વસ્ત્રાદિ છે એ એનો મનનો વિષય થાય છે, સ્પર્શનો વિષય થાય છે, રૂપનો વિષય થાય છે. દેખાવનો વિષય થાય છે ને ? અને મુનિને તે જ ઉપસર્ગ થાય છે. કોઈ કરે તો. પોતાની મેળે તો અંગીકાર કરે નહિ પણ કોઈ કરે તો એને ઉપસર્ગ થાય છે. તેથી પરપદાર્થ સાધન છે એમ બનતું નથી. જો પરપદાર્થ સાધન છે એમ નથી તો પરપદાર્થ સાધક્તમ નથી તો બાધકતમ પણ નથી. એ પણ આપોઆપ સિદ્ધ થાય છે. પોતાનો સ્વભાવભાવ શક્તિ જ સાધકતમ છે અને પોતાનો જ વિભાવ બાધક છે. સાધક-બાધકભાવ તો પોતાના જ પરિણામમાં છે. બાહ્ય પદાર્થ ઉપર તો, નિમિત્ત ઉપર તો માત્ર આરોપ કરવામાં આવે છે.

અહીંયાં તો એવો અર્થ અંગીકાર કરવા જેવો છે કે આત્મામાં કરણશક્તિ છે. એ કરણશક્તિથી સ્વરૂપનું સાધન થાય છે. તેથી મારે મારું સાધન મારા સ્વભાવના આધારે કરવા યોગ્ય છે. મારે બીજા સાધનની અપેક્ષામાં નહિ જતા સ્વરૂપસાધનનો જ ઉપયોગ કરીને, સ્વરૂપશક્તિનો જ ઉપયોગ કરીને કાર્યસિદ્ધિ કરવા જેવી છે. એમ પોતાના પરિણામ સ્વરૂપાશ્રિત રહે અને સ્વરૂપથી બહાર ન જાય, એ શક્તિઓના જ્ઞાનની ફળશ્રુતિ છે. આત્મજ્ઞાનનો વિષય છે ને ?

આત્મામાં રહેલી શક્તિઓનું જ્ઞાન કરતાં આત્મજ્ઞાન ઊપજે. આત્મજ્ઞાન ઊપજે એમાં એનું ફળ શું ? કે આત્માના પરિણામ આત્મામય રહે અને આત્માના પરિણામ આત્માથી બહાર ન જાય, પર વિષય પ્રત્યે ન જાય, પરપદાર્થ પ્રત્યે ન જાય. એવું ક્યારે બને ? કે સ્વરૂપ જ કોઈ એવું હોય કે જેનું સાધન પણ એના પોતામાં જ હોય અને એને બાહ્ય સાધનની જરૂર પડતી ન હોય તો. જો આત્માને બાહ્ય સાધનની જરૂર પડતી હોય અને તો જ એની કાર્યસિદ્ધિ થતી હોય તો આત્માને બાહ્ય પદાર્થ પ્રત્યેના પરિણામ બંધ કરી શકાય નહિ, બંધ થઈ શકે નહિ અને આત્મા સ્વરૂપસ્થ સ્થિર ઉપયોગે રહી શકે નહિ. આમ પરિસ્થિતિ ઊભી થાય.

અહીંયાં તો ન્યાયથી એ વાત લીધી છે કે જો આત્મામાં કરણશક્તિ ન હોત તો ? એટલે કરણ વિના. જો આત્મામાં કરણશક્તિ ન હોત તો પરિણમન વડે, જે કરણના પરિણમન વડે, કરણરૂપ સાધનના પરિણમન વડે જે સ્વરૂપનું સાધન થાય છે તે ન થાત. જેનામાં જે શક્તિ નથી તેનામાં તે કાર્ય કેવી રીતે થાય ? તેનામાં તે કાર્ય થઈ શકે નહિ. જેનામાં જે કાર્ય કરવાની શક્તિ નથી તેનામાં તે કાર્ય થઈ શકતું નથી.

શક્તિની ચર્ચા ચાલે છે ત્યારે તર્ક તો લોકો એવો આપે છે કે એક વૃદ્ધ માણસ છે એ લાકડીના ટેકે ચાલે છે અથવા લાકડીના ટેકે ઊભો રહી શકે છે. તો લાકડીએ એને ઊભા રહેવામાં મદદ કરી કે ચાલવામાં મદદ કરી કે નહિ ? જો લાકડી ન હોય તો એ ઊભો રહી શકતો નથી કે ચાલી શકતો નથી, પડી જાય છે. માટે એના આ કાર્યની અંદર લાકડી સાધન ખરી કે નહિ ? કેમ કરશો ? કે એ લાકડીથી ઊભો રહી શકે છે કે ચાલી શકે છે એ એમ સૂચવે છે કે એનામાં એટલી જ શક્તિ છે. કેટલી ? એટલી જ શક્તિ છે એ એનું માપ બતાવે છે. પરંતુ એવું નથી કે એટલી શક્તિ પણ ગુમાવી દ્યે તો લાકડી એને ઊભો રાખે. એવું બને ?

આ ચશ્માના નંબર છે. આત્માને જોવાની શક્તિ છે. ક્ષયોપશમ, ચક્ષુદર્શન ઉપયોગ. તો જે નંબર પ્રમાણે છે એમાં ચશ્મા જોવામાં એ નંબરના ચશ્મા જોવામાં મદદ કરે છે કે નહિ ? નિમિત્તાધિન દૃષ્ટિવાળા નિમિત્તપ્રધાનતાથી એમ જુએ છે કે એનાથી કામ થાય છે. ઉપાદાનની પ્રધાનતાવાળા અથવા નિજશક્તિને જોનારા એમ જુએ છે કે એટલી ચક્ષુદર્શન ઉપયોગની શક્તિનું એ માપ છે. નંબર છે એ એની પ્રગટ શક્તિનું માપ છે. એટલું એ જોઈ શકે છે. એથી હિનાધિક જોઈ શકતો નથી. કયા દૃષ્ટિકોણથી જોવું ? કોઈપણ પ્રસંગને કયા દૃષ્ટિકોણથી મુલવવો ? કયા દૃષ્ટિકોણથી એનું મૂલ્યાંકન કરવું કે જોવું ? એ પણ એક બહુ સમજવા જેવો વિષય છે. નહિતર અર્થનો અનર્થ થાય. એક જ વાતને જુદી જુદી દૃષ્ટિએ જોવામાં લાભ નુક્સાનનો સવાલ છે. જો ઊંધા દૃષ્ટિકોણથી જુએ તો એને નુક્સાન થાય અને સવળા દૃષ્ટિકોણથી જુએ તો એને નુક્સાન ન થાય પણ લાભ થાય.

આ સાધન છે એ જગતમાં બહુ મોટી સમસ્યા છે. સાધન છે એ બહુ મોટી સમસ્યા છે આ જગતની. જે કાંઈ સાધન જોઈએ. અહીંયાં ભગવાન એમ કહે છે કે જો તારા સ્વરૂપમાં ! તારું કાર્ય સિદ્ધ કરવા માટે, તારી કાર્યની સિદ્ધિ માટે અથવા સિદ્ધદશા માટે તારી સિદ્ધદશા માટે. પરિપૂર્ણ શુદ્ધ કાર્ય થયું ને ? એનું ઉત્કૃષ્ટ સાધન તારા સ્વરૂપમાં જ છે. તું પોતે જ એ સાધનસ્વરૂપે છો. કોઈના સાધનની તને અપેક્ષા નથી. માટે તારી દિનતાના પરિણામ છે એ બંધ કર અને

કોઈની અપેક્ષાવાળા પરિણામ કે જે તને અસમાધાન, દુઃખ, આકુળતા અને પરાશ્રિતભાવ થાય છે એ બધા પરિણામ તારે કરવાના રહેતા નથી. તારી સિદ્ધિ માટે કાંઈ તારે કરવાનું રહેતું નથી. તારા સ્વરૂપમાં સાધન છે એનો ઉપયોગ કરવાનું રહે છે અને એ ઉપયોગ તે એનો સ્વીકાર કરવો, એનું જ્ઞાન કરવું અને તે મય થઈને રહેવું એને શ્રદ્ધા-જ્ઞાન-આચરણ કહેવામાં આવે છે.

મુમુક્ષુ :– ઉત્કૃષ્ટ કહીને બીજું કાંઈ છે પાછું ?

પૂજ્ય ભાઈશ્રી :– નહિ. અનુત્કૃષ્ટ બીજું સાધન છે એમ પણ નથી. એમ કહે છે ને કે આ સંવરનો ઉત્કૃષ્ટ ઉપાય ભેદજ્ઞાન છે. સંવરનો ઉત્કૃષ્ટ ઉપાય ભેદજ્ઞાન છે તો અનુત્કૃષ્ટ ઉપાય કો'ક બીજો પણ છે એમ નથી. અહીંયાં ઉત્કૃષ્ટનો અર્થ એકમાત્ર એમ લેવું. આ સિવાય બીજું કાંઈ નહિ પણ એક માત્ર. એમાં નથી. 'સમયસાર'માં એનો અર્થ એવો છે. ઉત્કૃષ્ટ સાધક્તમ. પોતે ઉત્કૃષ્ટ સાધન (છે) એવો અર્થ કર્યો છે. 'સમયસાર'ની અંદર વ્યાખ્યા બહુ વિસ્તારથી વધારે સારી છે. 'દિપચંદજી'એ આમાં બહુ ટૂંકી વ્યાખ્યા કરી છે.

**'ભાવના ભવનના...'** એટલે ભાવના **'(–થવાના) સાધકતમપણામયી (–ઉત્કૃષ્ટ સાધકપણામયી, ઉગ્ર સાધનપણામયી) કરણશક્તિ.'** આટલી વ્યાખ્યા છે. ભવતા ભાવના '**ावद्भावावनसाधकतमत्वमयी करणशक्तिः 43.**' આટલી વ્યાખ્યા છે. એટલે જે ભાવ થાય, ભવતો થતો જે ભાવ, જે ભાવ થાય તેનું સાધન કોણ ? આત્મામાં સિદ્ધદશાનો ભાવ ઉત્પન્ન થાય તેનું સાધન કોણ ? આત્મામાં સમ્યગ્દર્શનનો ભાવ ઉત્પન્ન થાય, ધર્મભાવ ઉત્પન્ન થાય તો ધર્મનું સાધન કોણ ? તે ધર્મનું સાધન પોતાનું સ્વરૂપ છે. સ્વરૂપમાં રહેલી શક્તિ છે એટલે સ્વરૂપ જ પોતે સાધન છે.

સાધક પણ પોતે સાધન પણ પોતે, સાધનાર પણ પોતે અને સધાનાર પણ પોતે. બધુ પોતામાં આવે છે. ક્યાંય એને બહાર જાવું પડે એવું નથી. અને જો એમ ન હોય તો આત્માને બહાર જ એને કોઈને કોઈ સાધન ગોતવાના પરિણામમાં રહેવું પડે અને તેથી એને બાહ્ય પરિણામ, બહિર્મુખ પરિણામ બંધ કરી શકાય નહિ એવી પરિસ્થિતિ જ રહે, બીજી પરિસ્થિતિ રહે નહિ. એ તો સમજી શકાય એવું છે.

મુમુક્ષુ :– શક્તિઓનું ધ્યાન કરતા આત્મજ્ઞાન ઊપજે એમ કઈ રીતે ?

પૂજ્ય ભાઈશ્રી :– આ જીવ આત્મા તરફ જાય, આત્મામાં એવી શક્તિ છે. આત્મામાં આવી શક્તિ છે જેમ કે આ સાધનશક્તિ લઈએ તો મારું સાધન મારા કાર્યનું ધર્મનું સાધન બહાર નથી. મારા આત્મામાં છે તો પરિણામ આત્મામાં લઈ જવાના રહ્યા ને ? શ્રદ્ધાન, જ્ઞાન આદિ પરિણામ એને આત્મામાં (લઈ જવા રહ્યા).

શ્રદ્ધા કરવા માટે શું સાધન ? જ્ઞાન કરવા માટે શું સાધન ? ચારિત્ર કરવા માટે શું સાધન ? કે કોઈ બાહ્ય સાધનનું કારણ આમાં નથી. પોતે જ સાધનસ્વરૂપે છે. એમ સ્વરૂપમાં પરિણામ મગ્ન થાય, સ્વરૂપમાં એકાગ્ર થાય એવું જ શક્તિઓથી આત્માનું સ્વરૂપ જાણવામાં આવે છે. આત્માનું સ્વરૂપ જાણવા માટે શક્તિઓ છે ને ? સ્વરૂપમાં શું શું છે ?

મારું સ્વરૂપ કેવું છે એમ જાણવું છે. તો જે જે શક્તિઓથી મારું સ્વરૂપ કહેવામાં આવે છે એ શક્તિ અનુસાર જો મારું સ્વરૂપ જોવામાં આવે તો મારે મારા પરિણામ બહાર લઈ જવાનું રહેતું નથી. આ સ્પષ્ટ થાય છે. પ્રત્યેક શક્તિમાંથી એ સ્પષ્ટ થાય છે કે પોતાનું સ્વકાર્ય કરવા માટે–નિજકાર્ય કરવા માટે, કાર્યસિદ્ધિ માટે આત્મા સર્વગુણસંપન્ન છે. સર્વશક્તિ સંપન્ન છે.

પરમાણુનું જરા પણ કાર્ય, એક અંશ પણ પરમાણુનું કાર્ય કરવા માટે આત્મામાં કોઈ શક્તિ નથી. 'રાજમલજી'એ 'કળશટીકા' લખતા એ તર્ક કર્યો છે કે કોઈ એમ કહેશે કે આત્મામાં સંખ્યાએ અનંત શક્તિઓ છે તો કોઈ એવી પણ શક્તિ હશે કે જે બીજા પદાર્થનું પણ કામ કરે, પરમાણુનું પણ કામ કરે. એવી પણ કોઈ શક્તિ હશે. તેના પ્રત્યે સમાધાન આમ કે... એમ કરીને સ્પષ્ટ કર્યું છે. અનંત શક્તિઓમાં એક પણ શક્તિ એવી નથી કે જે પરપદાર્થનું કામ કરે. આવી ચોખવટ કરી છે. પરપદાર્થનું કામ કરવા માટે આત્મા અશક્ત છે, પાંગળો છે, કરી ન શકે એવી સ્થિતિ છે અને સ્વનું સ્વરૂપભૂત કાર્ય કરવા માટે આત્મામાં સર્વ શક્તિઓ, પૂરી શક્તિઓ છે. જરાય સામર્થ્યની કચાશ નથી. પણ એણે પોતાના સામર્થ્યને યથાર્થ પ્રકારે સ્વીકાર્યું નથી.

મુમુક્ષુ :– એવી શક્તિ હોય તો પદાર્થનો નાશ થવાનો પ્રસંગ ઊભો થઈ જાય.

પૂજ્ય ભાઈશ્રી :– ઊભો જ થઈ જાય. પદાર્થનો નાશ થાય. જો એવી ઊંધી શક્તિ હોય કે બીજાનું પણ કાર્ય કરે તો બીજા એનું પણ કરે. તો બીજા એનો નાશ પણ કરી નાખે. આત્માનું કાર્ય બીજા કરે તો આત્માનો નાશ પણ બીજા કરે. એમ થાય.

બીજી રીતે (લઈએ). બહુ સરસ છે પ્રશ્ન. આ શક્તિઓ છે એટલે આત્મામાં સામર્થ્યના પ્રકારો બતાવ્યા છે. આત્મામાં સામર્થ્ય છે એના પ્રકારો બતાવ્યા છે અને કેવું કેવું કેટલું સામર્થ્ય છે એ બતાવ્યું છે એની અંદર. ખરેખર તો આત્માના સામર્થ્યનો જે સ્વીકાર છે એ આત્માના પરિણામ ઉપર અંતર્મુખ થઈને એકાગ્ર થવામાં વજન આપનાર કોઈ કારણ–કોઈ સામે પરિસ્થિતિ હોય તો એ સામર્થ્યનો

સ્વીકાર અને સામર્થ્યનું જ્ઞાન યથાર્થ પ્રકારે થવું તે છે.

આત્માના પરિણામ ક્યાં વળે છે ? જેનું વજન પરિણામ ઉપર હોય છે ત્યાં વળે છે. તપાસી જોવું. આત્માના પરિણામ ક્યાં વળે છે ? જીવના પરિણામ ક્યાં વળે છે ? કે જે પદાર્થનું વજન આવે છે ત્યાં પરિણામ વળે છે. જેનું મહત્ત્વ આવે છે, જેનું વજન આવે છે ત્યાં પરિણામ વળે છે કે નહિ ? ત્યાં વળે છે તો એવા વળે છે કે ત્યાંથી વાળવા બીજે હોય તો વાળી શકે નહિ. બરાબર છે ? નવરા થઈને બેસવું ક્યારેક અને જોવું કે પરિણામ ક્યાં જાય છે ? એટલું અવલોકન કરવા બેસવું કે પરિણામ ક્યાં ક્યાં જાય છે ? તો ખબર પડશે કે આત્માના પરિણામ ઉપર કયા પદાર્થનું વજન છે ? તે સમજાઈ જશે આપોઆપ. પોતાને જ સમજાઈ જશે, કોઈને સમજાવવાની જરૂર રહેતી નથી.

તો અહીંયાં આત્મામાં પરિણામ આવવા માટે આત્માનું વજન પડવું જોઈએ. એ વાત તો ન્યાયથી નક્કી થાય છે. એ વજન ક્યારે પડે ? આત્માનું સામર્થ્ય જાણે ત્યારે. એ સામર્થ્ય જાણવાનું આ પ્રકરણ ચાલે છે. શક્તિઓનું પ્રકરણ છે એ આત્મામાં કેવું કેવું સામર્થ્ય છે અને કેટલું સામર્થ્ય છે ? જેમ કે સાધનશક્તિ લીધી તો એનું સામર્થ્ય કેટલું ? કે અનંતુ. ઉત્કૃષ્ટ લીધું ને ? એ સાધન થવા માટે પોતે સાધકતમપણામયી. એકદમ ઉત્કૃષ્ટ અનંતુ સાધન તે શક્તિ પોતે જ શક્તિસ્વરૂપે આત્મા (છે), જેમાં અનંતુ સાધનનું કારણ પડયું છે. એટલું સામર્થ્ય છે.

આત્મા ભલે પર્યાયમાં આવતો નથી... એક 'ગુરુદેવ' બહુ સારો સ્પષ્ટ ન્યાય આપતા હતા કે ભલે એક સમયની પર્યાયમાં ત્રિકાળી આત્મા આવતો નથી પણ એક સમયની શ્રદ્ધા અને એક સમયની જ્ઞાનની પર્યાયમાં જેવડો અને જેટલો આત્મા સામર્થ્યવાન છે તેનું શ્રદ્ધાન–તે સામર્થ્યનું શ્રદ્ધાન અને તે સામર્થ્યનું જ્ઞાન આવી જાય છે. અને જ્યારે એ સામર્થ્યનું શ્રદ્ધાન-જ્ઞાન આવે છે, શ્રદ્ધા-જ્ઞાન સ્વરૂપની સન્મુખ થઈને–સામર્થ્યની સન્મુખ થઈને, ત્યારે એ પરિણામ ઉપર એટલું વજન આવે છે કે એ પરિણામ આત્મામાં લીન રહે છે, એ પરિણામ આત્મામાં જુકી જાય છે, આત્મામાં વળી જાય છે અને આત્માથી બહાર જઈ શકતા નથી.

'અપૂર્વ અવસર' ગાયું 'શ્રીમદ્જી'એ. અપૂર્વ અવસરમાં અનેક પ્રકારના મુનિરાજના ઉપસર્ગની ને એવી બધી વાત કરી. ક્રોધ, માન, માયા અને લોભની વાત કરી. 'વંદે ચક્રી તથાપિ ન મળે માન જો. દેહ જાય પણ માયા થાય ન રોમમાં.' એમ નુક્સાન જાય અને માણસને માયાચારી થાય છે પણ આ તો શરીર છૂટી જાય એવો પ્રસંગ આવે (તોપણ) એક રૂવાંડે પણ માયા ન થાય. એવી અનેક પ્રકારની ઉપસર્ગ પરિષહની વાતો મુનિરાજની કરી. પણ ખરેખર તો એ બીજાને

સમજાવવા માટેની શૈલી છે.

મુનિરાજનું પરિણમન તો સ્વરૂપમગ્ન એવું છે કે એ સ્વરૂપમગ્ન પરિણામને સ્વરૂપથી છોડાવવા માટે જગતમાં કોઈ દ્રવ્ય-ભાવ છે જ નહિ, એને માટે તો. વાળી શકે નહિ એને ત્યાંથી. એટલું વજન પડ્યું છે એની અંદર કે એ પરિણામને કોઈ વાળી શકે એવું બનતું નથી. એ પણ જબરદસ્ત ચૈતન્યનો ચમત્કાર છે કે એ શક્તિ પ્રગટ થઈ, જ્યાં એ શક્તિ પ્રગટ થઈ, આત્માની સ્વરૂપભૂત શક્તિ પ્રગટ થઈ પછી એ શક્તિ પાસે બધી પરિસ્થિતિ બેકાર છે. એ શક્તિને તોડવા માટે બાકીની દુનિયા જગતની આખી પરિસ્થિતિ બિલકુલ બેકાર છે, વ્યર્થ છે. એવું અનંતુ સામર્થ્ય આત્મામાં છે કે જઘન્ય અંશે પ્રગટ થાય તોપણ વજ્રપાત થાય તોપણ એ શ્રદ્ધાન બદલાય નહિ.

(સમ્યગ્દષ્ટિના) સ્વરૂપમાં લીધું છે ને ? ('સમયસાર') નિર્જરા અધિકાર. સપ્તભયનો વિષય લીધો છે ત્યાં વજ્રપાત લીધો છે. આખા જગતમાં ઉથલપાથલ થાય, ખબર પડે કે આ પ્રલય થવાનો છે, દરિયો ફરી વળે છે, સમુદ્રએ હવે મર્યાદા છોડી છે. તો કહે, કાંઈ વાંધો નહિ. મને કાંઈ વાંધો નથી. આ ઘુઘવતા પૂરના પાણી દરિયાના આવે છે. એ આવે છે તો પાણી પાણીમાં આવે છે, આત્મામાં નહિ. એવો વિષય છે.

બાહ્ય પદાર્થો તો આત્માની બહાર જ છે પણ આત્માના વિભાવ છે એ ખરેખર આત્માના દુશ્મન છે. એટલે તો ભગવાનનું નામ અરિહંતાણં પાડ્યું છે. અરિહંત. નમો અરિહંતાણં. અરિ એટલે દુશ્મન. છતાં એની શક્તિ ચોથા ગુણસ્થાને કેટલી હિણી થાય છે અને ચૈતન્યનો ચમત્કાર શું કામ કરે છે ? કે ચોથા ગુણસ્થાને ચાર ધ્યાનમાંથી જે બે માઠા ધ્યાન છે, ધર્મધ્યાન તો વર્તે છે, શુક્લધ્યાન ઉપરની શ્રેણીનો વિષય છે, પણ આર્તધ્યાન અને રૌદ્રધ્યાન માઠા ધ્યાન છે એ ચોથા ગુણસ્થાને હોય શકે છે. થાય છે સમ્યગ્દષ્ટિને. અને એ ધ્યાનના ફળમાં તિર્યંચ અને નરકગતિ ઉત્પન્ન થાય. પણ સમ્યગ્દષ્ટિને નહિ. એ બંધ ન પડે. તો કાંઈ પક્ષપાત કર્યો છે એમાં કોઈએ ? એમ નથી.

સમ્યગ્દષ્ટિને એક સાધન એની પાસે આવ્યું છે. આ અંતરંગ સાધનશક્તિ છે ને એ પ્રગટ થઈ છે. જે સાધન દ્વારા એ પોતાનું સ્વકાર્ય કરે છે. એમાં એણે પોતાનું અનંત સામર્થ્ય શ્રદ્ધ્યું છે. અનંત સામર્થ્યને જ્ઞાનમાં એણે સ્વીકાર્યું છે. શ્રદ્ધા-જ્ઞાનમાં ધારણ કર્યું છે. અને એનો રસ વજન, વજન એટલે રસ એટલે વજન એટલું ઉપજ્યું છે કે આ આર્ત, રૌદ્રધ્યાનનો રસ એણે તોડી નાખ્યો છે.

મુમુક્ષુ :– ચક્રવર્તી લડે એ વખતે રૌદ્રધ્યાનમાં હોય છે ?

પૂજ્ય ભાઈશ્રી :– રૌદ્રધ્યાન થાય કોઈને. એ તો કહ્યું સમ્યગ્દૃષ્ટિને રૌદ્રધ્યાન થાય. પાંચમા ગુણસ્થાનના મધ્યમ કક્ષા સુધી રૌદ્રધ્યાન છે. ઉત્કૃષ્ટ પાંચમામાં ન થાય. એટલે પાંચમામાં સ્વીકાર્યું છે. છઠ્ઠે-સાતમે રૌદ્રધ્યાન ન થાય. આર્તધ્યાન થાય. મુનિને આર્તધ્યાન થાય પણ રૌદ્રધ્યાન ન થાય. એ છઠ્ઠા-સાતમામાં નથી. આ ધ્યાનનો Chart જોઈએ તો. તોપણ સમ્યગ્દૃષ્ટિને આર્ત, રૌદ્રધ્યાનના ફળમાં તિર્યંચ અને નરકગતિનો બંધ ન પડે. ચાર અઘાતિમાં જે ગતિનો બંધ છે એ ન પડે.

મુમુક્ષુ :– જાતિ બદલાઈ ગઈ ?

પૂજ્ય ભાઈશ્રી :– જાતિ બદલાઈ ગઈ, રસ તૂટી ગયો છે. મૂળ તો એનો રસ તૂટી ગયો છે. વિભાવ રહ્યો છે પણ ખોખું છે, ખાલી છે. એની હસ્તી એમાં નથી. એ હસ્તીથી જે ટેકો આવે 'આ હું' એમ થઈને જે ટેકો આવે એ ગયો છે. એ તો પરને પડખે જાય છે કે નહિ ? પરને પડખે જાય છે. એવું પરિણમન થયું છે, કોઈ અલૌકિક પરિણમન છે કે જેને લઈને એને એ બંધ કુદરતના ઘરમાં નથી. આ તો કુદરતી વસ્તુ વ્યવસ્થા છે. કોઈ ઈશ્વર ન્યાયે તોળે તો તો લોકો ઈશ્વરને માથે આરોપ કરે કે તમે આ પક્ષપાત કર્યો તમારા ભક્ત પ્રત્યે. તમારા ભક્તને દુઃખ નહિ અને બીજા ભલે દુઃખી થાય. તમે એને સુખ લાવી દો. અહીંયાં એ નથી. અહીં તો પરિણામ અનુસાર બંધ છે. જેવા પરિણામ કરે એવો બંધ થાય. એ કુદરતના ઘરની વ્યવસ્થા છે. એમાં ઓછુંઅદકું કાંઈ તોળી શકાય નહિ.

મુમુક્ષુ :– શક્તિઓનું જ્ઞાન ઉઘાડવાળાને હોય છે પણ આત્મજ્ઞાન નથી થતું તો શું બાકી રહ્યું છે ?

પૂજ્ય ભાઈશ્રી :– યથાર્થ પ્રકારે શ્રદ્ધા-જ્ઞાનમાં સામર્થ્યનો સ્વીકાર નથી. આ તો વાંચ્યું અને જ્ઞાન થયું. ઉઘાડજ્ઞાનમાં સમજાણું કે આત્મામાં આવી આવી શક્તિ છે. પણ આત્મજ્ઞાન તો નથી થતું એનું શું કારણ ? એનો સ્વીકાર જે પ્રકારે સન્મુખ થઈને આવવો જોઈએ એ પ્રકારે એનો સ્વીકાર નથી. કો'કની વાત લ્યે છે. આત્મામાં છે એટલે કો'કનામાં છે, કો'કમાં છે એમ આવે છે. Third person (તરીકે લ્યે છે). આત્મામાં છે – મારામાં છે. આત્મામાં છે એટલે મારામાં છે, એમ પોતાને સ્વીકાર આવવો જોઈએ.

બહારમાં તો કો'ક અપમાન સૂચક કોઈ શબ્દપ્રયોગ કરે તો એ શબ્દ એને ચોંટ્યો નથી, એના આત્મામાં આવ્યો નથી અને એ શબ્દ કહેનાર (એનામાં આવ્યો નથી, છતાં એમ કહે છે), રૂવાંડે રૂવાંડે એમને જાળ લાગી ગઈ. હવે આ તો જીંદગીભર અમારાથી ભૂલાશે નહિ. કેટલું બધું ચોંટી ગયું ! એટલું બધું એને ચોંટી જાય. તારા દ્રવ્ય-ક્ષેત્ર-કાળ-ભાવથી ભિન્ન છે. ત્યાં એ પોતે અંગીકાર કરે છે પોતામાં.

અને અહીંયાં એના સ્વરૂપભૂત વાત છે તો એને એ મારામાં છે એ જો એને સ્વીકાર આવે અને એની હસ્તી–અસ્તિત્વ પકડાય, 'આવું મારું અસ્તિત્વ છે' એમ પકડાય તો એનું વજન એવું આવે કે એને શ્રદ્ધાન, જ્ઞાન અને આચરણરૂપ પરિણામ શુદ્ધોપયોગના થઈને આત્મજ્ઞાન થયા વિના રહે જ નહિ. પણ કો'કની વાત લે ત્યાં સુધી એને પોતાને અડતી નથી. એવો એક પ્રકાર થાય છે.

પરલક્ષી ક્ષયોપશમ જ્ઞાનમાં ઉઘાડમાં એવો એક પ્રકાર થાય છે કે આત્માની વાત પણ એ કો'કની કરીને સમજે છે. આત્માની એટલે કોઈની કરીને જાણે છે. પણ મારા જ આત્મામાં આમ છે એવું જાણતો નથી અને એવું જાણે ત્યારે એને આત્મજ્ઞાન ન થાય એવું બને નહિ. સીધેસીધી વાત છે. એટલે તો સમ્યગ્દષ્ટિને હૂંફ છે. અનંત શક્તિની હૂંફ હોવાથી સપ્ત ભયરહિત છે એ વાત લીધી. જગતના આલોકના અને પરલોકના માંડીને સર્વ પ્રકારના ભયથી એ રહિત છે. કોઈપણ પ્રકારનો ભય સમ્યગ્દષ્ટિને નથી. સમ્યગ્દષ્ટિના શબ્દકોષમાંથી ભય નામનો શબ્દ Cancel થયો. એ એમ કહે છે કે મારી Dictionary માં કોઈ Danger નથી, કોઈ ભય નથી, કોઈ બીક નથી. એ પ્રશ્ન અહીંયાં નથી હવે. એ વાત પૂરી થઈ ગઈ છે. એવી અનંતા સામર્થ્યની હૂંફ છે એની અંદર.

મુમુક્ષુ :– ... સ્વતંત્રતાની ગર્જના થાય, છતાં કરતુતી તો પરાધીનતાની છે.

પૂજ્ય ભાઈશ્રી :– એ પોતે કેવી રીતે અંગીકાર નથી કરતો એ વિચારવું રહ્યું ને તો પછી ? વાત એ છે, પરિસ્થિતિ આ છે તો પછી પોતે એને નથી અંગીકાર કરતો ત્યારે રહે છે ને પરાધીનતા એની ? સ્વતંત્રતા સ્વીકારે અને પરાધીનતા રહે એવું બને ? ઇચ્છે છે તો ઇચ્છામાત્ર શું કામ આવે ? એને રીતસર આદરવું જોઈએ, કાર્યને આદરવું જોઈએ. માણસ નથી કહેતા ? વિચાર કર કર કરો છો, બોલ બોલ કરો છો પણ કામ કરતા નથી. કામ કરોને, ભાઈ ! એમ વિકલ્પ આવે, વાણી થાય પણ  કાર્યને આદરે નહિ તો કાર્ય કેવી રીતે થાય ? આ લોકો કહે છે ને કે વાતોથી વડા નહિ થાય, કામ કરવું પડશે. આ એવો વિષય છે. જે જ્ઞાન છે એ જ્ઞાનનું અમલીકરણ– અમલ થવો એ અહીંયાં સાથે સાથે જ છે.

મુમુક્ષુ :– બી.કોમ. થાય પછી એમ.ડી. થાય પછી પી.એચ.ડી. થાય પણ કમાય નહિ.

પૂજ્ય ભાઈશ્રી :– તો એને શું કહે ? કે આ ભણ્યો છે પણ ગણ્યો નથી. એટલે કે એનું ભણતર નકામું છે. એવું શાસ્ત્રમાં આવે છે – 'પાંડે પાંડે ફોતરા ખાંડે.' પંડિત થાય ભણી ભણીને, પાંડે પાંડે ભણી ભણીને પંડિત થાય અને કાર્ય ન કરે તો શું કર્યું એણે ? કે ફોતરા ખાંડ્યા. એટલે એ તો એવું જ છે. સાથે

ઉપાડ જ છે. કાર્યનો આદર કરવાની વાત પહેલા છે.

તે દિવસે ચર્ચા થઈ હતી ને 'પૂજ્ય બહેનશ્રી' સાથે ? એની અંદર એ ધ્વનિ હતો. આદરવાની વાત છે આ. અસ્તિત્વનું ગ્રહણ કરવું એટલે સ્વરૂપનો આદર છે એની અંદર. એ આદરવાની વાત છે. વિકલ્પ કરવાની, ઇચ્છા કરવાની, બોલવામાત્ર આ વિષય નથી કે વિચાર કરવામાત્ર વિષય નથી. વિચારનો તો ત્યાં નિષેધ કરતા હતા. આદરવાની વાત છે. અસ્તિત્વનું ગ્રહણ એટલે આદરવું. એ વાત છે અહીંયાં. એટલે કોઈ એમ કહે કે આમાં શ્રદ્ધા-જ્ઞાનની વાતો માત્ર છે અને આચરણ નથી, એમ નથી.

મુમુક્ષુ :– આમાં આવ્યું, કહેવામાત્ર ન ગ્રહે.

પૂજ્ય ભાઈશ્રી :– હા. કહેવામાત્ર ન ગ્રહે. એ તો 'કળશટીકા'માં એ વાત આવે છે કે આ માત્ર કહેવામાત્ર નથી. એમ કરીને (આવે છે). એ આવે જ છે, એનો ઉપાડ આવે છે અંદરથી. પુરુષાર્થ સહિત કાર્યસિદ્ધિ થાય છે. પુરુષાર્થશક્તિ–વીર્યશક્તિ પણ પોતાની અને સાધનશક્તિ પણ પોતાની. એનો સ્વીકાર આવવો જોઈએ, સામર્થ્યનો અંદરમાં સ્વીકાર આવવો જોઈએ. જેવડું જેટલું સામર્થ્ય છે.

'ગુરુદેવ' તો એવી ભાષામાં કહેતા કે વીતરાગ સર્વજ્ઞ જિનેન્દ્ર પરમાત્માએ કેવળજ્ઞાનમાં એક સમયમાં જેવો આત્મા જોયો છે એટલે જેવું આત્માનું અનંત સામર્થ્યવંત સ્વરૂપ જોયું છે, એવો આત્મા એને નીચે (ચોથે ગુણસ્થાને) શ્રદ્ધા-જ્ઞાનમાં આવે ત્યારે એને મોક્ષમાર્ગની શરૂઆત થાય. ત્યાં સુધી એને મોક્ષમાર્ગની શરૂઆત ન થાય.

હવે તર્ક એટલો થાય કે ભગવાનને તો કેવળજ્ઞાન છે એટલે એવો આત્મા જ્ઞાનમાં આવ્યો. અમને ક્યાં કેવળજ્ઞાન છે કે એવો આત્મા જણાય ? તો કહે છે, એવો આત્મા જણાય એવું છે. નીચે શ્રુતજ્ઞાનનું એવું સામર્થ્ય છે કે જો જ્ઞાન પરસન્મુખતા છોડે અને સ્વસન્મુખ થાય–અંતર્મુખ થાય તો એને જેવો કેવળજ્ઞાનમાં જાણીને આત્મા દિવ્યધ્વનિમાં ભગવાને કહ્યો એવો આત્મા એને શ્રુતજ્ઞાનમાં લક્ષમાં આવે છે. અને શ્રદ્ધામાં એનો સ્વીકાર થાય છે અને એ મોક્ષમાર્ગ શરૂ થાય, થાય ને થાય જ. ન થાય એવું બને નહિ.

મુમુક્ષુ :– આબાળગોપાળ સૌને ...

પૂજ્ય ભાઈશ્રી :– સૌને અનુભૂતિસ્વરૂપ અનુભવમાં આવી રહ્યો છે. અનુભૂતિસ્વરૂપ અનુભવમાં આવી જ રહ્યો છે, એમ કહે છે. પણ એને અનાદિ બંધના વશે એનું લક્ષ બંધ ઉપર છે, ઉદય ઉપર છે, પર્યાય ઉપર છે, વિભાવ ઉપર છે એટલે એને આ દેખાવા છતાં દેખાતો નથી, અનુભવાવા છતાં અનુભવાતો

નથી.

મુમુક્ષુ :– છતી આંખે આંધળો છે.

પૂજ્ય ભાઈશ્રી :– છતી આંખે આંધળા જેવું છે. એ તો કહ્યું છે. આ ‘ધર્મદાસજી ક્ષુલ્લક’ને તો એ જ નિમિત્ત થયું. એક શબ્દ નિમિત્ત થયો છે. એક ક્ષુલ્લક હતા, બહુ ક્રિયાકાંડી હતા. અજ્ઞાનદશામાં ક્ષુલ્લક પંચમ ગુણસ્થાનની દિગંબર સંપ્રદાયની પરંપરા છે એમાં ક્ષુલ્લકની પંચમ ગુણસ્થાનની દશા લીધી છે. પણ પોતે અજ્ઞાની હતા. ચતુર્થ ગુણસ્થાન પ્રગટ નહિ થયેલું પણ ક્રિયાકાંડી જબરા હતા. એમણે પ્રસ્તાવનામાં એમ લખ્યું છે કે હજારો ઉપવાસ મેં કર્યા હતા. એકસાથે નહિ પણ અવારનવાર ઉપાવસ કરે. તો કહે છે, હજારો તો મેં ઉપવાસ કર્યા હતા અને સેકડોં વાર હું સમ્મેદશિખરની યાત્રાએ જઈ આવ્યો હતો. અને મારી જાત માટે હું એમ માનતો થયો હતો કે મેં ઘણું કર્યું છે. એમના એક ગુરુ હતા દેવકીર્તિ કરીને, ‘દેવેન્દ્રકીર્તિ’ એમણે એમને કીધું કે તું સમ્મેદશિખર ગયો તો તેં સિદ્ધ ભગવાનના દર્શન કર્યા કે ન કર્યા ? કેમકે ત્યાં તો ઉપર પગલા છે, મંદિર નથી. સિદ્ધ ભગવાનના દર્શન કર્યા કે ન કર્યા ? કેમકે એ સિદ્ધક્ષેત્ર છે ને ! એટલે ત્યાંથી સમશ્રેણીએ ઉપર બધા સિદ્ધ ગયા છે. તો કહે, ના, ના. તો એને કઠોર શબ્દ કહ્યો છે. અંધા હૈ ? તૂ અંધા હૈ, સિદ્ધ ભગવાન કા દર્શન નહિ કિયા ? તૂ અંધા હૈ ?

મુમુક્ષુ :– દેખનેવાલે કો દેખતા નહીં.

પૂજ્ય ભાઈશ્રી :– હા. પછી પાછા ફરીને ગયા. આમ બહુ વીર્યવાળા હતા. ફરીને ઉપડ્યા સમ્મેદશિખર. મારા ગુરુ કહે છે કે તું આંધળો છો ? ભગવાનના દર્શન કર્યા નથી ત્યાં જઈને. લાવ ફરીને જઈને દર્શન કરું. વળી ત્યાં જઈને આવ્યા. કર્યા સિદ્ધ ભગવાનના દર્શન ? કે નથી કર્યા. તૂ અંધા હૈ, દેખનેવાલે કો નહિ દેખતા. પછી એ શબ્દ કહ્યો. ત્યાં એને આત્મજ્ઞાન થયું છે. આંધળો કહે તો એને ખોટું ન લાગી જાય ? એને ઊભો રાખવો કે એને ભગાડી મૂકવો ? શું કરવું ? ભાઈ ! પાત્ર જોઈને કહે છે.

પાત્રજીવને કઠોરરૂપ વચન પણ એના હિતરૂપ પરિણમે છે. એ જ એને આત્મજ્ઞાનનું નિમિત્ત થઈ ગયું છે. એને ચાનક ચડ્યું. ત્યાંથી ચોંટ લાગી એને કે અરે..! હું આટલું બધું કરનાર, મારી કિંમત કાઢી નાખી. હું આંધળો છું એમ કહી દીધું. આટલા આટલા ઉપવાસ કર્યા. ક્ષુલ્લકપદ ધારણ કરીને બેઠો છું. હવે તો મુનિ થવાનું જ બાકી રહ્યું અને મને આંધળો કહે છે ? ત્યાંથી ચોંટ લાગી. શું છે આ ? અંદરમેં દેખનેવાલો કો નહિ દેખતા ? અંદર ઉતરી ગયા.

કહેનારને કષાય નથી. કઠોર શબ્દ કહેવામાં કષાય નથી. એને કરુણા છે કે

આ જીવને આમ કહેતા પામશે. એવી કરુણા છે. એને બચાવવો છે. બચાવવા માટે જે કરુણા હોય એ કરુણા છે. એવો કઠોર શબ્દપ્રયોગ 'અમૃતચંદ્રાચાર્યે' કર્યો છે. ત્રણ કષાયનો તો અભાવ છે. સંજ્વલન (કષાય) જ છે. ચૌદ કળશ લીધા. ચૌદે કળશમાં પશુ કહ્યો એને. અજ્ઞાની કોઈપણ એક નયનો એકાંત કરી જાય છે, એક ધર્મનો એકાંત કરે છે તો એને કહે છે કે તું પશુ છો. એમ કહી દીધું. પશુ આમ જાણે છે.

મુમુક્ષુ :– અમને કહે તો તો ખોટું લાગે.

પૂજ્ય ભાઈશ્રી :– એટલે તો કોઈ કહેતા નથી. ઇ કહે છે, અમને કહે તો ખોટું લાગી જાય. એ સમજીને જ કોઈ કહેતા નથી. આ અમસ્તું અમસ્તું બિચારાનું બગડી જશે. એના કરતા કાંઈ નહિ, અત્યારે કાંઈ નહિ.

મુમુક્ષુ :– સુધરી જાય કહો તો.

પૂજ્ય ભાઈશ્રી :– સુધરી જાય તો સારી વાત છે.

મુમુક્ષુ :– કાલે ચર્ચા થઈ હતી ?

પૂજ્ય ભાઈશ્રી :– ના, કાલે નથી થઈ, સ્વાસ્થ્યને હિસાબે. પરમદિવસે શ્વાસ ને એવું લાગતું હતું. એકધારું બોલવામાં આવે છે ને. કાલે બંધ રાખ્યું હતું. કાલે દર્શનનો સાંજનો વારો હતો.

એ કરણશક્તિ થઈ. આત્મામાં પોતાનું જ સાધન છે, પૂર્ણ સાધન છે. અને સ્વરૂપના સાધનથી પોતાના સ્વકાર્યને આત્મા સાધે છે. એ સાધનથી એને અંતર્મુખ થવાનું જ રહ્યું અને એને બહારમાંથી કાંઈ સાધનને ભેગું કરવું, મેળવવું, પ્રાપ્ત કરવું એ વાત રહેતી નથી.

મુમુક્ષુ :– સાધ્ય-સાધકના બોલ આવે છે ને પાછળ ?

પૂજ્ય ભાઈશ્રી :– એ વ્યવહાર છે બધો. બધો વ્યવહાર છે. વ્યવહારે નિમિત્તને સાધન કહેવું એ પણ વ્યવહાર છે અને પૂર્વપર્યાયને સાધન કહેવું એ પણ વ્યવહાર છે. રાગને–કોઈ શુભરાગને સાધન કહેવું, કોઈ શુભક્રિયાને સાધન કહેવું એ બધો વ્યવહાર છે. ખરેખર નિશ્ચયસાધન આત્મા પોતે છે. પોતે જ એ શક્તિસ્વરૂપે છે. એ જ એનો નિશ્ચય છે.

હવે સંપ્રદાન. સંપ્રદાનનો શબ્દાર્થ એવો છે–દાન એટલે દેવું. પ્રદાન એટલે વિશેષે કરીને દેવું. સંપ્રદાન એટલે સમ્યક્ પ્રકારે વિશેષે કરીને દેવું. દાન દેવું. દાન દેવાની વાત આવે છે ને ? તો કહે છે, આ દાન દેવાની વાત છે. આત્મા આત્માને દાન દ્યે છે. આત્મા પોતે દાની છે. એટલે પોતાના સ્વરૂપનું દાન પોતે પોતાને આપે છે. એવી સંપ્રદાનશક્તિ આત્મામાં ત્રણે કાળે અમર્યાદિતપણે પૂર્ણ શક્તિ,

બેહદ શક્તિ અનંત સામર્થ્યવંત શક્તિ સંપ્રદાન શક્તિ આત્મામાં રહેલી છે. જો સંપ્રદાનશક્તિ ન હોત તો ? એમ.

**'સંપ્રદાન વિના..'** એટલે જો સંપ્રદાન શક્તિ ન હોત તો **'પરિણતિ સ્વરૂપમાં પોતે સમર્પણ કરી ન શકત.'** પોતાની પરિણતિ પોતે સ્વરૂપને સમર્પણ કરે છે એ એની સંપ્રદાનશક્તિનું કારણ છે. ('સમયસાર'માં) વ્યાખ્યા જરા લાંબી કરે છે 'અમૃતચંદ્રાચાર્યે' આ શક્તિ લીધી છે.

મુમુક્ષુ :– ૬૧૪ પાનું.

પૂજ્ય ભાઈશ્રી :– **'પોતાથી દેવામાં આવતો જે ભાવ...'** જે ભાવ પોતે દ્યે છે. પોતાથી દેવામાં આવતો જે ભાવ **'તેના ઉપેયપણામયી (–તેને મેળવવાના યોગ્યપણામય,...)'** અથવા તે ભાવના **'(લેવાના પાત્રપણામયી) સંપ્રદાનશક્તિ'** છે. આત્મામાં જે સંપ્રદાનશક્તિ છે... દાન તો પાત્ર હોય એ લે ને ? પાત્રે દાન. દાન તો પાત્રે (થાય). દાન દેવાથી પુણ્ય નથી. પાત્રે દાન દેવાથી પુણ્ય છે. પાત્ર કહો કે સુપાત્ર કહો. કુપાત્ર અને સુપાત્ર. પાત્ર એટલે અહીંયાં સુપાત્રનો જ અર્થ છે. સુપાત્ર હોય એને દાન દેવું. અપાત્ર-કુપાત્ર હોય એને દાન દેવાય નહિ. અને છતાં દે તો શું થાય ? પુણ્ય થાય ? પાપ થાય.

મુમુક્ષુ :– પુણ્ય-પાપની અપેક્ષા વગર સહજ આપે...

પૂજ્ય ભાઈશ્રી :– જે દાન દેવાના પરિણામ છે એ કષાયની મંદતાના પરિણામ છે અને એમાં પુણ્યબંધ થાય છે. પણ શાસ્ત્રમાં એમ કહ્યું છે કે તને એવો મંદ કષાય થતો હોય અને દાન દેવાના પરિણામ તને આવતા હોય તો તું વિવેક કરજે. સુપાત્રે દાન દેજે. રખે તું કુપાત્ર દાન દઈશ નહિ. મસ્જિદ બંધાતી હોય તો ફાળો નોંધાવવો કે નહિ ? એ પણ દાન કહેવાય. મસ્જિદ બંધાતી હોય તો ફાળો નોંધાવવો કે ન નોંધાવવો ? પણ બજારમાં મોટા મોટા વેપારી આવે અને શરમાવે તો ? Association તરફથી ફાળો થતો હોય તો ?

મુમુક્ષુ :— ઉપાશ્રય બંધાતો હોય તો ?

પૂજ્ય ભાઈશ્રી :– એ જલ્દી ન બેસે, આ જલ્દી બેસે. ખ્યાલમાં છે. ઉપાશ્રયની વાત જલ્દી ન બેસે. પણ એ બેય એક જ જાત છે. ઓલું તરત ખ્યાલમાં આવે. એને હાથ જોડીને એમ કહી શકાય, ગુસ્સે થઈને ન કહેવું, હાથ જોડીને કહેવું કે અમારી શ્રદ્ધા જે ધર્મમાં છે એમાં અમારું સમર્પણ છે. અમારે જ્યાં અર્પણતા કરવી હોય, દાન એટલે ઉપકાર કરવાનો નથી, દાન તો સમર્પણ ભાવ છે, તો જ્યાં અમારું શ્રદ્ધાન છે તે ધર્મમાં અમે સમર્પણ કરીએ છીએ. ધર્મના વિષયમાં અમને તમારે ક્યાંય ઘસડવા નહિ. અમે આવશું પણ નહિ. ઘસડશો તોપણ નહિ આવીએ. એને

હાથ જોડીને રવાના કરી શકાય છે. પણ બજારમાં, સમાજમાં નાકનું ટેરવું ઊંચુ રાખવું હોય તો એ રીતે દાન દેવાનું વિધાન શાસ્ત્રની અંદર નથી.

મુમુક્ષુ :– દાન ન માને વ્યવહાર ખાતર, એના સંબંધ ખાતર આપે.

પૂજ્ય ભાઈશ્રી :– એ તો દાન તો થયું જ ને ! એ તો દાન લેવા આવ્યા છે. તું માને કે નહિ માને પણ એ તો દાન લેવા આવ્યા જ છે. એનું શું ? એ તો એમ ચોખ્ખું કહે છે, એ ક્યાં કહે છે કે તમે વ્યવહાર સાચવો ? એ તો એમ કહે છે કે અમને દાન આપો. અમારે આ મસ્જિદ બાંધવી છે. એમાં શું વાંધો છે ?

મુમુક્ષુ :– દાન ન માગે તો અનુમોદના તો થઈ ગઈ.

પૂજ્ય ભાઈશ્રી :– થઈ ગઈ. કરવું, કરાવવું અને અનુમોદવું ફળ એક છે એનું. એનું ફળ એક જ છે.

મુમુક્ષુ :– કોઈ સુપાત્ર દાન આપતું હોય અને એમાં વિઘ્ન નાખતો હોય તો ?

પૂજ્ય ભાઈશ્રી :– એ વિઘ્ન નાખવાનું પણ ફળ તો મળે જ. પાપ બંધાય. પાપનું ફળ મળે. સીધી વાત છે. જેવા પરિણામ એવું ફળ છે. એમાં કાંઈ બીજું થાય નહિ.

અહીંયાં તો આત્મા આત્માને દાન દે છે એવું જે સંપ્રદાનપણું છે એ આત્માની શક્તિનું કાર્ય છે. એ આત્માના સ્વભાવનું કાર્ય છે. શુદ્ધ પર્યાયનું પોતે દાન (દ્યે છે), શુદ્ધપર્યાયનું દાન દ્યે છે.

મુમુક્ષુ :– પર્યાય શુદ્ધાત્મામાં હોય જ છે.

પૂજ્ય ભાઈશ્રી :– પર્યાય શુદ્ધ પ્રગટ થાય છે. શુદ્ધ પર્યાય પ્રગટ થાય છે ને ? ક્યાંથી પ્રગટ થઈ ? કે આત્મામાંથી પ્રગટ થઈ. એ શુદ્ધતાનું દાન કોણે દીધું ? કે આત્માએ દીધું. કોણે લીધું ? આત્માએ લીધું. દેનાર પણ પોતે અને લેનાર પણ પોતે. એવો આત્મા છે–સ્વરૂપે કરીને આત્મા એવો છે

મુમુક્ષુ :– એ લેવાના પાત્રપણામય...

પૂજ્ય ભાઈશ્રી :– પોતે પોતાની શુદ્ધતાને પ્રાપ્ત કરે, પોતાના અનંત ગુણની પર્યાયને પ્રાપ્ત કરે એવી પાત્રતા, એવી પર્યાયની પાત્રતા સિદ્ધદશાની પાત્રતા, સમ્યગ્દર્શનની પાત્રતા એ આત્માના સ્વભાવભૂત અધિકાર છે, એમ કહેવું છે. એ આત્માનો સ્વભાવભૂત અધિકાર છે. એ આત્મામાં સ્વભાવમાં રહેલી ચીજ છે. એમાં એને બીજું કાંઈ કરવાની જરૂર નથી. ઓલી વ્યવહારદાનની તો અમસ્તી ચર્ચા કરી. એ સમજીને કરવા જેવું છે.

મૂળ દાનનો વિષય તો અહીંયા છે કે આત્મા પોતે જ પોતાના સ્વરૂપનું દાન

અંગીકાર કરે એવો પોતે છે. દાની પણ પોતે જ છે અને લેનાર પણ પોતે જ છે. અહીંયાં દાન લેવાની દીનતા નથી. નહિતર દાન લેનાર દીન કહેવાય છે. નીચે હાથ રહ્યો એનો. દેનારનો ઉપર અને લેનારનો નીચે એમ કહેવાય છે. પણ અહીંયાં એ પરિસ્થિતિ નથી. કેમકે અહીંયાં લેનાર-દેનાર કોઈ બીજો નથી, પોતે જ છે. કેવી કેવી શક્તિઓ છે, જુઓ ! આ તો એક કાર્ય થાય છે ને ? એ કાર્ય મળે છે. મળે છે, આત્માને પોતાનું કાર્ય ધર્મરૂપી કાર્ય મળે છે, પોતાની કાર્યસિદ્ધિ પ્રાપ્ત થાય છે. પ્રાપ્ત થાય છે તો પોતે લ્યે છે. એ સંપ્રદાન. સંપ્રદાનપણું એનામાં છે–પાત્રતા એનામાં છે–યોગ્યતા એનામાં છે અને મળે છે. એમને એમ અધ્ધરથી નથી.

એવું આત્માનું અહીંયાં સ્વરૂપ છે કે જો સંપ્રદાનશક્તિ ન હોત તો પરિણતિ સ્વરૂપમાં પોતે સમર્પણ કરી ન શકત, ન કરત. પણ પોતે બરાબર સંપ્રદાન કરે છે. પોતાની શક્તિને લઈને પોતાની પરિણતિને સ્વરૂપમાં સમર્પણ કરે છે, અર્પણતા કરે છે. સ્વરૂપને મહાન લીધું છે અહીંયાં. સ્વરૂપ તો મહાન છે. પોતે સમર્પણ કરે છે, પોતાની પરિણતિનું સમર્પણ કરે છે.

મુમુક્ષુ :– સ્વરૂપમાં લીન થાય છે ?

પૂજ્ય ભાઈશ્રી :– સ્વરૂપમાં લીન થાય છે. સ્વરૂપમાં લીન થાય છે એ સમર્પણ છે. સ્વરૂપ પ્રત્યે સમર્પણ છે અથવા પરિણતિ સ્વરૂપની સેવા કરે છે. પરિણતિ સ્વરૂપની સેવા કરે છે. જેમ દાસી રાજાની સેવા કરે છે. (અહીંયાં) પરિણતિ સ્વરૂપની સેવા કરે છે. ચૈતન્યરાજા છે આત્મા એની પરિણતિ સેવા કરે છે. એ સંપ્રદાનશક્તિ છે.

**'અપાદાન વિના પોતાના દ્વારા પોતા વડે પોતે ન હોત.'** અપાદાનને લઈને... અપાદાન એટલે જેમાંથી આપવું. એમ લે છે. પોતાના દ્વારા પોતામાંથી આપવું એને અપાદાન કહે છે. આપનાર પણ પોતે જ છે. પોતા દ્વારા, અપાદાન વિના પોતાના દ્વારા પોતા વડે પોતે ન હોત. પોતે જે છે પોતાના અપાદાનને કારણે છે. આમાં વિસ્તારથી વ્યાખ્યા છે. ('સમયસાર') ૬૧૪ (પાનું) છે. **'ઉત્પાદવ્યયથી આલિંગિત ભાવનો અપાય (–હાનિ, નાશ)..' 'અપાય થવાથી હાની નહિ પામતા એવા ધ્રુવપણામયી અપાદાનશક્તિ.'** અપાદાનશક્તિ ધ્રુવપણામયી લીધી છે.

ફરીથી. **'ઉત્પાદવ્યયથી આલિંગિત ભાવનો અપાય થવાથી હાની નહિ પામતા...'** ઉત્પાદવ્યયથી આલિંગિત ભાવ છે એનો નાશ થાય છે. સમય સમયના પરિણામ નાશ થાય છે ને ? તો એ નાશ થવા છતાં જીવ હાની પામતો નથી. એવો જે ધ્રુવપણામયી ભાવ છે, તે મયી શક્તિ છે તેને અહીંયાં અપાદાનશક્તિ કહેવામાં આવે છે. બહુ સ્પષ્ટ છે.

મુમુક્ષુ :– આપવા છતાં ઓછું નથી થતું.

પૂજ્ય ભાઈશ્રી :– આપવા છતાં ઓછું નથી થતું અથવા ધ્રુવ જ રહે છે, એકરૂપ રહે છે, જરાય ફેર પડતો નથી. અક્ષયપાત્ર છે, આત્મા અક્ષયપાત્ર છે. બીજા બધા અક્ષયપાત્રો તો ઉપમામાત્ર છે. કોઈ લબ્ધિ-બબ્ધિ હોય તો એ બધું સાધારણ પુણ્યની વાત છે. આપે છે ને ? ઉપર કપડુ ઢાંકી દે અને એમાંથી દીધા જ કરે, દીધા જ કરે. ચમત્કારોની વાત નથી આવતી ? એ બધી પુણ્યની લબ્ધિ હોય પણ એની કાંઈ આમાં કિંમત નથી.

આત્મા અક્ષયપાત્ર છે. એમાંથી સુખની ઉત્પત્તિ થાય, અનંત પરમાનંદની ઉત્પત્તિ થાય, અનંત કેવળજ્ઞાનની ઉત્પત્તિ થાય. અનંત કાળ પર્યંત અનંત સિદ્ધપર્યાયોની ઉત્પત્તિ થાય તો અંદર શું રહે ? એટલું બધું અંદરથી નીકળી જાય તો અંદર શું રહે ? અંદરમાં કાંઈ ફેર પડે નહિ. અક્ષયપાત્ર છે આત્મા. અપાદાનપણે આત્મા અક્ષયપાત્ર છે. એવો ને એવો ધ્રુવ રહે આત્મા. એટલું ને એટલું સામર્થ્ય અકબંધ રહે. જ્ઞાનશક્તિમાંથી સર્વજ્ઞપણાનો વેપાર, સર્વજ્ઞપણાનું કાર્ય અનંત કાળ થાય તો જ્ઞાનશક્તિમાં શું ફેર પડે ? એ અપાદાનશક્તિ વ્યાપેલી છે એમાં. જ્ઞાનશક્તિ એટલી ને એટલી ધ્રુવ અકબંધ રહી જાય. રંચમાત્ર પણ એમાં ફેર પડે નહિ. એવું જે આત્માનું સામર્થ્ય–સ્વરૂપ છે એ અહીંયાં અપાદાનશક્તિ દ્વારા ....

મુમુક્ષુ :– આત્માનો સ્વભાવ ઊર્ધ્વ છે... પર્યાય

પૂજ્ય ભાઈશ્રી :– શું પ્રશ્ન શું છે ?

મુમુક્ષુ :– પર્યાય

પૂજ્ય ભાઈશ્રી :– સંપ્રદાનશક્તિને ઉર્ધ્વતાને પર્યાયને એમાં શું પ્રશ્નમાં મેળ શું છે ?

મુમુક્ષુ :– આત્મામાં ભળે છે... સંપ્રદાન ..

પૂજ્ય ભાઈશ્રી :– સંપ્રદાન એટલે પોતે પોતાને સમર્પણ કરે છે એવી શક્તિ આત્મામાં છે. એટલી જ વાત છે. ઊર્ધ્વતા તો અગ્રપણે રહેવું–મુખ્યપણે રહેવું એને ઊર્ધ્વતા કહે છે. એ બીજી વાત છે, આ બીજી વાત છે. (વિશેષ લઈશું...)

**આત્મા વિકલ્પરહિત થઈને આત્માને ન પકડે તો તે શાસ્ત્રને સમજ્યો નથી. આગમ કહે છે કે, તારો આત્મા જ્ઞાનજ્યોત છે. આમ દ્રવ્યશ્રુતના અવગાહનમાં ભાવશ્રુતનું ફળ છે. (પરમાગમસાર–૬૯૯)**

## તા. ૨૭-૮-૧૯૮૫, પાના નં. ૫,
## પ્રવચન નં. ૧૯

**'અપાદાન વિના પોતાના દ્વારા પોતા વડે પોતે ન હોત.'** અપાદાનનો સાદો અર્થ એવો છે કે જે કાંઈ શુદ્ધ પરિણમન થાય છે–પ્રગટ થાય છે એ પોતાના દ્વારા પોતા વડે પ્રગટ થાય છે. પોતામાંથી પ્રગટ થાય છે. જેમાંથી પ્રગટ થવાનો ગુણ હોય, જેમાંથી પ્રગટ થવાની શક્તિ હોય તે પદાર્થને અપાદાનશક્તિ ધારક પદાર્થ કહી શકાય.

'સમયસાર'માં એની વ્યાખ્યા એવી કરી છે કે ઉત્પાદ-વ્યયથી આલિંગિત ભાવનો અપાય એટલે હાનિ–નાશ થવાથી હાનિ નહિ પામતા એવા ધ્રુવપણામયી અપાદાનશક્તિ. વચન છે એમાં પરસ્પર શબ્દ વિરોધ લાગે એવું છે. ઉત્પાદ વ્યયથી આલિંગિત ભાવનો અપાય થવાથી એટલે નાશ થવાથી નાશ નહિ પામતું. ઉત્પાદ વ્યયથી આલિંગિત પર્યાય છે. ઉત્પાદ વ્યયથી આલિંગિત ભાવ એટલે પર્યાય. જે પર્યાયને ઉત્પાદનું આલિંગન છે, જે પર્યાયને વ્યયનું આલિંગન છે એટલે કે જે પર્યાય ઉત્પાદ વ્યય સહિત છે એવો જે ભાવ એટલે પર્યાય તેનો નાશ થવાથી, એ પર્યાયનો નાશ થવાથી જેનો નાશ થતો નથી એવો જે ધ્રુવપણામય ભાવ છે. પર્યાયનો નાશ થાય છે પણ ધ્રુવભાવનો નાશ થતો નથી. આનો નાશ થવાથી આનો નાશ થાય એમ કેમ બને ?

એક ફૂલ છે એ છોડ પર ઉગીને કરમાય તો છોડનો નાશ થાય એવું બને ? એક ફળ પાકીને ઉપર બગડી જાય, ખરી પડે તો આખું ઝાડ મૂળમાંથી ખરી પડે એમ કેમ બને ? એમ પર્યાય એનો એક પરિપક્વ ભાવ અવસ્થારૂપ આવ્યો, ઉત્પાદ થયો એનો નાશ થયો પાછો પણ ધ્રુવભાવ છે એનો પણ સાથે સાથે નાશ થઈ જાય, એમ કેમ બને ? એવું બનતું નથી. જેમાંથી એ ઉત્પાદ વ્યયરૂપ ભાવ આવ્યા કરે છે એ ધ્રુવભાવપણામય અપાદાનશક્તિ છે. એ તો એમાંથી એનું પરિણમન ચાલ્યું જ આવશે. ક્યારે પણ એમાંથી એ ખૂટી જશે એવું બનશે નહિ. અનંત અનંત કેવળજ્ઞાનની પર્યાય. અનંત અનંત પરમાનંદની પર્યાય સાદિઅનંત કાળ પર્યંત થયા જ કરશે. અપાદાનશક્તિ ધ્રુવપણામયી છે એમાંથી એ આવ્યા જ કરશે, થયા જ કરશે. ક્યારે પણ એમાં ફેર પડશે નહિ.

મુમુક્ષુ :– આ અપાદાન છે અને પેલું નિમિત્ત ઉપાદાન જે આવે છે એ ઉપાદન અને આમાં કાંઈ (ફેર)...?

પૂજ્ય ભાઈશ્રી :– ઇ ઉપાદાન છે અને આ અપાદાન છે. ત્યાં ઉપાદાનનો અર્થ પોતાનું સામર્થ્ય. એમાં પોતાનું સામર્થ્ય છે એટલે પોતાથી કાર્ય થાય છે એટલું જ લેવું છે. પોતાના સામર્થ્યમાં સામાન્ય ભાવ લેવો છે. બીજો પદાર્થ પોતામાં કાર્ય કરતો નથી પણ પોતે જ પોતામાં કાર્ય કરે છે. અને અહીંયાં તો અપાદાન નામની એક શક્તિ છે કે જેમાંથી પર્યાયોનું દાન પોતે પોતાને પોતામાંથી દીધા જ કરે છે. અક્ષયપાત્ર છે પોતે. અપાદાનરૂપી અક્ષયપાત્ર છે કે જેમાંથી કેવળજ્ઞાનાદિ પરમાનંદદાદિ અનંત પૂર્ણ શુદ્ધ અવસ્થાઓનું દાન પોતે પોતાને દીધા જ કરે છે. ક્યારેય નાશ પામતો નથી.

મુમુક્ષુ :– ધ્રુવમાંથી ઉત્પાદ વ્યય થયા જ કરે છે. ધ્રુવરૂપે ન થાય.

પૂજ્ય ભાઈશ્રી :– ધ્રુવરૂપે ન થાય. ધ્રુવ ધ્રુવપણે રહે અને ઉત્પાદ વ્યય થાય. ગુણ ગુણપણે રહે, જ્ઞાનગુણ જ્ઞાનગુણપણે રહે. જ્ઞાનશક્તિ, જ્ઞાનશક્તિપણે એટલી ને એટલી એવી ને એવી સદાય રહે અને જ્ઞાનોપયોગ થયા જ કરે. જ્ઞાન ઉપયોગરૂપે જો જ્ઞાનશક્તિ થાય તો ઉપયોગનો વ્યય થાય (છે તો સાથે સાથે) જ્ઞાનશક્તિનો વ્યય થઈ જશે. એટલે તો 'સોગાનીજી'એ બેના ક્ષેત્રો જુદા પાડ્યા. બેને જુદા પાડવા માટે બેના ક્ષેત્ર જુદા પાડ્યા. બહુ ગંભીર ભાવ લીધો છે.

તું શક્તિને શક્તિરૂપે જો, વ્યક્તિને વ્યક્તિરૂપે જો. દ્રવ્યત્વ છે તે ગુણત્વ નથી, ગુણત્વ છે તે દ્રવ્યત્વ નથી. અને પર્યાયત્વ છે તે ગુણત્વ અને દ્રવ્યત્વ નથી. દ્રવ્યત્વ, ગુણત્વ અને પર્યાયાત્વરૂપે નથી. ગુણત્વ, દ્રવ્યત્વ અને પર્યાયત્વરૂપે નથી. અને પર્યાયત્વ છે તે ગુણત્વ અને દ્રવ્યત્વરૂપે નથી. પર્યાયનું પર્યાયપણું પર્યાયમાં છે. દ્રવ્યનું દ્રવ્યપણું દ્રવ્યમાં છે. ગુણનું ગુણપણું ગુણમાં છે.

શાસ્ત્ર પરિભાષાએ ત્રણેને આપસમાં પરસ્પર અતદ્‌ભાવ છે. શું છે ? અતદ્‌ભાવ છે. તે ભાવે તે નથી. પર્યાયભાવે ગુણ નથી, ગુણભાવે દ્રવ્ય નથી, દ્રવ્યભાવે ગુણ-પર્યાય નથી. ગુણ દ્રવ્ય-પર્યાયભાવે નથી. એકબીજામાં અતદ્‌ભાવ છે. એવું એનું સ્વરૂપ એક સત્તાધારી પદાર્થમાં એનું આવું રૂપ છે. જે ત્રણ જુદા જુદા વિલક્ષણ ચિહ્નોથી સમજી શકાય. પદાર્થ એક અભેદ અખંડ છે, એક સત્તાધારી છે તોપણ એમાં આવા ત્રણ પ્રકારનું વિભિન્નપણું, ભિન્નપણું જુદા જુદાપણું જોવામાં આવે છે. અને છતાં એમાં કાંઈ વિરોધ નથી થતો. જુદાપણું છે એમાં કાંઈ વિરોધ નથી. એ લેશે આમાં અનેકપણું હોવા છતાં એકપણું છૂટતું નથી. અનેકની વાત આમાં લીધી છે. 'સમયસાર'માં નથી એ વાત. આમાં લીધી છે. નીચે (છે).

**'અનેક વિના અનેક ગુણનો અભાવ હોત.'** અનેક વિના અનેકપણું ન હોત. અનેકત્વશક્તિ ન હોત તો અનેક ગુણનો અભાવ હોત. તો પદાર્થમાં અનેક ગુણ ન રહેત. એક ગુણસ્વરૂપ આખો પદાર્થ હોત. પણ એવું જોવામાં આવતું નથી. અનંત ગુણસ્વરૂપ છે. પદાર્થ છે તે અનંત ગુણસ્વરૂપ છે. પદાર્થ એક ગુણસ્વરૂપે નથી.

'દિપચંદજી'નું દ્રવ્યાનુયોગનું જ્ઞાન બહુ સૂક્ષ્મ હતું. 'ચિદ્‌વિલાસ' એમનું જોઈએ છીએ ત્યારે કેટલી સૂક્ષ્મ ચર્ચાઓ એમણે દ્રવ્યાનુયોગની કરી છે અને પાછા સાથે સાથે અધ્યાત્મ ઉતારતા જાય છે એમાં. કોરો દ્રવ્યાનુયોગ નહિ. એ દ્રવ્યાનુયોગનું જે તાત્પર્ય છે–એનો જે સાર છે એ પાછા સાથે સાથે પોતાની વાતમાં ગૂંથતા જાય છે.

એવી અપાદાનશક્તિ છે તેથી આ આત્માએ–પોતાના આત્માએ પોતાની ગુણસંપત્તિમાંથી કાંઈપણ ઓછું થશે કે નાશ થશે એવી શંકા કે એવો ભય એવો ભય કે એવી શંકા કર્તવ્ય નથી

**'અધિકરણ વિના સર્વનો આધાર ન હોત.'** અહીંયાં અધિકરણશક્તિમાં ('સમયસાર'માં એમ વ્યાખ્યા કરી છે કે) **'ભાવ્યમાન (અર્થાત્ ભાવવામાં આવતા)...'** અહીંયાં બધી પર્યાયો શુદ્ધ લેવી. શક્તિનું વર્ણન છે એમાં જ્યાં પર્યાયનો વિષય ચાલે છે તે શુદ્ધ પર્યાયનો વિષય ચાલે છે. રાગ ભાવવામાં આવતા એમ નહિ. પણ ભાવ્યમાન એટલે શુદ્ધપણે આત્માનું જે શુદ્ધ પરિણમન છે એ ભાવ્યમાન ભાવ છે. એ ભાવવામાં આવતો એવો ભાવ છે. તે ભાવનો આધાર કોણ છે ? એમ કહે છે. તે ભાવનો આધાર દ્રવ્ય છે. કેમકે દ્રવ્યમાં તેવી આધારપણામયી આધારશક્તિ–અધિકરણશક્તિ રહેલી છે.

તેથી પોતાના શુદ્ધ જીવન–પવિત્ર પરિણમન, પરિણમન કહો કે જીવન કહો, પોતાના આત્માના પરમ પવિત્ર પરિણમનને કોઈના આધારની જરૂર નથી. કોઈના પણ આધાર વિના પોતાના સ્વયંના આધારે એ પરિણમન થાય છે. એવી એનામાં શક્તિ રહેલી છે. આમ લીધું છે. એટલે આધારબુદ્ધિને ઉડાવી છે.

'સોગાનીજી'એ તો પત્રોમાં એવી વાતો લીધી છે. (કોઈ મુમુક્ષુએ લખ્યું હશે કે) મને પત્ર લખો. તો કહે છે, તમે મને શું પત્ર લખવાનું કહો છો ? આધારબુદ્ધિ તો તીર્થંકરની પણ આધારબુદ્ધિ હેય છે. એમ લીધું છે કે નહિ ? એક કોરથી 'ગુરુદેવ'ની ભક્તિ કરે તો એવી ભક્તિ કરે કે અનંત તીર્થંકરોથી પણ મારા માટે તો આ અધિક છે. હજી તો તીર્થંકર થયા નથી. અસંખ્ય અબજ વર્ષ પછી થાશે. અસંખ્ય અબજ વર્ષ પછી થાશે. કેમકે અત્યારે બે સાગરના આયુષ્યમાં ગયા છે.

જઘન્ય લઈએ તોય તે. વધુમાં વધુ ત્યાં ચાર સાગરનું આયુષ્ય છે. પછી પાછા મનુષ્ય થશે. ત્યારે તો ભાવલિંગી સંત પણ થશે. પણ ત્યારે હજી કેવળ પામશે નહિ. ત્યારે પાછા દેવલોકમાં જશે તો બાવીસથી ચોવીસ સાગરના આયુષ્યે જવાના છે. ઓછામાં ઓછુ બાવીસ અને વધુમાં વધુ ચોવીસ દેવલોકનું આયુષ્ય છે. ઉપરના સ્વર્ગમાં જશે. અસંખ્ય અબજ વર્ષ નીકળી જશે પછી મનુષ્યભવમાં ચરમશરીરી થશે. અસંખ્ય અબજ વર્ષ પછી (થશે). તો કહે છે, અત્યારે અનંત તીર્થંકરથી અધિક થઈ ગયા. ન્યાય પણ આપ્યો છે. .. કર્યું છે કે ભૂતકાળમાં મારા જીવે અનંત તીર્થંકરોના સમવસરણમાં જઈ અને દિવ્યધ્વનિ સાંભળી પણ છતાં મને સમ્યગ્દર્શન થયું નહિ અને પરિભ્રમણનો છેડો આવ્યો નહિ. જો થયું હોત તો અત્યારે અહીંયાં હોત નહિ. એ એની સાબિતી છે. હવે અહીંયાં પોતાને અનુભવ થયો કે હવે મારે પરિભ્રમણ નથી. આ છેલ્લી મુસાફરી છે. છે ? આવે છે ? આ છેલ્લી મુસાફરી છે. (આપણા અહીંના મુમુક્ષુને) 'કલકત્તા'માં 'સોગાનીજી'નો પ્રત્યક્ષ સત્સંગ સારો હતો.

મુમુક્ષુ :– 'સોગાનીજી' ત્યાં વાંચન કરતા હતા ?

પૂજ્ય ભાઈશ્રી :– વાંચન કરતા હતા. એક કાળમાં વાંચન કરતા હતા. પાછું બંધ કર્યું હતું. પાછું છેલ્લે છેલ્લે ચાલીસ દિવસ વાંચેલું. દેહાંત પહેલા ચાલીસ દિવસ વાંચેલું. છેલ્લે છેલ્લે બહાર આવ્યા એટલે જેને ખ્યાલ પડે એ તો પરિચય કરે. કહે છે, આ છેલ્લી મુસાફરી છે. હવે પરિભ્રમણ છે નહિ. મુસાફરી એટલે પરિભ્રમણ, હોં ! હવે ભ્રમણ લાંબુ કરવાનું નથી. 'ગુરુદેવે' એક ભવ જોયો છે. અહીંથી સ્વર્ગમાં ગયા. ત્યાં બધી Meeting મળતી હશે. અહીંથી જાય, એક ક્ષેત્રથી લગભગ જાય, થોડું આઘુપાછું હોય પણ લગભગ મેળ ખાય એવો પ્રકાર થઈ જાય. 'શ્રીમદ્ રાજચંદ્રજી' અહીંથી ગયા ને ? ત્યાં તો અબજો વર્ષના આયુષ્ય છે. સાગરોપમના આયુષ્ય છે.

મુમુક્ષુ :– ગુરુ-શિષ્યનું મિલન.

પૂજ્ય ભાઈશ્રી :– હા, મિલન થાય. થાય જ લગભગ. એ તો પુરાણોમાં નથી આવતું ? કે લગભગ મેળ ખાતા જીવોનું આગળ પાછળ ભવોની અંદર મિલન થયા કરે છે. અને આ તો પરસ્પર એકબીજાને નિમિત્ત-નૈમિત્તિક સંબધ ભજ્યો છે. એમનો ઉપકાર ગાયો છે. એ પ્રકાર તો ભજ્યો છે કે નહિ ?

અહીંયાં એ કહ્યું, આધારશક્તિ. કેવું પરસ્પર વિરુદ્ધ લાગે ! એક કોરથી કહે છે, તીર્થંકરની આધારબુદ્ધિ ન જોઈએ. બીજી કોર કહે આહા...હા..! સર્વસ્વના દાતા શ્રી'ગુરુદેવ'. શું લીધું ? સર્વસ્વના દાતા ! પરિણામમાં શુદ્ધિ પ્રગટ થઈ, અરે...!

મારો આત્મા મને મળ્યો. સર્વસ્વ તો મારો આત્મા છે, એ એમણે આપ્યો. 'તે તો પ્રભુએ આપીઓ વર્તુ ચરણાધીન.' 'શ્રીમદ્જી'એ એ ગાયું. એવો બધો વ્યવહાર કરાય છે. રાગ આવે ત્યારે એવો રાગમાં વ્યવહાર થાય છે. જ્ઞાન તો જે છે તે. જ્ઞાનમાં ફેર પડી જતો નથી.

કહે છે, **'અધિકરણ વિના સર્વનો...'** એટલે સર્વ પરિણામોનો. સર્વ શુદ્ધ પરિણામોનો **'આધાર ન હોત.'** પોતે જ પોતાના આધારરૂપે ન હોત. ક્યારેક એને કો'કનો આધાર લેવો પડત અને ક્યારેક એને કો'કનો આધાર લેવો પડત. જેમ દુનિયામાં થાય છે તેમ. દેશનો વડો પ્રધાન હોય તો એણે પ્રજાના મતનો આધાર લેવો પડે. ગરીબમાં ગરીબ માણસ (હોય તો એનો આધાર લેવો પડે). કે નહિ ? આ મારો મતદાતાર છે. ઠીક ! એની સંભાળ મારે રાખવી જોઈએ. એણે મને ખુરશી ઉપર બેસાડ્યો છે. એના મતના આધારે બેઠો છું. અહીંયાં તો ત્રણ લોકનો નાથ થાય છે, કોઈના આધાર વિના. કોઈના આધારની એને જરૂર પડતી નથી.

**'સ્વયંસિદ્ધ વિના પરાધીનતા આવત.'** આત્મા સ્વયં પોતાની મેળે સિદ્ધ થાય છે. સ્વયંસિદ્ધ છે, સ્વતંત્ર છે. એની કોઈ શક્તિ પરાધીન નથી. આખું દ્રવ્ય પણ પરાધીન નથી. જો એવું ન હોત–એવી સ્વયંસિદ્ધ નામની શક્તિ ન હોત તો આત્મા પરાધીન હોત. પોતે પરાધીન હોત. બીજો તારે તો તરે, બીજો ડૂબાડે તો ડૂબે.

અન્ય મતમાં કહે છે ને, ભગવાન રાખે એમ રહેવું. એ તારે અને એ ડૂબાડે આપણને. માટે આપણે એને ભજો તો એ આપણને તારશે. નહિ ભજો તો ડૂબાડશે. બહુ સારું કામ કરે. એ વાત અહીંયાં નથી. જગતમાં એવો કોઈ ભગવાન અને એવો કોઈ ઈશ્વર હયાતી ધરાવતો નથી કે કોઈને તારે કે કોઈને ડૂબાડે. જિનેન્દ્રનું પણ એ કાર્ય નથી. જિનેન્દ્ર જોકે એમની સ્થાપના જ ધ્યાનસ્થ અવસ્થાની છે. એમને કાંઈ કરતા દેખાડ્યા નથી અને કાંઈ સાધનવાળા પણ દેખાડ્યા નથી. કોઈ જાતનું સાધન એમની પાસે નથી. ફક્ત ધ્યાનસ્થ અવસ્થામાં અંતરલીન (છે). 'સ્વરૂપે ડૂબેલા નમન તૂજને હો જિનવરા.' સ્વરૂપમાં ડૂબી ગયા છે જિનવર તો. એ જ એમની મહાનતા છે. એ જ એમની મહાનતા છે. દુનિયા સામું જુએ એ એની મહાનતા નથી. ભલે દુનિયા આખી એમના કેવળજ્ઞાનમાં ચોંટી ગઈ હોય, પ્રતિબિંબિત થઈને, તોપણ એ દુનિયા સામું જોતા નથી. તોપણ ઉપયોગ તો લીન છે. એક જ જ્ઞાનના પર્યાયમાં કેવળજ્ઞાન ઉપયોગમાં પરિપૂર્ણ સ્વનું અવલંબન છે અને લોકાલોકનું પ્રતિબિંબ પણ છે. બેય છે એની અંદર.

જેમ નિર્મળ પાણીમાં પાણીની નિર્મળતા પણ સ્પષ્ટ છે અને અંધારી રાતે એ પાણીની અંદર તારાનું પ્રતિબિંબ, અસંખ્ય તારાનું પ્રતિબિંબ પડે. ગામડામાં

રહ્યા હોય એણે જોયું હોય. સ્થિર પાણીમાં તળાવનું, નદીનું પ્રવાહવાળું ન હોય તો એની અંદર અંધારી રાતે અસંખ્ય તારાનું પ્રતિબિંબ પડતું હોય. પાણીમાં તારા છે ? ચોખ્ખે ચોખ્ખા દેખાય છે કે એકેય તારો પાણીમાં નથી. ચંદ્રનું પ્રતિબિંબ પડે, તારાનું પ્રતિબિંબ પડે. બધું પડે. પણ પાણીમાં પાણી જ છે. પાણીમાં પાણી સિવાય બીજું કાંઈ નથી.

કેવળજ્ઞાનમાં એકલું માત્ર જ્ઞાન (છે). એટલે તો નામ પણ કેવળજ્ઞાન પાડ્યું. કેવળજ્ઞાન એકલું જ્ઞાનમાત્ર. અખંડ નિજ સ્વભાવનું. 'શ્રીમદ્‌જી'એ તો વ્યાખ્યા એવી જ કરી છે. પોતાના અખંડ સ્વભાવનું જે જ્ઞાન પોતાને વર્તે છે. 'કહીએ કેવળજ્ઞાન તે દેહ છતાં નિર્વાણ.' અરિહંત પરમાત્માને એવું નિજ અખંડ સ્વભાવનું માત્ર જ્ઞાન વર્તે છે, જેને અમે કેવળજ્ઞાન કહીએ છીએ. ત્યાં ઓલી વ્યવહારની વ્યાખ્યા ન કરી. લોકાલોકને જાણે તે કેવળજ્ઞાન એવી વ્યાખ્યા ન કરી. દેહસહિત હજી બિરાજમાન છે આયુષ્યનું પૂર્ણપણું થયું નથી છતાં જેમને નિર્માણદશા વર્તે છે અથવા નિર્વાણમાં જેવી દશા થવાની એવી દશા આત્માને સદેહે પણ વર્તે છે. તેથી એને સદેહે મોક્ષ પણ કહેવામાં આવે છે.

એ પોતે પરાધીન નથી એમ અહીંયાં કહે છે. એ પોતે સ્વયંસિદ્ધ થયા છે. સ્વયંસિદ્ધ થાય છે. જેટલા અનંતા સિદ્ધો થયા અને થશે તે બધાં સ્વયં થવાના છે. સ્વયંસિદ્ધ ! કોઈથી કોઈને કારણે થવાના નથી. પોતાની શક્તિ અને સામર્થ્યને લઈને થવાના છે. અત્યારે પણ પોતાનું અસ્તિત્વ કોઈને લીધે છે ? દેહને લઈને અસ્તિત્વ છે ? ખોરાક, પાણી અને રોટલાને લઈને અસ્તિત્વ છે ? માણસ કહે કે પૈસા વગર ન ચાલે. અત્યારે ડલગે ને પગલે પૈસા જોઈએ. પૈસાથી અસ્તિત્વ છે ? અનાદિથી પોતે સ્વયં પોતાના અસ્તિત્વ શક્તિને લઈને ટકતો આવ્યો છે અને ટકતો રહેવાનો છે. ક્યારેય એનું ટકાઉપણું નાશ પામશે, પોતાનો નાશ થશે, અસ્તિત્વ નહિ હોય એવું કદી બનવાનું નથી.

એવો સ્વયંસિદ્ધપણાનો ગુણ પોતામાં હોવાથી પોતાને કોઈની પરાધીનતા નથી. પરાધીનતા હોય અને સુખ હોય બે વાત એકસાથે બનતી નથી. પરાધીનતા અને દુઃખ અવિનાભાવી છે. અને સ્વાધીનતા અને સુખ અવિનાભાવી છે. સીધી વાત છે. તેથી સ્વયંસિદ્ધ છે તેથી સુખી છે. પરાધીન નથી. એટલે અહીંયાં તર્ક લીધો છે કે જો સ્વયંસિદ્ધ ન હોત તો, સ્વયંસિદ્ધ વિના જીવને પરાધીનતા આવત. પણ પરાધીનપણું પોતાના સ્વાધીન સ્વરૂપને ભૂલીને માની રાખ્યું છે તે મિથ્યાત્વભાવ છે. એ મિથ્યાપણાનો ભાવ છે. એ મિથ્યાભાવ સેવવા જેવો નથી. પોતાના સ્વયંસિદ્ધ સ્વરૂપને ઓળખીને પરાધીનભાવનો નાશ કરવા જેવો છે અને પરાધીનતાનું દુઃખ

મટાડવા જેવું છે.

'ગુરુદેવ' એક વાત બહુ સારી કરતા કે ભાઈ ! આ બધી શક્તિ એટલે તારા સામર્થ્ય ને તારા ગુણના ગાણા ગવાય છે. એની તું ના શું કરવા પાડે છો ? તારા ગુણના ગાણા ગવાય છે અને કેવળીની વાણીમાં તીર્થંકર, જિનેન્દ્ર પરમાત્માની વાણીમાં તારા ગુણના ગાણા ગાયા તો તારે તો એની હોંશ લાવવી ઘટે છે કે અહો..! આવા આવા ગુણ મારામાં ભર્યા છે ! આવો હું ગુણવાન છું !! કોઈથી પરાધીન નહિ. તારા અવગુણ ગાઈએ તો તને દુઃખ લાગે અથવા તને પરાધીન ઠરાવીએ તો તને એમ થાય કે અરે...! અમારે બસ પરાધીન રહેવાનું ? કાંઈ અમારું ચાલે નહિ ? તો તો તને એનો નકાર આવે તો વ્યાજબી વાત છે પણ તને સ્વાધીન, સ્વતંત્ર અને સુખમય અને અનંત શક્તિ સંપન્ન–ગુણ સંપન્ન બતાવીએ– સર્વગુણસંપન્ન તને કહીએ પછી તને કેમ એનો નકાર આવે છે ?

મુમુક્ષુ :– હોંકારો મીઠો આપ.

પૂજ્ય ભાઈશ્રી :– ખરી વાત છે. હોંકારો મીઠો આપ. અહો...! આપે અમને આવા અમારા ગુણનું ભાન કરાવ્યું. એમ લેવું જોઈએ ને. એવા ગુણ નથી, એવા ગુણ ન હોય (એમ માનવાથી) એથી કાંઈ તને લાભ થવાનો નથી. જિનવાણી માટે એમ જ કહેવાય છે. જગતમાં બાળકને માતા સૂવડાવે છે ત્યારે પણ એના ગુણ ગાઈને સૂવડાવે છે. હાકોટા કરતી કરતી જો એને હીંચકા નાખે ઘોડિયામાં હાલરડામાં, પારણામાં ઝૂલાવે અને હાકોટા નાખે તો કજીયો કરે વધારે. અને ડાહ્યો અને ડમરો દીકરો છે એમ કહીને સૂવરાવે અને હાલરડા મીઠા ગાય તો સૂઈ જાય. આટલું તો બાળકને ખબર પડે છે. આટલી લાગણી ને સમજણ તો બાળકને છે.

અહીંયાં જીનવાણી એના ગુણ ગાઈને જગાડે છે. સૂવાડતી નથી પણ જગાડે છે. આ જીનવાણી એ પણ માતાની ઉપમા આપી છે ને ? ત્યાં જગતમાં ખોટે ખોટા ગુણ ગાઈને સુવડાવે છે. કજીયાળો હોય તો ડાહ્યો કહે. પણ અહીંયાં તો ખરેખર એનામાં ગુણ છે એ ગુણ ગાઈને એને જાગૃત કરે છે. તું જાગ રે, જાગ ! તારા સામર્થ્યને જાગીને સંભાળ ! તારી સ્વાધીનતા સ્વયંસિદ્ધત્વ સ્વતંત્રતાને સંભાળીને તારા કાર્યની તું સિદ્ધિ કર એમાં તારે કોઈની પરાધીનતા રાખવાની જરૂર નથી, દેવ-ગુરુ-શાસ્ત્રની પણ નહિ. બીજાની તો નહિ પણ દેવ-ગુરુ-શાસ્ત્રની પણ નહિ. એમ જ દેવ-ગુરુ-શાસ્ત્ર કહે છે પાછા. દેવ-ગુરુ-શાસ્ત્ર પણ એમ જ કહે છે કે અમારી પરાધીનતા તને નથી.

એક બહુ વિચિત્ર પ્રકારે એ વિષય 'સોગાનીજી'એ લીધો છે. આ જીવ જગતમાં સુખ લેવા માટે અનેક જગ્યાએ આથડ્યો પણ એને ક્યાંય સુખ મળ્યું નહિ અને

દુઃખ જ મળ્યું. એટલે માર ખાઈને પાછો આવ્યો. અહીંયાં હવે દેવ-ગુરુ-શાસ્ત્ર પાસે આવ્યો તો એણે પણ એક લપાટ મારી. એક થપાટ એણે પણ મારી કે અમારી સામું ક્યાં જુએ છો ? અંતર્મુખ થા તું. અંતરલીન થા. અમારી સામે પણ તારે જોવાનું નથી. વેપારી હતા પણ કોઈ લેખક લખે એવી બધી વાતો લખી છે. મોટા સાહિત્યકાર લખે એવી વાતો લખી છે.

**'અજ વિના ઊપજ્યા કરત.'** જ એટલે જન્મવું. અને અ એટલે નહિ જન્મવું. જન્મ-મરણ થવાનો આત્માનો સ્વભાવ નથી, એમ કહે છે. જ્યારે સમ્યગ્દર્શનમાં–સમ્યગ્દર્શનના કાળમાં, સમ્યગ્દર્શનમાં એટલે સમ્યગ્દર્શનના કાળમાં જ્યારે આત્મા પોતાનું સ્વરૂપજ્ઞાન કરે છે–આત્મજ્ઞાન કરે છે ત્યારે એને પોતાનો આત્મા સ્વભાવે કરીને અજન્મા જણાય છે. અરે...! હું તો સ્વભાવથી જન્મ પામું નહિ એવો છું. અજ મારો સ્વભાવ છે. પણ આટલા અનંત કાળમાં અનંત જન્મો થયા ને ? મારા નહિ. ઠીક ! આમ આવે છે. હવે થોડા ભવ થશે એમાં જન્મ-મરણ થશે. (એ) મારા નહિ. હું અહીંયાં એમને એમ ઊભો છું એ બતાવે છે કે નવો જન્મ્યો નથી. મરે ઇ જન્મે. પણ હું તો એમને એમ છું.

સ્વપ્નનું મૃત્યુ જેમ જાગૃત દશામાં ભ્રાંતિગત ભાવ હતો એમ સ્પષ્ટ જણાય છે. તેમ જ આત્મજ્ઞાનમાં પોતાના નાશનો જે પ્રકાર દેહત્યાગમાં ઊપજ્યો, દેહત્યાગને મરણ કહે છે ને ? એ મરણનો પ્રસંગ અને દેહત્યાગના પ્રસંગને જગતની અંદર દેહાત્મબુદ્ધિવાળા જીવો જન્મ-મરણ કહે છે. જ્ઞાનીઓ તો જાણે છે કે જેમ કપડા બદલાય છે એમ જ આ શરીરને આત્મા બદલે છે. આટલું તો અન્યમતમાં આવે છે. 'ગીતા'માં આવે છે. '...'. જેમ જૂના વસ્ત્રો ફાટી જાય. જીર્ણ થાય અને બદલવામાં આવે છે. એમ શરીર જીર્ણ થાય ત્યારે એને બદલી નાખવામાં આવે છે. આમાં બીજું કાંઈ છે નહિ. આત્મા શાશ્વત છે. આસ્તિક્ય દર્શનોએ આત્માની શાશ્વતતા સ્વીકારી છે.

(અહીંયાં) કહે છે કે આત્મા પરાધીન નથી. સ્વયંસિદ્ધ હોવાને લીધે આત્મા પરાધીન નથી અને અજ હોવાને લીધે આત્માને જન્મ નથી. ક્યારેય આ આત્મા નવો જન્મ્યો નથી અને એના કોઈ જન્મ થતા નથી. દેહના ગ્રહણના પ્રકાર છે એ પુદ્‌ગલની પર્યાય છે. મૂળથી જીવનું નવા સ્વરૂપે જન્મવું, ઊપજવું એવું કાંઈ બનતું નથી.

મુમુક્ષુ :– જ્ઞાનીને મરણનું દુઃખ જ નથી. જે અજ્ઞાનીને છે.

પૂજ્ય ભાઈશ્રી :– અજ્ઞાનીને તો અજ્ઞાનભાવનું દુઃખ છે. મરણનું કરતા મરણસંબંધીનું અજ્ઞાનભાવનું દુઃખ છે. મરણનું દુઃખ નથી પણ મરણસંબંધીના

અજ્ઞાનભાવનું દુઃખ છે. જ્ઞાનીને દુઃખ નથી. જ્ઞાનીઓ સ્વર્ગમાંથી આવે છે, આ તીર્થંકરો સર્વાર્થસિદ્ધિમાં આવ્યા. 'ઋષભદેવ' ભગવાન સર્વાર્થસિદ્ધિમાંથી આવ્યા છે. એ તો માતાના પેટમાં પણ ત્રણ જ્ઞાન લઈને આવે છે. મતિ, શ્રુત અને અવધિજ્ઞાન તો લઈને આવે છે. પછી ચોથું મનઃપર્યયજ્ઞાન મુનિદશામાં ઉત્પન્ન થાય છે. એ જ્ઞાન ધ્યાનમાં ઉત્પન્ન થાય છે. એકાગ્રતા વધતા ઉઘાડ વધે છે એટલે. પણ ત્રણ જ્ઞાન તો લઈને જ આવે છે. જન્મે છે તો ત્રણ જ્ઞાનને લઈને. એમાં એ કહે છે કે હું ક્યાં જન્મ્યો ? હું તો છું જ. જાતિસ્મરણજ્ઞાનમાં પણ એટલી ખબર પડે કે હું છું એનો અર્થ કે હું નાશ નહોતો પામ્યો. ત્યાંથી અહીંયા જે બદલી થઈ એ તો ક્ષેત્રની બદલી થઈ. આ નોકરીની બદલી થાય છે કે નહિ ? તો એ બદલી થઈ છે અહીંયાં. બીજું કાંઈ થયુ નથી. હું તેનો તે છું. હું તેનો તે છું એ બતાવે છે કે મર્યો એ વાત ખોટી છે.

બીજી એક 'બનારસીદાસે' બહુ સરસ વાત કરી છે કે જે ધ્રુવધામ આત્મા છે એને પર્યાયનો ઉત્પાદ વ્યય છે એ લાગુ પડતો નથી. કેમકે એ તો ધ્રુવ છે. પર્યાય ઉત્પન્ન થાય છે અને પર્યાય વ્યય થાય છે. મારો ઉત્પાદ પણ નહિ અને મારો વ્યય પણ નહિ. અપાદાનમાં એ વાત લઈ લીધી. એવો પોતે ધ્રુવ છે. હું ધ્રુવ મેરુ સમાન આત્મા છું. મેરુ હલતો નથી ને ? કદાચ એ તો હલે તો હલે, આ હલે એવું નથી. એવો અચળ સ્વભાવે છે. મેરુ અચળ એમ કહેવાય છે છતાં એમાં પરમાણુનુ આવાગમન છે. આમાં શક્તિઓનું આવાગમન નથી. અનાદિઅનંત એક સ્વરૂપે એકધારુ સ્વરૂપ છે. પર્યાય એના ફરતી પ્રદક્ષિણા ફરે છે. જેમ મેરુ ફરતી પ્રદક્ષિણા ફરે એમ પર્યાય ધ્રુવ ફરતી પ્રદક્ષિણા ફરે છે. મેરુને શું લેવા દેવા ? એના ફરતી કોઈ પ્રદક્ષિણા ફરે તોય ભલે અને ન ફરે તોય ભલે. એને અપેક્ષા છે એની ? એટલે એમ કહી દીધું કે પર્યાય મેરા ધ્યાન ધરો તો ધરો. મુઝે ક્યા ? પર્યાય કે ધ્યાન કી મુઝે અપેક્ષા નહીં. શેમાં આવતું હશે આ બધું ? પર્યાયમાં આવતું હશે કે ધ્રુવમાં આવતું હશે ?

મુમુક્ષુ :– આવે બધુ પર્યાયમાં.

પૂજ્ય ભાઈશ્રી :– પર્યાયમાં આવે પણ પર્યાયમાં આવું ધ્રુવનું અહમપણું સ્થાપવામાં આવે છે. શ્રદ્ધાએ કરીને, જ્ઞાને કરીને, આચરણે કરીને. એનું નામ આત્મભાવ છે. એનું નામ આત્મભાવના છે. એ સ્વરૂપની ભાવના ધ્રુવ સ્વરૂપની ભાવના છે.

અહીંયાં કહે છે કે **'અજ વિના ઊપજ્યા કરત.'** આત્મામાં જન્મવું એવું કાંઈ નથી. ક્યારેય જન્મ્યો નથી. ક્યારેય જન્મ થાય એવી પરિસ્થિતિ પણ આત્માને

વિશે નથી. પણ આત્મા ક્યારેય ઊપજતો નથી. એનું કારણ કે એનામાં અજન્મા નામનો સ્વભાવ છે. બધી વાત (એમ જ લ્યે છે કે) આના વિના, આ ન હોત તો આમ થાત, આ શક્તિ ન હોત તો આમ થઈ ગયું હોત. એમ કરીને એ શક્તિને સિદ્ધ કરે છે. Logic આપે છે. એક એક શક્તિની વ્યાખ્યામાં Logic લીધું છે.

**'અખંડ વિના ખંડિતતા એટલે (ખંડ ખંડપણું) પામત.'** આત્મા સ્વભાવે કરીને અખંડ એક પ્રતિભાસમય અખંડ આત્મા છે. એ આત્મામાં ક્યારેય પણ ખંડિતતા થતી નથી. દ્રવ્યથી, ક્ષેત્રથી, કાળથી કે ભાવથી ક્યારેય ખંડિતતા થતી નથી. એવા એક અખંડ સ્વરૂપની ભાવના તે આત્મભાવના કહી. એવા અખંડ સ્વરૂપની ભાવનાને આત્મભાવના કહી.

'જયસેનાચાર્યદેવે' ૩૨૦ ગાથામાં એમ કહ્યું કે તેથી અખંડ એક પ્રતિભાસમય, જે પ્રત્યક્ષ પ્રતિભાસમય આત્મા છે તેને હું ભાવું છું, પણ એક સમયના ખંડ ખંડ ભાવને હું ભાવતો નથી. ક્ષયોપશમભાવને ભાવતો નથી. ભલે પોતાનો ક્ષયોપશમ ગમે તેટલો મોટો દેખાતો હોય તોપણ એ કેવળજ્ઞાન પાસે તો સમુદ્રના બિંદુ જેવડો છે. વિશાળ ક્ષયોપશમ દેખાતો હોય. એવા 'વીરસેનસ્વામી' જેવા આચાર્યોના ક્ષયોપશમ એવા હતા કે એમના કાળમાં એમ કહેતા હતા કે જૈનમાં સર્વજ્ઞનું નામ છે. અને કોઈને આ કાળે સર્વજ્ઞ જોવા હોય તો જાવ 'વીરસેનસ્વામી'ને મળો. એમ કહેવાતું હતું. જોઈ લ્યો 'વીરસેન સ્વામી'. એવો વિશાળ એમનો ક્ષયોપશમ હતો. એટલું સૂક્ષ્મ હતું અને એટલી જ વિશાળતા, એટલી સૂક્ષ્મતા અને એટલી વિશાળતા. જેમણે 'ધવલ'ની ટીકા કરી. 'ષટ્ખંડાગમ'ની ટીકા કરી છે, ધવલ શાસ્ત્રોની. બે ભાષા ઉપર એમનું પ્રભુત્વ જોવામાં આવે છે. સંસ્કૃત અને માગધિ. એ સંસ્કૃત લખતા લખતા માગધિમાં આવે છે અને માગધિ લખતા લખતા સંસ્કૃતમાં આવે છે. આવી રચના છે એ શાસ્ત્રોની. પાણીના પૂરની જેમ (ક્ષયોપશમ ચાલે). આટલા આટલા જાડા ગ્રંથો થયા છે. કરણાનુયોગનો વિષય હાથમાં લીધો છે. કરણાનુયોગના હજારો બોલ લીધા છે. એ વખતના દ્રવ્ય-ક્ષેત્ર-કાળ-ભાવ જોઈને એ વિષય એમણે હાથમાં લીધો.

કળિકાળ સર્વજ્ઞ ! પાંચમાં આરામાં હતા. એ ક્ષયોપશમ વિશાળ હતો પણ કેવળજ્ઞાન પાસે એક બિંદુ જેટલો છે. અનંતમે ભાગે. ગમે તેટલો હોય તોપણ અનંતમા ભાગે છે. બારમા ગુણસ્થાન પર્યંતનો જ્ઞાનનો પર્યાય ક્ષયોપશમભાવે હોય છે અને તે કેવળજ્ઞાન પાસે તેરમા ગુણસ્થાનના એક સમય પહેલાની પર્યાયમાં અનંતમા ભાગે છે. અને પછી એ જ્ઞાનગુણ પ્રગટ થાય અને કોઈ Bomb ફાટે એવી રીતે કેવળજ્ઞાન (પ્રગટે) ! એક સમયમાં કેવળજ્ઞાન ! છદ્મસ્થપણું મટીને એક

સમયમાં કેવળજ્ઞાન. પાછું એમ નહિ આમ વધતું... વધતું... વધતું... વધતું... વધતું.. કેવળજ્ઞાન થઈ ગયું એમ નહિ.

મુમુક્ષુ :– એક સમયમાં શક્તિ એટલી બધી...

પૂજ્ય ભાઈશ્રી :– વ્યક્ત થઈ જાય છે. એવી શક્તિ છે. જ્ઞાનમાં એટલી શક્તિ છે કે એક સમયમાં પૂર્ણપણે વિકસીત થાય એવી એની શક્તિ છે. જ્યાં આવરણ ખસ્યું–ભાવાવરણ ખસ્યું (ત્યાં) દ્રવ્યાવરણ આપોઆપ ખસે છે. પૂરેપુરું જ્ઞાન થઈ જાય છે.

મુમુક્ષુ :– સમય એક અને બિંદુ સમાન અને આ પાછું કેવળજ્ઞાન...

પૂજ્ય ભાઈશ્રી :– પૂરું થઈ જાય એક જ સમયમાં. ચમત્કાર છે એ ! એ ચૈતન્યનો ચમત્કાર છે ! નથી ને છે એમ કરે છે ને ? આ જાદુગર. ખાલી એક પેટી બતાવે અને પછી અંદરથી મોટો પાંચ ફૂટનો છ ફૂટનો માણસ આળસ મરડીને બેઠો થતો હોય એવું દેખાડે છે કે નહિ ? નથી એમાં છે કરી દીધું કે નહિ ? ચમત્કાર કહે છે ને ! લોકો એને ચમત્કાર કહે છે. એમ જ્ઞાન અનંતમા ભાગે હતું, એવું એ જ જગ્યાએ જ્ઞાન પરિપૂર્ણ જોવામાં આવે છે. એક સમયમાં ! એટલો પુરુષાર્થ છે. પુરુષાર્થ તો પૂરો થઈ ગયો છે બારમા ગુણસ્થાને. યથાખ્યાત ચારિત્ર પ્રગટ્યું છે. લીનતામાં કાંઈ કચાશ રહી નથી. બારમાં ગુણસ્થાને અચારિત્રભાવ નથી રહ્યો. પૂર્ણ ચારિત્ર છે. યથાખ્યાત – જેવો ચારિત્રગુણ છે તેવો ખ્યાત એટલે પ્રગટ થવો, પ્રસિદ્ધ થવો. એ બારમા ગુણસ્થાનનું નામ પાડ્યું છે. છતાં જ્ઞાન પાછળથી તેરમા ગુણસ્થાને પૂરું ખીલે લે છે. એક જ સમયમાં બારમા ગુણસ્થાનનો વ્યય, તેરમા ગુણસ્થાનનો ઉત્પાદ. છદ્મસ્થપણાનો વ્યય અને કેવળજ્ઞાનપણાનો ઉત્પાદ.

મુમુક્ષુ :– 'વીરસેનસ્વામી'ને આટલું બધું જ્ઞાન હતું પણ એમને અભિમાન ન થવાનું કારણ શું ?

પૂજ્ય ભાઈશ્રી :– અભિનામ નહિ થવાનું કારણ એથી પણ અનંત ગુણસ્વભાવી, જ્ઞાનસ્વભાવી આત્મા હું છું એમ હતું. હું છું એમ હતું. આ એક સમયની ક્ષયોપશમ પર્યાય, અધૂરી પર્યાય, અલ્પજ્ઞ પર્યાય તે હું છું એમ નહોતું. તે હું છું એમ આવે તો અભિમાન થાય. તે હું છું એમ નહોતું. પણ એનાથી અનંતગુણ જ્ઞાનસ્વભાવી કેવળજ્ઞાનની એક પર્યાયથી પણ અનંતગુણ સ્વભાવી જ્ઞાન, જ્ઞાનગુણ તો કેવળજ્ઞાનની એક પર્યાયથી અનંતગુણ છે, એમાં હું છું, ત્યાં હું છું, એવો હું છું, એવડો હું છું એમ છે. એટલે એક સમયની ઉચ્ચપદને પામીને નીચપદમાં કોણ હુંપણું કરે ? વડાપ્રધાન બનાવ્યા પછી પટ્ટાવાળાનું કામ કોણ કરે ? લાવો એક ટેબલથી કાગળ લઈ જવો હોય તો મને સોંપજો હું કરીશ. પટ્ટાવાળાને વર્ધી આપી

હોય એ પહેરે ઇ ? એમ પરમેશ્વરપદ છે આ તો.

આત્માનું મૂળપદ તો નિજપદ તો '**अप्पा सो परमप्पा**'. આત્મા તો પરમાત્મા છે. એ ભાળી ગયા પછી, પોતાનું નિજ સ્વરૂપ જ્ઞાનમાં આવી ગયું, ભાનમાં આવી ગયા પછી જ્યાં સુધી એવી પરિપૂર્ણ પ્રગટ દશા ન થાય ત્યાં સુધી જે હિણી ને અલ્પજ્ઞ આદિ દશા રહી એમાં હુંપણાનો સ્વીકાર કોણ કરે ? ત્યાં જઈને કોણ બેસે ? એનો તો નિષેધ કરી કરીને ટાળી નાખે. એનો નિષેધ કરી કરીને ટાળી નાખે. એવો હું નહિ... એવો હું નહિ.. એવો હું નહિ. '**ण वि होदि अप्पमत्तो ण पमत्तो**' 'કુંદકુંદાચાર્ય'એ ('સમયસાર'ની ૬ ગાથામાં) કહ્યું કે નહિ ? હું પ્રમત્ત પણ નહિ અને હું અપ્રમત્ત પણ નહિ. મુનિ છો તો આપ. તો કહે છે, ના. પણ કોણે કીધું તને ? હું તો જ્ઞાયકભાવ છું. હું મને જ્ઞાયકભાવ માનું છું. અને તું અમથો અમથો ખોટો મારા ઉપર મારો અવર્ણવાદ કરે છો કે તમે તો મુનિ છો.

આ જ્ઞાની ગૃહસ્થ હોય તો લોકો એમ કહે, એ તો ગૃહસ્થ છે હવે. એ તો ગૃહસ્થ છે. ઘરમાં રહે છે એ તો. ઘરમાં રહે છે કે આત્મામાં રહે છે એ તને ક્યાંથી ખબર પડી ? ક્યાં રહે છે એની તને ક્યાં ખબર છે ? તું મફતનો એના ઉપર આરોપ લગાવે છો. એવો અવર્ણવાદ કરવા જેવો નથી. અવર્ણવાદનો અર્થ એ છે કે જેનામાં જે દોષ ન હોય તેનામાં તે દોષનું આરોપણ કરવું. તેને અવર્ણવાદ કહેવામાં આવે છે.

કહે છે કે આત્મા સ્વભાવે કરીને, સ્વરૂપે કરીને અખંડ છે. જો આત્મામાં અખંડિતતા સ્વભાવે કરીને ન હોત તો તે ખંડ ખંડપણું પામી ગયો હોત. એના ટૂકડા થઈ ગયા હોત. પણ ક્યારેય ટૂકડા થતા નથી. સ્વભાવભાવે પણ અખંડ જ રહે છે. પ્રદેશે તો ખંડખંડપણું થતું નથી પણ ભાવથી પણ સ્વભાવનું ખંડપણું થતું નથી.

વિમલ. **'વિમલ વિના મલ હોત.'** મળનું વિગતપણું એટલે નાશપણું. વિ શબ્દ છે. એ વ્યતીત થઈ ગયો. મળ જેમાં નથી. અભાવ. પહેલા હતો અને નથી એમ અહીંયાં નથી લેવું. વિમળ એટલે નિર્મળ. મળ વિનાનો. બેય એક જ અર્થ થાય છે. મળ પાસે આગળ નિ લગાડો કે આગળ વિ લગાડો બેયનો અર્થ એક જ છે. વિમળ કહો કે નિર્મળ કહો. આગળ અ લગાડીને અમલ કહો. અમલ, નિર્મળ, વિમલ બધા એક જ અર્થ છે.

'તારણસ્વામી' 'અ' શબ્દનો પ્રયોગ બહુ કરે છે. અમલસ્વભાવ છે આત્મા. 'તારણસ્વામી'ના ગ્રંથમાં આત્માને અ અને મ બેય શબ્દ એમણે વાપર્યો છે. મમલ અને અમલ. મ એટલે નહિ. આપણે એમ કહીએ કે એમ કરશો માં. એમ કરશો

નહિ. એમ કહેવાને બદલે આપણે શું કહીએ છીએ ગુજરાતીમાં ? એમ કરશો માં. મા એટલે નહિ. મ એટલે નહિ. એમ મમળ, અમળ, નિર્મળ, વિમળ બધા એક અર્થમાં છે. અર્થ બધો એક જ છે. પ્રાસ મેળવવા માટે એ બે શબ્દનો પ્રયોગ વધારે કરે છે – મમળ અને અમળનો.

કહે છે કે આત્મામાં જો મળ રહિતપણું ન હોત–મળના અભાવસ્વભાવે આત્મા ન હોત. મળ એટલે અહીંયાં ભાવની મલિનતા, કષાયની મલિનતા. આત્મા સ્વભાવે કરીને કષાયકલંકથી રહિત નિષ્કલંક સ્વરૂપ છે. આ નિષ્કલંક મહાદેવ કહે છે કે નહિ ? નિકળંગ. નિકળંગ કહે કે નિષ્કલંક. મૂળ તો ભાષામાં અપભ્રંશ થાય છે. કલંક વિનાનો મહાનદેવ આત્મા પોતે છે. ઓલા મહાદેવ નહિ. કલંક વિનાનો મહાનદેવ આત્મા પોતે. જેમાં મળનું કલંકપણું નથી.

જો આત્મામાં એવો સ્વભાવ ન હોય તો સિદ્ધ પરમાત્મા પણ સમળ હોત. એમ કહે છે અહીંયાં. સિદ્ધ પરમાત્મા પણ સમળ હોત કેમકે એનો સ્વભાવ જ મળ સહિતપણું છે. પણ આત્મા સ્વભાવે કરીને નિર્મળ હોવાથી એની પૂર્ણ દશા પણ નિર્મળ પ્રગટ થઈ શકે છે. અને એ સ્વભાવમાંથી જ પ્રગટ થાય છે. નિર્મળતા ક્યાંય બહારથી લાવવી પડતી નથી. તો આ અવસ્થામાં મળ ક્યાંથી આવ્યો ? અવસ્થામાં મળ આવ્યો એટલે કે સ્વરૂપમાં મળ નહિ. સ્વરૂપમાં તો મળ આવતો જ નથી. મૂળ સ્વભાવમાં મળની ઉત્પત્તિ થઈ શકતી નથી કે કષાયની પહોંચ પણ ત્યાં નથી.

ગમે તેટલો નિગોદનો પ્રચૂર કષાય થાય તોપણ એ સ્વભાવમાં એનો પ્રવેશ (નથી). સ્વભાવમાં એનો સ્પર્શ થાય એ પરિસ્થિતિ પદાર્થને વિષે નથી. આત્મપદાર્થમાં એવું નથી. અને તેથી એવા સ્વભાવને ભૂલે છે ત્યાં મળની ઉત્પત્તિ અવસ્થામાં થાય છે. ક્યાંથી મળ ઉત્પન્ન થયો ? પર્યાયમાં એવી યોગ્યતા છે કે જો પર્યાયમાં પોતાના વિમળ સ્વભાવનું જ્ઞાન, ભાન ન રહે, સુધબુધ ન રહે તો બેભાનપણે–પોતાના વિમળ સ્વભાવના બેભાનપણે અવસ્થામાં મળની ઉત્પત્તિ થાય છે. પણ એ મર્યાદિત છે. સ્વભાવ અમર્યાદિત છે. મળ છે એ મર્યાદિત છે. સ્વભાવ સુધી પહોંચી શકતો નથી, સ્વરૂપને પૂર્ણપણે મલિન કરી શકતો નથી. મળ મર્યાદિત છે. વિમળતા ? વિમળતા અમર્યાદિત છે. સ્વભાવની વિમળતા અનાદિઅનંત છે. એની મર્યાદા નથી. અનંત છે. કાળે અનંત અને સામર્થ્યથી ભાવે પણ અનંત. બેય રીતે અનંત છે. એવા આત્માનું ભાન કરાવે છે. એવા સ્વભાવનું ભાન કરાવે છે અહીંયાં.

મુમુક્ષુ :- ભાન કરાવે તો મળ જાય.

પૂજ્ય ભાઈશ્રી :- ભાન કરે તો મળ જાય. ભાન કરાવવાનો હેતુ છે કે એને મળનો–મિથ્યાત્વમળનો પહેલા નાશ થાય. મિથ્યાત્વમળનો નાશ થાય, પછી અવિરતિના મળનો નાશ થાય, પછી પ્રમાદના મળનો નાશ થાય. પછી સંજ્વલનના કષાયમળનો નાશ થાય અને પછી યોગના કંપનનો મળ છે એનો પણ નાશ થાય. બધાયનો નાશ થાય.

મુમુક્ષુ :– સંજ્વલન કષાયમાં કઈ રીતે આવે છે ?

પૂજ્ય ભાઈશ્રી :– સંજ્વલન એટલે એકદમ અલ્પમાં અલ્પ કષાય રહ્યો છે. એટલો બધો અલ્પ કષાય છે કે વિકલ્પો ત્યાં બહુ શાંત થાય છે અથવા એ કષાય બહુ ટકી શકતો નથી, એ કષાય બહુ રહી શકતો નથી. એક ક્ષણમાં પાછો વીતરાગ ઉપયોગ થઈ જાય. નિર્વિકલ્પ શુદ્ધોપયોગ થઈ જાય. સંજ્વલન કષાયમાં અશુદ્ધઉપયોગ છે, પાછો તરત શુદ્ધોપયોગ થઈ જાય છે. એટલે વિકલ્પની લાળ તેમાં લાંબી ચાલતી નથી.

મુનિઓ શાસ્ત્ર રચે છે ત્યારે હજી સંજ્વલન કષાય છે. શાસ્ત્ર રચે છે. રાગ છે ને ? શાસ્ત્ર રચવાનો રાગ છે. જગતના જીવો, શાસનના જીવો આ માર્ગને–અંતર્મુખના આત્મમાર્ગને–આત્માના માર્ગને–મોક્ષના માર્ગને–પામો એવી એક ભાવના નિષ્કારણ કરુણાથી આવે છે. તોપણ એ સાથે સાથે કહેતા જાય છે કે '**अलम् अलम् इति विस्तरेण**' આ વિસ્તારથી બસ થાઓ. આવે છે શાસ્ત્રમાં. '**अलम् अलम् इति विस्तरेण**' હવે બસ થાઓ. આ વિસ્તાર બસ થાઓ. એટલે એ રાગ પણ એ લંબાવવા ચાહતા નથી. અથવા '**अलम् अलम् अति जल्पनेन**' એવો પણ શબ્દ આવે છે. હવે આ વિકલ્પરૂપી જલ્પ છે એ બંધ થાઓ. '**अलम्**' એટલે બસ થાઓ, બસ થાઓ, બસ થાઓ. એ પણ એ સહન કરી શકતા નથી. એવો રાગ પણ સહન થતો નથી. એ વીતરાગ થાય છે. પૂર્ણ વીતરાગ તો એ થાય છે.

મુમુક્ષુ :– સંજ્વલન કષાયમાં ક્રોધ, માન, માયા, લોભ, રાગ, દ્વેષ, ભાવા બીજા...

પૂજ્ય ભાઈશ્રી :– નહિ. ક્રોધ ઊપજે નહિ, માન ઊપજે નહિ. એટલે તો 'શ્રીમદ્જી'એ ગાયું કે 'ક્રોધ પ્રત્યે તો વર્તે ક્રોધ સ્વભાવતા. માન પ્રત્યે દીનપણાનું માન જો. માયા પ્રત્યે માયા સાક્ષીભાવની, લોભ નહિ જો પ્રબળ સિદ્ધિ નિદાન જો.' ક્રોધ-માન-માયા-લોભ એને દેખાતા નથી. મુનિને ક્રોધ-માન-માયા-લોભ હોય નહિ. 'બહુ ઉપસર્ગ કર્તા પ્રત્યે પણ ક્રોધ નહિ.' દેહાંત થઈ જાય, પ્રાણ છૂટી જાય. દ્રવ્યલિંગી ક્રોધ કરતા નથી. ભાવલિંગી તો કરે શેના ? જે સાચા દ્રવ્યલિંગી છે, જેને દ્રવ્યલિંગી કહેવાય, હજી અજ્ઞાની મિથ્યાદૃષ્ટિએ મુનિલિંગ ધારણ કર્યું હોય. ચામડી ઉતરડીને ખાર છાંટે (તો) આંખનો ખૂણો લાલ કરે નહિ. એ તો દ્રવ્યલિંગી

એવા હોય છે. ભાવલિંગીની તો વાત શી થાય !!

મુનિના તો અત્યારે દર્શન થવા મુશ્કેલ છે. એ તો એકલી શાંતિની મૂર્તિ જોઈ લ્યો. માર માર કરતો આવ્યો હોય તો એકવાર ઠરી જાય, ઊભો રહી જાય. આ હરણિયા છે ને ? હરણિયા. એ હરણિયાને ચળ આવે તો એને એમ કે આ કો'ક ઠુંઠું છે. એને માણસ બેઠો છે એવું ન લાગે. એવું તો જેનો ધ્યાનનો સ્થિર યોગ હોય છે. બહુ શાંતમૂર્તિ હોય છે. એના મન-વચન-કાયામાં એના દેદારમાં શાંતિ– આત્માની શાંતિ જાણે નીકળીને બહાર આવી છે ! એવી શાંતિ, બહુ શાંતિ હોય છે. પરમાણુ શાંતરસથી આમ.... શાંતરસના પરમાણુઓ ત્યાં શાંતરસ ધારણ કરી લે છે. શરીરના પરમાણુઓ આવા હોય છે. એ વીતરાગી મુનિની વાત જુદી છે. એ ણમો લોએ સવ્વ સાહૂણં છે. (વિશેષ લઈશું...)

❈ ❈ ❈

**પ્રશ્ન :- રાગાદિ જીવના ભાવ છે અને પરભાવ સ્પર્શાદિક છે તો રાગાદિને પરભાવ કેમ કહો છો ?**

**ઉત્તર :- શુદ્ધ નિશ્ચયથી રાગાદિ જીવના નથી. કેમકે ત્રિકાળી શુદ્ધસ્વભાવમાં તાદાત્મ્યપણાની દષ્ટિએ વિકારનો અભાવ છે. વળી તે રાગાદિ આત્માના ગુણમાં તન્મય નથી. સ્વભાવમાં સંસાર તન્મય નથી. જો તન્મય હોય તો મોક્ષ થઈ શકે નહીં. સંસાર એક સમય માત્રનો પર્યાય છે. ઉત્પાદ–વ્યય પ્રત્યેક સમયે નવીન પર્યાય છે. અન્ય અન્ય ભાવ છે. રાગાદિ વિકારભાવ છે તે જીવની વર્તમાન પર્યાય છે. તે પર્યાયથી અન્ય નથી. પણ ત્રિકાળી સ્વભાવથી વિકાર પર્યાય તન્મય નથી માટે જુદી છે. તેથી પરભાવ કહેવાય છે. (પરમાગમસાર–૭૦૦)**

## તા. ૩-૯-૧૯૮૫, પાના નં. ૫,
## પ્રવચન નં. ૨૦

'અનુભવ પ્રકાશ' પાનું ૫. શક્તિઓનું વર્ણન ચાલે છે. વિમલશક્તિ ચાલી ગઈ. હવે એક (શક્તિ). **'એક વિના અનેક હોત.'** આત્મા એક સ્વરૂપ છે. એક, અખંડ અને અભેદ એવા ત્રણ બોલ આવે છે. એમાં અખંડ આવી ગયું. હવે એકપણું છે. આત્મા સ્વરૂપે કરીને એક છે. અભેદ નીચે આવશે હજી. એકમાં પોતાના એક સ્વરૂપને છોડીને કોઈ બીજા એક તરફ પોતાને પરિણામ લંબાવવાનું પ્રયોજન નથી. નિર્વિકલ્પ સમાધિનું સ્થાન આત્મા એક છે.

'યોગીન્દ્રઆચાર્ય' છે, 'પરમાત્મપ્રકાશ'માં જ્યાં જ્યાં નિર્વિકલ્પ સમાધિનો વિષય લે છે ત્યાં એક વિશેષણ આવે છે. આ બધા વિશેષણો છે. અનંત વિશેષણોથી વિશિષ્ટ એવું જે આત્મદ્રવ્ય છે, ગુણ વિશેષણોથી વિશિષ્ટ, એમાં એનું જે એકત્વ છે – એકપણું છે, અનાદિઅનંત આત્મા એકસ્વરૂપે છે, એ એક સ્વરૂપમાં પરિણામ એકત્વ કરે છે. એકત્વમાં એકત્વ થવું, એકત્વમાં એકત્વ થવું. અને એકત્વમાં એકત્વ થતાં બીજા કોઈ એક એટલે અનેક, બીજા કોઈ એક એટલે અનેક પ્રત્યે પરિણામ ન જાય ત્યારે આત્માને સુખ-શાંતિ અને સમાધિ થાય છે. પોતે એક છે એવું જે પોતાનું એકત્વ છે એ પણ મોક્ષમાર્ગી જીવને એટલે કે સ્વરૂપનું અવલંબન કરનાર જીવને પોતાનું એકપણું અવલંબનમાં આવે છે. પોતાનું એકત્વ અવલંબનમાં આવે છે. અને તેથી એ એકપણું છે એને ભગવાન 'કુંદકુંદાચાર્યે' સુંદર કહ્યું છે. એકત્વને સુંદર કહ્યું છે.

એકત્વગત સુંદર આવે છે ને શરૂઆતની ગાથામાં ? આમ તો આ સાધારણ ગુણ છે. બધાનો–છએ દ્રવ્યનો આ સાધારણ ગુણ છે. કેમકે છએ દ્રવ્યો પોતામાં એકત્વપણે રહેલા છે. ત્રીજી ગાથાનો આ વિષય છે.

**એકત્વનિશ્ચય-ગત સમય સર્વત્ર સુંદર લોકમાં,**
**તેથી બને વિખવાદિની બંધનકથા એકત્વમાં. ૩.**

એ એકત્વ શબ્દ ત્યાં વાપર્યો છે. એકત્વગત છે એ સુંદર છે અને એ એકત્વ જે છે આત્માનું એ આત્માનું શુદ્ધ સ્વરૂપ છે કે જેમાં બીજું કાંઈ આવતાં, બીજું કાંઈ આવી તો શકતું નથી પણ ભાવથી અધ્યાસે કરીને લાવતા, ભ્રમથી લાવતા

એના એકત્વનું ભાવથી ખંડન થાય છે. દ્રવ્યથી તો સ્વભાવથી, સ્વરૂપથી તો ખંડન થઈ શકતું નથી. અને એ એને દુઃખદાયક થાય છે. વિખવાદરૂપ થાય છે એટલે દુઃખદાયક થાય છે.

કોઈ સારું કામ કરવું હોય તોપણ એક રાગવાળા જીવો હોય તો તે કામ દીપે છે. સત્કાર્યમાં બહારના સારા કાર્યમાં પણ વિખવાદ અંદરોઅંદર હોય તો એ કામ સારું લાગતું નથી. એક રાગવાળા જીવો જોઈએ. રાગમાં પણ આટલું તો જીવ ચાહે છે, જીવ ઇચ્છે છે અથવા આ પરિસ્થિતિ છે.

મુમુક્ષુ :– 'એક દેખિયે એક જાનિયે...' આમાં લાગુ પડે ?

પૂજ્ય ભાઈશ્રી :– હા. બરાબર છે. 'એક દેખિયે એક જાનીએ રમી રહીએ ઇક ઠોર, સમલ વિમલ ન વિચારીયે યહી સિદ્ધિ નહીં ઔર.' 'બનારસીદાસજી'એ ગાયું છે. એક ઉપર નિર્વિકલ્પ સમાધિ પ્રાપ્ત કરનાર જીવોનું અવલંબનપણે બહુ સારું વજન છે. એમ જ્યાં જ્યાં અંતર્મુખ થઈને અવલંબન લેનારા જીવોએ નિર્વિકલ્પ સમાધિનું વર્ણન કર્યું છે ત્યારે આત્માના એકત્વને સાથોસાથ પોકાર્યું છે. પરમાગમોમાં ઠામ ઠામ આ વિષય જોવા મળે છે.

વસ્તુનું એકત્વ છે ત્યાં એ એકત્વ પોતે જ વિસ્તારરૂપ જે અનેકપણું, વિસ્તારરૂપ જે અનેકપણું અથવા અનેકપણું કે જેનો વિસ્તાર કરી શકાય તેનાથી પ્રતિપક્ષના સ્થાને હોવાથી એનો બીજો વિસ્તાર શું થાય ? એક છે એનો બીજો વિસ્તાર શું થાય ? જે એનેકપણું છે એનો વિસ્તાર થાય. કેમકે કથનમાં તો વિસ્તાર કોનો થાય ? કે જ્યાં અનેક અનેક અનેક અનેક અનેક વાતો હોય ત્યાં અનેકને કહેવું પડે. એકને વિસ્તારથી કેમ કહેવો ? તો કહે છે, કહેવાનો બહુ પ્રશ્ન નથી. અનુભવવાનો અહીંયાં અધિકાર છે. 'અનુભવ પ્રકાશ'માં તો અનુભવનો મુખ્ય અધિકાર છે. વાત તો અનેકની પણ કહી દેશે કે આત્મામાં અનેકત્વ પણ છે. પણ નિર્વિકલ્પ સમાધિનું સ્થાન એ સ્વરૂપનું એકત્વ છે. અને તેથી જ્યાં જ્યાં અંતર્મુખ થઈને લીન થવાનો ભાવ લીધો છે ત્યાં આત્માના એકપણાને સાથે સાથે પ્રદર્શિત કરતા ગયા છે, કથનમાં એ વિષયને કહેવા જતા.

'પરમાત્મ પ્રકાશ'માં તો ગાથાએ ગાથાએ લગભગ આ એકપણું મળશે. એટલે એકપણું છે એ વિસ્તારનો વિષય નથી. એ રીતે જોતા આત્માનું એકપણું છે એ વિસ્તારનો વિષય નથી. કથનમાં પણ એ સંક્ષેપના પક્ષે જાય છે. કેમકે અહીંયાં તો એકનો વિકલ્પ પણ નિષેધ્ય છે. ૨૬ કળશ લીધા છે, 'સમયસાર' 'કર્તા-કર્મ અધિકાર'ના છેડે. આત્મા એક પણ નથી એમ કરીને ત્યાં લીધું છે. જે છે જેવો

છે ચિત્‌સ્વરૂપ જે છે તે છે. એક પણ નથી.

મુમુક્ષુ :– એકનો વિકલ્પ નથી એમ ?

પૂજ્ય ભાઈશ્રી :– હા એટલે એકનો જુદો ભેદ પાડે એવું અહીંયાં એકપણું લેવું નથી. જે એકનું અવલંબન આવતા પરિણામ એકાકાર દશાને પ્રાપ્ત થાય, જેવું સ્વરૂપ એક છે એવા એક આકારે પરિણામનું થવું, એ જ સ્વરૂપાકારે પરિણામનું થવું છે. એવું એકપણું આત્માનું સ્વભાવભૂત સ્વરૂપ છે–સત્ત્વ છે.

અહીંયાં તો તર્કથી વાત લીધી છે કે જો એવું એકપણું ન હોત તો પોતે અનેક હોત. પોતે અનેક દ્રવ્યોરૂપે હોત. પણ પોતે એક દ્રવ્યસ્વરૂપે છે તેથી પોતાના સ્વસ્થાનમાં પોતે લીન થવાનું રહે છે અને સ્વસ્થાન છોડીને પરિણામને ક્યાંય અનેક સ્થાનમાં લંબાવવાથી આત્માને સમાધિ અને સુખ નથી. અન્યમતમાં અને જૈનમતમાં આ જગ્યાએ તફાવત છે. અન્યમતમાં કોઈ બીજા પરમેશ્વરને, કોઈ બીજી વ્યક્તિને કોઈ બીજી શક્તિને સ્વીકારીને એમાં લીન થવાનો આદેશ છે, ઉપદેશ છે.

મુમુક્ષુ :– .... અહં બ્રહ્માસ્મી.

પૂજ્ય ભાઈશ્રી :– એ ભાવમાં ફેર નહિ.

મુમુક્ષુ :– ફેર ઘણો માને છે...

પૂજ્ય ભાઈશ્રી :– ફેર ક્યાં આવે ? આમ ફેર નહિ અને ફેર ક્યાં આવે ? કે જે બ્રહ્મને એ સર્વવ્યાપક માને છે.

મુમુક્ષુ :– ઊંધું માને છે.

પૂજ્ય ભાઈશ્રી :– ત્યાં ફેર કાંઈ નહિ. અહં બ્રહ્માસ્મી એમ સમજીને ઠરવા જેવું તો ખરું. વચન વિરોધ નથી. સમજણનો ફેર કાઢી નાખવો જોઈએ. એ તો આપણે પહેલેથી આ વાત ચર્ચીએ છીએ કે કોઈના વચન સાથે વિરોધ નથી. કોઈ ગમે તે વચનથી ગમે તે વાત કહે એના વચન સાથે વિરોધ નથી. એની પાછળ શું કહેવા માગે છે ? એની સમજણ શું છે ? એની યથાર્થતા અને અયથાર્થતા ઉપર વચન વિરોધવાળું છે કે વચન અવિરોધવાળું છે એમ નિશ્ચિત થાય. એ પહેલા નક્કી ન થાય.

કેમકે અહીંયાંને અહીંયાં લઈ શકાય. એક પછી તરત જ અનેક લેશે. તો એ અનેક કઈ અપેક્ષાએ છે ? કેવી રીતે આત્મા અનેક છે ? આત્મા શું બીજા અનંત દ્રવ્યોમાં પણ આત્મા અનેક થઈને રહે છે ? ત્યાં વેદાંતની અંદર શું દૃષ્ટાંત છે, કે તમે એક હજાર ઘડા અથવા લાખો ઘડા, લાખો તાંબાકુંડી... પહેલા

તાંબાકુંડીમાં ન્હાતાને ! મોઢું પહોળું હોય ને ? એ તમે મૂકો અને એક સૂર્ય ઉપર હોય. આકાશમાં એક સૂર્ય કે ચંદ્ર હોય તો બધામાં એનું પ્રતિબિંબ પડે. તો લાખો સૂર્ય દેખાય. દેખાય ? લાખો સૂર્ય દેખાય. ત્યારે એ કહે છે કે લાખો સૂર્યનું પ્રતિબિંબ છે. એ એકનું બધામાં પ્રતિબિંબ છે એટલે બધામાં એનો અંશ આવ્યો છે. પછી ત્યાંથી એમ અંશમાં ઉતારે છે. ખરેખર તો બિંબ અને પ્રતિબિંબને લેવા દેવા કાંઈ નથી. બિંબ બિંબની જગ્યાએ છે અને પ્રતિબિંબ બીજા પદાર્થની અવસ્થા છે. એ લોકો એમ લે છે કે એ એક પરમબ્રહ્મનો બધામાં, બધા દેહદેવળમાં બધા જે આત્મા જીવાત્મા આપણે કહીએ છીએ એ એકનો અંશ છે. એકના જ બધા અંશ છે. મૂળ વસ્તુ એક છે અને એક જ બધામાં વ્યાપેલો છે. આવી રીતે યુક્તિ ઘટાવે છે.

મુમુક્ષુ :– એકો અહમ્ બહુસ્યામી.

પૂજ્ય ભાઈશ્રી :– હા. એકો અહમ્ બહુસ્યામી. એવું સૂત્ર છે. એકો અહમ્ બહુસ્યામી. હું એક હોવા છતાં બધામાં હું જ છું. હું એકપણે બધામાં હું જ છું. એમ ત્યાં કહેવામાં આવે છે. અને ગીતામાં તો એ બધું ઉતાર્યું છે. જડ-ચેતનમાં પણ ઉતાર્યું છે. આ તો આપણે જીવાત્માઓની વાત લીધી એટલે ચેતનની લીધી. ત્યાં તો જડમાં પણ ઉતાર્યું છે કે વૃક્ષોમાં હું પીપળો છું, પર્વતોમાં હું હિમાલય છું, નદીઓમાં હું ગંગા છું એમ કરીને (વાતો આવે છે). અને 'અર્જુન'ને 'ગીતા' સંભળાવે છે. તો કહે પાંડવોમાં હું અર્જુન છું.

અર્જુન તો પૂછે છે. પાંડવોમાં જે અર્જૂન છે એ તો પૂછે છે કે હું મૂંઝાઈ ગયો છું, બાપલા ! મને કાંઈક રસ્તો સૂઝાડો. મારા ગાત્રો ગળે છે અને મને કાંઈ સૂઝતું નથી. એ લોકો અધ્યાત્મમાં પછી જુદી જુદી રીતે ત્યાંના પ્રવક્તાઓ પણ જુદા જુદા અર્થઘટન કરે છે. બધાનો એક અર્થ નથી. એક જ ગ્રંથ વાંચનારા અનેક અર્થ કરે છે. અને એ વેદાંતના સંપ્રદાયની એક પરિસ્થિતિ રહી કે વિભિન્ન અભિપ્રાયો જેમાં રહેલા છે અને કેટલાક વિભિન્ન અભિપ્રાયો પરસ્પર વિરુદ્ધ હોવા છતાં જેની પરસ્પરની તુલનાનો અભાવ જોવામાં આવે છે કે આ પરસ્પર વિરુદ્ધતા કેમ છે ?

એક જ અભિપ્રાય યજ્ઞ-યાગાદિ ક્રિયાઓ સ્થાપે. પૂર્વ મીમાંસા, ઉત્તર મીમાંસા એ બે મીમાંસા છે ત્યાં. એનો એક વિભાગ ઉત્તર મીમાંસાનો એવો છે જેમાં યજ્ઞ-યાગાદિ ક્રિયાઓના આરંભ-સમારંભ અનેક પ્રકાર લીધા છે. એક જગ્યાએ પાછું બિલકુલ એથી વિરુદ્ધ વાત આવે. એવી જ રીતે સાંખ્યનો અભિપ્રાય છે એ આપણા નિશ્ચયનયના વિષયભૂત જે ભાવ છે એને મળતો પ્રકાર છે. કેટલોક, સાંગોપાંગ નહિ. કેમકે કેટલોક અંશ જ પકડ્યો છે. અને પરિણામનો વિષય પાછો જે આપણે

સાથે લઈએ છીએ એ બિલકુલ ત્યાં જડ પ્રકૃતિ સ્વભાવ ગણવામાં આવ્યો છે અને જડ-ચેતન આપસમાં મળીને સંયોગથી કેટલાક કામ કરે છે. એમ પરસ્પરનું મિલન પણ ગણવામાં આવ્યું છે. એમ વસ્તુવિજ્ઞાનની દૃષ્ટિએ કેટલીક વાતો મેળ ખાતી હોવા છતાં ઘણી વાતો મેળ ખાતી નથી.

એટલે જૈનાચાર્યોએ ક્યાંક એવું પણ કહ્યું છે કે જેમ હાથી જુદા જુદા અંધ મનુષ્યોને જુદા જુદા અંગ ઉપાંગ વડે પોતાના હાથમાં આવેલા, ચક્ષુ દ્વારા નહિ જણાયેલા અને હાથમાં આવેલા અંગ-ઉપાંગ સ્વરૂપે કલ્પવામાં આવે છે. તેમ જેની જેટલી બુદ્ધિ જે નયના વિષયમાં લાગી તેવો તેવો આત્મપદાર્થ તેમણે વિચાર્યો, સમજ્યો, માન્યો, સ્વીકાર્યો પણ ખરેખર અનંત નયોના વિષયભૂત જે અનંત ધર્મો છે, એ અનંત ધર્મો સ્વરૂપ એક અખંડ અભેદ આત્મસ્વરૂપ છે. તેથી આત્મા એક સ્વરૂપે પણ છે અને તેથી એ બધા ધર્મોની અપેક્ષાએ આત્મા અનેક સ્વરૂપે પણ છે. મુખ્ય ભેદ લઈએ તો દ્રવ્ય-ગુણ-પર્યાયના ભેદ પણ એની અનેકતાને સૂચવે છે. તોપણ વસ્તુસ્વરૂપે આત્મા પોતાની અખંડિતતા અને એકત્વતા ગુમાવીને, છોડીને અનેકત્વપણું ધારણ કરતો નથી.

એક તો જેટલા કોઈ પ્રસિદ્ધ અન્યમતો છે તેમાં જે આત્મસ્વરૂપનું નિરૂપણ છે અને અહીંયાં જે ભેદથી અને અભેદથી જૈનાગમમાં જે આત્મસ્વરૂપનું નિરૂપણ છે એ બે વચ્ચેનો તફાવત જો સમજાય, ત્યારે એને હજી આગમ અનુસાર વસ્તુનું સ્વરૂપ સમજાયું છે. માત્ર આગમ અનુસાર વસ્તુનું સ્વરૂપ સમજાય જાય એટલે એ કામ પૂરું થઈ ગયું એમ પણ નથી. એ તો ગૃહીત મિથ્યાત્વ એટલે કે વસ્તુના સ્વરૂપ સંબંધીની કલ્પનાના નિવારણનો પ્રસંગ છે, ત્યાં સુધી તો. હવે અગૃહીત મિથ્યાત્વ પણ ત્યાં સુધી હોય છે. જ્યાં સુધી સમજમાં આવે કે જિનાગમ આમ કહેવામાં માગે છે કે આત્મા આવો છે. તેવું દ્રવ્ય-ગુણ-પર્યાયથી ગુણ-ગુણી ભેદથી, ઉત્પાદ-વ્યય-ધ્રુવથી વસ્તુનું સ્વરૂપ ખ્યાલમાં આવે ત્યાર પછી પણ એના મૂળ સત્વને એના શુદ્ધ સ્વરૂપને અવલંબવાનો પુરુષાર્થ એક જુદી સ્વતંત્ર ચીજ છે.

એક વિચારણીય વિષય એ છે, કેટલી એ જુદી અને સ્વતંત્ર ચીજ છે. જેટલા સમ્યગ્દૃષ્ટિ જીવો થાય છે તે તમામ સમ્યગ્દૃષ્ટિ જીવોને સમ્યગ્દર્શન હીનાધિકપણે હોતું નથી. કોઈનું સમ્યગ્દર્શન નાનું અને કોઈનું સમ્યગ્દર્શન મોટું, કોઈનું સમ્યગ્દર્શન અધિક અને કોઈનું સમ્યગ્દર્શન હીણું એવું સમ્યગ્દર્શનમાં તો બનતું નથી. ચાહે સિદ્ધ પરમાત્માનું સમ્યગ્દર્શન હો કે એક તિર્યંચનું સમ્યગ્દર્શન હો, સમકિતીની અપેક્ષાએ બંને સરખા સમકિતી છે. તોપણ ચોથા ગુણસ્થાને, પાંચમા ગુણસ્થાને,

છઠ્ઠા ગુણસ્થાને એ સમકિતી જીવો આવે છે અને એક જ ગુણસ્થાનમાં પણ તારતમ્ય ભેદે અસંખ્ય પ્રકાર જોવામાં આવે છે.

દરેકના જ્ઞાનની શક્તિનો (વિકાસ) જુદો, દરેકની ચારિત્ર શક્તિનો વિકાસ જુદો. જ્ઞાનશક્તિનો વિકાસ જુદો. પુરુષાર્થ શક્તિનો વિકાસ પણ ભિન્ન ભિન્ન જોવામાં આવે છે. એકસરખો બધાને હોતો નથી. સમકિત સરખું અને સમકિતનો વિષયભૂત આત્મા પણ સરખો. જે સિદ્ધ પરમાત્માને પોતાનો આત્મા સમ્યગ્દર્શનના વિષયભૂત છે એવડો ને એટલો જ આત્મા ઠીક બિલકુલ ચોથા ગુણસ્થાને કોઈપણ સમકિતીને છે. પાંચમાં ગુણસ્થાને કોઈપણ સમકિતીને છે. છઠ્ઠા-સાતમાં ગુણસ્થાને કોઈપણ સમકિતીને છે. એવડો જ આત્મા છે. કોઈને નાનો મોટો વિષય થાય છે ? ઓછો-વત્તો વિષય થાય છે ? હિનાધિક વિષય થાય છે ? સમ્યક્‌માં નહિ. છતાં પુરુષાર્થ સ્વતંત્ર ચીજ છે. દરેકનો પુરુષાર્થ સરખો હોતો નથી. બધા સમકિતીનો પુરુષાર્થ સરખો હોય તો તો બધાનું એક જ ગુણસ્થાન રહે. એવું બનતું નથી. એક સ્વતંત્ર વસ્તુ છે. એ ગુણની સ્વતંત્રાને સિદ્ધ કરે છે. એ પુરુષાર્થના તે પ્રકારના પરિણમનને જોતાં એ ગુણની સ્વતંત્રાને સિદ્ધ કરે છે. અહીંયાં પ્રત્યેક ગુણ લીધા છે ને ? એ ગુણની સ્વતંત્રતાને સિદ્ધ કરે છે.

મુમુક્ષુ :– આગમ બરાબર જાણે તો ગૃહીતનો નાશ થાય પણ અગૃહીત (મિથ્યાત્વના નાશ) માટે...?

પૂજ્ય ભાઈશ્રી :– અગૃહીત માટે એને અંતર અવલંબનનો સ્વતંત્ર પુરુષાર્થ ઉત્પન્ન થવો ઘટે છે. જેટલો પુરુષાર્થ એટલું કાર્ય. બીજું કાંઈ નહિ. જેટલો અંતર્મુખનો પુરુષાર્થ એટલી કાર્યની સિદ્ધિ. એટલે તો 'પૂજ્ય બહેનશ્રી' એ કીધું ને, પર્યાયે પર્યાયે પુરુષાર્થની જરૂર પડે છે. જગતમાં લોકો એમ કહે છે કે પગલે પગલે પૈસાની જરૂર પડે છે. પૈસા વિના ચાલતું નથી. મોક્ષમાર્ગમાં તો પર્યાયે પર્યાયે પુરુષાર્થની જરૂર પડે છે. એવું પુરુષાર્થની સ્વતંત્રતાનું સ્વરૂપ છે. એ સ્વીકારવું જોઈએ. જેવું છે એવું સ્વરૂપ સ્વીકારવું જોઈએ.

મુમુક્ષુ :– એ તો એમ કહે છે કે પર્યાયે પર્યાયે 'ગુરુદેવ'નો ઉપકાર છે, એમાં શું કહેવા માગે છે ?

પૂજ્ય ભાઈશ્રી :– એટલે અમારી પર્યાયમાં પ્રત્યેક પર્યાયમાં જે શુદ્ધતા વર્તી રહી છે, તેમાં નિમિત્ત એ થયેલા છે. નિમિત્ત એ થયેલા છે એટલે અમારી પ્રત્યેક પર્યાય નૈમિત્તિક છે. એમાં એમનો સંબંધ જોડીએ છીએ. નિમિત્ત નૈમિત્તિક સંબધથી વાત છે. ઉપકારનો વિષય નિમિત્ત-નૈમિત્તિકથી છે. કોઈ દ્રવ્ય કોઈ દ્રવ્યમાં કામ કરે

છે એ તો વસ્તુની સ્થિતિમાં નથી.

મુમુક્ષુ :– જે વખતે નિમિત્ત થયા તે વખતે થયા ને ? આ તો પર્યાયે પર્યાયે નિમિત્ત કહે છે.

પૂજ્ય ભાઈશ્રી :– એ તો છે. જ્યાં 'પૂજ્ય બહેનશ્રી'એ 'ગુરુદેવ'ના ગુણાનુવાદ કર્યા છે, ઉપકાર પ્રશંસા કરી છે, ઉપકાર ગાયો છે ત્યાં એ વાત કહી છે કે અમારી પર્યાયે પર્યાયે એમનો ઉપકાર છે. આ આત્માની પ્રત્યેક પર્યાયમાં 'ગુરુદેવ'નો ઉપકાર છે. છે. વાંચ્યું છે ? 'પરમાગમસાર' તો પહેલું પ્રસિદ્ધ કર્યું ને ? 'પરમાગમસાર'નું સંકલન થયું ત્યારે 'ગુરુદેવ' પ્રત્યેના બે શબ્દો, 'ગુરુદેવ'ના વચનામૃતનો ગ્રંથ છે એટલે 'ગુરુદેવ' પ્રત્યેના બે શબ્દો લખી આપવાની વિનંતી કરી હતી. ત્યારે એમણે આ શબ્દો લખી આપ્યા છે. પછી તો આપણે વચનામૃત પ્રવચનોમાં પણ આ નાખ્યા છે. પણ પહેલુંવહેલું આ વખતે તબિયત ઘણી નબળી હતી અને થોડું થોડું કરીને ગમે ત્યારે પણ લખી નાખ્યું. લખી શકાય તો (એમ કરીને) વિનંતી કરી હતી. એમાં એમણે પહેલા Paragraphમાં આ વાત કરી છે.

**'હે પરમકૃપાળુ ગુરુદેવ ! આપના અપાર ગુણોનું શું વર્ણન કરું ? આપના અનંત ઉપકારોનું પણ શું વર્ણન કરું ?'** હવે લખે છે કે **'આ આત્માની દરેક પર્યાયમાં આપનો અસીમ ઉપકાર છે.'** જે 'દિ સમ્યગ્દર્શન થયું તે 'દિ આ આત્માની તે પર્યાયમાં ઉપકાર હતો તો અત્યારે નથી ? કયા સમયે નથી ? ન્યાય ખ્યાલમાં આવે છે ? તે 'દિ થઈ ગયો ઇ થઈ ગયો, હવે પતી ગઈ એ વાત.

મુમુક્ષુ :– ધારા ચાલુ જ છે ?

પૂજ્ય ભાઈશ્રી :– ચાલુ જ છે. સમજાય જાય એવું છે. વેપારી છો એટલે સમજાય જશે. ખરે વખતે એક માણસે એવી મદદ કરી કે તમારી પાસે ખરી જરૂરિયાત હતી. કોઈ 'દિ ઊભા ન થઈ શકત. એવો કોઈ પ્રસંગ હતો કે આર્થિક રીતે ઊભા ન થઈ શકે જિંદગીભર અને એમાં કોઈએ એવી ઠેસ મારી દીધી કે તમે બચી ગયા અને અત્યારે કરોડો-અબજો શ્રીમંત થઈ ગયા, અબજોપતિ શ્રીમંત થઈ ગયા. તો ઉપકાર ગયો ? તે 'દિનો ઉપકાર વયો ગયો ? પાયામાં તો એ ચીજ રહી છે.

મુમુક્ષુ :– ...

પૂજ્ય ભાઈશ્રી :– એવા નગુણા જીવો હોય છે એ પણ ભૂલી જાય. એવું તો બને પણ હવે એનો કાંઈ દાખલો લેવાય આપણે ? એનો દાખલો ન લેવાય ને. અત્યારે તો આ... આમાં તો શું છે કે આ તો અનંત જન્મ-મરણ છૂટ્યા એ

પ્રકાર છે.

બીજી વાત લઈએ. બહુ વિચારવા જેવો વિષય છે. થોડું વિષયાંતર થાય છે. પૂર્વ ભવમાં પોતે પામેલા છે. 'સીમંધર' ભગવાનના સમવસરણમાં જતા હતા અને ભગવાનના ઉપદેશથી પામેલા છે. સીધા જિનેન્દ્રના ઉપદેશથી ત્યાં પામ્યા છે. પાછા ત્યાં ચ્યુત થયા છે. અહીંયાં ફરીને પામ્યા છે. એટલો જ પુરુષાર્થ કરવો પડ્યો. જેટલો પુરુષાર્થ પહેલું પામવા માટે કરવો પડ્યો એટલો જ, પુરુષાર્થ તો એટલો જ કરવો પડ્યો. દાખલો લઈએ છીએ ને ?

એક તોલું સોનું લેવા આજે જઈએ તો ૨૫૦૦ રૂપિયા દેવા પડે. બીજા દિવસે નાણાવટી બજારમાં જઈએ. બીજો એક તોલું સોનું આપો તો એ બીજા ૨૫૦૦ માગે. કે Concession આપી દે ? કે આજ ૫૦૦ ઓછા આપશો તો ચાલશે. કાલે તમે લઈ ગયાને ? આજ તો હવે તમે બીજું લેવા આવ્યા ને. એટલી જ કિંમત દેવી પડે છે. બીજી ઓછી-વત્તી કિંમત એમાં ચાલતી નથી. પુરુષાર્થ છે એ વસ્તુને હાંસલ કરવાનું કામ કરે છે. વસ્તુની પ્રાપ્તિ એ પુરુષાર્થ દ્વારા થાય છે. તો એટલો જ પુરુષાર્થ કરવો પડે છે.

(એમના ભાઈ) સાથે પહેલી વખત બે વર્ષ પહેલા 'વઢવાણ' ગયા ત્યારે એ વાત કરતા હતા કે 'બહેનશ્રી'નું નાની ઉંમરમાં પંદર વર્ષથી તે... અઢાર વર્ષે પામ્યા છે. પંદર વર્ષથી એમની વિચારણા અને લગની શરૂ થઈ છે. પંદર, સોળ, સત્તર વર્ષ સુધીમાં કેવી પ્રાપ્ત કરવા માટેની ધગશ અને તમન્ના હતી, તાલાવેલી હતી અને કેવો પુરુષાર્થ હતો એનું એ વર્ણન કરતા હતા. ત્યારે અમારી ચર્ચા ચાલી કે પૂર્વ ભવમાં પામ્યા છે તો અત્યારે પાછી કેટલી મહેનત પડી છે. કેટલી મહેનત પડી છે ? કે જેટલી મહેનત પહેલી વખત કરવી પડે એટલી જ મહેનત ત્યાં આવી છે.

એ એમ સૂચવે છે છતાં એમ નથી કહેતા કે મેં મારી મહેનતથી પ્રાપ્ત કર્યું, મારા પુરુષાર્થથી પ્રાપ્ત કર્યું છે, એમ કહ્યું અહીંયાં ? જ્યાં વ્યવહાર-વિવેકનો વિષય આવે છે ત્યારે કોની પાસેથી સાંભળ્યું અને આ મહેનત કરવાની સ્ફુરણા થઈ અને કરી મહેનત. પણ સાંભળ્યું કોની પાસેથી ? એ વાતને પણ ઉપકારમાં છોડી દેવામાં આવતી નથી. એ છોડી દેવામાં નથી આવતી. ઉપકારનો વિષય એ બહુ અલૌકિક છે !

સામાન્ય રીતે પંડિતો, વિદ્વાનો અને લૌકિકજનો ગણતરીબાજો ન સમજી શકે એવો આ વિષય છે. ગણતરીબાજો ન સમજી શકે. ગણતરીબાજો તો એમ ગણતરી કરે કે અરિહંતની ભક્તિ કરીએ એના કરતા છદ્મસ્થ નિર્ગ્રંથ ગુરુની ભક્તિ ઓછી

કરાય અને નિર્ગ્રંથ ગુરુની ભક્તિ કરીએ એના કરતા શાસ્ત્રની અને સમકિતીની ઓછી કરાય. શાસ્ત્રની એથી ઓછી કરાય, અને સમકિતીની એથી ઓછી કરાય. આવા એક ગણના કરવામાં (ભૂલ કરે છે). કેમકે પદ ઊંચા છે ને ! માટે ગણતરી એની (એમ કરે કે) ભક્તિ પણ એવી એવી ઊંચા ઊંચા સ્તરે થવી જોઈએ. આની નીચા સ્તરે થવી જોઈએ. આની ઊંચા સ્તરે થવી જોઈએ. અને સામાન્ય બુદ્ધિમાં આ વાત બેસી જાય. આમ સમાજને સામાન્ય બુદ્ધિમાં આ વાત બેસી જાય.

અમારે ઝઘડો ચાલ્યો હતો પૂજ્ય અને પરમ પૂજ્યનો સમજ્યા ? પરમપૂજ્ય કેમ લખો છો ? પરમ પૂજ્ય મુનિને લખાય. સમકિતીને માત્ર પૂજ્ય લખાય. એવી ચર્ચા ચાલી હતી.. એની સામે એક બહુ સરસ આધાર મળે છે–'શ્રીમદ્જી'નો. 'શ્રીમદ્જી' પત્રાંક નંબર ૨૫૪માં એમ કહે છે. ૨૫૪ નંબરનો પત્રાંક છે. મુમુક્ષુની યોગ્યતાને અવરોધરૂપ થનારા, બાધક થનારા ત્રણ કારણોમાં આ એક બહુ પ્રધાન મુખ્ય કારણ છે. ત્રણેયમાં આને મુખ્ય કારણ ગણ્યું છે. આ અવરોધક કારણ ગણ્યું છે અને મુખ્ય અવરોધક કારણ લીધું છે. આવો ખુલાસો શાસ્ત્રમાંથી ગોતવો મુશ્કેલ પડે એવો આ ખુલાસો છે. કેમકે શાસ્ત્રો રચનારાઓ મુખ્યપણે આચાર્યો અને મુનિઓ છે. એને સમકિતીના વિષયમાં આટલું બધું સ્પષ્ટીકરણ કરવાનો પ્રસંગ ક્યાંથી હોય ? એ વિષય ચાલે નહિ. અહીંયાં તો કુદરતી જ્ઞાનીઓને આ કાંઈક કહેવા યોગ્ય લાગ્યું. મુમુક્ષુઓ પ્રત્યે આ સૂચન અને માર્ગદર્શન કરવા જેવું એમને લાગ્યું. મૂળ કાઢીએ આપણે ? અહીંયાં તો ગ્રંથ છે પછી ક્યાં સવાલ છે. ૨૪માં વર્ષમાં સમ્યગ્દર્શન થયા પછી એમણે આ વાત લખી છે.

મુમુક્ષુ :– ....

પૂજ્ય ભાઈશ્રી :– પાછું કોઈ તર્ક-વિતર્ક ન કરી જાય. સમ્યગ્જ્ઞાનની ભૂમિકામાં રહીને લખ્યું છે.

**'સત્પુરુષમાં જ પરમેશ્વરબુદ્ધિ...'** પત્રાંક નંબર ૨૫૪, વર્ષ ૨૪મું. પત્રો જોતાં સમ્યગ્દર્શન તો એમને લગભગ કારતક મહિનામાં થઈ ગયું છે. આ અષાઢ મહિનાનો પત્ર છે. **'સત્પુરુષમાં જ પરમેશ્વરબુદ્ધિ એને જ્ઞાનીઓએ પરમધર્મ કહ્યો છે.'** આવું વચન આ જગ્યાએ પડ્યું છે. અને એ બુદ્ધિ પરમ દૈન્યત્વ સૂચવે છે. પરમ દીનપણું, પરમ વિનયપણું. ઉપકાર થાય ત્યારે દીનપણું આવે છે ને ? આપના ઉપકાર તળે હું દબાયેલો છું. એમ માણસ કહે છે ને ? પરમ દીનપણું સૂચવે છે. આટલા શબ્દો પડ્યા છે.

આ કોઈ કલ્પના નથી, કોઈ અતિશયોક્તિ નથી, આ એક વાસ્તવિક્તા છે.

જ્યારે જે સત્પુરુષનું વચન જે મુમુક્ષુને સ્વસંવેદન પ્રગટાવવામાં નિમિત્ત પડે છે, જે જ્ઞાનની જ્યોતના નિમિત્તે ઉપજી એ જ્ઞાનની જ્યોત પ્રજ્વલિત થાય છે–પ્રદિપ્ત થાય છે. એ જ સમજે છે કે આને પરમાત્મા હું કેમ કહું છું ? જે કામ પરમાત્મા કરે, આ કામ નિમિત્તપણે મારા માટે આણે કર્યું છે. માટે મારો તો આ પરમાત્મા છે. એ એની વાસ્તવિક્તા છે. આ અતિશયોક્તિ નથી કરી લખનારે.

ચોવીસમે વર્ષે તો હજી જ્ઞાની થયા છે પોતે. બીજા મુમુક્ષુઓને માત્ર માર્ગદર્શન છે આ તો. બીજાને તો ખબરેય નહિ પડી હોય કે આમને ક્યારે થયું અને ક્યારે ન થયું. એવું કાંઈ કહેવા જાય ? કે આ તિથિએ થયું છે. કહેવા ન જાય. અરે...! કેટલાને તો તિથિ યાદ નથી રહેતી. કેમકે લક્ષ નથી. તારીખ યાદ ન રહે. ક્યારે થઈ ગયું એ યાદ રાખીને શું કામ છે ? થયું એની મસ્તીમાં એ પડ્યા છે.

મુમુક્ષુ :– ઇસકા મતલબ તો યહ હુઆ કિ જબ તક પરમેશ્વરબુદ્ધિ નહીં આવે. જિસ પર્યાયમેં યહ પરમેશ્વરબુદ્ધિ છૂટ જાયે, પાને કે બાદ, વહ વાપસ ચ્યુત હો જાતા હૈ ?

પૂજ્ય ભાઈશ્રી :– વહ તો સવાલ હી નહીં. હટ જાયે તો તો છૂટ હી જાય ને ? અનાદર થઈ ગયો ને એ તો. અનાદર થઈ ગયો. અવિનય થઈ ગયો.

મુમુક્ષુ :– ઇસલિયે પર્યાયમેં ઉપકાર માનતા હૈ.

પૂજ્ય ભાઈશ્રી :– પર્યાયે પર્યાયે ઉપકાર વર્તે છે. આ પર્યાય કેમ ચાલે છે, આ સ્થિતિ કેમ રહી છે ? એનું મૂળ ક્યાં છે ? બધી ખબર–ભાન વર્તે છે. એ તો દૃષ્ટાંત આપ્યું, શ્રીમંત થઈ ગયો એનું. એ એક એવો વિષય છે.

પૂર્વગ્રહ બહુ કામ કરે છે. 'સોનગઢ'માં વાંચન કર્યું ત્યારે આ વિષય શરૂઆતમાં લીધો હતો પાંચ-દસ મિનિટમાં. શરૂઆતના પાંચ-દસ મિનિટમાં. ઘણા એવા જીવો અત્યારે મળે છે કે અમે ભૂતકાળમાં 'કાનજીસ્વામી'ને સાંભળવા આવ્યા હતા. પણ આ કાંઈ ખ્યાલ નહિ ને પછી એમને એમ પછી સાંભળી લીધું. મોટાભાગનું તો સમજાતું નહોતો. કેમકે એક તો વિષય અજાણ્યો. નવા નવા આવ્યા હોય. સૌ જ્યારે પહેલા આવ્યા હોય ત્યારે તો નવા નવા આવ્યા હોય, વિષયથી અજાણ હોય. ત્યાં તો જે પરમાગમ ચાલતું હોય એના ઉપરના 'ગુરુદેવ'ના અધ્યાત્મરસ ભરપૂર પ્રવચનો ચાલતા હોય. અધ્યાત્મનો વિષય અજાણ્યો, આગમોનો વિષય અજાણ્યો. અપેક્ષાઓ અને વિવિક્ષાઓ નવા માટે તો અજાણ્યા હોય. હવે એ એનો પૂર્વગ્રહ છે. શું એનો પૂર્વગ્રહ છે ? કે કોને ખબર શું કહેતા હશે ? કોને ખબર સત્ય કહેતા હશે કે અસત્ય કહેતા હશે ? કોને ખબર શું વાત ચાલે છે ? એને આદર અને

પ્રતીતિ, પ્રતીતિ સહિતનો આદર આવવાનું કારણ તો એની પાસે કોઈ નથી. એવો એક પૂર્વગ્રહ ઊભો છે. અને જીવ સાંભળે છે. એને કાંઈ લાભ થવાનું કારણ ? કાંઈ લાભ ન થાય.

'ગુરુદેવ'ના ઉપકારવર્ણનમાં એ વાત તે દિવસે લીધી હતી કે 'ગુરુદેવે' સ્વયં આત્મા સંભળાવીને તો અનંતો ઉપકાર કર્યો જ છે, પણ એક બીજો ઉપકાર કર્યો કે આ જ્ઞાની છે એમ કહેતો જાઉં છું. 'પૂજ્ય બહેનશ્રી'નો નિર્દેષ કરીને કહેતા એમ કહ્યું કે હું કહેતો જાઉં છું કે આ જ્ઞાની છે. હવે એમાં શું છે કે આખો પૂર્વગ્રહ પલટાવવાનો સંકેત છે. જો તું સત્પુરુષને એ જ્ઞાની છે, ઉપકાર થાય તો પરમાત્માતુલ્ય ઉપકાર થાય–જિનેન્દ્ર તુલ્ય ઉપકાર થાય. 'પ્રત્યક્ષ સદ્‌ગુરુ સમ નહિ.' સદ્‌ગુરુ એટલે સત્પુરુષ છે. 'પરોક્ષ જિન ઉપકાર.' એવી સ્થિતિ છે જ્યાં. પરોક્ષ જિનેન્દ્રની વાણી અને પ્રત્યક્ષ સત્પુરુષમાં આટલો મોટો આંતરો છે કે જેની બરાબરી પણ ન કરી શકાય. એ કહેતો જાઉં છું. એ એક બીજો વધારાનો ઉપકાર કર્યો છે. પૂર્વગ્રહ તોડવા માટે.

કમનસીબે પૂર્વગ્રહ રહી જાય કે થઈ જાય તો એ બહુ મોટી કમનસીબી છે પણ ખરેખર સંકેત એમાં આ છે કે જીવ પરમ આદરથી પોતાના હિત માટે જો પ્રત્યક્ષ પરિચય કરે તો એ પ્રત્યક્ષ પરિચય બહુ મોટી વાત છે, બહુ મોટી વાત છે.

એમના જ શબ્દોમાં ૨૪મા વર્ષમાં વિચારવા જેવો એક વિષય બહુ સારો આવ્યો છે. એ સત્સંગને બહુ ચાહતા હતા. આવા કોઈ સત્પુરુષનો સંગ મળે એ સમ્યગ્દર્શન થયા પછી પણ એમની ઇચ્છા બહુ પ્રબળ રહી છે. જાતિસ્મરણજ્ઞાન હોવાને લીધે ભૂતકાળમાં જે સત્સંગ આરાધિત એમને હતો એ સ્મરણમાં આવતા એમને સત્સંગ પ્રત્યેની આ દુષમકાળમાં–પંચમકાળમાં ઘણી ખોટ સાલી છે. એના ઉદ્‌ગારો છે આ.

**'મન મેલાપી સત્સંગ...'** પત્રાંક નંબર ૨૬૯, ભાદરવા વદ ત્રીજનો આ પત્રાંક છે. 'વવાણિયા'થી લખે છે કે **'મન મેલાપી સત્સંગ વિના કાલક્ષેપ થવો દુર્લભ છે.'** અમારો તો સમય વીતવો દુર્લભ છે. કેમ કાળ જાશે આ ? કોઈ સત્સંગ નથી અત્યારે. આવું લખે છે. **'મોક્ષથી અમને સંતની ચરણ-સમીપતા બહુ વહાલી છે.'** શું કહ્યું ? મોક્ષ તો અંતિમ ધ્યેય છે. જ્યાં એની–સાધકદશાની Boundry લાગે છે. આ Over bound વાત કરી છે. સત્સંગને કેટલું પ્રાધાન્ય એમણે આપ્યું છે ! મુમુક્ષુની ભૂમિકામાં સત્સંગ કેવો મહત્વનો ભાગ ભજવે છે ! કાં તો જીવ તરી જાય અને કાં તો જીવ ડૂબી જાય. આ મોકો છે એને. આમ તો ડૂબતો ડૂબતો ગળકા ખાતો સંસારમાં જન્મ-મરણ કરી રહ્યો છે જીવ, પણ તરવા માટે પાર થવાને

કિનારા પાસે આવ્યો એ મુમુક્ષુતા છે એની. એને નિજ કલ્યાણની ઉત્કૃષ્ટ ભાવના થઈ તો કિનારે આવ્યો. એ કિનારામાં એને આ એક જબરદસ્ત વસ્તુ મળે છે. આ સાચો કિનારો મળે છે. જેને પકડી રાખી શકે છે. કે **'મોક્ષથી અમને સંતની ચરણ-સમીપતા બહુ વહાલી છે.'** આટલું એક વાક્ય નાખી દીધું છે. એટલે કે અત્યારે તો મોક્ષ તો ક્યાંથી અત્યારે મળી જવાનો હતો ? આ તો જઘન્ય દશા વર્તે છે. મોક્ષનું તો જ્ઞાન થયું છે. જ્યારે સમ્યગ્દર્શન થયું ત્યારે મોક્ષતત્ત્વનું જ્ઞાન થયું. દેખાય છે કે મોક્ષ દૂર છે હજી. આ દશામાં સાધન જે ચાલે છે એના પ્રમાણમાં અનંતગુણ મોક્ષની દશા છે. તો હવે આ દશાથી ખસી ન જવાય અને આગળ વધાય (તે અર્થે) અમને સંતચરણની સમીપતા બહુ વ્હાલી છે. મોક્ષથી પણ વહાલી છે અત્યારે તો, એમ કહે છે, ઠીક !

મુમુક્ષુ :– 'સોગાનીજી' એવું કહેતા કે અનંત તીર્થંકરથી અધિક છે.

પૂજ્ય ભાઈશ્રી :– અનંત તીર્થંકરથી અધિક છે જે વાત લેવી છે એ અહીંયાં લીધી છે. એ તો બધા જ્ઞાનીનો એક સૂર નીકળે છે. પકડો તો. એવી વાત લીધી છે. 'સોગાનીજી'એ જે કહ્યું, અનંત તીર્થંકરથી અમને અત્યારે આ અધિક છે. એમ આ મોક્ષથી પણ સંતચરણની સમીપતા અમને અહીંયાં વધારે વ્હાલી લાગે છે. કેમકે અમારું અત્યારે જે પ્રયોજન છે એની સાથે આનો સીધો સંબંધ છે.

મુમુક્ષુ :– અનેક તીર્થંકર કરતાં સાક્ષાત્ પ્રતિમા અધિક છે એમ આવે છે...

પૂજ્ય ભાઈશ્રી :– સાક્ષાત્ પ્રતિમા અધિક છે એમ નથી લીધું. આ વિષયને મળતું તો નથી કાંઈ મળતું. બીજી એક વાત અહીંયાં નજીક છે એટલે સાથે સાથે થોડી વિચારી લઈએ છીએ. મહત્ત્વનો જરા વિષય છે, એ છે પત્રાંક નંબર ૨૭૨.

સામાન્ય રીતે સત્પુરુષનું બાહ્યાચરણ છે એ બાહ્યાચરણ મુમુક્ષુને નિર્ણય રહેવામાં– નિર્ણય અચળપણે સ્થિર રહેવામાં કદાચ મુશ્કેલી ઊભી કરે, એ પ્રકાર હોય છે. અવિરત સમ્યગ્દષ્ટિ છે ને ? સંયમ, નિયમ કાંઈ બહારમાં જોવામાં ન આવે. વિકલ્પ તો પૂર્વકર્મ અનુસાર આવે. બહારનો પ્રવૃત્તિયોગ પણ પૂર્વકર્મ અનુસાર હોય કે જે અજ્ઞાનભાવે બાંધેલા છે. અનેક પ્રકારના આડા-અવળા માઠા કર્મ છે. એને સંબંધમાં થોડું માર્ગદર્શન અહીંયાં બહુ Important આપ્યું છે.

**'જે મહત્ પુરુષનું ગમે તેવું આચરણ પણ વંદન યોગ્ય જ છે.'** આમ લખ્યું છે. **'જે મહ્ત પુરુષનું ગમે તેવું આચરણ પણ વંદન યોગ્ય જ છે. એવો મહાત્મા પ્રાપ્ત થયે નિઃસંદેહપણે,...'** વર્તવું જોઈએ. એવો મહાત્મા પ્રાપ્ત થયે મુમુક્ષુએ નિઃસંદેહપણે વર્તવું જોઈએ. પણ નિઃસંદેહપણે ન જ વર્તી શકાય તેમ તે વર્તતો

હોય. કોણ ? સત્પુરુષ, મહાત્મા. શંકા પડે એવી સ્થિતિમાં વર્તતો હોય તો તે કાળે મુમુક્ષુએ કેવી દૃષ્ટિ રાખવી ? આ વાત સમજવા જેવી છે. આમ વાત નાખી છે. આટલા શબ્દ વાપર્યા છે. **'કેવી દૃષ્ટિ રાખવી ? એ વાર્તા સમજવા જેવી છે.'** પત્ર પૂરો કરી નાખ્યો છે. **'લિ. અપ્રગટ સત્'** શું કહ્યું ? પોતાને પ્રસિદ્ધિ નથી. તો કહ્યું, **'લિ. અપ્રગટ સત્'** આટલી વાત મૂકી દીધી છે. બહુ મહત્ત્વની વાતો કરતા ગયા છે.

મુમુક્ષુ :– સમજવા જેવું બધું કહી દીધું.

પૂજ્ય ભાઈશ્રી :– બધું કહી દીધું. જો જે કાંઈ ભૂલ થઈ જાય નહિ તારાથી. ઓઘસંજ્ઞા પણ છોડીશ નહિ. ન ઓળખી શક તો ઓઘસંજ્ઞા પણ છોડીશ નહિ. એટલે તો 'ગુરુદેવે' કહ્યું, તત્ત્વ કદાચ ઓછું સમજતા હશે તો ચાલશે પણ પકડી રાખજે. નહિ પકડી રાખ તો ગયો તું. એ જે ભલામણ કરી છે એ બધી આવા સંદર્ભમાં કરી છે.

મુમુક્ષુ :– ગમે તેવું આચરણ હોય તો એ જોવું નહિ. એમ કહીને સત્પુરુષને એમ કહેવું છે ને કે એની શ્રદ્ધા શુભાશુભથી પર એવી છે ?

પૂજ્ય ભાઈશ્રી :– શુભાશુભ પરિણામ અને શુભાશુભ પ્રવૃત્તિની મુખ્યતામાં એમની મૂળ પરિણતિ તારી સમજણમાંથી અને તારા વિશ્વાસમાંથી પ્રતીતિમાંથી ચાલી જવી જોઈએ નહિ. એમ કહેવું છે. પરિણામના ત્યાં બે વિભાગ છે. સાધક અધિકારમાં મિશ્રધર્મ છે. તો મૂળ પરિણતિ છે એ તો શુદ્ધાત્મ પરિણતિ, વીતરાગ પરિણતિ છે. અને ઉત્તર પરિણતિ છે એ શુભાશુભ ઉપયોગરૂપ છે. મૂળ તું છોડી દઈશ અને ડાળે પાંખડે ટીંગાવા જઈશ તો જઈશ હેઠો. મૂળે વળગી રહેવું જોઈએ. બહુ માર્ગદર્શન ગજબનું આપ્યું છે એમણે !

મુમુક્ષુ :– પૂર્વે આરાધના કરી હોય.... એમને પોતાને જાતિસ્મરણજ્ઞાનથી આ વાત ખ્યાલમાં છે. છતાં 'ગુરુદેવ'નો પર્યાયે પર્યાયે ઉપકાર કહે છે..

પૂજ્ય ભાઈશ્રી :– પણ વર્તમાન પ્રત્યક્ષ છે ને ! વર્તમાન પ્રત્યક્ષ છે ને. જુઓ ! ચ્યુત થાય છે એવા ચ્યુત થયેલા મિથ્યાદૃષ્ટિઓને સાદિ મિથ્યાદૃષ્ટિ કહે છે. જે જીવોને હજી સુધી અનંત કાળથી વર્તમાન સુધીના અનંત કાળમાં સમ્યગ્દર્શન જ થયું નથી તે બધા અનાદિ મિથ્યાદૃષ્ટિ જાણવા. પણ આવા કોઈ જીવો જેને સ્વાનુભવ થઈ ગયો, સ્વાનુભૂતિ થયા પછી ચ્યુત થયા તે સાદિ મિથ્યાદૃષ્ટિ છે. ફરીને પુરુષાર્થ ન ઉપડે, પરિભ્રમણ કરતા કરતા અનંત કાળ તો ન જાય પણ કેટલોક કાળ નિગોદમાં પણ ચાલ્યા જાય. જાજો કાળ ત્યાં ન રહે. અનંત કાળ ન રહે ત્યાં. અર્ધપુદ્ગલ પરાવર્તનની મર્યાદા થઈ ગઈ એને. એક વખત અનુભવમાં આવ્યો એટલે. પણ

નિગોદમાં પણ ચાલ્યા જાય. ભવભ્રમણ કરતા કરતા સ્વભાવની સ્વભાધર્મની વિરાધના કરતા એવા નિગોદમાં ગયેલા સાદિ મિથ્યાદષ્ટિ આજે અનંતા છે. સર્વ કાળે અનંતા છે. આ પરિસ્થિતિ છે. એટલે એ જીવ વિરાધનામાં આવી ગયો. આરાધના છૂટી ગઈ. અંતરમાં મૂળ પરિણતિ (છૂટી ગયા પછી) ક્યાં જાય એનો પત્તો કાઢવો મુશ્કેલ છે. એ પાછા પકડી લીધું એમાં નિમિત્ત થયા. તરત જ પકડી લીધું બીજા ભવમાં. નિમિત્ત થયા 'ગુરુદેવ'.

મુમુક્ષુ :– વધુમાં વધુ અર્ધપુદ્ગલ પરાવર્તન કાળ કીધો છે. આ તો બીજા જ ભવે સાધી લીધું એટલે ઘણી...

પૂજ્ય ભાઈશ્રી :– ઘણી ઝડપથી સાધી લીધું. અને ઘણી ઝડપથી સાધી લીધું હવે ભવાંતર થાય ત્યાં તો બધું જીવ ભૂલી જાય છે, સામાન્યપણે. એમને તો કેટલાક ટાઈમે જાતિસ્મરણ થયું પણ એનો કોઈ નિયમ નથી. અને જાતિસ્મરણ થાય તોપણ શું કરે ? પુરુષાર્થ ન ઊપડે તો ? જાતિસ્મરણ કાંઈ પુરુષાર્થનું કારણ નથી. જો કે એમને તો પુરુષાર્થ ઉપડ્યા પછી જાતિસ્મરણ ધ્યાનમાં થયું છે. (સંવત) ૧૯૯૪માં થયું છે. ૧૯૮૯માં સમ્યગ્દર્શન થયું. પાંચ વરસ પછી થયું છે. એટલે જાતિસ્મરણ કારણ નથી પડ્યું. જાતિસ્મરણ કારણ પડ્યું નથી. સાવ ભૂલી ગયેલા છે. જેમ આપણે બધા પૂર્વ ભવ ભૂલી ગયા છે એમ જ એ વખતે એ ભૂલી ગયેલા છે. ત્યારે પણ એમને શુદ્ધાત્મ તત્ત્વના દર્શન થવામાં દેખાડનાર કોણ હતા ? એની વાસ્તવિકતાનો ખ્યાલ આવે છે. એને એ પરમાત્મસ્વરૂપે દેખાય છે કે આ જ મારો પરમાત્મા. આણે પરમાત્મા દેખાડ્યો એ પરમાત્મા, બસ ! એ બુદ્ધિ અહીંયાં ઊભી થઈ જાય છે. અને એ બુદ્ધિએ જ એણે સાંભળ્યું છે અને એ જ વસ્તુ એને અંદર દેખાય છે. પણ એ સમ્યગ્જ્ઞાનની જ્યોતિ પ્રગટી અને સામે સમ્યગ્જ્ઞાનની જ્યોતિ હતી. આમ જ્યોતથી જ્યોતમાં નિમિત્તપણું આવ્યું છે. એ એના સ્વાનુભવનો વિષય છે. એ તો એને જ ખ્યાલ આવે છે. એ ખ્યાલ આવે છે એ કહેતા જાય છે કે ભાઈ ! જો આવું કાંઈક છે, તને સમજાય તો સમજજે ન સમજાય તો નસીબ તારા.

મુમુક્ષુ :– ....

પૂજ્ય ભાઈશ્રી :– 'ગુરુ ગોવિંદ દોનો ખડે કિસકો લાગુ પાય,' બહુ પ્રસિદ્ધ ઉક્તિ છે આ. 'બલિહારી ગુરુરાજ કી જીસને ગોવિંદ દિયો બતાય.' આ તો અન્યમતમાં આટલું તો પ્રસિદ્ધ છે. પણ એની પાછળ હેતુ છે કે આ અજ્ઞાન-અંધકારની વિશ્વની જે અટવી છે જેમાં અટવાય છે જીવ, એ અટવીમાં મૂંઝાઈને છૂટવાની વેદના

થઈ હોય અને એ વેદના છોડાવનાર કોઈ હોય ત્યારે એ વેદનાનો અનુભવનાર અને વેદના મટાડનાર વચ્ચેના સંબંધનો અનુભવ થાય છે. ત્યાં સુધી એ વાત સમજાવી મુશ્કેલ છે. બીજા સાધારણ પ્રાણીને એ વાત સમજાવી મુશ્કેલ છે, જ્યાં સુધી એને છૂટવાની વેદના ન થઈ હોય. અથવા અનંત જન્મ-મરણ કરી ચૂકેલા એવા પોતાના આત્મા પ્રત્યે જેને દયા જાગી ન હોય એને એ વાત નહિ સમજાય. આ મૂળ દયા છે. બીજી દયાની વાત પછી છે. પહેલી દયા આ છે.

અહીંયાં આપણે મૂળ વિષય ઉપર આવીએ. ચાલતો અધિકાર છે કે **'એક વિના અનેક હોત.'** એ ન્યાય લીધો છે કે આ આત્મા પોતામાં એકાગ્રતાનું જે અનુસંધાન કરે છે એમાં એકે અગ્ર એનું નામ એકાગ્રતા છે. એકે અગ્ર એટલે મુખ્ય થાય એનું નામ એકાગ્રતા છે. પોતે એક હોય તો એકમાં અગ્ર થાય કે એક ન હોય તો એકમાં અગ્ર થાય ?

પરમાં એકાગ્ર થવાનો તો આરાધનાની અંદર પ્રશ્ન જ નથી. અન્ય દર્શનો ભલે એને આરાધના કહે કે અમે ભગવાનમાં લીન થાઈએ છીએ, અમે અમારા ફલાણા પરમેશ્વરમાં અને ફલાણા પરમાત્મામાં કે ખુદામાં લીન થાઈએ છીએ. એ જુદી વાત છે. અહીંયાં જૈનદર્શનમાં એ વાત સદંતર નથી. કેમકે આત્મા સ્વરૂપે કરીને સ્વભાવે કરીને એક છે. આત્મા એક છે.

વિભિન્ન જગ્યાએ પરમાગમોમાં એક વિશેષણ આવે છે. ('સમયસાર') ૩૮ ગાથામાં પણ એ વિશેષણ લીધું છે. ૭૩ ગાથામાં પણ એ વિશેષણ લીધું છે. એવી જે મહત્ત્વ મહત્વની ગાથાઓ છે, 'નિયમસાર'ની પણ જે બહુ અધ્યાત્મ વિષય યુક્ત જે ગાથાઓ ચાલી છે એમાં એકની વાત જ્યાં જ્યાં આવે છે ત્યાં એ એકનો એવો સુંદર ધ્વનિ એ શબ્દમાંથી ઊઠે છે કે જેમાંથી આત્મરસ ઊપજે. આ તો શબ્દ છે ને ? શબ્દ છે એ તો અર્થને સાધનારો નિમિત્ત છે. નિમિત્તપણે. પણ અર્થ તો જ્ઞાનરસને સાધનાર નિમિત્ત છે. એકનો એવો અર્થ છે કે જેમાંથી જ્ઞાનરસ ઊપજે, જેમાંથી આત્મરસ ઊપજે એવો બહુ સુંદર રસ છે એકનો.

એ તો તે તે આચાર્યોના ગ્રંથો વાંચતા એ રસ ઊપજે એવો વિષય છે. અત્યાર સુધી ધ્યાન ન ગયું હોય તો હવે એ ધ્યાનમાં લેવા જેવો વિષય છે. એક ! 'હું એક શુદ્ધ સદા અરૂપી જ્ઞાન દર્શનમય ખરે'. એ જે લીધું ને ? એમાં એક શબ્દ લીધો છે. એ એકત્વનો વિષય આત્માના આત્મરસને ઉત્પન્ન કરનારો ભાવ છે. બહુ વિસ્તાર થવો મુશ્કેલ છે. કેમકે પોતે જ વિસ્તારથી વિરુદ્ધ પ્રકારે એ વિષય ઊભો છે.

અનેકપણું વિસ્તાર સાથે સંલગ્નપણું–સંબંધ ધરાવે છે. એકપણું તો સંક્ષેપ સાથે સંબંધ ધરાવે છે. પણ છતાં એ એક છે એની સુંદરતા ઘણી છે અને એની અંદર એકમાં ઊંડા ઉતરી જવાય એવો ભાવ ભરેલો છે. એનું નામ એક છે કે જે એકમાં જીવ ઊંડો ઊતરી જાય. વિશેષ લઈશું...

❉ ❉ ❉

કેટલાક જીવો કહે છે કે, આ કાળમાં સ્વરૂપનો અનુભવ કઠણ છે. એમ કહેનારને રાગ-દ્વેષ સહેલા લાગે છે એટલે કે બહિરાત્મપણું સહેલું લાગે છે. પુણ્ય-પાપના પરિણામ કરી રખડવું સહેલું લાગે છે તે બહિરાત્માને સાધે છે. તેને બહારની રુચિ છે. તે અંતરનો પ્રેમ કરતો નથી. આવી રીતે સ્વરૂપ કઠણ માનનાર સ્વરૂપનો અનાદર કરે છે. (પરમાગમસાર–૬૯૬)

❀

ધર્મ માટે ધનનો લોભ કરે, દેવ-ગુરુ-શાસ્ત્ર માટે સંકોચ કરે તો અનંતાનુબંધીનો લોભ છે. (પરમાગમસાર–૬૯૭)

## તા. ૪-૯-૧૯૮૫, પાના નં. ૫,
## પ્રવચન નં. ૨૧

(આત્મામાં) કેવા કેવા ગુણો છે એનું અહીંયાં વર્ણન છે. એકનું વર્ણન કાલે થયું. હવે અનેક. **'અનેક વિના અનેક ગુણનો અભાવ હોત.'** શું કહે છે ? આત્મા એક ગુણ સ્વરૂપ નથી. અનેક ગુણનું એક સ્વરૂપ તે આત્મા છે. પ્રત્યેક ગુણો ભિન્ન ભિન્ન છે, સ્વતંત્ર છે. અનેકતાની સિદ્ધિ કાલે એકતાના વિષયમાં લીધી હતી. એક જ પ્રકારનું સમ્યગ્દર્શન સર્વ સાધક જીવોને હોવા છતાં પુરુષાર્થગુણનું પરિણમન ભિન્ન ભિન્ન પ્રકારે જોવામાં આવે છે. ઘણો લાંબો સમય, ઘણો લાંબો સમય એટલે સાગરોપમનો કાળ વીતાવે છે. સર્વાર્થસિદ્ધિમાં ઉત્કૃષ્ટ ૩૩ સાગરોપમ (આયુ છે). ચોથા ગુણસ્થાન સિવાય બીજું ત્યાં કોઈ ગુણસ્થાન હોય નહિ. સર્વાર્થસિદ્ધિના દેવોમાં બધાજ અહંઇન્દ્ર છે. બધાના પુણ્ય ત્યાં સરખા છે. ત્યાં સામ્યવાદ છે. ત્યાં બધાના પુણ્ય સરખા છે. અને બધાના ગુણસ્થાન પણ સરખા છે. બધાના સંયોગ પણ ત્યાં એકસરખા છે. સામ્યવાદીઓ કરવા માગે છે એ સર્વાર્થસિદ્ધિમાં એવું છે.

અહીંયાં તો એટલું જ લેવું છે કે સમ્યક્ત્વ, ચતુર્થ ગુણસ્થાનવર્તી જીવને અથવા તેથી ઉપરના કોઈપણ ગુણસ્થાનવર્તી જીવને કે ચૌદે ગુણસ્થાન પાર કરી ગયેલા સિદ્ધ પરમાત્માને, એકસરખું હોવા છતાં પુરુષાર્થ બધાનો એકસરખો નથી. ઉપર ઉપરના ગુણસ્થાનમાં સમ્યકત્વ એકસરખું હોવા છતાં ચારિત્ર ઉપર ઉપરના ગુણસ્થાનમાં વિશેષ છે. સ્વરૂપસ્થિરતા વધુ છે–અધિક છે.

મુમુક્ષુ :– ...

પૂજ્ય ભાઈશ્રી :– તોપણ એને ઉપરના ગુણસ્થાનમાં ચારિત્ર વિશેષ છે. ક્ષયોપશમ સમ્યગ્દર્શન હો કે ક્ષાયિક સમ્યગ્દર્શન હો, સમ્યક્દર્શન તે સમ્યક્દર્શન જ છે. બંને સમ્યગ્દર્શનનો વિષય એકસરખો છે. ક્ષયોપશમ સમ્યગ્દર્શનવાળાનો વિષય કાંઈક ઊણો છે અને ક્ષાયિક સમ્યગ્દર્શવાળાનો વિષય સંપૂર્ણ આત્મા છે, એવું કાંઈ નથી. બંને સિદ્ધિમાં જ જવાના છે. સિદ્ધાલયને જ પ્રાપ્ત થવાના છે. પુરુષાર્થ ચારિત્ર આદિના ફેરફારો એમ સૂચવે છે કે એમાં રહેલા ગુણોનું પરિણમન પણ સ્વતંત્ર છે.

આમ તો 'પૂજ્ય બહેનશ્રી' એક વચનામૃતમાં એવું કહે છે કે આત્મા ઉપર

જેણે દૃષ્ટિ સ્થાપી એ દૃષ્ટિ દેનારને એવું જ્ઞાન છે કે આત્મામાં રહેલી જેટલી વિભૂતિ છે તે આમ દૃષ્ટિ દેવાથી બધી પ્રગટ થવાની છે. છતાં પણ એ દૃષ્ટિ ન તો સમ્યગ્દર્શન સામું જુએ છે, ન તો મુનિપણા સામું જુએ છે કે ન તો કેવળજ્ઞાન સામું જુએ છે. સમ્યગ્દર્શનરૂપ દૃષ્ટિ એટલી બધી નિઃસ્પૃહ છે કે પોતાના નિજ પરમાત્મા સિવાય બીજી પર્યાયોના વિકાસને પુરુષાર્થને, કેવળજ્ઞાનને, મુનિપણાને ખુદ સમ્યગ્દર્શનને પણ એ પોતે પોતાને જોતી નથી. એક દૃષ્ટિનું વર્ણન કરતાં કરતાં આવું કહે છે.

મુમુક્ષુ :– આટલી બધી ઋદ્ધિઓ પ્રગટી છે !

પૂજ્ય ભાઈશ્રી :– આવી વિભૂતિઓ છે અંદર સ્વરૂપમાં, અનંત ગુણની વિભૂતિ છે. અને આવા દ્રવ્ય ઉપર દૃષ્ટિ અભેદપણે રહેતા, જામતા બધી જ વિભૂતિઓ પ્રગટે છે. જે કાંઈ આત્મામાં છે તે બધું સર્વ પ્રગટ થાય છે તોપણ દૃષ્ટિ નિઃસ્પૃહ રહે છે. આમ બન્યું છે.

અહીંયાં તો આપણો વિષય એટલો છે કે એ જે અનેક ગુણો છે એવું અનેકપણું પણ આત્મામાં છે. કોઈપણ એકપણાનો ભેદ કે અનેકપણાનો ભેદ એ અવલંબનને યોગ્ય તો નથી જ. અનેકપણું તો ખેર સીધું જ વિકલ્પનું નિમિત્ત છે, પણ એકપણું જે નિર્વિકલ્પનું નિમિત્ત છે, એકના આશ્રયે એકાકાર પરિણામ થાય છે તોપણ ભેદ રહે ત્યાં સુધી નહિ. એકનો ભેદ રહે ત્યાં સુધી નહિ. અનેક તો સ્વયં ભેદ સૂચક છે. તેથી સિદ્ધાંત તો એક અને અનેકમાં એક જ પ્રકારે લાગુ પડે છે કે એક અનેકના ભેદ એ જ્ઞાનનો વિષય છે અને અવલંબનનો વિષય નથી.

અથવા આ જેટલા કોઈ ગુણોનું વર્ણન છે તે બધા ગુણ આત્માના અવયવ સ્વરૂપ હોવાથી ભેદસ્વરૂપે છે અને ભેદપૂર્વક, ભેદ દ્વારા, ભેદને સાથે રાખીને અંતર અવંલબન અભેદ સ્વરૂપનું આવતું નથી. એ સિદ્ધાંત રાખીને તમામ ભેદ અભેદ બધું વર્ણન ચાલે છે. અભેદનો પણ ભેદ નહિ એવું વર્ણન છે. અભેદનો પણ ભેદ નહિ. આત્મા અભેદ છે, આત્મા એક અખંડ છે, આત્મા શુદ્ધ છે એ બધા ભેદો વિલય પામે ત્યારે નિર્ભેદ તત્ત્વનું નિર્ભેદ પરિણમન ઉત્પન્ન થાય. એને સ્વાનુભૂતિ– એને જૈનશાસન કહેવામાં આવ્યું છે. તે ભાવ જૈનશાસન છે. બાકી એ સિવાયનું જેટલો કાંઈ વિસ્તાર છે એ દ્રવ્ય જિનશાસનનો છે.

મુમુક્ષુ :– સમ્યગ્દર્શન ટકી રહે છે એનું કારણ શું ? અને ચ્યુત થાય છે એનું કારણ શું ?

પૂજ્ય ભાઈશ્રી :– કોઈ કારણ નહિ. ટકી રહે છે એ પોતાના કારણે અને છૂટે છે તો પોતાના કારણે. કોઈપણ ગુણનું પરિણમન તે ગુણની સ્વતંત્રતા સહિત છે, સ્વતંત્રતા રાખીને છે. કહેવાય એવું કે પુરુષાર્થને લઈને સમ્યગ્દર્શન પ્રગટ્યું,

પુરુષાર્થને લઈને સમ્યગ્દર્શન ટક્યું એમ કહેવાય. પણ પુરુષાર્થ પણ સ્વતંત્ર છે અને સમ્યગ્દર્શન પણ સ્વતંત્ર છે. આમ છે. નિશ્ચયથી આમ છે. વ્યવહારમાં ગમે તે ગુણનું અવિનાભાવીપણું પણ કહેવાય છે અથવા નિમિત્તપણું પણ ગણવામાં આવે છે. એમ તો એક ગુણને અનંતે ગુણનું નિમિત્તપણું છે. કોઈ એકના ગુણના પરિણમનને અનંતે ગુણનું નિમિત્તપણું છે. પરસ્પર નિમિત્ત-નૈમિત્તિક સંબંધ ગુણોમાં પણ છે. પણ એ નિમિત્તપણું જ એમ કહે છે કે ઉપાદાનની સ્વતંત્રતા રાખીને. એક (વાત).

ગુણનું સ્વરૂપ જો વિચારવામાં આવે તો ગુણ પોતે અનંત શક્તિ સંપન્ન શક્તિ છે. અનંત સામર્થ્ય સંપન્ન શક્તિ, એનું નામ ગુણ છે. હવે જો એ ગુણને કોઈ બીજાની મદદથી પરિણમન હોય તો એ ગુણના સામર્થ્યનું શું થયું ? એને શક્તિ એવું નામ આપવું જ બેકાર થાય છે. શક્તિસ્વરૂપ પોતે છે પછી બીજાની મદદની એને જરૂર પડે તો એને શક્તિ એવું નામ કેમ દેવું ? એને તો અશક્તિનું નામ દેવું પડે. એટલે નિશ્ચય સ્વરૂપ તો આમ છે. પછી વ્યવહાર ગમે તેમ લાગુ પાડીએ કે ભાઈ ! પહેલા સ્વરૂપની ઓળખાણ કરી તો જ્ઞાનપૂર્વક શ્રદ્ધાન થયું–સમ્યગ્દર્શન થયું. સ્વરૂપની ઓળખાણ કરતા એવો પુરુષાર્થ ઊપડ્યો કે જેને લઈને એ અપૂર્વ પુરુષાર્થના ફળમાં સમ્યગ્દર્શન થયું. એમ કહેવાય બધું. વસ્તુના સ્વરૂપને, પરિણમનને બતાવવા માટે અનેક પડખેથી કહેવાય છે. છતાં વસ્તુનું સ્વરૂપ જે રીતે સ્વતંત્રપણે છે તે રીતે એના ગુણોની પણ સ્વતંત્રા રાખીને (વાત છે). એટલી વાત જરૂર છે કે જેમ બે દ્રવ્ય સ્વતંત્ર છે એમ બે ગુણ સ્વતંત્ર નથી.

સ્વતંત્રતા સ્વતંત્રામાં ફેર છે. બે પદાર્થ જીવ અને અજીવ. બે જીવ કે બે પરમાણુ કે છએ દ્રવ્યો જેમ સ્વતંત્ર છે એમ અહીંયાં અનેક ગુણ સ્વતંત્ર એવી રીતે છે એવી સ્વતંત્રતા સમજવાની નથી. એક પદાર્થના સર્વ અવયવો છે. તેથી એક પદાર્થના સર્વ અવયવો હોવાથી એક અભેદતાનો સંબંધ પણ, દ્રવ્યપણે–વસ્તુપણે અભેદતાનો સંબંધ પણ રાખે છે કે જે સંબંધ અન્ય અન્ય દ્રવ્યો વચ્ચે કદાપિ નથી, ક્યારેય નથી. એટલો ફરક છે. એમ વસ્તુનું સ્વરૂપ સમજવું જોઈએ.

મુમુક્ષુ :– ...

પૂજ્ય ભાઈશ્રી :– ખ્યાલમાં તો કો'ક કો'ક ગુણનું જ ખ્યાલમાં આવે. ખ્યાલ આવવો જરૂરી નથી. ગુણભેદોનો ખ્યાલ જરૂરી નથી. એ તો સમ્યગ્દર્શન થતાં દ્રવ્ય જ્યાં પરિણમે છે ત્યાં શુદ્ધિનું પરિણમન શરૂ થાય છે. ત્યારે અધ્યાત્મ ભાષાએ એમ કહેવાય છે કે આ દ્રવ્યનું શુદ્ધત્વરૂપ પરિણમન છે. 'રાજમલજી' 'કળશટીકા'માં આવી ભાષા વાપરે છે કે દ્રવ્ય શુદ્ધત્વરૂપ પરિણમ્યું છે. કેમ સમ્યગ્દષ્ટિને સાત

ભય નથી ? વજ્રપાત થવા છતાં કેમ એના સમ્યગ્દર્શનમાં ફેર પડતો નથી, એની શ્રદ્ધા બદલતી નથી ? કે એનું દ્રવ્ય જ શુદ્ધત્વરૂપ પરિણમી ગયું છે. ત્યાં એમ કહે છે કે જ્યાં દ્રવ્ય શુદ્ધત્વરૂપ પરિણમ્યું છે એટલે દ્રવ્યમાં રહેલી અનંત શક્તિઓ અથવા અનંત ગુણો તે શુદ્ધત્વરૂપ પરિણમવા લાગ્યા છે.

મુમુક્ષુ :– ....

પૂજ્ય ભાઈશ્રી :– છદ્મસ્થને તો એક એક જુદા ગુણ બધા ક્યાંથી જણાય ? અનંત ભેદો જણાવાનું તો ત્યાં જ્ઞાન ઉઘાડરૂપ જ નથી, વિકાસ જ નથી જ્ઞાનનો. કેટલાક ગુણો જણાય છે. ઠીક છે.

મુમુક્ષુ :– જેટલા ગુણો છે એમાં અમુક ગુણ જણાય છે ખરા ?

પૂજ્ય ભાઈશ્રી :– હા. એમાં જ્ઞાન છે એ જણાય છે.

મુમુક્ષુ :– જ્ઞાન છે તો એની અંદર બીજા ગુણો છે...

પૂજ્ય ભાઈશ્રી :– હા. જ્ઞાનની સાથે અનંત ગુણ આવી જાય છે. પણ જ્ઞાન જ્ઞાન છે એમ જુદું જ્ઞાન થાય છે જ્ઞાનનું. એવું આનંદ છે એનું પણ એક જુદું જ્ઞાન છે. તિર્યંચ હોય તોપણ સમ્યગ્દર્શનના કાળમાં આ બે તો જુદા વિશેષો એના જ્ઞાનમાં સ્પષ્ટ થાય જ છે કે મને જ્ઞાન છે અને મને આનંદ વર્તે છે.

મુમુક્ષુ :– આપણે જેમ દાળ ખાઈએ છીએ, એની અંદર અનેક પ્રકારના મસાલા....

પૂજ્ય ભાઈશ્રી :– હા, છપ્પન મસાલા નાખ્યા હોય તો કાંઈ બધા જુદા જુદા ન જણાય. પણ એક સ્વાદમાં બધા આવી જાય છે. એમ દ્રવ્યના એક શુદ્ધત્વ સ્વાદમાં બધા ગુણોનો અનુભવ આવી જાય છે. પણ મરચું વધારે હોય તો પકડાય કે ન પકડાય ? કે દાળ તીખી થઈ ગઈ છે. એમ ખારું વધારે હોય તો દાળ ખારી છે, એમ પકડાય છે કે નહિ ? એમ જેની વિશેષતા બાહુલ્યપણું છે એવા બે ગુણ છે એક જ્ઞાન અને એક આનંદ કે જે એકદમ ઓછા ઉઘાડવાળા સંજ્ઞી પંચેન્દ્રિય તિર્યંચને આ બે તો પકડાય જ છે.

એક તો જ્ઞાનના આધારે એણે નિશ્ચય કર્યો છે તેથી એને જ્ઞાનસ્વભાવી જ્ઞાનમય આત્મા છે એમ જણાયું છે. અને અનંત કાળમાં કોઈપણ કાળે જેવો અપૂર્વ આનંદ આવ્યો નથી એવો અપૂર્વ આનંદ ઉપજ્યો હોવાથી એનું પણ એ જ્ઞાન થયા વિના રહેતું નથી. આ બે તો એને જણાય... જણાય.. ને જણાય જ. બીજા ગુણ જણાય, સમજાય, ન સમજાય એવું બને પણ આ બે ન જણાય એવું બને નહિ.

મુમુક્ષુ :– ઇ જણાય ખરા પણ આનંદ સહિત વિશેષ જણાય.

પૂજ્ય ભાઈશ્રી :– હા, એ તો જ્ઞાન પ્રમાણ છે કે નહિ ? પ્રમાણજ્ઞાનમાં સામાન્ય

વિશેષનું યુગપદપણું જાણવામાં આવે છે. જ્ઞાન પ્રમાણ થઈ ગયું છે. આખું દ્રવ્ય પરિણમ્યું છે અને આખા દ્રવ્યનો અનુભવ છે એટલે સામાન્ય ન જણાય એ તો પ્રશ્ન જ નથી. વિશેષને તો ભંગ ભેદ પાડીને મિથ્યાપણે મિથ્યા જ્ઞાને કરીને ખંડ ખંડ કરીને તો વિશેષને જાણ્યું છે. જ્યારે સ્વાધ્યાય કરે તો પર્યાયને જાણે, ગુણને જાણે, દ્રવ્યના ભેદને જાણે, જ્ઞાનગુણના ભેદને જાણે, આનંદગુણના ભેદને સમજે, જાણે એટલે સમજે. તો એવી રીતે તો જાણ્યું જ છે પણ ત્યારે સાથે સાથે સામાન્યનો અનુભવ નથી રહ્યો. સામાન્ય વિશેષનું યુગપદ જ્ઞાન એકસાથે થતું જ્ઞાન તે પ્રમાણજ્ઞાન છે એવું સમ્યક્જ્ઞાન છે. એટલે સામાન્ય તો જણાય જ ન જણાય એ પ્રશ્ન નથી. અને ન જણાય તો એ વિશેષનું જાણવું પણ સાચું નથી–મિથ્યા છે.

અહીંયાં કહે છે કે અનેકપણું ન હોત. અનેકગુણ ન હોત તો અનેકગુણનો અભાવ હોત અને એક ગુણસ્વરૂપ આત્મા હોત. પણ એક ગુણસ્વરૂપે આત્મા ક્યારે પણ નથી.

**'નિત્ય વિના અનિત્ય હોત.'** આત્મા નિત્ય છે. અહીંયાં આ (ધર્મ) ગુણના પ્રકરણમાં લીધા છે. પણ 'સમયસાર'માં આ ધર્મના પ્રકરણમાં લીધા છે. એક-અનેક, નિત્ય-અનિત્ય એ બંને અને અસ્તિ-નાસ્તિ એ ધર્મના પ્રકરણમાં લીધા છે, ગુણના પ્રકરણમાં નથી લીધા. કેમકે અનિત્યપણું છે એ પર્યાયાશ્રિત ધર્મ છે. એ દ્રવ્યનો ધર્મ નથી. એટલે અહીંયાં થોડું સ્પષ્ટીકરણ છે કે 'દીપચંદજી'એ એટલો વિષય જુદો નથી પાડ્યો. 'અમૃતચંદ્રાચાર્યદેવે' વિષય એટલો જુદો પાડ્યો છે કે જ્યાં શક્તિઓનું પરિણમન વર્ણન લીધું છે ત્યાં એક-અનેક, નિત્ય-અનિત્ય, શુદ્ધ-અશુદ્ધ અને અસ્તિ-નાસ્તિ એ ચાર ભેદ નથી લીધા. એ ચાર ભેદ નથી લીધા. ચાર દુ આઠ ભેદ. કેમકે એ પર્યાયાશ્રિત ધર્મ છે. શુદ્ધ-અશુદ્ધપણું એ પર્યાયાશ્રિત ધર્મ છે. દ્રવ્ય ન તો શુદ્ધ છે, ન તો અશુદ્ધ છે એમ છે. એટલે એટલું અહીંયાં સમજવાનું છે.

મુમુક્ષુ :– અહીંયાં અનેક છે એ ગુણને બદલે શક્તિ લેવી ?

પૂજ્ય ભાઈશ્રી :– નહિ, એક ધર્મ છે. અનેકપણું છે એ આમ તો અનેક ગુણોનો ધર્મ છે. દ્રવ્ય તો દ્રવ્ય કહેતા જ અનેક ગુણોનું એકત્વ આવી જાય છે. એટલે એકપણું છે એ દ્રવ્યનો ધર્મ છે અને અનેકપણું છે એ ગુણનો ધર્મ છે. એકપણું એ ગુણનો ધર્મ નથી અને અનેકપણું એ દ્રવ્યનો ધર્મ નથી. એમ છે. અહીંયાં બધું એકમાં સાથે લઈ લીધું છે. કેમકે અહીંયાં એક વિશેષતાઓ વર્ણવવી છે. ચૈતન્યની વિશેષતાઓ. કેમકે મથાળુ એવું છે કે **'વસ્તુનું સ્વરૂપ છે તે ચેતનાગુણનું સંક્ષેપ માત્ર (અહીં) વર્ણન કરવામાં આવે છે.'** એટલે ગુણ અને ધર્મનું વર્ણન સાથે લઈ લીધું છે. પણ આ તો પરમાગમમાંથી જ લીધેલું છે. ગૃહસ્થ જ્ઞાનીઓએ પણ વાત

તો બધી પરમાગમની પરંપરા અનુસાર પોતાના અનુભવગોચર થઈ તે લીધી છે. પરમાગમોમાં તો કેટલીક વ્યાખ્યા પણ વિશિષ્ટ પ્રકારે આચાર્યદેવોની આવે અને વિષય પણ વિશિષ્ટ પ્રકારે નિરૂપણમાં આવે છે.

**'નિત્ય વિના અનિત્ય હોત.'** દ્રવ્ય સદાય નિત્ય છે. અને જો નિત્યપણું દ્રવ્યમાં ન હોત તો સ્વભાવિક રીતે દ્રવ્ય અનિત્ય હોત. ક્યારેક પણ એ ન હોત એવું હોત. પણ અનાદિઅનંત શાશ્વત પદાર્થ (છે). પદાર્થની શાશ્વતતા નિત્યતાને લઈને છે, નિત્યપણાને લઈને છે એ વાત સ્પષ્ટ થાય છે.

આમ આસ્તિક્ય દર્શનોમાં પુનર્જન્મને સ્વીકાર્યું છે. વેદાંત આદિ દર્શનમાં પુનર્જન્મનો સ્વીકાર કર્યો છે પણ છતાં વસ્તુના શાશ્વતપણાનો ત્યાં સ્વીકાર નથી. ત્યાં પ્રલય પણ લેવામાં આવ્યો છે અને પાછી સૃષ્ટિની ફરી ઉત્પત્તિ પણ લેવામાં આવી છે. એટલે નિત્યતા રહેતી નથી. એમ સાંગોપાંગ મેળ નથી ખાતો. ક્યાંક ક્યાંક વાત લીધી છે પણ પૂરેપૂરો મેળ ખાતો નથી.

મુમુક્ષુ :- પૂર્વાપર વિરોધ છે.

પૂજ્ય ભાઈશ્રી :- પૂર્વાપર વિરોધ આવી જાય છે. એક બહુ વૈજ્ઞાનિક વાત તો એ છે કે જો વસ્તુ ઉત્પન્ન થાય તો શેમાંથી થાય ? કાંઈ શૂન્યમાંથી થાય ? અને જો પ્રલય થાય તો વસ્તુનું શું શૂન્યપણું થાય ? વિજ્ઞાનના સિદ્ધાંત અનુસાર આ વાત બંધબેસતી નથી. વસ્તુ હોય તેનો સદંતર નાશ થાય ? 'એક સમય તે સૌ સમય. ભેદ અવસ્થા જોઈ' 'શ્રીમદ્જી'એ કહ્યું ને ? જે પદાર્થ એક સમય છે તે સૌ સમય માટે નિત્ય છે. તો કહે છે કે ભેદ જુદા જુદા રૂપ દેખાય છે. તો કહે છે, એ અવસ્થા છે. 'ભેદ અવસ્થા જોઈ.' અવસ્થાએ કરીને ભેદ છે. વસ્તુમાં ભેદ નથી. વસ્તુ વસ્તુપણે એક અખંડ નિત્ય છે.

કહે છે, નિત્ય ન હોત તો તે અનિત્ય હોત પણ ક્યારે પણ વસ્તુનો સર્વનાશ નથી. સર્વનાશ સંભવિત પણ નથી, શક્ય પણ નથી. તેથી વસ્તુ નિત્ય છે. આત્મા નિત્ય છે–પોતે નિત્ય છે. અને પોતાની હસ્તી સ્વીકારવાની આ વાત છે. નિત્યપણે સદાયપણે, શાશ્વતપણે પોતાની હસ્તિ સ્વીકારવાની વાત છે. જે જીવ પોતાની શાશ્વત હસ્તીને સ્વીકારતો નથી તે જીવને ભગવાન નાસ્તિક કહે છે. ન અસ્તિ. અસ્તિને નહિ સ્વીકારનાર તે. અસ્તિની નાસ્તિ કરનાર તે નાસ્તિક. ન અસ્તિ ક–નાસ્તિ કરનાર. એને નાસ્તિક કહેવામાં આવ્યું છે. આત્મપદાર્થનું નિજ સ્વરૂપનું જેવું અસ્તિત્વ, જેવડું અસ્તિત્વ છે તેવું અને તેવડું અસ્તિત્વ ન સ્વીકારતા જીવને પરિણામમાં નાસ્તિકપણું ઉત્પન્ન થાય છે.

મુમુક્ષુ :- ટુંકમાં સત્‌ને ન સ્વીકારનાર નાસ્તિક.

પૂજ્ય ભાઈશ્રી :– સત્ એટલે અસ્તિત્વ. અસ્તિત્વને ન સ્વીકારનાર તે નાસ્તિક. નાસ્તિક કહો કે મિથ્યાદૃષ્ટિ કહો બેય એક જ વાત છે. શબ્દભેદ છે. બાકી મિથ્યાદૃષ્ટિને નાસ્તિક કહેવામાં આવે છે અને નાસ્તિકને મિથ્યાદૃષ્ટિ કહેવામાં આવે છે.

જો કે જગતના ઈશ્વર અથવા કોઈ એવી શક્તિ જગતના રચનારની શક્તિને, ઈશ્વરને કે ખુદાને સ્વીકારનાર એવા જે સંપ્રદાયો છે એ સંપ્રદાયો જૈનદર્શનને નાસ્તિક દર્શન કહે છે. વેદાંતી પણ જૈનદર્શનને નાસ્તિક દર્શન કહે છે. જૈનો છે એ નાસ્તિક છે કેમકે તે ભગવાનમાં માનતા નથી. અમે બધા ભગવાનના માનનારા છીએ. 'શ્રીમદ્જી'એ એની સામે બહુ જોરદાર પ્રહાર કર્યો છે કે આવા નિર્દોષ પવિત્ર દર્શનને નાસ્તિક એવું નામ આપવું એ જરાપણ શોભતું નથી. તમે આ દર્શનની નિર્દોષતા અને પવિત્રતાને તો જુઓ ! એમ કરીને બહુ લખ્યું છે. જબરદસ્ત લખાણ છે ! બહુ શરૂઆતમાં 'મનસુખરામ, સૂર્યરામ' સાથે જ્યારે પત્રો (દ્વારા) ચર્ચા ચાલી છે ત્યારે બહુ જોરદાર લખ્યું છે.

મુમુક્ષુ :– સમ્યગ્દર્શન ન હોય એ બધા નાસ્તિક ઠરે ?

પૂજ્ય ભાઈશ્રી :– હા, બધા નાસ્તિક જ છે. નાસ્તિક તો સારો (શબ્દ) છે, 'ગુરુદેવ' તો જરા કડક શબ્દ વાપરતા કે દુનિયા પાગલ છે એમ કહેતા. ગાંડાઓ ભેગા થયા છે એમ કહેતા. ગાંડાની હોસ્પિટલ છે આ બધી એમ કહેતા હતા. પણ સાહેબ ! આ તો બધા પૈસાવાળા, બુદ્ધિવાળા, જગતમાં ડાહ્યા કહેવાય. તો કહે છે, એ પૈસાની પાછળ દોડનારા બધા પાગલ છે. એમ કહે સીધા. એમને કાંઈ પૈસાવાળા પાસે ફંડફાળો કરાવવો નહોતો. કહેતા કે અમારે ક્યાં ફંડફાળો કરાવવો છે કે અમે કાંઈ માખણપટ્ટી કરીએ. એ તો ધડાધડ બરાબર સામે જ ઝીંકતા હતા.

**'અનિત્ય વિના ષડ્ગુણી વૃદ્ધિહાનિ ન હોય.'** પદાર્થના પરિણમનમાં છ પ્રકારે વૃદ્ધિ અને છ પ્રકારે હાનિ થાય છે. અસંખ્યભાગ, સંખ્યાત્ભાગ, સંખ્યાત્ભાગ અને અનંતભાગ. સંખ્યગુણ, અસંખ્યગુણ અને અનંતગુણ. એમ છ પ્રકારે હાનિ અને છ પ્રકારે વૃદ્ધિ થાય છે, પદાર્થના પરિણમનમાં–પરિણમનની તારતમ્યતામાં. એ એ બતાવે છે કે પર્યાય અપેક્ષાએ, પરિણમન અપેક્ષાએ અનિત્યપણું પણ છે. બહુ સ્થૂળ રીતે વિચારીએ તો માણસની મનુષ્યપર્યાય છે તે અનિત્ય છે. ચારેય ગતિની પર્યાય તો અનિત્ય છે. પણ અત્યારે મનુષ્યપણામાં છીએ. તો આ મનુષ્યપર્યાય અનિત્ય છે. ચાહે તો સદાય સોનાની ભસ્મ ખાય, સદાય હીરાની ભસ્મો ખાય, મોતીની ભસ્મો ખાય, ગમે તે ખોરાક ખાય, ચાહે ચક્રવર્તી હોય,

પણ પર્યાય અનિત્ય છે તે અનિત્ય છે. એમાં કાંઈ બીજું કામ આવે નહિ.

એક માણસ વીસ વર્ષથી પરાધીન અવસ્થામાં માંદગીને ખાટલે પડયો હોય. એકલા હાડકા, ચામડાં રહ્યા હોય. તો વર્ષોના વર્ષો કાઢે. વીસ વીસ, પચીસ પચીસ વર્ષ, ત્રીસ ત્રીસ વર્ષ કાઢે. અને એક તંદુરસ્ત હોય, એક આમ Firstclass શરીર દેખાતું હોય ને આમ હાલતો, ચાલતો ઘડીકમાં ફૂ... થઈ જાય. બે સગા ભાઈ હોય. આ ભાઈ કદાચ વયો જશે એમ લાગે. ઉંમરમાં વૃદ્ધ છે, માંદગી ઘણી છે, શરીરમાં કાંઈ રહ્યું નથી અને એ વર્ષો કાઢે. ઓલા ભાઈ લઠ જેવા હોય, ઉંમરમાં નાના હોય, અને સવાર-સાંજ ફરતા હોય તંદુરસ્તી માટે. બહુ તંદુરસ્તી જાળવી શકે છે. આ ફૂ... લે !

મુમુક્ષુ :– ...

પૂજ્ય ભાઈશ્રી :– હા. બીજા ભાઈની પરિસ્થિત જુઓ તો એમ લાગે કે બહુ હવે નહિ રહે આ. બે ભાઈનું એવું જ છે. આનું Firstclass શરીર હતું. દુઃખાવો ઉપડયો. બપોરના Planeમાં 'મુંબઈ'થી આવ્યા. રાતે નવ વાગ્યે દુઃખાવો ઉપડ્યો અને બાર વાગ્યે ખેલ ખલાસ. પણ એ તો દુઃખાવો ઉપડ્યો અને ત્રણ કલાક Treatmentની ચાલી વાત. કાંઈ અવસર ન રહે. ગમે તે પરિસ્થિતિમાં કોઈપણ દ્રવ્ય-ક્ષેત્ર-કાળમાં પર્યાયનું અનિત્યપણું છે એને સાબિત કરવા જાવું પડતું નથી. અવસ્થાથી અવસ્થાંતર થવું એ પદાર્થના સ્વરૂપમાં છે તેથી અહીંયાં એમ કહેવામાં આવે છે. પર્યાય એક એનું અંગ છે. પણ એ પર્યાયધારી તો વસ્તુ છે ને ? એટલે પદાર્થના સ્વરૂપમાં ગણીને અહીંયાં સાથે ને સાથે લેવામાં આવ્યું છે.

મુમુક્ષુ :– ષટ્ગુણ હાનિ વૃદ્ધિ વિશેષ..

પૂજ્ય ભાઈશ્રી :– આમ તો એ કેવળજ્ઞાનનો વિષય છે. પણ હાનિ-વૃદ્ધિ તો જણાય છે કે નહિ ? બાકી અસંખ્યભાગ, સંખ્યભાગ, અનંતગુણ એ કાંઈ શ્રુતજ્ઞાનનો વિષય નથી. એ ભેદો શ્રુતજ્ઞાનનો વિષય નથી. પણ સ્થૂળ ભેદો જણાય છે એના ઉપરથી એના સૂક્ષ્મ ભેદો શ્રુતજ્ઞાનમાં સ્વીકારી શકાય છે. શ્રુતજ્ઞાનમાં ભલે પ્રત્યક્ષ ન થાય તોપણ ન્યાયથી સ્વીકારી શકાય છે. કેટલીક વાત મતિ-શ્રુતને પ્રત્યક્ષ ન થાય પણ ન્યાયથી એનો સ્વીકાર મતિ-શ્રુત કરી શકે છે. એમ છે.

મુમુક્ષુ :– આ એક સમયના પરિણમનમાં અનંતગુણ, વૃદ્ધિ, હાનિ, અસંખ્યગુણ એક સમયમાં ?

પૂજ્ય ભાઈશ્રી :– હા, એક જ સમયમાં. એક સમયના પરિણામનમાં છે. એટલું બધું સૂક્ષ્મ છે. કેવળજ્ઞાનની એક પર્યાયમાં એમ છે, પરમાનંદની એક પર્યાયમાં એમ છે. બધી પૂર્ણ શુદ્ધ પર્યાયોમાં પણ (એમ છે). એક એક ગુણમાં ષટ્ગુણ

હાનિવૃદ્ધિનું પરિણમન છે. અને એક જ સમયમાં છ પ્રકારે વૃદ્ધિ અને છ પ્રકારે હાનિ (છે). આમ છે. એ અગુરુલઘુત્વનું પરિણમન છે. અગુરુલઘુગુણ છે ને ? એની મુખ્યતાથી એ વાત છે.

મુમુક્ષુ :– ...એક સમયમાં ચૌદ બ્રહ્માંડ ફરી જાય.

પૂજ્ય ભાઈશ્રી :– મારે જ છે ને. પ્રત્યેક સમયમાં ચૌદે બ્રહ્માંડમાં પરિણમન ફરે. કેવળજ્ઞાનમાં પરિણમન ફરે છે કે નહિ ? છે કે નહિ ષટ્‌ગુણ હાનિવૃદ્ધિ ? ન્યાયથી સિદ્ધ થાય છે કે નહિ ? ન્યાયથી સિદ્ધ થાય છે. પ્રત્યક્ષ ભલે ન થાય. કેમકે કેવળજ્ઞાનપણે પ્રત્યક્ષ વિષય નથી શ્રુતજ્ઞાનનો. કેવળજ્ઞાન તે શ્રુતજ્ઞાનનો પરોક્ષ વિષય છે.

**'ત્યારે (ષટ્‌ગુણીવૃદ્ધિહાનિ ન હોય તો વસ્તુમાં) અર્થક્રિયાકારક સ્વભાવની સિદ્ધિ ન હોય.'** શું કહે છે ? કે વસ્તુમાં વસ્તુત્વ નામનો જે ગુણ છે તેને લઈને વસ્તુ પોતાની અર્થક્રિયાને એટલે પ્રયોજનભૂત ક્રિયાને કરે છે. હવે વસ્તુ પોતાની પ્રયોજનભૂત ક્રિયાને કરે છે એમાં હાનિવૃદ્ધિપણાનો જ જો કોઈ ધર્મ ન હોત તો પ્રયોજન અને અપ્રયોજનનો વિષય પણ ન હોત. વસ્તુ પોતે પણ પોતાની વસ્તુપણારૂપ ક્રિયા કરે છે. એટલે કે અર્થક્રિયાકારક એનો સ્વભાવ છે અથવા એનો વસ્તુત્વસ્વભાવ છે. બેયની પરિભાષા 'સમયસાર'માં એક છે. એ એના વસ્તુત્વગુણને બતાવે છે અથવા એના અર્થક્રિયાકારકપણાને બતાવે છે.

મુમુક્ષુ :– છએ દ્રવ્યમાં ષટ્‌ગુણહાનિવૃદ્ધિ થાય તો આકાશ દ્રવ્ય ન થાય ? કેવી રીતે થાય ?

પૂજ્ય ભાઈશ્રી :– દેખાય જ નહિ.

મુમુક્ષુ :– દેખાય નહિ પણ જેમકે ....

પૂજ્ય ભાઈશ્રી :– એટલે એમાં તો શું છે કે પરિણમન પ્રત્યક્ષ તો કેવળજ્ઞાન ગોચર છે. આકાશ અવગાહન આપે છે. કેટલા દ્રવ્યોને ? કે અનંત દ્રવ્યોને અવગાહન આપે છે. હવે એના ફેરફાર–અવગાહનના જે ફેરફારો, અવગાહનના ક્ષેત્રના જે ફેરફારો (થાય) એનું કોઈ નિમિત્તપણું લેવામાં આવતું હોય. પણ એ તો એક નિયમ છે એ પદાર્થને લાગુ પડે છે. પદાર્થ છે, ઉત્પાદ-વ્યય-ધ્રુવ્યાત્મક છે. ઉત્પાદ વ્યય છે તો એની અર્થક્રિયાશક્તિ છે. અર્થક્રિયાશક્તિ છે તો એના પરિણમનમાં ષટ્‌ગુણહાનિવૃદ્ધિ છે. એટલા માટે એ આવી રીતે સ્વીકારાય છે કે પદાર્થ કેટલા સૂક્ષ્મકાળમાં પર્યાયથી પર્યાયાંતર થાય ? કે એક જ સમયમાં.

એક સમય એટલે એનું પરિમાણ શું ? એક સમયનું પરિમાણ શું ? કે જે સમયનો બીજો ભાગ ન થાય તેને એક સમયનું પરિમાણ કહેવામાં આવે છે. એટલે

સૂક્ષ્મમાં સૂક્ષ્મ જે કાળનું Unit એને એક સમય કહેવામાં આવે છે. હવે જો એમ ન હોય તો (એટલે કે) એક સમયથી વધારે પર્યાયથી પર્યાયાંતર થવાનો કાળ હોય તો બીજી કેટલી બાધા, કેટલીયે બાધા ઉત્પન્ન થાય એવું છે, ન્યાયદષ્ટિએ. આ વિષય તો કેવળજ્ઞાનનો છે. એક સમયને પકડવું તે વિષય કેવળજ્ઞાનનો છે, શ્રુતજ્ઞાનનો નથી, પણ ન્યાયથી નક્કી થાય છે. એમ દ્રવ્યાનુયોગના કેટલાક સિદ્ધાંતો શ્રુતજ્ઞાનમાં ન્યાયથી સમજવાના રહે છે. જો ન્યાય ન પકડે તોપણ એને સમાધાન થાય નહિ અને દ્રવ્યાનુયોગ સમજાય નહિ.

આ દ્રવ્યાનુયોગનો વિષય છે. વસ્તુનું સ્વરૂપ જેમાં નિરૂપણ કર્યું છે, પદાર્થના ગુણધર્મોનું જેમાં નિરૂપણ છે તે દ્રવ્યાનુયોગ છે. એટલે વસ્તુ પોતાની પ્રયોજભૂત ક્રિયા કરે છે એવો જે વસ્તુનો સ્વભાવ છે, વસ્તુ આત્માની આત્મિક ક્રિયા કરે એ એનું પ્રયોજન છે પણ વસ્તુ જડની પણ ક્રિયા કરે એવી અર્થક્રિયાકારક શક્તિ કોઈ વસ્તુમાં નથી, કોઈ આત્મામાં નથી. એમ જડ પરમાણુ એની અર્થક્રિયાકારક શક્તિ કરે છે. એ સામાન્યગુણ છે બધામાં પણ એ ચૈતન્યની કોઈ અર્થક્રિયાને કરે છે, પ્રયોજભૂત ક્રિયાને જડ કરે છે એવું બનતું નથી.

કેવળજ્ઞાન થાય ત્યારે વ્રજવૃષભનારાચ સંહનન હોય. હાડકાની ઉત્કૃષ્ટ પ્રકારની ઘનિષ્ઠ મજબૂતાઈને વ્રજવૃષભનારાચ સંહનન કહે છે. શરીરમાં રહેલું, માનવશરીરમાં રહેલું હાડકું. એ હાડકાની જે રચના, સંઘયણ એટલે એની જે ગોઠવણ એ એટલી બધી મજબૂત છે કે કેવળજ્ઞાન જેને થવાનું હોય એને એ સંહનન હોય. ભલે ગમે તેટલા ઉત્સર્ગ પરિષહ પડે પણ એનું જે સહનન છે એ ઉત્કૃષ્ટ છે. વજ્ર જેવા એના હાડકા છે. વજ્રવૃષભનારજસંહનન.

મુમુક્ષુ :– એથી પણ વધારે, ભેદી ન શકે.

પૂજ્ય ભાઈશ્રી :– ભેદી ન શકે એને. કોઈ પદાર્થ એને છેદી ન શકે. એને લઈને કેવળજ્ઞાન થયું કે નહિ ? એની અર્થક્રિયાકારક શક્તિ થઈ કે નહિ ? પ્રયોજભૂત ક્રિયા. કેવળજ્ઞાન થવું તે પ્રયોજન ચૈતન્યનું છે. એમાં આ સંહનન છે–મજબૂત સંહનન છે એ એની અર્થક્રિયાને કરે કે ન કરે ? એ એની અર્થક્રિયાને ન કરે, એમ કહેવું છે. કોઈ કોઈની અર્થક્રિયાને ન કરે. એવી જ રીતે ભેદ લીધો છે.

**'ભેદ વિના દ્રવ્યગુણ અભેદ હોય.'** જો વસ્તુને ભેદધર્મ ન હોય તો દ્રવ્ય અને ગુણના જે ભેદ છે એ પરસ્પર ભેદ ન હોત. દ્રવ્યત્વ અને ગુણત્વ અને પર્યાયત્વ અથવા પર્યાય પર્યાય વચ્ચેના ભેદ, ગુણ ગુણ વચ્ચેના ભેદ અથવા દ્રવ્ય-ગુણ-પર્યાય વચ્ચેના ભેદ, એવા જે ભેદ છે એ ન રહેત, ન હોત. પણ એવું પણ વસ્તુનુ સ્વરૂપ નથી.

આ તો કેવળજ્ઞાનની પરંપરા અનુસાર, કેવળજ્ઞાન અનુસાર અને પોતાના અનુભવથી સિદ્ધ થઈને આ બધી વાતો હજી આ સાહિત્યમાં-પરમાગમોમાં રહી છે. બીજી જગ્યાએ ગડબડ છે એનું કારણ આ છે કે ત્યાં કેવળજ્ઞાન અનુસાર વાત નથી, બુદ્ધિના ક્ષયોપશમ અનુસાર વાત છે. ત્યારે પદાર્થનું સ્વરૂપ એટલું ચિત્રવિચિત્ર છે કે જેની અંદર પરસ્પર વિરુદ્ધ ધર્મો રહેલા છે. ભેદ અને અભેદ, નિત્ય અને અનિત્ય, એક અને અનેક. આવા પરસ્પર વિરુદ્ધ ધર્મો છે. ત્યાં બુદ્ધિ કેવી રીતે સમાધાન કરે ? કાં તો સ્વાનુભવ જોઈએ અને કાં તો કેવળજ્ઞાનની શાખ એવું આગમ જોઈએ. નહિતર તો કાંઈ મેળ ખાય નહિ.

જે સ્વાનુભવ છે એમાં કેવળજ્ઞાનની લબ્ધિ છે. લબ્ધજ્ઞાન જુદું અને લબ્ધિ જુદી પાછી. આ લબ્ધ અને લબ્ધિમાં આ ફેર છે. તો ત્યાં આ વસ્તુની પ્રતિતિ આવે છે કે વસ્તુ આવી હોવા યોગ્ય છે. શ્રુતજ્ઞાની એમ કહી શકે (કે) પદાર્થ આમ હોવા યોગ્ય છે. એને ન્યાય પકડાય છે. આગમનો પરમાગમનો ન્યાય એને પકડાય છે અને સંમત થાય છે. જ્યારે એથી વિપરીત પ્રકારે જે જ્ઞાનમાં સંસ્કાર છે એને એ ન્યાય સંમત થતો નથી.

**'ભેદ વિના દ્રવ્યગુણ અભેદ હોય. અભેદ વિના એક વસ્તુ ન હોય.'** ભેદ અને અભેદ એકસાથે છે. પણ તમે વસ્તુને ભેદવાળી કહો, પાછી વસ્તુને અભેદ કહો ? વસ્તુનો નિર્ણય કેવી રીતે થાશે ? આમાં વસ્તુનો નિર્ણય થાય નહિ એમ કહે છે. 'શંકરાચાર્યે'એ કહ્યું 'આદ્યશંકરાચાર્ય' બહુ ક્ષયોપશમવાળા જીવ. જૈનદર્શનનો અભ્યાસ કર્યો. આ જે સ્યાદ્વાદ અનુસાર કહીએ છીએ પણ આમાં કાંઈ વસ્તુના સ્વરૂપનું ઠેકાણું પડતું નથી. અભ્યાસનો દૃષ્ટિકોણ મળવો જોઈએ. એકલી બુદ્ધિનો વિષય નથી આ. બુદ્ધિનો ઉઘાડ હોય એટલે આ આગમનો પાર પામે એવું નથી. એની પાસે દૃષ્ટિકોણ હોવો જરૂરી છે. વસ્તુના સ્વરૂપને સમજવાનો દૃષ્ટિકોણ. બહુ મોટી વાત છે આ. જે દૃષ્ટિકોણ એને મુખ્યપણે તો સમ્યગ્દર્શન પ્રાપ્ત થતાં લાધે છે, એ પહેલા એને એ દૃષ્ટિકોણ આવતો નથી. અને એક સમ્યગ્દર્શનની નજીક જીવ હોય છે એને કાંઈક એનો બહુભાગ મેળ ખાય છે. બાકી મિથ્યાત્વ અવસ્થામાં મેળ ખાતો નથી.

**'અભેદ વિના એક વસ્તુ ન હોય.'** અભેદ વિના એક વસ્તુ ન હોય અને ભેદ વિના દ્રવ્ય ગુણ ન હોય. એક જ વસ્તુ છે અને એને દ્રવ્ય ગુણ પણ છે. વસ્તુ એક છે ત્યાં અભેદ છે. એક વસ્તુપણામાં અભેદપણું છે. વસ્તુતાએ વસ્તુનું અભેદપણું છે. અને દ્રવ્ય ગુણથી એ વસ્તુમાં ભેદપણું છે. બેય નક્કર હકીકત છે. બેમાંથી એકેયમાં ક્યાંય પોલ નથી. આવી વાત છે.

**'અસ્તિ વિના નાસ્તિ હોય.'** જો પોતે હયાત ન હોય તો ક્યારેક એની બિનહયાતી પણ હોય. પણ પોતાનો અનંત અસ્તિત્વ સ્વભાવ–અનંત અસ્તિત્વ શક્તિ ક્યારે પણ પોતાની નાસ્તિ થાય એવા સ્વરૂપે હોતી નથી. સદાય અસ્તિ છે આત્માની. અસ્તિ વિના આત્મા નાસ્તિ હોત અને **'નાસ્તિ વિના વસ્તુમાં પરની અસ્તિતા હોત.'** જો આત્મામાં અસ્તિત્વ પણ છે–અસ્તિપણું પણ છે, સ્વરૂપ અપેક્ષાએ આત્મામાં અસ્તિપણુ છે પણ એવું એ અનંત અસ્તિત્વ નથી કે પરની અપેક્ષાએ પણ અસ્તિત્વપણું છે. જેવું સોએ સો ટકા સ્વરૂપથી પોતાનું અસ્તિત્વ સોએ સો ટકા છે, એવું જ પર સ્વરૂપથી આત્મામાં સોએ સો ટકા નાસ્તિત્વપણું છે. એક ટકો પણ પરનું અસ્તિત્વ આત્મામાં નથી. દ્રવ્યથી નહિ, ગુણથી નહિ, પર્યાયથી નહિ. કોઈપણ પ્રકારના પ્રભાવથી પણ નહિ. નાસ્તિ એટલે નાસ્તિ. એવું નાસ્તિત્વપણું પણ આત્માને છે. અથવા સામાન્યપણે પ્રત્યેક છએ દ્રવ્યને આ લાગુ પડે છે. એ સામાન્ય ધર્મ છે.

મુમુક્ષુ :– અસ્તિત્વથી ઊપાડ છે ?

પૂજ્ય ભાઈશ્રી :– હા, અસ્તિત્વથી ઊપાડ છે. અવલંબનનો વિષય અસ્તિત્વ છે. અવલંબનનો વિષય નાસ્તિત્વ નથી. કેમકે નાસ્તિત્વ પરની અપેક્ષાએ છે અને પરનું લક્ષ છોડવું છે. પરનું નાસ્તિત્વ છે એમ કહીને પણ પરનું લક્ષ કરાવવું નથી. પરનું લક્ષ તો છોડવું છે. આમ સમજવાનો દૃષ્ટિકોણ પણ હોવો જોઈએ. બેય અસ્તિત્વ ધર્મ અને નાસ્તિત્વ ધર્મ (છે). પછી એકનું લક્ષ અને એકનું લક્ષ નહિ એમ ? હા. એ દૃષ્ટિકોણ છે આની અંદર. એ આની અંદર દૃષ્ટિકોણ છે કે સ્વનું લક્ષ કરવાનું છે અને પરનું લક્ષ છોડવાનું છે. અથવા એક આદરીને અવલંબન લેવાનો વિષય છે અને એક માત્ર જાણવાનો વિષય છે કે પરથી નાસ્તિત્વપણું છે. અવલંબનનો વિષય એ રહેતો નથી.

જેમ કે અભેદ એક નિત્ય એ અવલંબનનો વિષય છે. અનિત્યપણું, ભેદ અનેકપણું એ જાણવાનો વિષય છે, અવલંબનનો વિષય નથી. એમ આનો સમજવાનો પણ દૃષ્ટિકોણ છે. ભલે દ્રવ્યાનુયોગનો વિષય હોય અને એમાં દ્રવ્યના અનેક ગુણધર્મોનું નિરૂપણ હોય પણ અધ્યાત્મના દૃષ્ટિકોણપૂર્વક એનું જ્ઞાન થાય તો દ્રવ્યાનુયોગનું જ્ઞાન યથાર્થ છે અને નહિતર દ્રવ્યાનુયોગનું જ્ઞાન અયથાર્થ થઈ જાય. આગમ અનુસાર લાગે છતાં અયથાર્થ થઈ જાય. આમ દૃષ્ટિકોણ છે એ પણ આની અંદર ભાગ ભજવતો હોવાથી સામાન્યપણે દ્રવ્યાનુયોગ સ્વાનુભવી મહાત્માના સત્‌સમાગમે સમજવાની મુમુક્ષુઓને ભલામણ કરવામાં આવે છે. આ એક દૃષ્ટિકોણની પ્રધાનતાથી વાત છે. એની પાસે એ દૃષ્ટિકોણ છે એટલે દ્રવ્યાનુયોગના

નિયમો તને કદાચ બુદ્ધિગોચર થાય એકલા એકલા, પણ દૃષ્ટિકોણ નહિ હોય તો ? આગમથી તને દ્રવ્યાનુયોગના આગમો તું પકડીશ, બુદ્ધિ હશે તો સમજી શકીશ પણ દૃષ્ટિકોણ નહિ હોય તો ?

'ગુરુદેવ' પાસે દિગંબર સમાજના અનેક વિદ્વાનોએ આ વાત સ્વીકારી છે કે અમે શાસ્ત્રો તો ઘણા વાંચ્યા હતા પણ આ દૃષ્ટિકોણની વાત અહીંયાં જુદી આવે છે. આ એક વિશેષતા છે. એ સ્પષ્ટ કરતા. સ્વામીજીની આ એક વિશિષ્ટતા છે. અમે શાસ્ત્ર વાંચ્યું હતું પણ આ દૃષ્ટિકોણથી નહિ. આ દૃષ્ટિકોણથી અમે સમજ્યા નહોતા. કેમકે બે દ્રવ્યની એકતા, રાગની એકતા એ વિપર્યાસ તો મિથ્યાદૃષ્ટિને શાસ્ત્ર વાંચતી વખતે ઊભો છે. એટલે એ દૃષ્ટિકોણ છે એની પાસે. ઊંધો દૃષ્ટિકોણ રાખીને એ સત્‌શાસ્ત્ર સમજે તો શાસ્ત્ર એને કેમ સમજાવે કે તારો દૃષ્ટિકોણ ઊંધો છે ? એનું શું કર ? પહેલા એ તો સરખું કર પછી મારું અધ્યયન કરજે, એમ શાસ્ત્રો તો નહિ કહે.

મુમુક્ષુ :- ગુરુ બતાવશે.

પૂજ્ય ભાઈશ્રી :- એ બતાવશે. સજીવનમૂર્તિ એ બતાવશે. એટલે 'શ્રીમદ્‌જી'એ કહ્યું કે સજીવનમૂર્તિ વિના કોઈ આરાધન કરવા જાય તો એ પ્રાયઃ કલ્પનાએ ચડે છે અને એ બંધનમાં પડે છે. એમણે બહુ શરૂઆતમાં એ વિષયની સૂચના આપી છે.

મુમુક્ષુ :– અસ્તિત્વ નજરાય છે...

પૂજ્ય ભાઈશ્રી :– અસ્તિત્વ નિર્જરાય છે એટલે અસ્તિત્વ જે જ્ઞાનમાં આવી ગયું–નિશ્ચય થઈ ગયો સ્વરૂપનો એમાં અસ્તિત્વ છે એ અવલંબનનો વિષય છે. જેમ પાણીના કૂવામાં કે તળાવમાં કે સમુદ્રમાં તળિયે જેમ એક ઠેસ મારીને ઉપર જાય, એમ નથી કહેતા ? અમારે ઘણાને એવી ટેવ હોય છે કે જમતા જમતા જરાક ગળપણ અમારે જોઈએ. કેમ ? જરા ગળે ઉતારવામાં ઠેસ મારવા એની જરૂર પડે છે. આવો માણસો જોયા છે. એમ આ અસ્તિત્વ છે એ અનંત ગુણસ્વરૂપ દ્રવ્યની અંદર ઉતરવામાં ઠેસ મારવાની છે. અસ્તિત્વ ઉપર બહુ વજન જાય છે.

'શ્રીમદ્‌જી'એ એ વાત લીધી છે અને વચનામૃતમાં તો અસ્તિત્વની વાત અનેક વચનોમાં છે. અને એ અસ્તિત્વના અવલંબનથી દૃષ્ટિનો વિષય આવે છે. એ ૨૧૬ ને એ બધા એક-બે વચનામૃતોમાં એ વાત બહુ સ્પષ્ટ આવી છે. ચર્ચામાં પણ અવાર-નવાર અસ્તિત્વનો વિષય બહુ જોરદાર આવે છે ! બહુ જોરદાર આવે છે !! એ દૃષ્ટિની સાથે સીધો સંબંધ ધરાવે છે.

**'અસ્તિ વિના નાસ્તિ હોત. નાસ્તિ વિના (વસ્તુમાં) પરની અસ્તિતા હોય.'** પણ કોઈ કાળે પણ પરપદાર્થનું અસ્તિત્વ સ્વરૂપમાં નાસ્તિત્વ ધર્મને લઈને પોતાના

સ્વરૂપમાં નહિ આવી શકતું હોવાથી ક્યારે પણ પરપદાર્થનો સ્વપદાર્થપણે અનુભવ કરી શકાતો નથી. એટલે તો 'ગુરુદેવ' કહેતા ભાઈ ! તું અજ્ઞાની હોય તોપણ તું લાડવો ખાઈ શકતો નથી. કહેતા હતા ? તું એમ માન ભલે કે મેં લાડવો ખાધો. પણ તું લાડવો ખાઈ શકતો નથી. પરપદાર્થનું જાણવું એક વાત છે. કેમકે પ્રતિબિંબ થાય છે. ભોગવવું બીજી વાત છે. એ વેદનનો વિષય (થઈ) જાય છે. પણ મને તો ગળપણ વેદનમાં આવ્યું. ના, તને જણાયું છે. વેદી શકતો નથી. વેદવાની તેં કલ્પના કરી છે એટલે તેને વિભાવ– વિશેષભાવ કહેવામાં આવે છે.

**'સાકાર વિના નિજાકૃતિ ન હોય'** શું કહે છે ? આત્મ પદાર્થ અથવા છએ દ્રવ્યોને પોતાના ક્ષેત્રફળનો કોઈને કોઈ આકાર છે. જીવપદાર્થને વિષે સંસાર અવસ્થામાં ભિન્ન ભિન્ન પ્રકારની આકૃતિ છે. નિજ દેહપ્રમાણ દરેકને. સિદ્ધાલયમાં સાદિ અનંત કાળ ચરમ શરીરથી કિંચિત ન્યૂનપણે એક સરખી આકૃતિ રહે છે. પછી એ આકૃતિમાં ફેર પડતો નથી. મનુષ્યાકારે. ખડગાસન અથવા પદ્માસનપણે જેટલું જેવડું ચરમશરીર હોય, પાંચસો ધનુષથી માંડીને નીચે જેટલું થાય એટલું મનુષ્યનું શરીર કેવળજ્ઞાન થાય ત્યારે એ શરીરથી કિંચિત્ ન્યૂન આકાર રહે, બસ ! પણ એનો આકાર, અરૂપી છે માટે આકાર નથી એમ નથી.

તેમ આકાશ અરૂપી હોવા છતાં એને કોઈ આકાર નથી એમ નથી. પણ એનું માપ નથી. એ આકારને માપી શકાતું નથી. એવું અમાપ એનું ક્ષેત્રફળ છે પણ છતાં એનો આકાર છે. એક પરમાણુને પણ એનો આકાર છે. આ લોકો– Atomic science વાળા સ્કંધનો આકાર દોરે છે. પહેલા પંચ કોણ દોરતા હતા, હવે કાંઈક ષટ્ કોણ દોરે છે, અષ્ટ કોણ દોરે છે. પછી એમાં ન્યૂટ્રોમ, પેટ્રોમ, એટ્રોમ કરીને એવા બધા ભાગ પાડે છે. પણ એ પરમાણુ નથી, એ સ્કંધ છે. એવો પણ આકાર એનો નથી. એ ખૂણા-બુણા કાઢે છે એવો પણ પરમાણુનો આકાર નથી. કેવળીગમ્ય છે. પણ આકાર જરૂર છે. બાકી કાળાણુનો પરમાણુ જેવડો જ આકાર છે. અને ધર્માસ્તિ ને અધર્માસ્તિકાયનો ચૌદ બ્રહ્માંડ જે ૩૪૩ ઘન રાજૂ છે એટલો આકાર છે. છએમાં સાકારપણું છે. આત્મા પણ સાકાર છે. જો આત્મા સાકાર ન હોય તો એને પોતાની આકૃતિ ન હોત. આત્માને એની આકૃતિ છે માટે આત્મા સાકાર છે.

અને **'નિરાકાર વિના પરાકાર ધરી (વસ્તુ) વિનાશ પામે.'** આત્મા સાકાર પણ છે અને આત્મા નિરાકાર પણ છે. પુદ્ગલનો કોઈ દેખાય એવો ઇન્દ્રિયગમ્ય આકાર આત્માને નહિ હોવાથી આત્માને નિરાકાર પણ કહેવામાં આવે છે. બીજા પદાર્થનું ભેળસેળપણું નહિ હોવાથી એને નિરંજન કહેવામાં આવે છે અને પુદ્ગલનો આકાર

ધારણ નહિ કરતો હોવાથી એને નિરાકાર પણ કહેવામાં આવે છે. એમ નિરંજન નિરાકાર. કહે છે ને ? આત્મા નિરંજન નિરાકાર છે. અંજન એટલે ડાઘ નથી. રાગનો ડાઘ નથી, દોષનો ડાઘ નથી, કલંક નથી. અને અહીંયાં પુદ્‌ગલનો આકાર નથી. રૂપ, રસ, ગંધ, સ્પર્શનો આકાર એને નથી. તેથી આત્મા નિરાકાર પણ છે. નિજાકૃતિને લઈને સાકાર પણ છે અને પુદ્‌ગલાકારપણે નહિ હોવાને લીધે નિરાકાર પણ છે. આકાર પણ છે અને નિરાકાર પણ છે, બેય સિદ્ધ થાય છે.

આ વિવિક્ષા અન્ય દર્શનમાં નથી. આ પ્રકારની વિવિક્ષાઓ પણ વસ્તુધર્મને અડીને કોઈ દર્શનમાં નથી. આ તો વિજ્ઞાન છે ને ? વસ્તુવિજ્ઞાન છે. કોઈ દર્શનમાં નથી. Challange મારી શકાય એવું છે. લાવો જગતનું કોઈ સાહિત્ય વિજ્ઞાનનું કે ધર્મ સંપ્રદાયનું, આ રીતે વસ્તુના સ્વરૂપનું નિરૂપણ નથી. (વિશેષ લઈશું...)

❈ ❈ ❈

અરે જીવો ! ઠરી જાઓ... ઉપશમરસમાં ડૂબી જાઓ ! એમ જાણે કે ભગવાનની પ્રતિમા ઉપદેશતી હોય ! માટે સ્થાપના પણ પરમપૂજ્ય છે. ત્રણ લોકમાં શાશ્વત વીતરાગ મુદ્રિત જિનપ્રતિમા છે. જેમ લોક અનાદિ અકૃત્રિમ છે. લોકમાં સર્વજ્ઞ પણ અનાદિથી છે, તેમ લોકમાં સર્વજ્ઞની વીતરાગ પ્રતિમા પણ અનાદિથી અકૃત્રિમ શાશ્વત છે. જેણે આવા પ્રતિમાજીની સ્થાપનાને ઉડાડી છે તે ધર્મને સમજ્યા નથી. ધર્મી જીવને પણ ભગવાનના જિનબિંબ પ્રત્યે ભક્તિનો ભાવ આવે છે.

(પરમાગમસાર-૭૦૩)

## તા. ૬-૯-૧૯૮૫, પાના નં. ૫ - ૬,
## પ્રવચન નં. ૨૨

'અનુભવ પ્રકાશ' પાનું પાંચ. આત્મામાં રહેલા ગુણો અને સ્વભાવ, એનું વર્ણન છે. આત્મા એક અખંડ પદાર્થ અનેક ગુણધર્મોને ધારણ કરે છે. તેથી આત્માનું અનેકાંતાત્મક સ્વરૂપ છે એમ સત્શાસ્ત્રોમાં પ્રસિદ્ધ છે. અનેક અંત. અનેકાંત એટલે અનેક અંત. અંત એટલે ધર્મ એમ લીધું છે. અનેકાંતનો શબ્દાર્થ તો અનેક ધર્મ એટલો થાય છે.

'અમૃતચંદ્રાચાર્યદેવે' અનેકાંતની વ્યાખ્યા વસ્તુને વધારે સ્પષ્ટ કરવા માટે બહુ જોરદાર વ્યાખ્યા કરી છે. 'સમયાસર'નું પરિશિષ્ટ લખવાના પ્રારંભમાં એ વાત એમણે કરી છે. 'સમયસાર'નું જે પરિશિષ્ટ છે, ટીકા પૂરી કરીને પરિશિષ્ટ લખવાની શરૂઆતમાં એમ કહ્યું કે અનેકાંત છે તે એક વસ્તુમાં એક અખંડ અભેદ વસ્તુમાં વસ્તુપણાને નિપજાવનારી પરસ્પર વિરુદ્ધ બે શક્તિઓનું પ્રકાશવું તે અનેકાંત છે. આમ લીધું છે. સાદો અર્થ ન કર્યો કે અનેક ધર્મ તેને અનેકાંત કહીએ. પણ પરસ્પર વિરુદ્ધ ધર્મોના પ્રકાશનથી વસ્તુનું સ્વરૂપ જ્ઞાનમાં નીપજે–ઊપજે વસ્તુ તો અનાદિઅનંત નીપજેલી જ છે, એને કોઈ નવી નીપજાવી નથી પણ આનાદિનું જીવને અજ્ઞાન છે. તો કહે છે, વસ્તુના સ્વરૂપને નીપજાવનારી જે પરસ્પર વિરુદ્ધ શક્તિઓ, પરસ્પર એકબીજાને વિરુદ્ધ થનારી એવી જે બે શક્તિઓ એને વસ્તુ પોતે પ્રકાશે છે, પ્રસિદ્ધ કરે છે. એવી રીતે વસ્તુને વિરુદ્ધ શક્તિઓ સહિત જોઈ શકે અને જેને જ્ઞાનમાં અવિરોધપણું રહે, વિરોધ ઊભો ન થાય એ વસ્તુ અનેકાંતાત્મક છે તો એવું જ્ઞાન પણ એને અનેકાંતાત્મક છે અને એની વાણી અનેકાંતવાદ કહેવામાં આવે છે. એ અનેકાંતવાદ છે. એવી રીતે અનેકાંતનું સ્વરૂપ કહ્યું છે. નહિતર અનેકાંત એટલે અનેક ધર્મ.

જે આ પ્રકારે અનેકાંતને સમજતા નથી તે ગમે તેમ અનેકાંતની વ્યાખ્યા કરે છે. આમથી પણ થાય અને આમથી પણ થાય એ બધું અનેકાંત ગણે. એવું કોઈ અનેકાંત નથી. અનેકાંતની આવી વ્યાખ્યા છે. સંસ્કૃત જોવા માટે શાસ્ત્ર રાખ્યું છે.

'**एकवस्तुवस्तुत्वनिष्पादकपरस्परविरूद्धशक्तिद्वयप्रकाशनमनेकान्तः**' આવા શબ્દો પડયા છે. આચાર્યમહારાજના મૂળ શબ્દો સંસ્કૃતમાં આ રીતે છે.

**'एकवस्तुवस्तुत्वनिष्पादक'** એક વસ્તુને તે વસ્તુની નિષ્પાદક છે–નિષ્પન્ન કરનારી છે એવી **'परस्परविरूद्धशक्तिद्वय'** બે પરસ્પર જે વિરુદ્ધ શક્તિઓ છે, **'प्रकाशनम'** **'शक्तिद्वयप्रकाशनम'** એનું જે પ્રકાશન થવું **'अनेकान्तः'** તેને અનેકાંત કહેવામાં આવ્યું છે. આમ અનેકાંતનો શ્લોક છે.

આત્મા સ્વરૂપથી અસ્તિ છે અને પરપદાર્થ, પરરૂપથી નાસ્તિ છે એવું અસ્તિ-નાસ્તિનું એકસાથે પ્રકાશન થતા વસ્તુનું નિષ્પન્નપણું થાય છે. એટલે વસ્તુસ્વરૂપ ચોક્કસ થાય છે. 'શંકરાચાર્યે' ભલે એમ કહ્યું કે આ સ્યાદ્વાદની કથની જોતા વસ્તુના સ્વરૂપનો નિર્ણય થતો નથી. આત્મા એક પણ છે અને આત્મા અનેક પણ છે. આત્મા શુદ્ધ પણ છે અને આત્મા અશુદ્ધ પણ છે. આત્મા અસ્તિ પણ છે અને આત્મા નાસ્તિ પણ છે. આ તો કોઈ વસ્તુના સ્વરૂપનું કોઈ ઠેકાણું જ નથી પડે એવું. ખરેખર શું તો ? વસ્તુ કેવી છે ? તો કહે છે, એવા વિરુદ્ધ ધર્મોથી વસ્તુના સ્વરૂપનું જ્ઞાનમાં બરાબર ચોક્કસપણું થાય છે. એને વસ્તુનું નિષ્પાદન કહેવામાં આવે છે.

પેલા કહે છે કે વસ્તુના સ્વરૂપનો નિર્ણય ન થાય આમ કહો તો. આચાર્ય કહે છે કે આમ કહેતા જ વસ્તુના સ્વરૂપનો નિર્ણય થાય અને એ એકદમ વાસ્તવિક છે. ઘણું અત્યંત વાસ્તવિક છે એ. પોતાના મકાનનો, જમીનનો દસ્તાવેજ કેવી રીતે કરે છે ? કે આ ચતુર સીમામાં અમારો હક છે અને બીજાનો હક નથી. અસ્તિ-નાસ્તિ કરે છે કે નહિ ? જો એકનું લખ્યું હોય કે અમારો હક છે. તો બીજા કોઈ દાવો કરે કે એવું ક્યાં લખ્યું છે કે અમારો પણ હક નથી ? એવું કાંઈ લખ્યું છે તમે ? કાયદાબાજ માણસો એ વાત લઈ આવે કે તમે તમારા હકની વાત લખી છે પણ અમારો હક નથી એવું તો લખ્યું નથી માટે અમારો હક પણ છે. એ વાત અધ્યાહાર રહી છે. એમ કહીને તકરાર લઈ આવે. પણ વસ્તુના સ્વરૂપ વિષે તકરાર ન થાય અને વસ્તુનું સ્વરૂપ ચોખ્ખે ચોખ્ખું સ્પષ્ટ થાય એવા પરસ્પર બે વિરુદ્ધ ધર્મોને પ્રકાશનારું જ્ઞાન અનેકાંત છે, એ વાણી અનેકાંતમય છે અને વસ્તુ પોતે અનેકાંતસ્વરૂપ છે. એ વ્યાખ્યા અનેકાંતની 'સમયસાર'ની અંદર આ રીતે સ્પષ્ટ છે.

અહીંયાં કેટલાક ધર્મો આપણે પાંચમે પાને ચાલ્યા. એમાં અસ્તિ-નાસ્તિનો ધર્મ ચાલી ગયો કે સ્વરૂપથી અસ્તિ છે અને પરથી નાસ્તિ છે. એવી રીતે છેલ્લો અચલ સ્વભાવ.

**'અચલ સ્વભાવ વિના ચલ હોય.'** વસ્તુનો મૂળ સ્વભાવ છે તે સ્વભાવથી વસ્તુ સ્ખલિત થતી નથી. અસ્ખલિત સ્વભાવ છે કે જેનાથી વસ્તુ ચલાયમાન થતી નથી. ત્રણે કાળે નિગોદથી માંડીને સિદ્ધપર્યાય પર્યંત વસ્તુ પોતાના સ્વભાવે કરીને અચલ રહે છે. જરા પણ ચલાયમાન થતી નથી. તિલતુષમાત્ર. એક અંશે અનંતમાં

ભાગે કોઈપણ અંશે વસ્તુ પોતાના સ્વરૂપથી ચલાયમાન થતી નથી. નિજ ગુણની સંપત્તિ અને વૈભવ એ આત્માની અચળ સંપત્તિ છે. અચળ સંપત્તિ અને ચળ સંપત્તિ હોય છે ને લૌકિકમાં ? મકાન વગેરે, જમીન-મકાનને અચળ સંપત્તિ કહે છે. સ્થાવર-જંગમ કહે છે. એ સ્થાવર કહો, અચળ કહો અને જંગમ એટલે ચળ. રૂપિયા, પૈસા, દાગીના, ઘરેણા એ બધા ચળ સંપત્તિ છે, ચલાયમાન છે. રોકડને તો અંગ્રેજીમાં બોલે છે જ Liquide cash બોલે છે. શું બોલે છે ? Liquide cash. Liquide એટલે પ્રવાહી. કાંઈ પ્રવાહી છે ઇ ? પ્રવાહી માને ચલાયમાન. એને ચલાયમાન કહેવામાં આવે છે.

આત્મા પોતાના અનંત ગુણ, અનંત શક્તિઓથી અચલિત સંપત્તિવાળો છે. ક્યારે પણ ચલાયમાન થતો નથી. એવો જેને અંદરમાં આધાર મળે છે, અવલંબન મળે છે એના પરિણામમાં પછી શંકા શી ? સંદેહ શી ? ભય શો ? વિકલ્પ શો ? ઉપાધિ શી ? એ કાંઈ પ્રકાર પછી એને છે નહિ.

મુમુક્ષુ :– એવા એવા ગુણોથી આત્માને ઓળખવો જોઈએ ?

પૂજ્ય ભાઈશ્રી :– એના એવા મૂળ ગુણોથી આત્મા ઓળખાવે છે. આત્મા ઓળખાય છે ત્યારે આવા મૂળ સ્વભાવો છે એનું જ્ઞાન આવી જાય છે. જેમકે જ્ઞાનલક્ષણથી જ્ઞાનસ્વભાવી આત્મા લક્ષગત થયો તો મારું અનંત જ્ઞાન સામર્થ્ય સદાય છે એમ લક્ષગત થાય છે. અનંતતામાં સામર્થ્યની અનંતતા અને કાળની અનંતતા બેય એકસાથે સમાય છે. સામર્થ્ય અને કાળ બંને અનંત છે એમ અનંતનું જ્ઞાન થાય છે.

અહીંયાં તો લાખ-કરોડ થાય ત્યારે માણસનો પ્યાલો ફાટી જાય છે કે અમારે કોઈની સાડી બાર નથી. આ તો કહે છે કે તારી પાસે અનંત ગુણ સંપત્તિ છે. જેના આધારે અહીંયાં અભિમાન થાય છે એવી જે ભૌતિક સંપત્તિ એ તો એક Secondમાં એનો વિયોગ થતા વાર લાગતી નથી. કાં તો પોતે ચાલ્યો જાય છે, કાં તો સંપત્તિનો નાશ થાય છે. કોઈપણ વખતે એવો Accident થાય છે. છતાંય તે એને કેટલો બધો આધાર મળી ગયો એવું લાગે છે. તો જેને પોતાની અનંત ગુણ સંપત્તિ, શાશ્વત શક્તિઓનો આધાર પ્રાપ્ત થાય એને બીજા કોની દરકાર હોય ? એ પ્રશ્ન રહેતો નથી.

મારા આત્મસ્વરૂપમાંથી કાંઈ થઈ શકે એવું નથી. અનંત કાળ નિગોદમાં રહ્યો કાંઈ ન થયું. સ્વભાવે કરીને જોતા તો નિગોદમાં ગયો કે રહ્યો એ સવાલ પણ નથી. આમ છે. વ્યવહાર-નિશ્ચયનયમાં વિરુદ્ધતા જુઓ ? નિશ્ચયનય એમ કહે છે અથવા એમ જાણે છે કે મને કદી ભવ થયો નથી. હું પોતે મારા સ્વરૂપે કરીને

ભવ અને ભવના કારણથી સદાય રહિત જ છું. ભવ તો નથી ભવનું કારણ પણ કોઈ મારામાં નથી. વ્યવહારનય જાણે છે અને કહે છે કે અનંતા ભવ તને થયા. કેટલા ? એક બે નથી થયા, અનંતા થયા. નિગોદમાં તો એક શ્વાસોસ્વાસમાં અઢાર. અનંત કાળ ગયો ત્યાં. એટલા અનંતા થયા. આમ બે પરસ્પર નયો વિરુદ્ધ રીતે વસ્તુના સ્વરૂપને પ્રદર્શિત કરે છે અને વસ્તુનું સ્વરૂપ ત્યાંથી નિશ્ચત થાય છે. નહિતર કોઈ રીતે વસ્તુના સ્વરૂપનો યથાર્થ નિશ્ચય થઈ શકે એવું નથી. અને છતાં જ્ઞાનમાં અવિરોધપણું રહે છે. એ પણ એટલું વાસ્તવિક છે.

જગતમાં પણ બને છે કે નહિ ? એક માણસ પિતા પણ છે અને પુત્ર પણ છે. કાકો પણ છે અને ભત્રીજો પણ છે. કેટલા સંબંધ છે ? વારાફરતી છે ? એક જ કાળે સર્વ સંબંધો હોવા છતાં સંબંધ વિનાનો પણ તે કાળે જ છે. કોઈનો કાંઈ નથી. મૃત્યુ પામે છે ત્યારે બોલે છે, હવે એ ક્યાં કોઈનો સગો હતો તે રહ્યો ? એને ક્યાં કોઈનું સંબંધપણું હતું તે રહ્યું. જુઓ ! આ સંબંધ નથી એ સાબિતી થઈ ગઈ. એવી જે અનેક ધર્મોને ધારણ કરવાની પદાર્થની પોતાની યોગ્યતા છે. એને જેમ છે તેમ સમજે તો જ એને સમાધાન થાય અને નહિતર કોઈ રીતે સમાધાન થાય એવું નથી. અને સમાધાન થયા વિના શાંતિ થાય, નિરાકુળતા થાય એ કેવી રીતે બને ?

મુમુક્ષુ :– જ્ઞાનલક્ષણથી આત્માને ઓળખે ત્યારે આવા આવા ગુણોનો ખ્યાલ આવે ?

પૂજ્ય ભાઈશ્રી :– બધાયનો ખ્યાલ ન આવે પણ કેટલાક મુખ્ય ગુણો જ્ઞાનમાં આવી જાય છે. બધા ન સમજાય કદાચ. આ ૪૭ કહ્યા. ૪૭ નહિ પણ લગભગ ૫૫-૫૬ની વાત કરી છે. કેમકે કેટલાક ધર્મો પણ લીધા છે એમણે. બધા સમજાય જાય એવું નથી. પણ મુખ્ય જે પ્રયોજનભૂત છે, જે અવલંબનના આધારભૂત છે એ તો સમજાય, સમજાય અને સમજાય જ. ન સમજાય એવું બને નહિ.

જેમકે જ્ઞાનનું સામર્થ્ય સમજાય. આનંદ અથવા સુખ સમજાય, નિત્યતા અથવા શાશ્વતતા અચળપણું સમજાય. એવી મુખ્ય મુખ્ય વાતો સમજાય. તિર્યંચ હોય તોપણ એને સમજાય. ન સમજાય એવું ન બને. બધા તો જેના શ્રુતજ્ઞાનમાં નિર્મળતા જેટલી થાય એટલા વિશેષ વિશેષ ભાસે. કેમકે એ તો બધા ભેદો છે. અભેદ સ્વભાવના એ બધા ભેદો છે. અભેદમાં અભેદપણે અનંત રહેલા છે. અભેદમાં અભેદપણે અનંત રહેલા છે. એ અભેદજ્ઞાનમાં અનંતનું અભેદ જ્ઞાન પણ આવી જાય છે. એને અભેદનું જ્ઞાન કહ્યું.

એટલે તો 'ગુરુદેવે' કહ્યું ને ? કે જે બાર અંગનો, અગિયાર અંગ અને ચૌદ

પૂર્વનો રચનાર જ્ઞાતા હોય અથવા એનું જેને જે મુનિઓને જ્ઞાન હોય એવો ન્યાય સમ્યગ્દષ્ટિ કાઢે. એક બોલ એવો આવ્યો હતો. ક્યાંથી કાઢે ? એ ન્યાય કાઢે ક્યાંથી ? કે અંદરમાંથી કાઢે છે. શાસ્ત્રમાં તો પછી એની શાખ મળે છે. પણ સર્વ કાળે સર્વ શાસ્ત્રો તો ઉપલબ્ધ પણ નથી.

એટલે 'શ્રીમદ્જી'એ ઘણી જગ્યાએ એવી વાત કરી છે કે આ વાત અમે કહીએ છીએ તે આગમ જ છે. આગમમાં કદાચ તમને મળી જશે. ન મળે તોપણ એને આગમ જાણજો. કેટલી બધી નિઃશંકતાથી વાત કરી છે કે અમારું વચન છે તે આગમ છે ! આટલી નિઃશંકતાથી વાત ક્યારે કરી શકે ? અત્યારે તો બધા આગમ ઉપલબ્ધ પણ નથી. કોઈ કોઈ આગમ છે તો એમાંથી કદાચ મળશે, ન મળે તો અમે કહીએ છીએ તે આગમ જ છે.

'પદ્મપ્રભ' મુનિરાજ છે. 'નિયમસાર'ના ટીકાકર મુનિ છે. આચાર્ય નથી, મુનિ છે. પોતે કહે છે કે અમારા મુખમાંથી પરમાગમ જરે છે. શું કહે છે ? એકદમ અધ્યાત્મપ્રધાન શાસ્ત્ર છે તો એવું કહી દીધું છે કે અમારા મુખમાંથી પરમાગમ જરે છે. એટલે આ જે લખાય છે, આ આગમની ટીકાની રચના થઈ એ પરમાગમ છે. પરિપૂર્ણ વીતરાગ સ્વભાવ ઉપર દૃષ્ટિની ભીંસ જઈને એ નિમિત્તે જે વાણી છૂટી એ પરમાગમ છે. એ આગમ જ છે. એમાં કોઈ શંકા કરવા જેવું નથી.

એનું Backing શું છે ? માણસ નથી કહેતા કે એનું Backing બહુ મોટું છે. માણસ એક છે એમ નહિ સમજતા. એમ કહે છે કે નહિ ? આ રાષ્ટ્રનો નેતા છે. વડાપ્રધાન એક માણસ નહિ સમજતા એની પાછળ આખું રાષ્ટ્ર ઊભું છે. એમ કહે છે ને ? એમ કહે છે કે આ વાણી ઉત્પન્ન થઈ એનું Backing શું છે ? એની પાછળ Background શું છે ? એની પાછળ પરમાત્મા ખડો છે આખો ! પરમાત્માના આધારે એ વાત ચાલે છે. પરમાત્માને સ્પર્શીને એ કહે છે.

માટે જ્યાં જ્ઞાનીની વાણી હોય અને પોતાની બુદ્ધિમાં બેસતી ન હોય તો એકવાર ઊભા રહી જવું. એકવાર આમ ન હોય એમ વિરોધ કરતા પહેલા એકવાર ઊભા રહી જવું અને વિચાર કરવો કે કાંઈ ભૂલ તો થતી નથી ને ? તપાસ કરવી. ન બેસે તો સીધો કદી વિરોધ કરવો નહિ. આટલી સૂચના કરવામાં આવી છે.

મુમુક્ષુ :– જ્ઞાનલક્ષણથી આત્માને ઓળખે ત્યારે આવા ગુણો થાય છે. આવા આવા ગુણોના વિચારમાં લઈને પછી આત્મા ઓળખાય છે ?

પૂજ્ય ભાઈશ્રી :– વિચારમાં આવે એટલે પ્રશ્ન એમ છે કે પહેલા વિચારમાં લઈને... એમ નથી. ખરેખર તો વિચારમાં આવે તોપણ ઓળખવું તો બાકી રહે છે. કેમકે ઉદય તો બધાને સરખો નથી. ઓળખ્યા પહેલા પણ શાસ્ત્ર વાંચવાનો

ઉદય ન હોય ? તો વિચારમાં તો આવે. અને તિર્યંચ આદિ કે જેને કોઈ વિચારમાં આવવાનું નિમિત્ત નથી. શાસ્ત્ર કે વાણી કે ચર્ચા-વાર્તા સાંભળવું વગેરે પ્રસંગ નથી તો એવું નથી. એવો કોઈ નિયમ નથી કે પહેલા વિચારમાં આવે તો ઓળખાય. આવા આવા ગુણો પહેલા વિચારવા મળે તો આત્મા ઓળખાય એવો કોઈ નિયમ નથી. અને પહેલા વિચારમાં ન હોય ને તો ઓળખાય એવો પણ કોઈ નિયમ નથી. કેમકે એ તો બહારના ઉદય અનુસાર છે. વિચારનું નિમિત્ત મળવું એ મળે પણ ખરું અને ન પણ મળે. નિમિત્ત મળે તો કાર્ય થાય અને નિમિત્ત ન મળે તો કાર્ય ન થાય એવી કોઈ વસ્તુસ્થિતિ નથી. કાર્ય તો ઉપાદાનની શક્તિથી થાય છે. એમ છે.

મુમુક્ષુ :– એક જ જ્ઞાનલક્ષણ છે ?

પૂજ્ય ભાઈશ્રી :– હા. ઓળખવા માટે બીજો કોઈ ઉપાય નથી. એક જ છે કે જ્ઞાનલક્ષણથી આત્મા લક્ષિત થાય–લક્ષગત થાય અને બીજું કોઈ લક્ષણ ઓળખવા માટે નથી. આ એનો નિયમ છે. તેથી આખા 'સમયસાર'માં આત્માને જ્ઞાનમાત્રપણે વ્યવસ્થિત રીતે કહેવામાં આવ્યો છે. ટીકા પૂરી કરી ૪૧૫ ગાથામાં પછી જે શ્લોક કર્યો 'અમૃતચંદ્રચાર્યદેવે' એમાં એ વાત સરવાળો મારીને કરી, Total લગાવ્યો કે `**इतीदमात्मनस्तत्त्वं ज्ञानमात्रमवस्थितम्।** આમ લીધું. '**इती**' એટલે આ પ્રમાણે. પ્રકરણ પૂરું કરે ત્યારે '**इती**' એમ નથી કહેતા ? આ પ્રમાણે પૂરું કરીએ છીએ. '**अथ**' થી '**इती**'.

મુમુક્ષુ :– અનંત ગુણ ભલે રહ્યા પણ આ જ્ઞાન ન ઓળખે તો જાણે કોણ ?

પૂજ્ય ભાઈશ્રી :– જ્યારે પોતે શાસ્ત્રની ટીકા કરીને જ્યાં પરિશિષ્ટ શરૂ કરે છે ત્યારે અનેકાંતની ચર્ચા કરે છે. અનેકાંતની ચર્ચા કરવામાં પહેલા આ ચૌદ ભેદથી–ધર્મોથી વાત કરે છે. અસ્તિ, નાસ્તિ, શુદ્ધ, અશુદ્ધ, એક અનેક વગેરે. એ ધર્મોનું પ્રકરણ પૂરું કરીને પોતે લક્ષ-લક્ષણની ચર્ચા ઉપર આવે છે કે જ્ઞાનલક્ષણથી આત્મા ઓળખાય છે. એટલું કહેતા નથી પણ એના ઉપરની ચર્ચા કરે છે પોતે, પ્રશ્નોત્તર ગોઠવે છે પોતે. એ ચર્ચા પૂરી કરીને ૪૭ શક્તિઓનું વર્ણન કરે છે કે આત્મામાં એક જ્ઞાનગુણ નથી, અનંત શક્તિઓ છે જેમાંથી કેટલીક અહીંયાં નિરૂપણ કરીએ છીએ.

એ શક્તિઓનું નિરૂપણ કર્યા પછી એક શ્લોકની એક ઔર રચના કરે છે કે આવી અનંત શક્તિઓથી આત્મા સુનિર્ભર છે. '**इत्याद्यनेकनिजशक्तिसुनिर्भरोऽपि यो ज्ञानमात्रमयतां न जहाति ाावः**' આવો શબ્દ વાપર્યો છે એમણે. આવી અનંત શક્તિઓથી આત્મા સારી રીતે ભરપૂર ભરેલો હોવા છતાં આત્મા જ્ઞાનમાત્રપણાને છોડતો નથી. કહેવા શું માગે છે ? કે તને (નિજ સ્વરૂપને) પકડવા માટે ગ્રહણ

કરવા માટે અહીંથી રસ્તો છે–જ્ઞાનથી રસ્તો છે. ઉપાય કરવો હોય તો વિધિની પદ્ધતિ આ છે એમ કહેવા માગે છે ત્યાં. દરેક ગુણનો એ રીતે ગણીએ તો પ્રત્યેકનું પોતપોતાનું બળ અનંત છે–શક્તિ અનંત છે. અસ્તિત્વમાં અસ્તિત્વશક્તિ અનંત, સુખમાં સુખશક્તિ અનંત. જેમ જ્ઞાનમાં જ્ઞાનશક્તિ અનંત (છે). એમ નથી કે જ્ઞાનશક્તિ કરતા બીજી શક્તિઓ ઊણી, ઓછી, અધૂરી છે, અલ્પ છે એવું તો કાંઈ નથી. છતાં પણ એનું મહત્ત્વ કેમ વધારે ? (કેમકે) ત્યાંથી ગ્રહણ કરાય છે.

'પ્રજ્ઞાથી ગ્રહવો નિશ્ચયે જે જાણનારો તે જ હું.' જ્ઞાનથી ગ્રહણ કરવો. બધી ગાથાઓ આવી ગઈ છે. અનેક રીતે એ વાતને સ્પષ્ટ કરી છે. ઓળખવામાં પણ જ્ઞાન, અનુભવ કરવામાં પણ જ્ઞાન. એટલે ત્યાંથી એને નિર્ણયનો જ્યાં વિષય ચાલ્યો ૧૪૪મી ટીકાની લીટી છે કે **'तावत्'** એટલે પ્રથમ. **'तावत्'** એટલે પ્રથમ જ્ઞાનસ્વભાવી આત્માનો નિશ્ચય કરવો. આત્માનો નિશ્ચય કરવો–આત્માના સ્વભાવનો નિશ્ચય કરવો એમ કહેવાને બદલે જ્ઞાનસ્વભાવી આત્માનો નિશ્ચય કરવો. 'અમૃતચંદ્રાચાર્ય'ની આવી ભાષા આવી છે. નહિતર એમ કહે કે આત્માના સ્વરૂપનો નિશ્ચય કરવો, એમ સાદી ભાષા લેત. પણ નહિ. જ્ઞાનસ્વભાવી આત્માનો નિશ્ચય કરવો, આમ વાત લીધી છે. એ ગમે ત્યાંથી જુઓ. 'અનુભવ પ્રકાશ'માં તો મુખ્ય મુદ્દો જ એ છે. જ્યાં અનુભવનો કેમ પ્રકાશ થાય છે, પ્રસિદ્ધ થાય છે ? બીજા પાને એ વાત આવી ગઈ. છેલ્લો Paragraph છે.

મુમુક્ષુ :– સર્વ ગુણોમાં જ્ઞાનગુણ પ્રધાન છે.

પૂજ્ય ભાઈશ્રી :– એ તો ચોથા પાને છે. **'સર્વ ગુણોમાં જ્ઞાન (ગુણ) પ્રધાન છે. શાથી ? કે જ્ઞાન વિશેષ ચેતના છે. જ્ઞાન સર્વનું જ્ઞાતા છે.'** ત્યાંથી લઈને. પણ બીજે પાને છેલ્લા Paragraphમાં છે. **'જે આ (જ્ઞાન) પરમાં પોતાને જાણે છે તે આ જ્ઞાન નિજ વાનગી (છે.) આ નિજ (જ્ઞાન) વાનગી ઘણા સંતો ઓળખી ઓળખીને અજરઅમર થયા.'** લીધું છે ? જ્ઞાનથી આત્માને (ઓળખાવ્યો છે). જ્ઞાન એક Sample છે કે જેનાથી અખંડ પરિપૂર્ણ આત્મસ્વભાવને ઓળખી ઓળખીને અનેક સંતો અજરઅમર થયા. એના જન્મ-મરણનો નાશ થઈ ગયો. એવા આત્મજ્ઞાનને તે પ્રાપ્ત થયા. એટલે પરમાગમોમાં પણ પ્રસિદ્ધ વાત એ છે.

ધર્મના ક્ષેત્રમાં ધાર્મિક ક્રિયા તરીકે અનેક વિધિ-વિધાનોની પ્રસિદ્ધિ છે, અનેક ક્રિયાઓ છે તોપણ જન્મ-મરણને મટાડવાવાળું એક આત્મજ્ઞાન છે એ વાત અત્યંત પ્રસિદ્ધ છે, સુપ્રસિદ્ધ છે. અન્ય સંપ્રદાયમાં ભલે એ વાત પ્રસિદ્ધ નથી. આ જૈનાગમની વાત ચાલે છે. કે જૈન સંપ્રદાયમાં ક્રિયાકાંડ અને ધાર્મિક વિધિને નામે અનેક વિધિ વિધાનો હોવા છતાં જન્મ-મરણને મટાડવા માટે એક આત્મજ્ઞાન સિવાય જન્મ-મરણ

ન મટે એ વાત પોકારી પોકારીને કહેવામાં આવી છે.

'શ્રીમદ્જી'ના તો ૨૭મું, ૨૮મું, ૨૯મું આ ત્રણ વર્ષના પત્રો વાંચો તો આ વાત ઉપર–આત્મજ્ઞાન ઉપર બહુ વજન છે. એક આત્મજ્ઞાન સિવાય જન્મ-મરણ મટાડવાનો જગતમાં કોઈ ઉપાય નથી. કેમકે એ આત્મજ્ઞાનમાં શું જ્ઞાન થયું ? કે આ આત્મા ભવ અને ભવના કારણથી રહિત છે. એવો આત્મા જણાયો, એનું અવલંબન થયું ત્યાં પરિણામમાં જે જન્મ-મરણનું બીજભૂત મિથ્યાત્વ હતું એનો નાશ થઈ ગયો. જન્મ-મરણનું બીજ બળ્યું એટલે જન્મ-મરણ થતાં મટ્યા આપોઆપ. બીજ બળે એટલે વૃક્ષ ઊગવાનો પ્રશ્ન રહેતો નથી, ફળ આવવાનો પ્રશ્ન રહેતો નથી.

જો અચલ સ્વભાવે કરીને આત્મા અચળ ન હોત તો ? તર્ક છે. તો આત્મા સ્વભાવથી ચલાયમાન થઈ જાત, એના સ્વરૂપથી ક્યારેક નાશ પામત અથવા કાંઈક સ્વરૂપ અન્યથા થાત, વિકૃત થાત, બીજું કાંઈ થાત. પણ નિગોદથી માંડીને સિદ્ધ પર્યંત સર્વ દશામાં અચલપણે રહેનારું જે આત્મસ્વરૂપ છે એ ચૈતન્ય વજ્ર છે એ એમને એમ જ રહે છે. એમાં કાંઈ કોઈપણ જાતનો ફેરફાર શક્ય નથી અને સંભવિત પણ નથી.

**'ઊર્ધ્વગમન સ્વભાવ વિના ઉચ્ચપદ જાણવામાં ન આવત.'** ઊર્ધ્વપણું એટલે અગ્રપણું, મુખ્યપણું. બે રીતે એના અર્થ થાય છે. એક તો ઊર્ધ્વગમન એટલે ક્ષેત્રથી જે ઊંચે જવું છે એને ઊર્ધ્વગમન કહેવામાં આવે છે. અને એવો સ્વભાવ આત્માનો હોવાથી જ્યારે આત્મા નિષ્કલંક દશાને પ્રાપ્ત કરે છે, નિરાવરણદશાને પ્રાપ્ત કરે છે ત્યારે તે એક જ સમયમાં સાત રાજુનું અંતર કાપીને સિદ્ધાલયમાં બિરાજમાન થઈ જાય છે. ઉચ્ચ ઊર્ધ્વગમન કરીને લોકાગ્રે સ્થિત થાય છે.

એક ભાઈ જૈન હતા એ પૂછતા હતા કે ધર્મમાં અંધશ્રદ્ધા બહુ હોય છે. કોઈ ધર્મને જાણતા નહોતા પણ એક સામાન્ય ખ્યાલ જે માણસનો છે (એ રીતે વાત કરતા હતા). કેવી રીતે ? જૈન હતા. એમ કે આપણે ણમો અરિહંતાણં, ણમો સિદ્ધાંણ પંચ પરમેષ્ઠીનો નમસ્કાર મંત્ર તો બહુ પ્રસિદ્ધ છે. કાંઈ ન સમજતા હોય તો નમસ્કાર મંત્ર તો આવડતો હોય. નામે જૈન હોય એને પણ. ...... માનવું રહ્યું ને ? ઠીક ! શું કહ્યું એણે ? સિદ્ધ ભગવાન સિદ્ધાલયમાં બિરાજે છે એ તો અંધશ્રદ્ધાથી માનવાની વાત છે. આ ધર્મમાં આવું જે બધું અંધશ્રદ્ધાવાનપણું હોય છે ને એ મને પસંદ નથી પડતું, ગમતું નથી. જે કાંઈ હોય એ બરાબર પ્રત્યક્ષ હોય એને માનવું જોઈએ.

મુમુક્ષુ :– એણે પ્રત્યક્ષ જોઈ લીધું છે કે નથી

પૂજ્ય ભાઈશ્રી :– અર્થ બહુ સરસ છે એ. સારો તર્ક છે. 'નાઈરોબી'માં એક આપણા મુમુક્ષુના મોટાભાઈ હતા. એમનું કુટુંબ આ બાજુ નહોતા વળેલું. માણસ

બહુ સજ્જન હતા. ત્યાં 'નાઈરોબી'ની Parliament માં એક વખત ચૂંટાઈને આવ્યા હતા. એટલે એવા સામાજિક, લૌકિક કાર્યો પણ કરતા હતા. પણ પૂરા નાસ્તિક. પૂરા નાસ્તિક, હોં ! એને મેં આવો જ તર્ક આપ્યો હતો. જે તમે અત્યારે તર્ક આપ્યો ને એવો બિલકુલ તર્ક આપ્યો હતો. એ કહે, હું અંધશ્રદ્ધાથી કાંઈ માનવા તૈયાર નથી. ઘણા મને નાસ્તિક સમજે છે, તમે પણ મને સમજો તો એનો મને કાંઈ વાંધો નથી. પણ હું તો એમને એમ કાંઈ માનતો જ નથી. મેં કહ્યું કે તમે એમને એમ કાંઈ માનતા નથી. પણ હું સાબિત કરી દઉં કે તમે એમને એમ ઘણું માનો છો. બસ ! આ તર્ક હતો. જે પદ્ધતિથી તમે વાત કરી એ જ પદ્ધતિથી તર્ક હતો. આ બીજું બધું જે તમે માનો છો એમાં એમને એમ માનો છો કે નહિ ? પછી એમાં રોજિંદા જીવનનો ... Practical life ની અંદર એક માણસ એમ કહે છે કે મને આનાથી સુખ છે. ત્યાં તો બધા સંપન્ન માણસો છે એટલે ઘરમાં બેઠા હતા. એના ઘરે એક દિવસ જમવા ગયા હતા એટલે ચાર-પાંચ કલાક એ નિમિત્તે બેસીને ખૂબ ચર્ચા થાય. એક દિવસ આવો. મેં કહ્યું, કબૂલ. આવીયે. તમારો Case એવો છે કે અડધી-પોણી કલાકમાં Final થાય એવું નથી. ચાર-પાંચ કલાક તો ઓછામાં ઓછા લાગે એવું છે. Furntiure firstclass બધું Tiptop. આમાં સુખ છે એવું માન્યું છે કે નહિ ? પ્રમાણિકપણે કહેજો, હોં ! તો કહે માન્યું છે. મેં કહ્યું કે આમાં સુખ છે એ અંધશ્રદ્ધાથી માન્યું છે કે એની અંદર કાંઈ વાસ્તવિકતા છે ? સાબિત કરો. આ એક એક રજકણમાંથી કોઈ રજકણ સુખનો એક રજકણ બતાવો. બધા તો છે નહિ એ વસ્તુમાં, પણ એક તો બતાવી દો કે જેમાં સુખ છે.

વિજ્ઞાનને તમે આજે માનો છો અને સમજો છો તો વૈજ્ઞાનિક રીતે સુખ છે શું ? સુખ કોઈ પદાર્થ છે ? કોઈ પદાર્થનો ગુણ છે ? કે કોઈ પદાર્થની અવસ્થા છે ? ક્યા પદાર્થનો ગુણધર્મ છે ? કે પદાર્થ છે ? કે અવસ્થા છે ? વૈજ્ઞાનિક રીતે હવે મને કહો. વિજ્ઞાન સિવાય આપણે હવે આગળ નથી ચાલવું. હવે આપણે જ્યારે અંધશ્રદ્ધાથી કાંઈ માનવું નથી તો વિજ્ઞાન સિવાય આગળ ચાલવું નથી. તમે એક વાત નહિ પણ હજારો વાત અંધશ્રદ્ધાથી માનીને તમારા જીવનમાં અત્યારે જીવો છો એ સાબિત થાય એવું છે. એ વાત ઉપર તો એ કબૂલ થઈ ગયા. પણ તોય એમ કહે કે મને હજી તમારી બધી વાતો સ્વીકારતા સમય લાગે એવું છે. હું આટલી વાતમાં હારી ગયો એટલે હું કાંઈ બધું તમારું સ્વીકારી લઉં એવો હું નથી. મેં કીધું, એટલી બધી જલ્દી મારે પણ નથી કરાવવી.

આવું જેનામાં વિજ્ઞાન છે કે સુખ ક્યાં છે ? સુખમય પદાર્થ કોણ છે ? સુખની અવસ્થા શું છે ? સુખ ક્યાંથી કેવી રીતે પ્રાપ્ત કરી શકાય છે ? એ પ્રાપ્ત કરવાના

પ્રયોગો શું છે ? આ બધું તમે સમજો. આ બધા પુસ્તકો છે, શાસ્ત્રો છે. આપણા મંડળના ત્યાં સેક્રેટરી છે એના મોટા ભાઈ હતા. પુસ્તકો બધા એમની પાસે છે. ન હોય તો મગાવી લેજો. વાંચો, એમાં તમે ઊંડા ઉતરો અને તમને એમ પોતાને લાગે કે આ સત્ય પરમસત્ય છે તો અંગીકાર કરવું. બાકી આમાં જોર-જુલમ ચાલે એવું નથી અને પરાણે કાંઈ પ્રીત થાય એવું નથી.

મુમુક્ષુ :– આ અંધશ્રદ્ધાની વાત આવી તો અંધભક્તિ કોને કહેવી ?

પૂજ્ય ભાઈશ્રી :– અંધભક્તિ (એને કહીએ) સામે ગુણવાન ન હોય, અવગુણી પણ હોય એના પ્રત્યે બહુમાન ને ભક્તિ કરે તે અંધભક્તિનું સ્થૂળ સ્વરૂપ છે. સૂક્ષ્મપણે સામે ગુણવાન હોય તોપણ એના ગુણોને ઓળખ્યા વિના ભક્તિ કરે તોપણ એને અંધભક્તિ કરતાં ઓઘભક્તિ કહેવામાં આવે છે. ઓઘભક્તિ એને કહેવામાં આવે છે. અંધભક્તિ એને નથી કહેતા પણ ઓઘભક્તિ એટલે સમજ્યા વિનાની ભક્તિ છે. અને અંધભક્તિ એટલા માટે કેમકે ત્યાં ગુણ નથી, ગુણવાન નથી. જે વ્યક્તિમાં ગુણ નથી, આત્મગુણનો પ્રકાશ થયો નથી એવી વ્યક્તિનું પણ ભક્તિ બહુમાન કરવું તે અંધભક્તિથી કરવાની વાત છે. કેમકે ત્યાં તો એ જોઈ શકતો નથી. આંધળો થઈને ભક્તિ કરે છે, અનુસરે છે તો એ અંધભક્તિ છે.

મુમુક્ષુ :– જ્ઞાની ધર્માત્મા હોય અને આમની પરમાત્મા તુલ્ય ભક્તિ કરે તો...?

પૂજ્ય ભાઈશ્રી :– પરમાત્મતુલ્ય ભક્તિ કરતા તો એને એના વચનોનું ગ્રહણ થઈ જાય, એને એ લાભ થઈ જાય, પરમ આદર થઈ જાય. એ આદરે, પૂરી શક્તિથી એને આદરે. જે વાત પરમાત્માએ કહી તે જ વાત જ્ઞાનીએ કહી. તો વાત તો તેની તે જ છે. પરમાત્માએ કહી તો એને પૂરી શક્તિથી આદરવી અને કહેનાર છદ્મસ્થ જ્ઞાની હોય તો એને અધૂરી શક્તિથી આદરવી. ઠીક છે ? ન્યાયવાળી વાત છે ? શું કરવું છે ? જે કાંઈ બોધ છે તેને અંગીકાર કરવો છે. જો એ બોધ કહેનાર પરમાત્મા હોય તો પૂરેપૂરો અંગીકાર કરવો અને કહેનાર છદ્મસ્થ હોય તો એને અધૂરો અંગીકાર કરવો ? શું કરવું ? મતલબ ક્યાં છે ? એમના બોધને અંગીકાર કરવાનું પ્રયોજન છે. એટલે ત્યાં પરમાત્મા તુલ્ય વાત લેવી છે.

એ તો જે ડૂબતો બચે એને સમજાય છે. કોને સમજાય છે ? ડૂબતો બચે એને સમજાય છે કે જ્યારે છેલ્લું ગળકું ખાતો હતો અને આશા છોડી દીધી હતી કે હવે ગયો સમુદ્રમાં, ડૂબ્યો અને ગયો પાણીમાં અને છતાં પકડીને જેણે ઉપર લીધો એ ડૂબતો જ સમજે છે. એની કિંમત ડૂબતો સમજે છે. પછી એની કિંમતની Terminology શું છે ? કઈ Term માં એની કિંમત કરવી ? કહો ! છે કાંઈ બરાબરીમાં ? કોઈ પૈસાથી એનું Replacement થાય ? જર-ઝવેરાતથી શેનાથી

થાય ? એ થઈ શકે નહિ. અનંત જન્મ-મરણથી બચાવનાર જેની વાણીમાં નિમિત્તપણું છે એ નિમિત્તત્વ તરીકે તો ઉગરનાર માટે સરખું જ છે. ભલે તેમના પદ, તેમની પવિત્રતા અને ગુણ-દોષની અપેક્ષાએ ભિન્ન ભિન્ન પ્રકારના હોય, તોપણ ઉગરનાર માટે તો એકસરખું છે.

મુમુક્ષુ :– જ્ઞાનીની ભક્તિ કરતાં તત્ત્વનો નિષેધ થાય એવું ન બને ?

પૂજ્ય ભાઈશ્રી :– કેવી રીતે થાય ? સમજાવો. થાય તો કેવી રીતે થાય એ સમજાવો. કોઈ સમજીને તો વાત હોવી જોઈએ કે નહિ ? ખરેખર તો ભક્તિ એટલે એમનું બહુમાન. એ જે કહે છે એને બહુમાનથી અંગીકાર કરવું છે. એને પ્રસિદ્ધ કરનારો ભાવ તે ભક્તિ છે. ભક્તિ એટલે શું છે ? બહુમાન છે. અચ્છા, તત્ત્વ શેનાથી સમજાય છે ? જ્ઞાનથી. બરાબર છે ? હવે પ્રશ્ન એ રહ્યો કે ક્યા જ્ઞાનથી સમજાય છે ? પ્રશ્ન તો આ છે કે કયા જ્ઞાનથી સમજાય છે ?

કાલે રાત્રે એક વાત આવી હતી કે સામાન્ય રીતે મનુષ્ય સ્વભાવ એવો છે એટલે એની General psychology એવી છે કે પૂર્વગ્રહને આધારિત લગભગ એનું ચાલવું થાય છે. બુદ્ધિનું ચાલવું જે છે એ પૂર્વગ્રહને આધારિત છે. તમે એક માણસને કેવો સમજી રાખ્યો છે એના ઉપર એની બધી વાતને તોળશો. કે નહિ ? તો અહીંયાં એમ કહે છે કે જેની વાણીમાં જન્મ-મરણના ફેરા ટળે એવું નિમિત્તત્વ છે એમ જાણે એ જાતના પૂર્વગ્રહને આધારિત, એટલા બહુમાનથી (સાંભળે), એ એનો પૂર્વગ્રહ છે, જેને એ સાંભળે છે તેને તે વાત અંગીકાર થવી, તેને તે વાતની અસર થવી, તે વાતનું એને ગ્રહણ થવું સુલભ છે. એ ભક્તિ તો તત્ત્વગ્રહણની સુલભતાનું કારણ છે. સુલભતાનું કારણ છે.

'શ્રીમદ્ રાજચંદ્રજી'ના પરિયમાં અનેક મુમુક્ષુઓ આવ્યા. એમાં એક 'કચ્છ'ના એક ભાઈ હતા. 'અનોપચંદભાઈ' કરીને એ 'કચ્છ'ના હતા. ખૂબ ક્રિયાકાંડી હતા. એટલે સામાન્ય રીતે સંપ્રદાયની અંદર જે ક્રિયાકાંડમાં આગળ વધે છે એ તત્ત્વના વિષયમાં પાછળ રહે છે. કેટલાક તત્ત્વના વિષયમાં આગળ રહે છે પણ શુષ્કતામાં જો ચાલ્યા જાય છે તો એને ભક્તિ રહેતી નથી. તો એ જ્યારે પ્રશ્ન લખે છે ત્યારે એમને ખ્યાલ આવ્યો છે કે આ શુષ્કતાથી બધી વાત જાણવા માગે છે. એને ટકોર કરી છે. ભક્તિવિહિનપણે એ ચર્ચા કરનારા ઉપર ટકોર કરી છે એમણે. અને એમણે એક સિદ્ધાંત (કહ્યો છે), બહુ શરૂઆતમાં (પત્રાંક–૨૦૦ માં) એક સિદ્ધાંતની એ વાત કરી છે કે એ વગર કોઈ રીતે ઉપદેશ પરિણમતો નથી. આ એની અનિવાર્ય સ્થિતિ છે. ઉપદેશ પરિણમે જ નહિ. એના માટે એમણે બહુ સરસ વાત લીધી છે.

એક નિષ્ઠાએ સર્વ સંયોગની આસક્તિ છોડીને, બહુમાન છોડીને. આસક્તિ

છોડીને એટલે એની મહત્તા છોડીને જે જ્ઞાનીની આજ્ઞાનું આરાધન કરી શકે તે તેની ભક્તિમાં જોડાય. **'જોકે જ્ઞાની ભક્તિ ઇચ્છા નથી,...'** પાછી એની સામે આમ કરીને વાત લીધી છે. **'પરંતુ મોક્ષાભિલાષીને તે કર્યા વિના ઉપદેશ પરિણમતો નથી,...'** આ વસ્તુસ્થિતિ છે. હવે તત્ત્વનો નાશ થાય કે તત્ત્વ પરિણમે એ કહો ?

મુમુક્ષુ :– 'શ્રીમદ્ રાજચંદ્રજી'એ કહ્યું છે કે જ્ઞાનીના એક વચનમાં આગમ રહ્યા છે .. ભૂતકાળમાં કોઈ આચાર્યે કે કોઈ...

પૂજ્ય ભાઈશ્રી :– એ તો સિધી વાત છે કે આગમ નીકળ્યા ક્યાંથી ? Logic છે એની પાછળ. આગમ ક્યાંથી ઉત્પન્ન થયા ? આગમની ઉત્પત્તિ ક્યાંથી ? કે આત્મામાંથી. ક્યાંય બીજેથી થયા ? અધ્ધરથી ? અપુરુષેય નથી. વેદાંતની અંદર એમ કહેવામાં આવે છે કે વેદાંત અપુરુષેય છે, અનાદિથી છે. અહીંયાં એમ નથી. અહીં તો કહે છે કે ૧૦૦૮ શ્રી અરિહંત પરમાત્માના શ્રીમુખેથી નીકળેલી વાણી તેમાંથી જેણે આગમને રચ્યા એવા જે ગણધરદેવ એ ગણધરદેવની રચના છે. અગિયાર અંગ અને ચૌદ પૂર્વ. બાર અંગની રચના થઈ. એ પુરુષેય છે, અપુરુષેય નથી. ક્યાંથી નીકળ્યા એ ? કે વાણી પણ આત્મામાંથી નીકળી. વ્યવહારમાં વચન છે, હોં ! બાકી તો આત્માને ને વાણીને કાંઈ કર્તા-કર્મ સંબંધ નથી. પણ અહીંયાં એ સિદ્ધ નથી કરવું. વાણી આત્મામાંથી નીકળી, એ જ્ઞાન આત્મામાંથી નીકળ્યું એના નિમિત્તે વાણી નીકળી. વસ્તુનું સ્વરૂપ પ્રકાશ્યું.

આગમ જે ઉત્પન્ન થયા એ આત્મામાંથી (ઉત્પન્ન થયા). એવો આત્મા જેણે જાણ્યો તે જ્ઞાની. જ્ઞાની કોણ છે ? એવો આત્મા જેણે જાણ્યો તે જ્ઞાની છે. સર્વજ્ઞસ્વભાવી આત્મા જેણે જાણ્યો તે જ્ઞાની. એમ લીધું છે. જ્ઞાની કોણ ? કે જેણે સર્વજ્ઞસ્વભાવી આત્માના અનંત જ્ઞાન સામર્થ્યને ઓળખ્યો અને અનુભવ્યો તે જ્ઞાની. એમાંથી જે કાંઈ વાત નીકળી, એને સ્પર્શીને જે વાત નીકળી એને આગમ કહેવામાં આવે છે. ન્યાયથી સિદ્ધ થાય છે. પૂછવા જવું પડે એવું નથી.

**'આમાં કહેલી વાત સર્વ શાસ્ત્રને માન્ય છે.' 'જ્ઞાનની પ્રાપ્તિ જેણે ઇચ્છવી...'** હવે જુઓ ! તમારા પ્રશ્નનો જવાબ (આવ્યો). **'જ્ઞાનની પ્રાપ્તિ જેણે ઇચ્છવી તેણે જ્ઞાનીની ઇચ્છાએ વર્તવું એમ જિનાગમ આદિ સર્વ શાસ્ત્ર કહે છે.'** આ જિનાગમની શાખ છે.

મુમુક્ષુ :– ઘણા જ્ઞાનીઓ આ દાવો કરે છે, આમાં તો પછી છેતરાવા જેવું થાય.

પૂજ્ય ભાઈશ્રી :– એ પોતાને ઓળખવું જોઈએ. ન છેતરાય. બજારમાં માલ લેવા જાય છે અને 'ત્રિભુવન ભીમજી' વધારે પૈસા લે છે તો શું કરવા એની દુકાને

ચડે છે ઝવેરાત લેવા ? બહાર ફૂટપાથ ઉપરેય મોતીની માળા વેચે છે ઓલો. બનાવે છે કે નહિ ? સાચા મોતી લેવા માટે એને ભાવ શું કરવા વધારે દે છે ? બરાબર છે કે નહિ ? એની પ્રતિષ્ઠા છે અને પોતે પણ એની પરીક્ષા કરે છે પાછો, એકલો પ્રતિષ્ઠામાં જાતો નથી. પ્રતિષ્ઠા છે તો પરીક્ષા કર્યા વગર લ્યે છે ? કો'ક જાણકારને સાથે લઈ જાય. અરે...! ખરીદ્યા પછી પણ કોઈ જાણકારને બતાવે. જીવને છેતરાવું નથી. છેતરાવું છે ? ઘરે દાગીનો લાવ્યા પછી બતાવે છે કે નહિ ? આ જરા જોઈ દ્યોને તમે જાણો છો ત્યારે. અમે આટલી કિંમત આપી. કેમ છે ? કેટલી છેતરામણ છે ? આટલી એની કિંમત છે. Reasonable નફો લે છે. અથવા થોડો પોતાને ખર્ચા પ્રમાણે વધારે નફો લે છે પણ એમાં કાંઈ વાંધો નથી. બરાબર કેટલી ચકાસણી કરે છે. પૂરી ચકાસણી કરવી. જેટલી તાકાત હોય અને જેટલી શક્તિ હોય એટલી પૂરી ચકાસણી કરવી. એમાં કસર ન રાખવી, એમાં કસર ન રાખવી. પણ એકવાર ચકાસણીમાંથી પાર થઈ ગયા પછી સર્વાર્પણબુદ્ધિએ અનુસરવું. પછી એને સર્વાર્પણબુદ્ધિ આવવી જોઈએ. આગળ એમણે ૬૦૯ પત્રમાં કહ્યું છે કે સત્સંગ તો જીવને અનંત વાર મળ્યો છે પણ સર્વાર્પણબુદ્ધિએ ઉપાસ્યો નથી. તેથી એને તે સત્સંગ ફળવાન થયો નથી અને આત્મજ્ઞાનની પ્રાપ્તિ થઈ નથી. બધી વાત લખી છે એમણે. આ વિષયમાં તો એમના કથનો ગજબના આવ્યા છે ! એ ૬૦૯માં એ વાત લીધી છે.

મુમુક્ષુ :– કોઈ કારણથી કોઈ જ્ઞાની સાથે સંપર્ક થયો હોય અને બીજા જ્ઞાની સાથે એને સંપર્ક ન થયો હોય, પરિચય ન થયો હોય અને ઓલા જ્ઞાની કહેતા હોય કે આ ધર્માત્મા છે. તો આને કેવી બુદ્ધિથી...?

પૂજ્ય ભાઈશ્રી :– એને તો પુરુષપ્રમાણે વચનપ્રમાણ. પુરુષપ્રમાણે વચનપ્રમાણ એને રાખવું જોઈએ. અને પછી પરિચય કરે એટલે એને સમજાયા વિના રહે નહિ. દર્દી હોય અને ડૉક્ટર પાસે જાય તો એને ખ્યાલ તો આવે છે કે આ મારે દર્દને સમજી શકે છે કે નથી સમજી શકતા ? કુદરતી આ કાળે તો એટલી બધી સ્પષ્ટતા થઈ છે. 'ગુરુદેવ'ની એક બહુ મોટી દેન છે, જબરદસ્ત છે ! સમાજ ઉપર અનંતો ઉપકાર છે. આ વિષયને એ બરાબર ચકાસવા ધારે, પરીક્ષા કરવા ધારે તો એની પાસે બધા સાધનો મળે એવું સાહિત્ય આજે ઉપલબ્ધ છે. એમની વાણી અને બીજા શાસ્ત્રોનો પણ એમણે નિર્દેષ કર્યો. આ 'અનુભવ પ્રકાશ' જેવા શાસ્ત્રો ઉપર વ્યાખ્યાનો કર્યા છે. ભલે આ આચાર્યની રચના નથી, જ્ઞાનીની રચના છે. ગૃહસ્થ છે, છદ્મસ્થ છે પણ અનુભવની વાત અનુભવસિદ્ધ કરી છે. 'ગુરુદેવે' પોતે આના વિષયમાં અભિપ્રાય આપ્યો છે કે 'દિપચંદજી' સાધર્મીએ અનુભવ કેવો હોય ?

અનુભવ કેટલો કાળ ચોથા ગુણસ્થાને રહે. ચોથા ગુણસ્થાને અનુભવ કેવો થાય ? કેટલો કાળ રહે ? અને કેટલા કેટલા કાળાંતરે ફરી ફરીને આવો અનુભવ થાય એવી ઘણી વાતો આ 'અનુભવ પ્રકાશ' ગ્રંથમાં કરી છે. અનુભવની અનેક વાતો કરી છે. એ અનુભવ વગર તાકાત નથી કે કોઈ કરી શકે એવી વાતો. એવી વાતો કરી છે.

ઊર્ધ્વગમન છે એ ક્ષેત્રનો ગમન સ્વભાવ પણ છે અને એક ઊર્ધ્વતા, ઊર્ધ્વતા પરિણામમાં–ભાવમાં મુખ્યપણું રહેવું એને પણ ઊર્ધ્વતા કહેવામાં આવે છે. પહેલો હું. બીજા બધા પછી. આવો જે એક ભાવ છે તે ઊર્ધ્વ ભાવ છે. 'સમતા, રમતા ઊર્ધ્વતા' 'બનારસીદાસે' ગાયું. 'જ્ઞાયકતા સુખભાસ.' એમાં ઊર્ધ્વતા શબ્દ લીધો છે. એ ઊર્ધ્વતા એટલે અગ્રપણું. જેની હયાતીમાં, જેની મુખ્યતામાં સર્વ કાંઈ જાણવામાં આવે છે. તે પોતે ઊર્ધ્વ છે, મુખ્ય છે. તેથી ઉચ્ચ પદે પણ પોતે છે. પોતે પણ ઉચ્ચ પદે જ રહેવા ચાહે છે અને પોતાનું જ પદ તે ઉચ્ચ પદ છે. એ ઊર્ધ્વસ્વભાવ ન હોત તો એમ જાણવામાં ન આવત. પણ એમ જાણવામાં આવે છે તેથી એની ઊર્ધ્વતા, ઊર્ધ્વસ્વભાવ પણ નિશ્ચિત થાય છે, સમજાય છે.

**'ઇત્યાદિ અનંત વિશેષણનો જ્ઞાની અનુભવ કરે છે.'** આ વગેરે પ્રકારે અનંત વિશેષણો છે, જેને જેટલી જ્ઞાનની નિર્મળતા (હોય) તદ્અનુસાર તેનો તે સ્પષ્ટ ભેદરૂપ અનુભવ પણ કરે છે. અભેદમાં તો અનંતનો અનુભવ આવી જ જાય છે. 'ગુણ અનંત કે રસ સબૈ અનુભવરસ કે માંહિ' 'જ્ઞાનદર્પણ'માં પોતે જ કહી ગયા છે.

**'એવું નિજજ્ઞાન (નિજ સમજ, સ્વરૂપજ્ઞાન) કેવી રીતે થાય તે કહેવામાં આવે છે :–'** આખા ગ્રંથમાં આ એમની પદ્ધતિ છે. આવું આત્મજ્ઞાન–સ્વરૂપજ્ઞાન કેવી રીતે થાય તે અહીંયાં કહીએ છીએ.

**'પ્રથમ અનાદિથી (ચાલ્યો આવતો) પરમાં અહં-મમરૂપ મિથ્યાત્વનો નાશ કરે,...'** શું કહે છે ? કે બુદ્ધિમાં સમજાય એવી વાત એ છે કે આ જીવ શરીરમાં અહંમપણું કરે છે અને એ સિવાય પૂર્વકર્મના કારણે જે કાંઈ સંયોગો પરિવાર, મકાન, ધન-ધાન્ય જેટલા કોઈ સંયોગો લૌકિકમાં વ્યવહારે એના કહેવાય છે તેમાં તે અહંમપણું કરે છે કે આ મારું... આ મારું.. આ મારું. કહે છે કે જો ! તું જ્ઞાનસ્વભાવી છો. તારામાં જ્ઞાન છે એ તો તને શંકા નથી પડતી ને ? જો તારામાં જ્ઞાન છે તો તું જ્ઞાનસ્વભાવી છો તો તારામાં જ્ઞાન છે. એ તારું જ્ઞાન જ્યાં તું અહંમપણું કરે છે ત્યાં બધે વ્યાપે છે કે પરમાં કોઈપણ પરમાં આ જ્ઞાન વ્યાપતું નથી ? વ્યાપે છે ? પરિવારના બીજા સભ્યોમાં જ્ઞાને કરીને પોતે વ્યાપે છે ? મકાન આદિમાં જ્ઞાને કરીને વ્યાપે છે ? રૂપિયા, પૈસા, દર-દાગીના કપડાં આદિમાં જ્ઞાની કરીને વ્યાપે છે ? જ્યાં જેનો વ્યાપ્ય-વ્યાપકપણે અભાવ છે ત્યાં એનું પોતાનું સ્વસ્થાન નથી–

સ્વઅસ્તિત્વ નથી.

અસ્તિત્વ ત્યાં છે કે જ્યાં એનું પોતાનું જ્ઞાને કરીને વ્યાપવું છે. જ્યાં જ્ઞાને કરીને વ્યાપવું નથી ત્યાં અસ્તિત્વ નથી. આ એણે રોજિંદા વ્યવહારમાં–રોજના વ્યવહારમાં આ વાત એણે લાગુ કરવી જોઈએ કે જ્યાં અહંમપણું થાય છે ત્યાં હું છું કે નહિ ? હું છું કે નહિ ? છું નહિ તો હુપણું કરું છું. કેમ છેતરાઉ છું ? એ વાત એણે તપાસી લેવી જોઈએ. આ છેતરામણ (છે), છેતરામણ તો આ છે. પહેલા પોતે પોતાથી છેતરાય છે પછી જ બીજાથી છેતરાવાની વાત તો આરોપીત છે. ખરેખર તો પોતે પોતાથી છેતરાય છે. અને પોતે પોતાથી છેતરાય છે એનું નુક્સાન એને અનંતુ છે. એનું નુકસાન અનંતુ છે. બાકી બહારનું નુકસાન એ ખરેખર નુકસાન છે જ નહિ એ તો. ખરું નુક્સાન તો આ છે.

**'પ્રથમ અનાદિથી (ચાલ્યો આવતો) પરમાં અહ–મમરૂપ મિથ્યાત્વનો નાશ કરે,...'** સર્વ પ્રવૃત્તિમાં આ વાત તપાસી શકાય એવી વાત છે. ભાઈ ! ગમે તે પ્રવૃત્તિ હોય. આમાં હું ક્યાં ? જરાક જોતો જાય, તપાસતો જાય. વિચારથી તો આ વાત સમજી શકે કે આમાં હું ક્યાં ? વ્યાપ્યો હું ? બોલ્યો આ. બોલ્યો તો બોલવાની ભાષામાં શબ્દવર્ગણામાં વ્યાપ્યો ? બોલ્યો એમાં હું બોલ્યો એ વાત રહેતી નથી. કેમકે ત્યાં મારું અસ્તિત્વ નથી. ભાષા ઉત્પન્ન થઈ એમાં હું ઉત્પન્ન થયો નહિ અને ભાષા વિલય થઈ, વિલિન થઈ, નાશ થયો ભાષાનો એમાં મારો નાશ થયો નથી. એને જ્યાં જ્યાં અહંમપણું થાય છે, બહુ પ્રાથમિક જેને શરૂઆત કરવી છે અને પ્રયોગાત્મકપણે જેણે શરૂઆત કરવી છે એણે તો આ પહેલો પ્રયોગ પ્રથમ શરૂ કરવો. 'દિપચંદજી' એમ કહે છે કે પહેલો તું અહીંથી પ્રયોગ શરૂ કર કે તું ક્યાં ક્યાં છો ? તું જોતો જા. કેમકે કર્તા-કર્મનો પણ એવો સિદ્ધાંત છે કે કર્તા-કર્મપણું એક દ્રવ્ય વિષે હોય, વિભિન્ન ભિન્ન દ્રવ્ય વિષે કર્તા-કર્મપણું સંભવિત નથી. તો આ આત્મા જ્યાં વ્યાપ્તો નથી, જ્યાં આ આત્માનું અસ્તિત્વ નથી ત્યાં તે શું કરે ? કેવી રીતે કરે ? જ્યાં એનું અસ્તિત્વ જ નથી ત્યાં શું કરે ?

સર્વ ભૌતિક પદાર્થોમાં, સર્વ જડ પદાર્થોમાં આત્માનું અસ્તિત્વ નથી. શરીરથી માંડીને આ સંયોગ, શરીરથી માંડીને, વાણીથી માંડીને જેટલા કોઈ પદાર્થો છે એમાં હું નથી. એ વાત એણે પ્રસંગે પ્રસંગે, ક્ષણે-ક્ષણે, કાર્યે-કાર્યે, ઉદયે-ઉદયે તપાસવી જોઈએ. તો એનો સંયોગ સંબંધીનો ઉદયભાવનો રસ ઠંડો પડે. રસ ફિક્કો પડે તો જ્ઞાન નિર્મળ થાય. કાલ રાતનો વિષય. એને રસ તોડવાનો આધાર દ્રવ્યાનુયોગ હોવો જોઈએ. મારું દ્રવ્ય અને અન્ય દ્રવ્યનો સંબંધ શું ? ત્યાંથી રસ તોડવો જોઈએ. વસ્તુના સ્વરૂપજ્ઞાનને આશ્રિત. બીજી કોઈ કલ્પના ને યુક્તિથી નહિ. (વિશેષ લઈશું...)

## તા. ૭-૯-૧૯૮૫, પાના નં.-૬, પ્રવચન નં. ૨૩

**'(સ્વરૂપજ્ઞાન) કેવી રીતે થાય તે કહેવામાં આવે છે.'** મથાળું એ છે. વિષય શરૂ થાય છે એનું મથાળું કર્યું છે. સ્વરૂપજ્ઞાન એટલે આત્મજ્ઞાન. આત્માને આત્માનું જ્ઞાન કેવી રીતે થાય તે રીત અથવા વિધિ અહીંયાં બતાવે છે.

**'પ્રથમ...'** એટલે શરૂઆત આ રીતે કરવી. **'અનાદિથી (ચાલ્યો આવતો) પરમાં અહં-મમરૂપ મિથ્યાત્વનો નાશ કરે,...'** બહુ ભાષા ટૂંકી છે. ઘણું સંક્ષેપમાં કહેવાની 'દિપચંદજી'ની પદ્ધતિ છે. પર પદાર્થમાં પોતાનું અહંપણું-અસ્તિત્વપણું થઈ રહ્યું છે એ મિથ્યાત્વ છે. શરીર અને બીજા સંયોગો તેમાં જે અહંમપણું થઈ રહ્યું છે તે મિથ્યાપણું છે. તે મિથ્યાત્વ છે એટલે મિથ્યાપણું છે. તેવું ન કરે ત્યારે તેનો નાશ થાય. મિથ્યાત્વનો નાશ ક્યારે થાય ? કે મિથ્યાત્વ કરે છે તે મિથ્યાત્વ ન કરે ત્યારે મિથ્યાત્વનો નાશ થાય. ઉત્પન્ન ન થાય, મિથ્યાત્વ ઉત્પન્ન ન થાય એટલે મિથ્યાત્વનો નાશ થાય.

મુમુક્ષુ :– ટૂંકું છે.

પૂજ્ય ભાઈશ્રી :– બહુ ટૂંકુ છે ખરેખર તો. વિચારવા જેવો વિષય એ છે અહીંયાં કે તું આમ વિચાર કરજે, તું આમ વિચાર કરજે, તું આવો વિચાર કરજે, આ નયથી વિચાર કરજે, એવી કોઈ લાંબી લાંબી વિચારણા કરવાનો વિષય નથી લીધો. સીધી કાર્ય કરવાની વાત લીધી છે. અહીંયાં એમ કહ્યું કે આમ વિચાર કરજો પહેલા, એમ કીધું ? સીધું એમ કહ્યું કે અનાદિથી પરમાં અહંપણારૂપ મમકારરૂપ એટલે કે પોતાનું અસ્તિત્વ જ પરમાં ગ્રહે છે. પરપદાર્થને સ્વપણે અનુભવે છે એ મિથ્યાભાવ છે. તેનો નાશ કરે એટલે એવો ભાવ ન કરે. એવો ભાવ ક્યારે ન કરે ? કે પર પરપણે રહે ત્યારે. પર પરપણે રહે અને પર સ્વપણે ન થાય ત્યારે. હજી વિસ્તાર કરશે આગળ. આ એક સંક્ષેપમાં જેને Outline કહીએ એવી એક બે વાત કરી દચે છે. પછી આ જ પ્રયોગનો વિસ્તાર કેવી રીતે છે ? એ નીચે લેશે હજી.

મુમુક્ષુ :– જૂનું મિથ્યાત્વ પડ્યું હોય એટલે ?

પૂજ્ય ભાઈશ્રી :– જૂનું એટલે અનાદિ કાળનું છે. એ તો પોતે કહે છે કે અનાદિથી મિથ્યાત્વ હોવા છતાં તે સમય સમયનું છે. પ્રત્યેક સમયે નવું નવું થાય

છે. કોઈ એવો ભાવ નથી કે જે અનાદિથી એનામાં એમને એમ રહ્યો છે. એવો તો કોઈ ભાવ– મિથ્યાભાવ નથી કે તેનો તે ભાવ રહ્યો છે, તેવો ને તેવો ભલે છે તોપણ તેનો તે નથી. જેમ કેવળજ્ઞાન થયા પછી કેવળજ્ઞાન તેવું ને તેવું છે પણ તેનું તે કેવળજ્ઞાન નથી.

કહે છે કે **'પરમાં અહં-મમરૂપ મિથ્યાત્વનો નાશ કરે,...'** હવે ચોવીસ કલાકનું જે કાંઈ વ્યવહારિક જીવન છે, વર્તમાન ઉદય તપાસીએ તો જે ચોવીસ કલાકનું વ્યવહારિક જીવન છે એમાં પુદ્ગલ પર્યાયો, પુદ્ગલાત્મક જે સંયોગો શરીરથી માંડી, પરિવારથી માંડી, ઘર-કુટુંબથી માંડી અનેક પ્રકારના કાર્યો તે બધો વ્યવહાર કઈ પદ્ધતિથી થાય છે કે પરમાં અહંરૂપ થઈ રહ્યું છે. આ મેં કર્યું... આ મેં કર્યું... બોલ્યો હું, ચાલ્યો હું, બેઠો હું, સૂતો હું, જાગું હું. અનેક પ્રકારે પરના કાર્યોમાં પોતાનું અસ્તિત્વ રાખીને–સ્થાપીને જ બધા કાર્યો સતતપણે ચાલે છે. ત્યાં એને પહેલી જાગૃતિ, પ્રથમ એટલે ત્યાં એને પહેલી જાગૃતિ આવી જવી જોઈએ કે આમાં હું ક્યાં ? જે કાંઈ પુદ્ગલ પરમાણુ રૂપી પદાર્થો, પાંચ ઇન્દ્રિયના વિષયગત થતાં પદાર્થો મારા નિમિત્તે થાય છે. નિમિત્ત છે ખરેખર. વિચાર અથવા આત્માનું હોવાપણું, યોગ અને ઉપયોગની ક્રિયા નિમિત્તરૂપ છે. એમાં 'હું કરું છું' એવો જે ભાવ છે એ મિથ્યાભાવ છે, એવો અનુભવ છે એ મિથ્યા અનુભવ છે, એ મિથ્યાત્વ છે. ખરેખર પોતે નથી એ વાત એણે, ક્યાંય પોતાનું અસ્તિત્વ નથી, તમામ પુદ્ગલ ક્રિયાઓમાં, જડ ક્રિયાઓમાં ક્યાંય પોતાનું અસ્તિત્વ નથી એ વાત એણે તપાસીને અનુભવમાં લેવી જોઈએ. તપાસીને અનુભવમાં લેવી જોઈએ. તપાસવું કે ક્યાં છે ?

શબ્દોમાં જ્ઞાન નથી. શબ્દો બોલવાનું કાર્ય શબ્દોનું છે પણ શબ્દોમાં જ્ઞાન છે ? તેમ અનેક કાર્યો થાય છે એમાં આત્મા પોતાનું સ્વક્ષેત્ર છોડીને કોઈ બહારની ક્રિયામાં કાર્યોમાં, જડ પદાર્થોમાં, સંયોગમાં ક્યાંય વ્યાપે છે ? ક્યાંય જાય છે ? કેવી રીતે કાર્ય કરે છે ? જીવ તો જ્ઞાન કરે છે–એક જાણે છે, આગળ વધીને રાગ કરે છે. એની અવસ્થામાં કોઈ કાર્ય થાય છે તો એક જાણવારૂપ કાર્ય થાય છે. ત્યાંથી આગળ ચાલીને બહુ બહુ તો એ બહારના કાર્યો કરવાનો વિકલ્પ, વિચાર–રાગ એ કાર્ય થાય છે. બસ ! કાર્યના ક્ષેત્રની મર્યાદા અહીંયાં જીવની પૂરી થઈ જાય છે. એથી આગળ એ કાંઈ કાર્ય કરે છે, કરી શકે છે એવું તો પ્રત્યક્ષપણે જો તપાસ કરે, તપાસ રાખે તો એને ખ્યાલમાં આવે અને અનુભવમાં પણ આવે એવું છે.

આ રીતે એને પ્રત્યેક કાર્યોમાં જોવાનું થાય છે ? વિચારવાનું નહિ, હોં ! જોવાનું થાય છે ? જે જે ઉદયગત કાર્યો થઈ રહ્યા છે તે તે કાર્યોમાં આમ જોવે છે ?

જે અહં-મમરૂપ થઈ રહ્યું છે પણ હું છું નહિ એમ જોવાય છે ? કે હું છું એમ જોવાય છે ? અહીંયાં પહેલા ફેર પડવો જોઈએ. આમ જો એ ચાલતા ઉદયમાં પોતાના અસ્તિત્વને જોવે, ધ્યાનમાં રાખે, તો જુઓ કે એ કાર્યનો રસ કેટલો તૂટે છે. રસ તોડવાની વાત છે ને ?

પ્રથમ તો જીવને સ્વરૂપનો નિશ્ચય નહિ થવામાં કોઈ અવરોધ હોય તો તે પોતાનું જ્ઞાન રાગરસથી મલિન થયેલું છે. તેથી પોતાનો નિશ્ચય પોતે કરી શકતો નથી. આ તો મુખ્ય મુદ્દો છે. ઉઘાડ હોવા છતાં, વિચાર શક્તિ હોવા છતાં, ઉઘાડ અને વિચારશક્તિ ઘણી સારી હોવા છતાં પોતાનો જ નિશ્ચય નહિ કરવાનું કારણ તે ઉઘાડ જ્ઞાનમાં આવશ્યક નિર્મળતા નથી. જરૂર જેટલી પણ ભૂમિકાની નિર્મળતા નથી. કારણ કે કારણ એનો રાગ રસ એ મલિનભાવ છે.

યથાર્થ પ્રકારે એટલે આ રીતે વસ્તુના સ્વરૂપને અનુસરીને પોતાની હસ્તી ક્યાં છે અને ક્યાં નથી એમ જોઈને જો એ પોતાના રાગરસને યથાર્થ પ્રકારે શિથિલ કરે, ફીક્કો કરે, મંદ કરે તો એનું જ્ઞાન પોતાના જ સ્વભાવનો નિશ્ચય કરવા માટે યોગ્ય થઈ શકે, કાર્યક્ષમ થઈ શકે. નહિતર ઉઘાડ-ફુઘાડ બધો પડ્યો રહે. શાસ્ત્રોના શાસ્ત્રો વાંચી જાય પણ કાંઈ એને પોતાનું કામ થાય નહિ.

મુમુક્ષુ :– રાગરસમાં ફેર પડ્યો છે કે નહિ એ પહેલી વાત છે.

પૂજ્ય ભાઈશ્રી :– પહેલી વાત એ છે. અને એ આ પ્રકારે. નહિતર તો ઘણાય વૈરાગ્ય ધારણ કરે છે. ઉદાસ થઈ જાય છે આખા સંસારથી. અને સાધુના વેશમાં અથવા સાધુના પદમાં પોતાને સમજીને ત્યાગ ઘણો કરી નાખે છે. પણ એથી કાંઈ કાર્યસિદ્ધિ થતી નથી. દૃષ્ટાંત એ છે.

મુમુક્ષુ :- દ્રવ્યલિંગીએ...

પૂજ્ય ભાઈશ્રી :- ઉત્કૃષ્ટ દૃષ્ટાંત એ છે. નિરતિચાર પંચ મહાવ્રત, સમિતિ, ગુપ્તિ પાળી શકે એટલી કષાયની મંદતામાં શુક્લલેશ્યા હોય છે, જેના ફળમાં ૩૧ સાગરની સ્થિતિએ નવમી ગ્રૈવેયકે જાય છે. અત્યારે તો સમ્યગ્દૃષ્ટિઓ પણ પાંચમા દેવલોકથી ઉપર જાતા નથી. મુનિઓ, સમ્યગ્દૃષ્ટિઓ, ભાવલિંગી હોય તોય તે. એટલો એનો સતત શુભરસ એટલો હોય છે. શુભનો રસ એટલો હોય છે તો અઘાતીનો બહુ મોટ બંધ પડે છે.

મુમુક્ષુ :– શુદ્ધભાવ કરતાં શુભભાવનું બળ વધી ગયું ...

પૂજ્ય ભાઈશ્રી :– બળ ઊંધુ વધી ગયું. બળ વધી ગયું પણ ઊંધુ વધી ગયું. નવમી ગ્રૈવક ગયો એટલે મોટી જેલ પડી. એમાં શું ફાયદો છે ? ત્યાં નવમી ગ્રૈવેકમાં કાંઈ લાડવો નથી. શુભનો રસ તીવ્ર હોવાથી અઘાતીની સ્થિતિ મોટી પડી. કર્મની

સ્થિતિ મોટી પડી. કર્મનું બંધન લાંબી સ્થિતિનું થયું એમાં શું ફાયદો કાઢ્યો ? એ તો જે જીવોને એવી કલ્પના છે કે ઊંચા ઊંચા સ્વર્ગમાં ઊંચી ઊંચી જાતનું સુખ અને સ્વર્ગનું જેટલું આયુષ્ય લાંબુ જેટલો કાળ લાંબો એટલું વધારે શુભ એને એવી કલ્પના થાય છે કે આ તો ફાવી ગયો. મિથ્યાદૃષ્ટિ ફાવી ગયો. ભાઈ ! ફાવી નથી ગયો. મરાઈ ગયો છે. કેમકે અન્યમતોના શાસ્ત્રોમાં એવું આવે કે જો તમે આટલું કરો તો તમને આટલા વર્ષ સુધી દેવલોક મળે પછી વધારે આટલું કરો તો તમને આટલા વર્ષ સુધી દેવલોક મળે. આથી વધારે તમે તપ કરો કે ફલાણું કરો કે અધ્યયન કરો જે કાંઈ એ બતાવતા હોય, તો તમને એથી વધારે ત્યાં સ્વર્ગવાસ મળે. અહીંયાં એ સ્વર્ગવાસને ભલો જાણવામાં આવતો નથી.

મુમુક્ષુ :– 'શ્રીમદ્જી'એ સહરાનું રણ કહ્યું.

પૂજ્ય ભાઈશ્રી :– સહરાનું રણ આવ્યું. જુઓ ! 'શ્રીમદ્જી'એ કહ્યું ને ? સહરાનું રણ કહ્યું છે. પુરુષાર્થ ઉપડ્યો હતો. એમ કહે છે કે પુરુષાર્થ ઉપડ્યો હતો, બહુ સારો પુરુષાર્થ ઉપડ્યો હતો અને માર્ગ કાપવાની, જલદી પહોંચવાની ધગશ હતી પણ સામે જોયું કે ઓહો...! આ તો મોટું સહરાનું રણ આવ્યું છે. એટલે એક ભવ હવે બીજો નીકળી જશે. દેવલોકમાં વૈમાનિક દેવમાં જાય છે.

જેટલો શુભ કે અશુભ રાગરસ વિશેષ એટલો કર્મનો અનુભાગ વિશેષ પડે. જેટલા અનુભાગથી ત્યાં અઘાતિની સ્થિતિ લાંબી બંધાય. પછી અશુભ હોય તો નારકીના આયુષ્ય મોટા બાંધે, અશુભરસમાં. અને શુભરસમાં દેવલોકના આયુષ્ય મોટા બાંધે. આમ છે. પણ વીતરાગમાર્ગ–અબંધ પરિણામનો માર્ગ–મોક્ષ થવાનો ઉપાય એ ત્રીજી જાત છે, આ બેથી. આ બે જાતથી એક ત્રીજી જાત છે કે જેની ગણતરી આ બે સાથે મેળવવામાં આવતી નથી. એનાથી બીજી જ જાત છે, સાવ વિલક્ષણ છે. એટલે મિથ્યાત્વનો નાશ કરવા...

મુમુક્ષુ :– શુભરાગ થઈ જાય છે કે જીવ ચાહીને કરી રહ્યો છે ?

પૂજ્ય ભાઈશ્રી :– આમ તો થઈ જાય છે. પણ અજ્ઞાની જીવ કર્તાબુદ્ધિએ પરિણમતો હોવાથી એ એમ જાણે છે, એવું માને છે કે હું કરી રહ્યો છું. તેથી એને રાગનો કર્તા કહેવામાં આવે છે. પણ બધા જ પરિણામ અનાદિઅનંત સહજ જ પણે થઈ રહ્યા છે. સર્વ દ્રવ્યોને, સર્વ જીવોને બધા જ પરિણામ સહજ થઈ રહ્યા છે. જે સહજ થઈ રહ્યા છે એનું કર્તુત્વ છે એ પણ મિથ્યાભાવ છે. એક તો એ રીતે આ પ્રકાર છે, આ પરિણામને સમજવાનો. જ્ઞાની એમ જાણે છે કે પરિણામમાં જે પ્રકાર ઉત્પન્ન થાય છે એ સહજ થઈ રહ્યો છે. એના કર્તા થવું એ યોગ્ય નથી. તેથી તે જ્ઞાતા રહે છે. આમ જ્ઞાની અને અજ્ઞાનીના પરિણામની સ્થિતિ છે.

મુમુક્ષુ :— અજ્ઞાનીને પુણ્યના ફળમાં મીઠાશ બહુ છે એટલે સહજ શુભભાવ આવી જાય છે.

પૂજ્ય ભાઈશ્રી :– હા, સહજ આવે જ છે પણ છતાંય કર્તા થઈને પરિણમે છે અજ્ઞાની કે આ મેં કર્યું. આ હું બરાબર કરું છું. હું કરું છું તો થાય છે. કરું છું તો થાય છે. ન કરું તો ન થાય. કરું તો થાય આવો એક એનો મિથ્યા અભિપ્રાય છે. પણ ખરેખર સહજ થઈ રહ્યા છે. આ સિવાય એક ત્રીજો દૃષ્ટિકોણ છે કે પદાર્થ પોતે પોતાના પરિણામને કરતો હોવાથી સર્વ પરિણામનો તે તે પદાર્થ કર્તા છે. એ કરે છે. પરિણામને પોતે કરે છે. અવસ્થાને, સર્વ પદાર્થ પોતાની અવસ્થાનો પોતે કરે છે. આ દ્રવ્યાનુયોગથી લઈએ તો. ઓલો અધ્યાત્મનો વિષય થયો. કે પોતાના પરિણામ પોતે કરે છે એવી સ્થિતિ હોવા છતાં એમાં સહજતા શું છે અને કર્તૃત્વ શું છે, એ અધ્યાત્મ દૃષ્ટિકોણ છે. જો એ જ્ઞાતાદૃષ્ટા સ્વભાવનો આધાર લે તો કર્તાબુદ્ધિએ નહીં કરે અને જો એ કર્તાબુદ્ધિએ કરે, જ્ઞાતા-દૃષ્ટાપણું ચૂકી જાય, ભૂલી જાય, આધારમાં ન રહે, અવલંબનમાં ન રહે તો કરું છું તો થાય અને ન કરું તો ન થાય. એવો એનો મિથ્યા અભિપ્રાય રહે. પણ છતાં એના હાથની વાત નથી. એક Second પછી કયું પરિણામ આવશે એનો Control એ કરી શકતો નથી. છે કે નહિ એ પરિસ્થિતિ ? અનિવાર્ય પરિસ્થિતિ છે કે નહિ ? એ જ બતાવે છે કે પરિણામ સહજ થાય છે. એ શું બતાવે છે ? કે પરિણામ સહજ થાય છે.

મુમુક્ષુ :– એ સહજ થાય છે એમ કઈ રીતે ? પરિણતિ અનુસાર થાય છે ? જેવી પરિણતિ હોય એવું સહજ થાય છે કે પરિણતિ ..

પૂજ્ય ભાઈશ્રી :– પરિણતિ અને પરિણામમાં શું ફેર પાડો છો ? તમારા પ્રશ્નમાં પરિણતિ અને પરિણામમાં ફેર શું ?

મુમુક્ષુ :– પરિણતિ એટલે સ્વરૂપ તરફ ધારા પ્રવાહે જે વૃત્તિ જાય છે એ પરિણતિ છે. અને પરિણામ તો પોતે કર્તાબુદ્ધિએ કરે છે.

પૂજ્ય ભાઈશ્રી :– કર્તાબુદ્ધિએ જે પરિણામ કરે એને સ્વરૂપ તરફ ઢળતી પરિણતિ ક્યાં છે ? એને તો છે નહિ. જેને સ્વરૂપ તરફ ઢળતી પરિણતિ છે એને પણ ઉપયોગમાં શુભ, અશુભ અને શુદ્ધ ત્રણ પ્રકાર ઊપજે છે. એનો ઉપયોગ ક્યાં એક પ્રકારે રહે છે ? જેની પરિણતિ સ્વરૂપ તરફ ઢળેલી છે એવા મોક્ષમાર્ગી જીવને–ધર્મી જીવને ઉપયોગમાં પણ ત્રણ પ્રકાર છે કે નહિ ? શુભ, અશુભ અને શુદ્ધ. એને પણ ત્રણ પ્રકારે ઉપયોગ ચાલે છે.

એટલે પરિણામ થાય છે એ સહજ થાય છે અને જે સહજ થાય છે એમાં કર્તાબુદ્ધિ કરવી એ મિથ્યાભાવ છે. છતાં દ્રવ્યાનુયોગના દૃષ્ટિકોણથી જે અવસ્થા

છે એનો કર્તા તે પદાર્થ છે અને બીજો પદાર્થ એનો કર્તા નથી, એ વાત કાંઈ મટી જાય છે એમ છે નહિ. એવું નથી. એ તો એમ છે, જે છે એમ જ છે. પણ કર્તૃત્વ એ બીજો વિષય છે અને જ્ઞાતૃત્વ એ બીજો વિષય છે. જ્ઞાતૃત્વભાવે રહે કે કર્તૃત્વભાવે રહે ત્યાં જ્ઞાની અને અજ્ઞાનીની દશાનો સવાલ ઊભો થાય છે.

મુમુક્ષુ :– અજ્ઞાનીને પરિણામ થાય છે, શુભ પરિણામ થાય છે તે પૂરેપૂરા રસવાળા થાય છે. જ્ઞાનીને રસ નથી .... તો અજ્ઞાની અમુક સ્વર્ગ સુધી જાય છે અને જ્ઞાની છે એ બીજા સ્વર્ગમાં જાય છે...

પૂજ્ય ભાઈશ્રી :– શુભરસ તો જ્ઞાનીનો પણ વધે. ન વધે એવું કાઈ નથી. શુભરસ જ્ઞાનીનો ન જ વધે એવું કાંઈ નથી પણ એકત્વપણે ન થાય. એમ તો જ્ઞાની તેત્રીસ સાગરની સ્થિતિએ સર્વાર્થસિદ્ધિમાં જાય છે, એથી ઉપર જાય છે. સર્વાર્થસિદ્ધિ એ નવમી ગ્રૈવેયકથી ઉપરનું વિમાન છે. સિદ્ધશિલાની નીચે જે વિમાન છે એમાં સર્વાર્થસિદ્ધિના પાંચ ઠેકાણા છે. ચાર ખૂણે ચાર અને વચ્ચે એક એટલે પાંચ. લોકનો નક્શો જેને ખ્યાલમાં હશે એને... ત્યાં પણ જાય છે.

મુમુક્ષુ :– વજન તો શુદ્ધતા ઉપર છે...

પૂજ્ય ભાઈશ્રી :– વજન શુદ્ધતા ઉપર છે તોપણ શુભરસ કોઈ વખત તીવ્ર થાય છે પણ છતાં એમાં ફેર છે. એકત્વભાવે થાય અને જ્ઞાતાભાવે થાય એમાં ફેર તો પડે જ છે. એ ફેર છે એ બહુ મોટો ફેર છે. ન થાય એવું કાંઈ નથી. થાય પણ ખરો અને ન પણ થાય. પણ મોક્ષમાર્ગમાં થાય ન થાય એની કોઈ એટલી કિંમત નથી. મોક્ષમાર્ગમાં શુભાશુભ ભાવ અને એના ફળની કિંમત નથી. આ એનો સંક્ષેપ છે. બીજી ગમે એટલા ભાંગાનો–ભંગભેદનો વિચાર કરીએ, શુભાશુભનો પણ મોક્ષમાર્ગમાં જે મોક્ષમાર્ગ શુભાશુભથી રહિત છે, એના ફળથી રહિત છે એની એમાં કિંમત નથી.

મુમુક્ષુ :– શુભમાં રસ વધી જાય છે તો શુદ્ધમાં રસ ઘટી જાય છે ?

પૂજ્ય ભાઈશ્રી :– એવું કાઈ નથી. એવું કાંઈ નથી કે શુભમાં રસ વધી ગયો એટલે શુદ્ધનો રસ ઘટી ગયો. એ તો ગુણસ્થાન અનુસાર છે. કોઈ મુનિ પણ સર્વાર્થસિદ્ધિમાં જાય અને કોઈ સમ્યગ્દષ્ટિ નીચેના દેવલોકમાં જાય. તો મુનિનો શુદ્ધનો રસ, ઘટી ગયો છે ? શુભનો (રસ) વધી ગયો તો કાંઈ એવું કાંઈ નથી. એટલે તો કહ્યું કે એ શુભાશુભથી નિરપેક્ષ છે. આ મોક્ષમાર્ગની Line શુભાશુભથી નિરપેક્ષ ચાલે છે. એની અપેક્ષા રાખીને ચાલતી નથી. અવિનાભાવિપણે કેટલાક પરિણામો મર્યાદિત જરૂર થઈ જાય છે કે પાંચમાં ગુણસ્થાને દેશવિરતિથી નીચેના કષાયો ન થાય. કેમકે એનો કષાય તૂટી ગયો. બે ચોકડી ગઈ છે એને.

અનંતાનુબંધીની ગઈ અને પ્રત્યાખ્યાનાવરણીની ગઈ. એવી જ રીતે મુનિપણામાં અપ્રત્યાખ્યાનવરણી ત્રીજી ચોકડી ગઈ. તો કષાયની ચોકડીનો અભાવ થવાથી એ સ્તર એ વટાવી ગયા. પણ એને અપેક્ષિત મોક્ષમાર્ગ નથી. એ તો વીતરાગતા વધી એને અપેક્ષિત કષાય તૂટ્યો છે. કષાય અપેક્ષિત મોક્ષમાર્ગ નથી. મોક્ષમાર્ગની અપેક્ષાએ કષાય તૂટ્યો છે. મુખ્યતા આમ લેવાની છે. જે એ સમજતા નથી, મોક્ષમાર્ગ ઉપર જેનું વજન નથી એનું વજન કષાય ઉપર જાય છે અને ત્યાંથી માપ લ્યે છે. એ પદ્ધતિ બરાબર નથી. અહીંથી લેવાનું છે. શક્તિ તો ઉપાદાનની છે. શક્તિ રાગાદિ ભાવોની નથી.

વચનામૃતમાં એક જગ્યાએ બહુ સરસ યુક્તિ લીધી છે કે જીવ એકલો છે અને કર્મના ઉદયમાં અનેક પરમાણુઓનો ઉદય છે, અસંખ્ય પરમાણુઓનો ઉદય છે. કર્મપ્રકૃતિ ઉદયમાં આવે છે એમાં અસંખ્ય પરમાણુનો ઉદય આવે છે. જે જૈન છે, જિન છે–જીતે છે એ એકલા હાથે અનેકને જીતે છે. સમયે સમયે અનેકને જીતે છે. આ એક યુદ્ધ છે, જીવ અને કર્મ વચ્ચેનું કે જેમાં જીવ એકલો પોતાની શક્તિ અને સામર્થ્યથી અનેક પુદ્ગલ પરમાણુઓને નિરસ્ત કરી દે છે, નાશ કરી દે છે એને. લડ્યા કરે છે, સમયે સમયે લડે છે. સામે અનેક છે અને આ એક છે. પણ એથી કાંઈ એની હાર થતી નથી, જીતે છે. કર્મનો સર્વનાશ કરે છે અને મોક્ષદશાને પ્રાપ્ત કરે છે. કોનું બળ આમાં ? કર્મનું બળ કે જીવનું બળ ? બળ તો જીવનું વધારે છે. અને કર્મનું હોય તોય તે એ કર્મમાં છે અને જીવમાં નથી. એ વાત તો સ્પષ્ટ છે.

મુમુક્ષુ :– અસ્તિત્વ ઉપર વજન છે.

પૂજ્ય ભાઈશ્રી :– અહં અહં લીધું ને ? અહંપણું ક્યાં કરે છે. ત્યાં ભાર જાય છે એનો. જે શરીર અને સંયોગોમાં અહંમપણું કરી લે છે... એ આગળ લેશે નીચે. ત્રીજી લીટીમાં. **'જ્યારે પરપ્રવેશનો અભાવભાવ થયો ત્યારે સ્વસંવેદનરૂપ નિજજ્ઞાન થાય.'** એ અહંપણું કરે છે ને ત્યારે પરમાં પ્રવેશ કરી જાય છે. લાડવો ગળ્યો લાગ્યો કે એમાં હું આવ્યો, એમાં હું થઈ ગયો, એમાં પ્રવેશી ગયો. સ્વાદનો વિષય છે. એવો જ સ્પર્શનો વિષય છે. એમાં જાણે હું છું એમ એને લાગે છે. આ એની ભ્રાંતિ છે. પોતાનું અસ્તિત્વ સ્વક્ષેત્રથી બહાર નહિ હોવા છતાં પુદ્ગલ પરમાણુમાં પોતાનું અસ્તિત્વ સ્થાપી દે છે. મિથ્યા ભ્રાંતિએ કરીને મિથ્યા અનુભવ કરે છે, એને અધ્યાસ થાય છે. આ જન્મ-મરણની ગાંઠ છે. આ મિથ્યાત્વ છે અને આ જન્મ-મરણની ગાંઠ છે એમ કહેવું છે. શું કહે છે ?

મુમુક્ષુ :– રાગની સાથે સુખબુદ્ધિ છે ?

પૂજ્ય ભાઈશ્રી :– અનાદિથી એ જ પડ્યું છે. સુખબુદ્ધિ છે જ એને. સુખ પણ એણે ત્યાં કલ્પ્યું છે. સુખની કલ્પના પણ છે જ. એ સુખની જે કલ્પના છે એને લઈને રસ તીવ્ર થાય છે. સુખબુદ્ધિને કારણે રસ છે એ ગાઢપણે ઊપજે છે, તીવ્રપણે ઊપજે છે. એ તો રસ અને સુખબુદ્ધિ સાથે સાથે અવિનાભાવીપણે છે. પણ આ જે સમ્યગ્દષ્ટિનો જે શુભરસ છે કે અશુભરસ છે, સમ્યગ્દષ્ટિનો શુભરસ છે કે અશુભરસ છે એમાં સુખ બુદ્ધિ નથી. મિથ્યાદષ્ટિને તો અશુભરસમાં પણ સુખબુદ્ધિ છે અને શુભરસમાં પણ સુખબુદ્ધિ સાથે સાથે જોડાઈને વર્તે છે. સમ્યગ્દષ્ટિને એ પ્રકાર નથી. ચારિત્રમોહના શુભાશુભમાં રસ છે, મર્યાદિત. અનંત નથી આની જેમ, તોપણ એમાં સુખબુદ્ધિ તો નથી, નથી ને નથી જ. સુખ નથી. પ્રત્યક્ષ દુઃખનો અનુભવ કરે છે. સમ્યગ્દષ્ટિ શુભાશુભ વિભાવમાં પ્રત્યક્ષપણે દુઃખનો અનુભવ કરે છે. એમાં દુઃખ છે, આકુળતા છે અને એ આકુળતાને જાણનારું એની પાસે નિર્મળ ચોખ્ખું જ્ઞાન પણ છે. એટલે એ એમાં દુઃખનો અનુભવ કરે છે. દુઃખનો અનુભવ કરે એ દુઃખમાં કેમ આગળ વધવા ચાહે ? જ્યાં જે જીવને દુઃખનો અનુભવ થાય ત્યાંથી તે જીવ સહજપણે ખસવાનો પ્રયત્ન કર્યા વગર રહી શકે નહિ.

અજાણતા પણ સળગતા કોલસા ઉપર હાથ પડી જાય તો કેટલો વિચાર કરવા રહે કે લઉં કે ન લઉં ? અત્યારે લઉં કે પછી લઉં ? થોડોક લઉં કે વધુ લઉં ? તર્ક વિતર્ક કરે ત્યાં ? ત્યાં તર્ક-વિતર્ક ન કરે ? પ્રશ્ન જ નથી. દુઃખ છે એ. એમ દુઃખ છે જે પ્રત્યક્ષપણે, જેના જ્ઞાનમાં શુભાશુભ ભાવ પ્રત્યક્ષ દુઃખ છે ત્યાં ત્યાંથી ખસ્યા વગર રહી શકે નહિ. સ્વભાવે કરીને ખસે છે. એ સ્વભાવ છે જીવનો. એને દુઃખ લાગવું જોઈએ એટલી વાત છે. ન લાગે તો જુદી વાત છે, લાગે તો જુદી વાત છે. આ જે લાગવું છે એ પ્રથમથી આવવું જોઈએ. શરૂઆતથી અહીંથી પકડવું જોઈએ કે વિકલ્પમાં દુઃખ છે, રાગમાં દુઃખ છે એ લાગે છે કે નહિ ? નહિતર વિકલ્પથી હટીને નિર્વિકલ્પ પ્રથમ એકવાર પણ સમ્યગ્દર્શનમાં થવું એ કઈ રીતે સંભવિત છે ? વળી શુભ વિકલ્પ છે, જેમાં આકુળતા મંદ થઈ છે અને જેમાં અનાદિથી જીવને સુખની ભ્રાંતિ રહી છે એવા શાતાના શાતાવેદનના કાળે એ પ્રકારમાંથી ક્યાંથી ખસે જો દુઃખ ન લાગે તો ? ખસે જ નહિ ત્યાંથી. એટલે એની જાત જે જોવાની છે એમાં દુઃખ જોવાય છે.

.... આ સીધી વાત છે કે જીવનો આ સ્વભાવ છે કે જો દુઃખ અને સુખ એક સાથે એને જાણવા મળે તો દુઃખમાં ઊભો ન રહે, સુખ બાજુ જાય. આ એના પુરુષાર્થનો પ્રકૃતિ સ્વભાવ છે. પુરુષાર્થનો આ પ્રકૃતિ સ્વભાવ છે. જીવનો પુરુષાર્થ સુખમાં રહેવાનો થાય. દુઃખમાં રહેવાનો થાય જ નહિ. પણ એને જણાવું જોઈએ.

સુખ-દુઃખ એના જાણવામાં આવવું જોઈએ. એટલી વાત છે.

મુમુક્ષુ :— મિથ્યાદૃષ્ટિ પ્રતિકૂળતાથી હટવા માગે છે.. અશુભભાવમાં કેમ એને સુખબુદ્ધિ છે ?

પૂજ્ય ભાઈશ્રી :– કલ્પના ત્યાં સુખની છે. દુઃખમાં પણ સુખની કલ્પના કરે છે કે નહિ ? પ્રતિકૂળતાથી હઠવા માગે છે તો ત્યાં એણે પ્રતિકૂળતામાં દુઃખની કલ્પના કરી છે. પ્રતિકૂળ સંયોગોમાં એણે દુઃખની કલ્પના કરી છે. ખરેખર તો પ્રતિકૂળ સંયોગોમાં પણ દુઃખ નથી. પણ એની જે કલ્પના (છે) કે આ મને પ્રતિકૂળ છે એમાં દુઃખ છે. શું કહ્યું ? આ મને પ્રતિકૂળ છે એમાં દુઃખ છે. સંયોગની પ્રતિકૂળતામાં દુઃખ નથી.

'ગુરુદેવે' તો બહુ પોકારીને આ વાત કરી છે કે નિર્ધનપણામાં દુઃખ નથી. શરીરને રોગ થાય એમાં જીવને દુઃખ નથી. આ મને પ્રતિકૂળતા છે નિર્ધનતા અને રોગીષ્ટપણું એ મને પ્રતિકૂળ છે એમાં દુઃખ છે. નારકીમાં દુઃખ નથી પણ આ મને બધું પ્રતિકૂળ છે એમાં દુઃખ છે. એમ છે. એટલે ખરેખર તો એને દુઃખ અને સુખ ક્યાં કલ્પ્યું છે એ પ્રમાણે એનું પરિણમન કલ્પના પ્રમાણે, એના નિશ્ચય પ્રમાણે થાય છે. અહીંયાં તો વાસ્તવિકપણે વસ્તુસ્થિતિ એમ છે કે નહિ ? એમ જોઈને ચાલવું છે.

મુમુક્ષુ :– એમાં સુખબુદ્ધિ ક્યાં આવી ? અશુભભાવમાં સુખબુદ્ધિ કેવી રીતે ?

પૂજ્ય ભાઈશ્રી :– અશુભભાવમાં એને રસ પડે છે. એમાં કેવી રીતે રસ પડે છે ? Practically વિચાર કરે કે એને ઇચ્છા થઈ ત્યારે આકુળતા વધી ગઈ. જે તે પદાર્થની એને ઇચ્છા થઈ ત્યારે એને આકુળતા વધી છે. તે પદાર્થનો સંયોગ થયો ત્યારે એને આકુળતા મંદ પડી કે મને આ મળ્યું. જેમ કે તૃષા લાગી છે તો પાણી જોઈએ. તો જ્યારે પાણીની ઇચ્છા થઈ ત્યારે આકુળતા ઘણી છે. જ્યારે એ પાણીનો સંયોગ થયો, પીધું ઘટક ઘટક ત્યારે એને એ આકુળતા મંદ થઈ છે. ઇચ્છા વિલિન થઈ ને ? એટલે આકુળતા મંદ થઈ. તો ત્યાં તેને એમ લાગે છે કે મને સુખ થયું. ઇચ્છા પ્રમાણે મને પદાર્થ મળી ગયો. મને મળ્યો એમ પરપ્રવેશ થાય છે એને. મને આ પાણી મળ્યું. આ પાણી મને મળ્યું.. આ પાણી મને મળ્યું...એમ પાણીમાં પોતે ભાવથી પ્રવેશ કરી લે છે. થઈ શકતો નથી છતાં ભાવથી કરે છે. તો શું નુક્સાન થાય છે ત્યાં ? ત્યાં તેને સ્વસંવદેનનો અભાવ થાય છે. પરપ્રવેશભાવમાં સ્વસંવેદનનો અભાવ થાય છે. અને પરપ્રવેશનો અભાવભાવ થાય ત્યારે સ્વસંવદેનરૂપ નિજજ્ઞાન થાય. આ એનો નિયમ છે. એ જરા પછી લઈશું અસ્તિથી બીજી રીતે. આખો વિષય સારો છે સ્પષ્ટ થાય એવો.

**'અહં-મમરૂપ મિથ્યાત્વનો નાશ કરે.'** એમાં એટલું લેવું છે કે જે જે ઉદયગત વ્યવહારિક પ્રવૃત્તિ છે એમાં પોતે પરમાં પોતાનું અસ્તિત્વ સ્થાપે છે, રાખે છે તે મિથ્યાત્વભાવ છે. તપાસીને જાણવું જોઈએ કે હું એમાં વ્યાપતો નથી. મારી હસ્તી એમાં છે નહિ તો એને એ મિથ્યાત્વનો–દર્શનમોહનો રસ તૂટે. રાગરસ તો તૂટે, સાથે સાથે એને મિથ્યાત્વનો–દર્શનમોહનો રસ પણ મંદ થાય. દર્શનમોહનો રસ મંદ થાય તો એનું જ્ઞાન પોતાના સ્વભાવનું બળ કરવા માટે, બળ કરવા માટે જોર કરી શકે. સ્વભાવને કોઈ દબાવે છે તો તે દર્શનમોહ–મિથ્યાત્વ દબાવે છે. ભાવ, હોં ! પોતાનો. દર્શનમોહનીય કર્મ નહિ. ભાવ જે દર્શનમોહ છે એ સ્વાનુભૂતિને આવરણ કરનારો ભાવ છે. 'પંચાધ્યાયી'માં સ્વાનુભૂત્યાવરણ કર્મ એમ લખે છે. સ્વાનુભૂતિને આવરણ કરનારું.

મુમુક્ષુ :– દુકાન, મકાન બધું .. કુટુંબ કબીલા બધા...

પૂજ્ય ભાઈશ્રી :– નુકસાન થાય ત્યારે ખેદ થાય છે. દુકાન-મકાનમાં નુકસાન થાય ત્યારે ખેદ થાય છે અને એ દુકાન-મકાનમાં વૃદ્ધિગતપણું થાય ત્યારે જીવને હરખ થાય છે. એ ઘૂસી ગયો છે એમાં. એમાં પરપ્રવેશ એનો સરખાઈનો થઈ ગયો છે. આ એને જન્મ-મરણમાં રખડાવનારી ચીજ છે.

મુમુક્ષુ :– અહીંયાં જુદુ પાડ્યું. 'અહં-મમરૂપ મિથ્યાત્વનો નાશ કરે, પછી પરરાગરૂપ ભાવનો વિધ્વંસ કરે.'

પૂજ્ય ભાઈશ્રી :– પહેલા મિથ્યાત્વનો નાશ કરે ત્યાં દર્શનમોહનો નાશ કરે એમ લેવું છે અને પરરાગરૂપ ભાવ એટલે ત્યાં ચારિત્રમોહનો નાશ કરે એમ કહેવું છે. બે જુદી જુદી વાત છે. એકમાં દર્શનમોહ લેવો છે અને બીજા પદમાં ચારિત્રમોહ લેવો છે. દર્શનમોહ નાશ થયા પછી જે હજી રાગ રહ્યો તે પરરાગરૂપ ભાવ છે. પછી એ સ્વ નથી. થાય છે એને–સાધકજીવને થાય છે–ધર્મીજીવને થાય છે પણ એ પરપણે છે. તો એ પરરાગરૂપ ભાવ એનો પણ નાશ કરે. વિધ્વંસ કરે એટલે નાશ કરે. એટલે કે સ્વરૂપસ્થિરતા વધારે તો એ ઉત્પન્ન ન થાય. વીતરાગભાવ વધારે તો એ ઉત્પન્ન ન થાય અને વીતરાગભાવ વધારે અને ઉત્પન્ન ન થાય ત્યારે એને નાશ થયો એમ કહેવામાં આવે છે. ત્યાં ચારિત્રમોહ લેવો છે. ક્રમથી પહેલા દર્શનમોહનો નાશ કરે અને પછી ચારિત્રમોહનો નાશ કરે અને **'ત્યારે વીતરાગ થાય.'** એમ કહેવું છે. ચારિત્રમોહનો પણ નાશ થાય તો ત્યારે તે જીવ વીતરાગ થાય. વીતરાગ થાય એટલે પ્રથમ અરિહંત જિનેન્દ્રના પદે આવે. તે જીવ જિનેન્દ્રના પદે પહોંચે.

અત્યારે તો લોકોને એ ખબર નથી. અમારી સામે બજારના એક વેપારી છે.

દેરાવાસી જૈન છે. હવે આ પર્યુષણ આવશે ને ? (ઇ કહે), આ પચ્ચીસમાં તીર્થંકરનું શું છે તમારે ? અફવા તો બહુ ચાલી છે. ૨૫માં તીર્થંકર તો જૈનમાં આપણે હોય જ નહિ. મેં કહ્યું કે ચોવીસ તો હોય ને ? તો કહે, હા. કેટલા ચોવીસ હોય ? તો કહે, એક જ ચોવીસ હોય. કેટલા ચોવીસ ઇ ક્યાં સવાલ છે ? એક જ ચોવીસ હોય. આ જૈન. લ્યો, આટલી ખબર છે. મેં કહ્યું, પણ અનંતી ચોવીસી ગઈ. આ છેલ્લી છે. ભગવાન 'મહાવીરસ્વામી' અંતિમ તીર્થંકર થયા તે વર્તમાન અનંતી ગઈ એમાંની છેલ્લી છે અને હવે પછીની જે પહેલી શરૂ થશે ત્યાર પછી અનંતી ચોવીસી બાકી છે. આ વાત તો રહી માત્ર ભરતક્ષેત્ર પૂરતી મર્યાદિત. હજી બીજા ક્ષેત્રની વાત જુદી છે.

અત્યારે વીસ તીર્થંકર મહાવિદેહક્ષેત્રમાં વિદ્યમાન મોજૂદ છે. તો કહે, પછી સીમંધર ભગવાનનો કયો ભવ થશે ? અરે ભઈ...! એને ભવ ન થાય. એ તો નિર્વાણમાં જઈને સિદ્ધાલયમાં જશે. આ અરિહંત થયા પછી ભવ ન થાય એ ખબર નથી. કેટલા અરિહંત થાય એ ખબર નથી. ક્યાં કેટલા હોય એ ખબર નથી. કેટલા થઈ ગયા એ ખબર નથી. કેટલા થવાના (એ ખબર નથી). આ તો સામાન્ય વિષય છે. આ કઈ હજી કોઈ ઊંડા તત્ત્વજ્ઞાનનો વિષય નથી. કાંઈ ખબર ન મળે. વેપારમાં જુઓ તો બધા એવી સ્પર્ધા અને હરિફાઈમાં ઊંડા ઉતરી જાય કે વાત મૂકી દ્યો. બાકી કાંઈ ખબર ન મળે. બહુ અંધારું છે. સંપ્રદાયની અંદર ઘણુ અંધારું છે. તીર્થંકર શું ? કેવળી શું ? તેરમું ગુણસ્થાન શું ? ચૌદમું ગુણસ્થાન શું ? સિદ્ધનું કેટલામું ગુણસ્થાન ? લ્યો, એમ પૂછે. ભાઈ ! સિદ્ધને ગુણસ્થાન ન હોય. એ ગુણસ્થાન પતી ગયા પછીની દશા છે. આ કાંઈ ખબર ન મળે. એકડાની મુદ્દે ખબર ન મળે. એવી વાત છે. બાકી હરિફાઈમાં કહો તો એમ કહે કે ખેંચી કાઢીએ. આઠ દિવસના, પંદર દિવસના, મહિના મહિનાના ઉપવાસ કરવા એ તો બાળક પણ કરી લે. પણ આ શું છે, કાંઈ ખબર ન મળે. આ બધું સમજવા જેવું છે, એમ કહે. આ તમે વાત કરો છો એ બધી સમજવા જેવી તો ખરી જ. ૨૫મા નહિ, અનંત થાય છે. ૨૫મા તીર્થંકર નથી થતા. તીર્થંકરો તો અનંત થાય છે. સમજવા જેવું ખરું. નવરાશ કે' દિ' છે ? ફુરસદ જોઈએને સમજવાની. મોટાભાગના જીવોને તો ધંધા-વ્યાપાર વ્યવસાયની આડે કોઈ બીજો વિચાર આવવાનો એને અવકાશ નથી. હવે વિચાર આવે તો વિચારમાં સંતુષ્ટ થઈ જાય. ચાલો કાંઈક તો વિચાર કરીએ છીએ આત્માનો. કલાક સ્વાધ્યાય તો કરીએ છીએ, થોડુક વાંચીએ તો છીએ. એમ નહિ.

અંદર જો હવે તું. તપાસ કે તારું અસ્તિત્વ ક્યાં છે. જે જે ક્રિયાઓમાં–ઉદયગત જે જે ક્રિયાઓમાં તારી હસ્તિ અનુભવાય છે તે મિથ્યાત્વ છે. તપાસ તારી હસ્તી

ત્યાં નથી. તપાસીને નક્કી કર. વિચારીને નક્કી કર એમ નથી કહેવું. તપાસીને નક્કી કર. જો તું કે તું છો કે નહિ ત્યાં ? તો તારો તે તે ઉદયગત કાર્યોનો રસ ઠંડો થયા વિના રહેશે નહિ. માત્ર રાગરસ ઠંડો નહિ થાય, મિથ્યાત્વરસ પણ ત્યાં ગળવા માંડશે, આમ કહેવું છે. અને મિથ્યાત્વનો નાશ થશે. એક વાક્યમાં આટલું બધું લેવું છે એમને. કેટલા સંક્ષેપમાં લીધું છે !

મિથ્યાત્વનો નાશ કરે કે પરમાં અહં-મમરૂપ ભાવ છે તે મિથ્યાત્વ છે. અમે મમતા તોડીએ છીએ અને ત્યાગ કરો. એટલે તો ત્યાગ કરીએ છીએ કે એની મમતા તૂટી જાય. એમ નહિ. તારી હસ્તી એમાં છે કે નહિ ? એ ચીજનો મેં ત્યાગ કર્યો. મારા પૈસાનું મેં દાન દીધું. એણે એ પૈસામાં હક્ક-અધિકાર રાખીને દાન આપ્યું છે. એ નહિ દેવા બરાબર છે. આમ છે, લ્યો. ત્યાગ કરે પણ એમાં હક્ક રાખીને કરે તો ? એ તો ઉપકાર કરતો હોય એવી રીતે વાત કરે છે. તમારે જરૂર હતી અને મેં તમને થોડું આપ્યું. મારો ઉપકાર છે તમારા ઉપર. અધિકાર તો મારો છે એ પૈસા ઉપર. કહે છે, એ અધિકાર છે એ ઉઠાવી લેવાની વાત છે અહીંયાં. મિથ્યાત્વમાં તો અધિકાર ઉઠાવી લેવાની વાત છે. પણ જ્ઞાની તો દાન દે છે. એ તો એમ જાણે છે કે પૂર્વકર્મના યોગે લક્ષ્મી સંપત્તિનો યોગ થયો એ કાંઈ મારી ચીજ નહોતી. સત્‌કાર્યોમાં વીતરાગમાર્ગની પ્રભાવનામાં એનો કોઈ સદ્‌ઉપયોગ થાય તો એ થવા યોગ્ય છે એમાં મારો અધિકાર તો ખરેખર હતો નહિ અને છે પણ નહિ. એમ જાણે છે. મારો અધિકાર નથી એમાં. એ થવા યોગ્ય છે. પછી ગમે તેની લક્ષ્મીનો ઉપયોગ થાય. કોઈની છે નહિ. કહેવાતી હોય કે મારી કે ફલાણાની પણ કોઈની તો છે નહિ. કોઈપણ પ્રકારે એનો એ ઉપયોગ થઈને એ માર્ગની પ્રભાવના થતી હોય તો એ યોગ્ય છે. બસ ! એટલી વાત છે. પણ એના ઉપર અધિકાર જમાવવા જેવો નથી.

મુમુક્ષુ :– ક્રમબદ્ધપર્યાય....

પૂજ્ય ભાઈશ્રી :– હા, એ ક્રમબદ્ધમાં માને તોપણ ક્રમબદ્ધમાં થવાનું હતું તે થયું. અને ન માને, ન ગણે તોપણ ક્રમબદ્ધ છે અને ગણે તોપણ ક્રમબદ્ધ છે. ક્રમબદ્ધ છે એ તો ક્રમબદ્ધ જ છે. જો એ સ્વીકારે તો એને જ્ઞાતાપણું આવવાનો અવકાશ છે. ન સ્વીકારે તો કર્તાપણું તૂટવાનો અવકાશ નથી. આમ છે.

**'પછી રાગરૂપ ભાવનો વિધ્વંસ કરે.'** એટલે દર્શનમોહ નાશ થયા પછી ઉપરછલ્લો રાગ અસ્થિરતાને લઈને, પોતાની સ્વરૂપસ્થિરતા જામતી ન હોય તેથી કરીને ઉપરછલ્લો રાગ રહે એ પણ સ્વરૂપસ્થિરતા દ્વારા વધારીને, સ્વરૂપસ્થિરતા વધારીને તેનો પણ અભાવ કરે. ઉત્પન્ન ન થવા દે.

**'જ્યારે પરરાગ મટે ત્યારે વીતરાગ થાય.'** અને એ રીતે રાગનો અંશ ઉત્પન્ન થતો બંધ થાય. જ્યાં અનંતમા ભાગે પણ રાગની મલિનતાની, અશુદ્ધતાની એક કણની પણ ઉત્પત્તિ નથી એવી નિર્મળ શુક્લધ્યાનની સ્થિતિ તેરમા ગુણસ્થાને થાય, સર્વથા વિશુદ્ધ (થાય) ત્યારે તે વીતરાગ થાય. ત્યારે તે આત્મા વીતરાગ થયા. ત્યારે એને જિનેન્દ્ર કહેવામાં (આવે છે), અરિહંત કહેવામાં આવે છે.

અરિહંતનું કેટલામું ગુણસ્થાન એ ખબર ન મળે. સિદ્ધનું કેટલામું ? પછી પ્રશ્ન કર્યો કે તો એ સિદ્ધ છે એ અરિહંતથી ઊંચા કે નીચા ? ઊંચા. તો પછી નમસ્કાર મંત્રમાં એને પછી કેમ લધા ? અને આને પહેલા કેમ લીધા ? ભાઈ ! નિમિત્ત છે ને ! પ્રત્યક્ષ ઉપકારી તો અરિહંત છે. જુઓ ! પ્રત્યક્ષનો પહેલો નંબર છે. અનાદિ આ તો મહામંત્ર છે. કોઈએ ગોઠવેલો છે ? આ પ્રત્યક્ષનું મહત્ત્વ કેટલું છે ! સિદ્ધ ભગવાન તો વીતરાગ છે. વીતરાગતા એ તો બંનેની વીતરાગતા સરખી છે તોપણ બીજા પડખા તપાસતા સિદ્ધ ભગવાન ઉચ્ચ સ્તરે બિરાજમાન છે, અરિહંત કરતા. સકળ વિમળ છે ત્યાં. સિદ્ધપદમાં સર્વથા વિમળ થઈ ગયા છે. અહીંયાં હજી અઘાતિ રહ્યા છે. એટલે અસિદ્ધત્વ પણ ત્યાં રહ્યું છે. તેરમે તો ખેર ચૌદમા ગુણસ્થાને પણ અસિદ્ધત્વ છે. ત્યાં પણ એક સમયનો આસ્રવ, બંધ છે. એક સમયનો આસ્રવ, બંધ ત્યાં છે. હજી યોગાસ્રવ છે ને ત્યાં ? સિદ્ધ ઊંચા છે તો પછી નમો અરિહંતાણં પહેલું કેમ આવે છે ? એ પ્રત્યક્ષ ઉપકારી છે માટે આવે છે. એમનો ઉપકાર છે. એ જીવોને સંયોગમાં હોય છે અને સિદ્ધનો કોઈને હોતો નથી. ત્યાં વાણી પણ નથી. અહીંયાં વાણી છે અરિહંતને. ત્યાં શરીર નથી, વાણી નથી. ભલે એ મોટા છે તોપણ નમસ્કાર પદમાં એ પછીના નંબરે (આવે છે). આ ગોઠવણી તો કોઈએ કરી નથી. આ નમસ્કારમંત્રનું સૂત્ર તો એમને એમ ચાલ્યું જ આવે છે.

**'જ્યારે પરરાગ મટે ત્યારે વીતરાગ થાય. જ્યારે પરપ્રવેશનો અભાવભાવ થયો ત્યારે સ્વસંવેદનરૂપ નિજજ્ઞાન થાય.'** મૂળ પ્રશ્ન જ આ છે ને ? કે નિજજ્ઞાન કેમ કેવી રીતે થાય તે કહેવામાં આવે છે. તો નાસ્તિથી લીધું છે અહીંયાં. પરપ્રવેશનો અભાવભાવ થાય ત્યારે. નાસ્તિથી થયું ને ? પરપ્રવેશરૂપ ભાવ કરે છે એનો એવો ભાવ ન થાય ત્યારે. અસ્તિથી જો વિચારીએ તો જે સ્વસંવદનરૂપ જ્ઞાન છે એ જ્ઞાનનો સ્વભાવ છે. ખરેખર તો લક્ષ લક્ષણથી જ્યાં ઓળખવાનો વિષય છે, આત્માને એટલે જ્ઞાનને અને જ્ઞાનને એટલે આત્માને, કેમકે જ્ઞાનમાંથી સ્વભાવ સમજવો છે– આત્મા સમજવો છે. જ્ઞાન લક્ષણમાંથી સ્વભાવ અથવા આત્મા સમજવાનો છે તો ત્યાં વેદનથી એને સમજવો છે.

'અમૃતચંદ્રાચાર્યદેવે' એમ કહ્યું કે જ્ઞાનની પ્રસિદ્ધિ સ્વસંવેદનથી છે. એનો અર્થ

શું થયો ? કે જ્ઞાનનો વેદવાનો સ્વભાવ છે. આત્મા છે એનો જે વેદવાનો સ્વભાવ છે એ શેના દ્વારા તે વેદે છે ? કે જ્ઞાન દ્વારા વેદે છે. આ શાતા અશાતાને વેદે છે કે નહિ ? સ્થૂળપણે વિચારીએ તો. જ્ઞાન દ્વારા વેદે છે. વેદવાનો સ્વભાવ જ્ઞાનનો છે. પણ પરપ્રવેશરૂપ ભાવ જ્યાં સુધી જીવ કરે છે ત્યાં સુધી એને પોતાનું વેદન પકડાતું નથી. એ તિરોભૂત ઢંકાયેલું રહે છે. પકડાતું નથી. એ વેદન છે એ આત્મા છે ખરેખર. એ સ્વભાવ છે. સ્વભાવભાવ છે એ આત્મા છે. ત્યાંથી ઓળખાય છે જ આત્મા છે ખરેખર તો. એ અનુભૂતીરૂપ ભાવ છે. વેદન છે તે અનુભૂતિરૂપ ભાવ છે અને એ અનુભૂતિરૂપ ભાવ છે એ જ ભગવાન આત્મા છે કે જે આબાળગોપાળને અનુભવમાં આવી રહ્યો છે.

સો મણ લાપસીનું તપેલું મૂક્યું હોય, મોટું જબરું. નાનું નહિ, તપેલી નહિ. ૨૦૦ ગ્રામ, ૧૦૦ ગ્રામ દૂધ સમાય એવડી તપેલી નહિ. સો મણ લાપસીનું તપેલું મૂક્યું હોય અને નીચે લીલા લાકડા સળગતા હોય તો ધૂમાડો કેટલો થાય ? સૂકા લાકડા હોય તો તો અગ્નિ બરાબર સળગે. એટલો ધૂમાડો થાય કે સો મણ લાપસીનું તપેલું દેખાય નહિ. આ કરે છે કે નહિ ? આ માતાએ જઈને લાપસી કરે છે. હજારો માણસ જમવાના હોય તો પછી ચૂલ ગોઠવે ખુલ્લામાં. ત્રણ બાજુથી ઓલા કરીને ઇંટના મૂકીને પછી ત્રણે બાજુથી લાકડા મૂકે. એમાં લીલા લાકડા હોય, એટલો થાય ધૂમાડો કે આવડું મોટું તપેલું ન દેખાય.

એમ આ જીવને રાગનો ધૂમાડો, રાગરસનો ધૂમાડો એટલો બધો છે કે એને પોતાનું વેદન દેખાતું નથી. વેદન દેખાતું નથી એને. વેદવાનો એનો સ્વભાવ છે. પણ વેદનને જુદું પકડતો નથી. ક્યારે એ સ્વસંવેદન આવિર્ભાવ પામે ? આ તિરોભૂત થયેલું છે. ક્યારે આવિર્ભાવ પામે ? કે જ્યારે પરપ્રવેશરૂપ ભાવનો અભાવ થાય ત્યારે.

આ એની બહુ ચોખ્ખી વિધી લીધી છે. અનુભવની જે વિધી છે, સ્વસંવેદન કહો કે અનુભવ કહો એની બહુ ચોખ્ખી રીત અસ્તિ-નાસ્તિથી કરી છે. અસ્તિ અને નાસ્તિ બેયથી ચોખ્ખી છે કે પરપ્રવેશરૂપ ભાવનો આ બાજુ અભાવ કરે, તપાસીને કે છું કે નહિ. તો આ બાજુ એનું જ્ઞાનવેદન છે એ આવિર્ભૂત થઈને, ઉગ્ર થઈને એને પોતાને સ્વસંવેદનમાં આવી શકવા યોગ્ય છે. અનુભવમાં આવી શકવા યોગ્ય થાય. અનુભવમાં આવી શકવા યોગ્ય હોય તેનો અનુભવ થાય કે ન આવી શકવા યોગ્ય હોય તેનો અનુભવ થાય ? આવી શકવા યોગ્ય હોય એનો અનુભવ થાય. અનંતાને થયો. નથી થયો કોઈને એવું નથી. અનંતાને થયો છે. આમ દવામાં એટલું બધું જોર કરે છે માણસ કે આ બે લાખ માણસ ઉપર આ

દવાનો પ્રયોગ કર્યો અને બધાને મટી ગયું. માટે આ દવે હવે અક્સીર છે. કહે છે કે નહિ ? અને છતાં ઘણાને એની અસર ન થાય એવું બને છે કે નહિ ? અહીંયાં એમ નહિ થાય એમ કહે છે. અહીંયાં તો અનંતાને સ્વસંવેદન થયું અને તને પણ ખચીતપણે ચોક્કસપણે થાય, થાય ને થાય જ. જો પરપ્રવેશનો ભાવ ન થાય તો.

મુમુક્ષુ :– આ સ્વસંવેદનનો ભાવ થાય તે વખતે જ પરસંવેદન તો આપોઆપ જ ન રહ્યું ને ?

પૂજ્ય ભાઈશ્રી :– બે એકસાથે નથી રહી શકે એવું. પરવેદન પણ રહે અને સ્વવેદન પણ રહે, એમ થાય નહિ. સ્વવેદન થતાં સ્વસંવેદન થાય છે સમ્યક પ્રકારે સારી રીતે, એમાં પરવેદનનો અભાવ છે અને પરવેદન થાય ત્યારે એને સ્વસંવેદન થાય નહિ. બેય એકસાથે ન થાય.

મુમુક્ષુ :– જે વખતે પરવેદન ન થાય ત્યારે સંયોગોમાંથી તો આપોઆપ છૂટી ગયું ?

પૂજ્ય ભાઈશ્રી :– સંયોગ સંયોગમાં છે. છૂટે ન છૂટે એને ક્યાં મતલબ છે. એને જ્યાં પોતાની હસ્તિ નથી પછી હોય ન હોય એની સાથે શું સવાલ છે. જેની સાથે વેદનનો સંબંધ છૂટ્યો પછી એ હોય કે ન હોય એની સાથે શું સંબંધ છે ? રસ્તા ઉપર કોઈ આવ્યું અને કોઈ ગયું, કોઈ ઊભું રહ્યું. તમારે શું લેવા દેવા ? તમે તમારામાં મશગુલ છો. પતી ગઈ વાત. એમ છે.

મુમુક્ષુ :– અનુભવ, થાય છે ત્યારે ને ?

પૂજ્ય ભાઈશ્રી :– અનુભવ જ કરાવવો છે ને ? નિજ જ્ઞાન એટલે અનુભવ. અનુભવ કેમ થાય એ તો વિષય છે. Ajenda ઉપર વિષય જ એ છે. અનુભવ કેમ થાય ? તો કહે છે, આમ થાય.

મુમુક્ષુ :– પરપ્રવેશનો ભાવ નડે છે, કેમ કાઢવો ?

પૂજ્ય ભાઈશ્રી :– તપાસીને. તપાસે તો કાઢે. જોવે તો ખરો કે પરપ્રવેશ થાય છે કે નહિ ? બહુ સારો પ્રયોગ છે, આહારના કાળનો. વેદન છે એને શાસ્ત્ર પરિભાષામાં આસ્વાદ કહ્યો છે. સ્વસંવેદનને નિજ સ્વભાવભાવનો આસ્વાદ કહ્યો છે. આ 'કળશટીકા' 'રાજમલજી'એ બધી જ જગ્યાએ અનુભવનો આ અર્થ કર્યો છે. આસ્વાદ–નિજ સ્વરૂપનો આસ્વાદ, નિજ સ્વભાવનો આસ્વાદ. અને જમવામાં પણ જીવ પુદ્‌ગલ પરમાણુનો આસ્વાદ લ્યે છે. એની તીખાશ, મીઠાશ, ખટાશ, ખારાશ જે કાંઈ જેને રુચે છે. બરાબર છે ?

હવે રોજ Automatic બેથી ત્રણ વખતનો માણસનો રોજિંદો કાર્યક્રમ છે.

વર્તમાન મનુષ્યને બે અને તેથી અનેક વાર ખાવાનો પ્રયોગ છે. એક વાર નહિ પણ બે વાર અથવા અનેક વાર ખાવાનો પ્રયોગ બને છે. એક કાળ એવો હતો કે પહેલા એક વાર જ ખાતા. જુગલિયાને આહાર નહોતો. હતો ? પછી આ અસિ, મસિ, કૃષિ 'આદિનાથ' ભગવાનથી આ કર્મભૂમિની અંદર પદ્ધતિ ચાલી ત્યારે એકવાર આહાર શરૂ થયો. મુનિ તો એક વાર આહાર કરે પણ પહેલા શરૂઆત જ એવી રીતે થઈ. પછી એક વાર આહાર. પછી એ પદ્ધતિ વધતી અનેક વાર આહાર કરે. એ જાતના શરીરના બંધારણના ફેરફાર થવા માંડ્યા. માણસને પહેલા એકવાર આહાર થાય ને ત્યાં તૃપ્તિ થઈ જતી. પછી બે વાર આહારનો પ્રસંગ ઊભો થયો. હવે અનેક વાર આહાર થાય ત્યારે માંડ માંડ થોડી તૃપ્તિ થાય એવી પરિસ્થિતિ થઈ ગઈ, દ્રવ્યે અને ભાવે.

મુમુક્ષુ :– ડૉકટર એમ કહે, તમારે બે-બે કલાકે ખાવું.

પૂજ્ય ભાઈશ્રી :– એ તો Lever ની position જોઈને કહે ને એ તો. Lever ની એવી Position હોય તો એમ કહે, જો વારે ઘડીએ નહિ ખાતા, હોં ! એક જ વખત ખાધા પછી ગાળો રાખજો છ-આઠ કલાક. એ તો એની Lever ની પરિસ્થિતિ જોઈને કહે. એ તો શરીરવિજ્ઞાનનો વિષય છે.

અહીંયાં એમ કહે છે, આપણે તો એટલી વાત લેવી છે કે જ્યારે આહાર કરે છે ત્યારે જીવ આસ્વાદ લ્યે છે. એમાં પણ ભાવતી ચીજ ઉપર પ્રયોગ કરવો. એટલે જરાક તીવ્રતા આવે છે ને ? ભાવતી ચીજમાં જીવને ભાવની તીવ્રતા, રસની તીવ્રતા થાય છે. ત્યારે પ્રયોગ કરવો કે આમાં હું ગયો કે એ મારામાં આવ્યું કે નહિ એ મારે તપાસવું છે. અને એ તપાસમાં એ બને એટલો ઊંડો ઉતરીને આગળ વધે.

જેમ કોઈ લાખ રૂપિયાની ચીજ, હજાર કરોડ રૂપિયાની ચીજ ખોવાઈ ગઈ હોય તો કેવો ઊંડો ઉતરીને તપાસ કરે. એમ એથી પણ અમૂલ્ય એવું પોતાનું આત્મરત્ન ખોવાઈ ગયું છે. અનંત ગુણ સંપન્ન મહાકિંમતી. હવે એની તપાસમાં ઊંડું ઉતરવું છે તો જરા કાળજી એના પ્રમાણમાં જોશે. ઉપર ઉપરથી નહિ ચાલે. તો એવી બારીકાઈથી આમ તપાસ કરે અને એ તપાસ થયા પછી એ એને કહેવું, સમજાવવું નહિ પડે કે એનો રાગ અથવા દર્શનમોહનો રસ મંદ પડ્યો છે કે નહિ. કેટલો હળવો પડી જાય છે એ તો એને તપાસમાં એ ચમત્કારનો અનુભવ થશે. પછી તો રસ્તો સહેલો છે. પણ જીવને વિચાર કરવો છે, વાંચન કરવું છે, ચર્ચા કરવી છે, સાંભળવું છે, તપાસવું નથી. કામ નહિ થાય. એનાથી નહિ થાય. ચાલો ભેગા થઈને વાંચન કરીએ. એકવાર કરીએ, બે વાર કરીએ, 'દિમાં ત્રણ ત્રણ વાર

કરીએ. પાંચ પાંચ વાર કરીએ. એમ નહિ પતો ખાય.

મુમુક્ષુ :- કર વિચાર તો પામ.

પૂજ્ય ભાઈશ્રી :- કર વિચાર તો પામ એમાં આ વાત છે. વિચાર કરીને ઊંડા તપાસમાં ઉતરવાની વાત છે. એકલો વિચાર કરીને અટકી જવાની વાત નથી. એમ છે. (વિશેષ લઈશું...)

❉ ❉ ❉

આત્મામાં ભેદજ્ઞાનપૂર્વક સ્વનું અવલંબન લઈને જે આત્માનો ધર્મ થાય તે અનુભવ પ્રકાશ છે. તે વખતે ચારિત્રગુણની મિશ્રદશા હોવાના કારણે અંશે નિર્મળતા અને અંશે મલિનતા છે. તે મલિનતા કર્મના કારણે નથી.

(પરમાગમસાર–૭૦૭)

❀

આત્માનું વેદન કેમ થાય ? તો તે કાંઈ નિમિત્ત અને રાગમાં પ્રેમ કર્યે થાય નહીં. પણ ચેતનની ચેતના છે. તે જ્ઞાન દર્શન વડે ખ્યાલમાં આવે, તે પરથી તો નહિ પણ જ્ઞાન સિવાય બીજા ગુણોથી પણ ખ્યાલમાં આવતી નથી. એવા જ્ઞાન લક્ષણ વડે ચેતના જાણવામાં ચેતના વડે ચેતના સત્તાનો નિર્ણય થયો. જ્યારે જ્ઞાનમાં ચેતના ખ્યાલમાં આવી ત્યારે ચેતનસત્તા છે એમ નિર્ણય થયો. જાણવા દેખવાવાળી વસ્તુ છે તે વડે સુખનો અંશ પ્રગટ થયો ત્યારે ચેતન સત્તાનો નિર્ણય થયો.

(પરમાગમસાર–૭૦૮)

## તા. ૯-૯-૧૯૮૫, પાના નં. ૬, પ્રવચન નં. ૨૪

નિજજ્ઞાન કેવી રીતે થાય, એવા પ્રશ્નનો ઉત્તર છે. અહીંયાં સ્વસંવેદનરૂપ નિજજ્ઞાન કેવી રીતે ઉત્પન્ન થાય છે એ વિષય સીધો લીધો છે. તેનું પૂર્વ પ્રકરણ છે કે સ્વરૂપનો જેને નિર્ણય થાય અને એ સ્વરૂપના નિશ્ચયપૂર્વક જેને પોતાના અનંત સામર્થ્યનો અપૂર્વ મહિમા ઉત્પન્ન થાય તેને સ્વસંવેદન પ્રગટ થાય છે એ વાત અહીંયાં અધ્યાહાર છે. એ વાત સાથે સાથે લેવી. કેમકે અહીંયાં એમ કહ્યું કે '**પરમાં અહં-મમરૂપ મિથ્યાત્વનો નાશ કરે,...**' તો પરમાં અહંપણાનો નિશ્ચય છે ત્યાં સુધી પરમાં અહંપણું તો સહેજે થઈ આવે છે. જે સહજ થાય છે એને કેમ રોકે ? પરમાં પરપણું જણાય નહિ ત્યાં સુધી પરમાં સુખબુદ્ધિ કેમ મટે ? પરનો પર તરીકે નિશ્ચય ન થાય–નિર્ણય ન થાય ત્યાં સુધી તેની ઉપેક્ષા કેવી રીતે થાય ? એ કોઈ રીતે થઈ શકવા યોગ્ય નથી.

'પૂજ્ય બહેનશ્રી' પાસે કાલની ચર્ચામાં જે પ્રશ્ન ચાલતો હતો. અજાણ્યા ભાઈએ પ્રશ્ન કર્યો હતો. નવા નવા આવેલા હતા. જન્મ-મરણ કેમ મટે ? આટલો પ્રશ્ન હતો. જન્મ-મરણ કેવી રીતે મટે ? પ્રશ્ન તો એટલો જ હતો. સ્વરૂપનો નિર્ણય કરે–સ્વરૂપની ઓળખાણ કરે અને સ્વરૂપની પ્રતીતિ અને અનુભવ કરે તો જન્મ-મરણ ટળે એમ ઉત્તર હતો. જન્મ-મરણ રહિત એવા આત્માની પ્રતીતિપૂર્વક એનો અનુભવ થાય અથવા અનુભવમાં પ્રતીત થાય કે આવો જ છું, ત્યારે જન્મમરણ ટળે. પણ એ વાત કહેતા ટળે છે તો ત્યારે–તે અવસરે, પણ એ વાત કહેતા ઓળખાણ થાય, આત્માનો નિર્ણય થાય એ વાત વારંવાર લેતા હતા.

અહીંયાં પણ 'દિપચંદજી' સીધી વાત સ્વસંવેદનની લે છે. તો સ્વસંવેદન ક્યારે થાય ? કે પરને તો પર તરીકે નિશ્ચય કર્યો ન હોય અને સ્વનો સ્વ તરીકે નિશ્ચય ન કર્યો હોય તો એને પરપ્રવેશભાવનો અભાવ થઈને સ્વસંવેદન થવાનું નિજજ્ઞાન ક્યાંથી થાય ? એ નિજજ્ઞાન થઈ શકે નહિ. એટલે એ વાત અહીંયાં અધ્યાહાર છે.

મુમુક્ષુ :– સર્વ પ્રથમ જો.. મહિમા બતાવવા માટે.

પૂજ્ય ભાઈશ્રી :– હા. એ ભંગભેદથી પણ મહિમા જ બતાવવો છે કે આવી આવી અનંત શક્તિઓ આત્મામાં રહેલી છે. ચાહે તો એક શક્તિથી કે ચાહે તો

અનેક શક્તિથી અભેદ આત્માનો એવો મહિમા આવે કે આ કોઈ અપૂર્વ તત્ત્વ છે. મારું સ્વરૂપ જે હવે મને ભાસે છે એ કોઈ અપૂર્વપણે ભાસે છે. પહેલા આવું જોયું નહોતું એવું અદ્‌ભૂત થી અદ્‌ભૂત એવું પોતાનું અપૂર્વતાનું... અપૂર્વતા પોતાને પોતામાં લાગે અને એવો મહિમા આવે ત્યારે એ પરથી ખસે, પરના અહં-મમરૂપ પરિણામથી ખસે ત્યારે એને પર ઉદયના કાળમાં પર પદાર્થના વ્યવહારના કાળમાં, ઉદય યોગ્ય પ્રવૃત્તિના કાળમાં એને પરપ્રવેશરૂપ ભાવનો અભાવ થવાનો એક પ્રયત્ન–પુરુષાર્થ ચાલે છે અને એ પુરુષાર્થ સફળ થાય તો એને સ્વસંવેદન જ્ઞાન ઊપજે, એમ કહેવું છે.

**'અથવા..'** હવે એને ને એને અર્થાંતર કરે છે. **'અથવા પોતાના દ્રવ્યગુણપર્યાયનો વિચાર કરીને નિજપદને જાણે'** એમાં ખોલી એ વાત. નિજ–પોતાના દ્રવ્યગુણપર્યાયનો વિચાર કરે એમાં ઓળખાણ કરીને જાણે એમ લેવું છે. ઓળખાણ વિચારની દશામાં થાય છે. અનુભવ વિચારની દશામાં થતો નથી પણ ઓળખાણ વિચારની દશામાં થાય છે. એટલે એ વાત અહીંયાં ખોલી લીધી અથવા કરીને. **'અથવા પોતાનાં દ્રવ્યગુણપર્યાયનો વિચાર કરી નિજપદને જાણે અથવા'** એ જાણવામાં માત્ર વિચારરૂપ જાણવું–પરલક્ષી વિચારરૂપ જાણવું એવું ન કરે પણ **'ઉપયોગમાં...'** એટલે ચાલતા જ્ઞાનના પર્યાયમાં. ઉપયોગમાં એમ લેવું છે. ઉપયોગમાં એટલે ચાલતા જ્ઞાનના પર્યાયમાં **'જ્ઞાનરૂપ વસ્તુને જાણે.'** ઉપયોગમાં ઉપયોગને ન જાણે પણ ઉપયોગમાં ઉપયોગવાનને જાણે. આમ કહેવું છે. બહુ સરસ પદ્ધતિ છે આમની. એકદમ સહેલી સરળ પદ્ધતિ છે આ.

**'ઉપયોગમાં જ્ઞાનરૂપ વસ્તુને જાણે'** ચાલતા જ્ઞાનના પર્યાયમાં જ્ઞાનમય વસ્તુને જાણે. કેમકે ઉપયોગ છે એક સમયનો જ્ઞાનનો પર્યાય, પણ અહીંયાં માત્ર એક સમયના જ્ઞાનના પર્યાયને ગ્રહણ કરવો નથી. કેમકે એ તો અલ્પજ્ઞરૂપ છે, ક્ષણવર્તી છે. તેથી તે જ્ઞાનમાં જ્ઞાનરૂપ વસ્તુ છે એ આત્મા છે અથવા જ્ઞાનસ્વભાવ છે તે આત્મા છે. જ્ઞાનમયપણે વસ્તુ છે તે આત્મા છે. જેમ હીરાની ચમક જોતા આખા હીરાનું ગ્રહણ થાય. કદાપિ કોઈ એવું કહે કે મને હીરાની ચમક જણાય છે પણ હીરાને હું ન સમજી શકું. હીરો નથી જણાતો, માત્ર ચમક જણાય છે. હીરાને ચમક સાથે, ચમક દ્વારા હીરાને જ જોવામાં આવે છે. (એમ) જ્ઞાનરૂપ વસ્તુને જાણે.

'સંવર અધિકાર'માં તો એ જ્ઞાન ઉપયોગ એટલે જ્ઞાનક્રિયા લીધી છે. જ્ઞાનક્રિયાના આધારે જ્ઞાન રહેલું છે. ક્યાં જ્ઞાન રહેલું છે ? જ્ઞાન એટલે જ્ઞાનરૂપ વસ્તુ ત્યાં. એ ત્યાં જ્ઞાન એટલે જ્ઞાનસ્વભાવ. જ્ઞાનક્રિયાના આધારે જ્ઞાન રહેલું છે. પર્યાયના આધારે દ્રવ્ય રહેલું છે એવી ભાષા છે. ભાવ એવો છે કે તેના મારફત–

તેના નિમિત્તે–તેના દ્વારા વસ્તુ પકડી લેવી છે. એટલે ભાષા આવી કે આધાર પરિણામ છે અને આધેય દ્રવ્ય છે. ખરેખર તો ત્યાં આધાર લેવાનો છે દ્રવ્યનો અને આધાર લેનાર ત્યાં પર્યાય છે. ભાષા એવી આવી છે. કેમ એવી ભાષા આવી ? વિધી સમજાવવી છે અહીંયાં. વિધી સમજાવવી છે એટલે આ રીતે ભાષાનો પ્રયોગ થયો છે કે જ્ઞાનક્રિયાના આધારે જ્ઞાન રહેલું છે. આવી રીતે શબ્દો પડ્યા છે.

મુમુક્ષુઃ– જ્ઞાનક્રિયાના આધારે એટલે જ્ઞાનમાં જણાય છે એટલે આધાર કહ્યો ? જણાય તો પર્યાયમાં છે.

પૂજ્ય ભાઈશ્રી :– જણાય તો પર્યાયમાં જણાય છે અને પર્યાય મારફત જણાય છે, પર્યાય દ્વારા જણાય છે, પર્યાયમાં પ્રગટ છે તેથી જણાય છે. ત્યાંથી પકડે છે. પર્યાયના પ્રગટ અંશ ઉપરથી, પ્રગટ અંશ ઉપરથી અંશી પકડે છે. એટલે એનો આધાર લીધો. પકડવામાં એનો આધાર લીધો જાણે. એક માધ્યમ સ્વીકાર્યું ને ? એમ. એટલે એ નિમિત્ત કહેવાને બદલે ત્યાં આધાર શબ્દ વાપરી દીધો છે. એટલે એ પ્રયોગનો વિષય લીધો છે કે જો, પ્રયોગ આમ થાય છે.

હું જ્ઞાયક છું એવો જે જ્ઞાયકપણે અભ્યાસ કરવો છે એમાં કલ્પના કે કોરો વિકલ્પ નથી કરવો. માત્ર કોઈ કલ્પના કરવી છે એમ નથી કે કોઈ વિકલ્પ કરવો છે એમ નથી પણ સાક્ષાત્ વસ્તુની પકડ આવવી જોઈએ, અંતરંગમાં સાક્ષાત વસ્તુનું ગ્રહણ થવું જોઈએ. એના માટે આ વાત લઈ લીધી કે ઉપયોગમાં જ્ઞાનરૂપ વસ્તુને જાણે. કેવી છે જ્ઞાનરૂપ વસ્તુ ?

કે **'અનંત મહિનાનો ભંડાર,...'** છે. એમ. આમ લીધું. એ પણ 'બહેનશ્રી' ચર્ચામાં જ્યારે એ વાત કરે છે ત્યારે એ વાત કરે છે કે જ્ઞાયક એટલે કોઈ લુખ્ખો જ્ઞાયક છે એમ નથી. આમ કહે છે. એક સાધારણ કોઈ જ્ઞાયક છે એમ વાત નથી. એવી રીતે વાત લ્યે છે. કોઈ અપૂર્વ તત્ત્વ છે, અનંત મહિમાનો ભંડાર છે, અનંત મહિમાધારી પદાર્થ છે એવું એનું જ્ઞાન હોવું જોઈએ. એ નિર્ણય વગર કેમ થાય ? એવો નિર્ણય થાય તો એને એ વાત લક્ષમાં રહે. કેમકે અનુભવ કાળે એવો લાંબો લાંબો વિચાર નથી કે હું અનંત મહિમાનો ભંડાર છું, હું કોઈ અપૂર્વ અદ્‌ભુત તત્ત્વ છું, એવો કોઈ લાંબો વિચાર નથી ત્યાં તો. એ વિચાર અને એ નિર્ણય તો પહેલા જેને થઈ ચૂક્યો છે અને એ વાત એના લબ્ધમાં મોજૂદ છે, હયાત છે, પ્રગટ છે અને એ પછી સીધું એના ઉપરના આકર્ષણથી એનું ગ્રહણ થાય છે, અનુભવ થાય છે, અવલંબન આવે છે ત્યારે એને સ્વસંવેદનભાવ પ્રગટ થાય છે. એ નિર્વિકલ્પ સ્વસંવેદનને આત્મજ્ઞાન–નિજજ્ઞાન કહેવામાં આવ્યું. કેમકે ત્યાં નિજમાં નિજનો અનુભવ છે. નિજજ્ઞાન એટલા માટે કહ્યું કે ત્યાં નિજમાં નિજનો અભેદ અનુભવ

છે. તેથી તેને નિજજ્ઞાન કહેવામાં આવ્યું.

મુમુક્ષુ :– દ્રવ્ય-ગુણ-પર્યાયનો વિચાર કરી નિજપદને જાણે. દ્રવ્ય-ગુણ-પર્યાયનો વિચાર કરે...?

પૂજ્ય ભાઈશ્રી :– વિચાર કરીને નિજપદને જાણે, ઓળખે. એટલે ઓળખવાના કાળમાં દ્રવ્ય, ગુણ, પર્યાયનો વિચાર ચાલે. દ્રવ્યથી આવો, ગુણથી આવો, પર્યાયથી આવો, એમ દ્રવ્ય, ગુણ પર્યાયના ભેદ પડે. ગુણ-ગુણીના ભેદ પડે. જ્ઞાન ગુણ છે, આત્મા ગુણી છે એવા ભેદ ઊપજે છે. એમ ઊપજે પહેલા. એવું બને. એમ જાણે એટલે ત્યાં ઓળખે. ઓળખે એટલે એવો નિશ્ચય કરે–નિર્ણય કરે કે હું આવો. આવો નિર્ણય થયા પછી નિજમાં નિજનો અનુભવ અથવા સ્વસંવેદન નિજજ્ઞાન થાય છે. એમ ને એમ સીધું કોઈને પરમાં નિજપણાનો નિશ્ચય રહ્યો હોય, અનાદિનો જે છે તે, અને નિજજ્ઞાન ઉત્પન્ન થાય એવું બને નહિ. એ સ્વરૂપનિશ્ચય દ્વારા એ નિશ્ચય બરાબર તૂટ્યો હોય, તોડ્યો હોય ત્યારે એને સ્વસંવેદન ઊપજવાનો અવસર છે. પણ નિશ્ચય પરમાં સ્વનો રહી ગયો હોય અને જ્ઞાયક...જ્ઞાયક... જ્ઞાયક... જ્ઞાયક કરે એમાં કાંઈ જ્ઞાયકનો પત્તો ન ખાય. ધૂનમાં ચડીને ભલે પાગલ થઈ જાય પણ એમાં પત્તો લાગે નહિ. ધૂન ચડે કોઈવાર. એવા માણસો ધૂની પ્રકૃતિના હોય છે. આની ધૂન ચડાવો તો એની ધૂન ચડી જાય. પાગલ થઈ જાય ત્યાં સુધી એની ધૂન ઉતરે નહિ. એ કાંઈ વિધી નથી–એ કાંઈ ઉપાય નથી.

મુમુક્ષુ :– નિર્ણય સાચો થાય ત્યારે પરપ્રવેશ મટે કે ...?

પૂજ્ય ભાઈશ્રી :– હા. નિર્ણય તો પહેલા થાય છે. નિર્ણય થાય પછી પરપ્રવેશના અભાવભાવની Practice ચાલુ થાય. જેને ભેદજ્ઞાનનો અભ્યાસ, ભેદજ્ઞાનનો પ્રયત્ન કહેવામાં આવે છે. પહેલા એ થાય.

મુમુક્ષુ :– ('સમયસાર') ૧૪૪ મી ગાથા બરાબર...

પૂજ્ય ભાઈશ્રી :– બરાબર એમ જ છે. એક જ પ્રકાર છે. ૧૪૪મી ગાથા કહો કે 'અનુભવ પ્રકાશ' અથવા કોઈ પણ સત્‌શાસ્ત્રનો અનુભવનો વિષય કહો, એક જ પ્રકારે છે. અનંત જ્ઞાનીઓનો એક અભિપ્રાય છે. થોડાક અજ્ઞાનીઓનો પણ ભિન્ન ભિન્ન અભિપ્રાય છે. અજ્ઞાનીઓ થોડા ભેળા થાય તોપણ એ આંધળાએ હાથી જોયો હોય એવી રીતે ભિન્ન ભિન્ન અભિપ્રાયથી આત્માને કહે છે. જ્યારે અનંત જ્ઞાનીઓ, અનંત કાળ પૂર્વે થયા હોય, ભૂતકાળમાં થયા હોય અને વર્તમાનમાં થયા હોય, ભવિષ્યમાં થશે, કોઈ એકબીજા ભેગા થયા નથી કે આપણે વાત મેળવી લઈએ અને પછી બહાર પાડીએ. જેથી આપણો મતભેદ બહાર આવે નહિ. એમ હશે કાંઈ ? Meeting કરતા હશે ખાનગીમાં ? કેમકે ત્યાં ભૂતકાળના વર્તમાનમાં

નથી. એકબીજાને મળવાપણું નથી. છતાં પણ અનંત જ્ઞાનીઓનો એક જ અભિપ્રાય સર્વ કાળે જોવામાં આવે છે.

'શ્રીમદ્જી'એ આ વાત લખી છે. અનંત જ્ઞાનીઓનો એક અભિપ્રાય હોય છે. જ્યારે થોડા પણ અજ્ઞાનીઓનો અભિપ્રાય અને વિભિન્ન મતભેદો હોય છે. કેમકે એણે વસ્તુનું સ્વરૂપ જોયું નથી. કલ્પના કરી છે. કોઈને કાંઈ કલ્પના આવે છે અને કોઈને કાંઈ કલ્પના આવે છે. જેવો અંદર કર્મનો ઉદય એવી કલ્પના કરી બેસે છે. કેમકે ઉદયને અનુસરે છે એનું પરિણામ. કલ્પનાનું પરિણામ આત્માનો સાક્ષાત્કર તો કરી શકતું નથી, ઉદયને અનુસરે છે અંદરમાં. જેને જેવો ઉદય એવી કલ્પના કરે છે.

મુમુક્ષુ :– પરરસ તૂટે કેમ ?

પૂજ્ય ભાઈશ્રી :– પરનું જેવું સ્વરૂપ છે તેવું જણાય ત્યારે. વસ્તુના સ્વરૂપજ્ઞાનના આધારે યથાર્થપણે પરરસ છૂટે. હવે પોતે કેવી રીતે પ્રયોગ કરવો ? કે જ્યાં જ્યાં જે જે પ્રસંગમાં, જે જે પ્રકારે, જે જે પ્રકારમાં પોતાને રસ આવતો હોય, પરરસ આવતો હોય ત્યાં ત્યાં તે તે ઉદય પ્રસંગમાં જે પરવસ્તુના આધારે પરરસ ઉત્પન્ન થતો હોય તે વસ્તુનો સ્વરૂપનિશ્ચય કરવો. અહીંથી નાસ્તિથી ઉપાડવું પહેલા. અસ્તિ તો સૂજે એવું નથી હજી કે અહીંયાં (રસ) કેમ આવ્યો ? કારણ શું ? અહીંયાં રસ લેવાનું કારણ શું ? કયા પ્રકારે સુખની કલ્પના થઈ ? સુખ તો છે નહિ. કોઈ પરપદાર્થમાં આ આત્માનું સુખ છે ? ક્યાંય છે ? સુખ તો પ્રત્યક્ષપણે નથી. તો નથી ને કેમ (રસ) આવે છે ? ક્યાંય માણસ છેતરાય તો એને ધોખો પોતે છેતરાઈ ગયો એની એને નામોશી લાગે છે. અથવા એને એક જેને કહીએ પેલો આવે છે, શું કહે છે ? અરે..! હું છેતરાઈ ગયો ? મને કોઈ છેતરી ગયો ? મને કોઈ છેતરી ગયું ? એ જાતનો એને ભાવ આવે છે કે નહિ ? આંચકો લાગીને.

એમ જ્યાં સુખ નથી, સુખની ગંધ નથી, સુખનું નામ-નિશાન નથી એવા જે જડ રજકણ ત્યાં સુખની ભ્રાંતિ થઈ તો એને એનો રસ તૂટી જાય. તે જ કાળે. જ્યારે આવે ત્યારે ... પાછળથી વિચાર કરવો એમ નહિ. તે જ કાળે. તે જ કાળે વિચાર કરે અને જુએ કે એના રસની સ્થિતિ શું થાય છે. બહુ મજાનો પ્રયોગ છે. અને રસ તૂટ્યા પછી, રસ ઘટ્યા પછી અસ્તિ બાજુ આવવું સહેલું છે. નહિતર એ પ્રશ્ન રહ્યા કરશે કે આ સ્વસંવેદન, આ વેદન, આ વેદન-સ્વસંવેદન આ જ્ઞાનમાં છે પણ કેમ પકડાતું નથી ? કેમ જોવાતું નથી ? કેમ જણાતું નથી ? કેમ હાથમાં આવતું નથી ? પણ ક્યાંથી આવે ? નિશ્ચય બદલાયો નથી. આ તો એથી સૂક્ષ્મ વિષય છે. નિર્ણય અને નિશ્ચયનો વિષય તો વિચારજ્ઞાનમાં થાય છે, એ હજી સ્થૂળ

વિચારનું પરિણમન છે. અને સ્વસંવેદન તો સૂક્ષ્મ નિજજ્ઞાનના, નિજ સ્વભાવના ગ્રહણનો પ્રકાર છે જેની અંદર, એવું એ સૂક્ષ્મ પરિણમન છે.

મુમુક્ષુ :– ઝાડ નીચે ઊભા હોઈએ તો .... તડકો હોય અને માથુ તપી જાય તો શું કરવું ?

પૂજ્ય ભાઈશ્રી :– માથુ તપી જાય એમાં એ વિચાર કરવો કે આ માથુ મારું ? માથામાં હું ? ક્યાં હું ? હું જ્ઞાનમાં કે હું માથામાં ? ક્યાં છું હું ? અને આ છાયે ઠીક લાગ્યું તો આ છાયામાં હું આવ્યો ? ક્યાં છું હું ? તપાસ તો કરવી પડશે કે નહિ ? પોતે ક્યાં છે એની તપાસ તો કરવી પડશે કે નહિ ? તપાસીને નિર્ણય કરવો. અસ્તિને–અસ્તિત્વને તપાસીને નિર્ણય કરવો જોઈએ. તમામ ઉદયના પ્રસંગો એને પ્રયોગ કરવા માટેના સારામાં સારા સાધનો છે. એને પ્રયોગ કરવા માટે પ્રયોગસાધનો બહાર લેવા જાવું પડે એવું નથી.

જ્ઞાનીઓ તો જે આ ઉપવાસાદિ કરે છે, તપશ્ચર્યા કરે છે એ એના પ્રયોગો છે. એ કોઈ માન મેળવવા માટે, માનના લક્ષે કોઈ કાર્ય નથી કરતા કે આટલી તપશ્ચર્યાવાન હું ગણાઈશ. એવું એમને લક્ષ નથી. એમાં પ્રયોગ છે કે અશાતા ઊપજે છે, ઉપવાસાદિ જે કાંઈ તપશ્ચર્યા કરે છે એમાં દૈહિક અશાતા ઊપજે છે તે કાળમાં પણ પોતે સ્થિરપણે જ્ઞાતા રહે. જ્ઞાતા તો થઈ ગયા છે પણ જ્ઞાતાભાવમાં અત્યંત સ્થિરતા કરવાનો એમનો જે પુરુષાર્થ પ્રયોગ છે એને એ આદરે છે. એ તો એક વિશેષ ચારિત્રવાનનો વિષય થયો.

અહીંયાં જેને વારંવાર પ્રયોગ કરવો છે એને વારંવાર પ્રયોગના સાધનો ક્યાં લેવા જાવા ? એને પ્રત્યેક ઉદય ચાલુ છે. કોઈપણ ઉદયના કાળમાં જે પરમાં અહં-મમરૂપપણે મિથ્યાત્વ સહિત પરિણમે છે એ જ ભાવ એને તોડવાનો છે. ત્યાં જ એને પ્રયોગ કરવાનો છે કે આ હુંપણું.. હુંપણું આવ્યું ક્યાંથી ? ત્યાં હું છું નહિ અને હું એમ કેમ થાય ? ત્યાં સુખ નહિ અને ત્યાં સુખ એમ કેમ થાય ? બસ ! હુંપણું અને સુખપણું બે ન દેખાય અને રસ ઊપજે એવું કોઈ કાળે બને નહિ. રસ તો જ્યાં પોતાપણું ત્યાં છે જીવને. પારકામાં કોઈને રસ નથી. ચાહે પારકી ચીજ ગમે તેવી સારી કહેવાતી હોય, જણાતી હોય પણ એમાં એને રસ નથી. સીધી વાત છે કે નહિ ?

**'ઉપયોગમાં ઉપયોગરૂપ વસ્તુને જાણે. અનંત મહિમાનો ભંડાર, સાર,...'** સાર એટલે સુખરૂપ એમ લેવું છે. અનંત અનંત મહિમાનો ભંડાર. લોટરી લાગે ને ત્યાં પાગલ થઈ જાય છે ઘણા. ખબર છે ? આ એવો વિષય છે. અનંત સ્વરૂપસંપત્તિનો પત્તો લાગ્યો અને એનું વજન પર્યાયમાં ન પડે એમ કેમ બને ? બહારમાં પણ

પૈસાનો આધાર લે છે ને ? હવે મને વાંધો નથી. એવો આધાર લે છે ત્યારે એને એનું વજન રહે છે ને ! તો અહીંયાં પણ એથી અનંતગુણ છે. એ તો એટલું પર છે કે ખરેખર એનો આધાર આત્માને મળી શકતો નથી અને એ પણ વિનશ્વર છે, કોઈપણ એક ક્ષણે એનો–સંયોગનો વિયોગ સંભવિત છે. ત્યારે અહીંયાં તો એવું અભેદ શાશ્વત અભેદ છે કે જેનો કોઈ કાળે વિયોગ હતો નહિ અને થશે પણ નહિ. આ પરિસ્થિતિ છે.

એવા અનંત મહિમાના ભંડારરૂપ છે. સારરૂપ છે એટલે અનંત સુખમય છે. જે સુખના સાગર ઉપર ઉપયોગ જાતા ઉપયોગ ખસી શકતો નથી. જેમ કોઈ આશ્ચર્યકારી પદાર્થ જોવામાં આવે તો ત્યાં ઉપયોગ રોકાઈ જાય છે, આશ્ચર્યને લઈને. એમ આ મહાઆશ્ચર્યકારી આત્મપદાર્થ છે, ખુદ પોતે જ પરમાત્મ તત્ત્વ છે. સાક્ષાત્ ! એ અનંત સુખનો સાગર છે. એ સારરૂપ છે કે જેની પાસે જગતમાં એ સિવાયનું બધું અસાર છે. આમ છે. એક સાર છે તો બીજું બધું (નિઃસાર છે).

'**सर्वतत्त्व एक सारः**'. એક કળશ છે 'નિયમસાર'માં 'પદ્મપ્રભમલધારીદેવ'નો. બહુ રસ ઘણો છે એમનો. કારણપરમાત્માની ધૂન ઉપાડી છે. '**सर्वतत्त्व एक सारः**' એવું આ શાશ્વત તત્ત્વ એક સારરૂપ છે. બધા તત્ત્વોમાં એક સારરૂપ છે કે જેની પાસે ચારેય પ્રકારના ક્ષણિક પર્યાયો પણ અસાર જોવામાં આવે છે. અસાર જોવામાં આવે છે. બીજું બધું તો એક બાજુ રહી ગયું. બધું અસાર કહી દીધું. ઉદય, ઉપશમ, ક્ષયોપશમ અને ક્ષાયિક ચારેય પ્રકારના પર્યાયોને અસાર કહી દીધા. એવું આ એક સારભૂત તત્ત્વ છે. 'સમયસાર' પણ એના ઉપરથી જ નામ પડ્યું છે. સાર એટલે હિતરૂપ અને સુખરૂપ. આવો અર્થ કર્યો છે 'રાજમલજી'એ 'કળશટીકા'માં. સાર એટલે હિતરૂપ અને સાર એટલે સુખરૂપ. એવું સારપણું છે.

કોઈ હિતેચ્છુ આવે તો એના પ્રત્યે એને આદરભાવ રહે છે. પરિવારના સભ્યો પ્રત્યે એને મમત્વ રહે છે. કેમકે એના બધા હિતેચ્છુ છે. એમાં કોઈ હિત વિરુદ્ધ જાય તો પછી એને એનો પ્રેમ રહેતો નથી. આ સીધી વાત છે કે નહિ ? એક પણ સભ્ય પરિવારના હિતથી વિરુદ્ધ વર્તતો હોય તો ? નુકસાન કરતો હોય તો ? તો એના પ્રત્યે આદર નહિ રહે કોઈને.

એ સાર છે એટલે હિતરૂપ છે. હિતરૂપ છે એટલે પરમપ્રેમનો વિષય છે. સાધારણ નહિ પણ એ પરમ પ્રીતિનો એ વિષય છે. **'અવિકાર,...'** છે. જેમાં વિકારની મેલપની ગંધ નથી. વિકાર જે મેલસ્વરૂપ છે, વિકારભાવ જે મલિનભાવ છે એનું નામનિશાન ત્યાં નથી. એવું શુદ્ધ શુદ્ધ પ્રકૃષ્ટ શુદ્ધ છે, ઉત્કૃષ્ટ શુદ્ધ છે. એવું (છે).

**'અપાર શક્તિથી મંડિત...'** એટલે એક એક શક્તિ. સંખ્યાએ અનંત અને

એક એક શક્તિના સામર્થ્યે પણ જેનો પાર નથી એવા **'અપાર શક્તિથી મંડિત મારું સ્વરૂપ છે, એવો ભાવ પ્રતીતિ વડે કરે.'** એવો ભાવ પ્રતીતિમાં કરે. પ્રતીતિ દ્વારા એવો ભાવ કરે. આવી ખાતરી જેને છે. પ્રતીતિ એટલે એવી ખાતરી છે– એવો વિશ્વાસ છે. મારું સ્વરૂપ તો આવું છે. અનંત મહિમાનો ભંડાર અનંત અનંત મહિમાતારક છે. અનંત સુખરૂપ છે. નિર્વિકાર શુદ્ધ છે અને અપાર શક્તિથી મંડિત છે. તેના સામર્થ્યનો કોઈ પાર નથી. એવી પ્રતીતિ જેને થાય તેને **'ધ્યાન ધર્યે નિશ્ચળતા થાય. એમ જ્ઞાન જાણે'**.

આ તો વિચારનું ઠેકાણું નહિ, નિર્ણયનું ઠેકાણું નહિ અને પ્રશ્ન કરે. આ ધ્યાન કેવી રીતે થાતું હશે ? આત્માનું ધ્યાન કેવી રીતે જામતું હશે ? ધ્યાનમાં બેસીએ છીએ પણ ધ્યાન થતું નથી. પણ ભાઈ ! એ ધ્યાન કેમ થાય એ તેં જાણ્યું છે કદી ? ધ્યાન એ એક ઉપયોગની સ્વસ્વરૂપમાં નિશ્ચળતારૂપ વેપારરૂપ પ્રક્રિયા છે. તો જે વેપાર કરવો છે એ વેપાર કેમ થાય એની ખબર નથી અને વેપાર કરવો છે. થાય કોઈ દિવસ ? દુનિયામાં પણ કોઈ વેપાર નથી થતો. વેપાર કેમ કરવો એ ખબર નથી અને વેપાર કરવો છે. ખોઈ બેસીશ. કદાચ પૂર્વોપાર્જિત મૂડી હશે, આ હોય છે ને બાપકમાઈ જેને કહે છે, પૂર્વોપાર્જિત–પૂર્વજોની ઉપાર્જિત. વેપાર કેમ કરવો એ ખબર ન હોય અને વેપાર કરવા જાય. કોઈએ એમ કહ્યું કે જા સટ્ટા બજારમાં. કાંઈ ઉપાધિ નહિ તારે. ન માલ લેવો, ન માલ દેવો અને જેટલો મોટો વેપાર કરવો હોય એટલો થાય. કેમકે માલ લેવાદેવાની તો કાંઈ ભાંજગડ એમાં નથી. કેમ કરવો એ ખબર નથી. એણે પૈસાનો સટ્ટો નથી કર્યો, ચીજનો સટ્ટો નથી કર્યો પણ બુદ્ધિનો સટ્ટો કર્યો છે. એની બુદ્ધિ જ ખોવાઈ ગઈ છે. કહે છે એ ખોઈ બેસે છે.

એમ ધ્યાનનો વેપાર કેમ થાય ઉપયોગને એ ખબર નથી. અને ધ્યાન કરવા જાય તો શું થાય ? કે કલ્પનાએ ચડે, કલ્પનાએ ચડે. અને કલ્પનાએ ચડે એટલે અંદરમાં એને કાંઈકને કાંઈક અન્યથા પ્રકારે એ આત્માના સ્વરૂપને બદલે કાંઈક ને કાંઈક અંદર (કલ્પના કરે).

વિદ્યાધરો વિદ્યા સાધતા. એવી એવી અનેક પ્રકારની બધી જે વિદ્યાઓ છે એ બધી કોઈને કોઈ પ્રકારના જ્ઞાનના ઉપયોગની એકાગ્રતાનું ફળ છે. બીજી રીતે વિચારીએ તો. શું છે ? એ ઉપયોગને એકાગ્ર કરે છે, આત્મા સિવાય ક્યાંય ને ક્યાંય. આત્મા સિવાય ક્યાંય ને ક્યાંય ઉપયોગને એકાગ્ર કરે. અને જ્યારે ઉપયોગની ચંચળતા દૂર થાય, કોઈને કોઈ કારણસર, કોઈને કોઈ પ્રયોગવશ જ્યારે ઉપયોગ ક્યાંક પણ સ્થિર થાય, આત્મામાં નહિ, હોં ! ક્યાંય પણ સ્થિર થાય ત્યારે કુદરતી

એને કષાયની મંદતા ઠીક ઠીક પ્રમાણમાં સારી રીતે થાય છે. એના નિમિત્તે પુણ્યબંધન થાય છે. એના નિમિત્તે એને કાંઈને કાંઈ ઉપલબ્ધિ જોવામાં આવે છે. એને લોકો એમ કહે છે કે આની પાસે કાંઈક સાધના છે, એણે કાંઈક સાધ્યું છે. એમ કહેવામાં આવે છે. અને એવા જગતમાં અસંખ્ય પ્રકાર છે. પણ એમાં ભયંકરમાં ભયંકર નુકસાન એ છે કે એ જીવને એનું આકર્ષણ રહે છે, એ જીવ એમાંથી લાભ માને છે અને એનું ગૃહીત મિથ્યાત્વ દૃઢ થઈ જાય છે. આ તકલીફ ઊભી થાય છે.

મુમુક્ષુ :– ધ્યાનમાં બેસે અને ગૃહિત મિથ્યાત્વ થાય ?

પૂજ્ય ભાઈશ્રી :– પણ ધ્યાન કોનું કર્યું ? એ સવાલ છે. ધ્યાન મેલડીનું કરે તો ? કોનું કર્યું ? એણે પોતાના નિજ પરમાત્માનું ધ્યાન કરવાને બદલે, ધ્યાનમાં એનો આદર કરવાને બદલે, એનો અનાદર કરીને બીજા કો'કનું ધ્યાન કર્યું. બીજાનો આદર કર્યો. તમે મારા ઘરે આવો અને હું તમને આવો એમ આવકાર ન આપું. તમે આવો તો તમારી સામે ન જોઉં. તમે બેઠા હોય તોપણ તમારી સામે ન જોઉં. અને નાના છોકરાઓને રમાડવામાં ને એમાં જ ટાઈમ ગાળું પણ સામું ન જોઉં. તમે શું વિચાર કરો ? કે આ મારું અપમાન કરે છે. સામું જોતા નથી. વાત કરતા તો નથી પણ સામીં પણ જોતા નથી. વાત કરતા નથી તો આવો આવજો કહેવાનો તો પ્રશ્ન ક્યાં છે ? થાય કે ન થાય ?

હવે અંદરમાં ઘટમાં પરમાત્મા બિરાજે છે. આ જીવ એની સામું જોતો નથી. રાગ, મલિનતા અને પરની દીનતાનું જેમાં પરિણમન છે એવો જે રાગ, એવી જે ભિક્ષુકવૃત્તિ, ભિખારીવૃત્તિ એની સાથે એ બરાબર તન્મય રહે છે. અને પરમાત્મા અંદરમાં નિજ સિંહાસન ઉપર બિરાજમાન છે એની સામું જોતો નથી. તો એ પોતાના પરમાત્માનો અવિનય અને અનાદર કરે છે કે નહિ ? આ સવાલ છે. કોનું ધ્યાન કરવું ? એને છોડીને કો'કનું ને કો'કનું ધ્યાન કરવા જવું એ ખરેખર ધ્યાન નથી પણ આર્તધ્યાન છે. અને એ આર્તધ્યાનના ફળમાં જીવને અનંતુ નુકસાન છે. એને પોતાનો પરમાત્મા અત્યંત અત્યંત દૂર થઈ જાય છે. વધારે દૂર થઈ જાય છે.

એટલે આ વિષય જેને સમજણ–બુદ્ધિના પડદા ઉપર આવ્યો, બુદ્ધિપટ ઉપર જેને આવ્યો એને એક વખત તો સમજણથી મારો પરમાત્મા એટલો કિંમતી છે કે આ જગતનો કોઈ પદાર્થ એથી કિંમતી નથી, એની ગાંઠ મારી દેવી જોઈએ. પછી કેટલો રસ ઊપજે એ કહો. જેની કોઈ કિંમત નથી. ચાહે અનુકૂળતાના ગંજ ખડકાઈ જાવ તોપણ મારે શું ? માણસ તો બહુ બહુ તો જે કાંઈ જે વ્યતીત કરે છે સમય એ તો વ્યવસાયમાં જ કરે છે અથવા અનુકૂળતાઓ ગોઠવવામાં કરે છે. પણ એકવાર અનુકૂળતાના ગંજ ખડકાઈ જાવ તોપણ મારે શું ? અને પ્રતિકૂળતાના

ગંજ ઊભા થાય તોપણ હું અખંડ અભેદ પરમાત્મા (છું), મને કોઈ સ્પર્શી શકે એવું નથી. મારે શું છે એનાથી ? મને કોઈ કાંઈ અડી શકે કે સ્પર્શી શકે, છેદી શકે, ભેદી શકે એ વસ્તુ સ્થિતિ નથી. મારે શું ? અવ્યાબાધ સ્વરૂપ છે મારું. આમ એ વિચારથી, નિર્ણયથી પણ ગાંઠ તો મારે તો એનો રસ તો લંબાય નહિ. નહિતર પરરસ જેવું, પરરસ જેટલો કોઈ ભૂંડો રસ નથી કે જે આત્માનું અહિત કરે છે, નુકસાન કરે છે, પોતાના પરમાત્માથી પોતાને દૂર લઈ જાય છે. શું કર્યું ?

ધ્યાન સુધી લઈ ગયા વાતને. 'દિપચંદજી'ની શૈલી જોઈ ?! પોતાનું આવું **'અનંત મહિમાનો ભંડાર, સાર, અવિકાર, અપાર શક્તિથી મંડિત મારું સ્વરૂપ છે એવો ભાવ પ્રતીતિ વડે કરે.'** એવો ભાવ ઉપર ઉપરના વિચારથી ન કરે, એમ કહે છે. એવો ભાવ કરે એમ લીધું, વિચાર કરે એમ ન લીધું. પ્રતીતિભાવ કરે એવો. ઉપર ઉપરનો વિચાર આવે કે આત્મા આવો, આત્મા અનંત ગુણ ભંડાર, આત્મા શુદ્ધ, આત્મા ફલાણો, એમ નહિ. એવો ભાવ પ્રતીતિપૂર્વક કરે. પ્રતીતિ વડે કરે અને એમ જાણે કે આવા **'સ્વરૂપનું ધ્યાન ધર્યે નિશ્ચળતા થાય...'** એમ જ્ઞાનમાં સમજણમાં જાણે કે જો આવું સ્થિર સ્વરૂપ છે, અનાદિઅનંત અચળ સ્વરૂપ છે એનું ધ્યાન ધરવામાં આવે તો એમાં નિશ્ચળતા બરાબર થાય. એમાં નિશ્ચળતા જામે. અનંત સુખનો ભંડાર હોવાથી એમાં નિશ્ચળતા બરાબર જામે. **'એમ જ્ઞાન જાણે.'**

**'નિજરૂપ જ્ઞાનને જ અનુપમ પદનું સર્વસ્વ જાણે.'** જે આત્માની ઉપમા આપી શકાય એવું નથી એવું જે અનુપમ પદ છે તે નિજરૂપ જ્ઞાન જ છે. તે મારું સ્વસ્વરૂપ જે જ્ઞાનસ્વરૂપ, સ્વસ્વરૂપ છે એ જ મારું અનુપમ પદ છે એમ જાણે. એમ જાણતા એને એ સ્વરૂપની મુખ્યતા રહે અને બીજાની મુખ્યતા એને આવે નહિ. એમ લેવું છે. 'અનુભવ પ્રકાશ'નો આ બધો વિષય એકદમ અધ્યાત્મરસવાળો છે. એકદમ એમાં બીજી વાત ક્યાંય આડીઅવળી મૂકતા નથી. એક પછી એક પછી એક વાત (લેતા જાય છે).

**'નિજરૂપ જ્ઞાનને જ અનુપમ પદનું સર્વસ્વ જાણે. આ સ્વરૂપના જ્ઞાન વિના...'** આ પ્રકારે 'સ્વરૂપના જ્ઞાન વિના **'પરની માન્યતા કરી...'** પરને સ્વપણે માનીને અને એ માન્યતાથી પરની મહિમા કરી કરીને **'સંસારી દુઃખી થયા.'** હું હવે દુઃખી થતો નથી, એમ કહેવું છે. કેવી શૈલી આવી છે ! સંસારી દુઃખી થયા. હું તો હવે દુઃખી થતો નથી. સંસારી દુઃખી આમ થાય છે. આમ જુએ છે. કેવી શૈલી આવે છે ! આમ મને દુઃખ થાય એમ નહિ. આમ સંસારી જીવોને આવું દુઃખ થાય. કેમકે આ આત્મા છે એ સંસારી નથી. આત્મા પોતે સંસારી છે ? એ તો પરમાત્મા છે. એ કોઈ સંસારી નથી. '**अप्पा सो परमप्पा**'. એ તો જે એને સ્વીકારતા નથી

અથવા આવા સ્વરૂપનું જેને જ્ઞાન નથી, જ્ઞાનમાં જેને પોતાના આવા સ્વરૂપનો સ્વીકાર નથી તે પરની માન્યતા કરનારા સંસારી જીવો આવી માન્યતા કરી કરીને દુઃખી થયા. એણે ક્યાંક ને ક્યાંક બહારમાં મોટપ આપી. કાં તો એ પોતાના નિજ પરમાત્માને મોટપ આપે અને કાં તો એ બહારમાં બીજા કોઈને મોટપ આપે. આપશે તો ખરો જ ક્યાંય ને ક્યાંય, આપ્યા વિના રહેશે નહિ. એવી જે પરની માન્યતાથી સંસારી દુઃખી થયા **'તે પરની માન્યતા કેવી રીતે મટે ? તે કહેવામાં આવે છે.'** આમ પાછો વિષયને ઉથલાવીને ફરીને સામે લ્યે છે.

મુમુક્ષુ :– બહુ મહત્ત્વનો પાયાનો ...

પૂજ્ય ભાઈશ્રી :– આમાં લગભગ પદ્ધતિ જ એવી લીધી છે. ઠીક છે. શું કહેવું છે ?

મુમુક્ષુ :– નિજજ્ઞાન કેવી રીતે થાય ?

પૂજ્ય ભાઈશ્રી :– **'પ્રથમ અનાદિથી ચાલ્યો આવતો પરમાં અહં-મમરૂપ મિથ્યાત્વનો નાશ કરે,...'** અહીંયાં મિથ્યાત્વની ઓળખ કરાવી છે. મિથ્યાત્વ એટલે શું ? કે આ જીવ પરપદાર્થમાં પોતાનું અસ્તિત્વ પકડી લ્યે છે, પોતારૂપપણું કરી લ્યે છે એ એનો મિથ્યાત્વભાવ છે, એ એનો મિથ્યાભાવ છે. ક્યાં ક્યાં થાય છે એણે જોઈ લેવું જોઈએ. જ્યાં થતું હોય ત્યાં એને એ તો અત્યારે વિદ્યમાન ઉદયમાં જ થાય છે ને ? એ ઉદયની સામે રહીને આ વાતને એણે બરાબર પીંખી પીંખીને વિચારી લેવી જોઈએ. પૂરું પૃથક્કરણ કરી લેવું જોઈએ. મને મારાપણે આમાં મારું શું દેખાય છે ? આ ઘર મારું અને પાડોશીનું ઘર મારું નહિ, એનું કારણ શું ? ઠીક ! મકાન બનાવે છે નહિ ? પોતે મકાન બનાવ્યું હોય. બાજુમાં પણ મકાન હોય. આ ઘર મારું અને પાડોશીનું ઘર મારું નહિ, આ શું છે ? આ મિથ્યાત્વ છે. આ શું છે ? આ મિથ્યાત્વ. મિથ્યાત્વ છે એટલે શું છે ? કે અનંત જન્મ-મરણની ગાંઠ છે. એ મિથ્યાત્વ શું છે ? કે અનંત જન્મ-મરણની એ ગાંઠ છે. એવી રીતે જે જે ચીજ હોય કુટુંબ, પરિવાર, એના સભ્યો એ સિવાય શરીરથી માંડીને જેટલા સંયોગ છે એમાં જે અહંપણુ છે, મારાપણું ભાસે છે, મારાપણું અનુભવાય છે એ મિથ્યાભાવ છે. અને મિથ્યાભાવ છે એટલે એક Cancerની નહિ પણ અનંત Cancerની એ ગાંઠ છે. એવી એને ભંયકરતા ભાસવી જોઈએ.

એક સહેજ ગળામાં દુઃખાવો થાય ને ત્યાં માણસને અત્યારે વહેમ પડે છે. હજી ગાંઠ ન નીકળી હોય, હોં ! ગાંઠ તો નીકળે પછી ઓચિંતી જ નીકળી જાય છે. અડધી રાતે ખબર ન હોય અને ઉઠે ત્યારે જ ખબર પડે કાંઈક અહીંયાં જામી ગયું. પણ કોઈને થોડો દુઃખાવો, ચાંદુ એવું કાંઈક થાય અને પછી કાંઈક થાય

છે. પહેલા કોઈ ચિહ્ન એવા થાય. ત્યાં એને એમ કહે ભાઈ ! ગળામાં દુઃખવા આવ્યું. ત્યારે (કહે), જરાક આપણે Biopsy કરાવી લઈએ, હોં ! નહિ, ભાઈસા'બ ! ના પાડે એને. કેમ ? નક્કી થઈ જાય તો ? એલા પણ નક્કી ન થાય તોપણ એ છે એ છે અને નથી એ નથી. જીવની ભયમાં વૃત્તિ કેવી થાય છે ? ઉંદરડા જેવી. બિલાડીને જુએ તો ઉંદરડો આંખો મીંચી જાય. એટલે બિલાડી નથી ત્યાં ? એટલો બધો એને ભય થાય કે આંખ મીંચી જાય.

આ તો કહે છે કે તને આવા ભંયકર રોગનો જે ભય લાગે છે એનાથી અનંતગણું આ મિથ્યાત્વનું Cancer છે. જો તને એની ભયંકરતા જણાય તો એના પ્રમાણમાં તને એના નાશ કરવાનો ઉપાય હાથમાં આવે. Cancer થાય તોપણ માણસને મરવાની ઇચ્છા છે ? નહિ. એને અભિપ્રાયમાં શું હોય ? વૃત્તિમાં શું આવે ? કે આકાશ પાતાળ એક કરીને કોઈ એવી દવા મળી જાય કે જેનાથી હું બચી જાઉં. વિચારે કે વગર વિચારે આ વાત છે કે નહિ ? એ તો એક જ વખતનું મરણ છે, આ અનંત વખતનું મરણ છે. એને એટલી તૈયારી ભાવમાં ઊભી થયા વિના એ દિશામાં એનો સાચો પ્રયત્ન નહિ થાય. ખોટો ખોટો તો ઘણીવાર કર્યો એણે. ભગવાનના મંદિરમાં ગયો, જિનેશ્વરદેવની પ્રાર્થના કરી, સ્તુતિ કરી, ભક્તિ કરી, પૂજા કરી, આરતી ઉતારી, સમવસરણમાં જઈને પણ. ખોટું ખોટું તો એણે ઘણીવાર કર્યું. એ બધા ડોળ છે. એણે ખરા વેહમાં એ કામ કર્યું નથી–ખરા વેશમાં આવીને કર્યું નથી.

મુમુક્ષુ :– મિથ્યાત્વની ગાંઠ એવી પડેલી છે....

પૂજ્ય ભાઈશ્રી :– એણે મિથ્યાત્વ–પરમાં અહંપણુ તો એમ ને એમ રાખ્યું. પરમાં અહંમપણું તો એમ ને એમ રાખ્યું. અને ભગવાનની સામે જોઈને હાથ જોડ્યા. ભગવાન તો કહે છે કે મારું સ્વરૂપ તો તું જો. હું તો મારા સ્વરૂપમાં લીન છું. હું ક્યાંય મમત્વ કરતો નથી અને તું આ પકડીને બચકો બાંધીને બેઠો છો એનું શું ? આ બધું મારું એ બાંધીને બેસી ગયો છો એનું શું ? તું મારી સામે જોતો નથી. જોતો હોય તોપણ તું જોતો નથી. કેમકે તને મારું સ્વરૂપ દેખાતું નથી. મારી સામે જો તો મારું સ્વરૂપ તને દેખાય પણ મારું સ્વરૂપ તો તને દેખાતું નથી. માટે ભલે આંખો ખુલ્લી હોય અને હાથ જોડ્યા હોય તોપણ તેં મારી સામે જોયું નથી અને મને હાથ જોડ્યા નથી. છતાં એમ ... એણે કરવા છતાં કર્યું નથી. આમ છે. સીધી વાત છે કે નહિ ચોખ્ખેચોખ્ખી ? માણસને કોઈ પોતાની સામે દગો રમે તો દુઃખ થાય છે. તમે તો અમારા મિત્ર થઈને રહ્યા અને દગો કર્યો. એમ કહે કે ન કહે ? અહીંયાં ભગવાનની સામે જોઈને તો એવું ન થાય ને ? આ તો

વીતરાગ પરમાત્મા. નિરાવરણ પરમેશ્વર છે. જૈન પરમેશ્વરનું કોઈ બાહ્ય સ્વરૂપ પણ એવું છે કે જ્યાંથી એકલી નિતરતી વીતરાગતા સિવાય બીજા દર્શન થાય એવું નથી. એના બદલે એનો બચકો બાંધીને ઊભો છે. અંદરમાં એનો ભાવ સીધો નથી, દગા-ફટકાવાળો ભાવ છે.

મુમુક્ષુ :– ...

પૂજ્ય ભાઈશ્રી :– બચકો એટલે એક પોટલું. એકમાં બધું બાંધી લીધું. એક પોટલામાં બધું બાંધી લીધું. જ્યાં જ્યાં એને મમત્વ છે એના એને કાંઈ જુદા જુદા વિચાર કરવા પડતા નથી, સાથે લઈને જ ફરે છે અભેદભાવે, અભેદબુદ્ધિએ કે આ બધું મારું. એને એ છોડતો નથી.

મુમુક્ષુ :– બચકું સાથે રાખીને ભગવાનના દર્શન કર્યા.

પૂજ્ય ભાઈશ્રી :– હા. એ સાથે રાખીને. ભગવાન કહે છે, પણ મારું સ્વરૂપ તને દેખાશે ક્યાંથી ? હું તો એ બધાથી છૂટો થઈને બેઠો છું. નમસ્કાર કરે છે એટલે એનો આદર કરે છે. એનો આદર કરે છે કે બચકો બાંધ્યો છે એનો આદર કરે છે ? આ દેખાવ તો ખોટો છે. એટલે શાસ્ત્રમાં તો જિનેન્દ્ર પ્રતિમાને સમ્યગ્દર્શનનું નિમિત્ત કહ્યું છે. આવી પ્રતિમાની સ્થાપના છે એની પાછળ તો પરમાર્થ છે. એ એકલો કોરો વ્યવહાર નથી. જો કે સર્વ જે મોક્ષમાર્ગીઓનો વ્યવહાર છે એની પાછળ પરમાર્થ તો રહેલો જ છે. પણ જિનેન્દ્રની પ્રતિમાની સ્થાપનાનો જે વ્યવહાર છે એની પાછળ તો એને સમ્યગ્દર્શનનું નિમિત્ત ગણીને એ વ્યવહાર થયો છે અને અનેક જીવોને, ઇતિહાસમાં અત્યાર સુધીમાં અનંત જીવો સિદ્ધિને પામ્યા એવા અનંત જીવોને એ સમ્યગ્દર્શનનું કારણ થયું છે.

જુઓને ! 'શ્રીમદ્જી' છે એમનો જન્મ તો થયો સ્થાનકવાસીમાં. એમના માતાજી તો વૈષ્ણવ હતા. નાનપણમાં બાળપણમાં વૈષ્ણવની કંઠી પણ બાંધેલી. પહેલા તો એવું હતું ને ઘરમાં છોકરાને કંઠી બાંધે. સ્વામિનારાયણ હોય તો સ્વામિનારાયણની કંઠી (બાંધે). સમજે ન સમજે એવું કાંઈ નહિ. અને બહુ જ મૃદુભાષી અને બહુ જ મધુર શબ્દનો પ્રયોગ કરનારા હતા. છતાં જ્યાં જિનપ્રતિમાને સ્થાનકવાસીએ ઉડાવી છે એની સામે બહુ કઠોર શબ્દપ્રયોગ કર્યો છે. બહુ કડક ભાષા વાપરી છે. કેમકે અરે ! આ પ્રતિમા કે જે સમ્યગ્દર્શનનું કારણ, એને જ તમે ઉડાવવા માગો છો ? આ સાક્ષાત વીતરાગ પરમાત્માવત્ છે આ તો, પ્રતિમા નથી. પ્રાણપ્રતિષ્ઠા થયા પછી એ પ્રતિમા ન રહી. એ તો સાક્ષાત પરમેશ્વર જ થયા. કોનો નિષેધ કર્યો તમે ? ન સમજે અને માણસ સમ્યગ્દષ્ટિનો અનાદર કરે. કેમકે એનો ઉદય એવો છે કે એનું અંતરંગ ન સમજાય. પણ આ તો ન સમજાય એવો

વિષય નથી ક્યાંય. જિનપ્રતિમામાં એવુ શું દૂષણ છે ? બતાવો કોઈ. છે કોઈ દૂષણ ? વ્યવહારે કે નિશ્ચયે છે ? તો પછી એનો નિષેધ ? બહુ જ કડક શબ્દપ્રયોગ કર્યો છે એમણે. કોઈને અક્કલ નથી, બુદ્ધિ નથી આ લોકોમાં એમ કરીને કીધું છે. ૫૦૦ વર્ષથી આ સંપ્રદાય ચાલ્યો. પાંચસો વર્ષ થયા છે, પાંચસો વર્ષમાં કોઈને અક્કલ નથી ? બુદ્ધિ નથી ? જિનપ્રતિમાનો નિષેધ કરે છે ? એમ કરીને બહુ કડક શબ્દથી એ વાત એમણે લખી છે.

મુમુક્ષુ :– સ્થાનવાસીઓ તો...

પૂજ્ય ભાઈશ્રી :– એ બધા સ્થાનકવાસી થઈ ગયા. સ્થાનકવાસી હોય કે બીજા ગમે તે હોય, એમ કહે છે, જિનપ્રતિમાનો નિષેધ કરે એ ભાવે તો સ્થાનવાસી થઈ ગયા. ભલે દિગંબર કે મૂર્તિપૂજક દેરાવાસી શ્વેતાંબર સંપ્રદાયમાં કે મૂર્તિપૂજક દિગંબર સંપ્રદાયમાં, દિગંબરમાં આ લોકો તારણસ્વામીવાળા મૂર્તિ સ્થાપતા નથી પણ નિષેધ નથી કરતા. ફેર છે. નિષેધ કરવો એ બીજી વાત છે. નિષેધ જે કરે છે એ ભલે કુળધર્મે ગમે ત્યાં હોય એ સ્થાનકવાસી જેવા જ છે, ભાવે તો. અને ભલે કુળધર્મે સ્થાનકવાસી હોય પણ જિનપ્રતિમાનો આદર કરે છે, પ્રતિષ્ઠા કરે છે, કરાવે છે, અનુમોદે છે. કાંઈ પણ (કરતા હોય), બધું એકાર્થ છે. કરવું, કરાવવું, અનુમોદવું બધું એકાર્થ છે, એક ફળસ્વરૂપ છે. એનું બધાનું ફળ એક છે. એ કાંઈ સ્થાનકવાસી નથી.

'ગુરુદેવ' સ્થાનકવાસીમાં જન્મ્યા. કેટલા મંદિરો થયા એમના નિમિત્તે ! 'ભાવનગર'નો વિચાર કરીએ તો (સંવત) ૨૦૨૬ માં આપણે પ્રતિષ્ઠા કરી. (સંવત) ૨૦૨૫ના માગશર મહિનામાં મંદિરજીનું ખાતમુહૂર્ત હતું. અને ૨૦૨૪ના દિવાળીએ અથવા ૨૦૨૫ના બેસતા વર્ષે 'ગુરુદેવ'ને વિનંતી કરી. હજી આ જમીન નહોતી લેવાણી કે આ વરસના હવે પછીના વિહારમાં 'ભાવનગર' પધારો. ના પાડી. આ વખતે વિહારમાં 'ભાવનગર' આવવાનો ભાવ નથી. તમારે આગ્રહ કરવો નહિ. સ્પષ્ટ ના. બન્યું છે. (આપણા એક મુમુક્ષુ ભાઈ) હતા (એમને) બોલવાની છૂટ હતી. વધારે બોલવા ગયા તો કહ્યું, આગ્રહ કરવો નહિ. આગ્રહ કરો તો અમે આવીએ, આગ્રહ ન કરો તો અમે હા ન પાડીએ એવું કાંઈ નથી. પછી કુદરતી આ જમીન Muncipality ના Auction માં લેવાઈ ગઈ. 'ગુરુદેવ'ને વિનંતી કરી, ખાતમુર્હુત છે. તરત (હા પાડી). કાંઈ બીજો વિચાર (નહિ), કોઈ વાત નહિ આડી. ના પાડી હતી એ વાત નહિ. કેટલો આદર છે એ વિષયનો. ભગવાનના મંદિરનું ખાતમુહૂર્ત થાય. આવશું. અને વિહાર અહીંથી શરૂ થયો. પ્રારંભ વિહારનો અહીંથી થયો. આ તો ૨૦૨૫માં બની ગયેલી હકીકત છે.

મુમુક્ષુ :– ૧૦૦ વરસમાં આટલા મંદિરો બંધાણા...

પૂજ્ય ભાઈશ્રી :– ૧૦૦ વર્ષ પણ શેના ? ૪૦-૪૫ વર્ષમાં આ બધા મંદિરો બની ગયા. આમાં ૧૦૦ વર્ષ ક્યાં છે ?

મુમુક્ષુ :– ૨૦૦ વરસમાં આટલા ઝડપથી...

પૂજ્ય ભાઈશ્રી :– હા 'ગુરુદેવ'ના નિમિત્તે બન્યા એ તો ૪૦-૪૫ વર્ષમાં જ આટલા મંદિરો બન્યા. આટલી ઝડપથી દિગંબર સંપ્રદાયમાં કોઈએ અત્યાર સુધીમાં કોઈના નિમિત્તે કામ થયું હોય એવો પ્રસંગ નથી. પુણ્ય પ્રભાવ હતો એમનો. બહારમાં પણ પુણ્યયોગ બહુ જબરજસ્ત હતો.

હમણાં એક ભાઈ આવ્યા હતા એ વાત કરતા હતા. એ તો તમે વિચાર કરો કે તમે સમાજ અને સંપ્રદાયની વાત ઉપાડો છો તો 'ગુરુદેવ'ના નિમિત્તે, 'કાનજીસ્વામી'ના નિમિત્તે કેટલું બળ આપણને મળ્યું છે. એ તો તમે વિચાર કરો. હજારો માણસો અજૈનમાંથી જૈન થયા. દિગંબર સંપ્રદાયને માન્ય કર્યો કે આ જ સાચું છે. આ સિવાય બીજે ક્યાંય સત્ય નથી. નહિતર તો એક સંપ્રદાય સાચો અને બીજો સાચો નહિ એમ કહે એટલે ખંડમંડનની મોટી લડાઈઓ જાગે. એને પહોંચવું મુશ્કેલ પડે. અને રોકાઈ જાય સાધારણ માણસ તો, એ લડાઈમાં જ રોકાઈ જાય. આત્મહિત ભૂલી જાય. એના બદલે આત્મહિત સાધતા.. સાધતા.. સાધતા.. કોઈને કાંઈ જવાબ દીધા વિના પોતે જે વાત કહેતા હતા એ કહેતા જ ગયા. પુણ્ય હતું (તો) કોઈ કાંઈ ગડબડ કરી શક્યું નહિ. લોકોને ખંડનમંડનનો વિષય લાગે એટલે વિરોધ પણ કર્યો પણ એ તો કહેતા જ ગયા.. કહેતા જ રહ્યા. એમના પુણ્યના યોગે એ વાત વધતી ચાલી. એટલે એ રીતે પણ બહુ મોટું કાર્ય બહારમાં પણ થયું છે. વિશેષ લઈશું....

❋ ❋ ❋

**પ્રશ્ન :- જ્ઞાન હેય ઉપાદેય કરે છે ને ?**

**સમાધાન :- ચારિત્રની અપેક્ષાએ એ ઉપચાર આવે છે. જ્ઞાન તો માત્ર બધાને જાણે છે. પરને જાણવું એમ કહેવું તે વ્યવહાર છે. કારણ કે પરમાં તન્મય થયા વિના જાણે છે. (પરમાગમસાર–૭૦૬)**

## તા. ૧૦-૯-૧૯૮૫, પાના નં. ૬, પ્રવચન નં. ૨૫

પાનું ૬. ફરીથી Paragraph શરૂ કરીએ. **'પ્રથમ અનાદિથી (ચાલ્યો આવતો) પરમાં અહં-મમરૂપ મિથ્યાત્વભાવ તેનો નાશ કરે,...'** બહુ સંક્ષેપમાં મુખ્ય વાત પ્રયોજનની કરી છે. આ જીવ અનાદિથી પોતાનું સ્વરૂપ ભૂલ્યો છે અને પર સંયોગમાં મમત્વ કરે છે, પોતાપણાનો એને ભાસ થાય છે એ મિથ્યાત્વ છે. મિથ્યાત્વ છે એટલે વસ્તુનું સ્વરૂપ એ રીતે નથી. કોઈપણ જડ રજકણમાં, કોઈપણ જડ રજકણની કોઈ પ્રકારની પર્યાયમાં આત્માનો અભાવ છે–પોતાનો અભાવ છે. જ્ઞાનનો એમાં અભાવ છે, સુખનો એમાં અભાવ છે.

આત્મા એટલે જ્ઞાન અને સુખ. એમ બે મુખ્યપણે લેવામાં આવે છે. 'રાજમલજી'એ જે ટીકા કરી એમાં એ પદ્ધતિ લીધી છે કે આત્માને જ્ઞાન છે અને આત્માને સુખ છે. જે પોતે જ્ઞાનસ્વરૂપ છે અને સુખસ્વરૂપ છે એને અનુભવતાં જ્ઞાન છે અને એને અનુભવતાં સુખ છે. એ સિવાય ક્યાંય જ્ઞાન પણ નથી અને સુખ પણ નથી. આવી પદ્ધતિ લીધી છે.

અહીં કહે છે કે સર્વ ઉદયમાં સંયોગની ક્રિયા હું કરું છું, મારાથી થઈ, મેં કરી એ પણ પરમાં અહંપણારૂપ મમકારરૂપ મિથ્યાત્વભાવ છે. શરીરની વેદનાને પોતાની વેદનારૂપ વેદે એ પણ શરીરમાં અહંકારરૂપ મમકારરૂપ, શરીરમાં આત્માના પ્રવેશરૂપ મિથ્યાત્વભાવ છે. જાણનાર તત્ત્વ જુદું છે. શરીર અને એની વેદના આદિ પર્યાયો– શાતાની પર્યાય, અશાતાની પર્યાય ભિન્ન છે. જ્ઞાનથી એ ભિન્ન છે– ચૈતન્યથી એ ભિન્ન છે. એમ પોતાની ભિન્નતા અનુભવીને મિથ્યાત્વનો નાશ કરે.

મિથ્યાત્વ પરની અભિન્નતા કરતાં મિથ્યાત્વ કહ્યું છે. મિથ્યાત્વ થયું છે એ પરમાં અભિન્નપણું કરીને મિથ્યાત્વ કર્યું છે. એ ભિન્નપણું કરીને મિથ્યાત્વનો નાશ કરે. જગતના કાર્યોમાં તો એ સાવધાની રાખે જ પણ એ સિવાયના શુભ ક્રિયારૂપ કાર્યો, શુભયોગની ક્રિયારૂપ કાર્યો પ્રશસ્ત રાગના કાળે મન-વચન-કાયાના પરિણામથી પણ પોતાની ભિન્નતા રાખીને જે થાય તે થાય. પછી કરવાનો પ્રશ્ન નથી રહેતો. નહિતર એમ કહે છે કે એમ સમજીને પણ કરવાનું તો ખરું ને ? શુભક્રિયા કરવી તો ખરીને ? ભિન્નતા સમજીને કરવી તો ખરી ને ? ક્રિયાવાદી

એવો આગ્રહ રાખે છે કે જ્ઞાન કરીને પછી તમારે જે ચારિત્ર અમે પાળીએ છીએ એ ચારિત્ર પાળવાનું તો રહેશે ને ? સમજીને પણ કરવાનું તો ખરું ને ? માત્ર સમજીને રહી જવાનું એનાથી તો કાર્યસિદ્ધિ નથી. માટે સમજીને કાંઈક કરવાનું તો ખરું ને ? સમજણમાં કર્તૃત્વનો નાશ કરવાનો છે. એ સમજણ છે. પછી થાય છે એને જાણવાનું રહે છે, કરવાનો પ્રશ્ન રહેતો નથી.

પોતે શું કરે છે ? અથવા પોતાનું અસ્તિત્વ છે ત્યાં શું થાય છે ? કેટલું થાય છે ? એ બરાબર અવલોકીને અવલોકનના અભ્યાસથી નિશ્ચય કરે. મારી મર્યાદા કેટલી ? કાર્ય કરવાની મારા કાર્યક્ષેત્રની મર્યાદા કેટલી ? કે કોઈ જડ પદાર્થના કાર્ય ચેતન કરે એ વસ્તુના સ્વરૂપમાં નથી. જૈનદર્શનનું મિથ્યાત્વનું અને સમ્યક્ત્વનું જે પ્રકરણ છે એનો મુખ્ય મુદ્દો જ આ છે. એ વિસરાઈ ગયું તેથી અન્યમત જેવો પ્રકાર થઈ ગયો. કહેવાતા જૈનસમાજમાં પણ અન્યમત જેવો પ્રકાર થઈ ગયો. જડ-ચેતનની ભિન્નતા તો વિચારવી રહી નહીં અને જે કાંઈ રૂઢિગતપણે ક્રિયાઓ થાય તેને ધર્મ માનવામાં આવે. ત્યાં ધર્મ તો થવો એક બાજુ રહો પણ મિથ્યાત્વ દૃઢ થવાના એ બધા પ્રસંગો થઈ પડે છે.

એ મિથ્યાત્વનો પ્રથમ નાશ કરે. **'પછી પરરાગરૂપ ભાવનો વિધ્વંસ કરે.'** એટલે સ્વરૂપસ્થિરતા (કરે). વીતરાગભાવે સ્વરૂપમાં સ્થિર રહીને વીતરાગતાનો વિકાસ થાય ત્યારે રાગની ઉત્પત્તિ ન થાય. એમ સંપૂર્ણ વીતરાગદશા પ્રગટ થાય અને જ્યારે સંપૂર્ણપણે રાગનો નાશ થાય, રાગ થવો મટી જાય ત્યારે વીતરાગ થાય. ત્યારે તેરમા ગુણસ્થાને પ્રથમ વીતરાગદશા પ્રાપ્ત કરે. બારમા ગુણસ્થાને પણ વીતરાગદશા પ્રાપ્ત થાય છે પણ એ લઘુ અંતરર્મહૂર્તનો બહુ અલ્પ સમય છે. તેરમા ગુણસ્થાને તો જેટલું આયુષ્ય હોય એટલું લાખો, કરોડો, અબજો વર્ષ સુધી વીતરાગદશા પ્રસિદ્ધપણે જોવામાં આવે છે.

'સીમંધર' પરમાત્માને અહીંયાં વીસમા 'મુનિસુવ્રતનાથ' ભગવાન થયા ત્યારે અરિહંતદશા પ્રાપ્ત થઈ છે અને આવતી ચોવીસીમાં તેરમા તીર્થંકર થશે (ત્યારે સિદ્ધાલયમાં જશે). ચરમ તીર્થંકર અહીંના અને પ્રથમ તીર્થંકર આવતી ચોવીસીના એ વચ્ચે તો ચોરાશી હજાર વર્ષનો ગાળો છે. પછી પ્રથમ તીર્થંકર થશે. તેરમા તીર્થંકર થશે ત્યારે એ નિર્વાણ પધારશે. એટલા લાંબા કાળ સુધી અબજોના અબજો વર્ષ સુધી, લાખો નહિ પણ અબજો વર્ષ સુધી વીતરાગદશામાં અરિહંતપદે બિરાજમાન રહેશે. અને એમની દિવ્યધ્વનિ અત્યારે છૂટી રહી છે. એ ચારે પહોર છૂટતી રહેશે. અનેક અનેક જીવો હિત સાધી અને પોતાનું કલ્યાણ કરી લશે.

મુમુક્ષુ :– કેવળજ્ઞાન થાય ત્યારે અંતરંગ સ્થિતિ અને બાહ્ય સ્થિતિ કઈ રીતની

હોય છે ?

પૂજ્ય ભાઈશ્રી :– અંતરંગ સ્થિતિ સ્વરૂપમાં નિરવશેષપણે અંતર્લીન પરિણામ, સર્વ ગુણોના પરિણામ અંતર્લીન હોય છે. ઉપયોગ તો અંતર્લીન હોય છે પણ શુક્લધ્યાનના છેલ્લા પાયામાં સંપૂર્ણ ધ્યાન લાગેલું હોય છે. એટલે આત્માના સર્વ ગુણો સ્વરૂપને વિષે નિમગ્ન થયેલા હોય છે. સારી રીતે સંપૂર્ણપણે નિમગ્ન થયેલા હોય છે. એવી અંતરંગ દશા છે. અને બહારમાં પદ્માસને અથવા ખડગાસને મન-વચન-કાયાના સ્થિર યોગમાં બિરાજમાન જોવામાં આવે છે. આવી અંતરબાહ્ય સ્થિતિ હોય છે. આ સિવાય કોઈ પ્રકારાન્તર હોતો નથી. આ સિવાયનો કોઈ પ્રકારાન્તર હોતો નથી. શું પ્રશ્ન છે ? કહો.

મુમુક્ષુ :– ગૃહસ્થ અવસ્થા હોય અને કેવળજ્ઞાન થઈ જાય ?

પૂજ્ય ભાઈશ્રી :– ગૃહસ્થ અવસ્થામાં તો બે કષાયની ચોકડીનો અભાવ છે. સમ્યગ્દષ્ટિ હોય તોય તે. મોક્ષમાર્ગી ધર્મી હોય તોય તે બે કષાયની ચોકડીનો સદ્ભાવ છે. એટલે એને ત્યાં તો કેવળજ્ઞાન ઊપજવાનો કોઈ પ્રસંગ નથી. બની શકે નહિ. જે સવિકલ્પ દશા દ્વારા પાંચમા ગુણસ્થાને પ્રતિમા પણ સવિકલ્પપણે ધારણ કરે છે. કેમકે એ પહેલા સવિકલ્પદશા દ્વારા એને અવિરતીપણું હતું. હજી તો વિકલ્પમાંથી છૂટે નહિ અને નિર્વિકલ્પમાં આવે એવું તો કદી બને નહિ.

નિર્વિકલ્પ સ્વરૂપનો નિર્ણય વિકલ્પદશામાં, વિચારદશામાં થાય છે. અવિરતી સવિકલ્પપણે રહી છે એની વિરતીની પણ સવિકલ્પપૂર્વક પ્રતિજ્ઞા થાય છે. સર્વ વિરતીની પણ સવિકલ્પપણે પ્રતિજ્ઞા થાય છે. એમ ને એમ કોઈ નિર્વિકલ્પ દશા આવે એવું બનતું નથી. અને જો એમ થાય તો ચતુર્થ-પંચમ ગુણસ્થાનવર્તી તિર્યંચને અથવા ચતુર્થ ગુણસ્થાનવર્તી નારકીને અથવા ચતુર્થ ગુણસ્થાનવર્તી દેવને કેવળજ્ઞાનની સંભાવના હોવી જોઈએ, થવી જોઈએ. એને કેવળજ્ઞાન થઈ જવું જોઈએ. પંચમ ગુણસ્થાને અઢીદ્વીપની બહાર સ્વયંભુરમણ સમુદ્રમાં અત્યારે પણ અસંખ્ય તિર્યંચ જીવો છે, જે સાચા શ્રાવક છે. વાડાના શ્રાવક નહિ પણ સાચા શ્રાવક છે. એને પણ કેવળજ્ઞાન થઈ જાય. પણ એના શુદ્ધોપયોગની મર્યાદા છે. શુદ્ધોપયોગ ચોથા ગુણસ્થાને થાય છે, સ્વરૂપમાં લીનતા થાય છે. ચોથા ગુણસ્થાને થાય છે, પાંચમા ગુણસ્થાને થાય છે પણ એ મર્યાદિત ભાવ છે, છૂટી જાય છે. પાછો રાગ સહિતનો ઉપયોગ પ્રવર્તવા લાગે છે. એટલી શક્તિ નથી પ્રગટ થઈ કે સ્વરૂપમાં અંતર્મુહૂર્ત સુધી લીન રહે. ઉત્કૃષ્ટ અંતર્મુહૂર્ત સુધી લીન રહે એવી સ્થિતિ ત્યાં હોતી નથી. ગૃહસ્થદશામાં એ સ્થિતિ જ હોતી નથી.

મુમુક્ષુ :– શ્વેતાંબર સંપ્રદાયની અંદર આવા સિદ્ધાંતો આવે છે. અત્યારે મગજમાં

ઉતરતું નથી. સાચા પ્રશ્નો પૂછીએ તો..

પૂજ્ય ભાઈશ્રી :– હા, ઠીક છે. શ્વેતાંબર સંપ્રદાયમાં તો એવી અનેક કથાઓ આવે છે કે જેમાં કેવળીને પણ અંતર્લીન ઉપયોગ રહેતો ન હોય એવી સ્થિતિ બતાવવામાં આવે છે. ખાસ કરીને 'મહાવીરસ્વામી' ભગવાનના ચરિત્રમાં તો એ વાત પ્રસિદ્ધપણે લીધી છે કે ભગવાનને રોગ થયો અને દવા મંગાવી. ઉદ્દેશિક આહાર તો મુનિ પણ ગ્રહણ કરે નહિ. વળી મુનિ ઉદ્દેશિક આહાર તો ન ગ્રહણ કરે પણ મુનિ પણ દવા માગીને ગ્રહણ કરે નહિ. ગમે તેટલો રોગ હોય, શરીરમાં પ્રાણ છૂટે એવો હોય તોપણ એ દવાનો વિકલ્પ રોગ દૂર કરવા અર્થે છઠ્ઠા-સાતમા ગુણસ્થાનધારી સાધકને ન હોય તો તેરમા ગુણસ્થાનધારી પરમવીતરાગ દશાવાળાને હોય એ વાત સિદ્ધાંતની સાથે મેળ ખાતી નથી. બહુ સ્પષ્ટ વિષય છે.

મુમુક્ષુ :– ગુણસ્થાનની પરિપાટી નથી ?

પૂજ્ય ભાઈશ્રી :– ગુણસ્થાનની પરિપાટી છે. ચૌદ ગુણસ્થાન લીધા છે પણ ચૌદ ગુણસ્થાનના સ્વરૂપની ખબર નથી. નવ તત્ત્વ પકડ્યા છે પણ નવ તત્ત્વના સ્વરૂપની ખબર નથી. એમ મુખ્ય મુખ્ય વાત લીધી છે. પંચ પરમેષ્ઠીને માને છે પણ પંચ પરમેષ્ઠીના સ્વરૂપની ખબર નથી. એમ છે.

મુમુક્ષુ :– નવ તત્ત્વની પરિભાષા તો બાંધી હશે.

પૂજ્ય ભાઈશ્રી :– બહુ વ્યવસ્થિત નથી. એટલું બધું વ્યવસ્થિત નથી. પૂછીએ છીએ. એમના આચાર્ય હોય તો સમ્યકત્વની પરિભાષાનો ખ્યાલ નથી હોતો. આમ તો બીજા સાધુઓ બહુ એવું શાસ્ત્રનું અધ્યયન લગભગ બધા નથી કરતા પણ જે કોઈ કરતા હોય છે. મારે થોડા વર્ષ પહેલા 'કૈલાસસાગરજી' સાથે બેસવાનું થયું. હમણાં આવ્યા ત્યારે નહિ, એ પહેલા. ત્યારે સમ્યગ્દર્શનની વ્યાખ્યા પૂછી કે સમ્યગ્દર્શનની વ્યાખ્યા શું ? તો એ સમ્યગ્દર્શનની વ્યાખ્યા શાસ્ત્ર જોઈને પછી લખી રાખવા માટે એમણે સમય માગ્યો. શાસ્ત્રમાંથી જોઈને હું લખી રાખીશ. એ પ્રશ્ન પછી રાખીએ. એ લખી રાખવાનો હેતુ શું ? કે યાદદાસ્તમાં પણ એટલી વાત રહે કે રહે, વાંચ્યા પછી. ચર્ચામાં તો ગમે ત્યારે પ્રશ્ન નીકળે. આવી પરિસ્થિતિ હતી. નહિતર એમણે તો દિગંબર-શ્વેતાંબર શાસ્ત્રનું એ વખતે અધ્યયન કર્યું છે. એમ ગણાવીને ચર્ચા ચાલતી હતી, ચર્ચા શરૂ થઈ એ પહેલા. એટલે એ વિષયથી ઘણા દૂર હોય એવું લાગે. પરિચય કરતાં (એવું લાગે).

મુમુક્ષુ :– 'મહાવીરસ્વામી' ભગવાનના ... પ્રસંગની અંદર એવો પ્રસંગ આવે છે કે જે એમના નિમિત્તે બનાવેલું હતું ઇ નહિ લાવવું અને ઘોડા માટે બનાવેલું હોય ઇ લાવવું, એવું ભગવાન કહે છે. ભગવાનને આવો વિકલ્પ આવે ?

પૂજ્ય ભાઈશ્રી :– ભગવાનને શરીરનો રોગ, કોઈ પ્રતિકૂળતાનો ઉદય મટાડવાનો વિકલ્પ મુનિદશામાં ન હોય. ભગવાનની દશામાં તો પ્રશ્ન નથી. મુનિદશામાં ન હોય. કાળોતરો ઝેરી વીંછી થાય. માણસને કરડે તો મરી જાય. એ આંકડો બીડાવે, આંકડો હોય ને આમ ? તો એ આંકડો દૂર કરવાનો વિકલ્પ થાય તો મુનિદશા ન રહે. છટ્ઠા ગુણસ્થાનના બહારનો વિકલ્પ છે એ. છટ્ઠા ગુણસ્થાને એ વિકલ્પ ન આવે. આ તો તેરમા ગુણસ્થાનની વાત છે.

'સનતકુમાર' ચક્રવર્તી છે કે નહિ ? ગળત કોઢ મટાડવા માટે દેવ પરીક્ષા કરે છે. હું ધનવંતરી છું, દેવોનો વૈદ છું. મટાડી દઉં આપને. તું ચાલ્યો જા, ભાઈ ! અમારે હવે શરીરના રોગ મટાડવાનો વિકલ્પ નથી રહ્યો. ભવરોગ મટાડવા માટે અમે નીકળી પડ્યા છીએ જંગલમાં, હવે એક શરીરને ગમે તે થાય તો તેથી શું થઈ ગયું ? શરીરની ભિન્નતા જે સમ્યક્ત્વ કાળે ભાવી છે અને સાધી છે એ સાધનામાં મુનિ એટલા સ્થિર થયા છે કે એને દેહાત્મબુદ્ધિનો પ્રગટ અભાવ થયો છે. એ હાલતા-ચાલતા મુનિરાજની કોઈ પણ ચેષ્ટામાંથી પ્રસિદ્ધ થાય છે. ભગવાન થઈને દેહાત્મબુદ્ધિ છે એવા કાર્યો કરે, એ વાત એમના ભગવાનપણાને કેવી રીતે પ્રસિદ્ધ કરે છે ? દેહાત્મબુદ્ધિ મટાડવાની વાત તો પહેલેથી છે, ચોથેથી છે. આ તો જેણે પૂર્ણ સાધ્યું તો એમને પૂર્ણ શું સાધ્યું ? પૂર્ણ કેવી રીતે સાધ્યું ગણવું ? એ વાત રહેતી નથી.

મુમુક્ષુ :– ... સાચા શ્રાવકો થાય છે ?

પૂજ્ય ભાઈશ્રી :– હા. કેમકે કોઈ સમ્યગ્દષ્ટિને તો તિર્યંચનું આયુષ્ય અને ગતિ બંધાય નહિ. એટલે ત્યાં નવું સમ્યગ્દર્શન પ્રગટ કરે તિર્યંચમાં જન્મ્યા પછી અને ત્યાં ને ત્યાં સ્વરૂપસ્થિરતા વધારી અને બીજી કષાયની ચોકડીનો અભાવ કરે. સમ્યગ્દર્શન પ્રગટ કરે ત્યારે અનંતાનુબંધીની કષાયની ચોકડી જાય અને શ્રાવકદશામાં અપ્રત્યાખ્યાનવરણીની ચોકડી જાય. ત્યાં એ સાધે છે–ધર્મ સાધે છે. નવો ધર્મ પ્રગટ કરે છે, અવસ્થામાં નવો પ્રગટ કરે છે. હતો ને ત્યાં ગયા છે એમ નથી.

મુમુક્ષુ :- સ્વયં ...?

પૂજ્ય ભાઈશ્રી :- સ્વયં પોતાના પુરુષાર્થથી કરે છે. અંતર્મુખના પોતાના પુરુષાર્થથી કરે છે. બરાબર કરે છે. પાંચમા ગુણસ્થાન સુધી શ્રાવકદશાએ પહોંચે છે. સર્વાર્થસિદ્ધિના દેવની દશા એટલી નથી. ત્યારે. ભલે એકાવતારી છે સર્વાર્થસિદ્ધિના દેવો પણ ચોથા ગુણસ્થાનમાં રહ્યા છે ત્યારે આ તિર્યંચ જેટલી પાંચમા ગુણસ્થાનવર્તી શ્રાવકની દશા એનાથી એ વીતરાગતામાં નીચે છે. એવી વાત છે.

મુમુક્ષુ :– એનું શું કારણ ?

પૂજ્ય ભાઈશ્રી :– ત્યાં રાગનો પ્રભાવ વિશેષ છે. સર્વાર્થસિદ્ધિના દેવમાં પણ રાગ વિશેષપણે છે. વીતરાગતા ને રાગ... ત્યાં અપ્રશસ્ત રાગ તો છે નહિ. અશુભરાગ તો ત્યાં છે જ નહિ. સર્વાર્થસિદ્ધિના દેવને અશુભરાગ તો એવો થતો નથી જે બીજી પ્રવૃત્તિવાળાને થાય છે. કુટુંબ, પરિવાર, દેવ, દેવિઓ, અપ્સરાઓ, દાસીઓ એ કાંઈ નથી ત્યાં. ખાવું, પીવું, રળવું, કારખાના, ધંધા, વ્યવસાય કોઈ ચીજ નથી. ફક્ત ધર્મશ્રદ્ધા અને ધર્મચર્ચા, બસ ! ધર્મનું જ્ઞાન, એ સિવાય ત્યાં બીજી પ્રવૃત્તિ નથી. બધા ક્ષાયિક સમ્યકદૃષ્ટિ જીવો ત્યાં હોય છે. ક્ષાયિક સમ્યગ્દર્શન જેને હોય એ ત્યાં જાય. મુનિદશાવાળા, ભાવલિંગી મુનિઓ ત્યાં જાય. તોપણ ચોથું એ ચોથું અને પાચમું એ પાચમું, છટ્ઠુ-સાતમું એ છટ્ઠુ-સાતમું.

નીચે મનુષ્યમાં જે ભાવલીંગી મુનિદશા છે એની ભાવના ભાવે છે. ક્યારે આવો અવસર અમને આવે અને ક્યારે અમે વીતરાગદશા વધારીને પૂર્ણતાને સાધવા માટેનો બરાબર અમે પ્રયત્ન કરીએ. મુનિદશામાં એ પ્રયત્ન બરાબર થાય છે. ગૃહસ્થદશામાં એ પ્રયત્ન બરાબર થતો નથી. તેથી જે જીવો ગૃહસ્થમાં સમ્યક્ત્વને પામે છે તેને મુનિદશાની ભાવના ઘણી રહે છે. એને આ બધા બંધનો પોસાતા નથી. ગૃહસ્થમાં જે બંધનો છે એને એ પોસાતા નથી. એવી સ્થિતિ છે. સમ્યગ્દર્શન થઈ ગયું એટલે બસ હવે વાંધો નહિ આવે એમ (નથી). એ સમ્યગ્દર્શન થઈ ગયા પછી તો એને ત્યાં રહેવું ફાવતું નથી. રહેવું પડે છે એ બીજી વાત છે અને રહેવું છે એ બીજી વાત છે. એને રહેવું પડે છે પછી. રહેવું નથી અને રહેવું પડે છે. આ સ્થિતિ છે.

મુમુક્ષુ :– પૂર્વભવમાં પુરુષાર્થની કમજોરીના કારણે ત્યાં સર્વાર્થસિદ્ધિમાં જાય છે ? ત્યાં એમને ખેદ વર્તતો હશે ?

પૂજ્ય ભાઈશ્રી :– હા, ખેદ આવી જાય. પ્રશસ્ત દ્વેષ છે. આવી જાય, વર્તી જાય ક્યારેક એ પણ પરિણામ થઈ જાય. કરવા-ફરવાનો તો પ્રશ્ન નથી. થઈ જાય છે. પોતાના દોષની નિંદા ગર્હાના પરિણામ પ્રશસ્ત દ્વેષ છે અને એ પણ ધર્મી જીવને જેને આગળ વધવું છે, ગુણનો વિકાસ પામવો છે એને દોષનો એ પ્રકાર આવી જાય છે. ખેદ થઈ જાય છે, નિંદા થઈ જાય, ગર્હા થઈ જાય. નિંદા-ગર્હામાં ફેર એ છે. મનમાં ને મનમાં નિંદે પોતાને, પોતાના દોષને તે ગર્હા છે અને પ્રસિદ્ધપણે કોઈની પાસે વ્યક્ત કરીને નિંદા કરે પોતાના દોષની તેને નિંદા કહે છે. બે પ્રકારે પરિણામ છે.

મુમુક્ષુ :– મિથ્યાત્વની દશાથી વીતરાગી દશા કરવાની અઢી લીટીમાં...

પૂજ્ય ભાઈશ્રી :– બહુ સંક્ષેપમાં લખવાની પદ્ધતિ છે એમની. પણ શૈલી બહુ સારી છે. આવો વિચાર કરે... આવો વિચાર કરે એમ નથી લેતા. સામાન્ય રીતે શાસ્ત્ર સ્વાધ્યાયની પદ્ધતિમાં આવી ગયેલા જીવોને બધી વાત વિચારકક્ષામાં જ આવી જાય છે. બધી વાતનો વિચાર કરી લે. વિચાર કરે. અહીંયાં સીધો કાર્ય કરે એવો વિષય પોતે લ્યે છે. કથન પદ્ધતિમાં Practical side વધારે છે. આખા ગ્રંથમાં એ રીતે છે.

**'જ્યારે પરરાગ મટે ત્યારે વીતરાગ થાય.'** એટલો બોલ લીધો ને ? દવાનો, શરીરનો રાગ રહે અને વીતરાગ થાય–બે વાતને ન્યાયથી પણ મેળ ખાતો નથી. જ્યારે રાગ મટે ત્યારે વીતરાગ થાય. વીતરાગનો અર્થ રાગ મટે ત્યારે છે કે રાગ રહે અને વીતરાગ કહેવું ? વીતનો અર્થ જ મટે એમ છે. વ્યતીત થાય એનું નામ વીતરાગ છે. અને જ્યારે બે વાત સામે આવી કે રાગ મટે એનું નામ વીતરાગતા. અને કોઈએ એમ સ્થાપ્યું કે આ રાગ રહ્યો છતાં એને વીતરાગ કહેવા. તો બે વાતમાં આ જીવે કઈ સ્વીકારવી ? બે વાત સામે રહી કે ભાઈ ! એ રાગ રહ્યો અને અમે વીતરાગ માનીએ. અને કોઈ કહે કે ભાઈ ! રાગ બિલકુલ ન રહે ત્યારે વીતરાગ માનવું. આ બેમાં કયું સ્વીકારવું ? સીધી વાત છે કે નહિ ? એમ છે.

પોતાના હિતને અર્થે રાગરૂપી દોષનો પક્ષ ન કરવો. હિતને અર્થે–પોતાના હીતને અર્થે. રાગનો એટલે દોષનો પક્ષ કરતાં, દોષની અનુમોદના કરતાં મિથ્યાત્વ દૃઢ થશે. અનંત દોષનું મૂળ છે એ વધારે પાકુ થશે. દોષ મટવાનો અવસર જ નહિ આવે. એ દશા થશે. ખરેખર તો મિથ્યાદૃષ્ટિ એટલે દોષદૃષ્ટિ છે. દોષની પોષણદૃષ્ટિ એને મિથ્યાદૃષ્ટિ કહે છે. અને સમ્યગ્દૃષ્ટિ એટલે ગુણદૃષ્ટિ અને ગુણના પોષણની દૃષ્ટિ એને સમ્યગ્દૃષ્ટિ–સાચી દૃષ્ટિ કહેવામાં આવે છે. સ્વભાવદૃષ્ટિ કહો, સમ્યગ્દૃષ્ટિ કહો, સ્વભાવમાં રહેલા ગુણની ગુણદૃષ્ટિ કહો કે નિર્દોષતાની દૃષ્ટિ કહો એ સમ્યગ્દૃષ્ટિ છે. એમ છે ખરેખર તો.

મુમુક્ષુ :– દોષદૃષ્ટિ ન રાખવી જરાય, થોડી છૂટછાટ રાખો તો સંખ્યા રહેશે.

પૂજ્ય ભાઈશ્રી :– કેવી છૂટછાટ જોઈએ છે એ કહો.

મુમુક્ષુ :- થોડી દોષદૃષ્ટિ...

પૂજ્ય ભાઈશ્રી :- થોડી એટલે કેવી પણ ? ક્યાં સ્વીકારવો છે દોષ ? ક્યાં સ્વીકારવો છે ?

મુમુક્ષુ :– સ્વરૂપલીનતા ન હોય અને મુનિપણું રહે, બહારની બધી ક્રિયા પાળીએ છીએ.

પૂજ્ય ભાઈશ્રી :– એ તો મિથ્યાદૃષ્ટિ અભવી પણ પાળે છે. શાસ્ત્રમાં એમ

આવે છે કે પંચ મહાવ્રત અને અઠ્ઠાયાવીસ મૂળગુણ એ ક્રિયા તો અભવી પણ પાળે છે કે જેનો કદી મોક્ષ જ થતો નથી. કદી નથી થતો અનંત કાળમાં, થવાનો જ નથી અનંત કાળમાં. એ પણ કરે છે. અગિયાર અંગ અને નવ પૂર્વનો સ્વાધ્યાય-અધ્યયન અભવી પણ કરે છે. તો અભવી અને ભવી વચ્ચે ફેર શું રહેશે ? આમ શાસ્ત્ર સિદ્ધાંત છે. એનો તો કાંઈ ફેર નહિ રહે.

કરવા યોગ્ય જે છે એવું જે પોતાનું પરિપૂર્ણ વીતરાગસ્વરૂપ એની જે દૃષ્ટિ, એના ઉપર દૃષ્ટિ સ્થાપવી, એના ઉપર દૃષ્ટિ દેવી, એનો દૃષ્ટિમાં સ્વીકાર કરવો, એનો પરમ આદર કરવો, એને પરમ ઉપાદેયપણે સર્વસ્વપણે એની ઉપાદેયતા આવવી એ બાકી રહી ગયું છે.

.... નાસ્તિ ઘણી કરી છે જીવે પણ અસ્તિ જ હાથમાં નથી આવી. પોતાનું અસ્તિત્વ, એનું ગ્રહણ કર્યા વિના એ બધું કરી ચૂક્યો છે. એક વાર નહિ પણ અનંત વાર આ જીવ કરી ચૂક્યો છે. એ ભૂલ કરી છે. એ ભૂલ ભાંગવાની જરૂર છે, મૂળમાંથી તો. એની કિંમત ન કરે અને બીજું થોડું ઘણું અસ્તિ વિનાની નાસ્તિની ક્રિયાઓની કિંમત આંકે એ તો અનાદિની જે ગડબડ ચાલે છે એની એ ગડબડ ચાલી એમાં. એથી કાંઈ એના આત્માને લાભ થાય એવું નથી.

મુમુક્ષુ :– સાચા શુભભાવમાં પણ જીવ રોકાય નહિ, ત્યાં પણ એમ કહ્યું. ઇ ધર્મ નથી એમ કહે છે.

પૂજ્ય ભાઈશ્રી :– નથી તો નથી જ કહેવાયને. જે નથી એને છે એમ કેમ કહેવાય ? શુભભાવ છે એ તો રાગરૂપ ભાવ છે અને ધર્મ તો વીતરાગરૂપ ભાવ છે. ધર્મ છે એ તો વીતરાગરૂપ ભાવ છે અને શુભરાગ તો રાગરૂપ ભાવ છે. બેની જાત જુદી છે એટલું જ નહિ પણ બે વિરુદ્ધ જાતિના ભાવો છે. બંને વચ્ચે વધ્ય-ઘાતક સંબંધ છે. 'સમયસાર'માં કર્તા-કર્મ અધિકારમાં એક દૃષ્ટાંત આવે છે કે લાખ પીપળામાંથી થાય છે. પીપરને લાખ થાય છે. 'ગુરુદેવ' દૃષ્ટાંત આપતા. 'ભાવનગર'ના મોતીબાગ આગળ લાઈનબંધ સંખ્યાબંધ પીપર હતી. અત્યારે નથી. એ બધી ખવાઈ ગઈ. એમાંથી લાખ નીકળે. એ લાખ છે એનાથી ખવાઈ જાય. લાખ એટલે એમાંથી ને એમાંથી ઉત્પન્ન થતો રસ છે. પણ એ વધ્ય-ઘાતક (સંબંધ છે), પીપર અને લાખને વધ્યઘાતક સંબંધ છે. પીપર એનાથી હણાય છે–નાશ કરે છે. એમાંથી ને એમાંથી નીકળે છે.

એમ શુભરાગ ઉત્પન્ન કરે છે આત્મા, પણ આત્માના સ્વભાવગુણને અને રાગને વધ્ય-ઘાતક સંબંધ છે. રાગરસ એના જ પરિણામમાં ઉત્પન્ન થાય છે પણ એને ને એને વધ્ય-ઘાતક સંબંધ છે. એ ઘાત કરનાર છે આત્માનો. એટલા માટે

એને અનિષ્ટ કહ્યો છે, ઘાતક પરિણામ કહ્યો છે. પુણ્ય-પાપના અધિકારમાં એને ઘાતક કહ્યા છે. દુષ્ટ-અનિષ્ટ અને ઘાતક એવા ત્રણ શબ્દો 'રાજમલજી'એ વાપર્યા છે.

મુમુક્ષુ :– ... શુભ હેય છે, જ્ઞાનીને અનુભૂતિ થઈ ગઈ છે એટલે એમને ખ્યાલ છે કે આ અનાદિ ધર્મ નથી. એમણે કરુણા કરીને અમને કહ્યું પણ અમને...

પૂજ્ય ભાઈશ્રી :– ભલે ખબર ન હોય પણ ખબર ન હોય એટલે પછી આગળ ખબર નહિ પડે એવું કાંઈ ગાંઠ મારવાની છે ? એમ કરીને છૂટી જવાનું છે કે અમે રહ્યા અજ્ઞાની. અમને ક્યાં જ્ઞાન થયું છે ? એમ કરીને છૂટી થોડું જવાનું છે. પોતે અજ્ઞાનદશામાં જે વાત ન સમજ્યો હોય અને જ્ઞાનદશાવાળા એ વાત સમજાવે તો એણે પરમ પ્રેમથી, પરમ ઉલ્લાસથી એનો આદર કરવો જોઈએ. અને પોતાની જે ભૂલ થાય છે એનો એણે વિકલ્પથી આદર કર્યો છે તો વિકલ્પથી તો પહેલા નિષેધ કરે, પછી નિર્વિકલ્પ નિષેધ આવશે. પણ પહેલા વિકલ્પથી તો નિષેધ કરે કે મારો ધર્મ વીતરાગ સ્વભાવરૂપ મારો ધર્મ એ કોઈ બીજી ચીજ છે, આ કોઈ ધર્મનું સ્વરૂપ નથી. થાય છે પણ થાય છે તેથી કરવા જેવો છે એ બીજી વાત છે. અને કરવા જેવો નથી એમ માનતા પણ થઈ જાય એ બીજી વાત છે. બે વાત જુદી જુદી છે.

એટલે પરિચય કરવાનો કીધો છે. તારા રાગરૂપ ભાવનો પરિચય કર. એ પરિચય કરતાં તને રાગમાં રાગની મલિનતા દેખાય છે ? સમજાય છે ? એ પરિચય કરતાં તને રાગમાં રહેલી આકુળતાનું દુઃખ સમજાય છે ? પકડાય છે ? અને એ રાગમાં રહેલી પોતાના જ્ઞાનસ્વભાવથી વિપરીતતા છે એ વિપરીતતા સમજાય છે ? અને પકડાય છે ? વિપરીતપણું, અશુચિપણું અને દુઃખ. આ ત્રણ એના પડખા છે રાગના, ચાહે તે રાગ હોય, એ સમજાય તો જીવ એનાથી પાછો વળે. જો જીવ એનાથી પાછો વળે તો એને નવો આસ્રવ (થતો) બંધ થાય.

**અશુચિપણું, વિપરીતતા એ આસ્રવોનાં જાણીને,**
**વળી જાણીને દુઃખકારણો, એથી નિવર્તન જીવ કરે. ૭૨**

આ 'સમયસાર'ની ગાથા છે. એ તો નાસ્તિનો વિષય છે કે રાગમાં રહેલું દુઃખ, રાગમાં રહેલું અશુચિપણું ભાવમલિનતા–મેલ–અપવિત્રતા અને રાગમાં રહેલું દુઃખ, વિપરીતતા, મલિનતા એ તો નાસ્તિનો વિષય છે. સ્થૂળ વિષય છે. એ પણ એને ન પકડાય તો એનું જ્ઞાન ઘણું મેલું છે કે જેથી એને એ પકડાતું નથી. તો એને પોતાનો જે સૂક્ષ્માતિસૂક્ષ્મ પવિત્ર જ્ઞાનસ્વભાવ એ તો સમજાવાનો વિષય જ રહેતો નથી. આમ થાય. પરિચય કરવો જોઈએ. જ્ઞાનનો અને રાગનો પરિચયનો અભ્યાસ, સૂક્ષ્મતાથી અવલોકનથી પરિચય કરવાનો અભ્યાસ સતત ચાલવો

જોઈએ.

**'જ્યારે પરપ્રવેશનો અભાવભાવ થયો,...'** નાસ્તિથી લીધું છે કે પરમાં હુંપણે પ્રવેશી જતો હોય તેવી રીતે ભાવ કરતો હતો. કડવી દવા ખાય તો એને એમ થાય કે આ કડવાશ મારામાં વ્યાપી ગઈ. ગળપણ ખાય તો એને એમ થાય કે ગળપણ મારામાં વ્યાપી ગયું. આ જે એનો પરપ્રવેશભાવ છે એ એના સ્વસંવેદનને અવરોધક ભાવ છે. નિજજ્ઞાનરૂપ જે સ્વસંવેદન છે એને અવરોધક ભાવ છે. આ ભાવ એને રોકે છે. એ ભાવનો એને અભાવ થાય ત્યારે એને સ્વસંવેદનરૂપ નિજજ્ઞાન થાય.

એ ક્યારે થાય ? કે જ્યારે એ ઉપયોગમાં જ્ઞાનરૂપ વસ્તુને જાણે ત્યારે. એક લીટી છોડીને એ વાત છે. **'અથવા ઉપયોગમાં જ્ઞાનરૂપ વસ્તુને જાણે.'** ચાલતા જ્ઞાનના વેપારને ઉપયોગ કહે છે. જ્ઞાનગુણના ચાલતા પરિણામને ઉપયોગ કહે છે. એ ઉપયોગમાં જ્ઞાનમય વસ્તુ હું છું. મારામાંથી જ્ઞાનનો ઉપયોગ ઉત્પન્ન થાય છે કે જે ઉપયોગધારી છે એ પોતે જ જ્ઞાનમય વસ્તુ છે, એને જ્યારે જાણે ત્યારે એ પોતાને પોતામાં વ્યાપ્ય વ્યાપકપણે જાણે અને પોતામાં પોતાને વ્યાપ્ય વ્યાપકપણે જાણે ત્યારે એ પરમાં વ્યાપતો નથી એમ પણ જાણે. નહિતર પરમાં વ્યાપીને જાણું છું એવો એનો અધ્યાસ છે, એ અનાદિનો ચાલ્યો આવતો અધ્યાસ મટે એવું નથી.

ત્યાગની પરિભાષા 'શ્રીમદ્જી'એ બહુ સરસ કરી છે. ભાઈ ! ધર્મના ક્ષેત્રમાં તને ત્યાગ બહુ ગમે છે અને તને ત્યાગ રુચે છે અને ત્યાગ કરવાનો તું હિમાયતી છો તો અમે તને ત્યાગ કોને ભગવાને કહ્યો એ કહીએ છીએ. પ્રથમમાં પ્રથમ પરમાં અહંપણારૂપ જે અધ્યાસ છે એ અધ્યાસના ત્યાગને શ્રીજિને ત્યાગ કહ્યો છે. આવી રીતે ત્યાગની વ્યાખ્યા નાખી છે. અહીં તો કહે આ રોટલા છોડ્યા એટલે ત્યાગ કર્યો. ફલાણું છોડ્યું, ઘરબાર છોડ્યા એટલે ત્યાગ કર્યો, દીક્ષા લીધી એટલે ત્યાગ કર્યો. પણ અધ્યાસ એમ ને એમ રહ્યો. તો શું ત્યાગ કર્યો ? કાંઈ ત્યાગ કર્યો નથી. પર પદાર્થનો મેં ત્યાગ કર્યો એમાં જીવે, એવી માન્યતામાં જીવે મિથ્યાત્વનું ગ્રહણ કર્યું છે. કેવા મિથ્યાત્વનું ? અનાદિનું તો હતું જ અગૃહીત. ગૃહીત મિથ્યાત્વને ઉત્પન્ન કરીને ગ્રહણ કર્યું છે એણે. આ મોટી ગડબડ છે. મોટા મોટા વિશેષણ લગાડ્યા હોય અને ગૃહીત મિથ્યાત્વ પોસતા હોય, ચલાવતા હોય એને (કઈ રીતે) મેળ ખાય આ વાતનો ? કોઈ રીતે મેળ ખાય નહિ.

મુમુક્ષુ :– વ્રત, તપ કરવા કે નહિ ?

પૂજ્ય ભાઈશ્રી :– વ્રત, તપ સાચા કરવા. નદીના કાંકરાને હીરા માનીને ભેગા કરે અને કોઈ એમ કહે કે ભાઈ ! આ કાંકરા છે અને આનું કાંઈ આવશે નહિ.

એક કોડીની પણ કિંમત નથી. પછી એ પ્રશ્ન કરે કે અમારે ન હીરા ભેગા કરવા ? પણ સાચા હીરા ભેગા કરવા, કાંકરા નહિ. એમ કહે છે. સાચા હીરા ભેગા કરવા. એમ સાચા વ્રત-તપ કરો. સ્વરૂપમાં શ્રદ્ધા-જ્ઞાન-ચારિત્રથી વીંટળાઈ જવું તે વ્રત છે અને સ્વરૂપમાં વિશેષપણે સ્થિર થઈ જવું–પ્રતપન તે તપ છે. એવું સાચું વ્રત અને સાચું તપ કરો. બાકી વ્રત-તપ વૃત્તિનું સ્વરૂપ, એવું જે સ્વરૂપમાં સ્થિર થવાની જે વૃત્તિ છે એને જાણી નહિ અને રાગરૂપ વૃત્તિને પણ ખરેખર જાણી નહિ કે આ દોષિત વૃત્તિ છે તો શું થયું ? કે 'લહ્યું સ્વરૂપ ન વૃત્તિનું, ગ્રહ્યું વ્રત અભિમાન.' વૃત્તિનું સ્વરૂપ તો જાણ્યું નહિ અને વ્રતનું અભિમાન કરી લીધું. એ થયા વગર એને રહે નહિ. મિથ્યાદૃષ્ટિ છે–પર્યાયદૃષ્ટિ છે એને એ થયા વિના રહે નહિ.

થોડી મુશ્કેલી જ એ છે કે એક તો અનાદિનો મિથ્યાદૃષ્ટિ પર્યાયદૃષ્ટિ છે. પર્યાયમાં કાંઈપણ ફેરફાર થતાં એ પર્યાયદૃષ્ટિ વધારે દઢ કરી જાય તો પાછી મુશ્કેલી વધે છે. નાજુક પરિસ્થિતિ છે આ. પ્રયોજન તો પર્યાયમાં ફેરફાર કરવાનું છે. પર્યાયના દોષો સમ્યક્ પ્રકારે ટાળવા અને પર્યાયમાં સમ્યક્ પ્રકારે ગુણ ઉત્પન્ન થવા. આ ફેરફાર તો પ્રયોજનભૂત છે. તેમ છતાં પર્યાયનો ફેરફાર પર્યાય અપેક્ષાએ પ્રયોજનભૂત હોવા છતાં પર્યાયદૃષ્ટિ ન થવી જોઈએ એ સાવધાનીથી જ્ઞાનીઓએ જે કાંઈ બોધ આપ્યો છે એ આ પ્રકારે આપ્યો છે, આ વાત રાખીને આપ્યો છે. જો ભાઈ ! તું સ્વભાવને ઓળખ, સ્વભાવનો નિર્ણય કર એમાં અહંપણુ સ્થાપ, એમાં ઉપયોગ સ્થિર થાય અને સ્વભાવનું ગ્રહણ થાય, સ્વભાવ ઉપર દૃષ્ટિ જાય તો તને પર્યાયમાં ગુણ પ્રગટે તોપણ પર્યાયદૃષ્ટિ થાય નહિ. દોષ મટે તોપણ પર્યાયદૃષ્ટિ થાય નહિ. અને નહિતર પર્યાયદૃષ્ટિમાં એનું અહંપણું અને અભિમાન આવ્યા વિના રહે નહિ. આ પરિસ્થિતિ છે. રસ્તો કાઢ્યો છે જ્ઞાનીઓએ, નથી કાઢ્યો એવું કાંઈ નથી.

મુમુક્ષુ :– ચારિત્ર સુધારવા પ્રયાસ કરવો કે શ્રદ્ધા સુધારવા પ્રયાસ કરવો ?

પૂજ્ય ભાઈશ્રી :– શ્રદ્ધા સુધારવા જ પ્રયાસ કરાય ને. એ પહેલા ચારિત્ર સુધરવાનું જ નથી. પ્રયાસ કરે તોપણ સુધવાનું નથી. શું છે ? કોઈ એમ કહે કે ભલે અમે શ્રદ્ધા ન સુધારીએ, પહેલા ચારિત્ર સુધારીએ. એ સુધરવાનું જ નથી પછી ક્યાં સવાલ છે ? જે વસ્તુ જે રીતે બની શકતી નથી એ બનાવવા જાય તો શું થાય ? વસ્તુ બગડી જાય.

'ગુરુદેવ' શીરાનો દૃષ્ટાંત આપતા કે લોટને પહેલા ઘીમાં શેકીને બરાબર શેકાઈ ગયા પછી ગોળનું પાણી નાખે તો શીરો થાય. જે લોટના રજકણો ઘી પી ગયા છે એ ઘી જુદું પડીને પાછું બહાર આવે. જુદું તરતું દેખાય છે કે નહિ ઘી ? નાખ્યું

ત્યારે તો અંદર લોટ શેક્યો ત્યારે તો કાંઈ ઘીનું એકેય ટીપું નહોતું દેખાતું પછી રેલા ચાલવા માંડ્યા આ ક્યાંથી થયું ? એ બરાબર લોટ શેકાઈ ગયા પછી એ ગોળનું પાણી નાખે તો શીરો થાય. અને 'ગુરુદેવ' તો પછી મલાવીને વાત કરતા. કોઈ ડાહીની દીકરી એવી નીકળે કે આવી રીતે અમથું અમથું લોટ ઘી પી જાય એવું નુક્સાન કરાય કાંઈ ? પહેલા આપણે ગોળનું પાણી નાખો. ગોળના પાણીમાં લોટને શેકો પછી પાછળથી ઘી નાખશું ચોખ્ખું. એટલે ઉપર તો રહે. તારો શીરો તો નહિ થાય પણ લુપરા પણ નહિ થાય. લુપરી એટલે પોટીસ. ગુમડે લગાડવાની પોટીશ પણ નહિ થાય. એ લોટ પણ બગશે, ગોળ પણ બગડશે અને ઘી પણ બગડશે. ત્રણે બગડશે. એમ શ્રદ્ધા સુધાર્યા વિના ચારિત્ર સુધારવા જઈશ (તો) તારું બધું બગડશે. મિથ્યાત્વ દૃઢ થઈને આખો મનુષ્યભવ નકામો ચાલ્યો જાશે.

મુમુક્ષુ :– વ્રત, તપ, દયા, દાન... મિથ્યાત્વ...

પૂજ્ય ભાઈશ્રી :– હા. નામ જુદા જુદા છે. એક જ પર્યાયના હજારો નામ છે. આ તો થોડાક છે પણ હજારો નામ છે. એટલા માટે એ બધા એને નામ લાગુ પડે છે કે એક વીતરાગ પર્યાયમાં અનંત ગુણ છે. કેટલા ? અનંત ગુણ. 'ગુણ અનંત કે રસ સબૈ અનુભવરસ કે માંહિ.' અનંત ગુણ છે તો એને જુદા જુદા ગુણથી એનું નામ આપવામાં આવે છે. પર્યાય એક છે, નામ એને અનેક મળે છે કેમકે અનેક ગુણ છે. બધા ગુણવાચક નામ છે એના. એટલે એ બધા ગુણ એનામાં છે. એક સમયની વીતરાગ પર્યાયમાં, સમ્યક્ પર્યાયમાં અનંત ગુણ હોવાથી અનંત નામ એને આપી શકાય છે પણ નામ અનંત (નથી). શબ્દોમાં શક્તિ નથી એટલે સંખ્યાત શબ્દોથી એના જુદા જુદા ગુણથી બતાવે છે. પણ એ ગુણ છે એનામાં.

મુમુક્ષુ :– ...

પૂજ્ય ભાઈશ્રી :– જાતિ એક છે અને એક જાતના પરિણામમાં ગુણ અનેક છે. કેટલા ગુણ પ્રગટ્યા સમ્યક્ થતાં ? કે અનંત ગુણ પ્રગટ્યા. એને બતાવવા માટે, એનો મહિમા વધારવા માટે અનંત ગુણથી એને સમજાવવામાં આવે છે, કહેવામાં આવે છે. છે અને કહેવું છે ને ? ન હોય અને કહીએ તો દોષ છે.

મુમુક્ષુ :– ... અર્થ તો એક જ થયો ?

પૂજ્ય ભાઈશ્રી :– હા, ભલે એક અર્થ થયો પણ એ અનેક પ્રકારે એના ગુણ છે. અનેક પ્રકારે એના ગુણ છે એ જાતના. જુઓ ! બધી તમામ સંપત્તિ છે એને એક Unit માં માપવામાં આવે છે. મકાન હોય તો કહે કેટલા લાખનું ? જમીન હોય તો કહે કેટલા લાખની ? ઝવેરાત હોય, જર-ઝવેરાત હોય તો કેટલા ? રોકડ

હોય. બધાયને એક Unit માં માપવામાં આવે છે કે નહિ ? પણ બધી સંપત્તિ છે. સંપત્તિના અનેક ભેદ છે. એમ ગુણભેદ અનેક છે. છે એક જીવની જ ગુણસંપત્તિ.

શું કહ્યું અહીંયાં ? **'જ્યારે પરપ્રવેશનો અભાવભાવ થયો ત્યારે સ્વસંવેદનરૂપ નિજજ્ઞાન થાય અથવા ઉપયોગમાં જ્ઞાનરૂપ વસ્તુને જાણે.'** ગ્રહણ કરે ત્યારે અહીંયાં ત્યાગ થાય. શેનો ? કે પરપ્રવેશના ભાવનો ત્યાગ થાય–અભાવ થાય. ત્યારે સ્વસંવેદન નિજજ્ઞાન થાય. **'અથવા પોતાના દ્રવ્ય-ગુણ-પર્યાયનો વિચાર કરી નિજપદને જાણે.'** જાણે એટલે અનુભવ કરે. પ્રથમ એને વિચાર કરવાની એટલી સ્થિતિ હોય તો દ્રવ્ય-ગુણ-પર્યાયનો ભેદથી પણ વિચાર કરીને નિર્ણય કરે. મનુષ્યપર્યાયને ઉદ્દેશીને મુખ્ય વાત છે. તિર્યંચમાં એટલા દ્રવ્ય-ગુણ-પર્યાયના વિચારની અંદર લાંબી સ્થિતિ એ જાતનો ઉઘાડ નહિ હોવાથી હોતી નથી. છતાં જ્ઞાન તે આત્મા એમ ગુણ-ગુણીનો ભેદ પડી જાય છે એટલો. જ્ઞાન તે આત્મા, આ જ્ઞાન તે આત્મા એ એટલો ભેદ પડે છે.

મુમુક્ષુ :– અજ્ઞાની પરપ્રવેશ કરી શકતો નથી પણ માને છે.

પૂજ્ય ભાઈશ્રી :– એટલે તો મિથ્યા કહ્યું એને. થઈ શકતો નથી એટલે માને છે. જેમકે જેમાં મીઠાશ છે એવી ચીજનો સ્વાદ લીધો. તો એમાં પ્રવેશ થઈ શકતો નથી. લાડવાના રજકણમાં આત્માનું જ્ઞાન પ્રવેશ કરીને એને વેદી શકતું નથી તેથી એણે કલ્પના કરી છે કે મેં લાડવો ખાધો તોપણ એને તૃપ્તિ થતી નથી. એને અતૃપ્તિપણું કેમ રહે છે ? એને તૃપ્તિ કેમ નથી કોઈપણ પ્રકારે ? એમાં પરપદાર્થની સાથે અભેદતાનો અધ્યાસ છે. ખરેખર વાસ્તવિકપણે અભેદતા સાધી શકાતી નથી. આ પરિસ્થિતિ છે.

મુમુક્ષુ :– મફતનો દુઃખી થાય છે.

પૂજ્ય ભાઈશ્રી :– આકુળતા થાય છે. કાંઈ મળતું નથી અને દુઃખની પ્રાપ્તિ થાય છે. કોઈવાર એ દુઃખમાં સુખની કલ્પના કરીને હરખાય છે તોપણ એને તૃપ્તિ તો થતી નથી.

નિજપદને જાણે તેમાં જાણે તે **'અનંત મહિમાનો ભંડાર...'** છે એમ જાણે. કારણ કે છેલ્લું પદ એમણે (એ લખ્યું છે), પ્રતીત કરે અને આમ જાણે. આમ જાણે એમ લેવું છે. કહે છે કે **'અનંત મહિમાનો ભંડાર સાર, અવિકાર, અપાર શક્તિથી મંડિતથી મારું સ્વરૂપ છે એવો ભાવ પ્રતીતિ વડે કરે.'** માત્ર એવો લુખ્ખો વિચાર કરે એમ ન લીધું. પ્રતીતિભાવ કરવાનો જ્યાં સવાલ છે ત્યાં હુંપણે એને પ્રતીતિ કરવાનો સવાલ છે. હું પોતે અનંત મહિમાનો ભંડાર, અનંત સુખસ્વરૂપ, નિર્વિકાર, અવિકારસ્વરૂપ અને અનંત અનંત અપાર શક્તિમય એવું મારું સ્વરૂપ છે. એવું

મારું સ્વરૂપ છે એમ પ્રતીતિમાં વાત છે. એવો કો'ક આત્મા છે એમ નહિ. એવું મારું સ્વરૂપ છે એમ સ્વરૂપની પ્રતીતિ કરે. હુંપણે પ્રતીતિ કરે. અને એ પ્રતીતિ કરે ત્યારે એ પ્રતીતિ સહિત જે જ્ઞાન થાય એમાં એમ જાણે કે આમાં સ્થિર થવાથી, આવા સ્વરૂપમાં સ્થિર થતાં, ધ્યાન ધર્યે એટલે એમાં સ્થિર થતાં **'નિશ્ચલતા થાય,...'** ચંચળતા પણ મટી જાય, ઉપયોગ જે જ્ઞેયોને બદલ્યા કરે છે, જ્ઞેયથી જ્ઞેયાંતર દશાને પામે છે એ પણ ચંચળતા એની મટી જાય.

**'નિશ્ચલતા થાય એમ જ્ઞાન જાણે.'** આમ પ્રતીતિ, આચરણ અને જ્ઞાન ત્રણે એકસાથે લીધા છે. દર્શન-જ્ઞાન અને ચારિત્ર ત્રણે લીધા છે. એમ ન કહ્યું કે આવી માત્ર પ્રતીતિ કરે, બસ ! એટલે શ્રદ્ધા તો થઈ ગઈ, હવે જ્ઞાન-ચારિત્ર પછી કરશે, એમ નથી. શ્રદ્ધા કરે ત્યારે એને જ્ઞાન પણ થાય. જ્ઞાન થાય ત્યારે એને ધ્યાન પણ થાય. જો કે સમ્યગ્દર્શનરૂપ શ્રદ્ધા પ્રથમ ધ્યાનમાં જ પ્રગટ થાય છે. એક ચારિત્ર અપેક્ષાએ ધ્યાનની દશા છે કે જેમાં સમ્યગ્દર્શનની ઉત્પત્તિ થાય છે. એ સિવાય સમ્યગ્દર્શનની ઉત્પત્તિ બીજા પ્રકારે કોઈ માને કે મેં આ શાસ્ત્ર વાંચ્યા એટલે અમારી એવી શ્રદ્ધા છે. અમારી એવી શ્રદ્ધા છે માટે હવે સમકિત તો અમને થઈ ગયું. અમારી શ્રદ્ધા તો સાચી થઈ ગઈ. પહેલા બીજી રીતે માનતા હતા, હવે આ રીતે માનીએ છીએ. એમ નથી.

પ્રથમ શ્રદ્ધા ત્યારે જ કહેવામાં આવે છે કે જ્યારે પ્રથમ સ્વરૂપલીનતા પ્રગટ થાય ત્યારે. આવે છે ? 'સોગાનીજી'ના પત્રમાં આવે છે. પ્રથમ શ્રદ્ધા તબ હી કહી જાતિ હૈ... એમ કરીને લીધું. જબ પ્રથમ હી સ્વરૂપલીનતા પ્રાપ્ત હો. સ્વરૂપલીનતા પ્રગટ થાય ત્યારે જ એને સમ્યગ્દર્શન થાય છે. એટલે સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્રાણી મોક્ષમાર્ગઃ એ મોક્ષમાર્ગની અંદર મોક્ષમાર્ગના ત્રણેય અવયવો અવિનાભાવીપણે હોય.. હોય.. ને હોય જ. ન હોય એવું કદી બને નહિ.

મુમુક્ષુ :– ગુણ ત્રણે જુદા છે.

પૂજ્ય ભાઈશ્રી :– અનંત ગુણ જુદા છે પણ છતાં ત્યાં અનંત ગુણ પ્રગટ થાય છે. ગુણ કાંઈ વસ્તુ થોડી છે ? એક પદાર્થની વિશેષતા છે. એ કાંઈ જુદી જુદી વસ્તુ નથી. એક જ પદાર્થની અભેદ પદાર્થની એ બધી ભિન્ન ભિન્ન વિશેષતાઓ છે.

સંપ્રદાયમાં તો એ વિષય જ ક્યાંય નથી અત્યારે. શાસ્ત્રમાં હતું પણ સમાજની અંદર નથી. શાસ્ત્રમાં તો બધું પડ્યું છે. સમાજમાં એ વાત, એવી દૃષ્ટિ નથી કે અહીંયાં શું કહે છે ? ચોથું ગુણસ્થાન કેવું હોય ? ચોથું ગુણસ્થાન પ્રાપ્ત કરવા માટે અંતર અભ્યાસ કેવો હોય ? એ પ્રકારની વિચારણા, એની વિસ્તારથી વિચારણા

એ વિષય ક્યાંય (નથી). ખલાસ થઈ ગયો. લાગી પડ્યા જુદી...જુદી.. જુદી રીતે રૂઢિમાં.

એ રીતે અહીંયાં શ્રદ્ધા-જ્ઞાન-ચારિત્ર ત્રણેને સાથે લીધા છે. આવા પ્રકારે **'સ્વરૂપના જ્ઞાન વિના પરની માન્યતા કરી...'** એટલે પરમાં હુંપણું માની માનીને **'સંસારી દુઃખી થયા.'** છે. જે સંસારીજીવ છે એ આ રીતે મિથ્યાત્વમાં દુઃખી થયા. તે કેવી રીતે મટે અને સુખી થાય ? એનો વિષય પાછો ફરીને અહીંથી ચાલુ કરશે.

❈ ❈ ❈

**જ્ઞાનદ્વારમાં સ્વરૂપ શક્તિને જાણવી. લક્ષણ જ્ઞાન, અને લક્ષ્ય આત્મા પોતાના જ્ઞાનમાં ભાસે છે. ત્યારે સહજ આનંદધારા વહે છે તે અનુભવ છે.**

**(પરમાગમસાર–૭૧૦)**

❀

**જગતમાં આત્માના ભાનવાળા સંતો તથા જે ગુણવંત કહેવાય તે આત્માનો અનુભવ કરો. દયા-દાનાદિ પરિણામ થાય તે આસ્રવ છે. ધર્મ નથી-તેમ જાણો. બહારની તપશ્ચર્યા કરે, અભિગ્રહ કરે તેને ગુણવંત કહ્યા નથી. આનંદ સ્વભાવની ખોજ કરે તે ગુણવંત સંત છે. એકલી ક્રિયાકાંડ કરે તેને સંત કહેતા નથી. બધા જીવરાશિ સ્વરૂપને અનુભવો, (આ) અનુભવ એક જ મુક્તિનો માર્ગ છે.**

**(પરમાગમસાર–૭૧૧)**

## તા. ૧૧-૯-૧૯૮૫, પાના નં. ૬,
## પ્રવચન નં. ૨૬

**'સ્વરૂપના જ્ઞાન વિના પરની માન્યતા કરી...'** જીવ દુઃખી થયો. એ માન્યતા, પરની માન્યતા એટલે પરમાં હુંપણાની માન્યતા **'કેવી રીતે મટે ? તે કહેવામાં આવે છે :–'**

**'ભેદજ્ઞાન વડે પર અને નિજના અંશ અંશને ન્યારા ન્યારા જાણે.'** પરમાં સ્વપણાની માન્યતા મટાડવા માટે ઉપાય ભેદજ્ઞાન છે એમ કહ્યું. મટાડવી છે માન્યતા, ઉપાય કરે છે જ્ઞાનથી. આગળ પણ આ જ પદ્ધતિથી થોડી વાત કરી છે કે **'ચેતના અંશને...'** બીજે પાને છે. સમાધાનનો Paragraph છે એમાં છેલ્લે. છેલ્લી બે લીટી. **'ચેતના અંશ અંશને પોતાનો જાણે (કે) જેમાં જડનો પ્રવેશ નથી.'** એટલી વાત લીધી હતી. અહીંયાં ચેતનાની જગ્યાએ નિજ લીધું છે કે **'પર અને નિજના અંશ અંશને ન્યારા ન્યારા જાણે.'** અંશ અંશને એટલ દ્રવ્ય-ગુણ-પર્યાય. કોઈ અંશ. જડના ગુણ-દ્રવ્ય-પર્યાયનો કોઈ અંશ કે ચૈતન્યના દ્રવ્ય-ગુણ-પર્યાયનો કોઈ અંશ, બંને અંશ છે તેને ન્યારા ન્યારા જાણે. ભિન્ન ભિન્ન જાણે. જડમાં ચેતનને ન ભળવે. ચેતનમાં જડને ન ભેળવે. **'ભેદજ્ઞાન વડે પર અને નિજના અંશ અંશને ન્યારા ન્યારા જાણે.'** અથવા જે પુદ્ગલ અંશમાં પોતાપણું મનાય છે તેને તપાસીને જુએ કે અહીંયાં મારું અસ્તિત્વ– અહીંયાં હું છું કે નહિ ? ચેતનમાં જ્યાં શરીરાદિ, રાગાદિનું પોતાપણું મનાય છે, જણાય છે ત્યાં પણ તપાસ કરે. એકલું ચૈતન્યપણું જુદું પાડે. નિજ ચેતનાને જુદી પાડે. પર અને રાગાદિને જુદા જાણે.

તે આ રીતે કે **'હું ઉપયોગી, મારું ઉપયોગીત્વ ગ્રંથો ગાય છે.'** હું ઉપયોગી છું. અહીંયાં 'દિપચંદજી'ની ખાસ શૈલી એવી છે કે ઉપયોગથી આત્માને પકડાવ્યો છે. ઉપયોગ પ્રસિદ્ધ છે. ઉપયોગ પકડાય એવી ચીજ છે એટલે ઉપયોગથી આત્માને પકડાવ્યો છે. લબ્ધથી પકડવાનું કહે તો એમ પ્રશ્ન કરે કે લબ્ધ તો સમજાતું નથી, પકડાતું નથી. પણ ઉપયોગથી વાત લીધી છે. ઠેઠ ક્યાં સુધી ઉપયોગની વાત લે છે ? કે નીચે પણ બીજો Paragraph શરૂ કરે છે ત્યાં એમ કહે છે કે **'મારું અનંત સુખ મારા ઉપયોગમાં છે. તે મારો ઉપયોગ તો સદા હું ધરું છું. હું ઉપયોગને ભૂલી અનુપયોગમાં અનાદિથી રત થઈ સુખસ્થાનક ચેતના-ઉપયોગને ભૂલ્યો.'**

અહીંયાં ઉપયોગ છે એ ચેતનાના સ્થાનમાં છે. ઉપયોગમાં ચેતના વ્યાપતી હોવાથી, ઉપયોગની અંદર ચેતના વ્યાપતી હોવાથી ચેતના સમજાવવા માટે ઉપયોગથી વાત કરી છે. જે છેલ્લે લીધું ને ? કે અનાદિથી રત થઈ સુખસ્થાનક એવી જે ચેતના તેને ભૂલ્યો. ચેતનાને ભૂલ્યો અર્થાત ઉપયોગને ભૂલ્યો. એમ નીચે લખ્યું છે. ત્યાંથી એ અર્થ પકડવો.

નહિતર શાસ્ત્ર ભણનારને અનેક પ્રકારના તર્ક થાય છે કે અત્યારે ઉપયોગ છે એ તો બહિર્મુખ છે અથવા અત્યારે જે ઉપયોગ વર્તે છે તે ઇન્દ્રિયજનિત (છે), અતીન્દ્રિય ઉપયોગ નથી પણ ઇન્દ્રિયજ્ઞાનરૂપ ઉપયોગ છે, બહિર્મુખ ઉપયોગ છે, અલ્પજ્ઞ પર્યાયરૂપ ઉપયોગ છે તો આ ઉપયોગને પકડીને હું કેવી રીતે આગળ વધું ? ઉપયોગને હું ભૂલ્યો તો આને ભૂલવાનો ક્યાં સવાલ છે ? બહિર્મુખપણું તો ભૂલ્યો નથી, ઇન્દ્રિયજ્ઞાનપણું તો ભૂલ્યો નથી. પણ અહીંયાં ઉપયોગ એટલે ચેતના. એ ચેતનાથી વાત કરવાને બદલે ઉપયોગથી કેમ વાત કરે છે ? કે ઉપયોગમાં ચેતના વ્યાપેલી છે. એટલે પ્રગટ ચેતનાથી, ઉપયોગથી પ્રગટ ચેતના સમજાવવી છે અને પ્રગટ ચેતનાથી ચેતના સ્વભાવને ગ્રહણ કરાવવો છે. આટલો એની અંદર મર્મ છે.

મુમુક્ષુ :– જ્ઞાની, અજ્ઞાની બંનેને ચેતના વ્યાપેલી છે ?

પૂજ્ય ભાઈશ્રી :– હા, જ્ઞાની-અજ્ઞાની બંનેને ઉપયોગમાં ચેતના વ્યાપેલી છે. એમાં જ્ઞાની-અજ્ઞાનીનો કોઈ ભેદ નથી. કોઈપણ જીવના ઉપયોગમાં ચેતના વ્યાપેલી છે. એ 'સમયસાર'ની ૪૯મી ગાથા છે એમાં એ વિષય લીધો છે. ૪૯ ગાથામાં જ્યાં ચેતનાની વાત લીધી છે કે જીવ ચેતનાગુણ. ચેતનાગુણની જે વાત લીધી છે ત્યાં એક બહુ માર્મિક વાત લીધી છે કે ચેતના ગુણ દ્વારા સદાય અનુભવમાં આવી રહ્યો છે. એવી વાત લીધી છે.

**'પોતાના અનુભવમાં આવતા ચેતનાગુણ વડે સદાય અંતરંગમાં પ્રકાશમાન છે.'** આત્મા સદાય પ્રકાશમાન છે–એક વાત તો (એ લીધી). આત્મા સદાય ક્યાં પ્રકાશમાન છે ? કે અંતરંગમાં પ્રકાશમાન છે. ઉપયોગનો બહિરંગ, ઉપયોગનો બહિરંગ જે ભાવ છે એને ગૌણ કરીને એને લક્ષમાં નહિ લેતા એનું અંતરંગ જોવામાં આવે તો અંતરંગમાં ચેતના પ્રકાશમાન છે. હવે સદાય છે એમાં ત્રણ કાળ આવી ગયો. જો સદાયમાં ત્રણે કાળ આવી ગયો તો અજ્ઞાની હતો ત્યારે પણ એ આવી ગયો. કે ન આવ્યો ? જ્ઞાની-અજ્ઞાની બંનેને સાબિત થાય છે કે નહિ ? **'પોતાના અનુભવમાં આવતા ચેતના ગુણ વડે સદાય અંતરંગમાં પ્રકાશમાન છે. તેથી જીવ ચેતનાગુણવાળો છે.'** અથવા ચેતનાગુણમય છે, એમ લેવું.

'ગુરુદેવ' છઠ્ઠી ગાથાના પ્રવચનમાં એવું કહેતા કે ભાઈ ! અનાદિથી તેં કદી પરને જાણ્યું નથી. જાણ્યું નથી એટલે અનુભવ્યું નથી. તને તારો અનુભૂતિસ્વરૂપ ભગવાન આત્મા અથવા ચેતનાગુણ, ચેતનાસ્વભાવ કહો, ચેતનાગુણ કહો, ભગવાનઆત્મા કહો એ જ અનુભવમાં આવ્યો છે પણ તેં એ વાત સ્વીકારી નથી. તેં એ વાત સ્વીકારી નથી અને જે જ્ઞાનના પડદા ઉપર પર પદાર્થનું પ્રતિબિંબ આવ્યું એ પ્રતિબિંબ પડતાં તેં પરને અનુભવ્યાનું સ્વીકાર્યું છે કે એનો હું અનુભવ કરું છું. એ તો ખાલી પ્રતિબિંબ આવ્યું છે, એ (પ્રતિબિંબ) તો આવ્યું નથી. તેં એમ સ્વીકાર્યું છે કે એનો હું અનુભવ કરું છું. આમ ગડબડ થઈ છે.

અહીંયાં ભેદજ્ઞાનનો જ પ્રકાર લીધો છે પાછો. જ્યાં આ વાત કરી છે ત્યાં ભેદજ્ઞાનને યાદ કર્યું છે. **'કેવો છે ચેતનાગુણ ? જે સમસ્ત વિપ્રતિપત્તિઓનો (જીવને અન્ય પ્રકારે માનવારૂપ ઝઘડાઓનો) નાશ કરનાર છે.'** એટલે કે આ વિષયમાં જેટલા ભ્રમ છે, જેટલી તકરાર છે, જેટલા વાંધા છે, જેટલા ઝઘડા છે એ બધાને ઉડાવી દે એવી આ વાત છે. આવો છે ને આત્મા આવો છે ને આત્મા આવો છે, એવી અનેક પ્રકારે આત્મા સંબંધીની વિપરીત માન્યતા છે એ બધાનો નાશ કરે એવો આ ચેતનાગુણ છે. કે જેણે કે જે ચેતનાગુણે **'પોતાનું સર્વસ્વ ભેદજ્ઞાની જીવોને સોંપી દીધું છે.'** 'અમૃતચંદ્રાચાર્યદેવે' કેવી શૈલી લીધી છે ! જે જીવોએ ભેદજ્ઞાન કર્યું, ચેતનાને રાગાદિ ભાવ અને પર પદાર્થથી ભિન્ન જાણી ભિન્ન અનુભવ કર્યો એના કબજામાં આવી ગયો ચેતના સ્વભાવ. ચેતના સ્વભાવ એના કબજામાં આવ્યો તેથી એમ કહ્યું કે ચેતનાગુણે પોતાનું સર્વસ્વ તો ભેદજ્ઞાનીઓને સોંપી દીધું. એટલે કે જેને ભેદજ્ઞાન થાય તેને આ વિષયમાં કાંઈ ભ્રમ રહેતો નથી.

મુમુક્ષુ :– અંતરંગ અને બહિરંગ, આમાં અંતરંગ લીધું. બહિરંગ એટલે બહિર્લક્ષી ભાવ ?

પૂજ્ય ભાઈશ્રી :– બહિરંગ એટલે જે ઉપયોગની અંદર અનેક જ્ઞેયોના પ્રતિબિંબ પડે છે તે ઉપયોગનો બહિરંગ છે–બાહ્ય અંગ છે કે જે સ્પષ્ટપણે ગમે તેને પણ સમજાય છે કે મેં આ જાણ્યું... આ જાણ્યું.. આ જાણ્યું. એ ઉપયોગનું બાહ્ય અંગ છે. અને એની અંદર ચેતનાનું વ્યાપવું છે એ ઉપયોગનું અંતરંગ છે. અહીંયાં અંતરદૃષ્ટિથી ઉપયોગમાંથી ચેતનાને અંતરંગ પકડીને ચેતનાને સમજવી, ચેતનાને ગ્રહણ કરવી, ચેતનાને પકડવી એમ કહેવા માગે છે.

'**समस्तविप्रतिपत्तिप्रमाथिना विवेचकजनसमर्पितसर्वस्वेन सकलमपि लोकालोकं कवलीकृत्यात्यन्तसौहित्यमन्थरेणेव सकलकालमेव मानगप्यविचलितानन्यसाधारणतया स्वाावूतेन स्वयमनुूयमानेन चेतनागुणेन नित्यमेवान्तःप्रकाशमानत्वात् चेतनागुणश्च।**

' આટલા શબ્દો છે. શું કહે છે ? સ્વભાવભૂત હોવાને લીધે **'स्वयमनुभूयमानेन'** સ્વયં અનુભવમાં આવતો હોવાને લીધે ચેતનાગુણ દ્વારા ચેતનાગુણથી **'नित्यमेव'** સદાય **'नित्यमेव'** સદાય **'अन्तःप्रकाशमानत्वात्'**–અંતરંગમાં પ્રકાશમાન હોવાપણાને લીધે આત્મા ચેતનાગુણવાળો છે. ચેતનાગુણથી આખો આત્મા (ઓળખાવ્યો છે). અહીંયાં ઉપયોગ.. ઉપયોગ.. ઉપયોગ... ઉપયોગ.. કરીને વાત કરી છે.

મુમુક્ષુ :– ૧૭-૧૮ માં શું લીધું ? આવું ૧૭-૧૮ માં લીધું છે ને ?

પૂજ્ય ભાઈશ્રી :– ત્યાં અનુભૂતિ શબ્દ લીધો. ત્યાં અનુભૂતિ શબ્દથી વાત કરી છે. છે, અંતર અભ્યાસની ચીજ છે.

મુમુક્ષુ :– ઉપયોગ મનાશ્રિત છે કે દ્રવ્યાશ્રિત છે ?

પૂજ્ય ભાઈશ્રી :– દ્રવ્ય એટલે કયું દ્રવ્ય ? કોઈ પણ પદાર્થની અવસ્થા તે પદાર્થમાં તે પદાર્થ આશ્રિત જ થાય. કોઈપણ જડ-ચેતન પદાર્થની અવસ્થા તે પદાર્થને આશ્રિત થાય. તે પદાર્થને છોડીને બીજા પદાર્થમાં તે અવસ્થા નહિ થતી હોવાથી બીજા પદાર્થને આશ્રિત ન થાય. હવે મન છે એ તો એક ઇન્દ્રિય છે જે પુદ્ગલ પરમાણુની કમળ જેવી રચના છે. તો એ મન છે એ પુદ્ગલ પરમાણુ છે અને ઉપયોગ છે એ જીવની પર્યાય છે. તો પુદ્ગલ પરમાણુની પર્યાય અને જીવની પર્યાય, બે તો જુદી જુદી ભિન્ન ભિન્ન દ્રવ્યની પર્યાય છે, જે પોતપોતાના દ્રવ્યના આશ્રયે થાય છે. જડની પર્યાય જડના આશ્રયે અને ચેતનની પર્યાય ચેતનના આશ્રયે (થાય છે).

મુમુક્ષુ :– જડમન અચેતન છે. ભાવમન ?

પૂજ્ય ભાઈશ્રી :– જડ તો અચેતન છે. ભાવમન ? ભાવમન તો આ જે રાગ છે અથવા ક્ષયોપશમ જ્ઞાનવાળો જે વિચાર છે, રાગ અને જ્ઞાનમિશ્રિત, ક્ષયોપશમ જ્ઞાન રાગની સાથે મિશ્રિત થઈને જેને વિચાર આપણે કહીએ છીએ એ વિચારને શાસ્ત્રભાષામાં ભાવમન કહેવામાં આવે છે. એ ભાવમન એમ કહેવાય છે.

મુમુક્ષુ :– ભાવમન કોઈ અવયવ નથી ?

પૂજ્ય ભાઈશ્રી :– નહિ. ભાવમન જે દ્રવ્યમન સાથે નિમિત્ત નૈમિત્તિકપણે સંબંધ ધરાવે છે. જેમકે ચક્ષુદર્શન ઉપયોગ. આંખ દ્વારા દેખવાનો ઉપયોગ. ત્યાં જે આંખનો આ કોડો છે એ નિમિત્ત પડે છે. આ એક માંસનો લોચો છે. એની અંદર Lens છે ને આ છે ને જુદા જુદા ભિન્ન ભિન્ન અવયવો Retina–પડદો કહે છે, એને એ બધું કહે છે એ બધા અવયવો છે. એ બધા પુદ્ગલ પરમાણુની રચના છે. અંદરથી ચેતનની ગેરહાજરી થાય તો એ એમ ને એમ રહી જાય. એ કાંઈ જોવાનું કામ ન કરે. જોનારો અંદર જે છે એ ઉપયોગધારી ચેતનામય જીવદ્રવ્ય છે. એના

અસ્તિત્વને લઈને જાણવું થાય છે તો આ નિમિત્ત પડે છે. આના Through રંગ–વર્ણ જે જણાય છે આના મારફત જણાય છે, આના દ્વારા જણાય છે. એટલે એને માધ્યમ ગણીને વચમાં નિમિત્ત લીધું. એ કાંઈ કરતું નથી. એ એની જગ્યાએ એમ ને એમ છે એ પુદ્ગલો. જોનારો અંદર ઉપયોગની પ્રવૃત્તિ કરે છે.

એવી જ રીતે અહીંયાં જે દ્રવ્યમન છે એ વિચાર થવામાં ભાવમન અને દ્રવ્યમનને જોડાણનો નિમિત્ત-નૈમિત્તિક સંબંધ છે. જેમ અહીંયાં આંખથી જોડાય છે, આંખ સાથે ઉપયોગ જોડાય છે એમ અહીંયાં મન સાથે જોડાય છે. અહીંયાં સાંભળતા કાન સાથે જોડાય છે, ચાખતા જીભ સાથે જોડાય છે. ઉપયોગ ત્યાં લાગે છે ત્યારે ખબર પડે છે કે મને આ સ્વાદ આવ્યો. ઉપયોગ અહીંયાં લાગે છે ત્યારે ખબર પડે છે કે આવો અવાજ સંભળાય છે, આ શબ્દ સંભળાય છે. એવી રીતે.

મુમુક્ષુ :– શક્તિ તો પુદ્ગલની શક્તિને કારણે...

પૂજ્ય ભાઈશ્રી :– નહિ, જીવની શક્તિથી કામ થાય છે. પુદ્ગલની શક્તિ પુદ્ગલમાં છે અને જીવની શક્તિ જીવમાં છે. કોઈ રચના એવી છે કે જાણે બે ભેગા મળીને કામ કરે છે, એમ લાગે છે. પણ જીવ જીવનું કામ કરે છે. પુદ્ગલ, પુદ્ગલનું કામ કરે છે. જો જીવ પુદ્ગલનું કામ કરે તો આ ઇન્દ્રિયોના ફેરફારોને એ ન થવા દે. હવે બહેરાશ આવી. અવસ્થા થઈ અને બહેરાશ આવી. ડૉક્ટરે એમ કહે કે ભાઈ ! આ ઉંમરનું કારણ છે. આમાં દવા કામ આવે નહિ. શું કહે ? ઉંમરનું કારણ છે અને આમાં દવા કામ આવે નહિ. જો એ જીવ એનું કાર્ય કરતો હોય તો કોઈ એવો હીણું થવા ન દે. પણ એ સ્વતંત્ર પરમાણુઓનું પરિણમન છે. હવે એ એમ ને એમ રહે, આંખ એવી ને એવી રહે અને માણસ આંધળો થાય. ડોળો એમ ને એમ દેખાય. જોયા છે, એવા અંધ માણસો હોય છે. એની આંખો આંખો જેવી દેખાતી હોય અને એ પોતે કાંઈ ન દેખે. એમ બને. અથવા તો ડોળો ડોળાની જગ્યાએ રહી જાય અને અંદરમાં ચૈતન્યની ગેરહાજરી થાય. કાંઈ કામ ન થાય. એટલે એ જડ નથી ચેતનનું કામ કરતું, ચેતન નથી જડનું કામ કરતું. પણ દૂધમાં પાણી નાખ્યા પછી બધું દૂધ કહેવાય છે. છતાં તત્ત્વદૃષ્ટિએ જુઓ તો દૂધ તે દૂધ અને પાણી તે પાણી છે.

એમ જડ-ચેતનની ચારે ગતિની સંયોગિક પર્યાય જે મનુષ્યપણું, તિર્યંચપણું વગેરે છે એમાં તત્ત્વદૃષ્ટિએ જડ તે જડ છે અને ચેતન તે ચેતન છે. ચેતનતત્ત્વ ન તો જડતત્ત્વ થાય છે અને જડતત્ત્વ ન તો ચેતનતત્ત્વ થાય છે. અને ભાવમન છે એ ચેતનની વિકારી પર્યાય છે. દ્રવ્યમન છે એ પુદ્ગલ પરમાણુની રચના એક કમળના આકારે ઇન્દ્રિયે બનેલી સૂક્ષ્મ છે કે જે પરમાણુની સૂક્ષ્મ રચના ઇન્દ્રિય

દ્વારા જ્ઞાનમાં જણાતી નથી. કોઈ Operation કરે તો એને કમળ દેખાય એ એવું નથી પાછું. એવી એ સૂક્ષ્મ પર્યાયે પરિણમિત ઇન્દ્રિયની રચના છે કે એ કોઈપણ ઇન્દ્રિય અથવા કોઈપણ સાધન દ્વારા ઇન્દ્રિયજ્ઞાન ગોચર ન થાય, ચક્ષુગોચર ન થાય. એમ છે.

મુમુક્ષુ :- દ્રવ્યમન ?

પૂજ્ય ભાઈશ્રી :- હા. દ્રવ્યમન. દ્રવ્યમન.

મુમુક્ષુ :– સ્કંધ હોવા...

પૂજ્ય ભાઈશ્રી :– હા, સ્કંધ હોવા છતાં સૂક્ષ્મ પર્યાયે પરિણમેલી છે. એ તો કર્મના કાર્મણવર્ગણાના સ્કંધો છે, સૂક્ષ્મ પર્યાયે પરિણમ્યા છે. અનંતા પરમાણુઓ છે. આખા લોકમાં કાર્મણવર્ગણા છે. કોઈને જણાય નહિ. કેવળજ્ઞાનગોચર છે. કોઈ છદ્મસ્થને એ જ્ઞાનમાં જણાતી નથી.

અહીંયાં ભેદજ્ઞાનનું મહત્ત્વનું પ્રકરણ છે. **'ભેદજ્ઞાન વડે પર અને નિજના અંશ અંશને ન્યારા ન્યારા જાણે.'** અંદરમાં ચેતના દ્વારા, ચેતનામાં પણ ઉપયોગના અંતરંગ ભાવ દ્વારા, ઉપયોગનું અંતરંગ એ ચેતના છે, તેના દ્વારા પોતાને ભિન્ન જાણે. તેમાં જરા પણ પરને ન ભેળવે, રાગને ન ભેળવે અને રાગ અને પરમાં ચેતનાને જરાપણ ભેળવે નહિ. આમ તો ભળી શકે એવું પણ નથી જ. બે જુદા જ રહે છે હંમેશા. પણ જે રાગનો રસ છે અને જે પુદ્ગલનો રસ છે, જીવને રાગરસ અને પુદ્ગલ રસ છે, એના દ્વારા એને જુદું જુદું જણાતું નથી. જુદું છે તે જુદું જણાતું નથી. છે તો જુદું જ. એ આગળ કહેશે. સાતમા પાને વચ્ચે છે.

**'સદા ઉપયોગધારી આનંદરૂપ પોતે સ્વયમેવ યત્ન વિના સહજ બન્યો છે.'** એટલે બન્યો છે એટલે છે જ. બન્યો છે એટલે છે જ. નવો બનાવવો પડે એવું નથી. **'તેથી નિજને નિહાળવાનું જ કાર્ય છે.'** તેથી પોતે જે ઉપયોગધારી છે એમ એને માત્ર અવલોકન નિહાળવાનું કાર્ય છે. દેખવાનું છે. **'સદા ઉપયોગધારી આનંદસ્વરૂપ પોતે જ છે, પોતાનું કામ તો ફક્ત પોતેને નિહાળવા પૂરતું જ છે.'** આથી વધારે નથી. પોતે જેવો છે તેવો પોતા સ્વરૂપે પોતાને અવલોકે, પોતાને નિહાળે. બસ ! આટલું કામ (છે), આટલું જ કામ છે. આથી વધારે કામ નથી. આટલું નિહાળવા પૂરતું જ કામ છે. ત્યાં નિહાળવાનું કામ પૂરું થાય છે. એમ કહેવું છે.

એટલે અવલોકનની Line ઉપર લઈ જવાની વાત છે. પોતાને નિહાળવો છે ને ? પોતાને દેખવો છે. તો અંદર અવલોકન તો કરે કે પોતે ક્યાં ? કેટલામાં ? એક ઘર હોય, દુકાન હોય એમાં જરા પણ બીજાનો હક ન આવવા દે. આવવા દે ? દેશ હોય તો એમ કહે કે એક ઇંચ જમીન નહિ આપીએ. શું કહે ? આવડો

મોટો હજારો ચોરસ માઈલનો દેશ એમાં તમે આટલા બધા ચુસ્ત થઈ જાવ ? એક ઇંચ જમીનમાં થવાનું છે શું પણ ? વાડ કરે તો કેટલી ઇંચ તો સાંધામાં રહે. પણ જ્યાં હક્કનો સવાલ ઊભો થાય ત્યાં એમ કહે કે એક ઇંચ જમીન કોઈને નહિ આપીએ. આપે ? બાજુની દુકાનવાળો કાંઈક દબાવે તો ? બાજુના મકાનવાળો કાંઈ દબાવે, દુકાન, મકાન કોઈ (દબાવે તો) ?

એમ અહીંયાં કહે છે, તારામાં તું કોઈ અંશને ન લાવ. કોઈના અંશમાં તું તને ન લઈ જા. છે બન્નેની મર્યાદા ભિન્ન ભિન્ન અને તું તારી મર્યાદામાં રહે. પરને પરની મર્યાદામાં રાખ. સીધી વાત છે આ. આટલું કરવામાં તને શું તકલીફ છે ? અને એમ નહિ કરવા જતા પણ સ્વ પરમાં આવશે નહિ અને પર સ્વમાં જશે નહિ. આમ છે. દુઃખી થવાનું છે, બાકી કાંઈ થવાનું નથી. એકબીજા એકબીજામાં નહિ પ્રવેશ કરે. માનીશ તું ભલે પણ દુઃખી થઈને એનો અનુભવ કરીશ. એવો મિથ્યા અનુભવ દુઃખથી કરીશ તું.

**'હું ઉપયોગી,...'** છું. ઉપયોગી છું એમ ઉપયોગથી હું ચેતનામય છું. એમ લેવું છે. **'મારું ઉપયોગીત્વ ગ્રંથો ગાય છે.'** જે સદ્‌ગ્રંથો છે–સત્‌શાસ્ત્રો છે એમાં આત્માની શુદ્ધ ચેતનાની પ્રશંસા, એના ગુણની પ્રશંસા, એના ગુણની સ્તુતિ ગાવામાં આવી છે. ભગવાને પણ દિવ્યધ્વનિમાં આત્માના ગુણાનુવાદ કર્યા છે. આત્મગુણોની પ્રશંસા કરી છે. દિવ્યધ્વનિએ પણ આત્માને ગાયો છે અને સદ્‌ગ્રંથોએ પણ એ દિવ્યધ્વનિ ઉપરથી જ આત્માને ગાયો છે. **'મારું ઉપયોગીત્વ ગ્રંથો ગાય છે.'**

**'હું દેખું જાણું છું.'** દેખવા-જાણવાનું કાર્ય હું કરું છું. એટલે કે હું માત્ર દેખનાર-જાણનાર જ્ઞાતા-દ્રષ્ટા છું. એમ લેવું છે. હું દેખું-જાણું છે એટલે આ બધું દેખું-જાણું છું એમ કહેવા માગતા નથી પણ દેખનાર-જાણનાર જ્ઞાતા-દ્રષ્ટા હું માત્ર છું. એમ લેવું છે. માત્ર જ્ઞાતા-દ્રષ્ટા છું. જ્ઞાતા-દ્રષ્ટાથી આગળ વધીને બીજા અન્ય દ્રવ્યને પકડવાનું કામ મારું નથી કે આને જાણું છું, એમ પકડવાનું કાર્ય નથી. માત્ર જ્ઞાતા-દ્રષ્ટા છું. નિર્મળ જ્ઞાનની અંદર અનેક દ્રવ્યોનું પ્રતિબિંબ પડે તો પડે પણ હું તો જ્ઞાતા-દ્રષ્ટા જ છું.

**'આ નિશ્ચય બરાબર (યથાર્થ) કરતાં આનંદ વધે.'** શું કહે છે ? આનંદ ઉત્પન્ન થાય અથવા આનંદ વધે. હોય તો વૃદ્ધિગત થાય અને નહિતર ન હોય તો ઉત્પન્ન થાય. આ એક વિશેષતાવાળી વાત છે. જ્યારે જીવ પોતાના સ્વભાવમાં સ્થિત થાય છે, પોતાના સ્વરૂપમાં સ્થિર થાય છે ત્યારે એ જ્ઞાતા-દ્રષ્ટા તો થાય છે પણ સાથે સાથે એક અવર્ણનીય આનંદની ઉત્પત્તિ પણ એને અનુભવમાં આવે છે કે આનંદ ઉત્પન્ન થયો. પૂર્વ પર્યાયમાં આવો આનંદ નહોતો કે જે આનંદ સ્વરૂપમાં સ્થિર

થતાં અનુભવગોચર થયો. એ આનંદની ઉત્પત્તિ થાય છે. એ આનંદના અનુભવથી જીવને આનંદસ્વરૂપ–અનંત આનંદસ્વરૂપ આત્માની પ્રતીતિ આવે છે કે મારા સ્વરૂપમાં, મારા દ્રવ્યમાં અનંત અનંત બેહદ અપરિમિત આનંદસ્વભાવ પણ ભરેલો છે. એની પ્રતીતિ આવે છે. તેથી એની સ્વભાવની–સ્વરૂપની મહિમા જ્ઞાનમાં એટલી ભાસે છે, અનુભવ સહિતના જ્ઞાનમાં એટલી ભાસે છે કે જાણે એ મહિમા એને ક્યાંય સમાતી નથી. સમાય નહિ એટલી મહિમા ઉત્પન્ન થાય છે. ફાટ ફાટ મહિમા આવે છે, એમ કહે છે. પછી એ એનું મહત્ત્વ એટલું છે કે જગતના કોઈ પદાર્થનું મહત્ત્વ એવા આનંદ પાસે રહેવાનો સવાલ ઉત્પન્ન થતો નથી. થતો જ નથી. સૌધર્મ ઇન્દ્રને ઇન્દ્રાસન ઉપર લક્ષ જાય ત્યારે તેને તે દુઃખરૂપ ભાસે છે. એટલે દુઃખનું નિમિત્ત ભાસે છે. આવું દૈવી સિંહાસન મને સુખનું કારણ છે એવો અનુભવ એ કરતા નથી.

મુમુક્ષુ :– ઓલો આનંદ જોયો છે. અસલી આનંદ...

પૂજ્ય ભાઈશ્રી :– એ તો છે જ. તોપણ એને એમ થાય કે હું બેઠો મોટરમાં. પણ ભાઈ ! આ ઇન્દ્રને ઇન્દ્રાસન દુઃખનું નિમિત્ત લાગે છે. આટલો બધો કલ્પનામાં અને વાસ્તવિકતામાં ફેર છે. ગમે તે પરપદાર્થ ઉપર જીવનું લક્ષ જાય તો એમાં આકુળતાની ઉત્પત્તિ થયા વિના રહે નહિ. એમાં લેશે ઇન્દ્રનું. ડાબા હાથ બાજુ છે. 'ઇન્દ્ર' શબ્દ લીધો છે. જુદી જુદી પ્રતમાં પાના બલાઈ જાય છે. ઇન્દ્રાસન દુઃખરૂપ છે એમ ચોખ્ખું લખ્યું છે. ઇન્દ્રાદિ સંપદા દુઃખરૂપ જાણે. એમ છે. વિકાર ભાસે છે એમ લીધું છે, દુઃખરૂપ નથી, વિકાર ભાસે છે. ૩૨ પાને છે.

**'એકદેશમાત્ર નિજાવલોકન એવું છે કે,.. '** એટલે આનંદ. એક દેશ જઘન્ય અંશે ઉત્પન્ન થયેલો ચોથા ગુણસ્થાને ઇન્દ્રોને આનંદ ઉત્પન્ન થાય છે તે નિજ અવલોકન એવું **'છે કે ઇન્દ્રાદિની સંપદા વિકારરૂપ ભાસે છે.'** એના ઉપર લક્ષ જાય છે અને રાગ થાય છે અને દુઃખ થાય છે એમ ભાસે છે. એવી વાત છે. બરાબર છે. ૩૨ પાને છે.

**'(હું દેખનાર-જાણનાર છું, જ્ઞાતા-દૃષ્ટા છું). આ નિશ્ચય બરાબર (યથાર્થ) કરતાં આનંદ વધે.'** આનંદની ઉત્પત્તિ થાય. રાગ જે આકુળતામય છે એ ઉત્પન્ન થતો બંધ થાય છે. વીતરાગભાવે જ્ઞાતા-દૃષ્ટાપણાનું પરિણમન થાય છે ત્યારે પ્રદેશે પ્રદેશેથી આનંદની ઉત્પત્તિ થાય છે.

**'પર પરિણતિને (મેં) મારી કરી છે.'** અજ્ઞાનદશામાં મિથ્યાત્વદશામાં રાગાદિ **'પર પરિણતિને (મેં) મારી કરી છે.'** એટલે કે એમાં જ હું મારાપણું, મારા સ્વરૂપપણું અનુભવ ગોચર કરું છું. જે જે કાળે જેવો જેવો રાગ ઉત્પન્ન થાય એ પરપરિણતિ

છે તે તે કાળે તેવો તેવો હું એમ અનુભવ કર્યો છે. **'(તે હું) ન કરું તો (એવી) માન્યતા ન થાય.'** એ મેં કરી છે. એ ન કરું તો ન થાય. કેટલી સ્પષ્ટ વાત લીધી છે ! પર પરિણતિમાં અને પરમાં સ્વપણાની માન્યતા કરી છે, છું નહિ એમાં પણ એવી એક જૂઠી માન્યતા કરી છે. પદાર્થનું યથાર્થ સ્વરૂપ જાણીને એવી માન્યતા ન કરું તો ન થાય. કરું છું તેથી થઈ છે. ન કરું તો ન થાય. કેમકે ખરેખર ત્યાં હું નથી. તો જ્યાં હું નથી ત્યાં હુંપણું કેમ માનું ? બસ ! આ સવાલ છે. જાગૃતિનો વિષય લીધો છે. એટલી જાગૃતિ આવે કે જ્યાં હું છું ત્યાં હુંપણું જાણું અને માનું. એટલી જાગૃતિ આવે કે જ્યાં હું નથી એવા રાગાદિ પર પરિણતિ અને પરમાં હું નથી ત્યાં હુંપણું ન માનું. તો કરું તો થાય અને ન કરું ન થાય, એમ લીધું. એ જાગૃતિનો વિષય લીધો છે.

**'મેં મારી પરમાં માન્યતા કરી, હવે હું નિજમાં (નિજરૂપ) માનું તો માનતાં વેંત જ મુક્તિની સાથે મારી સગાઈ થઈ. અવશ્ય વર થઈશ.'** શું કહે છે ? અહીંયાં હજી માન્યતા ફરે છે ત્યાં પૂર્ણ શુદ્ધ દશા છે એની પ્રતીતિ આવી જાય છે કે મને મુક્ત દશા થશે, થશે ને થશે જ. માન્યતાથી એટલો પકડાયેલો છે, આખેઆખો, ઊંધી માન્યતાથી આખેઆખો પકડાયો છે જ્યાં માન્યતા છૂટી હજી અસ્થિરતાનો સંબંધ રહ્યો છે. દશામાં રાગ પણ ઉત્પન્ન થાય છે, પરપદાર્થ સાથે પણ પ્રવૃત્તિ છે એમ અસ્થિરતાનો સંબંધ પરિણામ જોડે છે, જ્ઞાન જોડે છે, રાગ જોડે છે પણ જ્યાં અહીંયાં માન્યતા મટી તો કહે છે કે હું પૂર્ણ મુક્ત થઈશ, થઈશ ને થઈશ. જે અવશ્ય થઈશ, એમ લીધું છે ને ? અવશ્ય થઈશ. એટલે એને પ્રતીતિ આવી જાય છે કે અરે...! આ માન્યતા છૂટી, હું તો મુક્ત થઈ જઈશ. એને અહીંથી ખાતરી થઈ જાય છે કે હું હવે મુક્ત થઈ જઈશ. હવે મુક્ત નહિ થાઉં એ પ્રશ્ન રહેતો નથી.

કારણ એનું એ પણ છે, અસ્તિનું કારણ બહુ મોટું છે એની અંદર કે જ્યાં પરથી માન્યતાએ છૂટ્યો એ ત્યારે છૂટ્યો છે કે જ્યારે એણે પોતાના પૂર્ણ મુક્તસ્વરૂપને અંદરમાં નિહાળ્યું છે ત્યારે. જો સ્વરૂપે કરીને હું પરિપૂર્ણ મુક્ત છું તો અવસ્થાએ હવે મુક્ત નહિ થઉં એ પ્રશ્ન રહેતો નથી. એ તો એક નાની બાબત થઈ ગઈ. મોટી બાબત તો એ છે કે હું સદાય મુક્ત જ છું. બંધનની અપેક્ષા જ લાગુ પડતી નથી. મુક્ત છું એટલે બંધાયેલો હતો અને મુક્ત થયો છું એમ નથી પણ જેને બંધનની અપેક્ષા લાગુ પડતી નથી એવો જ હું સદાય છૂટો છું, તો અવસ્થાની મુક્તિ થવા નહિ થવા માટેની કોઈ શંકાનો સવાલ રહેતો નથી. અવશ્ય થઈશ. મુક્તને જ નિહાળ્યો. છૂટો જ જોયો. છૂટો એટલે ક્યારેય બંધાયો હતો અને છૂટો

એમ નહિ, અનાદિઅનંત એને છૂટો જોયો. તો પછી અવસ્થામાં મુક્તિ નહિ થવાનો પ્રશ્ન રહેતો નથી.

મુમુક્ષુ :– એવા જ બધા છે ?

પૂજ્ય ભાઈશ્રી :– બધા બધા આત્માઓ એવા છે. સર્વ આત્માઓ એવા છે. સ્વરૂપે કરીને શુદ્ધ છે. 'શુદ્ધ સત્તાએ સૌને પેંખતા હો લાલ..' સર્વજ્ઞના જ્ઞાનમાં સર્વ આત્માનું મૂળ શુદ્ધ સત્તા સ્વરૂપ છે. બધા જ આત્માઓ એવા છે. પોતે જ્યારે પોતાને જોવે છે (ત્યારે શુદ્ધ જ દેખાય છે). જેમ અબજપતિ માણસને રૂપિયો-બે રૂપિયા વાપરવા એ નાની બાબત છે. એમાં શું હવે ? અબજો રૂપિયા છે એને એક-બે રૂપિયાનો શું હિસાબ હોય ? એ તો ચાલતા ભિખારાને દઈ દે. ભિખારાને દે તો રૂપિયો-બે રૂપિયા દઈ દે. નાની બાબત છે. એમ જે સ્વરૂપથી અનાદિઅનંત મુક્ત છે એને અવસ્થામાં મુક્તિ થવી એ નાની બાબત છે. કેમકે પોતે એનાથી અનંતગુણ છે. એક સમયની મુક્ત અવસ્થાથી તો પોતે અનંતગુણ સમૃદ્ધ પદાર્થ છે. આ સમૃદ્ધ પદાર્થની પાસે મુક્તિ કોઈ મોટી વાત નથી.

એટલે તો 'સોગાનીજી'એ પત્રમાં લખ્યું છે કે મોક્ષની વાત પહેલાવહેલા વિચારમાં આવી ત્યારે એમ થયું કે અરે...! આવો મહાન પ્રસંગ મોક્ષનો પ્રસંગ આવો મહાન પ્રસંગ કેવી રીતે આવતો હશે ? કેમ થતી હશે ? મોક્ષ કેવી રીતે જીવનો થતો હશે ? 'ગુરુદેવ'નો મહિમા કરતા કરતા કહે છે કે હે 'ગુરુદેવ' ! આપની વાણીમાં કોઈ એવું સામર્થ્ય છે કે મુક્તિ હવે કોઈ બહુ મોટી વાત અમને લાગતી નથી. સહજમાત્રમાં મુક્ત દશા થાય એવું અમને આપની વાણીથી જણાઈ ગયું છે. એમ કરીને વાત લીધી છે. બહુ સારી શૈલી લીધી છે. 'દ્રવ્યદૃષ્ટિ પ્રકાશ'. એમની ભાષામાં એમનો ધ્વનિ છે એ આવે છે. મુક્તિની વાત સાંભળી ત્યારે એમ થતું હતું કે આ માથું ભારે થઈ જાય એવું લાગતું હતું. આ તો કેવી રીતે થાય ? આટલું બધું કેમ થાય ? અરે... ! એ તો કાંઈ પ્રશ્ન જ નથી.

ક્યા મૈં મુક્ત હોનેવાલા હૂં ! પત્રાંક નંબર છે ૧૭મો. ૧૭મો પત્ર છે. લાંબો પત્ર છે. **'હે ગુરુદેવ ! આપકી વાણીકા સ્પર્શ હોતે હી માનો વિશ્વ કી ઉત્તમોત્તમ વસ્તુ કી પ્રાપ્તિ હો ગઈ. ક્યા મૈં મુક્ત હોનેવાલા હું ?'** આવો એક પ્રશ્ન થતો હતો. **'અરે...! શાસ્ત્રોમાં જીસ મુક્તિ કી ઇતની મહિમા બખાની હૈ...'** બહુ મોટી મોટી વાતો કરે છે, મુક્તિની બહુ મહિમા કરી છે. બહુ મહાન ભાવ છે, મહાન અવસ્થા છે એવી જે વાત કરી છે. અરે...! **'ઉસે આપકે શબ્દમાત્રને ઇતના સરલ કર દિયા.'** તમારા તો શબ્દમાત્રમાં એ મુક્તિ સરળ થઈ ગઈ. જેની મહિમા શાસ્ત્રોએ બહુ વખાણી છે, જુઓ ! આ પ્રત્યક્ષયોગ ! પરોક્ષપણે શાસ્ત્ર વાંચે અને મુક્તિની

મહિમા શાસ્ત્રમાં વાંચે ત્યારે એને એમ થાય ઓહો...હો..! આવી મુક્તિ મોટી મહાન ચીજ ! હું પામર એવો જીવ કેમ મળતી હશે ? કેવી રીતે મુક્તિ થાતી હશે ? અહીંયાં જ્યાં પ્રત્યક્ષ યોગ થયો તો કહે છે, આપના તો શબ્દમાત્રમાં સરળ થઈ ગઈ છે આ મુક્તિ તો. સહજ થઈ ગઈ છે. 'ક્યા વિશ્વમેં અબ ઔર કુછ ભી ચાહના બાકી રહ ગઈ ?' કે નહિ. **'અરે ! નિરચ્છિક વસ્તુ રાગરહિત અતીન્દ્રિય આનંદકા અપૂર્વ સ્વાદ અને અપૂર્વ સહજ જ્ઞાનકલા.'** 'ગુરુદેવ' કહતે હૈં કિ મારું જ્ઞાનતત્ત્વ જ મને ગમ્ય છે. ગમે તે ક્ષેત્ર હોય પણ પોતાના જ્ઞાનમાં જ વ્યાપીને રહેવું છે. આ ગુજરાતીમાં હિન્દી લીપી (છે) પણ ગુજરાતીમાં મૂળ શબ્દો લીધા છે. જ્ઞાની તો પોતાના જ્ઞાનસ્વરૂપી ગગનમંડળમાં જ વ્યાપે છે. દેખી 'ગુરુદેવ'કી જ્ઞાનાનંદ મસ્તી ! એમ કરીને પાછો મહિમા કર્યો છે. ઇ.સ. ૧૯૫૪ની સાલનો પત્ર છે.

મુમુક્ષુ :– હું સદાય મુક્ત જ છું એવો જ્ઞાની જોવે છે તો એ ક્યા દૃષ્ટિકોણથી જોવે છે ? અમને દેખાતો નથી.

પૂજ્ય ભાઈશ્રી :– સ્વભાવના દૃષ્ટિકોણથી જુએ છે. પોતાનો જે ચેતના સ્વભાવ વ્યક્ત છે એના ઉપરથી જુએ છે. જે ચેતના સ્વભાવ છે તે એકાકાર ચેતના સ્વભાવ છે. જેમ કે Lighter થી ગેસ સળગાવે છે ને ? તીખારો કેવડો છે ? તીખારો કેવડો છે ? તીખારો ભલે ક્ષણવર્તી છે. એક ક્ષણમાં તો બુઝાઈ જાય છે, થતા વેંત. એક Secondના ઓછા ભાગમાં બુઝાઈ જાય છે. પણ એ ગેસને પેટાવતો જાય છે. બરાબર છે ? તો એ વ્યક્ત અવસ્થા અગ્નિની નાની ભલે સૂક્ષ્મ હોય તોપણ શક્તિ સૂક્ષ્મ નથી. શક્તિ તો આખા વિશ્વને બાળે એટલી એનામાં છે. વ્યક્તિ ઓછી છે, શક્તિ ઓછી નથી.

એ જે શક્તિ છે એ એનો સ્વભાવ છે અને સ્વભાવના દૃષ્ટિકોણથી આ ઉપયોગ.... ઉપયોગ... ઉપયોગ... ઉપયોગ કરે છે ને 'દિપચંદજી' ? એ ઉપયોગ છે એ ભલે વ્યક્તિ અલ્પ છે. વ્યક્તિ ક્ષણિક છે અને અલ્પ છે પણ એની અંદરની ચેતના અલ્પ નથી. ચેતના અનંત છે એની અંદર અને અનંત શક્તિધારક ચેતના છે. આ દૃષ્ટિકોણ એની અંદરથી પકડાવો જોઈએ તો એને અનંત શક્તિનો ખજાનો પોતામાં પ્રગટ દેખાય છે. ક્યાં દેખાય છે ? પોતામાં પ્રગટ દેખાય છે. અથવા જે સ્વભાવે કરીને–સ્વરૂપે કરીને સહજ પ્રત્યક્ષ છે એમ એની પ્રત્યક્ષતા પણ જોવામાં આવે છે. એની પ્રત્યક્ષતા જોવામાં આવે છે. એટલી વાત છે. પ્રત્યક્ષ જણાય પછી એને શંકાનું સ્થાન ક્યાં રહ્યું ? જે પ્રત્યક્ષ જણાય એમાં એને શંકાનું સ્થાન ક્યાં રહ્યું ? અનુમાન કર્યું હોય તો એને એમ થાય કે ક્યાંક કોને ખબર કાંઈક ફેર પડતો હશે તો ? પણ જે પ્રત્યક્ષ છે એમાં શંકાનું સ્થાન નથી.

એટલે અહીંયાં કહે છે કે **'હું નિજમાં (નિજરૂપ) માનું તો માનતાં વેંત જ મુક્તિથી સાથે મારી સગાઈ થઈ.'** એટલે મુક્તિ થશે, થશે ને થશે જ. એવી એક વાસ્તવિકતા પરિણામમાં અનુભવગોચર થાય છે. એટલે કે સમ્યગ્દષ્ટિને, જેની માન્યતા મટી એને મુક્તિની શંકા રહેતી નથી. એને મુક્તિની શંકા નથી. મુક્તિ તો અવસ્થામાં થવાની જ છે પછી એમાં એ ક્યાં મોટી વાત હતી ? તેથી અનંતગુણ મુક્તસ્વરૂપ તો હું અત્યારે જ છું. સદાય છું અને અત્યારે જ છું. પછી એની શું ગણતરી ગણવી ? એની ગણતરી ગણવાનો કાંઈ પ્રશ્ન રહેતો નથી.

**'કર્મના ભરમનો (કર્મભાવમાં હુંપણાનો ભ્રમ) વિનાશ થતાં...'** એટલે કે રાગાદિ ભાવકર્મના ભાવમાં–કર્મભાવમાં હુંપણાનો ભ્રમ એને કર્મનો ભ્રમ કહેવામાં આવે છે. કર્મનો ભ્રમ. દોરડીમાં જેમ સાપનો ભ્રમ થાય છે એમ કર્મના ઉદયમાં પોતાપણાનો ભ્રમ થાય છે. હું માણસ થયો. હું વાણિયો, હું જૈન કુળવાળો, હું ફલાણો ફલાણો, અનેક પ્રકારના અનુકૂળ, પ્રતિકૂળ કર્મના ઉદયવાળો. એ બધા કર્મનો ભ્રમ છે. એકેયવાળો આત્મા નથી.

આત્મા નિરાવરણ મૂળ સ્વરૂપે કર્મના આવરણ વિનાનો તદ્દન નિરાવરણ શુદ્ધ પદાર્થ છે. શુદ્ધ ચેતનામય પદાર્થ છે. એમ જ્યાં પોતાને નિજમાં નિજને જુએ છે તો એને ભ્રમનો વિનાશ થાય છે કે હું કર્મવાળો, હું ભવવાળો. એ બધું મટી જાય છે. ભવવાળો મટી જાય છે. પછી ભવના ગમે તેટલા કર્મના ઉદય હોય તો ભવવાળો નથી પછી કર્મનો ઉદય તો ભવના પેટામાં જાય છે કે આ ભવમાં આવા ઉદય આવ્યા, આ ભવમાં આવા ઉદય આવ્યા. પણ ભવવાળો નથી પછી કર્મના ઉદયવાળો સવાલ રહેતો નથી.

મુમુક્ષુ :– બધા ઉપર ચોકડી મૂકી દીધી. હું વેપારી, વાણિયો.

પૂજ્ય ભાઈશ્રી :– કાંઈ નથી ને. હજારો સંબંધ એકસાથે તોડી નાખ્યા. સર્વ બંધનોનું બંધન તીક્ષ્ણ છેદીને. તમામ બંધનને છેદ્યા. કેવી રીતે ? તીક્ષ્ણપણે છેદ્યા. એમાં જરાય દયા રાખી નહિ, એમ કહે છે. એક આ ડર ઊપજે છે કે મમતા મટી જાય તો પછી જીવનમાં શું રસ રહે ? પણ હવે મમતા કરી કરીને દુઃખી તો થયો. ક્યાં સુધી તારે દુઃખી થાવું છે એ કહે.

**'કર્મના ભરમનો (કર્મભાવમાં હુંપણાનો ભ્રમ) વિનાશ થતાં નિજ સુખ થાય છે.'** આત્મામાં આત્મિક સુખની ઉત્પત્તિ થાય છે. **'એ નિજ સુખ કેવી રીતે થાય તે કહેવામાં આવે છે.'** સાથે સાથે સુખ અને આનંદની ઉત્પત્તિને લ્યે છે. જ્યારે આત્મા નિજમાં નિજની માન્યતા કરે, પરમાં નિજની માન્યતા મટાડે ત્યારે અને પોતાનું સમ્યગ્દર્શનરૂપી સ્વરૂપશ્રદ્ધાન થાય, આત્માના અનુભવરૂપ સ્વસંવેદનજ્ઞાન

થાય એને ત્યારે એને સાથે સાથે સુખ અને આનંદ ઊપજે. આ એક વિશિષ્ટ અનુભવનો વિષય છે. આનંદ અને સુખ છે એ આત્માના શ્રદ્ધાન, જ્ઞાન ઉપરાંત એક વિશિષ્ટ પ્રકારના આસ્વાદનો વિષય છે. જેની અંદર આનંદનો ઉછાળો છે. એ આનંદ પાસે જગતના કોઈ પદાર્થ છે એની મહત્તા પછી રહેતી નથી. કેમકે એ સુખ અને આનંદથી ખાલી જોયા. પછી જડ પદાર્થો છે એ આત્માના આનંદ અને સુખથી શૂન્ય જોવામાં આવે છે. ત્યારે એને કોઈની મહત્તા રહેવાનો પ્રશ્ન રહેતો નથી.

આ જગતની જે પુણ્યની પદવી છે, જગતમાં તો પુણ્ય પૂજાય છે ને ? જગતના જીવો તો પુણ્ય-પાપ સિવાય આગળની વાત સમજતા નથી તો એ બધું એને કલ્પનામાત્ર ભાસે છે કે આત્મામાં એ છે નહિ અને આત્મા એ વાળો એ તો કલ્પના કરી છે. જેમ કે ચક્રવર્તી પદ, તીર્થંકર પદ. લ્યો, ઉત્કૃષ્ટમાં સમર્થમાં સમર્થ દૃષ્ટાંત. પુણ્યનું પદ છે. આત્મા તીર્થંકર છે ? તીર્થંકર પદ સ્વરૂપે આત્મા નથી. તેથી તો 'ગુરુદેવ' કહેતા કે જે ભાવે તીર્થંકર પ્રકૃતિ બંધાય તે ભાવ પણ હેય છે, તે ભાવ પણ દુઃખરૂપ છે, તે ભાવ પણ વિકાર છે અને તે આત્માનું સ્વરૂપ નથી. આમ કહેતા હતા. તીર્થંકરદ્રવ્ય હોય એ પણ તીર્થંકરપ્રકૃતિ બાંધવાના ભાવ પ્રત્યે આમ કહે. આ એમનો અભિપ્રાય છે. આ એમનો–તીર્થંકરનો આ મત છે. આમ છે.

મુમુક્ષુ :– બીજું કોણ આ વાત કહે.

પૂજ્ય ભાઈશ્રી :– બીજું કોણ કહી શકે ? એ કહ્યું હતું 'બહેનશ્રી'એ. આવું કોણ કહી શકે ? હું તીર્થંકર થવાનો છું એમ કોણ કહી શકે ? સાધરણ રેંગીફેંગીના કામ છે ? કાં તો પાગલ કહે અને કાં તો જે હોય એ કહે. અને સાથે સાથે એમ કહે કે જે ભાવે તીર્થંકર પ્રકૃતિ બંધાય એ ભાવ પણ હેય છે, એ ભાવ પણ ઉપાદેય નથી. એટલે એ તો કલ્પનામાત્ર એની મોટાઈ છે. આત્માના આનંદ પાસે એની કોઈ મોટાઈ છે નહિ. વિશેષ લઈશું...

❈ ❈ ❈

## તા. ૧૩-૯-૧૯૮૫, પાના નં. ૬, પ્રવચન નં. ૨૭

**'નિજ સુખ કેવી રીતે થાય ? તે કહેવામાં આવે છે.'** એ વિષયનું મથાળુ છે. અનાદિથી જીવને નિજ સુખની પ્રાપ્તિ નથી. સુખપ્રાપ્તિ નહિ હોવાથી કોઈપણ પ્રકારના કર્મના ઉદયમાં સુખની કલ્પના કરતો હોવા છતાં, સુખ માનતો હોવા છતાં સુખનો અનુભવ થતો નથી અથવા સુખથી ઉત્પન્ન થતી તૃપ્તિ થતી નથી. જે આત્મિક સુખથી જીવને તૃપ્તિ થાય છે તે સુખ કેવું છે ? ક્યાં છે ? કેવી રીતે ઉત્પન્ન થાય છે એ અહીંયાં કહે છે.

માનસિક સુખ અને આત્મિક સુખમાં ફરક છે. જે વાસ્તવિકતાએ દુઃખ છે પણ શાતાના ઉદયરૂપ છે અથવા કષાયની મંદતારૂપ છે અથવા ઇચ્છિત પદાર્થની પ્રાપ્તિમાં, ઇચ્છિત પદાર્થના સંયોગમાં સુખની કલ્પના કરી છે એવા પ્રસંગમાં, એ બધા કર્મના ઉદય છે, સુખ નથી પણ દુઃખ જ છે. એની સાબિતી શું ? સુખ નથી પણ એ દુઃખ છે એની સાબિતી શું ? કે એમાં ક્યાંય જીવને તૃપ્તિ થતી નથી. એનો અતૃપ્તભાવ ચાલુ ને ચાલુ, ઊભો ને ઊભો રહે છે. તેથી તેને મન દ્વારા માનેલું સુખ એ ખરેખર સુખ છે એમ ન જાણવું જોઈએ.

નિજ સુખ એટલે આત્મિક સુખ લેવું છે. આત્માનું સ્વભાવથી ઉત્પન્ન થયેલું સુખ, ગુણથી ઉત્પન્ન થયેલું સુખ, જે તૃપ્તિરૂપ છે, વિશ્રામભાવરૂપ છે એવું સુખ કઈ રીતે ઉત્પન્ન થાય ? તે કહેવામાં આવે છે. પહેલા તો એ સુખ ક્યાં છે ?

**'મારું અનંતસુખ મારા ઉપયોગમાં છે.'** ઉપયોગ એટલે અહીંયાં ચેતના. ચેતના એટલે અહીંયાં સ્વભાવ લેવો. નહિતર તો વિદ્વાનો હોય તો તર્ક કરે કે મારો ઉપયોગ તો બહિર્મુખ છે. મારો ઉપયોગ તો ઇન્દ્રિયજ્ઞાનરૂપે થઈ રહ્યો છે. એમાં ક્યાં અનંત સુખ છે ? એમાં તો ઉલ્ટાનું દુઃખ થાય છે. એમાં સુખ ક્યાં છે ? એમ તર્ક થાય એવું છે. પણ અહીંયાં ઉપયોગમાં જ્ઞાનરૂપ વસ્તુ છે, ઉપયોગમાં જ્ઞાનમય વસ્તુ છે ત્યાં અનંત સુખ રહેલું છે. પણ અંતરંગમાં જોવે ત્યારે એને એ દેખાય એવું છે. છે ઉપયોગમાં જ, પણ અંતરંગમાં ઉપયોગનું અંતરંગ જુએ ત્યારે એને દેખાય એવું છે. નહિતર દેખાય એવું નથી. જો એમ ન હોય તો કોઈપણ અજ્ઞાનીને કઈ રીતે આત્મા ઓળખાય, સમજાય, નિશ્ચિત થાય અને એનો મહિમા આવે, એનું–

સુખનું આકર્ષણ થાય એ કેમ બને ?

જ્ઞાનલક્ષણથી લક્ષિત થતો આત્મા... ઉપયોગ લીધો ને અહીંયાં ? ઉપયોગ એટલે જ્ઞાનલક્ષણ. જ્ઞાનલક્ષણથી લક્ષિત થતો આત્મા એમાં અનંત જ્ઞાન છે અને અનંત સુખ પણ છે, એમ બંને વાત સમજાય છે. બંને એના મુખ્ય મુદ્દા છે. ઓળખ થાય છે જે તત્ત્વની એ તત્ત્વમાં અનંત જ્ઞાન છે અને અનંત સુખ છે, એમ એકસાથે આવે છે. માત્ર આત્મા... આત્મા... આત્મા... એવો કોઈ લુખ્ખો વિકલ્પ એ કાંઈ આત્માની ઓળખાણ નથી. એવો લુખ્ખો વિકલ્પ, એવો લુખ્ખો વિચાર એ કોઈ આત્માની ઓળખાણ નથી. પણ જેમા અનંત સુખ છે એવું ભાસે છે અથવા અનંત સુખની હસ્તિ છે એની વિચારજ્ઞાનમાં પણ પ્રતીતિ આવે છે–વિશ્વાસ આવે છે કે છે. અનંત સુખની હયાતી અહીંયાં જ છે–મારામાં જ છે. એવી એની પ્રતીતિપૂર્વકનો જે વિચાર છે એને ઓળખાણ કહીએ. વિશ્વસપૂર્વકનો વિચાર છે એને ઓળખ કહીએ.

ઉપયોગ છે એટલે કે જ્ઞાન છે. તે રાગ સ્વરૂપે છે ? જે જ્ઞાનનો ઉપયોગ છે એ રાગસ્વરૂપે છે કે રાગસ્વરૂપે નથી ? તો દુઃખ તો રાગમાં છે. દુઃખ ઉપયોગમાં ક્યાં છે ? એક તો જાણે જે દુઃખ... દુઃખ... દુઃખ... દુઃખ... થઈ રહ્યું છે તે દુઃખથી ભિન્ન હું જ્ઞાન ઉપયોગસ્વરૂપ છું, જ્ઞાનસ્વરૂપ છું, ઉપયોગસ્વરૂપ છું એમ દુઃખથી ભિન્ન છું. દુઃખથી રહિત છું, દુઃખથી અભાવસ્વરૂપે છું એ તો એનું નાસ્તિનું પડખું થયું. હવે જે ઉપયોગસ્વરૂપ છું એ દુઃખ રહિત છું. તો સુખ જ જેનું સ્વરૂપ છે, સુખ જ જેનુ રૂપ છે એવો હું છું.

જ્ઞાન સુખરૂપ છે. જ્ઞાનનું એક રૂપ છે એ સુખ છે. ઓળખાણના વિષયમાં આપણે અહીંયાં વિચારીએ છીએ ત્યારે એ વાત લઈએ છીએ. કોઈ એમ કહે કે તમે ફલાણા... ફલાણાને ઓળખો છો ? તો ઓછામાં ઓછી ઓળખાણ એને કહેવાય, ભલે પરિચય ન હોય તોપણ કે એ વ્યક્તિ સામે મળે ત્યારે એમ કહી શકે કે આ ફલાણા. નહિતર એમ કહે કે નામ સાંભળ્યું છે પણ હું ઓળખતો નથી. તો એનું જેવું રૂપ છે, બાહ્ય રૂપ જેવું છે એવું ઓછામાં ઓછું ચોક્કસ પ્રકારે ખ્યાલમાં હોય તો આ ફલાણા એમ એને ઓળખાણ કહેવાય. ઉપરછલ્લી ઓળખાણમાં પણ આટલી વાત તો ઓછામાં ઓછી હોય છે. અહીંયાં પહેલી ઓળખાણ ઉપરછલ્લી લઈએ તોપણ જ્ઞાનઉપયોગ સુખરૂપ છે–સુખસ્વરૂપ છે એટલી ઓળખાણ તો ઓછામાં ઓછી હોવી જોઈએ. પછી અનુભવની ઓળખાણ તો પરિચય થઈને ઓળખાણ કરેલો વિષય છે. જેમ કોઈ વ્યક્તિના ઘનિષ્ટ પરિચયથી એમ કહી શકાય કે હું એને બરાબર ઓળખું છું, પૂરેપૂરો ઓળખું છું. એમના વિષે જે કાંઈ ખાતરી જોઈતી હોય એ તમે લઈ લ્યો મારી પાસેથી મારી Guarantee છે. એ તો ઘનિષ્ટ

પરિચય છે.

મુમુક્ષુ :– એક વાર માણસને જોયો હોય તો એને ઓળખાણ થશે. અહીંયાં તો અનાદિથી જોયું નથી.

પૂજ્ય ભાઈશ્રી :– જ્ઞાનનો ઉપયોગ છે એ તો દેખાય છે કે નહિ ? જો જ્ઞાનનો ઉપયોગ એકલો જ્ઞાનરૂપે જો જોવામાં આવે તો એ સુખરૂપે દેખાશે એમ કહે છે. આ એની વિશેષતા છે. ત્યાં સુધી ઓળખાણ નથી. જ્ઞાન જ્ઞાન તો સૌ કરે છે. જાણું છું, જ્ઞાનથી જાણું છું એમ સૌ કોઈ કહે છે. પણ એનું રૂપ શું છે જ્ઞાનનું ? કે જ્ઞાનનું રૂપ છે સુખ. જ્ઞાનને ઓળખો છો ? હા, ઓળખીએ છીએ. જ્ઞાન સામું મળે તો ઓળખો ખરા ? તો કહે, હા. ઓળખીએ. ક્યાંથી ઓળખીએ ? કે સુખરૂપે ઓળખીએ.

મુમુક્ષુ :– જ્ઞેયને જાણે એ જ્ઞાન નહિ ?

પૂજ્ય ભાઈશ્રી :– નહિ, નહિ, નહિ. એ એનું રૂપ નહિ. એ તો તમે પરને સાથે ભેળવ્યું. પર આકૃતિને જ્ઞાન સાથે લીધી. જ્ઞેયને જાણે તે જ્ઞાન. એ તો પર આકૃતિવાળું જ્ઞાન થયું. અહીંયાં પરથી નિરપેક્ષ જ્ઞાન લેવું છે. તો જે જ્ઞાન પરનિરપેક્ષ છે એ જ્ઞાન કેવા સ્વરૂપે છે ? એ જ્ઞાન સુખસ્વરૂપે છે. બીજું...

મુમુક્ષુ :– સુખ નામનો તો જુદો ગુણ છે ને, જ્ઞાન સુખરૂપ છે.

પૂજ્ય ભાઈશ્રી :– સુખ નામનો બીજો ગુણ છે પણ એક ગુણને અનંત ગુણનું રૂપ છે. જ્ઞાનને સુખનું પણ રૂપ છે. જ્ઞાનગુણ સુખ ગુણરૂપ નથી પણ જ્ઞાનને જ્ઞાનના પર્યાયને–જ્ઞાનના ઉપયોગને સુખનું રૂપ અવશ્ય છે, જરૂર છે. આવું તો છે. 'ચિદ્વિલાસ'માં લીધું છે. આ જ 'દિપચંદજી' પોતે રચયિતા છે. એક ગુણને અનંત ગુણનું રૂપ છે. 'ચિદ્વિલાસ'માં એમણે એક પ્રકરણ જુદું લખ્યું છે. જ્ઞાનને સુખનું રૂપ છે એમ કહ્યું છે. જ્ઞાનને સુખનો ગુણ છે એમ ક્યાં કહ્યું છે ? એને સુખનું રૂપ છે એમ વાત ચાલે છે.

સુખરૂપ છે એ બરાબર એનું સ્વરૂપ છે, એ રૂપ છે એનું. જ્ઞાનને અનંત ગુણનું રૂપ છે. અને તેથી તો એક જ્ઞાન લક્ષણથી અનંત ગુણરૂપ હોવાથી આખો આત્મા એને સમજાય છે, આખો આત્મા એને ઓળખાય છે. પણ બીજા ગુણભેદોનું રૂપ ન સમજાય પણ સુખનું તો સમજાય, સમજાય અને સમજાય જ. આ ઓળખાણનું ચિહ્ન છે. આત્મા ઓળખે છે એનું લક્ષણ શું ? એની સાબિતી શું ?

આત્મા સુખસ્વરૂપે જેને ભાસ્યો છે એને આત્માનો નિર્ણય થયો છે–એને આત્માની ઓળખાણ થઈ છે. કે જે ઓળખાણથી એને એનો મહિમા આવ્યા વિના રહે નહિ. આત્મસ્વરૂપની જે અપૂર્વતા છે એ અપૂર્વતા અહીંથી ભાસે છે. કેમકે

જગતના કહેવાતા સુખમાં એને સાચું સુખ માનીને ઘણી આકુળતા ભોગવી ચૂકેલો આ આત્મા છે. અનેક પ્રકારના જે સુખના સ્થાન ગણાય છે, જેને લોકો એમ કહે છે કે હવે આ સુખી છે. સુખી થઈ ગયા છે એમ કહે છે, ત્યાં બધે આ આત્માએ તે તે ઉદયમાં દુઃખ ભોગવ્યું છે. ટૂંકામાં કહીએ તો સુખ લેવા જતાં એને દુઃખનો માર પડ્યો છે. આમ થયું છે. તેથી કરીને તે જગતના સુખથી પાછો ફરેલો જીવ છે. જેણે એક નાસ્તિનો નિર્ણય તો કરી નાખ્યો છે કે જગતમાં ક્યાંય મારું સુખ નથી. કોઈ પદાર્થમાં, કોઈ દ્રવ્ય-ક્ષેત્ર-કાળ-ભાવમાં ક્યાંય મારું સુખ નથી એવો તો એણે બુદ્ધિપૂર્વક બરાબર નિર્ણય કર્યો છે. તેથી તેને ક્યાંય જગતનું આકર્ષણ તો નથી પણ હવે એની જે સુખની શોધકવૃત્તિ છે, એણે સુખ શોધ્યું એ ઉપયોગમાં શોધ્યું એમ કહે છે. જ્ઞાનમાં શોધ્યું એમ કહે છે. એની અપૂર્વતા એને ભાસી કે પૂર્વે કદી સુખ જેને કહીએ એ ક્યાંય જોયું નથી એવું અપૂર્વ સુખ આ છે અને તેથી એ સુખ પાછળ એના પુરુષાર્થનો, એના રુચિનો પ્રકાર કોઈ બીજી જાતથી ઉત્પન્ન થયા વગર રહી શકે જ નહિ.

આત્મા શાસ્ત્ર દ્વારા સમજાય કે દ્રવ્ય-ક્ષેત્ર-કાળ-ભાવથી આત્મા આવો છે. દ્રવ્ય-ગુણ-પર્યાયથી આત્મા આવો છે. શાસ્ત્ર અનુકુળ, હોં ! ભંગભેદમાં. તોપણ એ યથાર્થ સમજણ છે કે નહિ એ અહીંથી નક્કી કરવું પડે છે. જો યથાર્થ સમજણ હોય તો અનંત મહિમાવંત જે અપૂર્વ તત્ત્વ છે, જે અચિંત્ય સ્વરૂપ છે એનો તે પ્રકારનો અચિંત્ય મહિમા ઉત્પન્ન થયા વિના રહે નહિ. એ યથાર્થતા સૂચવે છે. અને શાસ્ત્ર અનુકૂળ આત્માની સમજણ કરી હોય છતાં મહિમા ન આવે. મહિમા ન આવે પણ મહિમા માટે એ પ્રશ્ન પૂછે, એને મહિમાની સમસ્યા રહે કે આત્મા તો જાણ્યો પણ એનો મહિમા હવે કેમ કરવો અમારે ? આમ પૂછે. 'ગુરુદેવે' કહ્યો, શાસ્ત્રે કહ્યો, અમે આત્મા સાંભળ્યો પણ હવે એ આત્માનો અમારે મહિમા કેમ કરવો ? આમ એ પૂછે એની એ સમસ્યા છે. તો એ સમજણ તો શાસ્ત્ર અનુકૂળ છે છતાં પણ એમાં યથાર્થતા નથી એનું આ લક્ષણ છે. કાલે એ મુદ્દો ચાલ્યોને આપણે ? હવે એ મુદ્દા ઉપર ધ્યાન ખેંચશું. સમજણ શાસ્ત્રને અનુસાર દેખાય. શાસ્ત્ર કહે છે એમ જ કહે છે છતાં એ સાચું નથી એનું, યથાર્થ નથી એનું, એ ક્યાંથી નક્કી કરવું ? એ અહીંથી નક્કી થાય છે. મહિમા કેમ કરવો એમ પૂછે.

અથવા એવો જ બીજો સમસ્યારૂપ પ્રશ્ન છે એ જીવનો કે આત્માનો પુરુષાર્થ કઈ રીતે ઉપાડવો ? આત્મા તો જ્ઞાનસ્વરૂપ છે, આત્મા આનંદસ્વરૂપ છે. અનંત ગુણનું દળ તે આત્મા છે. ધ્રુવ છે, એકરૂપ છે, શુદ્ધ છે. આ બધું સમજ્યા પછી પણ હવે પુરુષાર્થ કેમ કરવો ? શાસ્ત્રમાં કહ્યું છે એ બરાબર. એ વાત અમે બુદ્ધિથી,

ન્યાયથી, તર્કણાથી બરાબર સમજીને સંમત કરીએ છીએ. પણ હવે પુરુષાર્થ કેમ ઉપાડવો આ પ્રશ્ન રહે છે. એ એમ સૂચવે છે કે શાસ્ત્ર અનુસાર સમજણ છે પણ એમાં યથાર્થતાનો અભાવ છે. આમાં યથાર્થતાનો અભાવ છે. એટલે સમજણ એક વાત છે અને યથાર્થતા એથી એક બીજી વાત છે એમ સમજવું જોઈએ. એ યથાર્થતા સ્વરૂપ પ્રાપ્તિની ભાવનાથી આવે છે.

એ વાત 'પૂજ્ય બહેનશ્રી'એ બહુ ઉપસાવી. એમના વક્તવ્યમાં એ વાત ઘણી ઉપસીને બહાર આવી. વિષય એ વધારે સ્પષ્ટ થયો. 'ગુરુદેવે' એમના વચનોનો કોઈ વિશેષ મહિમા કર્યો એની પાછળ આ રહસ્ય એમણે ખુલ્લુ કર્યું એ છે. આ રહસ્ય એમણે ખુલ્લું કર્યું છે કે ભાઈ ! તું શાસ્ત્રનો અભ્યાસી છો, તું સત્શાસ્ત્રોને વાંચે છો, અરે...! જ્ઞાનીઓ પાસેથી તે સત્‌શાસ્ત્રો, આચાર્યોના સત્‌શાસ્ત્રો તું સાંભળે છો અને તને ન્યાયથી, તર્કથી, આગમથી આ વાત બેસે છે, તું હા પાડે છો કે બરાબર આમ જ હોય, બીજી રીતે હોવા યોગ્ય નથી. છતાં સમજણમાં યથાર્થતા આવવી એક બીજી વાત છે, એક જુદી વાત છે. એનું કારણ શું ? એનું કારણ એક માત્ર સ્વરૂપ પ્રાપ્તિની ભાવના સહિતની એ સમજણ હોય તો એ સમજણ યથાર્થતાને પકડે અને નહિતર એ સમજણ અયથાર્થ રસ્તો પકડે. સમજણ શાસ્ત્ર અનુકૂળ રહે અને રસ્તો બીજો પકડે. વાત ખોટી છે ? કોઈ એમ કહે. શાસ્ત્ર આમ કહે છે, ગુરુ આમ કહે છે. આ વાત ક્યાં ખોટી છે ? ભાઈ ! વાત ખોટી છે. એક વાર નહિ પણ સાડી સત્તર વાર એ વાત ખોટી છે. એવો વિષય છે. એ વિષય એમણે બહુ ઉપસાવ્યો. બહુ મુદ્દાનો, બહુ પ્રયોજનનો વિષય કેવી રીતે આવી ગયો છે ! એટલા વર્ષો પહેલા કાંઈ ખ્યાલ નહોતો કે આ વાતો પુસ્તકાકાર થશે. એવો કાંઈ ખ્યાલ હતો ?

મુમુક્ષુ :– જ્ઞાનમાં ગુણ નથી. સુખનું રૂપ છે તો જ્ઞાનનો સ્વભાવ શું ?

પૂજ્ય ભાઈશ્રી :– જ્ઞાનનો સ્વભાવ સ્વસંવેદન કરવું તે જ્ઞાનનો સ્વભાવ છે.

મુમુક્ષુ :– માત્ર સંવેદન કેમ ન કહ્યું ?

પૂજ્ય ભાઈશ્રી :– પરનું પણ વેદન કરે છે ને ? પરમાં વેદનામાં ઊંડો ઉતરી જાય છે તો એ ઘણી વેદનાને સંવેદન કહેવાય.

મુમુક્ષુ :– સ્વપર સંવેદન નહિ ?

પૂજ્ય ભાઈશ્રી :– નહિ. સ્વપર સંવેદન નહિ. સ્વપર જ્ઞાન ખરું પણ સ્વપર સંવેદન હરગીઝ નહિ. જ્ઞાન સ્વપર પ્રકાશક ખરું પણ સ્વપર સંવેદક જ્ઞાન નહિ. હરગીઝ નહિ, બિલકુલ નહિ. એકલું સ્વસંવેદન એવું જ્ઞાનનું, શક્તિનું રૂપ છે. એ એનું શક્તિનું રૂપ છે. હજી આગળ એક વાત લેશે કે ઉપયોગમાં શક્તિને જોવી.

ઉપયોગ દ્વારમાં શક્તિને જાણવી. ઉપયોગ દ્વારમાં શક્તિને જાણવી. એક જગ્યાએ એ વાત લેશે. બહુ પાના યાદ નથી. એવો વિષય પણ લીધો છે. આ તો અનુભવનો ગ્રંથ છે ને એટલે. ૩૬, ૪૨ અને ૪૩ ત્રણ જગ્યાએ આ વાત છે. ભાવવાની રીત છે એ ૩૬માં છે.

**'ચિદાનંદ તારી ગુપ્ત શુદ્ધશક્તિને વ્યક્ત પણે ભાવ, જેથી તે વ્યક્ત થાય.'** એમાં શું છે કે જે શક્તિરૂપ ભાવ છે એને પ્રત્યક્ષ વ્યક્તપણે ભાવ એટલે પ્રત્યક્ષ છે, નિરાવરણ છે, પ્રગટ છે એમ ભાવ કે જેથી તે પરિણમનમાં વ્યક્ત થાય. પછી ૪૨ (પાને) Paragraph પૂરો થાય છે ત્યાં છે. **'તે જ્ઞાનશક્તિથી કેવલજ્ઞાનરૂપ, ગુપ્ત, નિજરૂપ તેને પ્રતીતિમાં વ્યક્ત કરે. પરિણતિએ કેવલજ્ઞાનની પ્રતીતિ-રુચિ-શ્રદ્ધાભાવ કરી નિશ્ચય કર્યો. ગુપ્તના વ્યક્તશ્રદ્ધાનથી (તે) વ્યક્ત થઈ જાય છે.'**

પછી ૪૩માં છે. બે જગ્યાએ છે. એક Bold type માં છે. **'સ્વસંવેદનમાં જાતિરૂપથી...'** એ શક્તિની જાતિ છે. **'સ્વસંવેદનમાં જાતિરૂપથી પોતાનું સ્વરૂપ કેવળજ્ઞાનમાં બરાબર જાણ્યું.'** કેવળજ્ઞાનમાં એટલે હું કેવળ જ્ઞાનસ્વરૂપ છું એમ જાણ્યું. અંદરના કેવળ જ્ઞાનમાં જાણ્યું. નીચે એક લીટી છોડીને છે. બે લીટી છોડીને **'પરમાત્માનું શ્રદ્ધા-જ્ઞાન, નિશ્ચયથી કેટલીક જ્ઞાનાદિ શુદ્ધશક્તિથી થયું, તેવી જ રીતે આચરણ થયું. નિશ્ચયનય પરમાત્મા છે.'** એ સાધનમાં સાધ્યનો ઉપચાર કર્યો છે ત્યાં. આ તો રીત લીધી છે બધી. એક જગ્યાએ તો બીજી વાત છે જરા. કે જ્ઞાનદર્શન ઉપયોગ દ્વારમાં... ત્રીજા પાને ? આવી ગયું છે ? ત્યાં તો શક્તિથી વાત લીધી છે. એમાં શક્તિને જોવી. ઓલી ત્રણે જગ્યાએ શક્તિને ભાવવાની રીત હતી. ચાલો એ આવશે ત્યારે જોઈશું.

મુમુક્ષુ :– ૩૬ પાનું.

પૂજ્ય ભાઈશ્રી :– ચિદાનંદ તારી ગુપ્ત શક્તિને વ્યક્તપણે ભાવ જેથી તે વ્યક્ત થાય. એમાં શું લેવું છે ? કે આત્મા સ્વરૂપે કરીને સહજ પ્રત્યક્ષ છે. એટલે જે અવ્યક્ત છે–શક્તિરૂપ છે એ એક ન્યાયે અવ્યક્ત છે તો એક ન્યાયે એ વ્યક્ત પણ છે. એમ છે. તો અહીંયાં જ્યાં ભાવવું છે ત્યાં એને એની વ્યક્તતાને લક્ષમાં લઈને ભાવવું છે.

મુમુક્ષુ :– જ્ઞાનમાં ... જે શક્તિરૂપ છે એ અંશને વ્યક્તપણે ભાવવો ?

પૂજ્ય ભાઈશ્રી :– અંશ પકડાતો નથી, ત્યાંથી આખો અંશી પકડાય જાય છે. પણ એ વ્યક્તપણે. વ્યક્ત લઈ લેવો છે ત્યાં. અવ્યક્ત નથી લેવો.

મુમુક્ષુ :– અંશીમાં તો વ્યક્ત આવે છે. ...

પૂજ્ય ભાઈશ્રી :– શક્તિ છે એ શક્તિનું સ્વરૂપ જ્ઞાનમાં જેવું છે એવું આવે

તો એમાં પ્રત્યક્ષતાનો એક સ્વભાવ છે. સહજ પ્રત્યક્ષ એનો સ્વભાવ છે. તો જેવો સ્વભાવ છે એવો જણાય કે બીજી રીતે જણાય ? પ્રત્યક્ષ હોય એ પ્રત્યક્ષ જણાય કે પ્રત્યક્ષ હોય તે પરોક્ષ જણાય ? શું જણાય ? અને પરિણામ ઉપર અસર કોની આવે ? પરોક્ષની આવે કે પ્રત્યક્ષની આવે ?

પરોક્ષ અને પ્રત્યક્ષમાં એટલો બધો ફેર છે કે પ્રત્યક્ષનો કોઈ વિકલ્પ નથી. પ્રત્યક્ષનો કોઈ વિકલ્પ નથી. એવું એ પ્રત્યક્ષ છે. એ અદ્વૈત છે. જેનું કોઈ બીજું બરાબરી કરી શકે એવું નથી. એ તો વ્યવહાર પ્રત્યક્ષમાં એટલું તો નાખ્યું છે. કે 'પ્રત્યક્ષ સદ્‌ગુરુ સમ નહિ, પરોક્ષ જિન ઉપકાર.' 'શ્રીમદ્‌જી'એ નાખ્યું છે. જિનેન્દ્રની વાણી–દિવ્યધ્વનિ દેશનાલબ્ધિમાં ઉપકારી ગણવામાં આવી છે. અને એ જિનેન્દ્રની તેરમા ગુણસ્થાનવર્તી જિનેન્દ્રની વાણી છે. તે આત્મજ્ઞાનીથી વધારે ? અરે..! વધારે નહિ, બરાબર પણ નહિ, એમ કહે છે. વધારે તો નહિ પણ બરાબર પણ નહિ એમ કહે છે. સમ એટલે બરાબર. વધારે ગણવાનો તો પ્રશ્ન જ એક બાજુ મૂકો પણ એને બરાબર લેશો નહિ, એમ કહે છે. 'એવો લક્ષ થયા વિના...' બીજું પદ તો એથી ભારે મૂક્યું છે. જો આત્માર્થી જીવને એવો લક્ષ ન હોય (તો) 'ઉગે ન આત્મવિચાર'. એને આત્માના હિતનો વિચાર ઉગ્યો છે એ કક્ષામાં અમે એને ગણતા નથી. ત્યાંથી મૂકી દીધું. એને એ કક્ષાની બહાર મૂકી દીધો. એને આત્માના હિતની પડી નથી, આત્માના હિતનો વિચાર એને ઉગ્યો નથી. આટલું તો એ સો વર્ષ પહેલા કહી ગયા. ૯૦ વર્ષ થઈ ગયા લગભગ આ વાતને.

મુમુક્ષુ :– સ્વસંવેદનમાં પૂર્ણ આત્મા જણાય છે કે અંશ આવે છે ?

પૂજ્ય ભાઈશ્રી :– પૂર્ણ આત્મા આવે છે. સ્વસંવેદનમાં આધારભૂત તત્ત્વ છે એ પૂર્ણ આત્મા છે, આશ્રયભૂત તત્ત્વ છે એ પૂર્ણ આત્મા છે. એનું વ્યક્ત વેદન છે એ આંશિક રૂપ છે. એટલે પર્યાયની શુદ્ધતા, વેદનની તારતમ્યતા એ આંશિક છે. પૂર્ણ વેદન તો કેવળજ્ઞાનમાં આવે છે. પણ એ વેદનનો વિષય 'આ હું' એમ જે છે એ હું પૂરો આવે છે એની અંદર.

મુમુક્ષુ :– અંશી ? અંશી ક્યાં આવે છે ?

પૂજ્ય ભાઈશ્રી :– હા. અંશી. અંશી આવે છે. આશ્રયનો વિષય અંશી છે.

મુમુક્ષુ :– આંશિક પર્યાય કેમ કહેવાય ?

પૂજ્ય ભાઈશ્રી :– નહિ. જેમ દ્રવ્યના બે અર્થ છે એમ અંશીના બે અર્થ છે. મોટા અંશને અંશી કહે છે અહીંયાં.

... પર્યાય રહિતનું દ્રવ્ય છે. અવલંબન લેનાર પર્યાય છે પણ છતાં દ્રવ્યનું અવલંબન કીધું. છે તો એ અંશી છે અને પર્યાય અંશ છે. આને અંશી કહે છે.

પણ એ પણ અંશ છે. ખરેખર તો એક (અંશ છે). પ્રમાણની અપેક્ષાએ દ્રવ્ય સામાન્ય તે અંશ છે.

મુમુક્ષુ :- પર્યાય બીજો અંશ ?

પૂજ્ય ભાઈશ્રી :- પર્યાય એનો બીજો અંશ છે. પણ કથનની અંદર કોઈવાર એને અંશી પણ કહેવાય છે અને એને દ્રવ્ય પણ કહેવાય છે. એટલે દ્રવ્ય કહ્યું હોય, અંશી કહ્યું હોય ત્યાં પ્રકરણ અનુસાર અર્થ સમજી લેવો, પ્રકરણ પ્રમાણે અર્થ સમજવો, અધિકાર પ્રમાણે અર્થ સમજવો. એટલી વાત છે. કેમકે શબ્દો મર્યાદિત છે, ભાવો અમર્યાદિત છે. એટલે મર્યાદિત શબ્દો દ્વારા અમર્યાદિત ભાવો કહેવા (હોય) તો તેનો તે શબ્દ બીજા ભાવ માટે વાપરવો જ પડશે.

મુમુક્ષુ :- પર્યાયથી ભિન્ન આત્માને પૂર્ણ આત્મા કહેવો ?

પૂજ્ય ભાઈશ્રી :- હા. એમાં એક બહુ મોટી ચર્ચા થઈ હતી. તમારો પ્રવેશ એ કાળે હતો કે નહિ ખ્યાલ નથી. આપ કિતને સાલ સે 'ગુરુદેવ' કે પરિચય મેં આયે ? (એક મુમુક્ષુ) હતા જાણો છો ? નથી જાણતા. એ કહે કે જો તમે દૃષ્ટિના વિષયમાં-શ્રદ્ધાનના વિષયમાં એક સમયની પર્યાય રહિત દ્રવ્ય લ્યો, સ્વભાવ લ્યો તો એ દૃષ્ટિનો વિષય અપૂર્ણ આત્મા થઈ જશે. તો એની સામે એક બહુ સજ્જડ તર્ક આપેલો એક વખતે. એક સમયની પર્યાયમાં તો રાગાંશ પણ છે, વિકાર પણ છે. તો શું તમારો શ્રદ્ધાનો વિષય આત્મા એવો પાંગળો છે કે એનો એક સમયનો વિકાર જોડીએ ત્યારે પૂર્ણ થાય અને નહિતર તે અપૂર્ણ રહે ? આ તર્ક આપ્યો હતો તે દિવસે. કેવી રીતે તમે એને ગણશો ? કેવી રીતે પૂર્ણ કરવો છે તમારે ?

એક સમયના પરિણામ રહિત. બંધ અને બંધનું કારણ, મોક્ષ અને મોક્ષના કારણથી શૂન્ય છે. શુદ્ધનય, પરમ શુદ્ધનયનો ગ્રાહક, પરમ શુદ્ધનય જેનો ગ્રાહક છે. જે શુદ્ધ પરમશુદ્ધનય જેનો ગ્રાહક છે, જેને ગ્રહણ કરવાવાળો છે એવો જે પરમાત્મા છે એ બંધ અને બંધના કારણરૂપ પર્યાય, મોક્ષ અને મોક્ષના કારણરૂપ પર્યાયથી શૂન્ય છે. આ 'જયસેનાચાર્ય'નું વચન છે, ૩૨૦ ગાથાની ટીકાનું. તો કહે, એ શૂન્ય છે એ વાત મને બેસતી નથી. ન બેસતી હોય તો 'ગુરુદેવ' પાસે જઈને પ્રશ્ન પૂછો કે આમાં તકલીફ શું છે ? એ તો બુદ્ધિશાળી માણસ હતા. પ્રશ્ન કોઈ બુદ્ધિમાંથી આવવો જોઈએ ને.

મુમુક્ષુ :- રાગ હોય...

પૂજ્ય ભાઈશ્રી :- પણ શ્રદ્ધાની પર્યાય જ્યારે આત્માને શ્રદ્ધે છે ત્યારે તે કેવા આત્માને શ્રદ્ધે છે ? એમ કહેવું છે. જ્યારે શ્રદ્ધા થાય છે ત્યારે વીતરાગ થઈ જાય છે ? રાગ મટી જાય છે ? કે રાગ રહે છે એની દશામાં ? જ્યારે ચતુર્થ ગુણસ્થાને

સ્વરૂપશ્રદ્ધાન થાય છે ત્યારે રાગ છે કે નથી આત્માને ? છે. જો એ રાગની પર્યાય સહિતના આત્માને શ્રદ્ધે તો શ્રદ્ધાના વિષયમાં રાગની શ્રદ્ધા આવી જાય છે. તો રાગની પણ શ્રદ્ધા અને આત્માની પણ શ્રદ્ધા, શુદ્ધાત્માની પણ શ્રદ્ધા એમ બે વાત બને ? કેવી રીતે બને ? બની શકે એવું નથી. એ કેવી રીતે બને ?

મુમુક્ષુ :– વાત ઉપરથી વજન ઉઠાવી લે.

પૂજ્ય ભાઈશ્રી :– વજન ઉઠાવે. અહીંયાં તો શ્રદ્ધાની વાત છે. મુખ્ય ગૌણ તો જ્ઞાનમાં કરે કે જે શ્રદ્ધાનો વિષય હોય તે જ જ્ઞાનમાં મુખ્ય રહે અથવા જે શ્રદ્ધાનો વિષય હોય તેની મુખ્યતા જ્ઞાનમાંથી મટી શકે નહિ. મટાડવી હોય તોપણ. જેમકે અત્યારે મિથ્યાશ્રદ્ધાનમાં શ્રદ્ધાનો વિષય શુદ્ધ આત્મા નથી પણ શ્રદ્ધાનો વિષય રાગ અથવા પર છે. બરાબર ? તો એ આત્મા શ્રદ્ધાનો વિષય પર રાખે અને મુખ્યતા આત્મામાં જ્ઞાનની કરી શકે ? આત્માની કરી શકે જ્ઞાનમાં ? કરવી હોય તો ન થઈ શકે. થઈ શકે નહિ. કેમકે શ્રદ્ધાને અને જ્ઞાનને તે જ પ્રકારનું અવિનાભાવી પરિણમન છે, સ્વતંત્રપણે. એટલે એમાં એ વિજ્ઞાન છે. પરિણમનનું જે વિજ્ઞાન છે એમાં કેમ ફેર થાય ? એમાં કાંઈ ફેર થઈ શકે નહિ.

મુમુક્ષુ :– પણ આમાં મુખ્ય-ગૌણનું...

પૂજ્ય ભાઈશ્રી :– હા. મુખ્ય કર્યા વગર કેવી રીતે પકડે ? ગૌણ રાખીને પકડે ? એ તો કેમ બને ? મુખ્ય થાય તો જ પકડે ને ? એ વિષયાંતર થયો આપણે. રૂપમાંથી બીજી બીજી વાતો ચાલી. આ રૂપ શું છે ? જ્ઞાનનું રૂપ શું છે ? નિજ રૂપ શું છે ? એને પર ગુણનું રૂપ શું છે ? બીજા ગુણનું રૂપ શું છે ?

મુમુક્ષુ :– જ્ઞાનનું રૂપ જ્ઞાન હોવું જોઈએ, જ્ઞાનનું રૂપ સુખ કઈ રીતે ?

પૂજ્ય ભાઈશ્રી :– જ્ઞાનનું રૂપ, જ્ઞાન છે એ એનું નિજ રૂપ છે. એ એનું નિશ્ચય રૂપ છે. બાકી એનું જે રૂપ છે એમાં તો અનંત ગુણનું પણ રૂપ છે બીજું. એકલા જ્ઞાનને જોવું હોય તો એમ જોવાય અથવા જ્યારે ઓળખવાનો વિષય પરિશિષ્ટમાં ચાલ્યો છે ત્યારે 'અમૃતચંદ્રચાર્યદેવે' એમ કહ્યું કે જ્ઞાનને ઓળખવું છે અને પ્રસિદ્ધપણે જ્ઞાનને ઓળખવું છે તો એની પ્રસિદ્ધિ છે ત્યાંથી ઓળખવું છે ? તો પ્રસિદ્ધપણે ઓળખાય. તો કહે, હા. તો એમ અમે કહીએ છીએ કે જ્ઞાનની પ્રસિદ્ધિ સ્વસંવેદનથી છે. આમ લીધું છે. જ્ઞાનની પ્રસિદ્ધિ સ્વસંવેદનથી છે. જે લક્ષ લક્ષણની પરિશિષ્ટમાં ચર્ચા (ચાલી છે) એમાં આવો ઉત્તર આપ્યો છે. પોતે પ્રશ્ન ઉઠાવ્યો છે. પોતે ને પોતે ઉત્તર આપ્યો છે. જ્ઞાનની પ્રસિદ્ધિ જ્ઞેયોને જાણવાથી છે ? એવો ઉત્તર નથી આપ્યો. જુઓ ! ભાઈ ! આ જ્ઞેયોને જાણે છે તેથી જ્ઞાનની પ્રસિદ્ધિ છે. નહિ. એમાં તને જ્ઞાનની જાતિ નહિ પકડાય, જ્ઞાનનું નિજ રૂપ નહિ પકડાય. જ્ઞાનનું નિજ રૂપ

પકડાશે એ તો સ્વસંવેદનથી એની પ્રસિદ્ધિ છે ત્યાંથી પકડાશે.

અહીંયાં થોડો બીજો વિષય છે કે એ સ્વસંવેદનની સાથે સુખ છે, સુખ છે. કેટલું સુખ છે ? કે અનંત સુખ છે એમ જુએ છે. એમ જોવું છે અહીંયાં. નિજ અનંત જ્ઞાનમાં સાથે સાથે અભેદપણે.. વસ્તુપણે તો અભેદ છે ને ? ગુણપણે ભલે ભેદ હોય. પણ આપણે ગુણ-ભેદથી ક્યાં વસ્તુને જોવી છે ? વસ્તુગતે વસ્તુ વિચારવી છે. વસ્તુના સ્વરૂપથી વસ્તુને જોવી છે. એ ન્યાયથી જોતા અનંત જ્ઞાનની સાથે સાથે અભેદપણે વસ્તુપણે અભેદ અનંત સુખ પણ છે. એમ કહેવા માટે એમ કહ્યું કે મારું અનંત સુખ મારા ઉપયોગમાં છે. આ એક એવી ચીજ છે ઓળખાણની કે જેમ ઘરમાં દાટેલી દોલતનો અંશ જણાય.

કોઈએ એમ કહ્યું કે તમે ઘણા દરિદ્રી થઈને બટકુ રોટલા માટે ભીખ માગો છો. પણ અમે તમને એમ કહીએ છીએ કે તમારા ખોરડામાં ઘરની ગારનો એક પોપડો ઉખેડો, એક પડ ઉખેડો ત્યાં તમને સોનાનો ચરૂ દેખાશે કે જે અમૂલ્ય કિંમતી રત્નોથી ભરેલા ચરૂ છે. હવે એક વાસ્તવિકતાનો મારો પ્રશ્ન છે, મારો પ્રશ્ન છે કે એ ચરૂનો એક કાંઠો થોડોક એક ઇંચ જેટલો દેખાણો પોપડો ઉખેડ્યો એમાં અને રત્નો ન દેખાણા પણ રત્નોનો પ્રકાશ બહાર આવતો દેખાણો. ચરૂની બાજુમાં ખાલી જગ્યામાં અંધારૂં ન દેખાણું પણ જગજગાટ પ્રકાશ દેખાણો. ચકચકાટ દેખાણો. તો કહેનારે જ એમ કહ્યું હતું કે રત્નો ભરેલો સોનાનો ચરૂ છે. એણે અંશ જોયો કે અંશી જોયો ? આ મારો પ્રશ્ન છે. શું જોયું એણે ? આખું જોયું કે અધુરું જોયું ? એ કહો. જો નજરથી પકડો તો તો એને અંશ જ દેખાણો છે, થોડોક ભાગ દેખાણો છે. થોડો દેખાણો છે ? એને ખરેખર પૂરો દેખાઈ ગયો છે. થોડો દેખાણો હોવા છતાં પૂરો દેખાઈ ગયો છે.

એમ જેણે જ્ઞાનનું સુખરૂપ જોયું એણે અનંત સુખ જોયું છે. અંશ ઉપરથી એણે અનંત સુખ જોયું છે. અનંત સુખની હસ્તિ એણે સ્વીકારી છે. છે કે નહિ ? એનું દારિદ્રય રહ્યું કે ગયું ? એ કહો. એની ગરીબાઈ રહી કે ગઈ ? એ કહો. જોતાવેંત ? જોતાવેંત ગઈ ? હજી તો ખોરડા ઉપર નળિયાના ઠેકાણા નથી.

મુમુક્ષુ :– લોટરીનો નંબર લાગી ગયો ને ?

પૂજ્ય ભાઈશ્રી :– ઇ બધી સમજણ પડે છે જીવને. પરિચય છે ને એટલે એ બધી સમજણ પડે છે. પણ આ એટલું જ વાસ્તવિક છે. જેટલું એ વાસ્તવિક છે એટલું જ આ વાસ્તવિક છે.

એવી વાસ્તવિકતાને બહુ ટૂંકી ભાષામાં અહીંયાં 'દિપચંદજી' એમ કહે છે એક જ વચનમાં કે મારું અનંત સુખ મારા ઉપયોગમાં છે. તારે સમજવું હોય એ સમજ.

જે ઉપયોગમાં આંશિક ચેતના વ્યક્ત છે, કહે છે કે અનંત સુખ પણ ત્યાં જ ધરબાયેલું પડયું છે. જે'દી તને એની હસ્તી સ્વીકારાશે, પ્રતીત આવશે, વિશ્વાસ આવશે તે'દિ તારો બેડો પાર છે. અને ત્યાં સુધી રખડપટ્ટી ઊભી છે.

જેમ પેલી દોલત હાથમાં આવ્યા પછી કાંઈ પ્રશ્ન નથી ને ? ભલે કપડા હજી ફાટલા એમ ને એમ છે, અનાજ હજી ઘરમાં ખરીદીને લાવ્યા નથી, મકાન નવું બંધાવ્યું નથી, Furniture તૈયાર કરાવ્યા નથી, દાગીના ઘડાવ્યા નથી પણ છતાં તે શ્રીમંત થઈ ગયો. જોતાવેંત શ્રીમંત થયો કે નહિ ?

એમ આચરણ અને ચારિત્રમાં કેવળજ્ઞાન, યથાખ્યાત ચારિત્ર, પરમાનંદની દશા ભલે તેરમે ગુણસ્થાને પ્રગટ થશે, અહીંયાં તો કબજો બધાનો થઈ ગયો. દૃષ્ટિમાં તો બધો કબજો આવી ગયો છે, કાંઈ બાકી રહ્યું નથી.

મુમુક્ષુ :– દોરીને ન દેખ આઠમા પાને.

પૂજ્ય ભાઈશ્રી :– શોધમાં ત્યાં સુધી લંબાવવું. એ શોધનો વિષય લીધો છે એમણે. શોધ કેવી રીતે કરવી ?

મુમુક્ષુ :– શક્તિને દેખીને...

પૂજ્ય ભાઈશ્રી :– એ આવશે. બહુ સરસ છે એ. શક્તિને દેખવી એમ લીધું છે. એટલે શું છે કે ઉપયોગમાં એક સમયના ઉત્પાદ-વ્યયરૂપ પરિણામને ન દેખવું, પણ એની શક્તિને દેખવી. Underline કરી હશે. ૨૬ પાને થોડો વિષય છે પણ જે હજી કહેવો છે એ નથી. ૨૬મા પાને અહં બ્રહ્માસ્મિ કરીને પછી લીધું છે ને ?

**'તે જ્ઞાને સર્વજ્ઞ શક્તિમાં અનુભવ કર્યો. જેટલું જ્ઞાન શુદ્ધ થયું, તેટલું અનુભવમાં સર્વજ્ઞાનના પ્રતીતિભાવને વેદતા શુદ્ધ થયું. સર્વજ્ઞાનના પ્રતીતિભાવમાં આનંદ વધ્યો. જ્ઞાન અધિક નિર્મળ થતું ગયું. જ્ઞાનની વિશુદ્ધતાને જ્ઞાનના બળનો પ્રતીતિભાવ કારણ છે.'** એટલી વાત લીધી છે. એ આખું અનુભવ વર્ણન જ લીધું છે. સ્વાનુભવ વર્ણન જ એ વાત લીધી છે. સ્વસંવેદનનો વિષય આ ગ્રંથની અંદર બહુ સુંદર આવે છે.

મુમુક્ષુ :- એકદેશ સ્વસંવેદન સર્વ સ્વસંવેદનનું અંગ છે.

પૂજ્ય ભાઈશ્રી :- સર્વ સ્વસંવેદનનું અંગ છે. આગળ જતા એ વાત લીધી છે. એક ૩૯મા પાને બહુ સારો ટૂકડો છે. વચ્ચેનો Paragraph છે.

**'હવે મેં શુદ્ધ ચેતનારૂપ જાણ્યું...'** તેમાં છેલ્લેથી ત્રીજી લીટી છે. હું આવો હું આવો હું આવો...આવો.. આવો... **'આટલો વિચાર તો વિકલ્પ છે...'** એમ કરીને પછી આગળ લે છે કે **'જ્ઞાનનો પ્રત્યક્ષ રસ ભાવમાં વેદવો તે અનુભવ છે.'** આમ અનુભવની વાત કરી છે. શું કહે છે ? પ્રત્યક્ષ રસને ભાવમાં વેદવો એનું નામ

અનુભવ છે. કોને ? કે જ્ઞાનના રસને. અહીંયાં શું લેવું છે ? આગળ સાધ્ય-સાધકના અધિકારમાં એક વાત લઈ લીધી છે કે શબ્દ સાધક છે અને અર્થ સાધ્ય છે. અર્થ સાધક છે અને જ્ઞાનરસ સાધ્ય છે. અહીંયાં એમ કહે છે કે જ્ઞાનનો જે રસ, એને પ્રત્યક્ષ વેદવો. બસ ! આનું નામ અનુભવ છે. અનુભવ કોઈ બીજી ચીજ નથી. એ ૪૩ પાને. હમણા ચર્ચા ચાલી એનો જવાબ જ છે ચોખ્ખો અહીંયાં. **'સ્વસંવેદનમાં...'** ચોથી લીટી Bold type છે. **'સ્વસંવેદનમાં જાતિરૂપથી પોતાનું સ્વરૂપ કેવળજ્ઞાનમાં બરાબર જાણ્યું છે.'** જાતિ સ્વસંવેદનમાં લીધી છે. જ્ઞાન ખરું પણ એ સ્વસંવેદનથી જાણવું છે.

મુમુક્ષુ :– થોડા જ્ઞાનમાં ઘણા જ્ઞાનની પ્રતીતિ આવી.

પૂજ્ય ભાઈશ્રી :– અનંત જ્ઞાનની. ઘણા જ્ઞાનની એટલે અનંત જ્ઞાનની પ્રતીતિ આવી. અનંત જ્ઞાનની પ્રતીતિ આવી ત્યારે અનંત સુખની પ્રતીતિ આવી. અનંત સુખની પ્રતીતિ આવી ત્યારે આત્માના પરિણામ તે સુખના નિધાન બાજુથી પાછા વાળવા અશક્ય છે. બહુ વાસ્તવિકપણે જોઈએ તો જેમાં સુખનો સદંતર અભાવ છે એવા ભૌતિક પદાર્થો પ્રત્યેથી પણ ઉપયોગને પાછો વાળી શકાતો નથી. કારણ કે સુખનો નિશ્ચય પડ્યો છે તેથી. બરાબર છે ? તો જે સુખનું નિધાન છે, સાક્ષાત્ સુખનું નિધાન પોતે જ છે એનો નિશ્ચય થાય તો પરિણામને એ બાજુથી પાછા કોણ વાળી શકે ? પ્રશ્ન જ રહેતો નથી. એમ ઉપયોગની દિશા, દિશા તરફની ગતિ, જે દિશામાં ઉપયોગની ગતિ થાય છે એ દિશા પકડવામાં મુખ્ય કોઈ કારણ હોય, એનું કોઈ મુખ્ય કેન્દ્ર હોય તો તે સુખસ્થાનક છે. સુખનું સ્થાન નક્કી કર્યું કે ઉપયોગની ગતિ ત્યાં છે. બસ ! એને કોઈ નહિ રોકી શકે. પોતે નહિ રોકી શકે. જ્યાં અહીંયાં અનંત સુખનું નિધાન નિશ્ચિત થયું કે એ બાજુના પરિણામના ખેંચાણને કોઈ રોકી શકે એ વસ્તુસ્થિતિ રહેતી નથી.

ઉપયોગ દ્વારમાં શક્તિને જાણવી એમ કરીને વાત લખે છે. બીજા પાને ? આવી ગયું છે ? જ્ઞાનનો પ્રકાશ, એ છે ? શક્તિને જોવી એમ લખ્યું છે. શક્તિને જોવી. એમ. પર્યાયને ન જોવી પણ શક્તિને જોવી. શક્તિને જોવામાં શક્તિની અનંતતાનું માપ આવે છે. પર્યાય અનિત્ય ક્ષણિક છે અને શક્તિને જોવામાં... વિભાવને જાણવાની શક્તિને આત્મા પોતાની જાણે. ૭૬ પાને છે. ઠીક છે, ઇ કાંઈક મેળ ખાય છે. જાણવાની શક્તિને આત્મા પોતાની જાણે. શક્તિ લેવી છે. ઠીક છે. ૭૮ પાને છે. ત્યારપછી છે. Bold type માં છે, બહુ પાછળ છે. શું પ્રકરણ છે ? એક પ્રતમાં ૭૮ પાનું છે, એક પ્રતમાં ૮૪ પાનું છે. Paragraph છે ત્યાંથી નીચે.

**'ચેતના પરિણામ ચેતનદ્રવ્યમાં લીન થતાં જ્ઞાનજ્યોતિનું અચલપદ ઉદ્યોત થાય છે. એકદેશ ઉપયોગ શુદ્ધ કરી સ્વરૂપશક્તિને જ્ઞાનદ્વારમાં જાણનલક્ષણ વડે જાણે.'** આ વિધિ છે, આ વિધિ છે. **'એકદેશ ઉપયોગ શુદ્ધ કરી...'** શું કહે છે ? સર્વ શુદ્ધઉપયોગ તો કેવળજ્ઞાનમાં છે. પણ એકદેશ શુદ્ધતા એટલે રાગરસનું રંજીતપણું, મલિનતા એનાથી ખસીને. જ્ઞાન રાગરસથી છૂટીને. ત્યારે એની એકદેશ શુદ્ધિ થઈ. એ એકદેશ શુદ્ધિ, એકદેશ ઉપયોગ શુદ્ધ કરી જ્ઞાનદ્વારમાં–જ્ઞાનની જ પર્યાયમાં જાણન લક્ષણ વડે સ્વરૂપ શક્તિને જાણે. આ સ્વરૂપનું અનંત સામર્થ્ય છે એને જાણે. ઉપયોગદ્વારમાં જ જાણે.

અહીંયાં શું વિચાર કરવો છે આપણે ? અહીંયાં એમ કહ્યું કે મારું અનંત સુખ મારા ઉપયોગમાં છે. અહીંયાં કહે છે કે જ્ઞાનદ્વારમાં સ્વરૂપશક્તિને પકડવી છે. આખા અનંત ગુણના સામર્થ્યરૂપ જે સ્વરૂપશક્તિ છે, સ્વરૂપ નહિ, પૂરા આત્મસ્વરૂપની જે શક્તિ છે એને પકડે, એને જાણે. ત્યારે એને અનુભવ થાય, ત્યારે અનુભવ થાય. શક્તિને પકડ્યે અનુભવ થાય.

**'પોતાનો લક્ષ્યલક્ષણ પ્રકાશ પોતામાં ભાસે ત્યારે સહજ ધારાવાહી નિજશક્તિ વ્યક્ત કરતાં કરતાં સંપૂર્ણ વ્યક્તતા કરે ત્યારે યથાવત્ જેવું તત્ત્વ છે તેવું પ્રત્યક્ષ જાણે.'** ફેરવી ફેરવીને વિષયને ઘણો સ્પષ્ટ કરવાનો પ્રયત્ન (કરે છે).

મુમુક્ષુ :– ધારાવાહી એટલે પરિણતિ ?

પૂજ્ય ભાઈશ્રી :– ધારાવાહી. એકધારું. ધારાવાહી, સહજ ધારાવાહી, નિજશક્તિ વ્યક્ત જે સાધના છે એ ધારાવાહીપણે ઉપાડે. એને પ્રગટ કરતાં... કરતાં... કરતાં... પૂર્ણ કેવળજ્ઞાન થાય ત્યાં સુધી પહોંચે. એમ લેવું છે. અને એ સત્શાસ્ત્રોની શૈલી રહી છે અથવા જ્ઞાનીઓનો કથનનો એક સહજ પ્રકાર જ એવો રહ્યો છે કે જ્યાં આંશિક સાધના સફળ કરે છે ત્યાં એ પૂર્ણ સાધનાને સાથોસાથ વાતમાં લઈ લે છે. એવું પણ જોવા રોકાતા નથી કે આ પંચમઆરો છે અને કેવળજ્ઞાન ને મોક્ષ અહીંયાં થતા નથી એવું જોવા રોકાતા નથી. એ એક એમની પૂર્ણતાની અત્યંત ભાવનાની પ્રસિદ્ધિનું એ લક્ષણ છે. ભાવનાનું એ લક્ષણ છે. પૂર્ણતાની ભાવનાનું એ લક્ષણ છે. બહુ આવે છે. કેટલી જગ્યાએ આવે છે. આચાર્યોના કથનમાં, 'સોગાનીજી'ના પત્રોમાં આવે છે, વચનામૃતમાં આવે છે અને કેટલાય શાસ્ત્રોમાં (આવે છે). જ્યાં આંશિક સાધના સફળ થઈ ત્યાં સીધુ પૂર્ણ થાય છે. આમ પૂર્ણ થઈ જવાય છે, આમ પૂર્ણ થઈ જવાય છે એ વાત સાથે જ જોડાઈ જાય છે. કેમકે એમની જે પૂર્ણતાની ભાવના છે એ વાત ત્યાં ઝળકી ઊઠે છે. એને એ છુપાવી શકતા નથી. એવો વિષય છે. (વિશેષ લઈશું...)

## તા. ૧૫-૯-૧૯૮૫, પાના નં. ૭,
## પ્રવચન નં. ૨૮

**'મારું અનંતસુખ મારા ઉપયોગમાં છે.'** એ ચાલે છે. એટલે કે મારું અનંત સુખ મારા સ્વભાવમાં છે. એ સ્વભાવનું ગ્રહણ ઉપયોગ દ્વારા સીધું થતું હોવાથી, ઉપયોગથી સીધો સ્વભાવ પકડાતો હોવાથી **'મારું અનંતસુખ મારા ઉપયોગમાં છે.'** એવી સીધી ભાષા લીધી છે. **'તે મારો ઉપયોગ તો સદા હું ધરું છું.'** એવો જે મારો સ્વભાવ– અનંત સુખમય મારો સ્વભાવ એ તો હું સદા ધારણ કરું છું. મારા સ્વભાવને ધારણ કરીને જ સદાય હું રહેલો છું, એમ કહેવું છે.

પરંતુ **'હું ઉપયોગને ભૂલી અનુપયોગમાં અનાદિથી રત થઈ થઈ સુખસ્થાનક ચેતના-ઉપયોગને ભૂલ્યો, (તેથી) સુખ ક્યાંથી થાય ?'** શું છે ? કે અનંત સુખ મારામાં હોવા છતાં સુખ થયું નથી એનું કારણ સુખનું સ્થાન જે ચેતના છે, સુખનું સ્થાન જે ઉપયોગ છે, સુખનું સ્થાન જે ચેતના સ્વભાવ છે એને તો હું ભૂલ્યો છું. સ્વભાવ સદાય ધારણ કરેલો હોવા છતાં એક ક્ષણ પણ એણે પોતે સ્વભાવની અંતર સાવધાની કરી નથી અને સુખની હયાતીને–સુખના અસ્તિત્વને સંભાળ્યું નથી. એટલે હું ઉપયોગને ભૂલીને એટલે સ્વભાવને ભૂલીને હું અનુપયોગમાં એટલે રાગાદિ ભાવમાં અથવા જ્ઞેયાકાર જ્ઞાનમાં અનાદિથી એકાગ્ર રહ્યો. રત્ થયો એટલે હું એકાગ્ર રહ્યો. અને એકાગ્ર રહ્યો રહ્યો શું કર્યું ? કે જે ચેતના સ્વભાવ સુખનું નિધાન છે એને હું ભૂલ્યો. સુખ છે એને ભૂલ્યો અને ભ્રાંતિથી જ્યાં સુખ નથી ત્યાં સુખ માનીને રત રહ્યો. એમ છે. જે અનુપયોગમાં રહ્યો તો અનુપયોગમાં પણ એને સુખ માનીને રહ્યો છે. એમ ને એમ રહ્યો નથી.

ભાષા એવી લીધી છે કે જડમાં રત રહ્યો એમ ન લીધું. હું જડમાં રત રહ્યો એમ ન લીધું. પણ હું અનુપયોગમાં રત રહ્યો. જડમાં ઉપયોગ નથી. તો અનુપયોગમાં રહ્યો. રાગમાં રત રહ્યો એમ કહેવાને બદલે અનુપયોગમાં રત રહ્યો. અથવા જે જ્ઞેયાકાર જ્ઞાન છે એમાં હું રત રહ્યો. આ ત્રણે એકસાથે બને છે. સ્વભાવથી વિમુખ દશામાં આ ત્રણે સાથે બને છે. જ્ઞેયાકાર જ્ઞાન કે જે જ્ઞેયલુબ્ધ જ્ઞાન છે એ જ્ઞેયમાં, રાગમાં અને જ્ઞેયાકારમાં પોતે એકાકાર રહે છે અને પોતાના અનંત સુખસ્થાનને ભૂલ્યો છે એથી સુખ થયું નથી. સુખ નહિ થવાનું કારણ આ છે. કલ્પિત સુખને

સાચું માની માનીને અનેક વાર એણે એ સુખપ્રાપ્તિના હર્ષને ભોગવ્યો છે તોપણ એને કદી સુખ થયું નથી. સુખ થયું જ નથી. પણ એને પોતાને સુખના સ્વરૂપની ખબર નહિ હોવાથી એણે દુઃખને સુખ માન્યું છે. હતું દુઃખ એને સુખ માન્યું છે ખરેખર. આ દશા થઈ છે.

મુમુક્ષુ :– અનુપયોગ કહીને જ્યાં ઉપયોગ છે જ નહિ ત્યાં જ રત રહ્યો.

પૂજ્ય ભાઈશ્રી :– અનુપયોગ એટલે જ્યાં સ્વભાવ નથી. ત્યાં જ્ઞાન નથી, ત્યાં સ્વભાવ નથી, ત્યાં આત્મા નથી એમ લેવું છે. ઉપયોગનો અર્થ અહીંયાં બધે સ્વભાવ થાય છે. પણ શૈલી એવી છે. એવી શૈલી કરી છે. અનુભવપ્રધાન શૈલી છે ને એટલે ઉપયોગથી વાત લીધી છે.

મુમુક્ષુ :– ચાલતી ભાષામાં અઠેકાણે ઉપયોગ રહ્યો.

પૂજ્ય ભાઈશ્રી :– અસ્થાનમાં કહો, અઠેકાણે કહો, અસ્થાનમાં કહો. બરાબર છે.

**'હવે મેં એ ઉપયોગપ્રકાશને સાક્ષાત્ યોગ્યસ્થાનરૂપ કર્યો.'** સુખ સ્થાનક જે છે એ યોગ્ય સ્થાન છે. અયોગ્ય સ્થાન કહો, કસ્થાન કહો, બેય એક જ છે. અયોગ્ય સ્થાન કહો. એના બદલે યોગ્ય સ્થાનરૂપ કર્યો. એટલે મારા સ્વભાવમાં, મારા સ્વરૂપમાં મેં ઉપયોગને સ્થિર કર્યો, એમ કહેવું છે. એકલો ઉપયોગ નહિ લેતા અહીંયાં, ઉપયોગ એટલે જ્ઞાનનો વેપાર, ઉપયોગપ્રકાશને એમ લીધું છે. ઉપયોગપ્રકાશ શબ્દ સાથે સાથે લીધો છે. એટલે પ્રકાશની અંદર વેદન લેવું છે. સ્વસંવેદનમયી પ્રકાશશક્તિ. વિષદ–નિર્મળ સ્વસંવેદનમયી પ્રકાશશક્તિ. ઉપયોગપ્રકાશ ઉપયોગમાં જે નિજમાં નિજનું વેદન છે એને મેં સાક્ષાત્ પ્રત્યક્ષપણે યોગ્ય સ્થાનભૂત કર્યો. હવે એને અસ્થાનમાં જ્ઞાનના વેપારને નહિ લઈ જતા મેં મારા વેદનમાં, મારા સ્વરૂપમાં, મારા સ્વભાવમાં ઉપયોગને સ્થિર કર્યો. એ યોગ્ય સ્થાન છે.

મુમુક્ષુ :– ઇ પર્યાય લીધી ?

પૂજ્ય ભાઈશ્રી :– ત્યાં ઉપયોગ પર્યાય છે. કેમકે ઉપયોગને કર્યો એમ કીધું એટલે ત્યાં પર્યાય છે. ભાષા બહુ ભાવવાહી છે. અનુભવની ભાવવાહી ભાષા છે. એટલે સીધું સમજાય એવો વિષય છે. ઉપયોગથી જે વાત લે છે એ ઉપયોગમય સ્વભાવ છે. જેવો જ્ઞાનનો ઉપયોગ છે, સ્વભાવ એવો જ્ઞાન ઉપયોગમય સ્વભાવ છે. ઉપયોગસ્વરૂપ જ સ્વભાવ છે એમ કહેવું છે.

મુમુક્ષુ :– અહીં ઉપયોગ એટલે જ્ઞાનમય ?

પૂજ્ય ભાઈશ્રી :– હા. જ્ઞાનમય લેવું છે. એટલે એ ઉપયોગને હું સદા ધારું છું. આમ જોઈએ તો ક્ષયોપશમના જ્ઞાનના વેપારને સદા ધારણ તો કરે જ છે. ઉપયોગને તો સદા ધારણ કરે જ છે. જે જ્ઞાનનો વેપાર છે એને પણ (ધારણ તો

કરે જ છે). પણ અહીંયાં સુખસ્થાનક ચેતના અથવા જેમાં અનંત સુખ છે એવો જે મારો ઉપયોગ એમ લેવું છે. એટલે ઉપયોગ એટલે અહીંયાં ઉપયોગમય સ્વભાવ, ઉપયોગસ્વરૂપ સ્વભાવ. એમ લેવું છે.

**'હવે મેં એ ઉપયોગપ્રકાશને સાક્ષાત્ યોગ્યસ્થાનરૂપ કર્યો.'** અથવા મારો જે સ્વભાવ છે એમાં મેં મારાપણું સ્થાપ્યું ત્યારે એનું સ્થાન બરાબર સ્થાપ્યું. જેમ ભગવાનને, પ્રતિમાને આપણે વેદી ઉપર બિરાજમાન કરીએ છીએ અને એ એમનું યોગ્ય સ્થાન છે. ગમે ત્યાં ભગવાનને બિરાજમાન કરાય નહિ. જ્યાં ભગવાનની વેદી હોય ત્યાં ભગવાનને બિરાજમાન કરાય.

એમ અહીંયાં ઉપયોગ જે સ્વભાવ પોતાનો ભગવાન આત્મા છે એને યોગ્ય સ્થાનરૂપ કર્યો. એમાં તો ઘણો ભાવ આવે છે. યોગ્ય સ્થાનરૂપ કર્યો એટલે જેટલો મહિમા આપીને એનું સ્થાન નિશ્ચિત કરવું જોઈએ એટલો મહિમા આપીને એનું સ્થાન મેં સુનિશ્ચિત કર્યું. એ એમનું યોગ્ય સ્થાન છે. મહિમાપૂર્વક. વેદિ શુદ્ધિ કરવામાં આવે છે એ બધી મહિમાના પ્રકાર છે, ભક્તિના પ્રકાર છે.

મુમુક્ષુ :– વાજતે-ગાજતે જય જયકાર કરતા...

પૂજ્ય ભાઈશ્રી :– હા. એટલે એનો જે પ્રકાર છે એ એના મહિમાનો પ્રકાર છે ને ! બધો જ. તો અહીંયાં પણ અનંત મહિમાધારી પોતાનો ભગવાન આત્મા એને મહિમા સહિત લક્ષમાં લીધો ત્યારે એને યોગ્ય સ્થાનભૂત કર્યો. ત્યારે ઉપયોગપ્રકાશને યોગ્ય સ્થાનરૂપ કર્યો. સાક્ષાત્ યોગ્ય સ્થાનરૂપ કર્યો.

મુમુક્ષુ :– છે તો ખરો પણ આટલી મોટી ભૂલ થઈ ? પોતે ઉપયોગધારી તો છે જ તો અનાદિકાળથી ...

પૂજ્ય ભાઈશ્રી :– હા. શું કર્યું અનાદિકાળથી એ હવે લેશે.

**'શાથી ? કે 'હું નર' એવી માન્યતા (આ) જડરૂપ મનુષ્ય શરીરમાં તો ન થાય. (એ માન્યતા) મારા ઉપયોગથી થઈ છે. તો એવી માન્યતાનો કરનાર મારો ઉપયોગ અશુદ્ધ સ્વાંગ સજી (ધરી) બેઠો છે. જેવી રીતે કોઈ એક નટ બળદનો સ્વાંગ ધરી લાવ્યો છે,...'** મનુષ્ય હોય એને બળદનું મહોરું પહેરે અને શીંગડાં ફેરવે ચારે કોર. હું બળદ થઈ ગયો એમ માનીને જ બધી ચેષ્ટા કરે કે જાણે બળદ જ દેખાય. એ પોતે પણ ભાવમાં એવો જ ભાવ આવિર્ભાવ કરે કે 'હું બળદ છું' એવી રીતે બધાને દેખાડું. હું બળદ છું, હું બળદ છું. તો જાણે સાક્ષાત્ પોતાના મનુષ્યપણાને કોઈ ભૂલી જાય, એમ આ આત્મા હું નર એટલે હું મનુષ્ય એવી માન્યતા આ જડરૂપ મનુષ્યશરીરમાં કરી છે, જે કરવી ન જોઈએ. એવી તો ન થાય એમ કહે છે. એ આપણાથી ન થાય, એ તો અકાર્ય છે એ આપણાથી ન થાય.

અત્યારે ધર્મના ઉપદેશકો માનવસ્વભાવ ઉપર, મનુષ્યની ફરજ અને માનવધર્મ ઉપર વ્યાખ્યાન આપે કે આ મંદિરનો ધર્મ પછી છે. માળા ફેરવવાની અને પૂજા કરવાની વાત પછી છે. એણે એને ધર્મ માન્યો એટલે, હોં ! એ પણ ધર્મ નથી કાંઈ. પણ પહેલો માનવધર્મ છે એમ કહે છે. અને શ્રોતાઓ તાળીયું પાડે કે વાહ ! શું મહારાજ માનવધર્મ ઉપર વાત કરે છે. બીજા બધા મહારાજ તો અત્યાર સુધી ઉપવાસ કરો ને પ્રતિક્રમણ કરો ને પૂજા કરો ને દયા કરો ને દાન કરો (એમ જ કહેતા હતા), આ માનવધર્મ ઉપર ઘણું સરસ કહે છે.

અહીંયાં કહે છે કે મનુષ્ય શરીરમાં હું માનવ, હું નર–હું માનવ (એમ માનવું) આ બહુ મોટી ભૂલ છે. બહુ મોટી ભૂલ છે આ. ધર્મ તો નથી પણ ગૃહીત મિથ્યાત્વરૂપ મોટો અધર્મ છે. ધર્મ તો નથી જ પણ મોટો અધર્મ છે. એ સારું બહુ લાગે છે. માણસ, માણસને મદદ કરે ત્યારે એને બહુ સારુ લાગે. આ કરવું જોઈએ, પહેલું આ કરવા જેવું છે એમ એને થાય.

મુમુક્ષુ :– એમ કહે પથ્થરની મૂર્તિ પાછળ પડ્યા છો આ જીવતા ભગવાનને તો જુઓ એમ કહે છે પાછું.

પૂજ્ય ભાઈશ્રી :– જીવતા ભગવાનને જોવે તો સારું છે પણ જીવતા માણસને એ જુએ છે. ભગવાન ક્યાં લાચાર છે ? માણસ લાચાર છે. લાચારી તો માણસને છે. મનુષ્ય થતાં. ભગવાન જ્યાં એને નજરમાં જણાય તો એને લાચારી ક્યાં છે ? એને લાચારી નથી.

મુમુક્ષુ :– લોકોને આકર્ષવાનું પ્રયોજન છે.

પૂજ્ય ભાઈશ્રી :– હં ! લોકદૃષ્ટિ છે ને ? લોકોની નજરમાં કેમ વધુ ને વધુ સારા દેખાવું આવી એક જે લોકદૃષ્ટિ છે એ અનાદિથી જીવને લોકસંજ્ઞારૂપે છે. લોકસંજ્ઞાએ લોકાગ્રે જવાતું નથી. એટલે કે એને ક્યારેય સિદ્ધપદની સાધના હોઈ શકે કે થઈ શકે નહિ. અને 'શ્રીમદ્જી'એ એ લોકસંજ્ઞારૂપ લોકદૃષ્ટિને હળાહળ ઝેર કહ્યું છે. કાતિલ ઝેર કહ્યું છે. આત્માને એ પોતાના સ્વભાવથી બહુ વિમુખ કરે છે. વિરુદ્ધ કરી દે છે.

મોટા ભાગના સદાચરણ પાળનારા જીવોની આ દૃષ્ટિ હોય છે. ઘણા સદાચરણ પાળે છે. લોકો વખાણે. એમનો વ્યવહાર, એમનું જીવન કેટલું શુદ્ધ છે ! કેટલો સદાચાર પાળે છે ! એને એક જ હોય–લોકદૃષ્ટિ. લોકો મને આવો જુએ છે ને માટે મારે તો આમ જ રહેવું યોગ્ય છે. દ્રવ્યલિંગી મુનિ થઈને એણે એ કર્યું છે. હું જૈનમુનિ. જૈનનો સાધુ હોવાથી મારે અહિંસા, સત્ય, પંચ મહાવ્રત આદિ બરાબર પાળવા જોઈએ. જૈન સાધુ હોવાથી મારે ઉપસર્ગ પરિસહને સહન કરવા અને કાંઈ

પણ ઉપસર્ગ પરિષહને દૂર કરવા માટે કોઈપણ પ્રકારના રાગ-દ્વેષ ન કરવા. કેમકે હું જૈન સાધુ છું. મને જૈન સાધુ તરીકે લોકો જાણે છે. આ લોકદૃષ્ટિ થઈ ગઈ આખી.

મુમુક્ષુ :– માનકષાયનું પોષણ છે ને ?

પૂજ્ય ભાઈશ્રી :– માનકષાય એકલો. તીવ્ર માનકષાય છે. પણ ઉપસર્ગ પરિષહ સહન કરે ત્યારે કષાયની મંદતા એવી દેખાય. ત્યારે એને તીવ્ર કષાય છે એવું કોણ એને સમજે ? કે આને તીવ્ર કષાય, ઘણો તીવ્ર કષાય છે. અનંતાનુબંધી ચાલુ છે. અને માનનો તીવ્ર કષાય છે ત્યાં. લોકદૃષ્ટિમાં માનનો તીવ્ર કષાય છે.

(અહીંયાં) કહે છે, **'હું નર. એવી માન્યતા (આ) જડરૂપ મનુષ્યશરીરમાં તો ન થાય,...'** આ મનુષ્યશરીરના સંયોગથી હું મનુષ્ય છું, હું પુરુષ છું એવી માન્યતા કરવા યોગ્ય નથી. એ માન્યતા આત્માના સ્વરૂપને છોડીને જીવ કરે છે અને દુઃખી થાય છે, એમ કહે છે. સ્વરૂપમાં હું મનુષ્ય છું એ વાત રહેતી નથી. દ્રવ્યમનુષ્ય તો નથી પણ ભાવમનુષ્ય, મનુષ્યની યોગ્યતા એ પણ ખરેખર સ્વભાવ નથી– એ પણ આત્મા નથી.

મુમુક્ષુ :– નર નથી પણ મુનિ તો છું.

પૂજ્ય ભાઈશ્રી :– ગૃહસ્થી પણ નથી અને મુનિ પણ નથી, ત્યાગી પણ નથી. આત્મા ગૃહસ્થી નથી અને આત્મા ત્યાગી પણ નથી.

મુમુક્ષુ :– કોણ છે ?

પૂજ્ય ભાઈશ્રી :– આત્મા, આત્મા છે. સદા ઉપયોગધારી. જેમાં અનંત સુખ રહ્યું છે એવો હું છું. આમ લેવું જોઈએ. એકલો સ્વભાવ. સુખ સ્થાનકરૂપ ચેતના સ્વભાવ. સુખનું સ્થાન છે. અનંત સુખનો ભંડાર ભર્યો છે એની અંદર. હસ્તિ છે અંદર. છે એની અંદર, અનાદિઅનંત છે. માને તો છે, ન માને તોપણ છે, છે ને છે. એમ છે. સ્વીકારે તો એ સુખનો અનુભવ થાય અને ન સ્વીકારે તો દુઃખનો અનુભવ થાય પણ સુખસ્વભાવ ચાલ્યો જાય નહિ.

**'(એ માન્યતા) મારા ઉપયોગથી થઈ છે;...'** જુઓ ! એ પણ એમ જ લીધું છે. એવી ઉંધી માન્યતા પણ મારા અજ્ઞાનથી થઈ છે. અહીંયાં ઉપયોગ એટલે અજ્ઞાન. એવી માન્યતા ન થાય છતાં અનાદિથી એ માન્યતા મારા ઉપયોગથી થઈ છે. મારા અજ્ઞાનથી થઈ છે. અહીંયાં ઉપયોગનો અર્થ અજ્ઞાન છે. અનુપયોગ જેને કહો પણ એ જુદા જુદા અર્થ થાય છે. શબ્દ એકનો એક વાપરે છે.

મુમુક્ષુ :– પરાશ્રય ?

પૂજ્ય ભાઈશ્રી :– પરઆશ્રય અથવા હું જ ભૂલેલો છું, એમ કહેવું છે. મને કર્મના ઉદયે ભુલવાડ્યો છે કે મને કુગુરુએ ભૂલવાડ્યો છે એમ નથી ખરેખર.

કુગુરુનો સંગ તું પોતે જ રુચિથી અને પ્રીતિથી કરીને ભૂલ્યો છો. કુગુરુએ કાંઈ પરાણે તારા ઉપર કાંઈ ભુરખી નાખી છે, જાદુમંતર કર્યું છે અને તને ભ્રમ પમાડી દીધો છે એવું કાંઈ થઈ શકતું નથી. એવું કરી શકાતું નથી. આ આવે છે ને ? સંમોહન વિદ્યા આવે છે. બીજાને મોહમાં નાખી દે. પણ આત્મ જાગૃતિવાળાને કોઈ ન કરી શકે. એ તો જે મોહી હોય એના ઉપર સંમોહન થાય. પણ જેને હું આત્મા છું, જ્ઞાનસ્વભાવી છું, ચૈતન્યસ્વભાવી છું એના ઉપર કોઈ વિદ્યા-ફિદ્યાનું કામ ન આવે. એ પડી રહે વિદ્યા એનામાં. આને કાંઈ નિમિત્ત-નૈમિત્તિક સંબંધ ભજે નહિ. એવું છે.

મુમુક્ષુ :– એક મુમુક્ષુ કહેતા હતા, મેસમેરીઝમ કર મારી ઉપર.

પૂજ્ય ભાઈશ્રી :– એ તો ઘણી પાંગળી વિદ્યા છે. મેસમેરીઝમનો એ લોકો જે પ્રયોગ કરે છે એ પણ Stage ઉપર પંદર માણસને બોલાવે એમાંથી પાંચને ઉઠાડી મૂકે છે. Test કરીને. એને ખ્યાલ આવી જાય કે આ જરા ચંચળ છે અને આ મારામાં નહિ આવે. એને કહે, તમે નીચે બેસી જાવ. એટલે એ તો સામાન્ય માણસોમાં પણ એની એટલી તારવણી છે.

**'તો એવી માન્યતા કરનારો મારો ઉપયોગ અશુદ્ધ સ્વાંગ સજી (ધરી)ને બેઠો છે.'** એટલે કે જ્ઞાનમાં એણે એમ જાણ્યું છે કે હું મનુષ્ય થયો. હું મનુષ્ય થયો. ફલાણા દેશનો હું મનુષ્ય છું. ભારતનો મનુષ્ય હોવાથી હું ભારતીય છું. લ્યો, ઠીક ! સાચી વાત હશે ? ખોટી વાત છે. તું મનુષ્ય જ નથી પછી ફલાણા દેશનો મનુષ્ય ક્યાંથી લાવ્યો ? ફલાણા કુળનો હું છું. ઠીક ! હું જૈનકુળનો તો ખરો કે નહિ ? એ વાત પણ ખોટી છે. મૂળ દિગંબર છું. એ તારી વાત ખોટી છે. તું ભ્રમણાએ કરીને ભૂલ્યો છો. કૂળ-ફુળ તારે કોઈ નથી. આમ છે.

મુમુક્ષુ :– 'ગુરુદેવ'શ્રીની વાત માને તો બધા ઝઘડા શાંત થઈ જાય.

પૂજ્ય ભાઈશ્રી :– એ તો પરમશાંતિનો ઉપાય છે ને ! પરમશાંત માર્ગ છે. માર્ગ જ પરમશાંત માર્ગ છે. પછી ક્યાં પ્રશ્ન છે ?

**'જેવી રીતે કોઈ એક નટ બળદનો સ્વાંગ ધરી લાવ્યો, પરમાં પોતાને ભૂલ્યો છે, પરમાં પોતાને જાણ્યો છે. (તે) પૂછે છે કે હવે હું મનુષ્યનો પર્યાય ક્યારે પામીશ ?'** અથવા હું મનુષ્ય ક્યારે થઈશ ? બળદનું મોહરું પહેર્યા પછી એવી એને ભ્રમણા થઈ કે હવે હું મનુષ્ય ક્યારે થઈશ ? તું મનુષ્ય છો એનું શું ?

એમ આત્મા થઈને એમ પૂછે છે કે હું મનુષ્ય થયો છું, હું અજ્ઞાની થયો છું, હું મિથ્યાત્વી થયો છું. હું દુઃખી થયો છું. હવે હું જ્ઞાનવાળો સમ્યગ્દષ્ટિ અને સુખી ક્યારે થઈશ ? એમ પૂછે છે. આવી ભૂલ છે, આ પ્રકારની ભૂલ છે, એમ કહે છે. ભૂલ પણ કેવી હળવી છે એમ કહેવું છે. એક ભાન કરે તો સહજમાત્રમાં

પોતે જે છે તે છે એ પોતાની નજરમાં આવે છે. છે એ પોતાની નજરમાં આવે છે. જરાક ભાન કરે ત્યાં. અને નહિતર એને અનંત સંસારમાં રખડવું એમ ને એમ દુઃખથી સબડવું એ ચાલુ ને ચાલુ રહે છે.

હું મનુષ્ય ક્યારે થઈશ એમ પૂછે છે. **'તે જૂઠું જ પૂછે છે.'** તે જૂઠું પૂછે છે. મનુષ્ય ક્યારે થઈશ ? એ જૂઠું પૂછે છે. મનુષ્ય જ છે. એને મનુષ્ય બનાવવો ક્યાં છે ? મનુષ્ય તો છે જ. છતાં એ પોતે પોતાનું ભાન ભૂલ્યો છે એટલે એમ પૂછે છે કે હું હવે ક્યારે મનુષ્ય થઈશ ? આ બળદપણું મારું ક્યારે મટશે ? એવું જ આ ભૂતનું છે. ભૂતાવિષ્ટ જીવનું છે. આ ભૂત વળગે છે એમ કહેવાય છે ને ? ભૂત-બૂત કાંઈ વળગતું નથી કોઈને. પણ એવા વિચારો ઘણા વખતથી મનમાં.. મનમાં... મનમાં કરીને એની માનસિક પરિસ્થિતિ એવી થાય છે કે મને ભૂત વળગ્યું છે. એક તો ભયપ્રકૃતિવાળો એ જીવ હોય છે. એની પ્રકૃતિમાં ભયની મુખ્યતા હોય છે. એ ભયવાન થઈ થઈને એ ભૂતપ્રેતના વિચાર કરતો હોય. એમાં એવા બનાવો સાંભળે કે આને આમ ભૂત વળગ્યું હતું. આવું થયું ત્યારે આને ભૂત વળગ્યું હતું. આવું થયું ત્યારે આને ભૂત વળગ્યું હતું, આવુ થયું ત્યારે આને ભૂત વળગ્યું હતું. એવું જો મને થાય તો મને પણ વળગે એમ એને એમાં આવી જાય છે. એવું થાય નહિ પણ એવું થયાની એને ક્યાંક કલ્પના થઈ જાય. ત્યારે એને એમ થાય છે કે અરેરે...! મને વળગી ગયું ભૂત. પછી એ મનુષ્યોચિત વ્યવહાર કરવાને બદલે જેમ ભૂત પોતે થયો હોય એવો બધો એ વ્યવહાર કરવા લાગે છે, ચેષ્ટા કરવા લાગે છે. હવે એ પૂછે કે હું ક્યારે પાછો અસલ મનુષ્ય થઈ જઈશ ? પણ તું છો જ. થવાનો પ્રશ્ન છે નહિ.

મુમુક્ષુ :– ભૂત કાઢવા માટે બોલાવે છે ત્યારે મારે છે ને.

પૂજ્ય ભાઈશ્રી :– એમાં શું છે કે કોઈવાર એવો કોઈ ઢોંગ કરે છે. આમાં બે પ્રકાર થાય છે. કોઈક તો એવી ભ્રમણામાં આવેલા હોય છે કે મને ભૂત વળગ્યું છે. અને કોઈને તો ભૂત વળગ્યું નથી હોતું પણ ભૂત વળગ્યાનો દેખાવ કરીને એને પ્રયોજન જે કાંઈ સિદ્ધ કરવું હોય એવું પણ કોઈ ધતીંગ જેને કહે છે એ કરે છે. એ જે ભૂતના કાઢનારા કહેવાય છે એ બધું જાણતા હોય છે. એ એનો Test છે. માર છે એનો Test છે. જો એને માર વાગે તો સમજી લેવું કે આને ખરેખર ભ્રમણા નથી પણ ભ્રમણા થયાનો આ ઢોંગ કરે છે. એટલા ખાતર પણ એ મારવાનો એક પ્રયોગ કરે છે, કાઢનારા. એવું છે એની અંદર. જો એને ખરેખર ભ્રમણા થઈ હોય તો એને ખ્યાલ ન આવે કે મને આટલો બધો માર પડે છે. આ ધૂમાડો દ્યે છે કે નહિ ? ભૂત વળગે ત્યારે મરચાનો ધૂમાડો દ્યે એને. સાંકળથી

મારે, મરચાનો ધૂમાડો દ્યે તો એ સાજો માણસ સહન ન કરી શકે. એને તો એકદમ એવી ઉધરસ ચડે અને હેરાન હેરાન થઈ જાય. ભાઈસા'બ ! મને ભૂત નથી વળગ્યું, એમ કરવું પડે. અને જો સાચે ભ્રમણા થઈ હોય તો એને ખ્યાલ ન આવે. એટલે એ બધા એના પ્રયોગ છે, બીજું કાંઈ નથી.

મુમુક્ષુ :– મારનો ખ્યાલ ન આવે ?

પૂજ્ય ભાઈશ્રી :– ન થાય. ભ્રમણા થાય તો એને મારનો ખ્યાલ ન આવે. એમ છે.

મુમુક્ષુ :– પચાસ વર્ષ પહેલાં વધારે મુખ્ય કારણ પાછળ એવું ભજે છે, સ્ત્રીઓને વધારે થાય છે એને Mental weakness ...

પૂજ્ય ભાઈશ્રી :– માનસિક નબળાઈ તો સામાન્ય રીતે પુરુષોને એટલી માનસિક નબળાઈ નથી હોતી જેટલી સ્ત્રીઓને હોય છે. એટલે એ વધારે Case સ્ત્રીઓમાં જોવામાં આવે છે.

મુમુક્ષુ :– ભુવાઓ હજારો ઉપાય કરીને ત્રાસ આપે પણ ખરેખરે તો Mental weakness જ છે.

પૂજ્ય ભાઈશ્રી :– માનસિક નબળાઈમાંથી એને ભ્રમણા થઈ ગઈ હોય છે કે મને ફલાણું વળગ્યું હોય છે.

મુમુક્ષુ :– એ જમાનામાં ભૂત પ્રેતની વાત તો બહુ પ્રચલિત હતી.

પૂજ્ય ભાઈશ્રી :– ભૂત પ્રેતમાં તો એમ કહે જીવતી ઢેઢડી, ભંગડી, વાઘરણ આ વળગે છે. ચારણ, આય, ફલાણીને ઢીકણી ખોડિયાર આ ને તે વળગે છે. એ જાતની વાતો ખૂબ વહેતી હોય, એ બધું સાંભળે અને સાંભળે એટલે ભ્રમણા થઈ જાય. એ બધું એક જાતનું ..

માનસિક પ્રકાર વધારે છે. બાકી કોઈ વ્યંતરના પણ એવા પ્રકારો ઊભા થાય છે. વ્યંતરના પ્રકારો ઊભા થાય છે પણ એમાં કોઈ કોઈને વળગતું નથી. કોઈના આત્મામાં કોઈ બીજો આત્મા પ્રવેશ કરે એવી કોઈ શક્યતા હોતી નથી, અશક્ય છે એ વસ્તુ. એમ છે.

મુમુક્ષુ :– 'ટોડરમલજી'એ 'મોક્ષમાર્ગ પ્રકાશક'માં વ્યંતરની વાત લીધી છે.

પૂજ્ય ભાઈશ્રી :– આવે છે. વ્યંતરનું ... બને છે. અહીં તો મિથ્યાત્વનું ભૂતડું મોટું છે. મિથ્યાત્વનું ભૂતડું કેવું છે એ વિચારવા જેવું છે. જન્મ્યો ત્યારથી જે નામ પાડ્યું. ફલાણો એટલે ફલાણો.

મુમુક્ષુ :– ઊંઘમાં પણ કહી દે.

પૂજ્ય ભાઈશ્રી :– ઊંઘમાં હોંકારો દે, હું ફલાણો. એમાં પણ નામ દીધા વગર

પણ જો એને લક્ષમાં રાખીને કોઈ કહે તો એ કહે, મને કીધું છે આ, આ મને સંભળાવ્યું છે, આ મને કહેવામાં આવે છે. આ તો એ કેટલી ઉપાધિ ધારણ કરે છે. એને કાંઈ લેવા કે દેવા ખરેખર. પણ એવી ઉપાધિ ધારણ કરે છે કે જાણે એમાં આખેઆખો હું આવી જાઉં છું. અહીં તો એમ કહે છે, કોઈ શિષ્ય ગુરુ પાસે આવે છે અને એ એમ કહે છે કે મને આત્મા બનાવો. મારો મોક્ષ થાય એવો આત્મા મને બનાવો. મને શુદ્ધાત્મા બનાવો. એને એમ કહે છે, તું છો જ પણ. તું મૂળમાં તો જે તું ઇચ્છે છો, જેની તું માગણી કરે છો એ તો તું મૂળમાં છો જ. એ વાત ફેરવી ફેરવીને અહીંયાં લે છે. ફક્ત તને જે ભ્રમ થયો છે એ મટવો જોઈએ. બાકી બીજું કાંઈ નથી. અને ભ્રમ મટવો એ તો એક વાસ્તવિકતાને જોતાં ભ્રમનું મટવું સહજ છે. એમાં કોઈ મોટી વાત નથી કે ભ્રમ કેમ મટાડવો ? એ કોઈ એવી મોટી વાત નથી. **'ભૂલથી એ રીત થઈ છે.'** ભૂલ એટલે અહીંયાં ભ્રમણા, ભૂલ એટલે અહીંયાં મિથ્યાત્વ, એને અહીંયાં ભૂલ કહી છે.

**'તેવી રીતે...'** એ દૃષ્ટાંત આપ્યું છે. **'ચિદાનંદ પોતાને ભૂલ્યો છે, પરમાં પોતાને જાણ્યો છે;...'** એ રીતે આત્મા તો ચૈતન્ય અને આનંદસ્વરૂપ જ છે. એમાં બહારથી કાંઈ એની ચેતના લાવવી છે, બહારથી એનો કોઈ આનંદ કે સુખ લાવવો છે કે જ્ઞાન લાવવું છે એ પ્રશ્ન નથી. એ પોતાની શક્તિના પોતે દર્શન કરે. પોતાની શક્તિને નજરમાં લે એટલી વાર છે.

મુમુક્ષુ :– શક્તિ તો છે.

પૂજ્ય ભાઈશ્રી :– છે. શક્તિ લાવવી નથી. પણ એની નજર એની પાસે નથી. આ તકલીફ છે.

**'તેવી રીતે ચિદાનંદ પોતાને ભૂલ્યો છે, પરમાં પોતાને જાણ્યો છે;...'** એના જ્ઞાનમાં જે પર પદાર્થનું પ્રતીબિંબ પડે છે તો એ જ્ઞાનમાં જે પરપદાર્થ ઝળક્યો એ પોતે પરમાં પોતાને સ્થાપે છે. આ શરીર દેખાણું તો શરીર તે હું. બીજું જે કાંઈ કર્મના ઉદયે સંયોગરૂપ દેખાણું એમાં આ મારું, આ મારું, આટલું મારું. આ બધું મારું, આ બધું છે. મારે આ બધું છે, આટલું મારે છે. બસ ! આ એની ભૂલ છે. ક્યાંય નથી એનું અસ્તિત્વ. શરીરના કોઈ રજકણમાં એનું અસ્તિવ નથી. જો શરીરમાં અસ્તિત્વ હોય તો શરીર નાશ થતા અસ્તિત્વનો નાશ થાય અને શરીર છેદાતા ભેદાતા અસ્તિત્વ છેદાય ભેદાય જાય. શરીરના ટૂકડા થતા અસ્તિત્વના ટૂકડા થાય. પણ એવું તો કાંઈ થતું નથી.

**'પરમાં પોતાને જાણ્યો છે; પોતે પોતાની ભૂલ મટાડી, સદા ઉપયોગધારી આનંદરૂપ પોતે સ્વયમેવ જ...'** જુઓ ! પોતે પોતે કેટલી વખત વાપરે છે ! પોતે

પોતાની ભૂલ મટાડી એમાં બે વખત વાપર્યું. આનંદરૂપ પોતે સ્વયં. સ્વયંનો અર્થ પણ પોતે થાય છે. પોતે જ સ્વયમેવ જ યત્ન વિના જ બન્યો છે. એને બનાવવાનો કોઈ યત્ન કરવાનો પ્રશ્ન નથી. છે એને જોવાની વાત છે. બાકી બનાવવો છે આત્મા, એ વાત છે નહિ.

મુમુક્ષુ :– અહીં પોતે એટલે હું.

પૂજ્ય ભાઈશ્રી :– પોતે એટલે હું.

મુમુક્ષુ :– સ્વયમેવ એટલે...

પૂજ્ય ભાઈશ્રી :– સ્વયં એટલે એ પોતે જ. પોતે જ, એમ કહેવું છે. સ્વયં એટલે પોતે જ. પોતે સ્વયમેવ જ. પોતાની મેળે જ એમ કહેવું છે. સ્વયમેવ એટલે પોતાની મેળે જ. આપમેળે જ પોતે પોતારૂપ બનેલો છે. વળી એને કોઈ ઈશ્વરે બનાવ્યો છે એમ નથી કે નવો કાંઈ એને પોતાને બનાવવો છે અને કોઈ રીતથી બનાવવો છે, કોઈ કારણથી બનાવવો છે, કોઈ પ્રક્રિયાથી બનાવવો છે એ પણ પ્રશ્ન નથી.

અખંડ પરિપૂર્ણ સ્વરૂપ પોતાનું–આત્માનું સદાય છે, છે ને છે. એની હયાતી ક્યારેય નથી એમ નથી. બસ ! એના ઉપર દૃષ્ટિ દેવાની વાત છે. વસ્તુ નથી એવું કાંઈ નથી. કે વસ્તુ બનાવવી છે એવું પણ કાંઈ નથી. આમ છે. 'નિયમસાર'માં આ આત્માને કારણ પરમાત્મા કહ્યો છે. હવે કારણ પરમાત્મા એટલે શું ? તારું કાર્ય થાય એવા કારણરૂપે તું સદાય છો. તારું જે આત્માને માનવારૂપ કાર્ય, આત્માને જાણવારૂપ, અનુભવવારૂપ કાર્ય એવા કારણરૂપે જ તું સદાય છો, એવા સ્વભાવરૂપે તું સદાય હાજર જ છો.

મુમુક્ષુ :– સ્વીકાર કર એટલી જ વાર છે.

પૂજ્ય ભાઈશ્રી :– સ્વીકાર કર એટલી જ વાત છે. તને તારા કાર્યમાં તારું કારણ તને દેખાઈ જશે. તારું કાર્ય પણ થશે સ્વીકારતા. સ્વીકાર્યું એ તારું કાર્ય અને તારું કારણ તને સામે દેખાઈ જશે. એમાં તારે કાંઈ બીજું કરવાનું રહેતું નથી. એટલો બધો સ્વભાવ અથવા એટલો બધો આત્મા પોતાના શુદ્ધ કાર્ય માટે, સ્વ કાર્ય માટે સાનુકૂળ પદાર્થ છે.

આત્મા પોતાનો ધર્મ ક્યારે કરી શકે ? કે બહારમાં એને આજીવિકાની ઉપાધિ ન હોય, નિવૃત્તિ લઈ શકે એમ હોય અથવા બધા દીકરા, છોકરા બધું ઠેકાણે સરખી રીતે હોય અને કોઈ ઉપાધિ ન હોય તો ધર્મ થાય. એ વાત ખોટી છે.

મુમુક્ષુ :- એમ ન લીધું અહીંયાં.

પૂજ્ય ભાઈશ્રી :- એમ ન લીધું એમ નહિ, એ વાત ખોટી છે. એમ ખરેખર થતું નથી. એથી વધારે એમ કહે છે, આ શેરો છે, શેરો. શેરામાં ઘી શોધવું પડે ?

કોઈ એમ કહે કે આ શેરાની અંદર મને ઘી બતાવોને, મને ઘી દેખાતું નથી. ઘી પોતે જ ઉભરાઈને બહાર આવે છે. જે ઘીથી શેરો શેકાયેલો હતો ત્યારે નહોતું દેખાય એવું પણ શેરો બન્યો ત્યારે તો ઉલટાનું ઘી છૂટ્યું એમ કહેવામાં આવે છે. શું કહે છે એને ? જે લોટના રજકણે ઘી પી લીધું હતું એ એણે છોડી દીધું ઘીને. છે ? આ તો વૈજ્ઞાનિક પ્રક્રિયા છે કે નહિ રસોઈની ?

એમ આત્મા માટે એમ કહેવાય છે કે આત્માનું જ્ઞાન અને આનંદનો સ્વભાવ લસલસતો છે. આ શીરો ઘીથી લસલસતો હોય ત્યારે એમાં ઘી કાંઈ જોવું પડે ? ઘીને શોધવું પડે ? ગોતવું પડે ? કે આમાં ઘી ક્યાં છે લસલસતા શીરામાં ? એમ જ્ઞાન અને આનંદથી લસલસતો આત્મા છે, એમ કહે છે. હવે એ પણ તને ન દેખાય તો બીજો શું ઉપાય છે ? તને શીરામાં, આવા લસલસતા શીરામાં તને ઘી ન દેખાય તો અમારે તને કેવી રીતે ઘી બતાવવું ? હવે તો બીજો કોઈ અમારી પાસે ઉપાય નથી. આવો આત્માને બતાવ્યો છે.

દિવ્યધ્વનિમાં ભગવાને આત્માને આવો બતાવ્યો છે કે તારો સ્વભાવ પ્રસિદ્ધ છે. પ્રસિદ્ધ જ તારો સ્વભાવ છે. સદાય પ્રસિદ્ધ છે, સદાય પ્રગટ છે. ચેતનાપ્રકાશ વડે, ચેતનાગુણ વડે સદાય અનુભવમાં આવતો એવો તું આત્મા છો. પણ તારી નજર તેં એવી પરમાં ચોંટાડી રાખી છે તું તને જોવા એક Second પણ એમાંથી છૂટો થાતો નથી. અને જે Second તું એમાંથી છૂટો થયો તે Second તારા ભવભ્રમણનો અંત આવી જાય. પછી નવા જન્મ-મરણની વાત રહેતી નથી.

શું કહે છે ? **'પોતે પોતાની ભૂલ મટાડી, સદા ઉપયોગધારી આનંદરૂપ...'** સદા જ્ઞાનધારી આનંદરૂપ, આનંદસ્વરૂપ.

મુમુક્ષુ :– આનંદને સાથે કેમ લ્યે છે ?

પૂજ્ય ભાઈશ્રી :– આનંદ છે. એ જ્ઞાન અને આનંદથી લસલસતો છે, એમ કહેવું છે. આનંદ પણ એવો જ છે એની અંદર. એટલો બધો આનંદ છે કે... કાંઈ પર્યાય દ્રવ્યરૂપ થતી નથી. જે સ્વભાવ આનંદરૂપ છે એ રૂપ કાંઈ પર્યાય પર્યાયત્વ છોડીને થઈ જતી નથી. ખાલી અવસ્થા સન્મુખ થાય છે તો એને એમ થાય છે કે હું આનંદવિભોર, આનંદ એને અવસ્થામાં માતો નથી. આટલો બધો એની અંદર આનંદ છે કે જ્યાં સામું જોવે ત્યાં પર્યાયમાં આનંદ, આનંદ આનંદ આનંદ છવાય જાય છે. એટલો બધો આનંદ છે આત્મામાં. આનંદ પણ એટલો જ છે, જ્ઞાન પણ એટલું જ છે. એવો સ્વભાવ છે. એકલો સ્વભાવનો પિંડ તે આત્મા છે.

કોઈપણ જાતના બીજા પ્રયત્ન વિના પોતાની મેળે સહજ જ એવો છે. **'(સહજ) બન્યો છે તેથી નિજને નિહાળવાનું જ કાર્ય (કર્તવ્ય) છે.'** અથવા આટલું જ પૂરતું

છે. નિહાળવા પૂરતું જ કામ તો છે. એ કૌંસમાં અર્થ કર્યો છે કે **'(સદા ઉપયોગધારી આનંદરૂપ સ્વયમેય પોતે જ છે, પોતાનું કામ તો પોતાને નિહાળવા પૂરતું જ છે).'** બસ ! એને નિહાળ્યો એટલે એ કામ એનું પૂરું થઈ ગયું જાણે. સમ્યગ્દર્શનનો સત્‌શાસ્ત્રોમાં અત્યંત મહિમા કર્યો એનું કારણ એ છે કે એણે અનાદિથી પોતાનો જેવો આત્મા છે એને નિહાળી લીધો, દૃષ્ટિમાં લઈ લીધો. એટલું જ કામ હતું. કામ પૂરતું જાણે થઈ ગયું. પણ હજી મોક્ષ તો થયો નથી ને ? હજી તો સંસારી છે. ચાર ગતિમાં જ્યાં હોય ત્યાં. સાતમી નારકીએ હોય તોપણ કહે છે કે એણે કામ કરી લીધું. એનું કામ થઈ ગયું છે એમ કહેવામાં છે. સમ્યગ્દર્શન થયું એટલે એનું કામ થઈ ગયું એમ કહી દીધું. હજી તો મોક્ષ થવો બાકી છે. અરિહંત દશામાં અબજો વર્ષ જાય પછી મોક્ષ થાય. 'સીમંધર' ભગવાન, 'ૠષભદેવ' ભગવાન. એ બધા વર્ષ કાંઈ નથી. એ તો ખરેખર એ રૂપ થઈ ગયા છે. પછી શરીરનો સંયોગ રહ્યો તો ભલે, ન રહ્યો હોય તો ભલે. એ તો આખું જગત પડ્યું છે. જગત છે કે નહિ આખું ? એમાં આત્માને શું છે ? આખી દુનિયા પડી છે એમાં આ આત્માને શું છે ? એમ શરીર સંયોગમાં પડ્યું છે એમાં આત્માને શું છે ? કાંઈ નથી. એ તો પોતે આત્મામય થઈને રહ્યા છે.

આ દૃષ્ટિ આવું કામ કરે છે કે હું મારા સ્વરૂપમય છું. મારા સ્વરૂપને ક્યારે કાંઈ બનાવવું કરવું નથી. અરે...! મોક્ષ પણ મારા સ્વરૂપમાં લાવવાનો કે કરવાનો બાકી રહ્યો છે એવું મારું સ્વરૂપ નથી. એવું સ્વરૂપની દૃષ્ટિએ જુએ છે ત્યારે અવસ્થામાં આપોઆપ કાળાંતરે મોક્ષ થઈ જાય છે એનું જ્ઞાન એને રહે છે. એનું વજન ત્યાં રહેતું નથી. વજન તો એણે જે જોઈ લીધું એના ઉપર જ છે.

મુમુક્ષ :– યત્ન વિના શબ્દ વાપર્યો છે એ જરા માર્મિક છે.

પૂજ્ય ભાઈશ્રી :– હા. કેમકે જે સ્વરૂપ છે એ સ્વરૂપને કોઈ યત્ન દ્વારા ત્યાં એનું અસ્તિત્વ છે ? તારા અસ્તિત્વ માટે તેં શું યત્ન કર્યો છે ? તારું હોવાપણું જે અનાદિઅનંત છે એમાં નવો યત્ન શું ? યત્ન વિના જ તું તો બન્યો બનાવેલો જ છો. નવું કાંઈ સ્વરૂપમાં કરવાનું નથી. અને જે કોઈ મૂળ સ્વરૂપમાં કાંઈ કરવાપણું માને છે એનું નામ ભ્રમ છે. એનું નામ મિથ્યાત્વ છે. સ્વરૂપને જોયા પછી એ સ્વરૂપમાં મોક્ષ ઊપજવાની ઊપજાવવાની ભ્રમણા નથી રહેતી. મોક્ષ ઊપજાવવો એ ભ્રમણા સ્વરૂપને વિશે નથી. કેમકે એ તો પોતે અબદ્ધસ્પૃષ્ટ જ છે. નહિ બંધાયેલો અને નહિ સ્પર્શાયેલો છે. અનાદિથી જેવો છે એવો છે. એમાં યત્ન શું લીધો ? એના માટે શું યત્ન છે ? કાંઈ નથી.

મુમુક્ષુ :– સમ્યગ્દર્શન પામવું એ તો મેરુ ફેરવવા જેટલો પુરુષાર્થ છે એમ

ક્યાંક આવે અને આમાં...?

પૂજ્ય ભાઈશ્રી :– પણ ઇ પુરુષાર્થ તો અવસ્થામાં છે, પુરુષાર્થ તો અવસ્થામાં છે. પણ સ્વરૂપને બનાવવા માટે ક્યાં પુરુષાર્થ છે ? સમ્યગ્દર્શન માટે પુરુષાર્થ લીધો. પણ સ્વરૂપ માટે પુરુષાર્થ છે ? જે આત્મા પોતે ઉપયોગધારી એટલે જ્ઞાનસ્વભાવધારી આનંદસ્વરૂપે પોતે (છે), એને બનાવવાનો કોઈ પ્રયત્ન છે ? એમાં આનંદ લાવવો છે ? એમાં આનંદ ઊપજાવવો છે ? એમાં આનંદ વધારવો છે ? એ તો છે જ. એમાં તો કાંઈ યત્ન કરીને કરવાનું રહેતું નથી. ફક્ત એને નિહાળવાનું છે. આટલું કામ પૂરતું. આટલા પૂરતું કામ છે. એમ નથી કહેતા ? ભાઈ ! એક આટલા પૂરતું કામ છે. તમે સહેજ આવી જાવ. તમારું મોઢું દેખાડી જાવ. એમ નથી કહેતા ? આટલા પૂરતું તમારું કામ છે. તમને કાંઈ નહિ કામ સોંપીએ. તમારી પાસે કાંઈ કોઈ કામ નહિ કરાવીએ. એમ નથી કહેતા ? ફક્ત તમે આવીને ઊભા રહો પછી થોડીવારમાં ચાલ્યા જજો. આટલા પૂરતું કામ છે.

એમ (અહીંયાં) કહે છે કે તું નજર ફેરવ એટલા પૂરતું કામ છે. વસ્તુ છે. છે એટલે પૂર્ણ વસ્તુ છે. જેમાં કોઈ ક્ષતિ નથી, ખામી નથી, કાંઈપણ કરવાપણું બાકી નથી. કૃત્યકૃત્ય સ્વભાવેથી પૂરું જ છે. એવું તારું સ્વરૂપ છે. એને જ્યાં નજરમાં લીધું ત્યાં દૃષ્ટિ બધેથી ઊઠી જશે. ક્યાંય પછી દૃષ્ટિ રહે એ પ્રશ્ન રહેતો નથી. એવું સર્વોત્કૃષ્ટ સ્વરૂપ છે કે જેના ઉપર દૃષ્ટિ આવ્યા પછી દૃષ્ટિ ક્યાંય જતી નથી. એને છોડીને ક્યાંય જતી નથી.

એ દૃષ્ટિ બતાવવા માટે, દૃષ્ટિનું સ્વરૂપ બતાવવા માટે, સમ્યગ્દૃષ્ટિનું સમ્યગ્દૃષ્ટિપણું બતાવવા માટે એમ કહેવાય છે કે સમ્યગ્દર્શન, સમ્યગ્દર્શનને જોતું નથી. સમ્યગ્દર્શન શુદ્ધનયને જે આત્માનો અનુભવ કરે છે એને જોતું નથી અને સમ્યગ્દર્શન મોક્ષને પણ જોતું નથી. એ તો એક આત્માને જોવે છે અને આત્માને જોયા પછી એને કાંઈ જોવાનું ક્યાંય એને જોવાનું કારણ રહેતું નથી તેથી એ કાંઈ જોતું નથી. કોઈને જોતું નથી. એને જોવાનું કોઈને કારણ પણ નથી. એની અવસ્થાની શુદ્ધિ, અલ્પ શુદ્ધિ, વધતી શુદ્ધિ નિર્જરા જેને કહીએ અને મોક્ષ, એને પણ સમ્યગ્દર્શન જોતું નથી. સમ્યગ્દર્શન એક પોતાના પરમાત્મપદને જ જોવે છે અને આ સિવાય કોઈને સમ્યગ્દર્શન જોતું નથી. આવો સમ્યગ્દર્શનનો સ્વભાવ છે, કામ કરવાનો આવો સ્વભાવ છે. આને સમ્યગ્દર્શન કહીએ છીએ.

સમ્યગ્દર્શન નામ જૈન સંપ્રદાયમાં છે. અન્ય સંપ્રદાયમાં તો સમ્યગ્દર્શન શબ્દ નથી. સમ્યક્ શબ્દ છે, દર્શન શબ્દ છે પણ સમ્યગ્દર્શન નથી. જૈન સંપ્રદાયમાં સમ્યગ્દર્શન શબ્દ છે પણ આવું સમ્યગ્દર્શન છે એમ ખબર નથી. આ તો 'ગુરુદેવે'

સ્પષ્ટ કર્યું. આવું સમ્યગ્દર્શન છે એ વાત પણ નામ સમ્યગ્દર્શન હોવા છતાં કોઈને ખબર નથી. શ્વેતાંબરમાં, સ્થાનકવાસીમાં સમ્યગ્દર્શન શબ્દ આવે છે. સમ્યગ્દર્શન કેવું એ ત્યાં કોઈને ખબર નથી.

મુમુક્ષુ :- મૂળ દિગંબરમાં પણ નહોતું ને અત્યારે.

મુમુક્ષુ:- સમ્યગ્દર્શન શબ્દ તો 'ગુરુદેવ' બહાર પાડ્યા પછી વપરાણો. એ પહેલા શબ્દ પણ નહોતો.

પૂજ્ય ભાઈશ્રી :- હા, વપરાશમાં ઘટી ગયો. વપરાશ નહોતો ત્યાં. ત્યાં વપરાશ નહોતો. આ શબ્દ પણ પાછો જરાક એવો સરસ સુંદર છે. સમ્યગ્દર્શન એમ કહે એ શબ્દ પણ શબ્દની દૃષ્ટિએ સુંદર છે.

મુમુક્ષુ :- વ્યવહાર સમ્યગ્દર્શનને જ દર્શન કીધું છે.

પૂજ્ય ભાઈશ્રી :- પણ એ વ્યવહાર સમ્યગ્દર્શન પણ નથી. ભાઈ ! જેને વ્યવહાર સમ્યગ્દર્શન કહે છે એ વ્યવહાર સમ્યગ્દર્શન નથી પાછું. નામ જ છે. બાકી વ્યવહાર સમ્યગ્દર્શન પણ કેવું ? વ્યવહાર સમ્યગ્દર્શન તો એને કહેવાય કે જેને એવું સ્વરૂપને સ્વીકારતું સમ્યક્ શુદ્ધ હોય એવા શુદ્ધ સમ્યગ્દર્શનવાળાને દેવ-ગુરુ-શાસ્ત્ર, નવ તત્ત્વના વિકલ્પ આદિ શ્રદ્ધાનો રાગ (હોય) એને વ્યવહાર સમ્યગ્દર્શન લાગુ પડે. આને ક્યાં કોઈને વ્યવહાર સમ્યગ્દર્શન હતું ? એ કહે છે કે આ અમે તપ કરીએ એ વ્યવહારતપ ખરું કે નહિ ? કે ના. બિલકુલ નહિ. એ વ્યવહાર તપ પણ નથી. કેમકે નિશ્ચયતપ હોય એના બાહ્ય તપશ્ચરણાદિના રાગને વ્યવહારતપ કહેવાય. રાગને, હોં ! ક્રિયા-બ્રિયાને નહિ. ક્રિયા તો ક્રિયાને કારણે (થાય છે). એ જડની ક્રિયા છે. અને આ જ્ઞાન એ જ્ઞાન નથી. શાસ્ત્ર વાંચે, કાંઈ ભણે ભણાવે એવું બધું ચાલતું હોય તો એ જ્ઞાન નથી. કેમકે સમ્યક્જ્ઞાન હોય એને શાસ્ત્ર વાંચવા સંબંધીના રાગ સહિતના વિચારને વ્યવહારજ્ઞાન કહેવાય. એ પણ ત્યાં નથી. એટલે એ વ્યવહાર પણ ખરેખર નથી, ત્યાં તો વ્યવહારાભાસ છે. વ્યવહારાભાસને વ્યવહાર માને છે. અને એમને એમ ટોળેટોળું એ રીતે ચાલે છે આખેઆખું.

મુમુક્ષુ :- નવ તત્ત્વ કે શ્રદ્ધાન મેં તો પુણ્યતત્ત્વ અલગ હૈ. ફિર ભી... જિતના વ્યવહાર શ્રદ્ધાન હૈ ઉતના...

પૂજ્ય ભાઈશ્રી :- નહિ, નિશ્ચય હોય જેને, નિશ્ચયશ્રદ્ધાન હોય એને પુણ્યનું જ્ઞાન કેવું હોય ? કે આ પુણ્ય છે એ ભિન્ન તત્ત્વ છે. પુણ્યનો જે કષાયની મંદતારૂપ ભાવ છે એ પુણ્યતત્ત્વ છે. આત્મા નથી. એમ પોતાથી ભિન્નપણું ભાસે છે.

મુમુક્ષુ :- વિકલ્પ ભી ઐસા હી હોગા તબ વહ વ્યવહાર નામ પાયેગા.

પૂજ્ય ભાઈશ્રી :- હા. એવું જ. પણ વિકલ્પ તો જ્ઞાન હોય એને અનુસરીને

વિકલ્પ હોય ને ? સ્વમાં સ્વપણાનું જ્ઞાન હોય તો પરમાં પરપણાનું જ્ઞાન હોય. એ અનુસાર વિકલ્પ હોય. જેવી સમજણ હોય એવો વિકલ્પ હોય ને ? સમજણ અનુસાર વિકલ્પ હોય. એટલે એના સમ્યક્‌જ્ઞાન અનુસાર વિકલ્પ છે એને વ્યવહાર લાગુ પડે છે. બીજાને તો વ્યવહાર પણ લાગુ પડતો નથી. ખરેખર એમ છે.

મુમુક્ષુ :– આ કાળે ... સમ્યગ્દર્શન હોય ખરું ?

પૂજ્ય ભાઈશ્રી :– હા. બરાબર થાય. શા માટે ન થાય ? બરાબર થાય આ કાળે. પંચમઆરાના છેડા સુધી થશે. પંચમઆરાના છેડા સુધી આ માર્ગ (ચાલવાનો છે). માર્ગ એટલે આ દેરાસર રહેશે અને શાસ્ત્ર રહેશે એમ નહિ. ધર્મના ધારણ કરનારા, જે માર્ગ એટલે મોક્ષનો ઉપાય જેની અવસ્થામાં સાક્ષાત્ જીવંત (છે), ત્યાં સુધી એ જીવો રહેશે. એને જૈનશાસન કહ્યું છે. આ ધમાલને નહિ. જૈનશાસન એ છે. સાચું જૈનશાસન એ છે. તકરાર કરનારા તો એમ કહે છે કે આ અમારા બાપદાદાની મિલ્કત છે, આ તો અમારી મિલ્કત છે. સંપ્રદાય એ અમારી મિલ્કત છે.

મુમુક્ષુ :– ખરી મિલ્કતને જોતા નથી.

પૂજ્ય ભાઈશ્રી :– એની તકરાર કરે છે. એ જૈનશાસન જ નથી. જૈનશાસન તો ભાવમાં પ્રગટ થયું. અનુભૂતિ પ્રગટ થઈ. એ અનુભૂતિને જૈનશાસન કહેવામાં આવે છે. મોટી વાત એ છે અત્યારે કે માર્ગ રહી ગયો છે એ મોટી વાત છે. માર્ગ રહી ગયો છે, માર્ગ પ્રાપ્તિના નિમિત્તો પણ રહી ગયા છે. એ પણ રહેવાના છે. પંચમઆરાના છેડા સુધી માર્ગ પ્રાપ્તિના નિમિત્તો પણ રહેવાના છે.

'સોગાનીજી'એ તો ત્યાં સુધી કહ્યું છે કે 'ગુરુદેવે' આ જે પાયો નાખ્યો છે... હિન્દી ભાષામાં એને નીંવ કહે છે, આ જે નીંવ નાખી છે એ પંચમઆરાના છેડા સુધી રહેવાની છે. એટલી જબરજસ્ત ક્રાંતિ કરી છે. એ પરંપરા ચાલવાની જ છે. કોઈને કોઈ જાગવાનો જ છે. આ પરંપરા જે દૃષ્ટિ એમણે પ્રસિદ્ધ કરી, જે તત્ત્વજ્ઞાન પ્રસિદ્ધ કર્યું, જે દૃષ્ટિકોણથી આ તત્ત્વજ્ઞાનનો ઉકેલ જગતને આપ્યો એ વસ્તુ ચાલુ ને ચાલુ રહેશે. એને ચલાવનારા, એને સમજનારા જીવો થયા જ કરશે. પંચમઆરાના છેડા સુધી. કેટલું બધું એમના જ્ઞાનમાં એ વખતે આવ્યું છે ! એ તો ચર્ચામાં નીકળી ગયું છે. ચર્ચા કરતાં કરતાં બોલાઈ ગયું છે.

**'નિજ શ્રદ્ધા આવતા નિજ અવલોકન થાય છે.'** અહીંયાં અવલોકન એટલે અનુભવ. શું કહે છે ? કે કામ તો ફક્ત પોતાને નિહાળવાનું છે. અને શ્રદ્ધામાં પોતાનું સ્વરૂપ ગ્રહણ થતાં, પોતાના સ્વરૂપને શ્રદ્ધા જ્યાં શ્રદ્ધે છે, ત્યાં અનુભવ ઉત્પન્ન થઈ જાય છે. જે શ્રદ્ધાની અંદર અનાદિથી પરનું ગ્રહણ હતું–પર તે હું. રાગ તે હું અને પર તે હું, એ શ્રદ્ધા આખેઆખી ફરી ગઈ. શ્રદ્ધા આખી ફરે છે.

શ્રદ્ધા કદી આંશિક રૂપે ફરતી નથી. આખી શ્રદ્ધા બદલાઈ ગઈ અને પોતાના સ્વરૂપનું–અખંડ સ્વરૂપનું અખંડ શ્રદ્ધાન થયું એમ કહેવાય છે. શ્રદ્ધાને અખંડતાનું વિશેષણ લાગુ પડે છે. અખંડ સ્વરૂપ, શ્રદ્ધાનો વિષય અખંડ સ્વરૂપ અને શ્રદ્ધા પોતે પણ અખંડરૂપ. એવી જે શ્રદ્ધા થાય છે ત્યારે અનુભૂતિ પણ પ્રગટ થાય છે. ત્યારે અવલોકન–નિજ અવલોકન થાય છે એટલે નિજ અનુભવ થાય છે. એમ કેમ લીધું સાથે સાથે ? કે કોઈ જીવો એવું માને છે, અનેક જીવો એવું માને છે કે અમને શ્રદ્ધા તો છે ભલે અનુભવ ન થયો હોય. નિર્વિકલ્પ અનુભવ અમને હજી નથી થયો પણ શ્રદ્ધા પાકી થઈ ગઈ છે. અમારી શ્રદ્ધામાં કાંઈ મિથ્યાત્વ નથી. અમારી શ્રદ્ધા તો સાચી જ છે, સમ્યક્ જ છે. એને ખબર નથી નિજશ્રદ્ધા થતાં નિજ અનુભવ થાય. અને નિજ અનુભવના કાળમાં જ એ શ્રદ્ધાનું પરિણમન (થાય) તેને જ સમ્યક્શ્રદ્ધાન એમ કહેવામાં આવે છે. ત્યાં સુધી એ શ્રદ્ધાન સમ્યક્ થયું છે એ વાત રહેતી નથી. આમ છે.

મુમુક્ષુ :– તો પ્રશ્નાર્થ તો ઊભો જ રહે છે, કોની ? જે માને છે એને પ્રશ્નાર્થ તો ઊભો જ રહે છે કે કોની (શ્રદ્ધા) ?

પૂજ્ય ભાઈશ્રી :– એ એમ કહે છે કે જુઓ ! અમે વ્યવહારે સાચા દેવ-ગુરુ-શાસ્ત્રને માનીએ છીએ, નવ તત્ત્વને માનીએ છીએ. હવે અમારા આત્માનું પણ સ્વરૂપ, અમે સત્શાસ્ત્રને માનીએ છીએ એટલે સત્શાસ્ત્રમાં જે આત્માનું સ્વરૂપ કહ્યું, ગુરુ અને દેવે જે આત્માનું (સ્વરૂપ કહ્યું છે) એવું જ અમે અમારા આત્માનું સ્વરૂપ માનીએ છીએ. ભલે અનુભવ ન થયો, શ્રદ્ધા અમારી સાચી છે, દૃઢ છે, પાકી છે, અફર છે. એમ કહે કે ઉપરથી સિદ્ધ ભગવાન ફેરવવા આવે તો અમારી શ્રદ્ધા નહિ ફરે. એને કહે છે, બેસ હવે. એના કરતા કો'ક સરખો તર્ક નાખે ને ત્યાં ભાઈના પાયા હલવા માંડે. એક સરખાયનો તર્ક આવે ને... બુદ્ધિવાળા બહુ હોય છે માણસો. એક સરખાયનો એને તર્ક આપી દે ત્યાં એના શ્રદ્ધાના પાયા ડગમગવા લાગે. અને માને એમ કે અમારી શ્રદ્ધા સાચી છે. ભાઈ ! શ્રદ્ધા તો અનુભવના કાળમાં થઈ તે શ્રદ્ધા સાચી. એ પહેલાની શ્રદ્ધાની વાત સાચી છે એમ રહેતું નથી.

મુમુક્ષુ :– અવલોકન, અનુભૂતિ, અનુભવ, સ્વસંવેદન બધું ...

પૂજ્ય ભાઈશ્રી :– બધું એકાર્થ છે.

**'નિજ શ્રદ્ધા આવતા નિજ અવલોકન થાય છે. આ શ્રદ્ધા ક્યાંથી થાય તે કહેવામાં આવે છે.'** પાછા ઉથલાવીને વિષય લેશે. આવી શ્રદ્ધા કેવી રીતે પ્રગટે ? એમ કહીને આ રીતે... (વિશેષ લઈશું...)

## વીતરાગ સત્‌સાહિત્ય પ્રસારક ટ્રસ્ટ
## ઉપલબ્ધ પ્રકાશન (ગુજરાતી)

| | ગ્રંથનું નામ તેમજ વિવરણ | મૂલ્ય |
|---|---|---|
| ૦૧ | અધ્યાત્મિકપત્ર (પૂજ્ય શ્રી નિહાલચંદ્રજી સોગાનીજીના પત્રો) | ૦૨-૦૦ |
| ૦૨ | અધ્યાત્મ સંદેશ (પૂજ્ય ગુરુદેવશ્રીના વિવિધ પ્રવચનો) | અનુપલબ્ધ |
| ૦૩ | આત્મયોગ (શ્રીમદ રાજચંદ્ર પત્રાંક-૫૯૬, ૪૯૧, ૬૦૯ પર પૂજ્ય ભાઈશ્રી શશીભાઈના પ્રવચનો) | ૨૦-૦૦ |
| ૦૪ | અનુભવ સંજીવની (પૂજ્ય ભાઈશ્રી દ્વારા લિખિત વચનામૃત્તોનું સંકલન) | ૧૫૦-૦૦ |
| ૦૫ | અધ્યાત્મ સુધા (ભાગ-૧) બહેનશ્રીના વચનામૃત ગ્રંથ ઉપર પૂજ્ય ભાઈશ્રી શશીભાઈના સળંગ પ્રવચનો | ૩૦-૦૦ |
| ૦૬ | અધ્યાત્મ સુધા (ભાગ-૨) બહેનશ્રીના વચનામૃત ગ્રંથ ઉપર પૂજ્ય ભાઈશ્રી શશીભાઈના સળંગ પ્રવચનો | ૩૦-૦૦ |
| ૦૭ | અધ્યાત્મ સુધા (ભાગ-૩) બહેનશ્રીના વચનામૃત ગ્રંથ ઉપર પૂજ્ય ભાઈશ્રી શશીભાઈના સળંગ પ્રવચનો | ૩૦-૦૦ |
| ૦૮ | અધ્યાત્મ પરાગ | - |
| ૦૯ | બીજુ કાંઈ શોધમા (પ્રત્યક્ષ સત્પુરુષ વિષયક વચનામૃત્તોનું સંકલન) | - |
| ૧૦ | બૃહદ દ્રવ્યસંગ્રહ પ્રવચન (ભાગ-૧) (દ્રવ્યસંગ્રહ ગ્રંથ ઉપર પૂજ્ય ગુરુદેવશ્રી કાનજીસ્વામીના સળંગ પ્રવચનો) | - |
| ૧૧ | બૃહદ દ્રવ્યસંગ્રહ પ્રવચન (ભાગ-૨) ( દ્રવ્યસંગ્રહ ગ્રંથ ઉપર પૂજ્ય ગુરુદેવશ્રી કાનજીસ્વામીના સળંગ પ્રવચનો) | - |
| ૧૨ | ભગવાન આત્મા (દ્રષ્ટિ વિષયક વચનામૃત્તોનું સંકલન) | - |
| ૧૩ | દ્વાદશ અનુપ્રેક્ષા (શ્રીમદ્ ભગવત્ કુંદકુંદાચાર્યદેવ વિરચિત | ૦૨-૦૦ |
| ૧૪ | દ્રવ્યદષ્ટિ પ્રકાશ (ભાગ-૩) (પૂજ્ય શ્રી નિહાલચંદજી સોગાની તત્ત્વચર્ચા) | ૦૪-૦૦ |
| ૧૫ | દસ લક્ષણ ધર્મ (ઉત્તમ ક્ષમાદિ દસ ધર્મો પર પૂજ્ય ગુરુદેવશ્રીનાં પ્રવચનો) | ૦૬-૦૦ |
| ૧૬ | ધન્ય આરાધના (શ્રીમદ રાજચંદ્રજીની અંતરંગ અધ્યાત્મ દશા ઉપર પૂજ્ય ભાઈશ્રી શશીભાઈ દ્વારા વિવેચન) | ૧૦-૦૦ |
| ૧૭ | દિશા બોધ (શ્રીમદ્ રાજચંદ્રજી પત્રાંક-૧૬૬,૪૪૯,અને ૫૭૨ પર પૂજ્ય ભાઈશ્રી શશીભાઈ દ્વારા પ્રવચનો) | ૧૦-૦૦ |
| ૧૮ | ગુરુ ગુણ સંભારણા (પૂજ્ય બહેનશ્રીના શ્રીમુખેથી સ્ફુરિત ગુરુભક્તિ) | ૦૫-૦૦ |
| ૧૯ | ગુરુ ગિરા ગૌરવ (પૂજ્ય સૌગાનીજીની અંગત દશા ઉપર પૂજ્ય ભાઈશ્રી શશીભાઈના પ્રવચનો) | ૨૦-૦૦ |
| ૨૦ | ગુરુ ગિરા ગૌરવ (ભાગ-૧) (દ્રવ્યદષ્ટિ પ્રકાશ ગ્રંથ ઉપર પૂજ્ય ભાઈશ્રી શશીભાઈના પત્રો પર સળંગ પ્રવચનો) | ૨૦-૦૦ |
| ૨૧ | ગુરુ ગિરા ગૌરવ (ભાગ-૨) (દ્રવ્યદષ્ટિ પ્રકાશ ગ્રંથ ઉપર પૂજ્ય ભાઈશ્રી શશીભાઈના પત્રો પર સળંગ પ્રવચનો) | ૨૦-૦૦ |
| ૨૨ | જિણસાસણં સવ્વં (જ્ઞાનીપુરુષ વિષયક વચનામૃત્તોનું સંકલન) | ૦૮-૦૦ |
| ૨૩ | કુટુંબ પ્રતિબંધ (શ્રીમદ રાજચંદ્ર પત્રાંક-૧૦૩, ૩૩૨, ૫૧૦, ૫૨૮, ૫૩૭ તથા ૩૭૪ પર પૂજ્ય ભાઈશ્રી શશીભાઈના પ્રવચનો) | ૨૫-૦૦ |
| ૨૪ | કહાન રત્ન સરિતા (ભાગ-૧) (પરમાગમસારમાંથી ચૂંટેલા કેટલાક વચનામૃત્તો ઉપર પૂજ્ય ભાઈશ્રી શશીભાઈનાં પ્રવચનો) | ૨૫-૦૦ |
| ૨૫ | કહાન રત્ન સરિતા (ભાગ-૨) (પરમાગમસારમાંથી ક્રમબદ્ધ પર્યાય વિષયક | |

| | | |
|---|---|---|
| | ચૂંટેલા કેટલાક વચનામૃત્તો ઉપર પૂજ્ય ભાઈશ્રી શશીભાઈનાં પ્રવચનો) | ૩૦-૦૦ |
| ૨૬ | કાર્તિકેયાનુપ્રેક્ષા પ્રવચન (ભાગ-૧) કાર્તિકેયાનુપ્રેક્ષા ગ્રંથ ઉપર પૂજ્ય ગુરુદેવશ્રી કાનજીસ્વામીના સળંગ પ્રવચનો | ૩૦-૦૦ |
| ૨૭ | કાર્તિકેયાનુપ્રેક્ષા પ્રવચન (ભાગ-૨) કાર્તિકેયાનુપ્રેક્ષા ગ્રંથ ઉપર પૂજ્ય ગુરુદેવશ્રી કાનજીસ્વામીના સળંગ પ્રવચનો | ૩૦-૦૦ |
| ૨૮ | ક્રમબદ્ધપર્યાય | - |
| ૨૯ | મુમુક્ષતા આરોહણ ક્રમ (શ્રીમદ રાજચંદ્ર પત્રાંક-૨૫૪ પર પૂજ્ય ભાઈશ્રી શશીભાઈના પ્રવચનો) | ૧૫-૦૦ |
| ૩૦ | નિર્ભ્રાંત દર્શનની કેડીએ (લે. પૂજ્ય ભાઈશ્રી શશીભાઈ) | ૧૦-૦૦ |
| ૩૧ | પરમાત્માપ્રકાશ (શ્રીમદ્ યોગીન્દ્રદેવ વિરચિત) | ૧૫-૦૦ |
| ૩૨ | પરમાગમસાર (પૂજ્ય ગુરુદેવશ્રી કાનજીસ્વામીના ૧૦૦૮ વચનામૃત્ત) | ૧૧-૨૫ |
| ૩૩ | પ્રવચન નવનીત (ભાગ-૧) (પૂજ્ય ગુરુદેવશ્રીના ખાસ પ્રવચનો) | અનુપલબ્ધ |
| ૩૪ | પ્રવચન નવનીત (ભાગ-૨) (પૂજ્ય ગુરુદેવશ્રીના ખાસ પ્રવચનો) | ૨૫-૦૦ |
| ૩૫ | પ્રવચન નવનીત (ભાગ-૩) (પૂજ્ય ગુરુદેવશ્રીના ૪૭ નય ઉપર ખાસ પ્રવચનો) | ૩૫-૦૦ |
| ૩૬ | પ્રવચન નવનીત (ભાગ-૪) (પૂજ્ય ગુરુદેવશ્રીના ૪૭ નય શક્તિઓ ઉપર ખાસ પ્રવચનો) | ૭૫-૦૦ |
| ૩૭ | પ્રવચન પ્રસાદ (ભાગ-૧) (પંચાસ્તિકાયસંગ્રહ પર પૂજ્ય ગુરુદેવશ્રીના પ્રવચનો) | ૬૫-૦૦ |
| ૩૮ | પ્રવચન પ્રસાદ (ભાગ-૨) (પંચાસ્તિકાયસંગ્રહ પર પૂજ્ય ગુરુદેવશ્રીના પ્રવચનો) | - |
| ૩૯ | પ્રયોજન સિદ્ધિ (લે. પૂજ્યભાઈશ્રી શશીભાઈ) | ૦૩-૦૦ |
| ૪૦ | પથ પ્રકાશ (માર્ગદર્શન વિષયક વચનામૃત્તોનું સંકલન) | ૦૬-૦૦ |
| ૪૧ | પરિભ્રમણના પ્રત્યાખ્યાન (શ્રીમદ રાજચંદ્ર પત્રાંક-૧૯૫, ૧૨૮ તથા ૨૬૪ પર પૂજ્ય ભાઈશ્રી શશીભાઈના પ્રવચનો) | ૨૦-૦૦ |
| ૪૨ | પ્રવચન સુધા (ભાગ-૧) પ્રવચનસાર શાસ્ત્રના સળંગ પ્રવચનો | ૪૦-૦૦ |
| ૪૩ | પ્રવચન સુધા (ભાગ-૨) પ્રવચનસાર શાસ્ત્રના સળંગ પ્રવચનો | ૮૫-૦૦ |
| ૪૪ | પ્રવચન સુધા (ભાગ-૩) પ્રવચનસાર શાસ્ત્રના સળંગ પ્રવચનો | ૩૦-૦૦ |
| ૪૫ | પ્રવચન સુધા (ભાગ-૪) પ્રવચનસાર શાસ્ત્રના સળંગ પ્રવચનો | ૪૦-૦૦ |
| ૪૬ | પ્રવચન સુધા (ભાગ-૫) પ્રવચનસાર શાસ્ત્રના સળંગ પ્રવચનો | ૩૦-૦૦ |
| ૪૭ | પ્રવચન સુધા (ભાગ-૬) પ્રવચનસાર શાસ્ત્રના સળંગ પ્રવચનો | ૩૦-૦૦ |
| ૪૮ | પ્રવચન સુધા (ભાગ-૭) પ્રવચનસાર શાસ્ત્રના સળંગ પ્રવચનો | ૨૦-૦૦ |
| ૪૯ | પ્રવચન સુધા (ભાગ-૮) પ્રવચનસાર શાસ્ત્રના સળંગ પ્રવચનો | ૨૦-૦૦ |
| ૫૦ | પ્રવચન સુધા (ભાગ-૯) પ્રવચનસાર શાસ્ત્રના સળંગ પ્રવચનો | ૨૦-૦૦ |
| ૫૧ | પ્રવચન સુધા (ભાગ-૧૦) પ્રવચનસાર શાસ્ત્રના સળંગ પ્રવચનો | ૨૦-૦૦ |
| ૫૨ | પ્રવચન સુધા (ભાગ-૧૧) પ્રવચનસાર શાસ્ત્રના સળંગ પ્રવચનો | ૨૦-૦૦ |
| ૫૩ | પ્રવચનસાર | અનુપલબ્ધ |
| ૫૪ | પ્રચારિસ્તકાય સંગ્રહ | અનુપલબ્ધ |
| ૫૫ | પદ્મનંદીપંચવિંશતી | - |
| ૫૬ | પુરુષાર્થ સિદ્ધિ ઉપાય | અનુપલબ્ધ |
| ૫૭ | રાજ હૃદય (ભાગ-૧) (શ્રીમદ રાજચંદ્ર ગ્રંથ પર પૂજ્ય ભાઈશ્રી શશીભાઈના સળંગ પ્રવચનો) | ૨૦-૦૦ |
| ૫૮ | રાજ હૃદય (ભાગ-૨) (શ્રીમદ રાજચંદ્ર ગ્રંથ પર પૂજ્ય ભાઈશ્રી શશીભાઈના સળંગ પ્રવચનો) | ૨૦-૦૦ |
| ૫૯ | રાજ હૃદય (ભાગ-૩) (શ્રીમદ રાજચંદ્ર ગ્રંથ પર પૂજ્ય ભાઈશ્રી શશીભાઈના સળંગ પ્રવચનો) | ૨૦-૦૦ |
| ૬૦ | રાજહૃદય (ભાગ–૪) ('શ્રીમદ્ રાજચંદ્ર' ગ્રંથ ઉપર પૂજ્ય ભાઈશ્રી શશીભાઈના સળંગ પ્રવચનો) | ૨૦.૦૦ |
| ૬૧ | સમ્યક્જ્ઞાનદીપિકા (લે. શ્રી ધર્મદાસજી ક્ષુલ્લક) | ૧૫-૦૦ |
| ૬૨ | જ્ઞાનામૃત્ત (શ્રીમદ રાજચંદ્ર ગ્રંથમાંથી ચૂંટેલા વચનામૃત્તો) | ૦૬-૦૦ |

| | | |
|---|---|---|
| ૬૩ | સમ્યગ્દર્શનના નિવાસના સર્વોત્કૃષ્ટ નિવાસભૂત છ પદનો પત્ર<br>(શ્રીમદ્ રાજચંદ્ર પત્રાંક-૪૯૩ પર પૂજ્ય ભાઈશ્રી શશીભાઈના પ્રવચનો) | ૨૦-૦૦ |
| ૬૪ | સિદ્ધપદનો સર્વશ્રેષ્ઠ ઉપાય (શ્રીમદ રાજચંદ્ર પત્રાંક-૧૪૭, ૧૯૪, ૨૦૦,<br>૫૧૧, ૫૬૦ તથા ૮૧૯ પર પૂજ્ય ભાઈશ્રી શશીભાઈના પ્રવચનો) | ૨૫-૦૦ |
| ૬૫ | સમયસાર દોહન (પૂજ્ય ગુરુદેવશ્રી કાનજી સ્વામીના નાઈરોબીમાં<br>સમયસાર પરમાગમ ઉપર થયેલાં પ્રવચનો) | ૩૫-૦૦ |
| ૬૬ | સુવિધિદર્શન (પૂજ્ય ભાઈશ્રી દ્વારા લિખિત સુવિધિ લેખ ઉપર તેમનાં પ્રવચન) | ૨૫-૦૦ |
| ૬૭ | સ્વરૂપભાવના (શ્રીમદ રાજચંદ્ર પત્રાંક-૯૧૩, ૭૧૦ અને ૮૩૩ પર<br>પૂજ્ય ભાઈશ્રી શશીભાઈના પ્રવચનો) | ૨૫-૦૦ |
| ૬૮ | સમક્તિનું બીજ (શ્રીમદ રાજચંદ્ર ગ્રંથમાંથી સત્પુરુષની ઓળખાણ વિષયક<br>પત્રાંક ઉપર પૂજ્ય ભાઈશ્રી શશીભાઈના પ્રવચનો) | ૩૦-૦૦ |
| ૬૯ | તત્ત્વાનુશીલન (પૂજ્ય ભાઈશ્રી દ્વારા લિખિત વિવિધ લેખ) | - |
| ૭૦ | વિધિ વિજ્ઞાન (વિધિ વિષયક વચનામૃત્તોનું સંકલન) | ૦૭-૦૦ |
| ૭૧ | વચનામૃત્ત રહસ્ય (પૂજ્ય ગુરુદેવશ્રી કાનજીસ્વામીના નાઈરોબીમાં<br>બહેનશ્રીના વચનામૃત્ત પર થયેલાં પ્રવચનો) | ૨૫-૦૦ |
| ૭૨ | વચનામૃત્ત પ્રવચન (ભાગ-૧) | - ૭૩ |
| | વચનામૃત્ત પ્રવચન (ભાગ-૨) | - |
| ૭૪ | વચનામૃત્ત પ્રવચન (ભાગ-૩) | - |
| ૭૫ | વચનામૃત્ત પ્રવચન (ભાગ-૪) | - |
| ૭૬ | યોગસાર | અનુપલબ્ધ |
| ૭૭ | ધન્ય આરાધક | - |
| ૭૮ | અધ્યાત્મ સુધા (ભાગ-૪) 'બહેનશ્રીનાં વચનામૃત' ગ્રંથ ઉપર<br>પૂજ્ય ભાઈશ્રી શશીભાઈના સળંગ પ્રવચનો | ૩૦.૦૦ |
| ૭૯ | અધ્યાત્મ સુધા (ભાગ-૫) 'બહેનશ્રીનાં વચનામૃત' ગ્રંથ ઉપર<br>પૂજ્ય ભાઈશ્રી શશીભાઈના સળંગ પ્રવચનો | ૩૦.૦૦ |
| ૮૦ | છ ઢાળા પ્રવચન (ભાગ–૧) | ૨૦-૦૦ |
| ૮૧ | છ ઢાળા પ્રવચન (ભાગ–૨) | ૨૦-૦૦ |
| ૮૨ | છ ઢાળા પ્રવચન (ભાગ–૩) | ૨૦-૦૦ |
| ૮૩ | મુક્તિનો માર્ગ (સત્તા સ્વરૂપ ગ્રંથ પર પૂજ્ય ગુરુદેવશ્રીના પ્રવચન) | ૨૦.૦૦ |
| ૮૪ | રાજહૃદય (ભાગ–૫) ('શ્રીમદ્ રાજચંદ્ર' ગ્રંથ ઉપર પૂજ્ય ભાઈશ્રી શશીભાઈના સળંગ પ્રવચનો) | ૨૦.૦૦ |
| ૮૫ | રાજહૃદય (ભાગ–૬) ('શ્રીમદ્ રાજચંદ્ર' ગ્રંથ ઉપર પૂજ્ય ભાઈશ્રી શશીભાઈના સળંગ પ્રવચનો) | ૨૦.૦૦ |
| ૮૬ | રાજહૃદય (ભાગ–૭) ('શ્રીમદ્ રાજચંદ્ર' ગ્રંથ ઉપર પૂજ્ય ભાઈશ્રી શશીભાઈના સળંગ પ્રવચનો) | ૨૦.૦૦ |
| ૮૭ | રાજહૃદય (ભાગ–૮) ('શ્રીમદ્ રાજચંદ્ર' ગ્રંથ ઉપર પૂજ્ય ભાઈશ્રી શશીભાઈના સળંગ પ્રવચનો) | ૨૦.૦૦ |
| ૮૮ | રાજહૃદય (ભાગ–૯) ('શ્રીમદ્ રાજચંદ્ર' ગ્રંથ ઉપર પૂજ્ય ભાઈશ્રી શશીભાઈના સળંગ પ્રવચનો) | ૨૦.૦૦ |
| ૮૯ | રાજહૃદય (ભાગ–૧૦) ('શ્રીમદ્ રાજચંદ્ર' ગ્રંથ ઉપર પૂજ્ય ભાઈશ્રી શશીભાઈના સળંગ પ્રવચનો) | ૨૦.૦૦ |
| ૯૦ | અધ્યાત્મ સુધા (ભાગ-૬) 'બહેનશ્રીનાં વચનામૃત' ગ્રંથ ઉપર<br>પૂજ્ય ભાઈશ્રી શશીભાઈના સળંગ પ્રવચનો | ૨૦.૦૦ |
| ૯૧ | અનુભવપ્રકાશના કિરણો (ભાગ–૧) ('અનુભવપ્રકાશ' ગ્રંથ ઉપર<br>પૂજ્ય ભાઈશ્રી શશીભાઈના સળંગ પ્રવચનો) | ૨૦.૦૦ |

# श्री वीतराग सत्साहित्य प्रसारक ट्रस्ट

## उपलब्ध प्रकाशन (हिन्दी)

| | ग्रंथ का नाम एवं विवरण | मूल्य |
|---|---|---|
| ०१ | अनुभव प्रकाश (ले. दीपचंदजी कासलीवाल) | - |
| ०२ | आत्मयोग (श्रीमद् राजचंद पत्रांक-४६९, ४९१, ६०९ पर पूज्य भाईश्री शशीभाईके प्रवचन) | २०-०० |
| ०३ | अनुभव संजीवनी (पूज्य भाईश्री शशीभाई द्वारा लिखे गये वचनामृत्तोंका संकलन) | १५०-०० |
| ०४ | आत्मसिद्धि शास्त्र पर प्रवचन (पूज्य गुरुदेवश्री द्वारा) | ५०-०० |
| ०५ | आत्मअवलोकन | - |
| ०६ | बृहद द्रव्यसंग्रह | अनुपलब्ध |
| ०७ | द्रव्यदृष्टिप्रकाश (तीनों भाग-पूज्य श्री निहालचंदजी सोगानीजीके पत्र एवं तत्वचर्चा) | ३०-०० |
| ०८ | दूसरा कुछ न खोज (प्रत्यक्ष सत्पुरुष विषयक वचनामृतोंका संकलन) | ०६-०० |
| ०९ | दंसणमूलो धम्मा (सम्यक्त्व महिमा विषयक आगमोंके आधार) | ०६-०० |
| १० | धन्य आराधना (श्रीमद राजचंद्रजीकी अंतरंग अध्यात्म दशा पर ॉ पूज्य भाईश्री शशीभाई द्वारा विवेचन) | - |
| ११ | दिशा बोध (श्रीमद राजचंद्र पत्रांक-१६६, ४४९, ५७२ पर पूज्य भाईश्री शशीभाईके प्रवचन) | २५-०० |
| १२ | धन्य पुरुषार्थी | - |
| १३ | धन्य अवतार | - |
| १४ | गुरु गुण संभारणा (पूज्य बहिनश्री चंपाबहिन द्वारा गुरु भक्ति) | १५-०० |
| १५ | गुरु गिरा गौरव | - |
| १६ | जिणसासणं सव्वं (ज्ञानीपुरुष विषयक वचनामृतोंका संकलन) | ०८-०० |
| १७ | कुटुम्ब प्रतिबंध (श्रीमद् राजचंद्र पत्रांक-१०३,३३२,५१०, ५२८,५३७ एवं ३७४ पर पूज्य भाईश्री शशीभाईके प्रवचन) | २५-०० |
| १८ | कहान रत्न सरिता (परमागमसारके विभिन्न वचनामृतों पर पूज्य भाईश्री शशीभाईके प्रवचन) | ३०-०० |
| १९ | मूलमें भूल (पूज्य गुरुदेवश्री कानजीस्वामीके विविध प्रवचन) | ०८-०० |
| २० | मुमुक्षुता आरोहण क्रम (श्रीमद राजचंद्र पत्रांक-२५४ पर पूज्य भाईश्री शशीभाईके प्रवचन) | - |
| २१ | मुक्तिका मार्ग (सत्ता स्वरूप ग्रन्थ पर पूज्य गुरुदेवश्रीके प्रवचन) | १०-०० |
| २२ | निर्भ्रांत दर्शनकी पगडंडी (ले. पूज्य भाईश्री शशीभाई) | १०-०० |
| २३ | परमागमसार (पूज्य गुरुदेवश्री कानजीस्वामीके १००८ वचनामृत्त) | - |
| २४ | प्रयोजन सिद्धि (ले. पूज्य भाईश्री शशीभाई) | ०४-०० |
| २५ | परिभ्रमणके प्रत्याख्यान (श्रीमद राजचंद्र पत्रांक-१९५, १२८, २६४ पर पूज्य भाईश्री शशीभाईके प्रवचन) | २०-०० |
| २६ | प्रवचन नवनीत (भाग-१) (पूज्य गुरुदेवश्री कानजीस्वामीके खास प्रवचन) | २०-०० |
| २७ | प्रवचन नवनीत (भाग-२) (पूज्य गुरुदेवश्री कानजीस्वामीके खास प्रवचन) | २०-०० |
| २८ | प्रवचन नवनीत (भाग-३) (पूज्य गुरुदेवश्री कानजीस्वामीके ४७ नय के खास प्रवचन) | २०-०० |
| २९ | प्रवचन नवनीत (भाग-४) (पूज्य गुरुदेवश्री कानजीस्वामीके ४७ शक्ति के खास प्रवचन) | २०-०० |

| | | |
|---|---|---|
| ३० | प्रवचन सुधा (भाग-१) (पूज्य गुरुदेवश्री कानजीस्वामीके प्रवचनसार परमागम पर धारावाही प्रवचन) | २०-०० |
| ३१ | प्रवचन सुधा (भाग-२) (पूज्य गुरुदेवश्री कानजीस्वामीके प्रवचनसार परमागम पर धारावाही प्रवचन) | २०-०० |
| ३२ | पथ प्रकाश | २०.०० |
| ३३ | प्रवचनसार | अनुपलब्ध |
| ३४ | प्रंचास्तिकाय संग्रह | अनुपलब्ध |
| ३५ | सम्यक्ज्ञानदीपिका (ले. श्री धर्मदासजी क्षुल्लक) | १५-०० |
| ३६ | ज्ञानामृत्त (श्रीमद् राजचंद्र ग्रंथमें से चयन किये गये वचनामृत्त) | - |
| ३७ | सम्यग्दर्शनके सर्वोत्तकृष्ट निवासभूत छ पदोंका अमृत पत्र (श्रीमद रादचंद्र पत्रांक-४९३ पर पूज्य भाईश्री शशीभाईके प्रवचन) | १८-०० |
| ३८ | सिद्धिपका सर्वश्रेष्ठ उपाय (श्रीमद् राजचंद्र ग्रंथमें से पत्रांक-१४७,१९४, २००,५११,५६० एवं ८१९ पर पूज्य भाईश्री शशीभाईके प्रवचन) | २५-०० |
| ३९ | सुविधि दर्शन (सुविधि लेख पर पूज्य भाईश्री शशीभाईके प्रवचन) | ४०-०० |
| ४० | समयसार नाटक | अनुपलब्ध |
| ४१ | समयसार कलश टीका | अनुपलब्ध |
| ४२ | समयसार | अनुपलब्ध |
| ४३ | स्मरण संचिका | २०.०० |
| ४४ | स्वरूप भावना (श्रीमद् राजचंद्र पत्रांक-९१३, ७१० एवं ८३३ पर पूज्य भाईश्री शशीभाई के प्रवचन) | २०-०० |
| ४५ | तत्त्वानुशीलन (भाग-१,२,३) (ले. पूज्य भाईश्री शशीभाई) | २०-०० |
| ४६ | तत्थ्य | अनुपलब्ध |
| ४७ | विधि विज्ञान (विधि विषयक वचनामृत्तोंका संकलन) | १०-०० |
| ४८ | वचनामृत्त रहस्य (पूज्य गुरुदेवश्री कानजीस्वामीके नाईरौबीमें हुए प्रवचन | २०-०० |
| ४९ | भगवान आत्मा | २०.०० |
| ५० | जिन प्रतिमा जिन सारखी | २०.०० |
| ५१. | छः ढाला प्रवचन (भाग-१) | २०.०० |
| ५२. | छः ढाला प्रवचन (भाग-२) | २०.०० |
| ५३. | छः ढाला प्रवचन (भाग-३) | २०.०० |
| ५४. | प्रवचनसुधा (भाग-६) | ३०.०० |

## वीतराग सत् साहित्य प्रसारक ट्रस्टमें से प्रकाशित हुई पुस्तकोंकी प्रत संख्या

| | | |
|---|---|---|
| ०१ | प्रवचनसार (गुजराती) | १५०० |
| ०२ | प्रवचनसार (हिन्दी) | ४२०० |
| ०३ | पंचास्तिकायसंग्रह (गुजराती) | १००० |
| ०४ | पंचास्तिकाय संग्रह (हिन्दी) | २५०० |
| ०५ | समयसार नाटक (हिन्दी) | ३००० |
| ०६ | अष्टपाहुड (हिन्दी) | २००० |
| ०७ | अनुभव प्रकाश | २१०० |
| ०८ | परमात्मप्रकाश | ४१०० |
| ०९ | समयसार कलश टीका (हिन्दी) | २००० |
| १० | आत्मअवलोकन | २००० |
| ११ | समाधितंत्र (गुजराती) | २००० |
| १२ | बृहद द्रव्यसंग्रह (हिन्दी) | ३००० |
| १३ | मुक्तिका मार्ग (सत्ता स्वरूप ग्रन्थ पर प्रवचन) (गुजराती) | १००० |
| १४ | योगसार | २००० |
| १५ | अध्यात्मसंदेश | २००० |
| १६ | पद्मनंदीपंचविंशती | ३००० |
| १७ | समयसार | ३१०० |
| १८ | समयसार (हिन्दी) | २५०० |
| १९ | अध्यात्मिक पत्रो (पूज्य निहालचंद्रजी सोगानी द्वारा लिखित) | ३००० |
| २० | द्रव्यदृष्टि प्रकाश (गुजराती) | १०,००० |
| २१ | द्रव्यदृष्टि प्रकाश (हिन्दी) | ७६०० |
| २२ | पुरुषार्थसिद्दिउपाय (गुजराती) | ६१०० |
| २३ | क्रमबद्धपर्याय (गुजराती) | ८००० |
| २४ | अध्यात्मपराग (गुजराती) | ३००० |
| २५ | धन्य अवतार (गुजराती) | ३७०० |
| २६ | धन्य अवतार (हिन्दी) | ८००० |
| २७ | परमामगसार (गुजराती) | ५००० |
| २८ | परमागमसरा (हिन्दी) | ४४०० |
| २९ | वचनामृत प्रवचन भाग-१-२-३-४ | ५००० |
| ३० | अनुभव प्रकाश (हिन्दी) | २००० |
| ३१ | निर्भ्रांत दर्शननी केडीए (गुजराती) | ५००० |
| ३२ | निर्भ्रांत दर्शनकी पगडंडी (हिन्दी) | ७५०० |
| ३३ | गुरुगुण संभारणा (गुजराती) | ३००० |
| ३४ | गुरुगुण संभारणा (हिन्दी) | ७५०० |
| ३५ | जिण सासणं सव्वं (गुजराती) | २००० |
| ३६ | जिण सासणं सव्वं (हिन्दी) | २००० |
| ३७ | द्वादश अनुप्रेक्षा (गुजराती) | २००० |
| ३८ | दस लक्षण धर्म (गुजराती) | २००० |
| ३९ | धन्य आराधना (गुजराती) | १००० |
| ४० | धन्य आराधना (हिन्दी) | १५०० |
| ४१ | प्रवचन नवनीत भाग-१-४ (गुजराती) | ५८५० |
| ४२ | प्रवचन प्रसाद भाग-१-२ | २३०० |
| ४३ | पथ प्रकाश (गुजराती) | २००० |
| ४४ | पथ प्रकाश (हिन्दी) | ५०० |
| ४५ | प्रयोजन सिद्धि (गुजराती) | ३५०० |
| ४६ | प्रयोजन सिद्धि (हिन्दी) | २५०० |
| ४७ | विधि विज्ञान (गुजराती) | २००० |
| ४८ | विधि विज्ञान (हिन्दी) | २००० |
| ४९ | भगवान आत्मा (गुजरात) | २००० |
| ५० | भगवान आत्मा (हिन्दी) | १५०० |
| ५१ | सम्यक्ज्ञानदीपिका (गुजराती) | १००० |
| ५२ | सम्यक्ज्ञानदीपिका (हिन्दी) | १५०० |
| ५३ | तत्त्वानुशीलन (गुजराती) | ४००० |
| ५४ | तत्त्वानुशीलन (हिन्दी) | २००० |
| ५५ | बीजुं कांई शोध मा (गुजराती) | ४००० |
| ५६ | दूसरा कुछ न खोज (हिन्दी) | २००० |
| ५७ | मुमुक्षुता आरोहण क्रम (गुजराती) | २५०० |
| ५८ | मुमुक्षुता आरोहण क्रम (हिन्दी) | ३५०० |
| ५९ | अमृत पत्र (गुजराती) | २००० |
| ६० | अमृत पत्र (हिन्दी) | २५०० |
| ६१ | परिभ्रमणना प्रत्याख्यान (गुजराती) | १५०० |
| ६२ | परिभ्रमणके प्रत्याख्यान (हिन्दी) | ४००० |
| ६३ | आत्मयोग (गुजराती) | १५०० |
| ६४ | आत्मयोग (हिन्दी) | ३००० |
| ६५ | अनुभव संजीवनी (गुजराती) | १००० |
| ६६ | अनुभव संजीवनी (हिन्दी) | १००० |
| ६७ | ज्ञानामृत (गुजराती) | ३५०० |
| ६८ | ज्ञानामृत (हिन्दी) | १५०० |
| ६९ | वचनामृत रहस्य (गुजराती) | १००० |
| ७० | वचनामृत रहस्य (हिन्दी) | १००० |
| ७१ | दिशा बोध (हिन्दी-गुजराती) | ३५०० |
| ७२ | कहान रत्न सरिता (भाग-१) | १००० |
| ७३ | कहान रत्न सरिता (भाग-२) | १००० |
| ७४ | कुटुम्ब प्रतिबंध (गुजराती) | १५०० |
| ७५ | कुटुम्ब प्रतिबंध (हिन्दी) | २५०० |
| ७६ | सिद्धपद का सर्वश्रेष्ठ उपाय (गुजराती) | १५०० |

| | |
|---|---|
| ७७ सिद्धपद का सर्वश्रेष्ठ उपाय (हिन्दी) | २००० |
| ७८ गुरु गिरा गौरव (हिन्दी-गुजराती) | ३५०० |
| ७९ समयसार दोहन (गुजराती) | ७५० |
| ८० समकितनुं बीज (गुजराती) | १००० |
| ८१ स्वरूपभावना (गुजराती) | १००० |
| ८२ स्वरूपभावना (हिन्दी) | १००० |
| ८३ सुविधि दर्शन (गुजराती) | १००० |
| ८४ सुविधिदर्शन (हिन्दी) | १९०० |
| ८५ आत्मसिद्धि शास्त्र पर प्रवचन | १२५० |
| ८६ प्रवचन सुधा (भाग-१) (गुजराती) | १४०० |
| ८७ प्रवचन सुधा (भाग-२) (गुजराती) | ७५० |
| ८८ प्रवचन सुधा (भाग-३) (गुजराती) | १००० |
| ८९ प्रवचन सुधा (भाग-४) (गुजराती) | १००० |
| ९० प्रवचन सुधा (भाग-५) (गुजराती) | १००० |
| ९१ प्रवचन सुधा (भाग-६) (गुजराती) | १००० |
| ९२ प्रवचन सुधा (भाग-७) (गुजराती) | ७५० |
| ९३ प्रवचन सुधा (भाग-८) (गुजराती) | ७५० |
| ९४ प्रवचन सुधा (भाग-९) (गुजराती) | ७५० |
| ९५ प्रवचन सुधा (भाग-१०) (गुजराती) | ७५० |
| ९६ प्रवचन सुधा (भाग-११) (गुजराती) | ७५० |
| ९७ कार्तिकेयानुप्रेक्षा प्रवचन भाग-१ (गुजराती) | १००० |
| ९८ कार्तिकेयानुप्रेक्षा प्रवचन भाग-२ (गुजराती) | १००० |
| ९९ द्रव्यसंग्रह प्रवचन (भाग-१) (गुजराती) | १००० |
| १०० द्रव्यसंग्रह प्रवचन (भाग-२) (गुजराती) | १००० |
| १०१ राज हृदय (भाग-१) (गुजराती) | १५०० |
| १०२ राज हृदय (भाग-२) (गुजराती) | १५०० |
| १०३ राज हृदय (भाग-३) (गुजराती) | ७५० |
| १०४ अध्यात्मसुधा (भाग-१) (गुजराती) | १००० |
| १०५ अध्यात्मसुधा (भाग-२) (गुजराती) | १००० |
| १०६ अध्यात्म सुधा (भाग-३) (गुजराती) | १००० |
| १०७ अध्यात्म सुधा (भाग-४) (गुजराती) | ७५० |
| १०८ अध्यात्म सुधा (भाग-५) (गुजराती) | ७५० |
| १०९ गुरु गिरा गौरव (भाग-१) (गुजराती) (धारावाही प्रवचन) | १००० |
| ११० गुरु गिरा गौरव (भाग-२) (गुजराती) (धारावाही प्रवचन) | ७५० |
| १११ मुक्तिनो मार्ग (गुजराती( | १००० |
| ११२ प्रवचन नवनीत (भाग-१) (हिन्दी) | १००० |
| ११३ प्रवचन नवनीत (भाग-२) (हिन्दी) | १००० |
| ११४ प्रवचन नवनीत (भाग-३) (हिन्दी) | १००० |
| ११५ प्रवचन नवनीत (भाग-४) (हिन्दी) | १००० |
| ११६ धन्य आराधक (गुजराती) | ७५० |
| ११७ छः ढाला प्रवचन (गुजराती) (भाग-१) | १००० |
| ११८ छः ढाला प्रवचन (गुजराती) (भाग-२) | १००० |
| ११९ छः ढाला प्रवचन (गुजराती) (भाग-३) | १००० |
| १२० जिन प्रतिमा जीनि सारखी | ५०० |
| १२१ स्मरण संचिका | १५०० |
| १२२ दंसण मूलो धम्मो | ३५०० |
| १२३ प्रवचन सुधा (भाग-१) हिन्दी) | १००० |
| १२४ प्रवचन सुधा (भाग-२) हिन्दी) | १००० |
| १२५ प्रवचन सुधा (भाग-३) हिन्दी) | १००० |
| १२६ प्रवचन सुधा (भाग-४) हिन्दी) | १००० |
| १२७ प्रवचन सुधा (भाग-५) हिन्दी) | १००० |
| १२८ प्रवचन सुधा (भाग-६) हिन्दी) | १००० |
| १२७ धन्य पुरुषार्थी (गुजराती) | १५०० |
| १२८ धन्य पुरुषार्थी (हिन्दी) | ६५०० |
| १२९ छः ढाला प्रवचन (हिन्दी) (भाग-१) | १००० |
| १३० राज हृदय (भाग-४) (गुजराती) | ५०० |
| १३१ राज हृदय (भाग-५) (गुजराती) | ५०० |
| १३२ राज हृदय (भाग-६) (गुजराती) | ५०० |
| १३३ राज हृदय (भाग-७) (गुजराती) | १५० |
| १३४ राज हृदय (भाग-८) (गुजराती) | १५० |
| १३५ राज हृदय (भाग-९) (गुजराती) | १५० |
| १३६ राज हृदय (भाग-१०) (गुजराती) | १५० |
| १३७ अध्यात्म सुधा (भाग-६) (गुजराती) | १५० |
| १३८ अध्यात्म सुधा (भाग-७) (गुजराती) | १५० |
| १३९ अनुभवप्रकाशना किरणो (भाग-१) (गुज.) | १०० |

ૐ

શ્રી વીતરાગાય નમઃ

# અનુભવપ્રકાશના કિરણો

(ભાગ-૧)

(પૂજ્ય ભાઈશ્રી શશીભાઈના 'અનુભવપ્રકાશ' ગ્રંથ
ઉપરના સળંગ પ્રવચનો)

પ્રકાશક

વીતરાગ સત્ સાહિત્ય પ્રસારક ટ્રસ્ટ

ભાવનગર

**પ્રકાશક તથા પ્રાપ્તિ સ્થાન**

**વીતરાગ સત્‌સાહિત્ય પ્રસારક ટ્રસ્ટ**
૫૮૦, જૂની માણેકવાડી,
પૂજ્ય ગુરુદેવશ્રી કાનજીસ્વામી માર્ગ
ભાવનગર-૩૬૪૦૦૧
ફોન : (૦૨૭૮) ૨૪૨૩૨૦૭

**અન્ય પ્રાપ્તિ સ્થાન :**
-- શ્રી કુંદકુંદ કહાન જૈન સાહિત્ય કેન્દ્ર, 'ગુરુ ગૌરવ', સોનગઢ
-- શ્રી ખીમજીભાઈ ગંગર (મુંબઈ) : (૦૨૨) ૨૬૧૬૧૫૯૧, મો. ૦૯૮૨૦૩૬૫૬૮૩
-- શ્રી ડોલરભાઈ હેમાણી (કલકત્તા) : (૦૩૩) ૨૪૭૫૨૬૯૭, મો. ૦૯૭૪૮૭૧૨૩૬૦

પ્રથમાવૃત્તિ : ૦૧-૦૫-૨૦૧૪ (પૂજ્ય ગુરુદેવશ્રી કાનજીસ્વામીની ૧૨૫મી જન્મજયંતી)
પ્રત : ૩૦૦
પૃષ્ઠ સંખ્યા : ૪૦૪ + ૮ = ૪૧૨
મૂલ્ય : ૨૦/-

લેસર ટાઈપ સેટિંગ :
**પૂજા ઇમ્પ્રેશન્સ**
૧૯૨૪/B, ૬, શાંતિનાથ બંગલોઝ,
શશીપ્રભુ ચોક, રૂપાણી સર્કલ પાસે
ભાવનગર-૩૬૪૦૦૧
ફોન : ૯૭૨૫૨૫૧૧૩૧

મુદ્રક :
**બુક પબ**
અમદાવાદ
ફોન : ૯૮૨૫૦૩૦૩૪૦

# પ્રસ્તાવના

અનંત કાળથી આ જીવ જન્મ-મરણ તથા તેના અંતર્ગત રહેલા અનેક પ્રકારના દુઃખ ભોગવી રહ્યો છે. અનાદિથી અનેક પ્રકારના સુખપ્રાપ્તિના ઉપાય કર્યા છતાં વર્તમાન દુઃખ વિદ્યમાન છે તે અનુભવગોચર છે. સુખ તથા દુઃખની તાત્ત્વિક સમજણ જીવને નહિ હોવાથી દુઃખમાં જ સુખનો અનુભવ કરી રહ્યો છે. પરંતુ ક્ષણિક, પરાધીન માનેલા સુખમાં તેને ક્યાંય તૃપ્તિ થઈ નથી તથા થતી નથી. અનેક પ્રકારના શુભાશુભ વિકારીભાવમાં પ્રત્યક્ષપણે આકુળતાનો અનુભવ થઈરહ્યો છે છતાં અજ્ઞાનવશાત્ જીવ ભ્રાંતિથી જ સુખ કલ્પી રહ્યો છે. દોષિત ભાવમાં આકુળતા, મલિનતા, વિપરીતતા હોવા છતાં તેમાં સુખનો અનુભવ મિથ્યાભ્રાંતિથી થઈ રહ્યો છે. ધર્મના નામે અનેક પ્રકારના ધર્મસાધન કર્યા છતાં આજ દિન પર્યંત જીવ ધર્મ નામ સુખથી વંચિત જ રહ્યો છે. આ પ્રત્યેક સંસારીજીવની પરિસ્થિતિ રહી છે. આજે પણ જીવ ધર્મસાધન કરી રહ્યો છે પરંતુ ધર્મ નામ સુખ પ્રાપ્ત થાય છે કે નહિ તેની તપાસ, અંતર ખોજ નહિ હોવાને કારણે ઓઘે ઓઘે ધર્મસાધન કરી ધર્મ કર્યાનું અભિમાન સેવે છે. આવી વિષમ સ્થિતિમાં શ્રીગુરુ એક જ આ જીવને માર્ગદ્રષ્ટા બનીને માર્ગ-ઉપાય દર્શાવી શકે છે.

આ કળિકાળમાં અધ્યાત્મયુગ પ્રવર્તક, માર્ગપ્રકાશક, આત્મદ્રષ્ટા દિવ્ય વિભૂતિ પૂજ્ય ગુરુદેવશ્રી કાનજીસ્વામી ભવ્ય જીવોના તારણહાર બની મહાવિદેહ ક્ષેત્રથી ભરતમાં પધાર્યા. મહાવિદેહમાં પ્રત્યક્ષપણે વિચરી રહેલ શ્રી સીમંધરસ્વામીની ધર્મસભાના એક અદ્વિતીય પુરુષ તથા ભાવિ તીર્થંકરદ્રવ્યે ભરતભૂમિમાં જન્મ લઈને સર્વ ભવ્યોને મોક્ષનો માર્ગ અર્થાત્ સત્ય સુખનો પંથ દર્શાવ્યો. પૂજ્ય ગુરુદેવશ્રીએ સુખ તથા દુઃખનું સ્વરૂપ સમજાવ્યું. દુઃખના કારણો તથા સુખના કારણો દર્શાવ્યા. ૪૫ વર્ષ સુધી દિવ્યદેશનાનો અવિરત પ્રવાહ વહાવી ભવ્ય જીવોને પ્રવચનઅમૃતનું પાન કરાવ્યું. તેઓશ્રીનો આ દિવ્યદેશનાનો અનંત ઉપકાર અવિસ્મરણીય છે.

વીતરાગતા એ તેઓશ્રીનો જીવનમંત્ર હતો. ભેદજ્ઞાન એ તેઓશ્રીનો અખંડ જાપ હતો. સમ્યક્ત્વરૂપ અમૃતનું પાન કરીને તેઓશ્રીના શ્રીમુખેથી વહેતી વાણી સાંભળનાર જીવોને અમૃતપાન કરાવી અજરઅમર કરે છે. પૂજ્ય ગુરુદેવશ્રીએ સોનગઢ-સુવર્ણપુરીમાં નિવાસ કરી અનેક સત્શાસ્ત્રો ઉપર પ્રવચન કરી વીતરાગસુખામૃત કઈ રીતે પ્રગટ થાય તે રહસ્ય ખોલ્યું છે. પોતે તો સત્શાસ્ત્રના રહસ્યને ઘૂંટડા ભરી ભરીને પાન કર્યું જ છે પરંતુ જેઓને પ્રત્યક્ષ દેશનાનો મંગળ અવસર પ્રાપ્ત થયો છે તે સર્વ જીવોએ આ રહસ્યામૃતના ઘૂંટડા ભરી ભરી પીધા છે.

પૂજ્ય ગુરુદેવશ્રીની ધર્મસભાના વિરલ વ્યક્તિત્વના ધારક શાંત તથા ગંભીર એવા પૂજ્ય

ભાઈશ્રી શશીભાઈએ તેઓશ્રીની દિવ્યદેશનાનો લાભ વર્ષો સુધી લીધો. પૂજ્ય ગુરુદેવશ્રીના અનુભવપ્રધાન પ્રવચનોને આત્મસાત કરી પ્રત્યેક વચનમાંથી નીતરતી વીતરાગતાને તથા તદાશ્રિત્ પ્રવાહિત સુખના ઘૂંટડા ભરી ભરી પીધા. તેઓશ્રીને પ્રશમમૂર્તિ ધન્યાવતાર પૂજ્ય બહેનશ્રી ચંપાબહેનના પ્રત્યક્ષ સમાગમનો અપૂર્વ લાભ પણ પ્રાપ્ત થયો તથા એકાવતારી પુરુષાર્થમૂર્તિ પૂજ્ય નિહાલચંદ્રજી સોગાનીના પરિચયમાં રહી તેઓશ્રીના પ્રગાઢ પુરુષાર્થની પરિણતિના દર્શન કર્યા છે. પરમ કૃપાળુદેવ શ્રીમદ્ રાજચંદ્રજીના હૃદયમાં પેસી તેમના અંતરંગ ભાવોનો સ્પર્શ કર્યો છે.

આમ આવા નિકૃષ્ટ કાળમાં જ્યાં એક સમ્યગ્દૃષ્ટિ ધર્માત્માનો યોગ થવો દુર્લભ છે તેવા કળિકાળમાં આ વિરલ પુરુષને ત્રણ-ત્રણ ધર્માત્માઓનો પ્રત્યક્ષ સમાગમ પ્રાપ્ત થયો. આજીવન સંતચરણમાં રહી તેઓશ્રીના અંતેવાસી થઈને રહ્યા. તેઓશ્રીએ ભાવનગર સ્થિત શ્રી સીમંધરસ્વામી દિગંબર જિન મંદિરમાં અનેક સત્શાસ્ત્રો ઉપર ધારાવાહી પ્રવચન કર્યા છે. જેમાં તેઓશ્રીને સ્વયંને સ્વાનુભવ થવામાં નિમિત્ત થયેલ, શ્રી દીપચંદજી કાસલીવાલ રચિત ગ્રંથ શ્રી 'અનુભવ પ્રકાશ' ગ્રંથ ઉપર પણ પ્રવચનો કર્યા છે.

શ્રી દીપચંદજી સાધર્મી તરીકે પ્રસિદ્ધ છે. તેઓ આમેરના રહીશ હતા. પૂજ્ય ભાઈશ્રીના શબ્દોમાં કહીએ તો શ્રી દીપચંદજી સિદ્ધાંતજ્ઞાનના મર્મજ્ઞ હતા. તેઓશ્રીનું અનુભવ સંબંધીનું જ્ઞાન અતિ સ્પષ્ટ, સૂક્ષ્મ તથા નિર્મળ હતું. તેઓશ્રીએ અનુભવ પ્રકાશ, ચિદ્વિલાસ, અધ્યાત્મ પંચ સંગ્રહ, આત્માવલોકન આદિ ગ્રંથોની રચના કરી છે. પ્રસ્તુત ગ્રંથમાં શ્રી અનુભવ પ્રકાશ ગ્રંથ ઉપર થયેલા પૂજ્ય ભાઈશ્રીના પ્રવચનો અક્ષરશઃ પ્રકાશિત કરવામાં આવ્યા છે. અનુભવ પ્રકાશ ગ્રંથમાં પૂજ્ય શ્રી દીપચંદજીએ અનુભવ સંબંધિત અનેક માર્મિક વાતો સરળ ભાષામાં સ્પષ્ટ કરી છે. સ્વાનુભવ કઈ રીતે થાય તે વાત તેઓશ્રી ફેરવી ફેરવીને કહે છે. સચોટ હૃદયસ્પર્શી સિદ્ધાંતને સમજાવવા અપાયેલ દૃષ્ટાંત, તેઓશ્રીની અનુભવકુશળતાને પ્રસિદ્ધ કરે છે.

પૂજ્ય ભાઈશ્રી અનેક વાર ઇડરમાં નિવૃત્તિ અર્થે ગયેલ છે. ત્યાં જઈ તેઓશ્રીએ અનુભવ પ્રકાશ ગ્રંથ ઉપર પ્રવચનો કરી અનુભવરસપાન પોતે તો કર્યું, સાથે સાથે જે તેમના સમાગમ અર્થે આવ્યા તેઓ પણ પોતાને ધન્ય અનુભવવા લાગતા. આત્મ-અનુભવ કઈ રીતે થાય, તેની ખોજ કઈ રીતે કરાય, આત્મ-અનુભવ નહિ થવામાં કયા પ્રકારની ભૂલો રહી જાય છે, તે કઈ રીતે દૂર થાય ઇત્યાદિ અનેક સૂક્ષ્મ વાતોને પ્રવચનમાં સ્પષ્ટ કરી મુમુક્ષુજીવો ઉપર અનુપમ ઉપકાર કર્યો છે. અનુભવ પ્રકાશ ગ્રંથ ઉપર પ્રવચનો આપતાં તેઓશ્રીનો આત્મા ખીલી ઉઠતો. અનેક રહસ્યને લઈને આવતી વાણીનો પ્રત્યક્ષ અનુભવ કરનાર મુમુક્ષુજીવોના હૃદયપટમાં આજે પણ એ દશ્યો તાદશ્ય થઈ જાય છે.

પૂજ્ય ભાઈશ્રીના અનુપમ ઉપકારને વ્યક્ત કરવા શબ્દો ઓછા પડે છે. એક મરણથી બચાવનાર પ્રત્યે પણ ઉપકારવૃત્તિ જીવોને થઈ આવે છે તો આ તો અનંત જન્મ-મરણથી

બચાવનાર મહાપુરુષ, તેમના ઉપકારો કઈ રીતે વિસ્મૃત થાય ! ન જ થાય. પૂજ્ય ભાઈશ્રી દ્વારા થયેલ આ પ્રવચનોનો મુમુક્ષુજીવ ઊંડાણથી સ્વાધ્યાય કરે એવી ભાવના સાથે આ ગ્રંથનું પ્રકાશન કરવામાં આવેલ છે. કુલ આઠ ભાગમાં આ પ્રવચનો પ્રકાશિત થશે, જેમાં બહારગામ થયેલા પ્રવચનો પણ સમાવિષ્ટ કરવામાં આવશે.

પૂજ્ય ગુરુદેવશ્રીના ૧૨૫ જન્મજયંતિ મહોત્સવ પ્રસંગે પ્રસ્તુત ગ્રંથનું પ્રકાશન કરતાં અત્યંત હર્ષ થાય છે. આ મંગલ અવસરે પ્રશમમૂર્તિ પૂજ્ય બહેનશ્રી ચંપાબહેન, પરમ કૃપાળુદેવ શ્રીમદ્ રાજચંદ્રજી, પુરુષાર્થમૂર્તિ પૂજ્ય નિહાલચંદ્રજી સોગાની તથા શ્રી દીપચંદજીના ચરણકમળમાં કોટિ કોટિ વંદન હો !

પ્રસ્તુત ગ્રંથના પ્રવચનોને સી.ડીમાંથી અક્ષરશઃ ઉતારી લેવામાં આવેલ છે. ત્યારબાદ શ્રી દીપકભાઈ મહેતા, ભાવનગર દ્વારા તેને સાંભળીને તપાસી જવામાં આવેલ છે. જ્યાં જ્યાં અવાજ ખરાબ છે ત્યાં ડોટ મૂકી છોડી દેવામાં આવેલ છે, જરૂર લાગે ત્યાં વાક્ય રચનાની પૂર્ણતા કરવા કૌંસ ભરવામાં આવેલ છે. સંકલન કાર્યમાં પૂર્ણ ચીવટતા રાખવાનો યત્કિંચિત્ પ્રયત્ન કરવામાં આવેલ છે. તેમ છતાં કોઈ જગ્યાએ ત્રુટી રહી જવા પામેલ હોય તો શુદ્ધ અંતઃકરણપૂર્વક વીતરાગ દેવ-શાસ્ત્ર-ગુરુની ક્ષમા યાચીએ છીએ. ગ્રંથના ટાઈપ સેટિંગ બદલ મે. પૂજા ઇમ્પ્રેશન્સ, ભાવનગરનો તથા સુંદર મુદ્રણ કાર્ય માટે મે. બુક પબ, અમદાવાદનો આભાર માનવામાં આવે છે.

અંતતઃ સર્વ જીવો પ્રસ્તુત ગ્રંથનો સ્વાધ્યાય કરી અનુભવ-કાળ સંપ્રાપ્ત કરી જન્મ-મરણથી મુક્ત થાઓ, એ જ ભાવના.

તા. ૨૬-૩-૨૦૧૪, પૂજ્ય બહેનશ્રી ચંપાબહેનનો
૮૨મો સમ્યક્ત્વ જયંતિ મહોત્સવ.

ટ્રસ્ટીગણ
વીતરાગ સત્ સાહિત્ય પ્રસારક ટ્રસ્ટ, ભાવનગર

# 'અનુભવપ્રકાશના કિરણો' ભાગ–૧ના પ્રકાશનાર્થે પ્રાપ્ત દાનરાશિ

| | |
|---|---|
| શ્રીમતી મધુબહેન પારેખ, કોલકાટા | ૨૫,૦૦૦/- |
| શ્રીમતી વંદનાબહેન રણધીરભાઈ ઘોષાલ, કોલકાટા | ૧૧,૦૦૦/- |
| શ્રીમતી સુનિતાબહેન શાંતિલાલજી સરાવગી, કોલકાટા | ૧૧,૦૦૦/- |
| શ્રીમતી લક્ષ્મીબહેન ખીમજીભાઈ ગંગર, મુંબઈ | ૫,૦૦૦/- |
| ડો. બી.એમ. સુથાર, કમ્પાલા, યુગાન્ડા | ૫,૦૦૦/- |
| એક મુમુક્ષુ, મુંબઈ | ૫,૦૦૦/- |
| મોના જૈન, આગ્રા | ૫,૦૦૦/- |
| સુષ્મા સુંદરલાલ જૈન, આગ્રા | ૫,૦૦૦/- |
| સ્વ. હેમંતકુમાર રમણીકલાલ શાહ | ૨,૫૦૦/- |
| શ્રી ધર્મેન્દ્રભાઈ વોરા, ભાવનગર | ૨,૫૦૦/- |
| શ્રી હેમંતભાઈ શાહ, મુંબઈ | ૨,૫૦૦/- |
| શ્રી પિયૂષભાઈ નગીનદાસ ભાયાણી, કોલકાટા | ૨,૧૦૦/- |
| શ્રી રણધીર ઘોષાલ, કોલકાટા | ૨,૦૦૦/- |
| શ્રીમતી વંદનાબહેન ઘોષાલ, કોલકાટા | ૨,૦૦૦/- |
| શ્રી હીરાલાલ જૈન, ભાવનગર | ૧,૧૦૦/- |
| શ્રી પરિચંદજી ઘોષાલ, કોલકાટા | ૧,૦૦૦/- |
| શ્રીમતી ચારુબહેન નિલેષભાઈ જૈન, ભાવનગર | ૧,૦૦૦/- |
| શ્રુતિ ઘોષાલ, કોલકાટા | ૧,૦૦૦/- |
| શ્રીમતી અવનીબહેન મિતેષભાઈ શાહ, ભાવનગર | ૧,૦૦૦/- |
| સ્વ. જયાબેન પી. શાહ | ૧,૦૦૦/- |
| સ્વ. ચંદ્રીકાબેન શશીકાંતભાઈ શેઠ, હ. વિજયભાઈ શેઠ | ૧,૦૦૦/- |
| એક મુમુક્ષુ, ભાવનગર | ૧,૦૦૦/- |
| એક મુમુક્ષુ, કેલિફોર્નિયા | ૧,૦૦૦/- |
| શ્રીમતી બેલાબહેન જૈન, ભાવનગર | ૧,૦૦૦/- |
| શ્રીમતી સ્નેહલતાબહેન જયેન્દ્રભાઈ શાહ, ભાવનગર | ૨૫૧/- |
| સ્વ. કસ્તુરીબહેન લક્ષ્મીચંદ શાહ, અમદાવાદ, હ. કનુભાઈ શાહ | ૨૫૧/- |
| સ્વ. મધુબહેન કનુભાઈ શાહ, અમદાવાદ, હ. કનુભાઈ શાહ | ૨૫૧/- |
| ધાર ઋષભ શાહ | ૧૫૧/- |
| નિર્મિત ઋષભ શાહ | ૧૦૧/- |

## પ્રવચન અનુક્રમણિકા


| પ્રવચન નં. | અનુભવપ્રકાશ પૃષ્ઠ સંખ્યા | પાના નં. |
|---|---|---|
| ૦૧ | ૧ | ૦૦૧ |
| ૦૨. | ૨ | ૦૧૦ |
| ૦૩ | ૨ | ૦૨૫ |
| ૦૪ | ૨ | ૦૪૨ |
| ૦૫ | ૨-૩ | ૦૫૮ |
| ૦૬ | ૩ | ૦૭૪ |
| ૦૭ | ૩-૪ | ૦૮૫ |
| ૦૮ | ૪ | ૧૦૨ |
| ૦૯ | ૪ | ૧૧૯ |
| ૧૦ | ૪ | ૧૩૫ |
| ૧૧ | ૪ | ૧૫૦ |
| ૧૨ | ૪ | ૧૬૬ |
| ૧૩ | ૪ | ૧૮૪ |
| ૧૬ | ૫ | ૨૦૦ |
| ૧૭ | ૫ | ૨૧૫ |
| ૧૮ | ૫ | ૨૩૨ |
| ૧૯ | ૫ | ૨૪૮ |
| ૨૦ | ૫ | ૨૬૩ |
| ૨૧ | ૫ | ૨૭૯ |
| ૨૨ | ૫ - ૬ | ૨૯૪ |
| ૨૩ | ૬ | ૩૦૯ |
| ૨૪ | ૬ | ૩૨૬ |
| ૨૫ | ૬ | ૩૪૧ |
| ૨૬ | ૬ | ૩૫૬ |
| ૨૭ | ૬ | ૩૬૯ |
| ૨૮ | ૭ | ૩૮૨ |


નોંધ :– પ્રવચન નં.૧૪ તથા પ્રવચન નં.૧૫ ઉપલબ્ધ નથી.

હું પૂર્ણાનંદનો નાથ જ્ઞાયક પ્રભુ છું. એમ જ્ઞાયકના લક્ષે જીવ સાંભળે છે. તેને સાંભળતા પણ લક્ષ જ્ઞાયકનું રહે છે. તેને ચિંતવનમાં પણ હું પરિપૂર્ણજ્ઞાયક વસ્તુ છું એમ જોર રહે છે તે જીવને સમ્યક્ સન્મુખતા રહે છે. મંથનમાં પણ લક્ષ જ્ઞાયક રહે છે. આ ચૈતન્યભાવ પરિપૂર્ણ વસ્તુ છે એમ એના જોરમાં રહે છે, તેને ભલે હજુ સમ્યગ્દર્શન ન થયું હોય. જેટલું કારણ આપવું જોઈએ તેટલું કારણ ન આપી શકે તોપણ તે જીવને સમ્યક્ની સન્મુખતા થાય છે. એ જીવને અંદર એવી લગની લાગે કે હું જગતનો સાક્ષી છું, જ્ઞાયક છું. જ્ઞાયક છું. એવા દ્રઢ સંસ્કાર અંદરમાં પાડે કે જે સંસ્કાર ફરે નહિ. જેમ સમ્યગ્દર્શન થતાં અપ્રતિહત ભાવ કહ્યો છે તેમ સમ્યક્ સન્મુખતાના એવા દ્રઢ સંસ્કાર પડે કે તેને સમ્યગ્દર્શન થયે જ છુટકો. (પરમાગમસાર - ૩૫૯)